જૈન દ્રષ્ટિએ

# ગીતાદર્શન

ભાગ-૧

સંતબાલ

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી,
અમદાવાદ-૪.

જૈન દષ્ટિએ

# ગી તા દ ર્શ ન

ભાગ પહેલો
તથા
ભાગ બીજો સંયુક્ત

'સંતબાલ'

❋

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❑ **પ્રકાશક :**
**મનુભાઈ જ. પંડિત**
મંત્રી ,
**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,**
હઠીભાઈની વાડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❋

❑ **પ્રથમ આવૃત્તિ :** સંવત ૨૦૦૪

❋

❑ **બીજી આવૃત્તિ :** સંવત ૨૦૧૫ અષાઢ માસ

❋

❑ **ત્રીજી આવૃત્તિ :** પ્રત : ૧૦૦૦
ગૂડી પડવો ચૈત્ર સુદ ૧ સંવત ૨૦૫૧, તા. ૧-૪-૧૯૯૫

❋

❑ **કિંમત બંને ભાગના રૂપિયા એકસો પચાસ**

❋

❑ **મુદ્રક :**
મહેશ મુદ્રણાલય, અમૃત ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ,
પાણીની ટાંકી, દૂધેશ્વર,
અમદાવાદ-૪. ફોન નં. ૩૮૭૨૨૪

# आ मु ख....

संतबालजी के गीता-दर्शन को मैं प्रस्तावना लिखूँ ऐसी माँग हुई। और गीता के नाम से मैंने उसे कबूल किया। नहीं तो अक्सर ऐसे झमेले में मैं नहीं पड़ता। क्योंकि मेरी हालत मैं जानता हूँ। उनकी पूरी किताब तो मेरे सामने नहीं है। तीन चार अध्याय छपे हुए आये हैं। उनको भी बारीकीसे मैं नहीं देख पाया। यह मेरा नसीब मैं जानता ही था।

गीता पर शंकरसे लेकर गाँधीजी तक अनेक महापुरुषोंने अपनी कलम चलाई है। फिर भी नई नई टीकायें लिखी जाती हैं, और लिखी जायगी। ये सब प्रयास निरर्थक नहीं गिने जायेंगे, जब तक वे किसी -न -किसी मनुष्य के जीवन में मददगार हो सकते हैं। और गीता की यह खूबी है कि वह जीवन के लिए प्रेरणा देती है। सर्व वादों से अलिप्त रह कर गीताने सब का सार खींच लिया है। और इसी लिए निश्चयपूर्वक वह मनुष्य को निष्काम आचरण में प्रवृत्त करती है।

लेकिन गीता में से भी निकानेवालोंने अनेक वाद निकाले हैं। और अगर उनके फेरमें हम पड़ते हैं तो गीता भी एक पांडित्यग्रंथ बन सकता है; और जीवन के लिए निरुपयोगी हो सकता है। इस लिए मैं तो हमेशां भाष्यों को अलग रख कर गीता-माता का ही

सीधा सहारा लेना पसंद करता हूँ, और वैसी ही सिफारीश करता हूँ। जितना समझमें आये अमलमें लाते जाये, तो साधकका काम हो जाता है।

फिर भी जब अनेक वाद पड़े ही हैं, और उनसे बचना दिमाग के लिए अशक्य हो जाता है, तब कोई भाष्य अगर उनका समन्वय कर देता है तो वह भी उपयोगी होता है। गीता का उपनिषद्, ब्रह्मसूत्र आदि से समन्वय करने की आवश्यकता पुराने टिकाकारों को इसी लिए महसूस हुई थी। वही आवश्यकता आज अधिक व्यापक स्वरूप में, याने सब धर्मो और पंथो के साथ महसूस हो सकती है। उस दिशामें संतबालजी के गीता-दर्शन का एक उपयोग होगा, ऐसी उम्मीद हम रख सकते हैं। उनका जैन-दर्शन से उत्तम परिचय है। वे गीता और जैन विचार का इस गीता-दर्शन में जगह जगह सामजस्य बताते हैं। वह अगर चित्त में स्थिर हो गया तो कम से कम गुजराती वाचकों के लिए बहुत लाभदायी होगा। वैसे तो यह समन्वय गांधीजीने अपने जीवन से ही सिद्ध किया है।

समत्व-बुद्धि और अहिंसा यह है दोनों का समन्वय। उसको हम जीवनमें उतारे तो हमारा बेड़ा पार है।

**परंधाम, पवनार** विनोबा
**२२-२-१९४८**

**મુનિશ્રી સંતબાલજી પ્રેરિત**

# વિશ્વવાત્સલ્ય (પાક્ષિક)

**(સ્થાપના : ૧૯૪૭)**

'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક છેલ્લાં ૪૯ વર્ષથી નિયમિત રીતે મુનિશ્રીના વિચારોને વહન કરતું વિચારપત્ર છે. તેમાં મુનિશ્રીના ધર્મદષ્ટિએ સમાજરચનાના પ્રયોગ ઉપરાંત - અનુબંધ વિચારધારાનો - સમાજના તમામ સ્તરનાં નૈતિક અને આધ્યાત્મિક બળો સાથે સંકલન, સમન્વય અને સહયોગનો પ્રેરણાદાયી પુરુષાર્થ રહ્યો છે.

**આજીવન લવાજમ રૂપિયા પાંચસો**
ભરનારને મુનિશ્રીનાં પ્રગટ થતાં પુસ્તકો
ભેટ સ્વરૂપે આપવામાં આવે છે.

**વિશ્વવાત્સલ્ય કાર્યાલય**
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૩૮૧૦૪૭

# મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરે
# મુનિશ્રી સંતબાલજીનાં પ્રગટ કરેલ
# સર્વોપયોગી પુસ્તકો


* ઉત્તરાધ્યયનસૂત્ર
* સાધક સહચરી
* દશવૈકાલિકસૂત્ર
* વિશ્વવત્સલ મહાવીર
* આચારાંગસૂત્ર
* સિદ્ધિનાં સોપાન
* તત્ત્વાર્થસૂત્ર
* સર્વધર્મ પ્રાર્થના પીયૂષ
* જૈન દષ્ટિએ ગીતા દર્શન (નવી આવૃત્તિ) કિ. ૧૫૦-૦૦
* અભિનવ રામાયણ (નવજીવન પ્રકાશન મંદિર)
* અભિનવ મહાભારત (નવજીવન પ્રકાશન મંદિર)
* અભિનવ ભાગવત : ભાગ-૧ તથા ૨
* પર્વ મહિમા
* સંતબાલ પત્રસુધા : ભાગ ૧ તથા ૨
* આદર્શ ગૃહસ્થાશ્રમ
* સુખનો સાક્ષાત્કાર
* સ્મરણશકિત
* પ્રશ્નોત્તરી અને પ્રાસંગિક

મુનિશ્રીના જીવન અને કાર્યને વિષદ રીતે રજૂ કરતા બે અનુપમ સ્મૃતિગ્રંથો

**સંતબાલ સ્મૃતિગ્રંથ ૧, ૨**

* સાધુતાની પગદંડી (બે ગ્રંથ પ્રગટ થઈ ચૂકયા છે)

શ્રી મણિભાઈ પટેલે તૈયાર કરેલી પ્રવાસની નોંધો ઉપરથી રોજેરોજની સામાજિક પ્રવૃત્તિઓ અને વિશાળ જનસંપર્ક મારફતે માર્ગદર્શન પામતી આ ગ્રંથશ્રેણી મુનિશ્રીએ રાષ્ટ્રક્ષેત્રે આપેલ યોગદાનનો કિંમતી દસ્તાવેજ બની રહે છે.

* સંતબાલની જીવનસાધના : ભાગ ૧ તથા ૨
* જાગ્રત યુગદષ્ટા : રાષ્ટ્રસંત મુનિશ્રી સંતબાલજી (હિંદીમાં) કિંમત દસ રૂપિયા

# અનુક્રમણિકા


આમુખ................................. વિનોબા
પ્રસ્તાવના પ્રથમ આવૃત્તિ..........................સંતબાલ
પ્રસ્તાવના બીજી આવૃત્તિ પ્રસંગે.....................સંતબાલ


## ગીતાદર્શન : ભાગ પહેલો


| | | | |
|---|---|---|---|
| ૧ | અધ્યાય પહેલો | ........................ | ૧ થી ૩૪ |
| ૨. | અધ્યાય બીજો | ........................ | ૩૫ થી ૧૨૩ |
| ૩. | અધ્યાય ત્રીજો | ........................ | ૧૨૫ થી ૧૮૨ |
| ૪. | અધ્યાય ચોથો | ........................ | ૧૮૩ થી ૨૩૦ |
| ૫. | અધ્યાય પાંચમો | ........................ | ૨૩૧ થી ૨૬૮ |
| ૬. | અધ્યાય છઠ્ઠો | ........................ | ૨૬૯ થી ૩૧૨ |


## ગીતાદર્શન : ભાગ બીજો


| | | | |
|---|---|---|---|
| | પ્રાસ્તાવિક | ........................ | ૩૧૩ |
| ૭. | અધ્યાય સાતમો | ........................ | ૩૧૫ થી ૩૩૮ |
| ૮. | અધ્યાય આઠમો | ........................ | ૩૩૯થી ૩૬૩ |
| ૯. | અધ્યાય નવમો | ........................ | ૩૬૪થી ૩૯૧ |
| ૧૦. | અધ્યાય દસમો | ........................ | ૩૯૨ થી ૪૧૫ |
| ૧૧. | અધ્યાય અગિયારમો | ........................ | ૪૧૬થી ૪૪૫ |
| ૧૨. | અધ્યાય બારમો | ........................ | ૪૪૬થી ૪૬૩ |
| ૧૩. | અધ્યાય તેરમો | ........................ | ૪૬૪થી ૪૮૫ |
| ૧૪. | અધ્યાય ચૌદમો | ........................ | ૪૮૬ થી ૫૦૩ |
| ૧૫. | અધ્યાય પંદરમો | ........................ | ૫૦૪ થી ૫૧૮ |
| ૧૬. | અધ્યાય સોળમો | ........................ | ૫૧૯થી ૫૪૧ |
| ૧૭. | અધ્યાય સત્તરમો | ........................ | ૫૪૨ થી ૫૬૯ |
| ૧૮. | અધ્યાય અઢારમો | ........................ | ૫૭૦ થી ૬૪૦ |
| | સમગ્ર ઉપસંહાર | ........................ | ૬૪૧ થી ૬૭૩ |
| | અઢારે અધ્યાયોની સંગતિ.................. | | ૬૭૪ થી ૬૮૫ |
| | પરિશિષ્ટ | ........................ | ૬૮૬ થી ૭૦૬ |

गूंदी आश्रम में इन्डोर, आउटडोर हॉस्पिटल चलती है, जिसमें वार्षिक ४० हजार की खोट आती है ।

## * संघ के अन्तर्गत काम करनेवाली संस्थाएँ *

१. मातृसंस्था : भाल-नळकांठा प्रायोगिक संघ
२. श्री विश्ववत्सल औषधालय
३. शिक्षण संस्कार समिति
४. कुटुम्ब सहायक योजना
५. महावीर साहित्य प्रकाशन'मंदिर
६. खेडूत मंडल
७. गोपालक मंडल
८. मजूर मंडल
९. खादी-ग्रामोद्योग मंडल
१०. सघन क्षेत्र समिति
११. आदिजाति पढार विकास समिति
१२. मातृसमाज-मुंबई, अहमदाबाद, धंधुका
१३. उकरडी सर्वांगी ग्रामविकास योजना
१४. चूंवाळ सर्वांगी ग्रामविकास योजना
१५. विश्ववात्सल्य प्रायोगिक संघ
१६. महावीरनगर आंतरराष्ट्रीय केन्द्र
१७. संत सेवक समुद्यम परिषद
१८. ऋषि हरिजन बालमंदिर, साणंद
१९. लोकवस्त्र केन्द्र, रामपुरा (भंकोडा)
२०. नर्मदा सिंचाई सहकारी मंडलियां ब्लोक प्रोजेक्ट
२१. विश्ववात्सल्य प्रतिष्ठान तथा संतबाल पारितोषिक
२२. गांधी कार्य-अनुबंध विचार मंच

## ट्रस्ट रजिस्ट्रेशन नंबर

ट्रस्ट एक्ट नंबरः एक/२०, अहमदाबाद, ता.२४-९-५२

# પ્રસ્તાવના

## જૈનમુનિ અને ગીતા

કોઈ જૈનમુનિ ગીતા પર લખે ત્યારે 'એ શા સારુ ?' એવી જિજ્ઞાસા થાય તે [illegible] છે. કારણ, અનેક ભાષામાં અને સંખ્યાબંધ હાથે ગીતા પરત્વે લખાયું [illegible] ગીતા પર લખવામાં આ આવૃત્તિ કદાચ પહેલી જ છે. [illegible] પૂર્તિ અર્થે થોડું કહું.

મારા પરમ પૂજ્ય ગુરુદેવ કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજે ઉદારભાવે જે શ્લોકસંગ્રહ કર્યો હતો, તેમાં ગીતાના શ્લોકો પણ હતા. ગુરુદેવે અમોને તે કંઠસ્થ કરાવેલા.

ત્યારથી ગીતા પરત્વે ખેંચાણ થયું હતું. ત્યારબાદ તો ગુરુદેવનાં પ્રવચનોમાં -

"यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।"

અને "अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।<br>
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥<br>
सन्तुष्टः सततं योगी यताऽऽत्मा द्दढनिश्चयः ।<br>
मय्यर्पितमनो बुद्धिर्यो मदभक्तः स मे प्रियः ॥"

એ ભકતલક્ષણો અને તે પરત્વેનું એમનું આર્દ્ર હૃદયી ડોલન સુણાતું ગયું તેમ તેમ એ પરત્વે રસ જામ્યો. પછી તો ભગવદ્ગીતા સ્વહસ્તે લખી પાસે રાખી, અને પ્રસંગે પ્રસંગે વિચારાઈ હતી.

જ્યારે આચારાંગનો અનુવાદ કર્યો ત્યારે ગીતાનો ચાવી ચાવીને અમૃતરસ પીધો. ત્યારથી હું સાધકોને કહેતો રહ્યો છું કે ગીતામાં જૈનત્વનો આત્મા સોળે કળાએ દીપી ઊઠયો છે.

## ગીતામાતા-આચારાંગપિતા

ગીતાને જૈનગ્રંથ ગણવામાં મને લેશ પણ સંકોચ થતો નથી. આચારાંગના પરિશિષ્ટમાં જ સૈદ્ધાંતિક-સમન્વય, સાધનાત્મક-સમન્વય અને શબ્દાત્મક-સમન્વય એમ ત્રણ વિભાગમાં જે ગીતાની તુલના બતાવી છે, તે આ ગ્રંથમાં પણ મૂકી છે. એટલે હવે એ વિષે વધુ કહેવાનું રહેતું નથી.

પરંતુ, એમ છતાં આ ગ્રંથના પાઠકને હું એટલું સૂચવું છું કે તે આચારાંગને ઓછામાં ઓછું એકવાર એકાગ્રચિત્તે વાંચી લે. અને આચારાંગના પાઠકને તો હું આ ગીતાગ્રંથ વાંચવાનો ખાસ અનુરોધ કરું છું. બન્ને ગ્રંથો પૂરેપૂરી રીતે શ્રદ્ધાપૂર્વક વાંચ્યા પછી પાઠક પોતાનો માર્ગ ચોક્કસ સ્પષ્ટ કરી શકશે.

આ રીતે હું ગીતાને માતા કહું, તો આચારાંગને પિતા કહું; એ બન્નેના યોગે જન્મતી સંસ્કૃતિ એ વિશ્વવ્યાપી સંસ્કૃતિ છે.

જ્યારે જૈન સંજ્ઞાથી ઓળખાતા વર્ગમાં અહિંસા, ત્યાગ અને તપનો મૂળ આત્મા ઘસઘસાટ ઊંઘતો જણાય છે, જ્યારે વૈદિક તરીકે ગણાતા વર્ગમાં આચારધર્મ તરીકે સ્નાન તથા ઘી-હોમનો વિધિ જ પ્રધાન મનાય છે, ભકિતને નામે આત્મશુદ્ધિના તંગ ઢીલા થઈને મલિનતત્ત્વો જોર પકડે છે, અદ્વૈતવાદ માત્ર વાણી સ્વાદનો વિષય બની જાય છે, ત્યારે આચારાંગ અને ગીતા-માતાનો સુયોગ અજબ જાગૃતિ લાવે છે.

## પ્રવૃત્તિલક્ષી નિવૃત્તિ અને નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ

એ નિવૃત્તિરૂપી નૌકામાં બેઠેલા સંન્યાસીને પ્રવૃત્તિલક્ષનું સુકાન ઠીક કરવા ઢંઢોળે છે, તેમજ પ્રવૃત્તિરૂપી સાગરમાં પડેલા ગૃહસ્થને નિવૃત્તિલક્ષનું તુંબડું આપી ઉગારી લે છે.

પ્રવૃત્તિલક્ષી નિવૃત્તિ અને નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિ એમ બંનેનો સમન્વય એ જ આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનો સમન્વય છે. સર્વધર્મોનું મધ્યબિંદુ એ છે. વિશ્વશાંતિનું અજોડ સાધન પણ એ છે. ઉપલા વિચારોના સક્રિય અખતરાઓમાં હું રસ લેતો થયો ત્યારથી મારી એ શ્રદ્ધા પ્રતિપળે દૃઢ થતી ગઈ છે.

## મૌલિક જૈનસંસ્કૃતિનું રણશિંગું

આચારાંગની વ્યાસપીઠ પર મેં ગીતાનું ગીત ગાયું, તે વેળા જે અંકુર ઊગેલ તે આજે પલ્લવિત થયો છે. એટલે ગીતાની વ્યાસપીઠ પર હું મૌલિક જૈનસંસ્કૃતિનું રણશિંગું વગાડું છું એમ પાઠક માને તો કશી હાનિ નથી. મૌલિક જૈનસંસ્કૃતિ એ વિશ્વવ્યાપી સંસ્કૃતિનું જ બીજું નામ છે. અને જો એમ જ હોય તો સર્વ સંસ્કૃતિઓનો સંગમ એમાં હોય તે સ્વાભાવિક છે.

## સર્વત્ર સત્યને તારવી લેવું એ જ મૌલિક જૈનદૃષ્ટિ

ગીતામાં કોઈ પણ વિષય એવો નથી કે જે જૈનસૂત્રોમાં ન હોય. પણ

ગીતાએ જૈનદૃષ્ટિને જેટલી આકર્ષક ઢબે મૂકી છે, એવી ઢબે એ બીજે કયાંય મુકાઈ નથી. આથી જ ગીતાગ્રંથ વિશ્વમાન્ય થયો છે. જૈનદૃષ્ટિ એટલે જગતના સર્વ મતો, સર્વ પંથો કે સર્વ ધર્મોમાં રહેલા સત્યને આવકારવું. તું ખોટો છે એમ ન કહેતાં, તું અમુક દૃષ્ટિએ સાચો છે એમ સાબિત કરીને અલ્પદૃષ્ટિમાંથી મહાસત્ય તરફ પ્રેરી જવો. ગીતાએ આ દૃષ્ટિમાં અજબ સફળતા મેળવી છે. તેથી જ ચુસ્ત મીમાંસકથી માંડીને ચુસ્ત વેદાંતીને પણ એ માતા આગળ દોડી જઈને બાળક બનવાની ઈચ્છા આપોઆપ થઈ છે.

અલબત્ત ગીતાનું વસ્ત્ર વેદાંત છે અને ભૌતિક યુદ્ધની પીંછીથી ગીતાની શરૂઆત છે, એટલે એમાં જૈનસંસ્કૃતિનો આત્મા છે એમ માનતાં પહેલાં સહુ કોઈ અચકાશે. ગીતાને સર્વાંગે અપનાવવામાં જૈનવર્ગને આવતી આ મુશ્કેલી નાનીસૂની નથી જ. વળી પરિભાષા ભેદે આવતો શબ્દભેદ પણ ગૂંચવણમાં મૂકી દે તેવો છે. એટલે આ વિષે સંક્ષેપે કહેવું ઘટિત છે. વિસ્તારથી તો આ ગ્રંથ વાંચવાથી જણાશે જ.

## જૈનસૂત્રો અને ગીતા

જૈનસૂત્રોમાં પંચાસ્તિકાય અથવા લોકમાં રહેલાં છ દ્રવ્યો મહત્ત્વનો ભાગ છે. વેદાંતનાં કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત અને શુદ્ધાદ્વૈત એમ ઉત્તરોત્તરના ફિરકાઓમાં જીવ, માયા અને ઈશ્વર એમ છેવટે મનાય છે, પરંતુ ગીતાએ જે તોડ કાઢયો છે, તે તોડ ત્યાં ન હોવા છતાં બધા ફિરકાઓને ગીતાનો તોડ ગ્રાહ્ય થયો છે, કારણ કે ગીતાએ એક પરંતત્ત્વને નિર્લેપ રાખ્યું છે, છતાં પ્રકૃતિ અને પુરુષ માંહેલા પુરુષને પ્રકૃતિના ગુણની આસકિતને લીધે જન્મ-મરણમાં ભમવું પડે છે, એ વાત ચોખ્ખી કહી દીધી છે. આમ માયા અસત્ હોવા છતાં એવા સવિકાર ક્ષેત્રમાં રહેલા પુરુષ માટે માયા સત્ થઈ ગઈ છે. એમાંથી છૂટવા માટે આચાર જોઈએ; કેવળ તત્ત્વજ્ઞાનથી ન વળે. બ્રહ્મચર્યની અખંડ સાધના જોઈએ; કેવળ અનાસકિતના ઉચ્ચારથી કશું ન વળે. પાઠક સહેજે સમજશે કે આમ બોલીને ગીતાએ વેદાંતના સિદ્ધાંતને ન અવગણવા છતાં જુદું કથન કહ્યું છે. જૈનસૂત્રોના દેહમાં કાર્ય કરતા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બંને સવિકાર ક્ષેત્રના ધૃતિ અને સંઘાતના લક્ષણોમાં તારવી શકાય છે. કાળ વિષે તો જુદો સ્વીકાર છે જ. આકાશ અને પુરુષ તથા પ્રકૃતિના ગુણો અને સવિકાર ક્ષેત્રરૂપ શરીર પણ ગીતાને માન્ય છે. આની વિશેષ સમજ ગીતા સાથેના આચારાંગ સમન્વયમાં અન્યત્ર છે.

## પરિભાષાભેદનો ઉકેલ

ગીતામાં સમત્વ છે. ત્યાં જૈનસૂત્રોનું સમકિત છે. ગીતાનું કર્મકૌશલ ત્યાં જૈનસૂત્રોનું ચારિત્ર ઘડતર. જૈનપરિભાષાના બહિરાત્માને ઠેકાણે ગીતાનું સવિકાર ક્ષેત્ર. જૈનપરિભાષાના અંતરાત્માને ઠેકાણે ક્ષેત્રજ્ઞ, અથવા અધિયજ્ઞ. જૈનપરિભાષાના પરમાત્માને ઠેકાણે ગીતાનું પરંધામ અથવા પરમાત્મા. જૈનસૂત્રોના શુભાસ્રવને ઠેકાણે ગીતાનું સુકૃત; અશુભ આસ્રવને ઠેકાણે ગીતાનું દુષ્કૃત. જૈનસૂત્રોના સંવરને ઠેકાણે ગીતાનું સ્વભાવજ આધ્યાત્મિક અથવા સમત્વયોગ. જૈનસૂત્રોની સકામનિર્જરા તે ગીતાનો અનાસક્તિ યોગ અથવા કર્મફલની આકાંક્ષાનો ત્યાગ.

જૈનસૂત્રોના કર્મબંધને ઠેકાણે ગીતાનો ભૂતપ્રકૃતિ બંધ અથવા ગુણસંગ, જૈનસૂત્રોના રાગ-દ્વેષને ઠેકાણે ગીતાનાં કામક્રોધ અથવા રાગદ્વેષ. તેથી જ જૈનસૂત્રોનું સિદ્ધિસ્થાન એ ગીતાનું પરંધામ.

## જૈન-અહિંસા અને ગીતા

આ રીતે જૈનસૂત્રોમાં મુખ્ય છ દ્રવ્યો અને નવતત્ત્વોનો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ગીતા સાથે સુમેળ મળ્યા પછી પણ ભૌતિક યુદ્ધની પીંછી પાછળ ગીતાની અહિંસા અને જૈનોની અહિંસા વચ્ચે સુમેળ ક્યાં છે, એ સવાલ રહે છે.

અહિંસામાં જૈનસૂત્રો જેટલાં ઊંડાં ગયાં છે, તેટલા બીજા ગ્રંથો ગયા નથી. એટલું જ નહિ બલકે એમણે સાધનાના ક્ષેત્રમાં એ અહિંસાને આબાદ રીતે ઉતારી પણ છે. જૈનગ્રંથોમાં એક વસ્તુકથા છે : અભયા રાણીની અબ્રહ્મચર્યની માગણીનો અનાદર કરનાર સુદર્શનને અભયા રાણીએ શૂળીએ ચડાવવા લગી દાવ ખેલ્યો. છતાં છેવટે સુદર્શનનું સત્ય તરી આવ્યું, ત્યારે રાજા અત્યંત છંછેડાય એ બનવા જોગ હતું, પણ રાજાને હાથે થતો અભયા રાણીનો વધ એ જ સુદર્શને અટકાવ્યો. ભરપૂર હિંસાના મુખમાં આબાદ અહિંસા પાળવી અને કટ્ટર વિરોધીનો પ્રેમ ભર્યો સામનો કરી વિજય મળ્યા પછી, વિજયમાળા વિરોધીને જ પહેરાવીને પ્રેમ પાથરવો એ અહિંસાની સફળતા છે. આવાં તો શ્રાવક અને શ્રમણોનાં અનેક ઉદાહરણ છે. આ થઈ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની અહિંસાની વાત. પણ જૈનતત્ત્વજ્ઞાન જો વિશ્વવ્યાપી હોય, તો એણે આચારમાં મધ્યમ માર્ગ પણ કાઢવો જોઈએ. આ રીતે જાણીને હણવા નિમિત્તે નહિ છતાં અનિવાર્ય રીતે ત્યાં થતી હિંસા એ દ્રવ્યમાં હિંસા છે અને ભાવમાં અહિંસા છે, તો તેવી હિંસા એવી

પાપકર નથી અને એવી બંધનકાર પણ નથી, કે જે પાપ કે બંધ બંધન ન હટી શકે. કારણ કે આવો સાધક પોતાથી થયેલી હિંસાનો ગર્વ નથી લેતો કે હિંસાને ફાળે વિજય નથી ચડાવતો, પણ ઊલટો થયેલી હિંસામાં પોતે નિમિત્ત થયો, તેનો હૃદયપૂર્વક પશ્ચાતાપ કરે છે અને વિજયનો ત્યાગ કરી, અહિંસાને માર્ગે આગે કદમ ભરે છે. આવું પાત્ર, ભાવઅહિંસક હશે પણ છેવટે દ્રવ્ય અહિંસક બનશે જ. માટે તેમનું સમકિત ભાંગતું નથી. આ ઉદાહરણ ચેટક નામના રાજાને લાગુ પડે છે.

ગીતાના કૃષ્ણચંદ્ર યોગેશ્વર છે. જૈનગ્રંથોના ચેટક પણ સમકિતી છે. એમનું ભગવાન સ્વરૂપ દુનિયાથી નિરાળું છે. આગામી તીર્થંકર ચોવીસીમાં તીર્થંકર ભગવાન તરીકે જૈનસૂત્રોએ પ્રથમથી જ એમનું સર્વોત્તમપદ નિયત કરી નાખ્યું છે.

પણ જૈનસૂત્રોને તો સ્થૂળ અહિંસાનું કલેવર પણ બરાબર રાખી બતાવવું છે [illegible] સૂક્ષ્મ અહિંસાનો આત્મા તો પહેલો જ જોઈએ એમ એ માને છે, એટલે [illegible] સ્થૂળ અહિંસાને સાવ બેપરવાઈથી છોડી દેતાં નથી. આથી જ [illegible]માં અહિંસાની ઝીણવટથી સમીક્ષા કરવામાં આવી છે. આદર્શ ત્યાગનું વલણ પ્રધાનપણે છે. છતાં જો અહિંસાનો સૂક્ષ્મ આત્મા સરી જાય અને સ્થૂળ કલેવર જ માત્ર શણગારીને રાખવામાં આવે, તો તેના કરતાં તો નિરુપાયે જ્યાં કલેવર બગડે ત્યાં બગડવા દઈને પણ અહિંસાનો આત્મા બચાવી લેવો એ જ એને પ્રિય છે. જૈન આગમમાંના ચેટકની પણ આ દશા હતી. મહાભારતના પાંડવ-પક્ષના યુદ્ધની પણ આ દશા હતી. એટલે જ ગીતાને એ યુદ્ધની ક્રિયામાં અહિંસાનો આત્મા ઉગારવા માટે મહાભારત-યુદ્ધની પીંછીનો આશ્રય લેવો પડ્યો છે.

ગીતા અહિંસામાંથી ઉદ્ભવી છે, તેથી જ તેમાં આધ્યાત્મિકતા ખૂબીથી ઝળકે છે.

## ગીતારૂપી પુલ

આટલું સમજાયા પછી ગીતા એ વૈદિક ગ્રંથો અને જૈનસૂત્રો વચ્ચેના ધ્યેયમાં, વસ્તુતઃ નહિ છતાં આભાસે દેખાતી, મતભેદરૂપી ખાઈના અનુસંધાનમાં પુલની ગરજ સારશે. વચ્ચે પડેલી દીવાલોને ભેદવામાં ભગીરથ શસ્ત્રની પૂર્તિ કરશે. એમ માનીને મેં ગીતાને માતા ગણીને એ ગોદનો લાભ ઉઠાવ્યો છે.

## ગીતા તત્ત્વનો વિસ્તાર જોવો હોય તો ?

હું ગીતાના ઐતિહાસિક મુદ્દાને કાળદષ્ટિએ નહિ ગણું. સંસ્કૃતિનું ઘડતર એ જ જો ઐતિહાસિક દષ્ટિબિંદુ હોય અને છે, તો પછી ગીતાકાળ પહેલો કે જૈનસૂત્રકાળ પહેલો એ ચર્ચા નિરર્થક છે.. કાળમાં કોઈ પહેલું હોય, તેથી એ કંઈ ઊંચું કે નીચું સ્થાન પામી શકતું નથી. છતાં એટલું કહું કે ગીતા માંહેલા જ્ઞાનને વધુ વિસ્તારપૂર્વક જોવા માટે જૈનસૂત્રો નિહાળ્યા વગર નહિ ચાલે. ગીતાની પ્રકૃતિના ત્રણ ગુણો કે સવિકાર ક્ષેત્ર માંહેલા એકત્રીસ તત્ત્વો વાંચ્યાથી જેને સંતોષ ન થાય, તેને જૈનસૂત્રોની વિશાળકર્મ-મીમાંસા અવશ્ય સંતોષ આપશે. નંદીસૂત્રમાં જ્ઞાનની જે ઝીણવટ ભરી વિચારણા છે, ભગવતી સૂત્રમાં જે વૈજ્ઞાનિક પંચાસ્તિકાયના અને બીજી અનેક બાબતોના સ્વરૂપ બતાવવામાં આવ્યાં છે, પન્નવણાજીમાં પણ જે પૃથક્કરણ છે, તે ગીતામાં નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં આવેલી લેશ્યાનું સમાધાન અલબત્ત ગીતાના ચૌદમા અધ્યાયમાં છે; પરંતુ જૈનસૂત્રોમાં જે વિસ્તાર છે, તે ત્યાં નથી. કર્મનું વૈજ્ઞાનિક ઢબનું નિરૂપણ બૌદ્ધગ્રંથોમાં સરસ મળતું હોવા છતાં જૈન તત્ત્વ જ્ઞાન એ બાબતના ઊંડાણમાં અજોડ જ છે, એમ કબૂલ કરવું પડે છે. એટલે ગીતાથી જેને તત્ત્વજ્ઞાનામૃત પીતાં પીતાં પણ તૃપ્તિ ન મળે તેને જૈનસૂત્રો વાંચવાની હું ભલામણ કરું છું.

## ગીતા એ તો ગીતા જ છે

આટલું જૈનસૂત્રોમાં હોવા છતાંય ગીતામાં તત્ત્વજ્ઞાન અને આચારનો, જગત અને જીવનનો સુમેળ જે સફળતાથી મૂકયો છે, તે સફળતા ખરેખર જ અલૌકિક છે. આમ જો ગીતાના સંકલનાર જૈન તત્ત્વજ્ઞાનથી લેશ પણ અજાણ હોય તેમ લાગતું નથી તેઓમાં સમતાની ભૂમિકા સુંદર ઝળકી રહેલી દેખાય છે. જૈન તત્ત્વાર્થાધિગમસૂત્રકારે સંક્ષેપમાં જૈનતત્ત્વજ્ઞાન અને આચારને સમાવ્યાં છે. એ રીતે એ ગ્રંથનું સ્થાન ઉત્તમ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ જૈનસૂત્રોને ચાવી ચાવીને આચારની સીડી 'અપૂર્વ અવસર'માં આબાદ રીતે ગોઠવી સફળતા પ્રાપ્ત કરી છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક જૈનદષ્ટિનું મનોહર સંકલન છે. સમયસારના કર્તાએ સ્વસમયનું ન્યાયપુરઃસર મંડન કરી ક્રિયાજડતા ઉડાવવા જરૂર પ્રયાસ કર્યો છે; પરંતુ આચારાંગ અને ગીતા એ બંનેનું પોતપોતાની કક્ષાએ એવું મહત્ત્વ છે, કે જે વાણીમાં આવી શકતું નથી.

## ગીતા એ જૈનત્વનો ભોમિયો

પુનરુકિત કરીને પણ કહેવું જોઈએ કે ગીતામાં એક પણ તત્ત્વ જૈનતત્ત્વનું વિરોધી નથી. ગીતા એ તો જૈનત્વની ભૂમિકાનું માર્ગદર્શન છે. જેમ જૈનસૂત્રોને આત્માથી પ્રત્યક્ષ જણાય છે તે જ જ્ઞાન, બાકીનું અજ્ઞાન લાગે છે, તેમ ગીતા પણ કહે છે કે "प्रत्यक्षाऽवगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययं" એ જ સાચું જ્ઞાન. જ્યાં નિરહંકારીપણું, ત્યાં જ આવું આધ્યાત્મિક જ્ઞાન ઊપજે.

આંખથી દેખાય તે જ પ્રત્યક્ષ જ્ઞાન એવા ન્યાયપરિભાષામાંના નિરૂપણનો આ કેવો સચોટ જવાબ છે ! ઈશ્વરકર્તૃત્વવાદનો તો એમણે છેદ ઉડાડયો છે. ગુરુ સ્વરૂપે પોતે પ્રભુ બની છેવટે પ્રાણીમાત્રમાં પોતે છે, પણ જિજ્ઞાસુ મનુષ્યમાં પ્રગટપણે છે એમ ચકરડી ફેરવીને છેવટે પોતામાં જ પ્રભુ છે, વિકાસ પામેલો આત્મા અવતારી છે, એમ સંપૂર્ણ મોક્ષનો સર્વને પોતામાંથી જ પ્રાપ્તિઅધિકાર સમજાવ્યો છે.

જૈનસૂત્રો પણ 'સર્વ જીવ છે સિદ્ધસમ, જો કરિયે સો હોય' એમ જ બોલે છે. જૈનસૂત્રોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ગુણવિશિષ્ટ મનાયા છે, તેમ જ ગીતા પણ "गुणकर्मविभागशः" બોલે છે.

જૈનસૂત્રો જેમ કર્મભૂમિમાંથી મોક્ષ બતાવે છે, તેમ ગીતા પણ "कर्मणैव संसिद्धिमास्थिता जनकादयः" બોલે છે.

જૈનસૂત્રો સર્વોત્તમ પરમેષ્ઠી પદમાં, પ્રથમ 'नमो अरिहंताणं' એટલે વિજેતાને પ્રથમ નમન કરે છે, તેમ ગીતા પણ કરે છે, પરંતુ જૈનસૂત્રો એ વીરતા પ્રભુમય હોય તો જ નમે છે. તેમ ગીતા પણ 'मामनुस्मर युध्य च' કહે છે. જો શ્રીકૃષ્ણ ગુરુને બાહ્ય યુદ્ધમાં જ માત્ર અર્જુનને પ્રેરવો હોત, તો 'मामनुस्मर' શા સારુ કહેત ? સમતા પામીને પછી લડ એમ શા સારુ કહેત ? મતલબ કે બાહ્ય દૃષ્ટિએ ગીતાનું કલેવર ગમે તેવું લાગે, પણ ગીતાનો આત્મા તો આધ્યાત્મિક રણયુદ્ધ જ છે.

ગીતામાં શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુરૂપે, દેવરૂપે અને ગુરુરૂપે એમ ત્રણ રૂપે દેખાવ દે છે. પણ છેવટે તો તેઓ એમ જ કહે છે કે જે મારા દેહ વિષે છે, તેવું સ્વરૂપ સૌ દેહ વિષે છે, અને એમ એ યુકતયોગી ખરે જ અર્જુનના જ ગુરુદેવ નહિ, પણ ગીતાના શ્રદ્ધાળુ વાચક માત્રના ગુરુદેવ-પદને વરે છે. આથી જ ઉપલા ત્રિવિધ સ્વરૂપના પ્રયોગોની ઘટનાનો ખરો સ્ફોટ પણ અનુવાદમાં ઠેકઠેકાણ કર્યો છે.

## સદાચારની ભૂમિકા પછી જ ગીતાજ્ઞાન પચે

એટલે જેમ શ્રદ્ધાપૂર્વકનું ગીતાવાચન, આદર્શ જૈનત્વના પાયા માટે જરૂરી છે, તેમ ગીતાવાચકમાં શ્રીકૃષ્ણ ગુરુદેવ કહે છે તેવી ભૂમિકા પણ જરૂરી છે. ઓછામાં ઓછો ગીતાવાચક નીતિમાન અને સદાચારી હોવો જ જોઈએ.

આદર્શ ગૃહસ્થાશ્રમનાં બધાં પાત્રો રામાયણમાં મળે છે. રામાયણ એ વૈદિક ધર્મનો ન્યાયમૂર્તિ ગ્રંથ છે. શ્રુતિ, સ્મૃતિઓ, પુરાણો વગેરેનો પ્રયાસ પણ માનવસમાજની વ્યવસ્થા અને સદાચાર માટે ઓછો નથી; છતાં એકડો સરસ ઘૂંટવા માટે તો હિંદ બહારના ધર્મો તરફ પણ આંખમિચામણાં કર્યે ચાલે તેમ નથી.

## ગીતારૂપી અખાતને મળતી, જૂનો કરાર, નવો કરાર, કુરાન તેમજ અવસ્તારૂપી સરિતાઓ

પવિત્ર બાઈબલનો જૂનો કરાર, પવિત્ર કુરાન અને અવસ્તા એ નદીઓની જેમ ગીતાના અખાતમાં વેગપૂર્વક મળી જાય છે. નૂહ પયગંબર એ બાબા આદમની ઓલાદ છે અને બાબા આદમ અને હવા એ દેવ યહોવાહનાં જ પૂતળાં છે. એટલે યહોવાહ દેવની સાથે નૂર પયગંબરને સીધો સંબંધ હતો. નૂહ પછીથી થયેલા ઈબ્રાહીમ નામના નામચીન પયગંબરના પૌત્ર યાકુબનો વંશ તે ઈસ્ત્રાએલ અને યાકુબના વંશ જ અથવા યહુદાહના રહેવાસી કિંવા યહુદાના વંશજો તે યહૂદીઓઃ આ પ્રજાઓ ઈબ્રાહીમ પછીથી થયેલા મુસા પયગંબરની ધર્મઆણ નીચે હતી.

જૂના કરારમાં મુસા પયગંબરને યહોવાહ દેવે સિનોય પર્વત પર જે કરારો આપેલા તે મુખ્યત્વે આ છે :

(૧) તારા પ્રભુનું નામ ફોગટ ન લે.

(૨) તારા ખેતરને સાતમે વર્ષે પડતર મૂક.

(૩) છ દિવસ કામ કર, પણ સાતમે દિવસ વિશ્રામ લે.

(૪) વ્યભિચાર ન કર.

(૫) તારા પાડોશીના ઘર પર લોભ ન રાખ.

(૬) માબાપનું માન રાખ.

(૭) પ્રાણીહિંસાથી વિરમ.

(૮) જૂઠી સાક્ષી ના પૂર.

(૯) ચોરી ન કર.

(૧૦) એક દેવને માન.

(Christian-Doctrineમાં જુદી રીતે લખેલા છે.)

આ મુખ્ય અને બીજા પણ, પુનર્નિયમના કરારોમાં દર ત્રણ વર્ષે તારી ઊપજનો દશાંશ કાઢી, તારા ઘરમાં રહેનાર કે અનાથ અથવા વિધવાઓને આપ. તારો દેશવાસી દરિદ્રી હોય, તો ત્યાં તું તારા હૃદયને કઠણ ન બનાવ. (પ્રકરણ ૧૪-૧૫ પુનર્નિયમ વિભાગ ગૂજરાતી પૃ. ૧૮૧-૧૮૨)

નવા કરારની હસ્તી ઈસુ પછી થઈ છે. ત્યાં કાયાએ વ્યભિચાર ન કરવો એટલું જ નહિ, પણ માનસિક ભાવે પણ ન કરવો એ હકીકત છે. ખૂન ન કરવું એટલું જ નહિ પણ ક્રોધ સુધ્ધાં ન કરવો. ડાબા ગાલે તમાચો મારે, તો જમણો ધરવો, પહેરણ માગે તેને અંગરખું પણ દેવું; આ રીતે ક્ષમા અને પરોપકારનું તત્ત્વ ત્યાં ખૂબ ખીલેલું નજરે ચડે છે. પ્રેમ એ જ પ્રભુ અને એને મેળવવાનાં ત્રણ સાધનો-શ્રદ્ધા, સદ્‌વર્તન અને અર્પણતા. (જુઓ Cho Doo ૨,૨૨-૨૮)

આ તત્ત્વો બૌદ્ધ ધર્મની અસરથી ખ્રિસ્ત ધર્મમાં આવ્યાં કયાંથી, એ ચર્ચા અર્થરહિત છે. મારી નમ્ર માન્યતા મુજબ મનુષ્ય, તત્ત્વો ગમે ત્યાંથી લે, પણ જો એમને પોતીકાં કરી લે, તો તે એનાં પોતીકાં જ ગણાય.

ઈશુ પછી હજરત મોહમ્મદ પયગંબરનું સ્થાન આવે છે. તેઓએ આ અનુસંધાન કાયમ રાખ્યું છે. દારૂ-મદ્ય નિષેધ, જુગાર નિષેધ, એક નિરાકાર પ્રભુની જ ઉપાસના, એક વચનનું મૂલ્ય, સ્ત્રી-સન્માન આ બધાં તત્ત્વોમાં કુરાને શરીફનો અવાજ પ્રેરક છે. ઈશુ જેમ વૈરનો બદલો લેવાની સાફ ના પાડે છે, તેમ કુરાનમાં સાફ મના દેખાતી નથી, પણ એનું કારણ તો હજરત મોહમ્મદ સલ્અમને યુદ્ધ-જીવનમાં ઝુકાવવું પડયું છે, તે હોવું સંભવે છે.

એમના અંગત જીવનમાં શ્રદ્ધા, શ્રમ, ભકિત, ખેરિયત, અકરજદારીપણું- આ ગુણો મુખ્ય ભાગ ભજવે છે. ખેર, મહેર અને બંદગી એ કુરાનનો છેવટનો નિચોડ છે. તથા કયામતના દિવસની યાદી એ કુરાનનું મધ્યબિંદુ છે. આ રીતે મૂર્તિપૂજા અને અનેક દેવવાદ નામે ઠેઠ નૂહ પયગંબરના કાળથી યહોવાહને જે પશુબલિ ચડતાં,તે તો આ રીતે બંધ થયાં અને આરબોમાં જૂઠને સ્થાને સત્યની

પૂજા થવા લાગી, જંતરમંતર ને જાદુવિદ્યા તરફ અભાવ કરાવવા બનતું થયું,એ અરબસ્તાન જેવા પ્રદેશની ધર્મક્રાન્તિ નાનીસૂની નથી જ. એ પ્રજાને, ઈશ્વર જ બધું કરે છે ને તે શુભ કર્મવાળાને સ્વર્ગ અને અશુભ કર્મવાળાને નરક આપે છે, એમ કહ્યા વગર છૂટકો જ નહોતો. એ પ્રદેશની તે કાળની પ્રજાના માનસને અનુલક્ષીને કહેલું કથન આ પ્રદેશમાં વસતી ઈસ્લામી પ્રજા જો એના આત્માને અનુલક્ષીને પાળે, તો જેમ હજ વખતે શિકારની સાફ મનાઈ છે, તેમ એ કદી જ શિકાર ન કરે. કુરાનના હદ્દીસા વિભાગમાં જેમ લખ્યું છે કે તું 'તારા પેટને કબર ન બનાવીશ' તેમ એ વનસ્પત્યાહાર સિવાયના આહરને અભક્ષ્ય જ માને. કુરાને શરીફમાં પણ ખોરાકમાં પ્રથમ તકે ખજૂર અને અનાજને જ સ્થાન અપાયું છે. (જુઓ કુરાન અ.૬-૧૪૨) અને કુરાને શરીફના ખુદાનું નામ જ 'રહિમાન' છે. એટલે પ્રાણીરહેમને જાણીબૂઝીને તો કેમ જ તરછોડાય ?

અશો જરથુષ્ટ્રના ઉપદેશનો સાર તેમના માજદયસ્ની કરાર નામમાં સમાઈ જાય છે :

(૧) પવિત્ર વિચાર, (૨) પવિત્ર પાણી, અને (૩) પવિત્ર કર્મ,

સમુદ્રપૂજા, સૂર્યપૂજા, આતશ (અગ્નિ)પૂજા અને હોમહવન બધું એ અર્થે છે.

પાકદાદર અહૂરમજ્દની દયાનો એ જ પ્રસાદ છે. જરથોસ્તી પ્રજાના પ્રભુનું નામ જ જો 'પાક' છે તો પવિત્રતા અને પરોપકાર એને પ્રિય કેમ ન હોય ?

આટલું કહ્યા પછી ગીતાનાં વચનો એ ચારે શાસ્ત્રોનાં વચનો સાથે પરિશિષ્ટમાં ટાંકવામાં આવ્યાં છે. એટલે તે જોઈ લેવા ભલામણ છે. એ પરથી એ ધર્મોરૂપી નદીઓ ગીતાના અખાતમાં કેવી રીતે મળે છે, તે સમજાશે. એક સ્થળે ચુસ્ત યહૂદી ભાઈ એફ.એચ.મોલમ કહે છે તે આ કથનને ટેકો આપનારું છે.

"મારી શકિત મુજબ મેં બાઈબલનો યથાર્થ અભ્યાસ કર્યો છે....એમાં જે લખાયું છે, તે ગીતાના સારરૂપે છે. પણ ગીતામાં જે (બીજું વધુ) મળે છે, તે બાઈબલમાં મળતું નથી."

## શું ગીતા જીવનમંથનો ઉકેલ આપનાર કોષ છે ?

ગીતાની વ્યાસપીઠ પર આટલું પ્રસ્તાવનારૂપે બોલ્યા પછી પાઠકને એમ લાગશે કે ગીતામાં એવું શું છે કે એની આટલી તારીફ થાય છે ?

એક યુવકે આ જ જાતનો પ્રશ્ન કર્યો અને સહજભાવે મારાથી બોલી જવાયું કે -'ગીતા' તમારા પ્રશ્નનો જવાબ આપશે.

અને ખરે જ જ્યારે એણે પોતાના બે પ્રશ્નોના સંતોષકારક જવાબ તત્કાળ મેળવ્યા એટલે એ ગીતા પર આફરીન થઈ ગયા. પહેલાં તો એ ભાઈએ પોતાની શક્તિ અને સ્મૃતિની હદ લગી કસોટી કરી લીધી. સહેજે એ ગાંજ્યા જાય એવા નહોતા, પણ આખરે ગીતામાતાને ખોળે એ ભાઈએ મસ્તક ઝુકાવ્યું. એમણે પોતે જ લખી લીધેલા એમના પ્રશ્નોના સારભાગનું અહીં અવતણ કરીશ એ પરથી બીજા પણ તેવા જિજ્ઞાસુઓને તે જ પ્રકારે સમાધાન મળશે એમ માનું છું.

વીસ વર્ષના આ યુવાનને વિવાહિત જીવન જીવવું કે બ્રહ્મચારી જીવન એ મૂંઝવણ થતાં ગીતાજીને શબ્દોકોષ માનીને એ પ્રશ્ન મૂકે છે.

ગીતાજીરૂપ શબ્દકોષમાં જોવા માટે અઢાર અધ્યાયોનો સંક્ષેપે નામનિર્દેશ પ્રશ્નોત્તરીની દષ્ટિએ આ પ્રમાણે યોજેલ છે.

**અઢારે અધ્યાયો પૈકી પોતાના પ્રશ્નનો ઉત્તર જોવા માટે ઘડેલો ખરડો**

(૧) માણસ કયારે ભુલાવામાં પડે ?
(૨) જ્ઞાન-સમજણ કયારે આવે ?
(૩) કર્મયોગ એટલે શું કરવું ?
(૪) જ્ઞાન-સંન્યાસ શા માટે ?
(૫) ક્યું કરવું, ક્યું ન કરવું ?
(૬) આત્માને શી રીતે ઓળખવો ?
(૭) શાંતિ માટે અને સિદ્ધિ માટે કયો કયો માર્ગ લેવો ?
(૮) અંત કેમ સુધરે ?
(૯) રહસ્યની વાત કંઈ ?
(૧૦)સિદ્ધિ થઈ તેનું મૂળ શું ?
(૧૧) ચમત્કાર કયાં છે ?
(૧૨) ભકિત માટે શું ?
(૧૩) શરીર અને આત્માનો ભેદ શી રીતે પારખવો ?
(૧૪) સુખ-દુઃખ શા કારણે ?
(૧૫) પરમ સ્થિતિ માટે શું કરવું ?

(૧૬) આસ્તિક અને નાસ્તિકનો ભેદ શો ?

(૧૭)શ્રદ્ધા કયાં રાખવી,ક્યાં ન રાખવી અને કેવી રાખવી ?

(૧૮) પરિણામ શું ? (અથવા સર્વસામાન્ય અધ્યાય)

## ખરડાની તારવણી

આ ખરડા પ્રમાણે આ યુવકે પાંચમો અધ્યાય ખોલ્યો અને તેમાં જોયું તો આ શબ્દો જણાય :

"અર્જુન ! કર્મનો ત્યાગ અને યોગ બન્ને મોક્ષદાયક છે. તેમાંય કર્મસંન્યાસ કરતાં કર્મયોગ ચડી જાય છે. (૫,૨) સાંખ્ય અને યોગ બન્ને નોખાં નથી.(૫,૪) જે સાંખ્ય અને યોગને એકરૂપ જુએ છે તે જ ખરો જોનારો છે. (૫,૫)" કર્મત્યાગ કે કર્મયોગ બન્નેમાં સમતા, અને આંતરિક ત્યાગ તો જોઈએ જ (૫,૬-૭).

ઉપલા શબ્દો અર્જુનને ઉદ્દેશીને શ્રીકૃષ્ણ ગુરુદેવે કહ્યા છે.

હવે યુવકના અને અર્જુનના પ્રશ્નોનો મેળ મેળવવાનું ત્રાજવું બનાવીએ, તે પરથી તાળો મળી રહેશે.

પ્રશ્નોનો મેળ મેળવવાનું ત્રાજવું.

| | |
|---|---|
| યુવકનો પ્રશ્ન : | ગૃહસ્થાશ્રમ ન સેવવો |
| ગૃહસ્થાશ્રમ સેવવો? | |
| અર્જુનનો પ્રશ્ન: | |
| કર્મ કરવું ? | કર્મ ન કરવું. |

## યુવકનું સમાધાન

ઉપલા ગીતાજીના ઉત્તરથી યુવકને સમાધાન નીચેના ઉદાહરણથી થયું તે એ રીતે કે-તમે ભોજન લેવા બેઠા. તમારા પાત્રમાં દૂધપાક આવ્યો. જો તમે સમતાવાળા જ્ઞાની અગર અનાસક્તિયોગની દષ્ટિવાળા હશો તો તમારી હોજરીને પથ્ય હશે તેટલો તમે લેશો એટલે એ તેને નુકસાન નહિ કરે. પણ જે અજ્ઞાનથી દૂધપાકને આ વેળા તો છોડશે, તે વળી અહીંથી છૂટયો તો બીજે ફસાશે, અને જ્ઞાની છોડશે, તે એટલા ખાતર કે તેને એ પથ્ય નહિ હોય અગર સ્વાદાસક્તિ વધારનાર નીવડશે. એટલે એ તજશે, તે ત્યાગમાં હઠ નહિ હોય, સમભાવ જ હશે. આમ યોગ અને ત્યાગ બન્ને સાપેક્ષ છે.

**આ પરથી એ યુવકે સમાધાન મેળવ્યું કે જો મારી શક્તિ અને મર્યાદાનો વિવેકપૂર્વક તોલ કાઢી બ્રહ્મચર્ય લક્ષ્ય ઠીક જાળવી શકું, તો જ મારે લગ્નદશા સ્વીકારવી. નહિ તો એવી દશા સાધવા માટે બ્રહ્મચારીદશાને લંબાવવી કે જેથી બ્રહ્મચર્યના સંસ્કારો દઢ થાય. એ દઢ થશે તો લગ્ન એ મુખ્યત્વે આત્મલગ્ન-પ્રેમલગ્ન બનશે. અને એથી પોતાનું પોતાની સખીનું, અને સમાજનું કલ્યાણ થશે. નહિ તો મોટું જોખમ વહોરવામાં વિલંબ કરવો જ સારો છે.**

**તારીજો**

- માર્ગ
  - સારો (મોક્ષ)
    - ત્યાગ
      - કર્મસંન્યાસ
    - આદર્શ ગૃહસ્થાશ્રમ
      - કર્મયોગ
    - બન્નેમાં અનાસક્તિનું ધ્યેય તો જોઈએ જ.
  - ખરાબ (સંસાર, નરક)
    - ભોગવિલાસ
      - જડતા
        - પ્રમાદ

શ્રેયાર્થી માટે તો સારા માર્ગમાંથી જ કરવું કે ન કરવું ? એ પ્રશ્નનું સમાધાન શોધવાનું રહે છે અને તે ઉપલી રીતે બરાબર મળી ગયું.

**પ્રશ્ન બીજો : અપયશ કેમ ગમતો નથી ?**

કુદરતી રીતે એમ જવાબ મળ્યો કે લોકોમાં માન મેળવવાની આસક્તિ(કામ)છે. હવે ગીતાજીમાં આ પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે વિવેકપૂર્વક વિચાર કરી આ પ્રશ્ન થવાનું કારણ શોધ્યું તો માલૂમ પડયું કે ઉપલો પ્રશ્ન થવાનું કારણ એ હતું કે મને 'જ્ઞાન' ન હતું. માટે 'જ્ઞાન' વિષે ચર્ચતો 'સાંખ્યયોગ' કે જે ગીતાજીનો બીજો અધ્યાય છે તે જોયો. જોતાં જોતાં એમ મળી આવ્યું કે 'અપયશ એ મૃત્યુ કરતાં બૂરી ચીજ છે.(૨-૩૪).

હવે અહીં પ્રશ્ન એ થયો કે, તો ક્રોધ પણ મૃત્યુ કરતાં બૂરી ચીજ છે, છતાં શા માટે તે ગમી જતો લાગે છે ? જવાબ માટે મેં ખરડઃ પ્રમાણે આ પ્રશ્નનો ઉપસ્થિત થવાનું કારણ પૂછયું ને તેમને જણાયું કે પ્રશ્ન ઉપસ્થિત થવાનું કારણ એ હતું કે

મને શા માટે આમ ? એ પ્રમાણે સવાલ થયો હતો,તો આના સમાધાન માટે જ્ઞાન અને કર્મને પૃથક વિવેક બતાવતા ચોથા અધ્યાયમાં મેં જોયું અને ત્યાં મળી આવ્યું કે રાગ એના મૂળમાં છે. (આની સાબિતી અધ્યાય બીજામાં મળી) માટે જ જો રાગ કાઢી નાખીએ તો ક્રોધ પણ અપયશ જેવો જ લાગશે.

હવે બીજો પ્રશ્ન એ થયો કે જો રાગ કાઢવાથી ક્રોધ ટળે, તો શું કાઢવાથી અપયશ ટળે ?

અપયશ ટાળવા માટે શું કરવું ? શું ન કરવું ? એમ પ્રશ્ન થયો માટે મેં ત્રીજો અધ્યાય જોયો અને (૩-૪૧)માં જવાબ મળ્યો કે તું પહેલાં તો ઈંદ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને અનુભવનો નાશ કરનાર કામનો અવશ્ય ત્યાગ કર.એટલે કે તું અનાસક્ત થઈ જા."

(લોકોમાં માન મેળવવાની આસક્તિ કાઢી નાખ.)

## બધા પ્રશ્નોનું સમાધાન ગીતામાં કેમ મળે ?

મ. ગાંધીજી કહે છે કે "જ્યારે મને મુશ્કેલી પડે છે, ત્યારે હું ગીતામાતા કને છોડી જઉ છું, અને તે મને કદી નિરાશ કરતાં નથી." એનું આ જીવતું જાગતું પ્રમાણ છે. શ્રદ્ધાપૂર્વક જે ભાઈ ગીતા જોશે, તેને જરૂર એ સમાધાન મળશે જ. ઉપરના ખરડામાં પ્રશ્નકારને આખો અધ્યાય સાંગોપાંગ જોતાં પહેલાં, તે એ જ અધ્યાયનું સ્વાભાવિક પાનું ખોલીને આગળના અને પાછળના પાંચ પાંચ શ્લોકો વાંચે છતાં પૂરું સમાધાન ન મળે તો આખો અધ્યાય વાંચે આટલું નમ્ર સૂચન છે.

જીવનના અંગત પ્રશ્નો જ નહિ બલકે સર્વ ક્ષેત્રના સર્વ પ્રશ્નોનો સંતોષદાયક ઉત્તર ગીતામાં મળી રહેશે જ. ડૉકટરી વિદ્યા કે આયુર્વેદનું ધ્યેય આધ્યાત્મિક, માનસિક અને શારીરિક એમ ત્રિવિધ આરોગ્ય છે.

આધ્યાત્મિક આરોગ્યનો અભાવ જ મુખ્યત્વે બીજી બીમારીઓમાં કારણભૂત છે. તે વિષે ગીતામાં પુષ્કળ લખાયું છે; છતાં ગીતાએ સાત્ત્વિક આહારના સ્પષ્ટ પ્રકારો આપી દઈ આયુર્વર્ધક માર્ગદર્શન કરાવ્યું છે. તપના શારીરિક, વાચિક અને માનસિક તેમજ (૧૭-૭) પાછા તે ત્રણ પ્રકારોને પણ સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પેટા. ભેદો પાડી તપનું આદર્શપણું સિદ્ધ કર્યું છે. (અ.૧૭-૧૫ થી ૧૯) એકંદરે ગીતા અતિ ઉપવાસ કે અતિ ખાઉધરાપણું બેય વચ્ચેની માધ્યમિક સ્થિતિ અને નિયમિતતા પસંદ કરે છે. (અ.૬.૧૬-૧૭) જેમ

શારીરિક નબળાઈમાં વાત, પિત્ત અને કફની અસમતા કારણરૂપ છે, તેમ આધ્યાત્મિક નબળાઈમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની અસમતા જ કારણરૂપ છે. (અ.૧૪)

સ્વરોદય શાસ્ત્રનું મુખ્ય કેન્દ્ર સમતા છે, પણ પ્રાણાયામ સિદ્ધિથી ઉપજતા લૌકિક ફળની લાલચથી જરૂર વાર્યા છે. (અ.૫, ૨૭-૨૮)

અલંકાર શાસ્ત્રમાં ઉપમાનું મહત્ત્વ છે. ગીતામાં એ ઠેરઠેર આવે છે. (૧૩, ૩૧-૩૨)

રસ શાસ્ત્રમાં શાંત રસ પરમ પ્રધાન છે, તેમ ગીતામાં શાંત રસ પરમ પ્રધાન છે. શાંત રસમાં વીર, રૌદ્ર, અદ્ભુત, કરુણ વગેરે રસ દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. (અ.૧૧-૧૫) ભાષા દષ્ટિએ તો ગીતાની પ્રસાદ-મધુર-શૈલી અને લાક્ષણિક શૈલીની મહત્તા છે જ. કાવ્યદષ્ટિએ જો કાવ્યનું લક્ષણ રસાત્મક વાકય લઈએ તો તે પણ છે જ. ન્યાયદષ્ટિએ જોઈએ તો ગીતામાં શ્રીકૃષ્ણ ગુરુદેવની દલીલો અને પ્રમાણો સંપૂર્ણ સચોટ છે, એમાં કોણ ના કહેશે ? ગણિતશાસ્ત્ર અને કાળજ્ઞાનના વિષયને પણ એમણે છોડયો નથી.(અ.૮-૧૭ થી ૨૭) અને ગીતા સ્વયં જ કળા છે. ભોકતા એને ભોગવી શકશે. આમ બધું હોવા છતાં "अध्यात्मविद्या विद्यानाम्" અધ્યાત્મ વિદ્યા સર્વ વિદ્યાઓમાં ઉત્તમ છે એટલે એ તરફ જ એનો ઝોક છે.

## ગીતાનો નિચોડ

ગીતાનો સાર સાવ સંક્ષેપમાં અને એક જ શબ્દમાં કહેવો હોય તો તે "ઉપયોગ" અથવા જૈનપરિભાષાના જતના" શબ્દથી કહેવાય. જૈનસૂત્રોમાંનાં કિંમતી અંગસૂત્રોમાંનું એક હાલ ઉપલબ્ધ નથી. તેનું નામ દષ્ટિવાદ છે, ખરે જ ગીતા એક દષ્ટિએ તો દષ્ટિવાદ સૂત્ર જ છે. તું આ માર્ગે જઈશ તો તારા માર્ગમાં આટલી મુશ્કેલીઓ અને આટલી સગવડો છે, આ માર્ગે જઈશ તો આટલી સવગડો અને આટલી મુશ્કેલીઓ છે. આટલી શકિતઓ હોય તો આ માર્ગે જા અને એ શકિત ન હોય તો આ માર્ગે જા. બસ અનુભવી સલાહ આપવી એ જ ગીતાનું કામ.

અર્જુનની પ્રકૃતિના પરિચિત હોવાથી શ્રીકૃષ્ણગુરુદેવે કર્મયોગનો માર્ગ બતાવ્યો. અને કર્મયોગની મુશ્કેલી દૂર કરવા માટે કર્મફલનો ત્યાગ અથવા આસકિતત્યાગની દષ્ટિ આપી. કર્મની ભયંકરતાથી ન બી. પણ કર્મ કરવા

પાછળની વૃત્તિની ભયંકરતાથી બી એમ કહ્યું. દુર્યોધન જો માર્ગદર્શન માગત, તો શ્રીકૃષ્ણગુરુએ અર્જુનને જે તરફ પ્રેર્યો તે તરફથી દુર્યોધનને વારત જ.

આધ્યાત્મિક એ ગીતાનો નિચોડ છે, તે જોઈ ગયા પછી ગીતાકારે ભૌતિક યુદ્ધની પીંછી શા સારુ લીધી હશે ? આટલા ખુલાસા પછી હવે તેની શંકા નહિ રહે. જે પ્રસંગ આધ્યાત્મિક દૃષ્ટિએ સાચો હોય, તે પ્રસંગ વ્યવહારિક પ્રશ્નોમાં પણ સફળ થાય છે, અને કપરા સવાલોમાં જ આધ્યાત્મિક કસોટી સફળ થાય એ જ એની મહત્તા છે. આ જ દૃષ્ટિએ મેં કહ્યું છે કે, પાંડવપક્ષ ન્યાયી હતો એટલે એ પક્ષને જીત અપાવવી એ કૃષ્ણ જેવા સંસ્કૃતિના સૂત્રધારની અનિવાર્ય ફરજ હતી. એથી જ શસ્ત્રસંન્યાસનો આદર્શ લઈને પ્રેરક સારથી તરીકે ગયેલા શ્રીકૃષ્ણચંદ્રને સુદર્શન ચક્ર લેવું પડ્યું, તે કૃત્યને ઉપલા અહિંસક આદર્શની દૃષ્ટિએ ભૂલરૂપ ગણવામાં હું બાધ જોતો નથી.

**આ ગીતા ગ્રંથમાં સહાય**

આ ગ્રંથની શરૂઆત સમૌન એકાંતવાસમાં એ રીતે થઈ કે ગીતાનું ગુજરાતી સમશ્લોકી થોડું લખાયું, તે વખતે મ. ગાંધીજીનો 'ગીતાપદાર્થકોશ' ઉપયોગી થયેલો. સમૌન એકાંતવાસ પછી એ સમશ્લોકી ગુજરાતી અનુવાદ પૂરો થયો. ત્યારે પછી, કિશોરભાઈનાં 'ગીતાધ્વનિ' અને કવિવરશ્રી નાન્હાલાલનો સમશ્લોકી અનુવાદ પણ તપાસ્યાં. ત્યાર બાદ બિહારી કવિ અને વલ્લભભાઈ કવિના અનુવાદો પણ મળેલા. આ અનુવાદોના શબ્દોનો લાભ ન ઉઠાવવા તરફ મારું લક્ષ્ય હતું જ. એમ છતાં એમની મહેનતનો લાભ આમાં છેક જ ઉઠાવ્યો નથી, એમ મારાથી ન કહેવાય. એટલે એ બધાની કિંમતી મદદના ખ્યાલની પાઠકવર્ગને સાભાર યાદી દર્શાવું છું.

પ્રથમના કાવ્યાનુવાદની કાયા છેક જ પલટવા જેવી સ્થિતિમાં મોરબીવાળા ભાઈ અમૃતલાલ માસ્તરની ચીવટ ખાસ નોંધવા જેવી છે.

આટલું છતાં જો જામનગરના ચાતુર્માસ્યમાં સ્થાનિક પ્રિય છોટુભાઈ પારેખની સાર્થનોંધ અથવા વિવેચન માટે સક્રિય પ્રેરણા ન હોત, જો જામનગરવાસી લોકોની ગીતાલેખન માટે ઉદાર ભાવે આપેલી અનુકૂળતા ન હોત અને એ ત્રિપુટી માંહેલા પ્રિય મગનભાઈ તથા ખડતલ મહેનતુ અને કાર્યકુશળ સેવાભાવી પ્રિય છગનભાઈની ×ધગશ ન ભળી હોત, તો આ સ્થિતિમાં ગીતા ગ્રંથ ન જ જન્મ્યો હોત.

× આ ભાઈ જામનગર ખાતેના જનસેવા ક્ષેત્રના કાર્યોમાં સુવાસ મૂકી હમણાં જ ગતપ્રાણ થયા છે.

ગીતાવિવેચન પહેલાં લો. તિલક,કવિવર નાન્હાલાલ, મ. ગાંધીજી ને શ્રી કિશોરભાઈની કૃતિઓ, જ્ઞાનેશ્વરી ગીતા, કલ્યાણનો ગીતા તત્ત્વાંક, મહાભારત તથા મૌનકાળમાં કરેલી મૌલિક વૈદિક ગ્રંથોની સાર યાદી, કવિ બિહારી અને એમના પુત્રે બહાર પાડેલી ગીતાની આવૃત્તિઓ, ડૉ. એનીબીસેંટ વગેરેની કૃતિઓ ખાસ સાવધાનીપૂર્વક જોવાઈ છે.અને એમાંના જે ઉલ્લેખો ટાંકયા છે, તે સંબંધે ત્યાં નોંધ લીધી છે; અને જૂના ટીકાકારોના અર્થોમાં જ્યાં ભેદ ભાસ્યો છે, તે વિષે અંગત અભિપ્રાય પણ મૂક્યા છે.

## ગીતાનાં પાઠાંતરો વિષે મારો નમ્ર મત

ગીતાનાં પાઠાંતરોમાં ખાસ ગોંડલવાળા જીવરામશાસ્ત્રીની પ્રતિનો આમાં છૂટથી ઉપયોગ કર્યો છે, અને સ્થળો નોંધ્યાં છે. પરંતુ શ્લોક સંખ્યા સાતસો જ રહેવા દીધી છે. કેટલાક પાશ્ચિમાત્ય વિદ્વાનો અને અર્વાચીન વિદ્વાનોનો શ્લોક સંખ્યા વિષે ખૂબ જ મતભેદ છે. મારો અંગત મત એ વિષે એ છે કે સાતસો શ્લોક સંખ્યા ખૂબ સહેતુક છે. એથી વધુ મળતી સંખ્યામાં ખાસ નવીન તત્ત્વ મને મળેલી પ્રતોમાં ભાસ્યું નથી અને એ સાતસો શ્લોક સંખ્યામાંથી ઘટાડો કરવામાં અમુક બાબતો છોડી દેવી પડે છે.

પાઠાંતરો પણ જે સ્થળે ન છૂટકે લેવાં પડયાં છે, ત્યાં જ આ ગ્રંથમાં લીધાં છે. પાઠક એ નિર્ણય સ્પષ્ટ જોઈ શકાશે.

## કંડિકાઓ અને ગીતારચના

પ્રત્યેક અધ્યાયને અંતે આવતી કંડિકાઓ, કેટલાક ભાષાંતરકારોએ છેક જ મૂકી દીધી છે. કેટલાક ટીકાકારોએ એ કંડિકાઓને ખૂબ મહત્ત્વ આપ્યું છે.

આ ગ્રંથમાં પ્રથમ અધ્યાયમાં એ કંડિકા વિષે નોંધ વિવરણ છે. બીજા અને ત્રીજા અધ્યાયને વિષે કંડિકાઓનો સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે. અને પછી બાકીના પંદર અધ્યાયોમાં લખી નથી, તે એટલા સારુ જ કે એકવાર સમજાયા પછી પુનરુક્તિ કરવાની વારંવાર જરૂર નથી, છતાં એટલું અહીં એ વિષે ખાસ કહેવું જોઈએ કે એમાં 'ૐ, તત્, સત્' થી શરૂ થતો ઉચ્ચાર પણ ખાસ જે હેતુપૂર્વક છે, તે વિષે પાઠક સત્તરમો અધ્યાય વાંચશે એટલે ખાત્રી થશે. એ સિવાયનો કંડિકાનો ભાગ એ સૂચવે છે કે ઉપનિષદો , બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્ર સર્વનો ગીતામાં સમન્વય છે, એ સર્વનું માખણ છે.

ગીતાના અધ્યાયોનું નામકરણ કોઈ પ્રતોમાં જુદું મળે છે, છતાં ઘણી આવૃત્તિઓમાં જે નામો છે, તે આ ગ્રંથમાં મૂકયાં છે અને તે કઈ દષ્ટિએ સાર્થક છે, તે અનુવાદ અને નોંધમાં પ્રાયઃ જણાવ્યું છે.

ગીતાશ્લોક રચનામાં આવતા યોગ, બ્રહ્મ, આત્મા અને સત્ત્વ એ શબ્દો અર્થસૂચક હોવા છતાં, જ્યાં જે અર્થ વધુ બંધ બેસે તે જ અર્થ ઘટાવેલો ગ્રંથવાચક આ ગ્રંથમાં જુએ, તો આ નવીન રીતિ જોઈને નવાઈ ન પામે.ગીતામાં નિયત, સ્વભાવજ, સહજ એમ કર્મને લગાડાતાં વિશેષણો વિષે પણ આ ગ્રંથમાં તે જ રીતિ અખત્યાર કરી છે. યજ્ઞને પણ જુદે જુદે સ્થળે વ્યાપક અર્થમાં દાખવ્યો છે. સ્વધર્મ શબ્દનું પણ તેમજ સમજવું. વળી ચિત્ત, આત્મા, બુદ્ધિ, હૃદય, મન આ શબ્દો ગીતાના 'આત્મા' શબ્દમાંથી કેટલીક વાર નીકળે છે. તેવા સ્થળે જ્યાં જે જે ઘટિત હોય, તે તે લીધેલા છે. અહીં બતાવેલો આત્મા તે બહિરાત્મા, અંતરાત્મા જ નહિ. ઉપરાંત પરમાત્મા તત્ત્વ નિરાળું લઈ, આત્માની ત્રિવિધ દશા સમજાવવામાં આવી છે.આ પરથી પાઠક સ્પષ્ટ સમજી શકશે કે શ્રીકૃષ્ણગુરુજીએ પણ પોતાને(૧-૧૨) શ્લોકમાં બહિરાત્મા તરીકે બતાવેલ છે. પંદરમા અધ્યાયમાં પરમાત્મા તરીકે અને ઈતર સ્થળોએ પ્રાયઃ અંતરાત્માની દષ્ટિએ જ બતાવેલ છે અને તે પ્રમાણે બોલેલ છે.

અર્જુનને દિવ્યદષ્ટિ આપીને અગિયારમા અધ્યાયમાં વિશ્વદર્શન દેખાડયું, તેનો લાક્ષણિક અર્થ એ છે કે અર્જુનને પોતાની દિવ્યદષ્ટિથી પોતાના આત્માની જ સ્થૂળ વિભૂતિ જોઈ લીધી, અને છેવટે આત્માના સૂક્ષ્મ સ્વરૂપમાં જ લીન થવાનું એને સૂઝયું.

ગીતાની રચના વ્યાસ મુનિએ કરી કે કોઈ અન્યે ? એ સંબંધે ગ્રંથ જાતે જ ખુલાસો કરશે. સંજયને એના ગુરુ વ્યાસજીએ દિવ્યચક્ષુ આપ્યાં, તેથી એ યુદ્ધવૃત્તાંત જોઈને ધૃતરાષ્ટ્રને કહે છે, એ કવિની કાલ્પનિક છટા છે. કેટલાક માને છે તેમ જો મહાભારતનું યુદ્ધ ખરે જ બન્યું હોય, તો વ્યાસ મુનિ યુદ્ધકાળે યુદ્ધ-ક્ષેત્રમાં હાજર હોય, અગર ત્યાંની હકીકતો સ્થૂળ અગર સૂક્ષ્મગમે તે સાધનોથી યુદ્ધક્ષેત્ર નજીક હોઈને મેળવતા હોય એ બનવા જોગ છે, આજે સ્થૂળવાયરલેસ છે. તો ત્યારે સૂક્ષ્મ મનો-વિજ્ઞાનના વાયરલેસ હતા જ. આ રીતે સંજય પણ યુદ્ધ વિગત જાણે એમાં નવાઈ નથી. શ્રીકૃષ્ણગુરુએ સંભાષણ કર્યું હોય,તે ભાવને ગીતાના સંકલનાકાર વ્યાસમુનિ શ્રીકૃષ્ણગુરુના ભાષણના મૂળ આત્માને

જાળવીને શ્લોકમાં રચે એથી કંઈ હાનિ નથી. એટલે હવે ૭૦૦ શ્લોક જ કેમ ? વધુ કેમ નહિ ? આવી શંકાની જરૂર નથી. અને જેઓ મહાભારતમાં કહેલું તે માનવસંહારક યુદ્ધ નહિ, પણ આંતરપ્રકૃતિઓનું યુદ્ધ માને છે, તેમણે તો વ્યાસમુનિનું આ આધ્યાત્મિક કાવ્ય માનવું એ પણ કંઈ ખોટું નથી. ગીતા તો બન્ને માન્યતામાં સંમત છે. કારણ કે એનું વલણ આધ્યાત્મિક જ છે. અને એ એમ પણ કહે જ છે કે"વૃષ્ણીઓમાં હું વાસુદેવ છું. પાંડવોમાં ધનંજય છું અને મુનિઓમાં વ્યાસ છું." (૧૦-૩૭).

## આ ગીતા ગ્રંથનું નામકરણ

આ ગ્રંથનું નામ "ગીતાદર્શન" છે. ગીતાનો અંતરનાદ શો છે, તે આ ગ્રંથને વાંચનાર જોઈ શકશે. ગીતાદર્શનમાં ડોકિયું કરનાર વાચક પોતે પણ કઈ ભૂમિકાએ ઊભો છે, તે ભૂમિકાનું દર્શન કરી શકશે. આ ગીતા દર્શનને જૈનદષ્ટિએ ગીતા પણ કહી શકાય કારણ કે એમાં, હું ગીતામાં જે આરપાર જૈનદષ્ટિએ જોઉ છું તેનું જૈનસૂત્રો દ્વારા નિરૂપણ કરાયું છે.

## આ ગ્રંથના વાચકને

આ ગ્રંથવાચકને આ સિવાયનું બીજું તો ગીતાના અનુવાદ, નોંધ, ટિપ્પણ, ઉપોદ્‌ઘાત, ઉપસંહાર, પરિશિષ્ટો અને તે ઉપરાંત પણ 'ગીતાસાર' જે જુદી જ નાની પુસ્તિકામાં અપાય એ રીતે જુદો તારવ્યો છે, તે કહી આપશે. આ ગ્રંથ છૂટક છૂટક એમ લગભગ આજે ચાર વર્ષે પૂરો થાય છે. એમાંના વિચારો પુનરુકિતથી રજૂ ન થાય એવી કાળજી રાખવા છતાં પુનરુકિત મને બે ચાર સ્થળે ખાસ લાગી છે, પણ તે બાદ કરવા જતાં સંકલના ભંગ થતો હોઈને તે સ્થળો એમ જ રહેવા દીધાં છે. ત્યાં એ દર્શાવેલ છે.

ગુજરાતી સમશ્લોકીમાં મૂળના વૃત્તની ઢબે જ વૃત્ત રાખી ભાવને લાવવા માટે પ્રયત્ન કર્યો છે.

મૂળનાં વૃત્તો ભાષાંતરમાં પ્રાયઃ રાખ્યાં છે; છતાં જ્યાં જ્યાં આર્ષપ્રયોગી વૃત્તો છે, ત્યાં ચાલુ વૃત્તો રાખ્યાં છે.

ગીતામાં મોટે ભાગે અનુષ્ટુપ છંદો છે. સમશ્લોકી અનુષ્ટુપ છંદોમાં, માત્ર છઠ્ઠો, પાંચમો અને સાતમો અક્ષર જ નવા નિયમ પ્રમાણે જાળવવાનો ખ્યાલ રાખ્યો છે.અને એમાં પણ હ્સ્વદીર્ઘની છૂટ કયાંક લીધી છે, સરળતા તથા મૂળ

પદ્યની વફાદારી કેટલી હદે જળવાઈ છે, તે તો પાઠક પોતે જ કહી શકે.

અગાઉ ઉપર કહેલ જિજ્ઞાસુ યુવકભાઈએ બે પ્રશ્નોનું સમાધાન મેળવાની ઈચ્છા બતાવી અને સહેજે અસરકારક એમનું સમાધાન થયું, એ રીતે બીજા પાઠકો લાભ ઉઠાવે, તો એનો યશ એ યુવકને ફાળે જ જવો ઘટે છે. છેવટે ગીતાનું એક અમલ વચન ટાંકી આપણે વિરમીશું.

"यो यच्छ्रद्धः स एव सः" : "જેની જેવી શ્રદ્ધા તેવો જ તે."

એનો અર્થ ગીતામાતા પ્રત્યે આમ પણ ઘટી શકે : જેમ બાળક શ્રદ્ધા ભર્યા દિલે માતાને સર્વસ્વ માને છે, તેમ ગીતામાતાને સર્વસ્વ માનનારને તો ખરે જ તે "સર્વસ્વવત" નીવડશે.

સંત આશ્રમ કુટીર, બાવળા, **'સંતબાલ'**
શનિ, તા. ૨૫-૧૦-૪૧

## બીજી આવૃત્તિ વેળાએ – બે બોલ

જૂની પ્રસ્તાવનમાં બહુ જ નજીવો સુધારો કર્યો છે. હવે હું નવી પ્રસ્તાવનામાં ખાસ ઉમેરો કરવાનું જોતો નથી. આ પુસ્તકનું મૂળ નામ 'ગીતાદર્પણ' ('જૈનદષ્ટિએ ગીતા') પસંદ કર્યું હતું, પરંતુ ગીતાદર્પણ નામનું એક પુસ્તક બહાર પડી ચૂક્યું હોઈને આ નામ બદલી 'જૈન દષ્ટિએ ગીતાદર્શન' રખાયું છે, જે સંપૂર્ણ ભાવ સૂચવી દેશે એમ હું માનું છું.

ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવને સારુ મહાત્મા, ગુરુ અને કૃષ્ણચંદ્ર વિશેષણો આ ગીતાના વાચકને બહુ સ્વાભાવિક લાગ્યા વિના નહિ જ રહે. એ વિષે જૂની પ્રસ્તાવનામાં પણ ખુલાસો છે જ. આ ગ્રંથ પૂરેપૂરો લખાયા બાદ પણ છ સાત વર્ષના લાંબા ગાળા પછી હાલ જે આકારમાં પ્રગટ થાય છે, તેથી વાચકે સંતોષ જ માનવો રહ્યો છે.

વ્યવસાયી જીવનમાંય ગીતાજી તરફના અનુરાગને લીધે કર્મનિષ્ઠ વિનોબાજીએ આ પુસ્તકનો આમુખ આલેખીને આચાર અને વિચારના સમન્વયની જે વાત સમજાવી છે, તે આઝાદ હિંદના પ્રજાઘડતરમાં ઉપયોગી નીવડે એ જ અભિલાષા.

છપાઈમાં ભાઈ હરિપ્રસાદ શાસ્ત્રીએ જે ઉત્સાહ અને રસ બતાવ્યાં, તેને લીધે નવલભાઈને તથા મને શુદ્ધિની ચિંતામાંથી મુક્ત થવાનું સહેજે બન્યું છે.

જૂના કોબા
૩-૧૨-૪૭

'સંતબાલ'

## ત્રીજી આવૃત્તિ વેળાએ

ત્રીજી આવૃત્તિમાં કોઈ ખાસ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઘણા વખતથી એની માંગ હતી તેથી મૂળ સ્વરૂપમાં પુનર્મુદ્રણ કરવામાં આવી છે. અગાઉ ક્રાઉન સાઈઝમાં હતી તે મહારાજશ્રીનાં બધાં પુસ્તકો ડેમી સાઈઝમાં પ્રગટ કરવાનું વિચારાતાં આ પણ એ સાઈઝમાં કરી છે. મુદ્રણમાં ટાઈપ બધે સરખાં રાખ્યા છે.

૧૫ ઑગસ્ટ, ૧૯૯૪

મનુ પંડિત
મંત્રી, મહાવીર સા. પ્ર. મંદિર

# ગીતાદર્શન

# અધ્યાય પહેલો

## પ્રથમ અધ્યાયનો ઉપોદ્‌ઘાત

પાંડવો વનવાસ અને ગુપ્તવાસ સેવી આવ્યા બાદ હવે રાજ્યના હકદાર હતા. એ હકની બજવણી માટે એમણે માગણી કરી છતાં દુર્યોધન તો પાંચ ગામ આપવા સુધ્ધાં તૈયાર ન થયો. અનેક વડીલોની સલાહ અને શ્રીકૃષ્ણ જેવા તટસ્થ પુરુષની વિષ્ટિને પણ એને નકારી દીધી, એટલે ન્યાયખાતર પાંડવપક્ષને યુદ્ધ સિવાય બીજો માર્ગ ન રહ્યો, પાંડવપક્ષ નૈતિકદષ્ટિએ સાચો હતો એટલે એ પક્ષની પડખે રહી, તે પક્ષને જિતાડવો એ પોતાની ભૂમિકાની દષ્ટિએ શ્રીકૃષ્ણગુરુજીની ફરજ થઈ પડી. છતાં નૈતિક યુદ્ધ પણ હિંસક સાધનોથી થાય તેને તેઓ અનુચિત માનતા હતા. પણ સાથે સાથે એમ પણ હતું કે અહિંસક સામના માટે પાંડવો તથા કૌરવો બંનેની ભૂમિકા તૈયાર નહોતી. અહિંસક પ્રતિકારની ભૂમિકા સર્વશ્રેષ્ઠ ભૂમિકા છે. એ ભૂમિકા કરતાં નીચેની ભૂમિકા એ છે કે, સિદ્ધાંતને સાચવી સમભાવે શસ્ત્રસહિત લડી લેવું. સિદ્ધાંતદષ્ટિ છોડીને શરણાધીન થવું- શરણાગતિ સ્વીકારવી એ તો છેલ્લી ભૂમિકા જ છે. એટલે છેવટે ન છૂટકે વચલી ભૂમિકાએ જ પાંડવપક્ષને પ્રેરણા આપવાનો માર્ગ શ્રીકૃષ્ણયોગી પાસે રહ્યો હતો. પાંડવપક્ષમાં અર્જુન મુખ્ય યોદ્ધો હોઈને, એના રથનું સારથિપણું વિના શસ્ત્રે શ્રીકૃષ્ણજીએ સ્વીકાર્યું. તે એટલા માટે કે શકય તેટલા માનુષી યત્નથી વધુ અનર્થ થતો અટકાવવો અને ન્યાયી પક્ષને વિજય અપાવવો. પોતાના શસ્ત્રરહિતપણાથી અશસ્ત્રયુદ્ધનો આદર્શ પણ જળવાઈ રહે અને પાંડવપક્ષની જીત થવાથી દુર્યોધનના હિંસક સિદ્ધાંતની પણ હાર થાય અને નીતિ જીતે. આવો બોધ ફલિત થાય એ હેતુએ, શ્રીકૃષ્ણજીએ આ યુદ્ધમાં સારથિ તરીકે ભાગ લીધો અને યુદ્ધ માંડયું. પાંડવપક્ષે એ યુદ્ધ અનિવાર્ય હોઈને ક્ષમ્ય હતું. જ્યારે ઉપલી દષ્ટિએ જોતાં દુર્યોધન પક્ષે એ જ યુદ્ધ અક્ષમ્ય હતું.

આ યુદ્ધમંડાણ વખતે મુનિ વ્યાસજીએ ધૃતરાષ્ટ્ર રાજા અંધ હોવા છતાં હસ્તિનાપુરમાં બેઠાબેઠા કુરુક્ષેત્રનું યુદ્ધ જોઈ શકે એવી દિવ્યદષ્ટિ આપીને ધૃતરાષ્ટ્રને યુદ્ધ નિહાળવા કહેલું પરંતુ ત્યારે રાજાએ ના પાડી. આથી વ્યાસ

મુનિએ સંજય (કે જે ધૃતરાષ્ટ્ર રાજાનો સારથિ હતો, તે) ને એ દષ્ટિ આપી. સંજયે જ્યારે ભીષ્મ પડયા, ત્યારે ધૃતરાષ્ટ્ર રાજાને ખબર આપી એટલે રાજાએ પહેલેથી માંડીને યુદ્ધવૃત્તાંત સાંભળવાની સંજય પાસે ઈચ્છા કરી. આ પરથી સંજયે એ સૈન્યવૃત્તાંત અને યુદ્ધ શરૂ થતાં પહેલાં અર્જુનને થયેલો વિષાદ અને એ વિષાદ મોહજન્ય હોઈને તેને કાઢવા માટે શ્રીકૃષ્ણ ગુરુએ આપેલા બોધની વાત કરી. એ "શ્રીકૃષ્ણાર્જુન સંવાદ" નું સંજયકથન એ જ ગીતાનું સ્વરૂપ છે. આથી ભૌતિક યુદ્ધની પીંછી લઈ વ્યાસમુનિ દ્વારા કળાપૂર્વક આ આધ્યાત્મિક યુદ્ધનું વર્ણન ગીતામાં કહેવાયું છે એમ ઘણા શાંતિપ્રિય નમ્ર મહાપુરુષો પણ માને છે.

આધ્યાત્મિક કસોટીએ જે પાર પડે તે વ્યવહારિક કસોટીએ પણ આબાદ રીતે ઘટી રહે છે. એમ બંને પ્રકારે ઘટાવવા અને એ બંને ઘટકમાં મૂળ અહિંસાનો આત્મા ન કચરાય એવી જાતની દષ્ટિથી આપણે આ પ્રથમ અધ્યાયમાં પ્રવેશ કરીએ છીએ.

*धृतराष्ट्र उवाच :*

**धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।**
मामकाः **पांडवाश्चैव किमकुर्वते संजय ॥१॥**

ધૃતરાષ્ટ્ર બોલ્યા :

**ધર્મક્ષેત્રે* કુરુક્ષેત્રે, યુદ્ધાર્થે એકઠા થઈ;**
**મારા ને પાંડુપુત્રોએ, શું કર્યું બોલ સંજય ! ૧**

હે સંજય ! ધર્મક્ષેત્ર તરીકે ગણાતા કુરુક્ષેત્રમાં લડવાની ઈચ્છાએ એકઠા થયેલા મારા અને પાંડુના પુત્રોએ પછી શું કર્યું ?

**નોંધ :** મહાભારતના ધૃતરાષ્ટ્ર ચક્ષુહીન છે એટલે આપણે એને સમદષ્ટિ-હીન આત્માના રૂપકમાં ઘટાવીશું. વ્યાસજીરૂપી જ્ઞાનીને ગુરુ કલ્પીશું.

* ટીકાકારો ધર્મક્ષેત્રને કુરુક્ષેત્રના વિશેષણ તરીકે લે છે. કારણ કે કૌરવ પાંડવોના પૂર્વજ કુરુરાજા આ ખેતર ખેડતા હતા.ત્યાં ઈન્દ્રે એમને વરદાન આપ્યું કે અહીં જે તપ કરશે કે યુદ્ધમાં મરશે તે સ્વર્ગ પામશે. એવો મહાભારતમાં ઉલ્લેખ છે. (મહાભારતશલ્ય-૫૩) ટિળક ગીતા. પૃ.૬૧૧, ૬૧૨.
યમુના અને સરસ્વતી નદીઓ વચ્ચેનું હસ્તિનાપુરની આસપાસનું મેદાન. (શંકરાચાર્ય) જાબાલશ્રુતિ અને શતપથશ્રુતિમાં આને દેવયજન રૂપ ગણ્યું છે. વળી તે પ્રાણીમાત્રને માટે મોક્ષસ્થાન છે.(મધુસૂદન)

અહીં પરશુરામે પૃથ્વીને એકવીસ વાર નિઃક્ષત્રિય કરીને પિતૃતર્પણ કર્યું હતું એમ કહેવાય છે. પણ આપણે એ ધર્મક્ષેત્રનો અર્થ શરીર લઈએ તો વધુ બંધબેસતું છે. ગીતાજીના તેરમા અધ્યાયનો પ્રથમ શ્લોક એ બીનાને ટેકો આપે છે. ધર્મનું ક્ષેત્ર શરીર પણ છે. એ વાત દરેક ધર્મ સ્વીકારે છે.ગાંધીજી પોતાના 'અનાસક્તિયોગ'માં એ જ અર્થ માન્ય કરે છે.

ધૃતરાષ્ટ્રરૂપી અસમદષ્ટિ આત્માને દિવ્યચક્ષુ દ્વારા હસ્તિનાપુરમાં બેઠાં બેઠાં યુદ્ધનો ચિતાર જોઈ શકે એવો તે ગુરુજી અનુગ્રહ કરે છે. પણ સમદષ્ટિહીન આત્માને ગમે શાનું? આમ હોવાથી તે ગુરુજી સંજયરૂપી વિચારને એ દિવ્યદષ્ટિ આપે છે. જેમ વિચાર એ શરીરરથનો સારથિ છે. તેમ અહીં સંજય પણ ધૃતરાષ્ટ્રનો સારથિ જ છે.

અજ્ઞાની જીવને તો ખોટી વૃત્તિઓ જ પોતીકી લાગે છે. અહીં ધૃતરાષ્ટ્રને પણ કૌરવો પોતીકા છે. એટલે એ એમનો જ જય ઈચ્છે છે. સંજયરૂપી વિચાર તો મધ્યસ્થ વ્યકિત તરીકે આજે વાત કરી રહ્યો છે. વ્યાસરૂપી જ્ઞાનના પ્રકાશથી સંજયરૂપી વિચારમાં સારાસારની પારખવૃત્તિ પણ આવી ગઈ છે.

હવે આ સારથિ પાસેથી ધૃતરાષ્ટ્ર વૃત્તાંત સાંભળવા તૈયાર થાય છે.

ધૃતરાષ્ટ્ર કહે છે : "બોલ, મારા પુત્રો શું કરે છે?" અહીં ધૂર્તરાષ્ટ્રો એટલે દુષ્ટવૃત્તિઓ ગણવી અને પાંડુને તે ઉત્તમ પાત્ર હોઈ સમદષ્ટિઆત્મા ગણવો. તેનાં સંતાનો તે પાંડવો. અને અહીં પાંડવો એટલે સુવૃત્તિઓ ગણવી. આ બંને કયાં લડી શકે? શરીરમાં જ ને? માટે શરીરને આપણે 'ધર્મક્ષેત્ર'નો એક અર્થ ઘટાવ્યો છે.

*संजय उवाच।*

**दृष्ट्वा तु पांडवानीकं व्यूढं दुर्योधनस्तदा ।**
**आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥२॥**

સંજય બોલ્યા :

**દેખ્યું દુર્યોધને સૈન્ય, પાંડવોનું વ્યવસ્થિત;**
**ત્યારે આચાર્ય પાસે જઈ, આમ એ રાજવી વધો. ૨**

(સાંભળો રાજન્! હવે હું ક્રમવાર સઘળું વૃત્તાંત આપને કહું છું.) જ્યારે વ્યૂહમાં ગોઠવાઈ ગયેલું પાંડવોનું સૈન્ય જોયું કે લાગલો જ (આપનો પુત્ર) દુર્યોધનરાજા દ્રોણાચાર્ય કને જઈને આ પ્રમાણે કહેવા લાગ્યો.

**નોંધ :** મહાભારતનું દુર્યોધન પાત્ર ભારે ખેપાની છે. શ્રી કૃષ્ણ જેવાની વિષ્ટિને પણ એ તુચ્છકારે છે. જરાય મચક આપવા તૈયાર નથી. ધૂર્તરાષ્ટ્રોના-એટલે કુટિલ વૃત્તિઓના-આગેવાન અને અભિમાનમૂર્તિ દુર્યોધન-

પાત્રને આપણે આધ્યાત્મિક યુદ્ધમાં અવિવેક તરીકે ઓળખીશું. જ્યાં લગી પાંડવોની સેના નહોતી જોઈ ત્યાં લગી તો મજબૂત હતો. પણ જ્યારે પાંડવોરૂપી શુભવૃત્તિઓનો ખરેખર વ્યૂહ જોયો એટલે તે ઢીલો પડયો. અને દ્રોણાચાર્ય પાસે ચાલી ચલાવીને પોતે ગયો. દ્રોણાચાર્ય જેવા જ્ઞાની તેમ જ કૃપાચાર્ય, ભીષ્મ અને કર્ણ જેવા સમર્થ સજ્જનો પણ દુર્યોધનને સાથ આપવા કેમ આવ્યા હશે, તેવી કદાચ શંકા થાય તો તેનું સમાધાન સ્પષ્ટ જ છે. મહાભારતકાર જ્યારે પાંડવરૂપી શુભવૃત્તિઓને અને દ્રૌપદીરૂપી સદ્‌બુદ્ધિને બાર વર્ષ માટે વનવાસ મોકલે છે ત્યારે અવિવેકનું સામ્રાજ્ય એ સહુ ઉપર વ્યાપી રહે છે. એટલે જ સત્યાસત્યનો નિર્ણય ન કરી શકવાથી એવા પુરુષો પાંડવોના સાથી ન બનતાં કૌરવોના સાથી બન્યા છે. એમ છતાં જ્યાં શ્રીકૃષ્ણરૂપી અંતરાત્મા શુભવૃત્તિઓની પડખે છે, ત્યાં બિચારા અવિવેકનું અને એના સમર્થ સાથીઓનું પણ શું ચાલવાનું હતું ? તો પણ દુર્યોધન પોતાના સાથીઓને પાનો ચઢાવવા માટે કહે છે :

*दुर्योधन उवाच ।*

**पश्यैतां पांडुपुत्राणामाचार्य महतो चमूम् ।**
**व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ।।३।।**

દુર્યોધન બોલ્યા :

**જુઓ આ પાંડુપુત્રોની, મહા સેના અહો ગુરુ !;**
**ગોઠવી છે તમારા એ, ધીમંત શિષ્ય દ્રૌપદે ! ૩**

(જરા વાંકું મોં કરીને આંગળી ચીંધીને દુર્યોધન કહે છે :- )

આચાર્ય, આ તો જુઓ. પાંડવોની વિશાળ સેના ! કેવી એ છટાદાર ગોઠવાયેલી છે. (આપ જાણતા જ હશો કે એ આપના બુદ્ધિમાન શિષ્ય ધૃષ્ટદ્યુમ્નની જ કરામત છે. પછી શી પામી હોય ?

**નોંધ :** જોકે દુર્યોધનનું સૈન્ય પાંડવોના સૈન્ય કરતાં સંખ્યામાં વધુ હતું, છતાં પાંડવસેનાની વ્યૂહરચના એવા પ્રકારની હતી કે દુર્યોધનને આ પોતાના સૈન્ય કરતાં એ સૈન્ય મહાન જ દેખાયું. અથવા દ્રોણાચાર્ય વગેરેને મજબૂત બનાવવા ખાતર આવી વ્યાજોક્તિ પણ દુર્યોધન કરે તેમ હતું. પણ ખરી વાત તો એ હતી કે, દુર્યોધનનો આત્મા પૂર્વે થયેલાં પાપોથી ઊંડો ડંખ મારી એને અવિશ્વાસુ બનાવી

આમ કરાવતો હતો. એટલા જ સારુ પોતાના સરદાર પાસે પોતે દિલાસો શોધવા અને એમને ચકાસવા અહીં આવ્યો હતો.

મહાભારતમાં આવો ઉલ્લેખ છે કે 'દ્રોણાચાર્યે દ્રુપદ રાજાને હરાવ્યો ત્યારે એણે યજ્ઞ કરીને એ દ્વારા ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી એ બે સંતાન મેળવ્યાં હતાં." અહીં દુર્યોધન એમ કહેવાની ચેષ્ટા કરે છે કે આ ધૃષ્ટદ્યુમ્ન પોતાના પિતાનું વૈર વાળવા માટે (તમે એના ગુરુદેવ છો છતાં) તમારી સાથે બાથ ભીડવા કેવી ભગીરથ તૈયારી હોંશભેર કરી રહ્યો છે? છે એને કાંઈ લાજ કે શરમ! આ સાંભળીને પાછલા વેરની યાદીથી દ્રોણાચાર્ય ઉશ્કેરાશે એવી દુર્યોધનની ધારણા હતી. અને જો દ્રોણાચાર્ય ઉશ્કેરાઈને સબળ સામનો કરે તો પાંડવ સેનાના મુખ્ય નાયકને ઉડાડી શકે. અને જો એમ થાય તો પછી ભીષ્મ જેવો મહારથી ભીમ અને અર્જુન જેવા સામે સુખેથી ટક્કર ઝીલી શકે.

આધ્યાત્મિક દષ્ટિએ જોઈએ તો અવિવેક પોતાનું સીધું જોર ન ચાલે કે તરત પોતાના પડખિયા ક્રોધ, મત્સરાદિને આ રીતે જ ઉશ્કેરી મૂકવાનો પ્રયત્ન કરે છે.

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥४॥
धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥५॥
युधामन्युश्च विक्रांत उत्तमौजाश्च वीर्यचान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥६॥

**ભીમ અર્જુન શા યુદ્ધે, મહાબાણી વીરો તહીં;**
**સાત્યકિ છે વિરાટે છે, ને દ્રુપદ મહારથી. ૪**
**ધૃષ્ટકેતુ, નરશ્રેષ્ઠ શૈબ્ય છે, ચેકિતાન છે;**
**વીર્યવાન્ કાશીરાજાને, પુરુજિત કુન્તિભોજ છે. ૫**
**પરાક્રમી યુધામન્યુ, ઉત્તમૌજા બલિષ્ઠ છે;**
**ને અભિમન્યુ, સૌ પુત્રો દ્રૌપદીના મહારથી. ૬**

(પૂજ્યવર ! કદાચ આપ એમ માનતા હો કે બિચારા ધૃષ્ટદ્યુમ્નનું શું ગજું છે ! તો મારે આપને ચેતવવા જોઈએ કે) પાંડવોની સેનામાં (ભીમનું બળ અને અર્જુનની બહાદુરીથી તો આપ જાણકાર છો જ. પણ બીજાય) ભીમ અને અર્જુન

જેવા જ યુદ્ધમાં શૂરવીરો અને મોટા મોટા ધનુષ્યધારી છે. (એમાંનાં થોડાંક નામની ઓળખાણ આપું એટલે આપને ખરો ખ્યાલ આવશે. જુઓ) એક તો અર્જુનના શિષ્ય અને ખુદ શ્રીકૃષ્ણના અનુયાયી સાત્યકિ, (એનું બીજું નામ યુયુધાન છે. કારણ કે એ અતિવીર યોદ્ધા અને અજેયવીર છે.) અને બીજા વિરાટ, (કે જે મત્સ્ય દેશના ધાર્મિક રાજા છે, પાંડવો એમને ત્યાં જ છુપાઈ રહ્યા હતા.) ત્રીજા મહારથી દ્રુપદ. (કે જે પાંચાલ દેશના રાજવી છે. અને આપનું વૈર લેવાના ભારે કોડ સેવે છે.)ચોથા ધૃષ્ટકેતુ. (ચેદિ દેશના નરપત્તિ,શિશુપાલના પુત્ર.) પાંચમા તો મનુષ્યોમાં ઉત્તમ એવા શૈબ્ય કહેવાય છે. (વળી ચેકિતાનને આપ જાણતા જ હશો. (પાંડવ સૈન્યમાં એક અક્ષૌહિણી સેના સરદાર પણ છે. (જો કે કાશી રાજાને આપ નહીં ઓળખતા હો, પણ એ સુદ્ધાં વીર્યવાન છે, અને તે સિવાયના બીજા પુરુજિત તથા કુન્તિભોજ (આ બંને તો પાંડવોની માતા કુન્તિના સગા ભાઈ થાય છે) તેમજ પરાક્રમી યુધામન્યુ અને બળવાન ઉત્તમૌજા (આ બંને ભાઈઓ પંચાલ દેશના રાજકુમાર)પણ છે. એ ઉપરાંત અભિમન્યુથી આપ કયાં અજાણ છો? (એ શ્રીકૃષ્ણના સગા ભાણેજ છે.) એ અને દ્રૌપદીના (પ્રતિવિન્ધ્ય, સુતસોમ, શ્રુતકર્મા, શતાનીક અને શ્રુતસેન આ પાંચે યુધિષ્ઠિરાદિ પાંચ પાંડવોથી થયેલા ક્રમવાર) પુત્રો ખરેખર મહારથી જ છે.

**નોંધ :** પાંડવપક્ષનાં આટલાં બધાં ચુનંદા વીરરત્નોનાં નામ આ રીતે દુર્યોધન કનેથી સાંભળી દ્રોણાચાર્યના ચહેરા પર વિચિત્ર ભાવો ઊઠવા લાગ્યા. એટલે પ્રસંગ સાધી દુર્યોધને જરા મજબૂત દેખાવ ધારણ કર્યો. અને આગળ ચલાવ્યું. અવિવેકની ખૂબી અજબ જ છે ! (પણ ગુરુજી, આપણે એથી ગભરાઈ જવા જેવું નથી.)

**अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ।**
**नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥७॥**

**આપણામાંય જે મુખ્ય, તેય જાણો દ્વિજોત્તમ;**
**નાયકો મારી સેનાના, કહું તે આપ ધારી લો. ૭**

હે બ્રાહ્મણોમાં ઉત્તમ ગણાતા એવા ગુરુદેવ ! આપણામાં પણ મહાખ્યાતિ ધરાવતા વીરો મારી સેનાના નાયકો તરીકે જ છે. તેય આપ જાણી લો.આપના ખ્યાલમાં બરાબર આવે એટલા સારુ તમને ગણાવું છું.

**નોંધ :** અહીં'દ્વિજોત્તમ' વિશેષણ પણ દુર્યોધને ઈરાદાપૂર્વક વાપર્યું છે. તે એમ કહેવા માગે છે કે, સામા પક્ષમાં ક્ષત્રિયવીરો ભેળા થયા છે, તેમ મારા પક્ષે જેના પર મારો ભરોસો છે તે તમે તો બ્રાહ્મણ છો. ગમે તેવા ઉત્તમ તોય બ્રાહ્મણ તો ખરા જ ને ! ગમે તેવા વીર હોય તોય બ્રાહ્મણસ્વભાવમાં ક્ષત્રિયો જેવી 'રીડ પડે રજપૂત છૂપે નહીં' એ તેજોવૃત્તિ કયાંથી આવે ? આમ કહીને વધુ શૂર ચડાવે છે. કેવી અવિવેકની ગોળે વિંટેલી કડવી ગોળી !

**भवानभीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।**
**अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥८॥**
**अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ।**
**नाना शस्त्रप्रहरणा सर्वे युद्धविशारदाः ॥९॥**

**આપ, ભીષ્મ તથા કર્ણ, અશ્વત્થામા વિકર્ણ છે;**
**કૃપાચાર્ય રણે જેતા, ભૂરિશ્રવા જયદ્રથ. ૮**
**બીજાયે છે ઘણા શૂરા, મારા કાજે ફના થવા;**
**સજ્જ વિવિધ શસ્ત્રોથી, બધા છે યુદ્ધનિપુણ. ૯**

આચાર્યજી ! પ્રથમ તો બ્રહ્માસ્ત્ર આગ્નેયાસ્ત્રાદિ પરમ પ્રયોગમાં પ્રવીણ આપ,(૨) પિતામહ ભીષ્મ કે જેમણે પિતાજીની ખાતર પરણવાની અને રાજ્યની ઈચ્છાનો આપમેળે મહાન ભોગ આપ્યો છે એવા, (૩) સૂર્યપુત્ર મહાવીર કર્ણ. (૪) જ્ઞાનવીર અને સંગ્રામ વિજેતા કૃપાચાર્ય, (૫) આપના જ વીરપુત્ર અશ્વત્થામા, (૬) મારો નાનો ભાઈ વિકર્ણ (અને આપ જાણો જ છો કે, તે કેવો નૈતિક હિંમતવાળો છે),(૭) ભૂરિશ્રવા (એ શાન્તનુના મોટાભાઈ વાહિનકના પુત્ર સોમદત્તનો પુત્ર થાય) (૮) જયદ્રથ* (સિંધુ દેશના રાજા) અને એ સિવાય પણ મારે ખાતર પ્રાણ દેનાર ભાતભાતના અસ્ત્રશસ્ત્રથી સજ્જ થઈને જે અહીં આવ્યા છે તે પણ બધા યુદ્ધમાં કુશળ જ છે :

---

* જયદ્રથઃ ને બદલે ઘણી પ્રતોમાં તથૈવચ એવો પાઠ પણ છે. જો (જયદ્રથ) પાઠ રાખીએ તો તે એક સિંધુ દેશના રાજા દુર્યોધનના પક્ષમાં હતા તેવો અર્થ થાય, અને તથૈવ ચ પાઠ લઈએ તો જેમ કૃપાચાર્ય મહાવિજયી છે તેમ અશ્વત્થામા, વિકર્ણ અને સૌમદત્તિ(ભૂરિશ્રવા) પણ મહાવિજેતા છે એવો અર્થ થાય.

અહીં લો.ટિળક કહે છે કે, જ્યારે પાંડવોએ વ્રજવ્યૂહ કર્યો ત્યારે રક્ષણને માટે તે વ્યૂહના અગ્ર ભાગે ભીમની જ યોજના કરવામાં આવી હતી. તેથી દુર્યોધનને એમ લાગ્યું હશે કે, સૈન્ય ભીમની રક્ષા તળે છે. પરંતુ વસ્તુતઃ પાંડવોના સૈન્યસેનાપતિ તો ધૃષ્ટદ્યુમ્ન (દ્રુપદપુત્ર) જ હતા.

**નોંધ :** દ્રોણાચાર્યનું નામ પ્રથમ જ મૂકી જાણે ખૂબખૂબ માન કાં ન આપતો હોય ! પછી ભીષ્મ, કર્ણ વગેરેને ગણાવી બીજા પણ મારા માટે પ્રાણ દેનાર અને યુદ્ધવિશારદ ઘણા છે, એમ બાધે ભારે અંતરમાં આટલી બધી બીક હોવા છતાં તે દ્રોણાચાર્ય પાસે જઈને ડોળ તો હજુ એવો જ કરે છે કે, જાણે પોતે બીતો જ ન હોય. પણ ખરે વખતે તો 'જેવું હૈયે તેવું હોઠે' આવ્યા વગર કેમ રહે ?

**अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।**
**पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥**

**આપણું તે અપર્યાપ્ત, સૈન્ય છે ભીષ્મરક્ષિત;**
**પર્યાપ્ત એમનું તોયે, સૈન્ય આ ભીમરક્ષિત. ૧૦**

પણ આચાર્ય દેવ ! આપણું આ સૈન્ય(સંખ્યામાં વધુ હોવા છતાં મારે કહેવું જોઈએ કે) અપર્યાપ્ત છે. અને એમનું આ સૈન્ય તો પર્યાપ્ત છે. (કારણ કે ,એમના પક્ષમાં મહારથી અનેક છે.આપણા પક્ષમાં જો કે મારી ખાતર મરનારા ઘણા છે; પણ મહારથીઓ ઓછા છે.) એમ છતાં આપ એ પણ ન ભૂલશો કે આપણું સૈન્ય ભીષ્મપિતામહની રક્ષા તળે છે. (જ્યારે) એમનું સૈન્ય તો ભીમની રક્ષા તળે છે.

**નોંધ :** પોતાના પક્ષના સૈન્યનું સંખ્યાબળ વિશેષ હતું; પણ પાંડવોના સૈન્યની વ્યૂહરચના, એની તૈયારી અને એના પક્ષના મહારથી યોદ્ધાઓ જોઈને દુર્યોધનનો ઊંડા આત્માનો ડંખ બહાર તરી આવ્યો. તેમ છતાં, "હાર્યો જુગારી બમણું રમે" એ કહેવત પ્રમાણે એણે આગળ ચલાવ્યું. અવિવેક પણ પોતાનું ગાડું

---

કૌરવોનું સૈન્ય અગિયાર અક્ષૌહિણી હતું. અને પાંડવોનું સૈન્ય સાત અક્ષૌહિણી હતું. એક અક્ષૌહિણી એટલે ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથો, ૬૫૬૧૦ ઘોડા અને ૧૦૯૩૫૦ પાળાઓ એટલે કે કુલ ૨૧૮૭૦૦નું સૈન્ય.

અપર્યાપ્ત અને પર્યાપ્ત એ બંને શબ્દોએ અહીં ભારે વિટંબના ઊભી કરી છે. જુદા જુદા ટીકાકારો એ શબ્દોના અર્થો જુદાજુદા કરે છે, લો. ટિળક મહાભારતના ઉલ્લેખો ટાંકી તથા અનેક પ્રકારના ધાત્વર્થો બતાવીને છેવટે 'અપરિમિત' અને 'પરિમિત' અર્થ નક્કી કરે છે. ભાષ્યકર્તા શ્રીમાન્ શંકરાચાર્ય અને મધુસૂદન વગેરેને પણ એ અર્થ જ સંમત છે. પણ મને તો 'અપૂર્ણ' અને 'પૂર્ણ' એ અર્થો જ વાજબી લાગે છે. જૈન પરિભાષામાં 'અપર્યાપ્ત','પર્યાપ્ત' શબ્દ આવા અર્થમાં સુપ્રસિદ્ધ છે. પરિ ઉપસર્ગ સાથે આપ ધાતુનો આ અર્થ ઉઘાડો જ છે એમ મને લાગે છે. હું સમજું છું કે, દુર્યોધન અભિમાન પાત્ર છે. મહાભારતમાં એની લડાઈનો એના મુખેથી ઉલ્લેખ છે, એ વાત ખરી છે. એમ છતાં અહીં તો આ જ અર્થ ઘટે છે. એ ગમે તેવું અભિમાની પાત્ર હોય તોય પાંડવ સૈન્યનો વજ્રવ્યૂહ (ભલે યુધિષ્ઠિરને પોતાનું સૈન્ય નાનું લાગતું હોય તોય) જોઈને તેમજ ભીમને (ભલે બુદ્ધિમાન ન હોય પણ દુર્યોધનને તો એ ખૂંચતો જ હતો.) તથા અર્જુન જેવા અનેક મહારથીઓને જોઈને તેનું હૃદય કંપવા માંડે છે. પાંડવ સૈન્યમાં એ જેવા મહારથી જુએ છે તેવા પોતાના સૈન્યમાં નથી જોતો એથી જ તે દ્રોણાચાર્ય પાસે દિલાસો લેવા અને એમને શૂરચઢાવવા ખાતર જાતે ત્યાં આવે છે. દ્રોણાચાર્યને પોતાના કથનની અસર થાય છે અને ભીષ્મનો શંખ જોરથી ફૂંકાય છે એથી એના હૈયામાં થોડીઘણી હિંમત (ક્ષણભર) આવી જાય છે. હર્ષ જન્માવતા એ બધા પ્રયોગો આ જ વાત સિદ્ધ કરે છે.

શરીરરૂપી કુરુક્ષેત્રમાં આમ જ ગબડાવ્યે જાય છે.

(ગુરુદેવ ! મારા કહેવાનો ભાવ તો આપ સમજી જ ગયા છો. છતાં ફરીથી કહું છું કે,જ્યાં લગી ભીષ્મપિતામહ જેવા બધી રીતે નિષ્ણાત નેતા આપણા સેનાનાયક તરીકે બેઠા છે, ત્યાં લગી આપણને ઊની આંચ આવે તેમ નથી. ભીમ આપણો કટ્ટર વિરોધી અને અતિરથી હોવા છતાં, ભીષ્મ પિતામહ જેવો બધીવાતે નિષ્ણાત નથી.)

**अयनेषु च सर्वेषु यथाभागभवस्थिताः ।**

**भीष्ममेवा भिरक्षंतुः भवंतः सर्व एव हि ।।११।।**

**માટે આપ બધા રક્ષો, ભીષ્મને ચોદિશે ખરે;**

**પોતપોતાતણા સ્થાને, રહ્યા, સૌ મોરચા પરે. ૧૧**

બધા મોરચા પર રહ્યા રહ્યા ભીષ્મપિતામહની ચોંમેરથી રક્ષા કરજો. (આમ કહેવાનું કારણ એ કે, દ્રુપદપુત્ર શિખંડી મૂળે જન્મતાં સ્ત્રીરૂપે હતો. અને પછી પુરુષ થઈ ગયો હતો એવી મહાભારતમાં ઘટના છે. ભીષ્મપિતામહે એની સામે શસ્ત્ર પ્રહાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. એટલે કદાચ એ આવીને ભીષ્મ પર પ્રહાર કરી જાય એ ભયની સંભાવના હતી. આટલો જ મારા કથનનો સાર છે.

**નોંધ :** ઉપરનાં વચન દુર્યોધનના મુખે એવી રીતે ઉચ્ચારાયાં કે, બાજુમાં રહેલા ભીષ્મપિતામહ સાંભળી શકયા. અને દુર્યોધનના મનોભાવ કળી ગયા. જેમ પાંડવોને ન મારવાનો એમનો સંકલ્પ હતો. તેમ કૌરવોને રક્ષવાનો પણ એમનો દઢ નિશ્ચય હતો. 'સૂડી વચ્ચે સોપારી' તે આનું નામ. આપણા મનોમયસૃષ્ટિસંગ્રામમાં પણ આવું જ બને છે. જો કે ભીષ્મરૂપી સંકલ્પબળ આપણી પાંડવરૂપી શુભ વૃત્તિઓને હણતું તો નથી જ. પણ જ્યાં લગી દુર્યોધનરૂપી અવિવેકના પક્ષમાં એ ભળ્યું હોય છે, ત્યાં લગી એ દ્વારા જે શ્રેય ખરા રૂપમાં સાધી શકવું જોઈએ તે સાધી શકાતું નથી. અને તે વિપુલબળનો વ્યય દુર્યોધનરૂપી અવિવેકને રાજી કરવામાં જ થઈ જાય છે. અહીં દ્રોણ અને ભીષ્મની પણ એ જ સ્થિતિ હતી.

तस्य संजनयन्हर्ष कुरुवृद्धः पितामहः ।

सिंहनादं विनद्योचैः शंखं दध्मौ प्रतापवान् ।।१२।।

પછી સંજય બોલ્યો :

**હર્ષ પમાડતા તેને, કુરુવૃદ્ધ પિતામહે,**
**ગર્જી સિંહસમું મોટે, શંખ ફૂંકયો પ્રતાપીએ. ૧૨**

કુરુકુળમાં વૃદ્ધ, તેથી દાદાને નામે સંબોધાતા છતાં પ્રતાપી(એવા) ભીષ્મપિતામહે સિંહની જેમ ગર્જીને મોટે સ્વરે શંખ વગાડયો.

**નોંધ :** કુરુકુળમાં વાહ્નિકથી બીજે નંબરે ભીષ્મ જ આવતા હતા. અને પાંડવ,ધૃર્તરાષ્ટ્ર બંને પક્ષ એમને દાદા માનીને તે નામે જ સંબોધતા. એટલે અહીં કુરુવૃદ્ધ અને પિતામહ એ બે વિશેષણો વપરાયાં છે. પણ એ દાદા વૃદ્ધ હોવા છતાં એનો પ્રતાપ યુવક કરતાં ઊતરે તેવો ન હતો. (જુઓ. કલ્યાણનો ગીતાતત્ત્વાંક પૃ. ૧૮૬)

ખરી જ વાત છે કે 'સંકલ્પ' એ શુભ અને અશુભ બંને વૃત્તિઓનો માનીતો દાદો જ છે. અને એ વૃદ્ધ હોવા છતાં પ્રતાપી છે. ભીષ્મ બાળબ્રહ્મચારી પણ હતા જ. એટલે એ રીતે પણ એમનો પ્રતાપ ભવ્ય હોય એ ઘટે છે. એટલે એની ગર્જના સિંહસમી અને શંખનાદ જોરદાર હોય એ સ્વાભાવિક છે. અત્યારે (દુર્યોધનરૂપી) અવિવેકની પડખે છે, એટલે તેઓ દુર્યોધનને હર્ષ પમાડે એ પણ બનવાયોગ જ છે.

ततः **शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।**
**सहसैवाभ्यहन्यंत सं शब्दस्तुमुलोऽभवत् ।।१३।।**

**પછી શંખ તુરી ડંકા, નગારાં રણશીંગડાં;**
**સામટાં વાગવા લાગ્યાં, ને થયો નાદ ઘોર તે. ૧૩**

(ભીષ્મપિતામહે શંખ ફૂંકયો કે ) પછી (તરત જ) શંખ તુરી, ડંકા, રણશીંગડાં વગેરે વાદ્યો એક સામટાં વાગવા લાગ્યાં અને તે અવાજ ભયંકર થઈને વ્યાપી ગયો.

**નોંધ :** પ્રથમ ભીષ્મે જ યુદ્ધની સલામી આપી દીધી અને એમના સિંહનાદથી જેમ દુર્યોધનને હર્ષ થયો તેમ એના સૈન્યમાં પણ એકાએક જાણે ખુમારી કયાં ન આવી ગઈ હોય, એવો દેખાવ થઈ ગયો. અવિવેકને સંકલ્પબળનો આટલો ટેકો મળે ત્યારે એથી એના કુવૃત્તિઓરૂપી સૈન્યનો ગર્વ ઊભરાઈ જાય એમાં નવાઈ નથી.

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यंदने स्थितौ ।
माधवः पांडवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः ॥१४॥
पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौंड्रं दध्मौ महाशंखं भीमकर्मा वृकोदरः ॥१५॥
अनंतविजयं राजा कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥१६॥

**તે પછી શ્વેતઅશ્વવાળા, મહારથે વિરાજતા;**
**માધવે પાંડવે બંને, દિવ્ય શંખો વગાડિયા. ૧૪**
**પાંચજન્ય હૃષીકેશે, દેવદત્ત ધનંજયે;**
**પૌંડ્ર ફૂંકયો મહાશંખ,ભીમે ભીષણકર્મીએ*. ૧૫**
**અનંતજયને રાજા, કુંતીપુત્ર-યુધિષ્ઠિરે;**
**નકુલે સહદેવેય, સુઘોષ-મણિપુષ્પક. ૧૬**

ત્યારબાદ ધોળા ઘોડાવાળા મહારથ પર વિરાજમાન માધવ અને પાંડવ બંનેએ દિવ્ય શંખો વગાડયા. હૃષીકેશે પાંચજન્ય અને ધનંજયે દેવદત્ત નામનો શંખ વગાડયો, અને વિશ્વમાં ભયંકરકર્મી તરીકે ખ્યાતિ પામેલા ભીમે પૌંડ્ર નામનો મહાશંખ વગાડયો. અનંતવિજય નામના શંખને કુંતીના પુત્ર રાજા યુધિષ્ઠિરે, સુઘોષ નામના શંખને નકુલે, તેમ મણિપુષ્પક નામના શંખને સહદેવે વગાડયો.

**નોંધ :** સૌથી પ્રથમ કૌરવસેનાએ યુદ્ધની સલામી આપી ત્યારબાદ પાંડવ-સેનાએ આપી. ઉપરની એ બીના ઉપરથી સિદ્ધ થયું કે, પાંડવ-પક્ષ લડવાની હોંશથી લડવા નહોતો ઈચ્છતો. આધ્યાત્મિક પક્ષે પણ એમ જ ઘટે છે. અવિવેકનો પક્ષ લડવાની શરૂઆત કરે છે, અને ન છૂટકે શુભ-વૃત્તિઓ અને એના પક્ષમાં રહેલો અંતરાત્મા એની સામે જંગે મંડાય છે. હવે આ ત્રણ શ્લોક પૈકી કેટલાંક મુખ્ય અંગો તપાસીએ : પ્રથમ તો માધવ એટલે લક્ષ્મીના પતિ અને પાંડુના પુત્ર એ બંને ધોળા ઘોડાવાળા મહારથ પર બેઠા હતા. એ પરથી ગીતાકાર બંનેની

* શ્રીધર 'ભેરી' નો અર્થ તુરી કરે છે. પણ અને આનક બંને શબ્દોના અર્થ અનુક્રમે ડંકો અથવા નોબત અને મૃદંગ થઈ શકે.

* હિડંબવધ જેવાં ભીષણ કર્મોથી તે પ્રસિદ્ધ હતો. ગીતાકારે વૃકોદર શબ્દ એટલા માટે વાપર્યો છે કે, જેમ વરુ જે કાંઈ ખાય તે પચી જાય છે તેમ ભીમ પણ ખૂબ ખાતો અને બધું પચી જતું.

યોગ્યતા સિદ્ધ કરે છે.× પાંડવરૂપી જિજ્ઞાસુમન અને માયાને વશ કરી શકે તેવા માધવરૂપી અંતરાત્મા જેના પર બેસે તે વાહન તેજોમય હોય અને એનો વાહક પણ ઉજળાવર્ણનો હોય એ બંધ બેસતું જ છે. કારણ કે, તે બંનેની દશા તેજોમય અને ઊજળી છે એમના શંખને પણ ગીતાકાર દિવ્ય વિશેષણ લગાડે છે, હૃષીકેશ એટલે ઈન્દ્રિયોના સ્વામી અથવા હર્ષાવે એવા કેશ છે જેના તે પ્રભુએ, પાંચજન્ય+ નામનો શંખ વગાડયો અને ધનંજયે એટલે ધન મળવા છતાં જેણે લાલસા પર જય મેળવ્યો છે તે અર્જુનરૂપી જિજ્ઞાસુમને દેવદત્ત (ઈન્દ્ર પાસેથી મેળવેલ) નામનો શંખ વગાડયો.

આ બીના પણ બંધ બેસતી જ છે. જિજ્ઞાસુમન આગળ દેવો સ્વયં નમે છે એવો ઉલ્લેખ દશવૈકાલિકજૈનસૂત્રની પ્રથમ ગાથામાં છે.*

અહીં સંજયને મુખે, યુધિષ્ઠિરને રાજા અને કુંતી-પુત્ર એ બંને વિશેષણો લગાડયાં છે તે પણ સૂચક જ છે. તે ધૃતરાષ્ટ્રરૂપી અજ્ઞાની જીવને એમ કહેવા માગે છે કે, કુંતીના પુત્ર હોઈ ધર્મરાજા સરળ છે તેમ છતાં ધર્મયુદ્ધમાંથી પાછી પાની કરે એવા નથી. વળી દુર્યોધન રાજગાદીના રાજા છે, જ્યારે યુધિષ્ઠિર હૃદયગાદીના રાજવી છે. એમના શંખનું નામ પણ'અનંતવિજય' મુકાયું છે. એ અપારવિજય એટલે કે, એકાંતે જયનું જ સૂચક છે.

**काश्यश्च परमेष्वासः शिखंडी च महारथः ।**
**धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥**
**द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।**
**सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक्पृथक् ॥१८॥**

**કાશીરાજ મહાબાણી, ને શિખંડી મહારથી;**
**ધૃષ્ટદ્યુમ્ન વિરાટેય, અજેય સાત્યકિ તથા, ૧૭**
**મહાબાહુ અભિમન્યુ, દ્રુપદ દ્રૌપદી-સુતો;**
**હે રાજન્ ! એ બધાએ ય, શંખ ફૂંકયા જુદા જુદા. ૧૮**

× આ મહારથ અગ્નિદેવતાએ પ્રસન્ન થઈ અર્જુનને આપ્યો છે; તેની ધજા પર હનુમાન સદૈવ વિરાજમાન છે; આ બધી ઘટનાઓ પવિત્રતા, બ્રહ્મચર્યબળ આદિ બતાવે છે.

+ પાંચજન્ય વિષે એવો ઉલ્લેખ આવે છે કે પંચજન નામના દૈત્યને હણીને તેમાંથી એ શંખ બનાવવામાં આવ્યો હતો. આપણે એ પંચજનરૂપી દૈત્યને પાંચ વિષયોની આસક્તિરૂપે ઓળખીશું. તેમને હણીને જ એ શંખ બનાવવામાં આવ્યો હતો. અંતરાત્માના ધ્વનિમાં તેથી જ સમતા હોઈ શકે.

* देवाऽवि तं नमंसंति जस्सधम्मे सयामणो ।।दश १.१
દેવો પણ એને નમે છે જેનું મન ધર્મમાં છે.

(હવે સંજય આગળ વધતાં કહે છે કે, હે રાજન્ ધૃતરાષ્ટ્ર ! (માત્ર એ પાંડવોએ જ નહિ પણ એમના પક્ષના સહુએ એટલે કે,) મહાબાણી કાશીરાજ, મહારથી શિખંડી, દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન, રાજા વિરાટ, મોટી ભુજાવાળો(વીર) અભિમન્યુ, રાજા દ્રુપદ પોતે અને દ્રૌપદીના (પાંચે) પુત્રો વગેરેએ પણ અલગ અલગ પોતપોતાના શંખો ફૂંક્યા.

**નોંધ :** શુભ વૃત્તિઓ ભલે સંખ્યામાં થોડી હોય પણ ખરે વખતે એમની એક-વાયકતા અને શકિત અજબ રીતે ઝળકી ઊઠે છે. ગીતાકાર આગળ ચાલતાં કહે છે તે સાચું જ છે કે -

**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।**

પણ એ શકિત પર સાધકની નિષ્ઠા હોવી જોઈએ.

**स घोषो धार्तराष्ट्राणां हृदयानी व्यदारयत् ।**
**नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥**
**ગજાવી આભ ને પૃથ્વી, એ તુમુલ સ્વરે અને;**
**ધૃતરાષ્ટ્ર-સૂતો કેરાં, વિદાર્યાં હૃદયો ખરે, ૧૯**

(અહો ભૂમિપતિ ! ) એ ભયંકર સ્વરે તો આભ અને પૃથ્વી બંને ગજાવી મૂક્યાં અને તમારા પુત્રોનાં હૃદય ચીરી નાખ્યાં. (એમ કહેતાં કહેતાં સંજયે તે આખો દેખાવ ખડો કરવા જેવો ચિતાર ખડો કરી દીધો અને થોડી વાર મૌન પકડ્યું, ધૃતરાષ્ટ્રનું હૈયું પણ ધબકવા લાગ્યું.)

**નોંધ :** કૌરવ સૈન્યના શંખનાદે પાંડવો નહોતા ધડક્યા પણ પાંડવ સૈન્યના શંખનાદે કૌરવો ધડકી ગયા. ખોટું બળ ક્યાં લગી ટકે ? થાપટ મારી મોઢા પર દેખાડેલી ચમક કેટલી વાર ટકે ? શુભ વૃત્તિઓનો ધ્વનિ ઊંડાણનો હોય છે. એટલે નાભિકમળના આકાશથી માંડીને બહાર નીકળે છે અને નીકળ્યા પછી પૃથ્વીને ગજાવી શકે છે અને અશુભ-વૃત્તિઓનાં હૃદયને ચીરી નાંખે છે.

अथ व्यस्थितान्द्रष्ट्वा धार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥२०॥
हृषीकेश तदा वाक्यमिदमाह महीपते ।

अर्जुन उवाच

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥२१॥

**કૌરવોને વ્યવસ્થિત, પછી ભાળી કપિધ્વજે;**
**શસ્ત્રપ્રહાર વેળાએ, ઉઠાવ્યું બાણ પાંડવે. ૨૦**
**ને હૃષીકેશને ત્યારે, કહ્યું આ વાકય ભૂપતિ !**

**અર્જુન બોલ્યા**

**સ્થાપો બે સૈન્યની મધ્યે, મહારો રથ અચ્યુત ! ૨૧**

અર્જુને કૌરવોને વ્યવસ્થિત ઊભેલા દીઠા અને પછી જ્યારે શસ્ત્રપ્રહાર માટે તેણે બાણ ઉપાડયું કે તરત જ એકાએક હે રાજન્ ! ઈંદ્રિયોના સ્વામી એવા શ્રીકૃષ્ણને અર્જુને આ વાકય કહ્યું : હે અચ્યુત ! મારો રથ(તમે) બે સેનાની વચ્ચે લઈ જઈને સ્થાપો.

**નોંધ :** ક્ષત્રિયોના યુદ્ધની એક વિશિષ્ટ નીતિ હતી કે, જ્યાં સુધી સામા પક્ષનું સૈન્ય પૂરેપૂરી લડવાની તૈયારીમાં ન હોય ત્યાં સુધી તેના પર આક્રમણ ન કરી શકાય. આ રીતે જોતાં પાંડવ સૈન્યના શંખનાદથી કૌરવોનાં હૃદય ચિરાઈ ગયાં હતાં અને સૈન્ય અવ્યવસ્થિત થઈ ગયું હતું.પણ જ્યાં કપિધ્વજે એને વ્યવસ્થિત થઈ ગયેલું જોયું ત્યારે એને લાગ્યું કે,શસ્ત્રપાતની વેળા હવે ભરાઈ ચૂકી હતી. પછી સરળ એવા પાંડુપુત્રે શસ્ત્ર ઉઠાવ્યું અને ઉઠાવતાંવેંત જ એને એકાએક કાંઈક સ્ફુરી આવવાથી તે શ્રી કૃષ્ણ મહાત્માને ઉદ્દેશીને બોલ્યો કે, પ્રથમ મારો રથ બે સેનાની વચ્ચે લઈ જઈને સ્થાપો. આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રત્યેક સાધકને એ અનુભવ છે કે, જ્યારે દુષ્ટવૃત્તિઓ પ્રથમ ખળભળીને પાછી સુવૃત્તિઓ સામે જંગ માંડવા તૈયાર થાય છે, ત્યારે જિજ્ઞાસુમન તેની સાથે લડવા તો તૈયાર થાય છે પણ લડતાં પહેલાં એને પોતાની સામે લડનાર બંધુઓને જોઈ લેવાની ઈચ્છા થાય છે. એ મનના રથને દોરનાર ઈંદ્રિયોનો સ્વામી આત્મા છે. વળી જિજ્ઞાસુમનના વાવટામાં બ્રહ્મચર્યનું વિશિષ્ટ ચિહ્ન છે.એટલે એને ભય જેવું કશું હોતું નથી. આત્મા તો સ્વયં અવિનાશી છે; પછી એને ભય જ શાનો ? પણ બે સૈન્યની વચ્ચે રથ શા સારુ ખડો કરવો એના ખુલાસા માટે કહે છે :

य वदेवत न्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्नणसमुद्यमे ॥२२॥
योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षयः ॥२३॥

**એટલે જોઉં ઊભેલા, યુદ્ધના વાંચ્છનાર આ;**
**લડતું કોની સંગાથે, મારે આ રણક્ષેત્રમાં. ૨૨**
**દુર્બુદ્ધિ કૌરવો કેરું ઈચ્છનાર ભલું અહીં;**
**લડવા જે થયા ભેગા, એમને નીરખી લઉં. ૨૩**

(એટલે) યુદ્ધ કરવાની ઈચ્છાથી તૈયાર થઈને ઊભેલા એ લોકોને હું જોઈ લઉં (વળી આપ રથ બે સૈન્યની વચ્ચે રાખો તો મને પણ ખબર પડે કે,) મારે આ રણસંગ્રામમાં કોની સાથે લડવાનું છે. તેમ જ દુષ્ટબુદ્ધિ કૌરવોનું ભલું ઈચ્છીને આ યુદ્ધમાં લડવા સારુ જે લોકો ભેળા થાય છે તેઓને પણ હું નજર તળે કાઢી લઉં.

**નોંધ :** ગીતાકાર અહીં અર્જુનના મુખથી ધૃતરાષ્ટ્ર પાસે બોલી રહેલા સંજયની વાણીમાંથી દુર્બુદ્ધિ વિશેષણ દુર્યોધનને લગાડે છે એટલે ધૃતરાષ્ટ્ર ચિડાય એ સ્વાભાવિક છે; પણ આગળ એનું સમાધાન એને આપોઆપ મળી રહે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં જેમ અર્જુન શ્રીકૃષ્ણનો ભક્ત છે તેમ જિજ્ઞાસુમન અંતરાત્માનું ભક્ત છે. જિજ્ઞાસુમન આવા સાધનાસંગ્રામ ટાણે અંતરાત્મા પાસે એમ ઈચ્છે છે કે, મને મધ્યસ્થ ભૂમિકા પર લઈ જાઓ અને અંતરાત્મારૂપી સારથિ તેને તે ભૂમિકા પર લઈ જાય એ પણ બરાબર છે; કારણ કે, ત્યાં જઈને જ એ યથાર્થ નિરીક્ષણ કરી શકે છે. પણ હવે ઘટના ધારવા કરતાં જુદી જ બની એમ સંજય કહેવા માંગે છે.

*સંજય ઉવાચ*

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरुनिति ॥२५॥

तत्रापश्यत्स्थितान्पार्थः पितृनथ पितामहान ।
आचार्यान्मातुलान्भ्रातृनपुत्रान् पौत्रान्सखींस्तथा ॥२६॥
श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ।
तान्समीक्ष्य स कौंतेयः सर्वान्बंधूनवस्थितान् ॥२७॥
कृपया परयाविष्टो* विषीदन्निदमब्रवीत् ।

સંજય બોલ્યા

**ગુડાકેશે હૃષીકેશ, પ્રત્યે આમ કહ્યું ભૂપ !**
**ત્યાં તો બે સૈન્યની મધ્યે, સ્થાપીને રથ ઉત્તમ. ૨૪**
**ભીષ્મ દ્રોણ તથા સર્વે, મહીપાળો સમક્ષમાં;**
**'પાર્થ ! આ કૌરવો જામ્યા;'જો' એમ ભાખ્યું અચ્યુતે. ૨૫**
**હવે ત્યાં સૈન્ય બંનેમાં, દીઠા પાર્થે ઊભેલ એ;**
**કાકા, દાદા, ગુરુ, મામા, બંધુવર્ગ અને સુતો. ૨૬**
**પૌત્રો મિત્રો તથા દીઠા, સસરા સ્નેહીઓ વળી;**
**ઊભા એ બાંધવો સર્વે, એવું કૌંતેય ભાળતાં. ૨૭**
**બોલ્યો પરંકૃપા (મોહદયા) કેરા, આવેશે આમ ખિન્ન થઈ.**

(સંજય કહે છે ) હે ભારતભૂમિના ભૂપાલ ધૃતરાષ્ટ્ર રાજન્ ! જ્યારે ગુડાકેશે× (નિદ્રાને જિતનાર સાવધાન એવા અર્જુને) હૃષીકેશ(ઈંદ્રિયોના સ્વામી અંતર્યામી)ને ઉપર પ્રમાણે કહ્યું કે તરત જ બે સેનાની વચ્ચે ભીષ્મ તથા દ્રોણ તથા બીજા રાજાઓની સામે ઉત્તમરથને ઊભો કરીને પછી શ્રીકૃષ્ણમહાત્માએ એમ કહ્યું કે, હે પૃથાના પુત્ર ! (અહીં કોમળ હૃદયવાળાં કુંતીના પુત્ર એવો અભિપ્રાય જણાય છે) જો, આ કુરુવંશના વીરો એકઠા થાય છે : (આ વચને અર્જુનના હૃદયમાં રહેલી મોહદયાને જગાડી દીધી અને) ત્યાં તો હવે બંનેય સૈન્યમાં કૌંતેયે પોતાના કાકા, દાદા, ગુરુ, મામા, બંધુઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરા, સ્નેહીઓની* સૃષ્ટિ દીઠી. આ ઊભેલા બધા જ પોતાના સંબંધીઓ છે એવું જોતાંવેંત જ કુંતીનો એ ગૌરવવંત પુત્ર પરમકૃપાના આવેશમાં આવીને ખિન્ન થતો આવું બોલ્યો.

---

* કેટલાક ટીકાકારોએ અહીં 'कृपयाऽपरया' એ જાતનો પાઠ લઈને સામાન્ય પ્રકારની કૃપા એવો અર્થ પણ ઘટાવે છે. આપણે જૈન દૃષ્ટિએ अपरकृपाનો અથવા परकृपाનો અર્થ મોહદયા લીધો છે.

× ગુડાકેશ માટે જુઓ ટિળક ગીતા ગુજરાતી પૃ. ૬૨૦

**નોંધ :** અત્યારે અર્જુન સમદષ્ટિની ભૂમિકામાં રહેવો જોઈતો હતો કારણ કે, બંને સૈન્યની વચ્ચે અંતરાત્માના સારથિપણાથી દોરાયેલા રથમાં તે બેઠો છે, પણ સમદષ્ટિની ઉચ્ચ ભૂમિકાએ પહોંચે તે પહેલાં જ પોતાનાં સગાંવહાલાંઓને જોતાં એ સંબંધીઓના સંબંધ તાજા થઈને એ સંબંધોએ જ એને વચ્ચે ઘેરી લીધો.જૈનદષ્ટિએ આ ભૂમિકા મોહદયાની ભૂમિકા છે. જો કે, મૂઢ-સ્વાર્થની જે છેલ્લી ભૂમિકા પર, વિશ્વનો મોટો જનસમૂહ છે તેના કરતાં આ ઊંચી કક્ષાની ભૂમિકા છે; છતાં અર્જુન જેવા જિજ્ઞાસુઅધિકારી માટે તે છાજતી ન હતી. મોહદયા એટલે ઉપરથી દયા લાગે જ્યારે અંદરથી મોહ હોય એવા પ્રકારની દયા. એટલે જ આ ભૂમિકાને વટાવવી અતિ કઠણ છે. વ્યાસજી જગતના સર્વ સાધકો માટે અહીં ઉપયોગી વસ્તુ ખડી કરે છે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં જોઈએ તો ત્યાં પણ એમ જ છે. જિજ્ઞાસુમન જ્યારે ગુડાકેશની જેમ અપ્રમત્ત થઈ અંતરાત્માની પ્રેરણાએ સમતા યોગની ભૂમિકામાં જવા મથે છે ત્યાં જ ઈંદ્રિયરૂપી સગાંસ્નેહીઓના સંબંધો એના દિલમાં આકર્ષણ ઉત્પન્ન કરે છે. શું આ બિચારી ઈંદ્રિયોને કચરી નાખવી ? હું લપ નહિ કરું, વિકાર રૂપી દુશ્મન સામે નહીં લડું. હું તો આ બેઠો. જે થવું હોય તે થાય; આટલીવાર તો ભોગવી જ લઉં. આવાં આવાં વચનો એ જ મન અંતરાત્માને ઘણીવાર સંભળાવે છે. આ જ દશા અહીં અર્જુનની થાય છે. જુઓ, તે પણ ખિન્ન થઈને, કંટાળીને જ આમ બોલે છે :

*અર્જુન ઉવાચ :*

**द्दष्ट्वेमं स्वजने कृष्णयुयुत्सुं समुपस्थितम् ।।२८।।**
**सीदंति मम गात्राणि मुखं च परिशुष्यति ।**
**वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ।।२९।।**
**गांडीवं स्त्रंसते हस्तात्त्वक्वैव परिदह्यते ।**
**न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ।।३०।।**

---

* ભૂરિશ્રવા આદિ અર્જુનના વડીલ-એટલે પિતાતુલ્ય કાકાઓ.
ભીષ્મ, સોમદત્ત, વહ્નિક વગેરે દાદાઓ, બાપાઓ હતા. દ્રોણાચાર્ય વગેરે ગુરુઓ હતા.
શલ્ય વગેરે મામાઓ હતા.
કૌરવો વગેરે ભાઈઓ હતા.
પોતાની સેનામાં અભિમન્યુ આદિ પુત્રો હતા.
પોતાના ભત્રીજા લક્ષ્મણ વગેરેના પુત્રો એ અર્જુનના ,પૌત્રો હતા. જેમની સાથે રમત કરેલી એવા ઘણા મિત્રો અને સ્નેહીઓ હતા. દ્રુપદ અને શૈબ્ય અર્જુનના સસરાઓ થાય.

### અર્જુન બોલ્યા

યુદ્ધવાંચ્છુ ઊભેલા આ, સ્વજનો કૃષ્ણ ! જોઈને ૨૮
ગાત્રો મારાં થતાં ઢીલાં, મુખ મારું સુકાય છે,
દેહ કંપે અને મારાં, ખડાં રોમાંચ થાય છે; ૨૯
ગાંડીવ હાથથી છૂટે, ચામડી આ બળે બધી;
ઊભા રે'વા નથી શકિત, જાણે મારું ભમે મન. ૩૦

અર્જુને કહ્યું : હે(શોક હરવાને સમર્થ એવા) કૃષ્ણ ! યુદ્ધની ઈચ્છાએ ટોળે મળેલા એવા આ સ્વજનસમુદાયને જોઈને મારા અવયવો ગળવા માંડયા છે, મારું મુખ સુકાઈ જાય છે, મારા શરીરમાં કંપારી છૂટે છે અને મારાં રોમાંચ ઊભાં થઈ જાય છે. વળી ગાંડીવ (મહાભારતમાં એવો ઉલ્લેખ છે કે ગાંડીવ ધનુષ દિવ્ય હતું તેથી જ દેવો અને દાનવો પર અર્જુને વિજય મેળવ્યો હતો. આ ગાંડીવ ધનુષ બ્રહ્મા, પ્રજાપતિ, ઈન્દ્ર, ચંદ્ર અને વરુણદેવે પણ ધારણ કર્યું હતું. આ પરથી બ્રહ્મચર્યની સાધનાથી પ્રાપ્ત થતું દઢ સંકલ્પબળ એ જ આધ્યાત્મિક પરિભાષામાં ગાંડીવ સમજવું.) કે જેનું મને ભારે અભિમાન છે તે પણ હાથમાંથી સરી પડે છે. ચામડી બળીને ખાક થઈ જાય છે. ઊભા રહેવાની પણ શકિત રહી નથી. જાણે મારું મન ભમતું કેમ ન હોય એવું મને લાગે છે.

**નોંધ :** અર્જુન જેવા ગાંડીવધારીની જેમ આ દશા થાય છે તેમ ઈન્દ્રિયોની મોહદયામાં મુંઝાઈને વિષાદ પામતા મન(બહિરાત્મા)ની તેવી જ દશા થાય છે. કારણ કે,તે ક્ષણે તેના બધા દઢ સંકલ્પોના ભાંગીને ભુક્કા થઈ જાય છે. વિકલ્પો અને ભ્રમને લીધે નિરાશા, હાય ! હાય ! અને ગ્લાનિ ઉપરાંત વહેમ તથા કુતર્કો વગેરે પણ પેદા થાય છે. એ વિષે આપણે આગળ જોઈશું. (સંજયરૂપી) વિચારનું આ કથન ધૃતરાષ્ટ્રરૂપી આંધળા(અજ્ઞાની) જીવને ગમ્યું હોય તેમ લાગ્યું. એટલે વળી પાછું તેણે કહ્યું : " હે રાજન્ ! હવે પછી અર્જુન શું કહે છે તે સ્વસ્થ થઈને સાંભળો.

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥३१॥

નિમિત્તો પણ ભાળું છું, કેશવ ! વિપરીત ને;
નથી કલ્યાણ જોતો કૈં, યુદ્ધમાં સ્વજનો હણી. ૩૧

વળી હે (બ્રહ્મા અને શિવથી પણ ઉત્તમ એવા અથવા કિરણોથી જગતને હર્ષાવનાર એવા) કેશવ ! (જુઓને પ્રારંભમાં જ બધાં) ચિહ્નો પણ અપશુકનનાં જ ભાળું છું. (આપ કદાચ કહેશો કે મારી હાજરીમાં શુકન અને અપશુકન ક્યાં જોવા બેઠો ? ભલે ! એમ તો હું કદાચ માની લઉં છું કે આપના સાન્નિધ્યાં મને અપશુકન કદાચ ન પણ નડે, છતાં) ભલા ! યુદ્ધમાં સ્વજનને હણી( કલ્યાણ પણ કયું થવાનું છે ? ) મને તો કશું જ કલ્યાણ દેખાતું નથી.

**નોંધ** : આ શ્લોક આધ્યાત્મિક દૃષ્ટિએ પણ ખૂબ મહત્ત્વનો છે. (૧) શુકનશાસ્ત્ર વગેરે શાસ્ત્રો અને ચિહ્નો લૌકિક કાર્યમાં આગાહી પૂરતું કામ આપી શકે પણ સાધકને પોતાના મોક્ષમાર્ગમાં એની જરૂર નથી. કારણ કે, મન જો તે માર્ગમાં મક્કમ હોય તો લૌકિક અનિષ્ટો બાધક થઈ શકતાં નથી. ઊલટાં બાધક હોય તો પણ અંતે સાધક થઈ પડે છે. એટલે ઊલટું એવા પ્રકારના પ્રસંગોથી ટેવાયેલું મન વહેમી બની જાય તો ઊંચી કક્ષા પર જવામાં તે પણ એક અંતરાયરૂપ બને છે. આપણે અગાઉ કહી ગયા તેમ (શ્રીકૃષ્ણ મહાત્માની દૃષ્ટિએ જોઈએ તો) સમતાયોગની ભૂમિકા પર જવાને હવે અર્જુન લગભગ યોગ્ય બન્યો હતો. ત્યાં જ એને મોહદયાએ ઘેરી લીધો છે. એટલે જ એ બોલે છે કે જે લડાઈમાં મારા સ્વજનો હણાય તે લડાઈમાં ભાગ લેવામાં મારું શું કલ્યાણ છે ? આ સ્થળે જૈનસૂત્રનું એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ચુલ્લિનીપિતા નામનો સાધક પોતાના અંતરાત્માને જાગ્રત કરી ધર્મ-કરણીમાં સમતાયોગની ભૂમિકામાં મનને સ્થિર કરીને બેઠો છે. ત્યાં એકાએક વ્યંતર કોટિનો એક દેવ આવી તેની પાસે તેના ત્રણ જુવાન પુત્રોના ટુકડા કરી નાંખે છે. છતાં તે ડરતો નથી. પણ જ્યારે તેની માને લાવી વ્યંતર ટુકડા કરે છે ત્યારે તે ડગી જાય છે. (જુઓ ઉપાસક દશાંગસૂત્ર ત્રીજું, શ્રાવકનું જી.ચ.) આ જ રીતે અર્જુને પણ દ્રોણ, ભીષ્મ આદિને જોયા કે તરત જ પાસે બેઠેલા શ્રીકૃષ્ણ મહાત્માને જોઈ તે સ્થિર થઈ જાય છે. એ તો આપણે કહી જ ગયા છીએ કે એવી મોહદયાની ભૂમિકા પણ હલકી કોટીની નથી. ફક્ત આવા આગળ વધેલા સાધકને શોભે તેવી નથી. ખરી વાત તો એ છે કે આવો સાધક પોતાની આવી મોહદયાને આધીન થાય તોય તે (૧) પોતાનાં સ્વજનો જો ખરેખર જ હણાવાનાં હોય તો તેમને બચાવી શકતો નથી; કારણ કે, તેણે પોતે પોતાના દેહાભિમાનને કારણે પોતામાં વધુ પડતું મહત્ત્વ આરોપી લીધું હોય છે. પણ કુદરતી

મહાયોજનામાં તો તે નાનું નિમિત્ત કારણ છે. જૈનદૃષ્ટિએ કહીએ તો મનુષ્યનો વર્તમાન પુરુષાર્થ પાંચ પૈકીનું એક જ કારણ છે. અથવા (૨) જો એ ન હણાવાના હોય અને જો કોઈ સાધકને ડગમગાવવાને ઈંદ્રજાળ ઊભી કરી હોય તો પણ એની મોહદયા બીજાના ઉપકારપક્ષે નકામી અને પોતાના વિકાસપક્ષે હાનિકર નીવડે છે.

એટલું પુનરુક્તિ કરીને પણ કહેવું પડે છે કે સૌ કોઈ આવી કૌટુંબિક કે દેહ-ધારી પરની દયા વિસારી દે તો અનર્થ થાય. પ્રથમ કક્ષામાં રહેલા સાધક માટે તો ઊલટી તે અવલંબવા યોગ્ય પણ હોઈ શકે. પણ ત્યાં એને મોહદયાનું નામ ન આપી શકાય પણ રહેમનું જ નામ આપી શકાય. મોહદયા શબ્દ તો ઊંચી કોટીનો સાધક નીચી કોટી પર ખેંચાય ત્યારે જ લાગુ પાડી શકાય. અહીં કોઈને શંકા થાય કે એકને માટે એક ગજ અને બીજાને માટે બીજો એમ તે વળી હોઈ શકે? જરૂર હોઈ શકે. એનું નામ જ દષ્ટિભેદ અથવા ભૂમિકાભેદ કહેવાય છે એમાં જ જૈનદષ્ટિએ જોતાં અનેકાંતવાદનું રહસ્ય છે. વળી આ ઉપરથી કોઈ એવો પણ પ્રશ્ન કરે કે પહેલી કોટી કરતાં આગળ ગયેલા બીજી કોટીના સાધકોમાં શું દયા જ ન હોય? દયા તો હોય જ, પણ એની દયા કાંઈક ઊંડી અને વ્યાપક હોય. એટલે કે તે માત્ર કુટુંબી-સ્નેહીઓ જ નહિ પણ સમગ્ર જગતનો અને મુખ્યત્વે સમગ્ર જગતના આત્માઓનો વિચાર કરીને એ દયાના મહાન સંસ્કારનો ઉપયોગ કરે. આથી સહેજે જગતદૃષ્ટિએ પ્રથમ પ્રથમ આવા સાધકની ક્રિયા વિચિત્ર લાગે. પણ પરિણામે યથાર્થ જ હોય છે. પણ અહીં અર્જુનની દયાદૃષ્ટિ માત્ર કુટુંબ લગી અને તે પણ એ કુટુંબીઓના દેહ લગી જ પહોંચી છે. એટલે જ એને મન શ્રેય અશ્રેયનું માપ શરીર-ધારીનું શરીર જ રક્ષવું કે હણવું એટલું જ છે. અર્જુનની ભૂલનું ખરું મૂળ અહીં છે. એ તો શ્રીકૃષ્ણ મહાત્મા પોતે જ આગળ કહેશે કે, અર્જુન, 'કલ્યાણ' શબ્દ આત્માના ઘરનો બોલે છે અને જુએ છે તો તું દેહ તરફ જ. એટલે જ તારો માર્ગ આ ખેદ અને દુઃખ તથા રાગદ્વેષાદિનાં દ્વંદ્વો રોકી બેઠો છે. ઊઠ, ઊભો થા. મોહને ખંખેરી નાખ. આત્માની કસોટીએ તારાં કર્તવ્ય-અકર્તવ્યને તપાસ; માત્ર દેહદૃષ્ટિએ જ નહિ. અને ખરે જ આ યુદ્ધ અર્જુનને મન સ્વજનના એશઆરામ ખાતર, જય ખાતર, ભોગ ખાતર કે બહુ બહુ તો સ્વર્ગની કલ્પનાએ જ રચાયું હતું. પણ ગળે ન ઊતરે છતાં અનિવાર્યપણે મારે માટે આવી પડેલું કર્તવ્ય છે, દુર્યોધનના અભિમાનની અને અમારા મોહની ખરી કસોટી ખાતર આ નિસર્ગનિર્મ્યું યુદ્ધ છે એમ એ હજુ નહોતો સમજ્યો.

ક્યાંથી સમજે ? અહીં પ્રસ્તાવનામાં લીધેલો જૈનસૂત્ર માંહેલો હલ-વિહલ અને કુણીક વચ્ચેનો યુદ્ધપ્રસંગ કે જે યુદ્ધપ્રસંગ ચેટક મહારાજ માટે અનિવાર્ય યુદ્ધપ્રસંગ હતો તે ચિંતવી જવો ઘટે. કુણીક અને હલવિહલ એ ત્રણ ભાઈઓ હતા. શ્રેણિકના પુત્રો હતા. કુણીકને રાજ્યગાદી અને હલવિહલને દિવ્ય હાથી અને હાર મળ્યાં હતાં. કુણીકે તે જબરાઈથી લેવા પ્રયત્ન કર્યો ત્યારે તેમના મામા ચેટકની મદદથી હલવિહલે અન્યાયનો સામનો કર્યો અને યુદ્ધ મંડાયું. આ પ્રસંગ પણ એવો જ છે. છતાં અહીં એટલું ન જ ભૂલવું જોઈએ કે માત્ર અર્જુન કે ચેટક જેવા સાધના તત્પર સાધક માટે જ આ અનિર્વાય ગણાય. કૃષ્ણ મહાત્મા જેવા માટે એ અનિર્વાય ન ગણાય. કારણ કે શ્રીકૃષ્ણ જેવા પુરુષની ભૂમિકા અહિંસાની હોઈ નિર્સગને પણ પોતાની સત્તા તળે રાખે તેવી હોય છે. એટલે જ તેમણે પોતે યુદ્ધ શસ્ત્ર લીધાં નથી.વ્યાસજીએ દોરેલું આ ચિત્ર ખૂબ ભવ્ય અહિંસાના આદર્શની ઝાંખી કરાવે છે. અને યુધિષ્ઠિર જેવા અધિકારીને રણે જીત્યા પછી રડાવ્યા છે એ પણ ખાતરી જ આપે છે કે અનિવાર્ય એવા યુદ્ધમાં જોડાયા પછી પણ સાધકને એવી જિતથી ઉદાસીનતા જ થવી ઘટે. કારણ કે, હજી દુર્યોધનના અભિમાન પર નહિ પણ દુર્યોધન ઉપર-પણ તેને દ્રૌપદી પરત્વેના દુઃખદ પ્રસંગના ઊંડા ડંખનું વૈર હતું એટલે જ એ ઊંડો મોહ અત્યારે દયાનો સ્વાંગ ધરી ઉપર તરી આવ્યો અને જાણે એ વૈર ઘડીભર ભૂલી ક્યાં ન જવાયું હોય એમ એને લાગ્યું. પણ શ્રીકૃષ્ણ મહાત્મા તો સમદૃષ્ટિ-યોગીશ્વર હતા. તેમને આવા સાધકની આવી મનોદશાનો પૂરો અનુભવ હતો. અર્જુન પોતાના પક્ષની વિગતો જે દલીલ પર રચે છે તે બધી દલીલોમાં કેવળ ભૌતિક ઈચ્છા ખાતર જ આ યુદ્ધમાં એને જોડાવાનું છે એવી એની કલ્પના આબેહૂબ તરવરે છે. તે હવે આપણે જોઈશું.

**न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।**
**किं नो राज्येन गोविंद किं भोगैर्जीवितेन वा ॥३२॥**
**येषामर्थे कांक्षितं नो राज्यं भोगाः सुखानि च ।**
**तइमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥३३॥**
**आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।**
**मातुलाः श्वशुराः पौत्राः श्यालाः संबंधिनस्तथा ॥३४॥**
**एतान्न हृतुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ।**
**अपि त्रैलोक्यराज्यस्य हेतोः किं नु महीकृते ॥३५॥**

**વિજયેચ્છા નથી કૃષ્ણ ! ન ચાહું રાજ્ય કે સુખો.**
**એવા રાજ્યથી, ભોગોથી, કિંવા જીવિતથીય શું ? ૩૨**
**જેઓ માટે અમે ઈચ્છયાં રાજ્ય ભોગ અને સુખ,**
**તે સૌ આ યુદ્ધમાં ઊભા, પ્રાણો* ને ધનને ત્યજી. ૩૩**
**કાકા, આચાર્ય ને પુત્રો ને તેમજ પિતામહો,**
**મામા, શ્વશુર ને પૌત્રો, સાળા, સંબંધીઓ વળી. ૩૪**
**એ હણે તોય ના ઈચ્છું, હણવા મધુસૂદન !**
**ત્રૈલોકયરાજ્યને અર્થે, તો પછી પૃથ્વી કાજ શું ? ૩૫**

(હે કૃષ્ણ ! આપ કદાચ કહેશો કે ભલે આધ્યાત્મિક દૃષ્ટિએ કલ્યાણ કશું ન હોય પણ સ્થૂળ લાભ તો છે જ ને ? જો, એક તો તારી પડખે છું માટે તારો વિજય છે. વિજયની સાથે તને રાજ્ય મળશે તેમજ એને લીધે તને તે જાતનું સુખ પણ મળશે, ભોગો પણ સાંપડશે ! તો હું કહી દઉં છું કે,) હે કૃષ્ણ ! હું વિજય, રાજ્ય કે તેવું સુખ વાંચ્છતો નથી. આપ ગોવિંદ હોઈને એટલે કે ઈંદ્રિયોના અધિષ્ઠાતા હોઈને એ જાણો જ છો કે આવા પ્રકારનાં રાજ્ય, ભોગો અને જીવતરથી પણ અમે ખરું સુખ મેળવી શકવાના નથી. (કારણ કે ભૌતિક સુખનો ઉપભોગ એકલવાયા માટે અશકય છે. એ સુખ એવા સુખવાંચ્છુના સગાંસ્નેહી- સંબંધીઓના સહવાસે જ મીઠું લાગે છે, પણ અહીં તો પરિસ્થિતિ જુદી જ છે.) જેમણે માટે અમે રાજ્ય, ભોગ અને સુખ ઈચ્છીએ છીએ તેઓ તો (સામે આંગળી ચીંધીને) આ (બધાં) રણસંગ્રામમાં પ્રાણ અને ધનની બાજી લગાડીને ઊભા છે. (આપ કહેશો કે એ કોણ. તો હું કહું છું કે જુઓ, આ મારા) આચાર્યો, કાકાઓ, પુત્રો તેમજ દાદા, મામા, સસરા, પૌત્રો, સાળાઓ ને સંબંધીઓ ! હે મધુસૂદન ! (આપે તો મધુકેટભ રાક્ષસ હતો એટલે એને માર્યો પણ આ મારા આવા) નજીકના સંબંધીઓ શું રાક્ષસ છે કે હું મારું ? ઊલટા તેઓ કદાચ હણે તો હું હણાઉં એ મારે માટે બહેતર. અહીં 'મને હણે તોય' એ એટલા સારુ લીધું છે કે, જો અમે રાજ્યનો લોભ છોડી દઈશું તો દુર્યોધનપક્ષે લડાઈનું કાંઈ જ કારણ નહિ રહે. પણ એમ છતાં માનો કે તે પક્ષના લોકો મને મારે તો હું તેમને ન મારું. અરે ! ત્રૈલોકયનું

---

* પ્રાણો ને ધનની આશા ત્યજીને એવો અર્થ લક્ષણાથી લેવો જોઈએ, કારણ કે હજુ જીવે છે ત્યાં લગી પ્રાણોને ત્યજી એ પ્રયોગ ન થઈ શકે એમ મધુસૂદન વગેરે ટીકાકારો લખે છે. અહીં પ્રાણ અને ધનની બાજી લગાડીને યુદ્ધમાં આવી તેઓ ઊભા છે એ અર્થ સુઘટિત છે.

રાજ્ય મળતું હોય તોય ન હણું, તો પછી આટલા પૃથ્વીના ટુકડા માટે તો શાનો જ હણું ?

**નોંધ :** અર્જુનને મન હજુ આ યુદ્ધનો હેતુ ભૌતિક જ છે એ આપણે આ પહેલાં કહી ગયા. પણ અર્જુનની ભૌતિક દૃષ્ટિ છેક અધમ અને ટૂંકી નથી એ વિચારતાં એની સુપાત્રતાનો ખ્યાલ આવી જશે. પણ આધિભૌતિકવાદીઓ જેમ જેમ ઊંડા ઊતરે છે તેમ તેમ તેમને આપોઆપ વ્યાપકપણામાં આવવું પડે છે; એમ પણ આથી ફલિત થઈ શકે. એ લોકો આવી કલ્પના કરે છે કે "દા.ત. એક માણસને કોઈ ટાપુ પર જઈને એકલો મૂકી આવો કે જ્યાં અનેક પ્રકારની ભોગસામગ્રી હોય, પણ ત્યાં એકલા એકલા એ ભોગ ભોગવવા કયાં લગી સારા લાગશે ? તે પોતે જ કહેશે કે,ભલે મારે ભીખ માગવી પડે, પણ હું તો મારાં સ્નેહીસંબંધીઓ હશે, ત્યાં જ રહેવું પસંદ કરીશ. મને આ સુખ જોઈતું નથી. વાત તદ્દન ખરી છે. ભૌતિક સુખમાં પોતે અનુકૂળ થઈ પડે એવા બીજા દેહધારીની જરૂર પડે જ છે. અને એવા ભૌતિક સુખેચ્છુકને એકની એક વ્યકિત કે વસ્તુ અને એકનું એક ક્ષેત્ર કાયમ ગમતું પણ નથી એટલે તે વારંવાર દેશ, પાત્રો વગેરે બદલ્યા કરે છે.

આ વિષે જ્ઞાતા નામના જૈનસૂત્રમાં એક સુંદર કથા છે. એક રત્ન નામની યક્ષિણી એકલી જ રત્નદ્વીપ પર રહે છે. ત્યાં ભૌતિક સુખસાહ્યબીનો પાર નથી. પણ બિચારી એકલી શું કરે ? એટલે બીજા તેવા જ કોઈ ભૌતિક સુખના લાલચુને પકડી લાવે છે. થોડા દિવસ તેની સાથે ભોગ ભોગવે છે અને પાત્ર જૂનું થયું કે ઠેકાણે કરી દે છે. નહિ તો તે પાત્ર બીજાને કહી દે અને પોતાને નવાં પાત્રો મળતાં બંધ થાય. અહીં આપણે આ ચિત્ર એટલા માટે લીધું છે, કે ભૌતિક સુખ પોતે જ પરાવલંબી છે. એ માર્ગમાં એટલું પરાવલંબન એટલા માટે મુકાયું છે કે, એ માર્ગે જવા છતાં યોગ્ય સાધક જો વિચાર કરતો થાય તો આગળ જઈ એટલે કે વિશ્વ જેટલે વ્યાપક પરાવલંબી થઈને પણ આખરે એક આત્મા ઉપર જ આવીને સ્થિર થાય છે. પણ ઉચ્ચ કોટીના આધિભૌતિકવાદીની ભૂમિકા કરતાં અર્જુનની ભૂમિકા ઊંચી છે. કારણ કે એ કહે છે કે "મને મારા દ્રોણ જેવા વડીલો હણે તોય હું એમને ન હણું અને ત્રૈલોકયનું રાજ્ય મળે તોય ન હણું, તો પૃથ્વી કાજે તો કેમ જ હણું ?" સારાંશ કે એપોતાનો આધિભૌતિક સ્વાર્થ અને આધિદૈવિક સ્વાર્થ પણ પોતાના વડીલો પ્રત્યેની નીતિ+ ખાતર જતો કરવા તૈયાર છે. ત્યારે તમે કહેશો કે તો પછી શ્રીકૃષ્ણ મહાત્મા એને શા માટે મૂંઝવે છે ? શ્રીકૃષ્ણ

મહાત્મા એને મૂંઝવતા નથી પણ વિકાસની ભૂખ એને મૂંઝવે છે. સાધકમાત્રની આવી ભૂમિકા પર આ દશા થાય છે. સાધકનું જિજ્ઞાસુમન પણ આવી અર્પણતા માટે તૈયાર થાય છે, પણ એ જ ગજથી પ્રસંગને માપે છે ત્યાં જ ભૂલ હોય છે, અને છેવટે શ્રી કૃષ્ણરૂપી અંતરાત્મા જિજ્ઞાસુ મનની શિષ્ય વૃત્તિની ખાતરી થયા પછી તે ભૂલ તેને બરાબર બતાવી દે છે.એવું આપણે અર્જુનના પ્રસંગ પરથી જ આગળ જોઈશું. હવે અર્જુન શું કહે છે ?

**निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ।**
**पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ॥३६॥**
**ધાર્તરાષ્ટ્રો હણ્યે પ્રેય અમારું શું જનાર્દન !**
**પાપ જ અમને લાગે, હણ્યે એ આતતાયીને. ૩૬**

(આપ કદાચ કહેશો કે ધૃતરાષ્ટ્રના પુત્રો જ તારે હણવા છે ને; તોપણ એ કૃત્ય હું કેમ કરી શકું ?) ભલા જનાર્દન !(દુષ્ટજનો એટલે કે ભક્ત જનોના શત્રુઓને હણનાર તો આપ જ હોઈ શકો; હું નહિ. છતાં આપ કહેશો કે એમાં તારું ભલું છે તો ) કૌરવોને હણ્યે અમારું શું ભલું થવાનું છે ? (વળી આપ કહેશો કે તો ભલું નથી તો બૂરું શું થવાનું છે ? વળી તારે નીતિની ખાતર પણ આતતાયીને હણવા જોઈએ. કૌરવો આતતાયી તો છે જ એ તો હું પણ કબૂલ કરીશ, પણ મારે વિશિષ્ટ નીતિની દૃષ્ટિએ કહેવું જોઈએ કે) ભલે, દુર્યોધન આતતાયી હોય તોપણ (એ મારા પિત્રાઈ ભાઈઓ છે માટે) એમને હણવાથી અમને પાપ જ લાગે.

**નોંધ :** 'હણે તેને હણીએ એમાં દોષ ન ગણીએ'

એ સામાન્ય નીતિ* કરતાં અર્જુનની નીતિ પોતાના કૌટુંબિકો પ્રત્યે તો ઊંચા પ્રકારની છે જ એ આપણે જોયું. પણ હજુ એની ઉદારતા માત્ર કૌટુંબિકોના દેહ પરત્વે છે, ત્યાં લગી એ ભૂલ છે. એવું શ્રીકૃષ્ણ મહાત્મા એને આગળ બતાવશે. હજુ અર્જુન પોતાના પક્ષનું સમર્થન કરે છે.

तस्मान्नार्हा वयं हंतुं धार्तराष्ट्रन्स्वबांधवान् ।
**स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥३७॥**

---

+ કારણ કે, મનુસ્મૃતિકાર ગૃહસ્થાશ્રમીને નીતિ બતાવતાં કહે છે કે, પોતાના ઉપાધ્યાય (શિક્ષણ) કરતાં ગૌરવમાં આચાર્ય દશ ગણા છે અને આચાર્ય કરતાં પિતા સો ગણા ઉત્તમ છે.

* લોકમાન્ય ટિળકે વશિષ્ઠસ્મૃતિ (૧૩૬) નો ઉલ્લેખ આપ્યો છે. તે પ્રમાણે લાક્ષાગૃહમાં પાંડવોને પૂરીને બાળવાનો પ્રયત્ન, જુગારમાં દગો, સતી દ્રૌપદી પર જુલ્મ વગેરે બધાં કૃત્યો આતતાયીનાં જેવાં ઠરે છે. અને આતતાયીને હણવામાં નીતિકારો પાપ લેખાવતા નથી. મનુએ પણ એવા સ્થળો ક્ષમ્ય લેખ્યાં છે. રામાયણમાં તુલસીદાસજી પણ એ જ માન્યતાને અનુસરે છે.

**તો બન્ધુ ધાર્તરાષ્ટ્રોને, હણ્યા જોગ અમે નથી;**
**સ્વજનોને હણી કેમ સુખી થઈશું ? માધવ ! ૩૭**

માટે (કૃષ્ણ) અમારા કૌરવો બંધુઓને (કોઈ રીતે) અમે હણવાને લાયક નથી. હે માધવ ! (એટલે કે લક્ષ્મીના પતિ હોઈ, આપ જાણો જ છો કે જ્યાં ભાઈ, ભાઈને હણે ત્યાં લક્ષ્મીનો વાસ જ કયાંથી હોય ?) તો પછી સ્વજનને હણીને અમે શી રીતે સુખી થવાના છીએ ?

**નોંધ :** અર્જુનની દલીલ પ્રમાણે આ લોક કે પરલોકનું સુખ સ્વજનને હણવાથી ન મળે એ દેખીતું જ છે. આધ્યાત્મિક દષ્ટિએ 'મન' પણ પોતાના નિકટના સ્વજનો એટલે કર્મપુદ્દગલોને હણી નાખે તો આ લોક કે પરલોકનાં વિષય-સુખોરૂપી શુભ કર્મોને કયાંથી પામી શકે ? કારણ કે, હજુએ મનને જેટલો પૌદ્દગલિક સુખનો પરિચય છે એટલો આધ્યાત્મિક સુખનો નથી. એટલે આવી ભૂમિકામાં એ તો પોતાના આ બાહ્ય ગજે જ માપે છે. અર્જુનની પણ અત્યારે આ જ દશા છે. આગળ વધતાં તે કહે છે.

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृंत दोषं मित्रद्रोहे च पातकम् ॥३८॥
कथं न ज्ञेयमस्मामिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९॥

**લોભે ભ્રષ્ટ મતિવાળા, જોકે એ જોઈ ના શકે;**
**કુળના નાશનો દોષ ને પાપ મિત્રદ્રોહનું. ૩૮**
**કુળક્ષયતણો દોષ, જાણ્યા છતાં જનાર્દન !**
**વિચારીએ અમે ના શું ? આ પાપથી નિવર્તવા. ૩૯**

(કૃષ્ણ ! કદાચ આપ કહેશો કે શું તને કુળક્ષયનું પાપ લાગશે અને કૌરવોને નહિ લાગે ? તો મારે આપને નમ્ર ભાવે પણ કહેવું જોઈએ કે) કુળક્ષયનું આવડું ભયંકર પાપ જોકે તે દેખીતું જ છે, છતાં તેઓ જોઈ શકતા નથી કારણ કે એમની બુદ્ધિ લોભે કરીને ભ્રષ્ટ થઈ ગઈ છે, (એટલે કયાંથી જોઈ શકે ? વળી અહીં તો કુલક્ષય ઉપરાંત) મિત્રદ્રોહનું મહાભારત જ ભાખે છે કે 'મિત્રદ્રોહી' કર્મચંડાળ ગણાય છે. પાતક પણ લાગે તેવું છે. (આપ કહેશો કે દ્રોણાચાર્ય કે જેમને તું આચાર્ય માને છે, તેમના કરતાં પણ વધી ગયો ? જોને તેઓ પણ લડવા માટે કેવા

સજ્જ થઈને ઊભા છે ? ક્ષત્રિયે તો 'આહૂતો ન નિવર્તેત' રણથી પાછા ફરવું ન જોઈએ. તોય મારે કહેવું જોઈએ કે જ્યાં પાપ પ્રત્યક્ષ દેખાતું હોય, ત્યાંથી તો પાછા ફરવું જ જોઈએ, અને ગુરુઓની પ્રવૃત્તિ પણ શાસ્ત્રવિહિત હોય, ત્યાં જ એમનું અનુકરણ કરવું, બધી પ્રવૃત્તિનું નહિ. તો પછી હે જનાદર્ન ! આપ પણ દુષ્કૃતને હણો છો ને સુકૃતને તો આદર આપો છો માટે ! આ યુદ્ધમાં ઉપર કહ્યા પ્રમાણે કુળક્ષયનો દોષ અમે તો (સ્પષ્ટ દેખીએ છીએ, તો) દેખતાં છતાં એ પાપથી પાછા હઠવાનું શા માટે ન વિચારવું જોઈએ ?

**નોંધ :** અર્જુને પોતાનો પૂર્વપક્ષ ભારે સબળ દલીલો ઉપર ઊભો કર્યો છે એમ વાચકને લાગ્યા વિના નહિ રહે. હજુ પણ એ પોતાના પક્ષને પુષ્ટ કરવા સારુ પ્રયત્ન કરે છે. જોકે અહીં અર્જુનને અન્યાય ન થાય એટલા સારુ એટલું કહેવું જોઈએ કે એના પક્ષનો આ બધો મદાર માત્ર દલીલો પર જ નથી. સાથે સાથે જે કંઈ એ સમજ્યો છે, તે પ્રત્યેની તેની વફાદારી પણ ભારોભાર દેખાઈ આવે છે. આ જ એની સાધક-વૃત્તિની ઉત્કૃષ્ટ સાબિતી છે. પોતાને જે કંઈ સમજાયું હોય પછી એ સુરૂપ હોય કે બેડોળ હોય, પણ એને વફાદાર રહેવું એ સાધનાની પ્રથમ શરત છે.

**कुलक्षये प्रणश्यंति कुलधर्माःसनातनाः ।**
**धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥४०॥**
**अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः ।**
**स्त्रीषुदुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥४१॥**
**संकरोनरकायैव कुलघ्नानां कुलस्य च ।**
**पतंति पितरो ह्येषांलुप्तपिंडोदकक्रियाः ॥४२॥**
**दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।**
**उत्साद्यते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥४३॥**
**उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।**
**नरके नियतं*** वासोभवतीत्यनुशुश्रुभ ॥४४॥

* અહીં કેટલીક પ્રતોમાં 'नरकेऽनियत' એવો પાઠ છે. नियतનો અર્થ 'નક્કી' થાય અને 'अनियत'નો અર્થ લાંબા કાળ લગી' થાય.

**હણાય કુળના નાશે કુળ ધર્મો સનાતન;**
**ધર્મ નષ્ટ થતાં વ્યાપે આખું કુળ અધર્મથી. ૪૦**
**અધર્મ વ્યાપવાથી તો, ભ્રષ્ટ થાતી કુળ-સ્ત્રીઓ;**
**સ્ત્રીઓ ભ્રષ્ટ થતાં જન્મે, વાર્ષ્ણેય ! વર્ણસંકર. ૪૧**
**કુળ ને કુળઘાતીના નરકનો જ હેતુ એ;**
**પિંડતર્પણ લોપાતાં, પડે છે પિત્રી એમના. ૪૨**
**વર્ણસંકરકારી, આ દોષોથી કુળઘાતીના**
**છેદાય જાતિના ધર્મો, કુળધર્મોય શાશ્વતા. ૪૩**
**કુળધર્મ થકી હીણા, મનુષ્યોનો જનાર્દન !;**
**નરકે નિશ્ચયે વાસ, થાય છે એમ સુણ્યું છે. ૪૪**

(કૃષ્ણ ! આપ તો બધું જાણો છો, છતાં જાણે મારી કસોટી જ કરવા મને આ દશામાં કેમ ન મૂકયો હોય, એમ મને લાગે છે, હું તો કુળક્ષયના* દોષનું નામ સાંભળીને જ થથરું છું. અરે ! એ એક દોષ પાછળ કેવી અનર્થ પરંપરા છુપાયેલી છે! જુઓ :) કુળનો + નાશ થાય કે સનાતન કુળધર્મો × (એટલે કે ઠેઠથી ચાલી આવતી કુળમર્યાદાઓ દરેક કુળને હોય છે અને એથી માનવજાતિના વિકાસમાં મહાન ઉપયોગી થાય એવો સદાચાર જળવાઈ રહે છે. દા.ત. નાનાંથી મોટેરાં લગી દરેક કુળનાં માણસોને પોતાની ખાનદાની કેમ જળવાઈ રહે, એ ખ્યાલ હોય છે. એથી આમ કરવા જતાં રખે આપણા કુળને કલંક લાગે એ ભયથી પણ દુરાચારને÷ માર્ગે જતાં અટકી જવું પડે છે તે નાશ પામે છે અને કુળની મર્યાદાઓ લોપાઈ એટલે અધર્મનું જોર આખાય કુળમાં વ્યાપી જાય છે.

*આ વિષે ઉપર કહેવાઈ ગયું છે કે, કુળનો ક્ષય (કુળધર્મપ્રવર્તક વડીલોના નાશ) એ પ્રથમ દોષ અને એને લીધે કુળની મર્યાદાઓ(કુળધર્મોનો) નાશ એ બીજો દોષ. મર્યાદા લોપાયા પછી અધર્મની વૃદ્ધિ એ ત્રીજો" દોષ અને અધર્મથી થતી સ્ત્રીઓની ચારિત્રહાનિ એ ચોથો દોષ. આને જ પરિણામે વર્ણસંકર પ્રજાની ઉત્પત્તિ.

+ અહીં કુળનો નાશ એટલે કુળધર્મના પ્રવર્તક વૃદ્ધ પુરુષોનો ક્ષય સમજવો.(શંકરાનંદ).

× કુળધર્મ એટલે કુળની મર્યાદા અને જાતિધર્મ એટલે જાતિની મર્યાદા. 'જાતિધર્મ'ના પેટામાં 'કુળધર્મ' આવી જાય છે. પણ ઘણીવાર'જાતિ બહાર' થવાના ડર કરતાં 'કુળ બહાર' થવાનો કે કુળમાં કલંક લાગવાનો ડર વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે અને 'જાતિધર્મ'ની મર્યાદા પણ યથાર્થ તો ત્યારે જ જળવાય કે જ્યારે 'કુળધર્મ' ની મર્યાદા બરાબર હોય.

÷ માણસને દુરાચારની પ્રવૃત્તિથી પાંચ હેતુઓ રોકે છે. (૧) અંતઃકરણમાંથી ઊગેલો ધર્મ (૨) શાસ્ત્રની આજ્ઞા (૩) કુળધર્મ અને જાતિધર્મની મર્યાદાઓ (૪) શારીરિક કે આર્થિક અનિષ્ટ અને (૫) રાજ્યકાનૂન, આ પાંચેમાં પ્રથમના બે હેતુઓ વિચારીને જે માણસ પાપથી ડરે છે તે સર્વોત્તમ કોટીનો છે. તથા કુળ ધર્મ-જાતિધર્મથી ડરે તે સામાન્ય કોટીનો છે. અને છેલ્લાં બેથી ડરે તે જઘન્ય કોટિનો છે. છતાં એ પાંચેથી જે નથી ડરતા એના કરતાં તો એ પણ ઊંચી જ કોટી ગણાય.

અને હે કૃષ્ણ ! (પાપને ખેંચનાર કૃષ્ણ !) અધર્મનું જોર વ્યાપે એટલે (પછી પૂછવું જ શું ?) કુળની સ્ત્રીઓ (કે જેમનું સતીત્વ જ કુળધર્મોનો મુખ્ય પાયો છે તે) દૂષિત થઈ જાય છે. હે વાર્ષ્ણેય ! (વૃષ્ણીકુળના શિરોમણિ ! કુળરત્નો જે રત્નકુક્ષધારિણીઓમાંથી પાકે તે) સ્ત્રીઓ દૂષિત થઈ એટલે વર્ણસંકર પ્રજા જ પેદા થવાની. એ જ વર્ણસંકર પ્રજા પાછી જેણે કુળક્ષયનો દોષ કર્યો છે એવા-કુળ ઘાતીના અને કુળના બન્નેને માટે નરકના કારણરૂપ થાય છે.

**નોંધ :** (કુળઘાતીને નરકના કારણરૂપ એટલા માટે કહ્યા છે કે એ પ્રજા સાથે એના પૂર્વજોનો પણ ઋણાનુબંધ× હોય છે. એટલે એના કુસંસ્કારોની અસર એમને પહોંચે છે. અને કુળને નરકના કારણરૂપ એટલા માટે કહ્યું છે કે એના દુરાચારની અસરથી આખા કુળને એ દુરાચારનો ચેપ લાગે છે. મર્યાદા ગઈ, નેતા ગયા કે પછી નીતિકાર કહે છે તેમ સ્વચ્છંદી વાતાવરણ થઈને અંતે 'कुलं तदवसीदति' તે કુળ પતિત થાય છે.હીન સંસ્કારવાળી જે જાતિઓ દેશોમાં દેખાય છે તે એ વાતની સાબિતીરૂપ છે.) એટલું જ નહીં બલકે એવી પ્રજાના પિતૃઓ (કદાચ સ્વર્ગલોકમાં હોય તોય) પિંડોદક ક્રિયા-શ્રાદ્ધતર્પણક્રિયા લોપાતાં (અધો-ગતિમાં જ) પતન પામે છે.+ (એટલે કે પિતૃઓની* અવગતિ થાય છે.) આ રીતે કુળઘાતકોના આવા વર્ણસંકરકારક દોષોથી શાશ્વત એવા જાતિના અને કુળના× ધર્મો પણ વિચ્છેદ જાય છે. અને જેમના કુળધર્મો વિચ્છેદ ગયા તે

---

×અહીં ઋણાનુબંધનો એ અર્થ છે કે પ્રજાના સર્જકનો પ્રજામાં જે, એક સંસ્કાર પડે છે તે સંસ્કાર સાથે એ સર્જકને જ્યાં લગી મમત્વ હોય ત્યાં લગી તે સંસ્કારને પરિણામે થતા અનિષ્ટની અસર જ્યાં હોય ત્યાં એના સર્જકને પણ પહોંચે છે. વિજ્ઞાનથી પણ આ બીના સિદ્ધ થાય છે. આ દૃષ્ટિએ જ સર્જક માત્ર પ્રજા વાંચ્છે તો સંસ્કારી પ્રજા જ વાંચ્છે છે અને સદાચાર વિના સંસ્કારી પ્રજા પાકી શકે નહીં .

+ પિંડોડકક્રિયા એટલે શ્રાદ્ધતર્પણની ક્રિયા. મૃત થયેલા પિતૃઓ પાછળ તેની તિથિ જોઈ શ્રાદ્ધને દિવસે સુપાત્ર બ્રાહ્મણાદિને જે ભોજન એટલે કે પિંડદાન દેવામાં આવે છે, તેને 'પિંડ'ક્રિયા કહેવામાં આવે છે. (ગીતા તત્ત્વાંક પૃ. ૨૦૨) આ ક્રિયા પાછળ મુખ્ય તો બ્રાહ્મણ-સંસ્થાને નિભાવવાનો આદર્શ હતો. કારણકે બ્રાહ્મણો તે કાળે પ્રજાના સંસ્કારપિતા તરીકેની ફરજ બજાવતા હતા. અને એ ક્રિયા નિમિત્તે બીજાં સુપાત્રોપણ ભોજન પામતાં હતાં.

* પવિત્ર સંતતિએ મરી ગયેલા પિતૃઓ પાછળ દીધેલો પિંડ પિતૃલોકમાં પૂગે છે આ માન્યતા વૈદિક ગ્રંથોમાં ઠેર ઠેર બતાવેલી છે. જો સંતતિ દુરાચારી હોય તો પિંડોદક ક્રિયા કરે જ નહીં.અને કરે તોય તે વિધિસર ગણાય નહીં. કારણ કે એથી સંતતિના પિતૃઓ અધોગતિમાં પડે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં પિતૃલોક એટલે સ્વર્ગલોક. આ વિષે ગીતાજીના આઠમા અધ્યાયમાં જે શુક્લ, કૃષ્ણ બે ગતિ બતાવી છે તે પૈકી કૃષ્ણગતિનો જે આશય છે તે આવાં પ્રકારના સ્વર્ગનો છે. દાનાદિથી સ્વર્ગ મળે છે અને પ્રભુભક્તિથી મોક્ષ મળે છે, આ માન્યતા પ્રત્યેક ધર્મને માન્ય થાય તેવી છે. અહીં 'શ્રાદ્ધતર્પણ' પણ પિતૃલોકમાં પહોંચે છે.એનો અર્થ કરેલું દાન સ્વર્ગદાયક નીવડે છે. પણ જો સદાચારીએ 'સુ'પાત્રને દીધું હોય તો.

× ઉપર ૪૦મા શ્લોકમાં કુળધર્મોને 'સનાતન' વિશેષણ હતું. અહીં ૪૩મા શ્લોકમાં જાતિધર્મ અને કુળધર્મ બંનેને 'શાશ્વત' વિશેષણ છે. આ રીતે જોતા અર્જુનને મન વર્ણાશ્રમના ધર્મોની દુનિયાને પ્રથમ જરૂર હતી, છે અને ત્રિકાલાબાધિત રહેવાની. જનસમૂહ માટે એની વાત સાવ સાચી છે. તેથી જ સ્મૃતિકારોએ 'એષ ધર્મઃ સનાતનઃ'ની મહોરછાપ ઠેકઠેકાણે મારી છે. પણ બધી નીતિઓ અને બધા ધર્મો આત્માધર્મરૂપ સિંધુ આગળ નદી જેવા છે, એ વાત ન ભુલાવી જોઈએ.

મનુષ્યોને ચોક્કસ નરક વાસ સેવવો પડે છે. એમ હું (શ્રુતિ, સ્મૃતિની* પરંપરાએ) સાંભળતો આવ્યો છું.

આર્ય પ્રજાના બધા નીતિગ્રંથો અને સ્મૃતિશાસ્ત્રોના સારરૂપ નીતિ અને સદાચારનું નિરૂપણ અધિકારી અર્જુનને અતિ સંક્ષેપમાં આ રીતે કર્યુ -

"પ્રજાની આબાદાની અને સ્વર્ગનો મૂળ પાયો નીતિ અને સદાચાર છે. વર્ણાશ્રમનાં ગુણકર્મ જાળવવાથી તે જળવાઈ રહે છે અને કુળની મર્યાદાઓ જાળવવાથી વર્ણાશ્રમ જળવાઈ રહે છે. કુળધર્મનો આધાર કુળની તમામ વ્યકિતના સંપ, સદાચાર અને મુખ્યત્વે સ્ત્રીઓનાં લાજ, મર્યાદા, અને શીલ સદાચાર ઉપર છે. એટલે ગૃહસ્થાશ્રમી વ્યકિતમાત્રે સંપને માટે ધનલોભ અથવા સત્તાલોભ તો શું પણ ત્રિલોકના રાજ્યનો લોભ પણ જતો કરવો જોઈએ" કેવળ નીતિની દષ્ટિએ આ બીના સો ટચના સોનાની છે. આમાંનું એક પણ વાકય કાઢી નાખવા જેવું નથી. એક સામાન્ય પદાર્થ માટે મમતાના કદાગ્રહમાં પડી કૈંક કુળ તારાજ થયાં-અને કૈંક ભ્રષ્ટ થઈ ગયાના સંખ્યાબંધ દાખલા છે. પણ અર્જુનની ભૂમિકા વ્યાસજીની દિવ્યદષ્ટિ પ્રમાણે આવી નીતિની કક્ષાથી ઘણી ઊંચી હોવી ઘટે છે, તેમજ પાંડવો અને કૌરવો વચ્ચેનું આ યુદ્ધ એ માત્ર ઉપલક દષ્ટિએ જોતાં દેખાતા ભાઈ ભાઈ વચ્ચેના ઝઘડાને પરિણામે જ નીપજેલું નથી બતાવવું, પણ એની પાછળના ઉદાત્ત આશયો બતાવી, એવા ભયંકર પ્રસંગમાંથી પણ જગતમાં અને જીવનમાં સહુને આદર્શ મળે એ હેતુ સિદ્ધ કરવો છે. એટલે એ બહુ ઊંડે જઈ બધી નીતિઓ અને બધા સદાચારોનાં મૂળિયાં જેમાંથી ફૂટયાં છે એવા આત્મધર્મને ખુદ ભગવાન શ્રીકૃષ્ણ જેવા યોગીશ્વર દ્વારા અર્જુનને ઉદ્દેશીને કહેવડાવે છે. એ પ્રવચનમાં નીતિથી પર તત્ત્વ હોય એ તો સ્વાભાવિક જ છે, પણ નીતિથી પર તત્ત્વ એટલે નીતિનો વિનાશ નહિ પણ નીતિનો વિકાસ, અને નીતિનું વ્યાપકપણું આ બધું કહેવાય તે પહેલાં હજુ અર્જુન જે કંઈ કહેવા માગે છે તે તરફ વળીએ !

**अहो बत महत् पापं कर्तुं व्यवसिता वयम् ।**

**यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः ।।४५।।**

---

* અહીં શ્રીધર આ પ્રમાણે પ્રમાણ ટાંકે છે :-

प्रायश्चित्तमकुर्वाणाः पापेष्वभिरतानराः अपश्चात्तापिनः पापान्निरयान् याति दारुणान्

પાપોમાં રાચ્યા છતાં પ્રાયશ્ચિત્ત અને પશ્ચાત્તાપ નહીં કરનારા પાપિષ્ઠો રૌરવ નરકમાં જાય છે.

**રે ! કરવા મહાપાપ,હા ! તૈયાર થયા અમે;**
**જે રાજ્યસુખના લોભે સગાંને હણવા ઊઠયા. ૪૫**

અહો (દીનાનાથ ! જુઓ તો ખરા આટલું જાણવા છતાં)અમે કેવું મહાપાપ કરવા તૈયાર થઈ ગયા ! (રાજ્યસુખનો લોભ કેવી બૂરી ચીજ છે કે જે દેખતાને પણ આંધળો કરી મેલે છે) અરે રે ! જે રાજ્યસુખના લોભે અમે(અમારા) સ્વજનોને હણવાનો ઉદ્યમ આદરવા બેઠા.

**નોંધ :** આ યુદ્ધ માટે અર્જુનનો જે ખ્યાલ અગાઉ આપણે કહી ગયા એ જ અહીં સાફ શબ્દોમાં પોતે કહી દે છે. "લોભ એ જ્ઞાનીની પણ આંખ બંધ કરીને પાપપ્રવૃત્તિમાં પ્રેરે છે." આ અર્જુનનું વાકય આપણે સહુ માટે મનનીય છે. આવી છેવટની પળે પણ અર્જુનનો રાજ્યસુખનો ત્યાગ આપણને અર્જુન પ્રત્યે સન્માન પ્રેરે છે. આ યુદ્ધ રાજ્યસુખને માટે જ એણે ખેડયું હોત તો એનો ભયંકર અધઃપાત પણ થાત એ વાતેય સાચી છે. પરંતુ આ યુદ્ધ અત્યાચારીઓના અત્યાચારનો દંડ આપવા અર્થે યોજાયું હતું, વિજયનું ગુમાન પરાજ્યની લાચારીમાં જ પરિણમે છે, આવાં આવાં મહાસૂત્રો મહાભારત યુદ્ધમાંથી ફલિત થવાનાં હતાં. આવા અનુભવ માટે આથી ઊંચો માર્ગ નરદમ સહિષ્ણુતાનો - કેવળ અહિંસાનો - હોઈ શકે; પણ અર્જુનની તેટલી તૈયારી તો હજુ નહોતી. શ્રીકૃષ્ણે તો એને માત્ર પોતાની સ્થિતિ કેવી છે એ ઓળખવાની દૃષ્ટિ આપી. એટલે જ એ યોગ પામીને લડયો. લડતા પહેલાં વિષાદ હતો તે ખરી ગયો, એટલે લડવામાં એને ન રહ્યો ખેદ કે ન રહ્યો હર્ષ. એથી જ જીત્યા પછી એને મોહ ન થયો, પણ ઉચ્ચ કોટીની ઉદાસીનતા પ્રાપ્ત થઈ. "પોતાની ભૂમિકાને પ્રાપ્ત થયેલ પ્રસંગને પોતાને ગજે માપી; પ્રભુ સામે દૃષ્ટિ રાખી પતાવી લે, તો સમતા ટકી રહે છે. "આ જ ગીતાનું પરમ રહસ્ય છે.પણ અર્જુનનું મન અત્યારે તો મૂંઝાઈ ગયું છે. એટલે એ એકલાં નીતિસૂત્રોને ગજે જ માપીને આગળ ચલાવે છે. એને પોતાને એમ જ લાગે છે કે, "મને અત્યારે જે જ્ઞાન થયું છે એ પરમ જ્ઞાન છે."છતાં શ્રીકૃષ્ણના પ્રભાવ આગળ એનું આ દૃષ્ટિબિંદુ 'અતિ ગર્વ'માં પરિણમે તેવું ન હતું. સાધકના મને જ્યાં લગી આત્માનંદની લિજ્જત ન ચાખી હોય ત્યાં લગી બાહ્ય સુખને જ તે સુખ માનીને શરીરરૂપી સગાંઓ પર મોહ ઊપજે ત્યારે આવી જ દલીલો તે અંતરાત્મા પાસે મૂકે છે.

**यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणायः ।**
**धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं* भवेत् ॥ ४६ ॥**

**રણે સામે ન થાનારા, શસ્ત્ર વોણા-મને હણે;**
**કૌરવો શસ્ત્રધારી જો ! તો મારું ક્ષેમ છે વધુ. ૪૬**

(માટે હે કૃષ્ણ ! હું તો શસ્ત્ર હેઠાં મૂકવા માગું છું. આ સ્વજનો, વડીલો વગેરેની સામે હું તો ગાંડીવ નહિ ચલાવી શકું ! કદાચ આપ કહેશો કે : તું શસ્ત્ર હેઠાં મેલીશ કે તરત દુર્બુદ્ધિ કૌરવો તો તને રણમાં ઠાર મારવાના ! એમને તું ભીષ્મપિતામહ જેવા નિષ્ઠાવાન રખે ગણતો ! શું ત્યારે પણ તું સામે થયા વગર ચૂપ બેસી રહેવાનો છે ? તો હું આપને વિનવીને કહું છું કે હા, એટલી મારી તૈયારી છે જ; એટલું જ નહિ પણ હર્ષ પૂર્વકની એટલી તૈયારી છે. હું તો એમ પણ માનું છું કે) શસ્ત્ર છોડી દઉં અને કશોય સામનો ન કરું છતાં જો (પોતાના)હાથમાં શસ્ત્ર લઈને કૌરવો મને રણમાં ઠાર મારે તો પણ મારું એમાં વધુ જ ક્ષેમ છે.

**નોંધ :** પ્રાપ્ત વસ્તુનું રક્ષણ કરવાના અર્થમાં 'ક્ષેમ' વપરાય છે. અહીં અર્જુન પોતાના પુણ્યનું રક્ષણ કરવા માટે કશોય સામનો કર્યા વગર કૌરવો જેવા એક વખત પોતાને લાગતા મહાશત્રુઓ ને શસ્ત્રધારીને હાથે મરવું પણ કલ્યાણકર સમજે છે. 'સજ્જનને હાથે મરવું સારું, પણ દુર્જનને હાથે જીવવું નહિ સારું' એ નીતિવચનને મહત્ત્વ ન આપતાં એની ભાવના ઊંચી કક્ષામાં જાય છે. એટલે દુર્જનોના હાથે મરવા તૈયાર થાય છે. એ જે વસ્તુને જે રૂપે માને છે તે રૂપે તો એની બલિદાનવૃત્તિ સંપૂર્ણ છે, એનું હવે પ્રમાણ શોધવા જવું પડે એમ નથી. વધુમાં વધુ નિકટની મમતાવાળી વસ્તુ દેહ તે પણ તજવા એ તત્પર છે. એટલો બધો એને પાપનો ડર છે. તેમ જ પુણ્યના સંરક્ષણની તાલાવેલી છે. ધૃતરાષ્ટ્ર તો આ સાંભળીને દિગ્મૂઢ જ થઈ ગયા. એટલે સંજયે કહ્યું :-

*संजय उवाच ।*

एवमुक्त्वार्जुन संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४७॥

---

*કોઈ ઠેકાણે 'પ્રિયતરં' એવો પાઠ પણ છે એમ 'મધુસૂદન' કહે છે. પણ અમારા જોવામાં એવો પાઠ ક્યાંય આવ્યો નથી.

સંજય બોલ્યા :

**રણે એમ વદી પાર્થ, શોકે ખેદ ભર્યા મને;**
**ધનુષ્ય બાણને છોડી, બેઠો પાછો રથે જઈ. (૪૭)**

(હે ધૃતરાષ્ટ્ર ! એમ કહી ઉપસંહાર કરતાં) સંજયે કહ્યું કે રણાંગણે, ઉપર પ્રમાણે કહીને શોકથી વ્યથિત ચિત્તવાળો અર્જુન તો ધનુષ્યબાણને ફેંકી દઈ (ચૂપચાપ) પાછો રથમાં બેસી ગયો.

**નોંધ:** પ્રથમ એ ધનુષ્યબાણ ચઢાવીને ઊભો થતો હતો. એ ઉત્સાહ ચાલ્યો ગયો. સંન્યાસી ભાષ્યકારો અને ટીકાકારો આમાં મોક્ષ-માર્ગના સાધનરૂપ વૈરાગ્યનું બીજ જુએ છે, પણ ખુદ શ્રીકૃષ્ણ મહાત્મા આને (હવે પછી)મોહ શબ્દથી ઓળખે છે. આને માટે આપણે મોહદયા શબ્દ વાપર્યો છે.

**ॐ तत्सदिति श्रीमद्‌भगवद्‌गीतासूपनिषत्सु ब्रह्मः विद्यायां**
**योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽर्जुन**
**विषादयोगो नाम प्रथमोऽध्याय: ।।१।।**

×ૐ તત્ સત્' એ પ્રમાણે શ્રી ભગવાને ગાયેલી ઉપનિષદો પૈકી બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના સમન્વયવાળા શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે આ 'અર્જુનવિષાદયોગ' નામનો પ્રથમ અધ્યાય પૂરો થયો.

**નોંધ :** વેદો પણ 'ૐ તત્ સત્'થી રચાયા છે અને આ ગીતાના ગાનાર તો 'ૐ તત્ સત્' એવા પવિત્ર નામથી ઓળખાતા શ્રીમદ્ ભગવાન સ્વયં છે. એટલે આને ઉપનિષદ કહો તો ઉપનિષદ કહેવાય, બ્રહ્મવિદ્યા કહો તો તે પણ કહેવાય. યોગશાસ્ત્ર કહો તો તે સુધ્ધાં કહેવાય અને શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ કહો તો તેય કહેવાય. બધાં પદો સપ્તમી વિભક્તિમાં હોઈને આ અર્થ ઠીક બંધ બેસે છે. વળી એ અર્થ કાઢવો હોય તો પણ નીકળી શકે કે : ' ૐ તત્ સત્' એમ કહીને ભગવાને જે ઉપનિષદો ગાઈ, તેમાંથી જ જેમ બ્રહ્મવિદ્યા એટલે સાંખ્યનું તત્ત્વજ્ઞાન અને વેદાંત આદિ દર્શનો નીકળ્યાં તેમ યોગશાસ્ત્ર પણ નીકળ્યું એ જ

---

×"ૐ તત્ સત્ એમ છે નામ, બ્રહ્મનું ત્રણ જાતનું" એ બીના અ. ૨૩ શ્લોકમાં આવે છે.

* લો. તિલક કહે છે કે ગીતામાં 'બ્રહ્મવિદ્યાને આધારે નિષ્કામ કર્મયોગનું જ પ્રતિપાદન છે, કેવળ બ્રહ્મવિદ્યાનું નહિ' પણ વાસ્તવિક રીતે જોતાં ફકત કોઈ એક જ યોગ નથી પણ બંનેનો સમન્વય છે. જ્ઞાનેશ્વર મહારાજના શબ્દોમાં કહીએ તો જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગનો ત્રિવેણીસંગમ એ જ ગીતા. સારાંશ કે ગીતામાં ઉપનિષદ, બ્રહ્મજ્ઞાન અને યોગશાસ્ત્ર એટલું જ નહિ પણ નીતિ, ધર્મ અને યોગદર્શક બધાં શાસ્ત્રો સિંધુમાં નદી સમાય તેમ સમાઈ જાય છે.

રીતે આ શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ પણ નીકળ્યો છે. સારાંશ કે, તે છેલ્લો હોઈ સર્વ કરતાં વધુ મહિમાવાન છે અને બધી દષ્ટિઓનું એમાં દોહન હોઈને સહુ શ્રેયાર્થીઓને એ સર્વ રીતે પ્રેરક બની શકશે. એવો આ કંડિકા પાછળનો કથિતાશય લાગે છે.

## ઉપસંહાર

સંજય પાસે ધૃતરાષ્ટ્ર, કુરુક્ષેત્રનું બંને પક્ષનું વૃત્તાંત હવે પહેલેથી માંડીને સાંભળવા તત્પર થાય છે. ત્યાંથી આ અધ્યાયની શરૂઆત છે.

દુર્યોધન પાંડવસૈન્યનો વ્યૂહ જોઈને અને એમાં રહેલા મહારથીઓને જોઈને ગભરાઈ જાય છે. દ્રોણ પાસે જઈ બંનેય સૈન્યની સ્થિતિ કહે છે.પણ એમાંય ક્ષણે ક્ષણે અભિમાન, નિરાશા, ડાંડાઈ જેવાં (એની પ્રકૃતિનાં) મુખ્ય તત્ત્વો ઊભરાઈ જતાં દેખાય છે. ભીષ્મની એકનિષ્ઠાથી એને કંઈક હિંમત આવે છે, ભીષ્મની સિંહગર્જના પછી એના સૈન્યમાં ઉત્સાહ ફેલાઈ જાય છે, પણ પાંડવસૈન્યના શંખો ફૂંકાતાં જ એ જુવાળ શમી જાય છે અને કૌરવોના હૃદય ચિરાઈ જાય છે, પણ તોય 'હું ભલે પડયો પણ મારો પગ ઊંચો છે,' એવી વૃત્તિવાળો દુર્યોધન હજુ અટકે તેમ ન હતું. સ્વસ્થ થયા પછી રણજંગની તૈયારી થાય છે.

એટલે અર્જુન પણ શ્રીકૃષ્ણ જેવા જ્યાં સારથિ છે અને જેની ધજા પર બ્રહ્મચર્યવીર હનુમાન બિરાજે છે તેવા શ્વેત ઘોડાવાળા રથ માથે ઊભો થઈને પોતાનું અજેય શસ્ત્ર ગાંડીવ ચઢાવે છે, ત્યાં તો એકાએક એને સ્ફુરણ થાય છે.

અને એ સારથિને કહી પોતાનો રથ બે સૈન્યની વચ્ચે ઊભો રખાવે છે. ત્યાં સગાં, સ્નેહી,વડીલ અને પિત્રાઈ ભાઈરૂપ કૌરવોને જોતાં જ, શ્રીકૃષ્ણની દષ્ટિએ કહીએ તો, એને મોહ ઊપજે છે, એને મન એ દયા લાગે છે. જેમાં શ્રીકૃષ્ણને (અર્જુન માટે) આ અનિવાર્ય કર્તવ્ય કર્મ લાગે છે, ત્યાં જ અર્જુનને મહાપાપ અને ભયંકર કર્મ ભાસે છે. જ્યાં શ્રીકૃષ્ણને વિશિષ્ટ નીતિનો આદર્શ દેખાય છે, ત્યાં જ અર્જુનને નીતિનો નાશ થતો લાગે છે. એટલે જ એ બાણકામઠું છોડી 'મરું તો ભલે પણ કોઈની સામે નહિ થાઉં." એમ કહી ખિન્ન હૈયે પાછો રથમાં બ સી જાય છે. એટલે આ અધ્યાયનું નામ 'અર્જુનના ખેદનો યોગ' રાખ્યું છે તે બંધબેસતું બને છે.

આધ્યાત્મિક દષ્ટિએ ધૃતરાષ્ટ્રને ઠેકાણે અશુભ વૃત્તિને જન્માવનાર બહિરાત્મા, સંજયને ઠેકાણે વિચાર, વ્યાસગુરુને સ્થાને જ્ઞાન, દુર્યોધન ઈત્યાદિ

ઠેકાણે દુષ્ટ વિકલ્પો અથવા દુષ્ટ વૃત્તિઓ, પાંડવોને સ્થાને શુભ વૃત્તિઓ, અર્જુનને સ્થાને જિજ્ઞાસુ મન અને શ્રીકૃષ્ણને ઠેકાણે સમદષ્ટિવાળો અંતરાત્મા એમ લેતાં આખું કથાનક આબેહૂબ ઘટશે. બંધબેસતું પણ એ જ છે. અને જે આધ્યાત્મિક દૃષ્ટિએ બંધબેસતું હોય તે વ્યવહારિક દૃષ્ટિએ વધુ બંધબેસતું થાય જ એટલે આપણે આધ્યાત્મિક ગજની દૃષ્ટિ જ (ગીતાના વિવેચન પાછળ) મુખ્ય રાખી છે.

અર્જુનને વૈરાગ્ય થયો, એમ માનવામાં હરકત નથી; પણ જે વૈરાગ્યની પાછળ ઉત્સાહ, સ્ફૂર્તિ વગેરે નથી તે વૈરાગ્ય જ્ઞાનગર્ભિત ન ગણાય. શ્રીકૃષ્ણ તો કુંતીપુત્રને જ્ઞાનગર્ભિત વૈરાગ્યની ભૂમિકામાં જોવા ઇચ્છતા હતા, પણ તે ભૂમિકા દુર્યોધન પ્રત્યેનો ઊંડો ડંખ નીકળ્યા વિના આવે તેમ ન હતું. અર્જુનમાં ક્ષાત્રવૃત્તિ હોઈને એ ડંખ કાઢવાના બે જ માર્ગો હતા. (૧) માનભર્યું સમાધાન ( આ ખાતર તો બીજા બધા ઉપાયો અજમાવાઈ ચૂકયા હતા, હવે તો એક જ માત્ર ઉપાય છેલ્લો હતો. તે ઉપાય એ કે દુર્યોધનનો હૃદયપલટો. સૈન્યનો વ્યૂહ જોઈને દુર્યોધન ચમકયો ખરો પણ એને પાછો ભીષ્મના શંખનાદથી ટેકો જ મળી ગયો. શ્રીકૃષ્ણ આદિના શંખનાદે એ પક્ષનાં હૃદય ભાંગ્યાં ખરાં ! પણ તોય એથી પણ એનો હૃદયપલટો થાય તેમ ન હતું. અહીં જ પ્રકૃતિનાં નિગૂઢ બળો કેવું અજબ કામ કરે છે, તે દેખાઈ આવે છે. દુર્યોધન તો માત્ર નિમિત્ત હતો ! તે બિચારો શું કરે ? એકલો માનવી ધારે તોય સારુંબૂરું બધું એકલે હાથે કરી શકતો જ નથી. બીજાં કારણો મળે ત્યારે જ એને હાથે સારુંબૂરું થઈ જાય છે. આમ સમજીને શ્રેયાર્થી માત્રે સમતાયોગ જ કેળવવો રહ્યો.)

હવે બીજો માર્ગ જોઈએ તો એ માર્ગ તો માત્ર યુદ્ધનો જ રહ્યો હતો. 'વાર્યો ન રહે તે હાર્યો રહે' એવું જ કંઈ ચોક્કસ નિર્માણ હતું. એટલે યુદ્ધ સિવાયનો બીજો પ્રયત્ન નકામો હતો. અર્જુન ઇચ્છે કે ન ઇચ્છે તોય તેને જોડાવું જ પડશે, અને તે કેવી રીતે ?

તે વાત શ્રીકૃષ્ણ એને સમજાવવા માગે છે, જે આગળના અધ્યાયોમાં જોઈશું.

# ગીતાદર્શન

## અધ્યાય બીજો

### ઉપોદ્ઘાત

આ અધ્યાયનું નામ સાંખ્યયોગ છે. ગીતાકાર અહીં સાંખ્ય દર્શનની વાત નથી કહેવા માગતા પણ જ્ઞાનદૃષ્ટિએ જીવનનું અને જગતનું સ્વરૂપ સમજાવવા માગે છે. જૈન- સૂત્રોની પરિભાષામાં કહીએ તો આ અધ્યાયમાં નિશ્ચયનયની દૃષ્ટિ મુખ્યપણે છે. ગીતાકારના શબ્દોમાં કહીએ તો કપિલ મુનિ જે જ્ઞાનદૃષ્ટિને અવલંબીને સિદ્ધ થયા, તે દૃષ્ટિનું અહીં પ્રતિપાદન થયું છે. ગીતાકારનો મુખ્ય ઝોક કર્મયોગ ઉપર છે પણ એ માર્ગે જવા માટે જ્ઞાનની આંખ તો સૌથી પહેલી જોઈએ. ખરી વાત તો એ છે કે, જ્ઞાન એ મધ્યબિંદુ છે. એના આધારે સઘળાં જીવનકર્મો અને જગતનિયમો યથાર્થ રીતે ચાલી શકે છે. જ્ઞાન એ ધ્રુવકાંટો છે. જીવનની નાવડી એને જ લક્ષી સીધી ચાલી શકે છે.

द्वितीयोऽध्यायः सांख्ययोगः

**બીજો અધ્યાય : સાંખ્યયોગ**

*संजय उवाच*

तं तथा कृपयाविष्टमश्रपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

**કૃપા આવેશથી જેનાં, નેત્રો સજળ વ્યાકુળ;**
**એવા તે ખિન્નને ભાખ્યું, આ વાકય મધુસૂદને. (૧)**

(અર્જુનની દશા સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજા તો 'પછી શું થયું' એ જાણવાને ભારે અધીરા થયા. ધૃતરાષ્ટ્રની બધું વૃત્તાન્ત સાંભળવાની આટલી બધી તાલાવેલી જોઈને) સંજય બોલ્યા : (રાજન્ !) આમ કૃપાના આવેશથી યુકત અને આંસુથી ભરેલાં તેમજ વ્યાકુળ નેત્રોવાળા ખિન્ન થતા-અર્જુન-ને મધુસૂદને આવું વેણ કહ્યું.

**નોંધ :** ખેદ થવો અને એને પરિણામે આંસુ આવવાં અને નેત્રો વ્યાકુળ હોવાં વગેરે અર્જુનનાં માનસિક ચિહ્નો અને શારીરિક ચિહ્નો એમ બતાવે છે કે,

મૂળમાં 'कृपयाऽविष्टम्' અર્જુનનું વિશેષણ છે, એનો અર્થ ગુજરાતીમાં આપણે 'કૃપાવેશથી યુકત' જેવો લીધો છે. કારણ કે વસ્તુતઃ એ ખરા અર્થમાં કૃપા નહોતી પણ કૃપાનો આભાસ હતો.

અર્જુનનાં વાક્યોમાં "વડીલો અને બાંધવો સાથે લડવા કરતાં સામનો કર્યા વગર એમને હાથે મરી જવું સારું. હું ત્રણલોકનું રાજ્ય મળે તોય લડીશ નહિ." એમાં જે બંધુસ્નેહ, વિનય, ત્યાગ અને સમર્પણ વગેરે દેખાય છે અને જાણે વૈરાગ્ય થયો હોય એમ લાગે છે; પણ તે વૈરાગ્ય જ્ઞાનમય વૈરાગ્ય નથી. જ્ઞાનમય વૈરાગ્યના મૂળમાં માનસિક સ્વસ્થતા અને શારીરિક દૃઢતા તેમજ બંને પ્રકારની પ્રસન્નતા હોય છે. અર્જુનની સ્થિતિ સાવ આનાથી ઊલટી હતી. એટલે કે એની દયા જ્ઞાનદયા નહોતી, મોહ દયા હતી. મોહદયા એટલા માટે કે એ દયાના ગર્ભમાં બાંધવાદિનો મોહ હતો. મારાં કુટુંબીઓ, એવી મમતા હતી. કુટુંબનું મમત્વ પોતાના દેહ પૂરતા મમત્વથી એક ડગલું આગળ છે, એમાં શંકા નથી પણ સમત્વની ભૂમિકા કરતાં ક્યાંય પાછળ છે. અર્જુન સમત્વની ભૂમિકાને લાયક હતો, પણ અત્યારે એ મોહવશ થઈ ગયો. કારણ કે, અર્જુને જ્યારે કુટુંબને પોતીકું માન્યું એટલે વિશ્વનાં બીજાં અનંત પ્રાણીઓ પારકાં ઠર્યાં. તેથી એ ભેદ-માંથી જે ખ્યાલ ઉત્પન્ન થયા, તે બધા મોહજન્મ જ ખ્યાલ ગણાય. માટે શ્રીકૃષ્ણ મહાત્માએ એને નીચે પ્રમાણે કહ્યું. "જિજ્ઞાસુ મન પણ જ્યારે પદાર્થ કે સંબંધીઓના મોહમાં જીવને પ્રેરવા મથે છે ત્યારે સાધકને પણ અંતરાત્માનો આ જ જવાબ મળે છે."

*श्री भगवानुवाच*

**कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।**
**अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २ ॥**
**क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।**
**क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३ ॥**

**ક્યાંથી આવ્યો તને કાળો, કટાણે મોહ અર્જુન !;**
**આર્યે વર્જ્યો અકીર્તિનો-કર્તા, ન હેતુ સ્વર્ગનો. ૨**
**ન નામર્દપણું પામ, પાર્થ ! છાજે ન એ તને ;**
**દિલદુર્બળતા-ક્ષુદ્ર, છોડી ઊઠ પરંતપ ! ૩**

(હે રાજન ! શ્રીકૃષ્ણે શું કહ્યું ? તે આપ મનને સ્થિર રાખી સાંભળો. આપે હમણાં જે ખ્યાલ બાંધ્યો છે અને અર્જુને ત્યારે બાંધ્યો હતો, તેનાં કરતાં તો સાવ જુદું

---

कस्मल' શબ્દનો અર્થ કાળાશ અથવા મલિનતા થાય છે, પણ અહીં મોહ શબ્દ બંધબેસતો હોઈને કેટલાક ટીકાકારોએ મોહ શબ્દ લીધો છે. આપણે 'કાળો મોહ' એવો લાક્ષણિક અર્થ દાખલ કર્યો છે.

જ એમણે કહ્યું.) હે ! અર્જુન ! (તું તો ઊજળો છે અને ભૂંડા !) આ ટાણે આ મેલો-મોહ તારામાં કયાંથી આવી ભરાયો ? આર્યપુરુષોએ કદી એવો મોહ સેવેલો નથી. વળી એ સ્વર્ગના હેતુરૂપ પણ નથી (એટલે કે ઊલટો અધોગતિએ લઈ જનાર છે.) આ લોકમાં પણ અપયશનો જ દેનાર છે.

હે પૃથાના પુત્ર ! આમ નામર્દ ન થા, તને એ ન છાજે, તું તો પરંતપ (શત્રુઓને સંતાપ કરનારો) છો. માટે ક્ષુદ્ર એવી હૃદયની નબળાઈને છોડીને ઊઠ, ઊભો થા.

**નોંધ :** ઊજળા અર્જુનને કાળાશ ન શોભે ! તારામાં કટાણે આ કાળાશ કયાંથી પેઠી ? આમ કહીને શ્રીકૃષ્ણ એમ કહેવા માગે છે કે, એ વૃત્તિ ઊજળી નથી પણ કાળી છે. ઊંડી ઊંડી એમાં મોહની કાળાશ ભરી છે. એણે જ તારા ઊજળા અંતરને કાળું બનાવ્યું છે અને તેથી જ આ વિષાદ, રુદન ઈત્યાદિ લક્ષણો તારામાં ઊભાં થયાં છે. તારામાં શુભને બા'ને જે અશુદ્ધભાવ આવ્યો છે તે નથી તો પ્રસંગોચિત કે નથી તો સમયોચિત એટલે કે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ એ ત્રણે, એ ભાવ માટે બંધ-બેસતાં નથી. સારાંશ કે દ્વારકામાં તું મારી પાસે આવ્યો અને તારા પક્ષમાં મને ભેળવવા યત્ન કર્યો તે વેળાએ એટલે કે યુદ્ધના ઠરાવની પહેલાં જ આ ભાવ સ્ફૂર્યો હોત તો તેની લિજ્જત જુદી હોત. મેઘ વૃષ્ટિ કરીને સારું ત્યારે કરી શકે કે જો ક્ષેત્ર અને કાળ બંને યોગ્ય હોય ! ઉષરક્ષેત્રે કે અકાળે થયેલી વૃષ્ટિ શા ખપની ? સંભવ છે કે તે તો ઊલટી બગાડ જ કરે. તે જ રીતે અત્યારે સ્ફૂરેલો આ ભાવ કટાણાનો અને કુક્ષેત્રનો છે. એક તો આ યુદ્ધસ્થળ છે અને વળી લડવાનું ટાણું આવી ગયું છે. બંને સૈન્યે પૂરી તૈયારી કરી લીધી છે. આવે ટાણે તારા જેવા ક્ષત્રિયવીરને રણસંગ્રામમાં જોડાવું જોઈએ એમ એક સામાન્ય માણસ પણ કબૂલ કરશે. તું કદાચ એમ કહીશ કે ત્યારે તો દ્રૌપદીના પ્રસંગોને લીધે મારા દિલમાં દુર્યોધન પ્રત્યે ડંખ હતો એટલે ન સૂઝયું પણ અત્યારે તો સૂઝયું છે ના ? હું એ જ કહેવા માગું છું કે, ત્યારે ન સૂઝવામાં જે કારણ હતું તેની જ અત્યારે બીજી બાજુ દેખાઈ રહી છે, એટલે જ અર્જુન ! આવા મેલા-મોહને આર્યોએ + એટલે કે મોક્ષાર્થીઓએ વર્જેલ છે. કારણ કે એ હમેશાં મોક્ષમાર્ગથી ઊલટા એટલે કે બંધનને માર્ગે લઈ જાય છે. માટે તું અગાઉ બોલી ગયો તેમ જો ખરેખર શ્રેય★ ઈચ્છતો હોય તો એનાથી જલદી

+ આર્ય એટલે સત્યાર્થી અથવા મોક્ષાર્થી. આવા જ અર્થમાં આ શબ્દ પ્રાચીન ગ્રંથોમાં અને જૈન-સૂત્રોમાં પણ આવે છે. જુઓ ધમ્મપદ. જુઓ શ્રી આચારાંગ જૈન સૂત્ર ૨.૨. ૮.

★ "न च श्रेयोऽनुपश्यामि" अ. १-३१

વેગળો જ થઈ જા. કદાચ તું કહીશ કે ભલે મોક્ષ ન મળે પણ સ્વર્ગ તો મળશે ને ? તો પણ હું કહું છું કે, ના. એને પરિણામે સ્વર્ગગતિ પણ નથી. ઊલટો એ મેલો-મોહ તો અધોગતિએ લઈ જનાર છે. ખરું પૂછે તો એ આ જગતમાં પણ અપયશ જ આપે છે. આ રીતે મોહ આધ્યાત્મિક દૃષ્ટિએ જ ભયંકર છે એમ નહિ પણ આધિદૈવિક અને આધિભૌતિક × દૃષ્ટિએ પણ હાનિકર્તા છે. આવા મોહનું મૂળ નામર્દાઈ છે. જો પૃથા કેવી સહનશીલ છતાં વીર છે ? તું પૃથાનો પુત્ર છો માટે વીર છો. તને આવી નામર્દાઈ ન શોભે. તું કહીશ કે હું દેહબળમાં વીર છું પણ મારું હૃદય ભાંગી ગયું છે, એટલે શું કરું ? હું પણ તને દેહબળના અર્થમાં કાયર નથી કહેતો. શરીરબળ એકલું તો હાથીમાંય હોય છે પણ સિંહનું બચ્ચું ત્રાડ મારે કે તરત જ એ મહાકાય પ્રાણી પોબારા ગણી જાય છે. પાર્થ ! મનોબળ વિનાનું એકલું શરીરબળ હોય તો તે પશુબળ કરતાંય નપાવટ છે અને મનુષ્યને તે પ્રમાદી બનાવીને નરદમ અધમ જ કરાવે છે. એટલે જ હું તને કહું છું કે હે પરંતપ ! તું એવી હૃદયની ક્ષુદ્ર નબળાઈને છોડીને ઊઠ, ઊભો થઈ જા.

આધ્યાત્મિક દૃષ્ટિએ કહીએ તો જિજ્ઞાસુમને શુભાશુભ વૃત્તિઓના સંગ્રામ ટાણે મોહ આવ્યો એટલે પછી સાધના-મંદિરના તુરત જ ચૂરા થઈ જાય છે. એ વસમી પળ જ સંભાળવાની હોય છે. માટે જ સાધકનો અંતરાત્મા એ વખતે કહે છે કે ઉપર દેખાતી વીરતા છતાં તારી અંતરંગમાં રહેલી દુર્બળતાને છોડીને, હે તપસ્વી મન ! ઊભું થા, નપુંસકપણાને ન પામ. યુદ્ધમાં જોડાઈને વિજય મેળવી લે. નપુંસકતા તને ન છાજે. જ્યારે મહાજ્ઞાની ગૌતમ જેવાને મહાવીર-નિર્વાણ સમયે શરીરમોહ થયો છે ત્યારે ભ. મહાવીરે પણ આ જ વચનો કહ્યાં છે.*

*अर्जुन उवाच ।*

**कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।**
**इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ ४ ॥**
**गुरुनहत्वा हि महानुभावान् श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।**
**हत्वार्थकामांस्तु गुरुनिहैव भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५ ॥**

× કૃષ્ણ, નીલ અને કપોત ત્રણે લેશ્યા કાળાશવાળી કહેવાય છે, તે નરકગતિના જીવોને મુખ્યપણે હોઈ શકે છે, સ્વર્ગગતિના જીવોને નહિ ! માટે એ ત્રણે અપ્રશસ્ત છે. સંસારમાં પણ એવા જીવો ક્ષુદ્ર, સહુને અવિશ્વાસપાત્ર અને હલકા ગણાય છે.

* જુઓ ઉત્તરાધ્યયન સૂત્ર, દશમું અધ્યયન.

**અર્જુન બોલ્યા :**

**ભીષ્મ ને દ્રોણની સામે, રણમાં મધુસૂદન; !**
**બાણે કેમ લડું ? તેઓ પૂજ્ય છે અરિસૂદન. !**
**હણ્યા વિના ગુરુ મહાનુભાવી, આ લોકમાં ભીખીય ખાવું સારું;**
**અર્થેચ્છુગુરુ હણીનેય માત્ર, રક્તેભર્યા ભોગ અહીં જ માણું.× ૫**

અર્જુન (કલ્પ્યાં નહોતાં એવાં શ્રીકૃષ્ણનાં વાકયો સાંભળીને શરમાઈ તો ગયો પણ પાછો થોડી જ વારમાં જરા ઠીક થઈને ધીમે સ્વરે) બોલ્યો : ભલા મધુસૂદન ! (આપે પણ મધુ દૈત્ય હતો એટલે એની સામે ટક્કર લગાવી, પણ આ તો મારા દેવ + છે. તો પછી કહો) રણમાં (જોડાઈને) ભીષ્મ અને દ્રોણ (સમા ગુરુઓની સામે શું મારે શસ્ત્રોથી લડવું ? એમની) સામે શસ્ત્રાસ્ત્રોથી તો હું કેમ જ લડી શકું ? ઓ અરિસૂદન ! (આપ પણ શત્રુનો જ નાશ કરનાર છો, જ્યારે) એ તો મારા પૂજનીય પુરુષો છે, શત્રુ નથી. બોલો ! હવે હું શી રીતે યુદ્ધમાં જોડાઈ શકું?

દ્રોણ જેવા મહાનુભાવી ગુરુઓને ન હણીને કદાચ આ લોકમાં ભટકીને ખાવાનો વખત આવે તોયે બહેતર છે. (આપ જો કહેતા હો કે ભીષ્મ અને દ્રોણ તારા ગુરુઓ ખરા, પણ તેઓએ પોતે જ ધર્મરાજાને કહ્યું છે કે (અમારો નૈતિક ટેકો તો તમને જ છે પણ શું કરીએ અર્થપોષણને સંબંધે કરીને અમે કૌરવો સાથે બંધાઈ ગયા છીએ*) તો પછી એમનું મહાનુભાવી ગુરુપણું કયાં રહ્યું ?" આના જવાબમાં પણ હું તો નમ્રભાવે એટલું જ કહીશ કે) ભલે એ ગુરુઓ અર્થલોભી હોય તોય (જેવા હોય તેવા પણ અમારા ગુરુ તો ખરા ને ? માટે અમારે મારવા ઘટતા નથી, અને માની લો કે) એમને (મારીએ તોય) મારીને પણ એમના લોહીથી ખરડાયેલા ભોગ જ ભોગવવાના ને ? અને તે પણ આ લોક પૂરતા જ. (બસ; કૃષ્ણ ! બસ થયું. આવું ઘોર કૃત્ય મારે હાથે શું કામ કરું ?)

**નોંધ :** અર્જુનની થોડાઘણા પાઠાફેર સાથે પાછી એની એ જ દલીલો ચાલી. "ગમે તેવા તોય ગુરુ તો ખરાને ? એમની સાથે કેમ લડાય ? એમને મારીનેય પરિણામે તો લોહી ભર્યા ભોગ જ મારે ભોગવવાને ? મારે એવું નથી કરવું !" ભીષ્મ ને દ્રોણ અર્થલોભી થયા છે,એમ એ બોલે છે છતાં એને આમન્યા આડી આવે છે. શરમ લાગે છે અને યુદ્ધ પણ એને મન લોહીભર્યા ભોગ ખાતર જ જણાય

×આ ચરણો મિશ્રઉપજાતિમાં છે. + 'પિતૃદેવોભવ', 'આચાર્યદેવોભવ' એમ શ્રુતિઓ કહે છે.
○ મહાભારત અ. ૪૩, શ્લોક-૩૫,૫૦,૭૬, લો.તિ.ગી.પૃ. ૧૨૬

છે. આ બધી વાતો પરથી એ સ્પષ્ટ થઈ રહે છે કે અર્જુન ઉપલક બુદ્ધિએ યુદ્ધનાં સ્થૂળ કારણો પરત્વે જ જુએ છે, એને ખબર નથી કે કુદરત પોતે દુષ્ટતાને હઠાવવા માટે લાકડી નથી લેતી પણ બીજાં નિમિત્તો ઊભાં કરે છે. આ યુદ્ધ પણ એવાં અગમ્ય કારણે કુદરતનિર્મ્યું હતું અને પોતે તો માત્ર નિમિત્ત જ બન્યો હતો.

મન પણ આવા અતંરંગ યુદ્ધમાં પોતે કુદરતી યોજના પ્રમાણે માત્ર નિમિત્ત છે તેટલું ન સમજતાં જ ગોટાળો ઊભો કરે છે.

વળી એ કહે છે :-

**नचैतद्विद्मः कतरन्नो गरीयो**
**यद्वा जयेम यदि वा नो जयेयुः ।**
**यानेव हत्वा न जिजीविषाम-**
**स्तेऽवस्थिताःप्रमुखे धार्तराष्ट्राः ॥६॥**

**નજાણીએ શ્રેય અમારું શું છે ? અમે જીતીએ, અમને જીતે કે;**
**જેને હણી જીવવું ઈચ્છીએ ના, તે કૌરવો સન્મુખ છે ઊભેલા.*** ૬

(અમે એમને જીતીએ તે સારું કે તેઓ અમને જીતે તે સારું ? એ પણ અમે જાણતા નથી, વળી જેમને હણીને અમે જીવવાય ન ઈચ્છીએ (કારણ કે બંધુઘાતકનું બિરુદ લઈ જગતમાં શી રીતે જીવી શકીએ ?) તે આ બંધુ કૌરવો તો સામે જ ઊભા છે. અથવા હે કૃષ્ણ ! આપ જ્યારે એમ જ કહો છો કે તારી સામે બે વસ્તુઓ છે (૧) કાં તો યુદ્ધમાં જોડાવું અને કાં તો (૨) છૂટા થવું. પણ તું યાદ રાખજે કે તું છૂટો થાય તોપણ આ યુદ્ધ અટકી શકે તેવી સ્થિતિ નથી અને યુદ્ધમાં તો જે હણાવાના હશે તે હણાશે જ; પણ તારું તો જીવ્યું પણ ધૂળ થશે. તું તારો સ્વધર્મ ચૂકીશ અને લોકોમાં ફિટકાર પામીશ. અને સાથેસાથે એ પણ કહી દઉં કે છૂટો થઈનેય તું સ્થિર નહિ રહી શકે એટલે પ્રકૃતિપ્રેર્યો પાછો તું યુદ્ધમાં જોડાઈશ જ. તો પછી બોલ હવે તને ગૌરવ કઈ વસ્તુમાં લાગે છે ? સ્વયં તારી હૃદયભૂમિકા તપાસીને આપમેળે જોડાવામાં કે પરાણે જોડાવામાં ? પણ હે અચ્યુત !) આમાં હું કંઈ જ સમજતો નથી. મારું ગૌરવ શામાં છે તે મને સમજાતું જ નથી. વળી અમે એમને જીતીશું કે તેઓ અમને જીતશે એ પણ મને ચોક્કસ ખબર પડતી નથી.

---

* ગીતામાં આ વૃત્ત પ્રચલિત વૃત્ત પદ્ધતિને અનુરૂપ નથી. એને 'ગુ.સમ'માં પ્રચલિતઉપજાતિમાં રાખ્યું છે.

(કદાચ આપ કહેશો કે "તમે જ જીતવાના." તોય શું ? આ અઢાર અક્ષૌહિણી સેનાના-ભોગે જ જીતવાના ને ? અરે જુઓ તો ખરા ! ! જેમને હણીને અમે જીવવા પણ ન ઈચ્છીએ તે અમારા કાકાના પુત્રો તો આ (યુદ્ધમાં) સામે જ ઊભેલા છે.

**નોંધ :** અર્જુનને શ્રેયની ભૂખ છે પણ સાથે એ લોકદૃષ્ટિને ભેગી રાખીને ચાલે છે. સાધકમાત્રને આ જ ગૂંચવાડો નડે છે. માટે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે, "સાધકો ! પ્રથમ તમે લોકસંજ્ઞા (લોકદૃષ્ટિ)થી દૂર રહો અને તમારા સદ્‌ગુરુના કથનનો અગર તમારા અંતરે શોધેલા સત્યનો તમારી જાત પર સંયમપૂર્વક અને સાવચેતીપૂર્વક અમલ કરો. જો એમ નહિ કરો તો વારંવાર મૂંઝવણ ઊભી થવાની. ખરેખર અર્જુન એ રીતે જ મૂંઝાઈ ગયો છે. છેવટે તે કહે છે :-

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयःस्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥७॥

**હું કાર્પણ્યદોષથી ધર્મ ભૂલ્યો ને મૂંઝાયું ચિત્ત એવો પૂછું છું;**
**નક્કી જે હો, શ્રેય મારું કહે તે; શર્ણે આવ્યો શિષ્ય હું શીખ દે તું. ૭***

(ખરેખર કૃષ્ણ ! આપ કહો છો તેમ જ ) કૃપણતાના દોષે કરીને કહો કે દીનતાનાં દોષે કહો- પણ મારી સ્વાભાવિક વૃત્તિ-વીરતા હું ખોઈ બેઠો છું અને એથી જ મારો ધર્મ શો ? મારું કર્તવ્ય શું ? તે સમજવામાં મારું ચિત્ત મોહાઈ ગયું છે.

**નોંધ :** ('જ્યાં આત્મા શિથિલ થાય ત્યાં સ્વભાવ સ્થિરતા ગુમાવી બેસાય અને પછી મુગ્ધ થયેલું ચિત્ત પોતાના કર્તવ્ય સંબંધે સ્પષ્ટ નિશ્ચય ન કરી શકે' એ આપનું કથન મારે માટે અક્ષરશઃ લાગુ પડે છે પણ ત્યારે હવે મારે શું કરવું ? આવી સ્થિતિમાં આપે જ કહ્યું હતું કે સદ્‌ગુરુશરણ સિવાય કોઈ માર્ગ નથી તો હવે હું આપથી વિશિષ્ટ બીજા કયા સદ્‌ગુરુ શોધું ? ) હું તો આપનું જ શરણું સ્વીકારું છું. (હવેથી આપ મારા મિત્ર નહિ પણ અનન્ય શરણ આપનાર ગુરુદેવ તરીકે મારા હૃદયકમળમાં બિરાજો) અને આપને જ હવે હું પૂછું કે મારે માટે જે કંઈ કલ્યાણકર હોય, તે મને નિશ્ચયપૂર્વક કહો. હું તમારો શિષ્ય છું. તમે જ મને શીખ આપો.

અહીં અર્જુનને એટલું તો દેખાયું કે, 'સ્વધર્મ કે સ્વકર્તવ્યનો માર્ગ જો પોતાને જ ખરેખર સૂઝયો હોત તો પોતાની આવી ખિન્ન, પરવશ અને દીન દશા ન હોત. એટલે જ એણે પોતાની બૌદ્ધિક દલીલોમાં હથિયાર હેઠાં મેલી દીધાં અને

* આ ઈન્દ્રવજ્ર વૃત્ત છે; ગુ. સમા.માં 'શાલિની' રૂપે ગોઠવ્યું છે.

સદ્ગુરુશરણ સ્વીકારી લીધું. આ રીતે સાધકમાત્રે મંથન-કાળમાં અભિમાનને છોડીને કોઈપણ પ્રેરક અવલંબન પકડી લેવું જોઈએ. મનસ્વીપણાના એકલા તર્કો સાધનામાં ડખલ કરે છે. સ્વચ્છંદનો નિરોધ થયા વિના મોક્ષનો માર્ગ મોકળો થતો નથી અને સ્વચ્છંદનિરોધ (૧) કાં તો હૃદય ગુફાની ઊંડાણમાંથી આવતા × અને સંયમમાર્ગે પ્રેરતા આત્માના અવાજને પોતાની જાતના ભોગે (પરને ભોગે નહિ.) વફાદાર રહેવાથી અને (૨) સદ્ગુરુને શરણે જવાથી જ થઈ શકે છે.

**न हि प्रपश्यामि ममापनुद्याद्**
**यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् ।**
**अवाप्य भूमावसपत्नमृद्धं**
**राज्यं सुराणामपि चाधिपत्यम् ॥८॥**
**દેવોનું સ્વામીપણું કે ભૂમિનું,**
**સમૃદ્ધ ને શત્રુવિહૂણું રાજ્ય;**
**પામ્યા છતાં એવું ન ભાળું કે જે,**
**મારો હરે ઈંદ્રિયશોષી શોક. ૮**

(પણ અતિ નમ્રભાવે ફરીને આપને વિનવીને કહી લઉં કે) કદાચ સમૃદ્ધિ સંપન્ન અને શત્રુના ભય વિનાનું આખી ભૂમિનું રાજ્ય મળે, એટલું જ નહિ બલકે દેવોનું અધિપતિપણું મળે તોય આ મારો ઈંદ્રિયોને ચૂસી લેનારો શોક ટાળવા માટે તે સમર્થ નથી હો !

**નોંધ :** "અર્થાત્ કે હું આપનું શરણું તો સ્વીકારું છું પણ કૃપા કરીને આપ મને યુદ્ધ માટે આજ્ઞા ન કરશો. કારણ કે સ્વર્ગનું ઈંદ્રપણું કે મર્ત્યલોકનું ચક્રવર્તીપણું આ મારો શોક નહિ ટાળી શકે." આવો અર્જુનનો કથિતાશય છે. 'ચેલા તેરા મગર હુકમ કરના મૈં કહું ઐસા' એ બે વાતને કેમ બને ? જો કે આખરે તો અર્જુને પોતાનું એટલુંય અભિમાન ગાળી જ નાખ્યું છે પણ અત્યારે તો એ કહે છે કે "સો વાતની એક વાત એ કે હું નહિ લડું". સાધકને આ બધી ઘટનામાંથી એકેએકે બાબત પોતા પરત્વે ઘટાવી લેવાની છે. મન હંમેશા આત્મા કને આમ જ લટકાં કરતું હોય છે.

---

'છંદ નિરોહેણ ઉવેઈમુખં' જૈન ઉ.સૂત્ર અ. ૪ શું.
× મૂળમાં શ્રીકૃષ્ણ પ્રત્યે બે વિશેષણો વપરાયાં છે, છતાં એક જ અર્થસૂચક હોઈ'ગોવિંદ' ને બદલે 'અંતે' શબ્દ અર્થમેળ ખાતર વધાર્યો છે.

*संजय उवाच*

**एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतपः ।**
**न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ॥९॥**

સંજય બોલ્યા :

**હ્ષીકેશ પ્રતિ એમ, ગુડાકેશ +પરંતપ;**
**બોલી 'નહિ લડું' એવું, વદી અંતે થયો ચૂપ.(૯)**

(રાજન્ એમ ધૃતરાષ્ટ્રને) સંજયે કહ્યું :-

આ પ્રમાણે હૃષીકેશને કહીને ગુડાકેશ અને પરંતપ'હે (અર્જુન) ગોવિંદ ! માટે હું લડવાનો નથી' (એમ છેલ્લું વાકય) બોલીને ચૂપ થઈ ગયો.

**નોંધ :** હૃષીકેશ અને ગોવિંદ એ વિશેષણો ઈંદ્રિયોના સ્વામી અંતરાત્માને યથાર્થ લાગુ પડે છે. અને 'ગુડાકેશ' તથા 'પરંતપ' એ વિશેષણો સાવધાન અને તપસ્વી મનને લાગુ પડે છે.

**तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।**
**सेनयोरुभयोर्मध्ये विषिदंतमिदं वचः ॥१०॥**

**હસતા હોય એ પેઠે, હ્ષીકેશે સુવાકય આ;**
**રાજન્ ! બે સૈન્યની વચ્ચે, તે ખેદવંતને કહ્યું. (૧૦)**

હે રાજન્ ! બે સૈન્ય વચ્ચે ખિન્ન થઈ બેઠેલા(એવા અર્જુન)ને (જોઈને) જાણે જરા હસતા ન હોય (એવું મુખ કરીને) હૃષીકેશે આ પ્રમાણે કહ્યું :

**નોંધ :** 'અર્જુનનો ખેદ અને શ્રીકૃષ્ણનું હસવું' એ વાત વાચકને બેહૂદી લાગશે કે "શું રોનારનાં આંસુ લૂછવાને બદલે ત્યાં હસવું છાજે ? એ તો નિર્દયતા ગણાય ! " પણ અહીં આ રીતે એ લક્ષણ લાગુ પડે તેમ નથી. કારણ કે અર્જુન સારી પેઠે જાણે છે કે પોતા પ્રત્યે શ્રીકૃષ્ણને ભારે દયા છે; અર્જુનનો પ્રસંગ જ જુઓને ! એ એક તરફથી એમ કહે છે કે,"મારું શ્રેય શામાં છે તે મને કહો અને મને દોરો. હું તમારે શરણે આવી તમારી શિષ્યવૃત્તિ સ્વીકારું છું." અને વળી બીજી તરફ કહે છે કે, "પણ જો જો હોં, હું યુદ્ધ તો નહિ કરું." કેવી બેહૂદી વાત ! આ સાંભળીને જ એમણે

'પ્રજ્ઞાવાદ' શબ્દમાંથી 'મધુસૂદન' નામના ગીતા-વિચારકે'પ્રજ્ઞા+અવાદ' એવો પદચ્છેદ કરી તું પ્રજ્ઞ(ડાહ્યો) છે છતાં પ્રજ્ઞ ન બોલે, એવું બોલી રહ્યો છે : એવો અર્થ પણ ઘટાવ્યો છે. પણ પ્રસ્તુત સ્થળે એ બરાબર ઘટતો નથી કારણ કે શ્રીકૃષ્ણ મહાત્માને તો એમ કહેવું છે કે તું વાણીમાં જ્ઞાનીને મોઢે છાજે એવું બોલે છે, પણ તારા વિચારમાં પાયાની ભૂલ છે, એટલે વર્તન ઊલટું જ દેખાય છે એટલે જ ત્રીજા, અને ચોથા ચરણમાં જ્ઞાની કેમ વર્તે છે તે બતાવ્યું છે.

સ્મિત કર્યું છે. જો કે અર્જુનને આ સ્મિતે ખૂબ શરમાવી મૂકયો અને એટલે જ એ ચેષ્ટા ત્યાં જરૂરી હોઈને જ શ્રીકૃષ્ણે કરી છે એમ મનાવું જોઈએ. સદ્‌ગુરુ હંમેશા સાધકની અનેક પ્રકારે કસોટી કરીને જ પછી ભૂખ જોઈ યોગ્ય જ્ઞાનવાની પીરસે છે. અને ખરી લિજ્જત પણ ત્યારે જ આવે છે. વળી શ્રીકૃષ્ણ મહાત્માનો અહીં સમતાયોગ પણ અજબ દિસે છે. બીજો કોઈ અધૂરો એ જ સ્થળે હોત તો એમ જ કહેત, "આવી કાયરતા જ તારામાં હતી તો પછી દ્વારકામાં મારે પગે પડી મને અહીં લગી કેમ તેડી લાવ્યો ? દુર્યોધન જેવા પાસે મારે તારે ખાતર વિષ્ટિ કરવા જવું પડયું; મને કૌરવોની આંખે કર્યો; આ બધાને કુચે માર્યા અને હવે કહે છે કે નહિ લડું !" આમ કહીને ક્રોધથી ભભૂકી ઊઠત. અને બન્ને સૈન્યની વચ્ચે બિચારા અર્જુનની પટકી પાડી નાખત ! પણ આ તો સમદષ્ટિ પુરુષ હતા એટલે ઠંડે કલેજે જ જરા સ્મિત કર્યું અને કહેવા લાગ્યા. કેવી સ્થિરતા ! કેવી સમતા ! હવે એ (શ્રીકૃષ્ણ મહાત્મા) શું કહે છે તે જોઈએ :

*श्री भगवानुवाच*

**अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।**

**गतासूनगताशूंश्च नानुशोचंति पंडिताः ।।११।।**

શ્રીકૃષ્ણ બોલ્યા :

**અશોચ્યોને અનુશોચે, ને પ્રજ્ઞાવાદ+ તું વદે;**

**ગયા પ્રાણ રહ્યા પ્રાણ,તેવું શોચે ન પંડિતો.(૧૧)**

જે વસ્તુનો શોચ ન કરવો ઘટે, તે વસ્તુની પાછળ તું શોચી રહ્યો છે, અને જ્ઞાનીને છાજે તેવું બોલી રહ્યો છે. (એટલે કે શ્રેય ખાતર હું બધું જતું કરવા તૈયાર છું, એવું એવું) તું જ્ઞાનીને મોઢે (અર્થાત્ હજુ જ્ઞાનની ભૂમિકા પર તું નથી અને એ ભૂમિકાને છાજે એવી વાણી બોલવા મંડી પડયો છે. એટલે જ વર્તન, વિચાર અને વાણીનો મેળ ખાતો નથી. તું કહે છે કે 'શ્રેય ખાતર મરવા તૈયાર છું' ત્યારે શું તેં, 'મરણ' ને જ મોટામાં મોટું સ્વાર્પણ ધાર્યું ? વિચાર તો ખરો, ભાઈ ! એક મૃગ જેવી જાનવરની જાત પણ પોતાનાં બચ્ચાં ખાતર પ્રાણ હોમવા તૈયાર છે. તો શું એ કોઈ બહુ ઊંચી ભૂમિકા તેં માની લીધી ? અરે ! પ્રાણની ખાતર પ્રાણની વાત તો દૂર રહી પણ દુરાગ્રહ ખાતર કે પૈસા ખાતર પણ પ્રાણની બાજી લગાડનારા કંઈ ઓછા નથી. દૂર શા માટે જવું ? આ જો, તું જેમને યુદ્ધમાં ઊભેલા જોઈને થરથર ધ્રૂજી

રહ્યો છે, તે ભીષ્મ, દ્રોણ વગેરેએ પણ પૈસા ખાતર જ પ્રાણની બાજી લગાડી છે ને ! અને આ તારા પિત્રાઈ દુર્યોધને માત્ર દુરાગ્રહ ખાતર જ પ્રાણની બાજી નથી લગાડી શું? ભાઈ ! પ્રાણને તું આવું સર્વોપરી સ્થાન આપે છે એ જ મૂળ ભૂલ છે. પણ હવે તેં ખરેખર જ શિષ્યવૃત્તિ સ્વીકારી છે. એટલે તારી જિજ્ઞાસા જોઈને મારે તને એ મૂળભૂલ બતાવવી પણ જોઈએ. જો સાંભળ. પંડિતો (એટલે કે જેમને બ્રાહ્મ-આત્મભાવ થવારૂપ બુદ્ધિ હોય છે, તેઓ) પ્રાણ ગયા કે ન ગયા' એવો શોચ કરવા બેસતા નથી. (અર્થાત્ કે એ પ્રાણની(જિંદગીને) કસોટીએ કોઈપણ કર્તવ્યને માપતા નથી, (પણ સત્ય અને ન્યાયરૂપી જીવનની કસોટીએ ચઢે છે) જ્યારે તેં તો પ્રાણની કસોટી પર જ આ પ્રસંગને જોયો એટલે મૂળથી જ તારી એ ભૂલ થઈ છે. એ ભૂલને જ પરિણામે તારામાં ખેદ, નિરાશા; હૃદયદુર્બળતા આદિ દોષો ઊભા થયા છે.

**નોંધ :** પ્રથમ ખુલાસો એટલો કરવાનો કે દરેક ટીકાકારે ' ગતાસૂન્ અગતાસૂન.' એ બન્નેને બહુવ્રીહિ સમાસથી ઘટાવવા યત્ન કર્યો છે. આપણે એ બન્નેને કર્મધારય રીતે ઘટાડયા છે. અને એ વધુ બંધ બેસે છે. વળી ઉપર જે 'શુચ' ધાતુ વાપરવામાં આવ્યો છે તેમાંથી 'વિચાર' અને 'શોક' એ બન્ને અર્થો નીકળી શકે, એ રીતે આપણે સમશ્લોકીમાં તથા અર્થમાં દેખાડયું છે. કારણ કે અર્જુને જે ન વિચારવા જોગ વસ્તુ હતી તે વિચારી એટલે જ એને શોક થયો હતો. 'પ્રજ્ઞાવાદ' શબ્દ ગીતાકારે ખૂબ બંધબેસતો વાપર્યો છે. માત્ર જ્ઞાનીની વાતો કે આત્માની વાતો કરવી સહેલી છે પણ જ્યાં લગી વિચારદોષ છે અને એને લીધે વર્તનદોષ છે, ત્યાં લગી તે જ્ઞાનની કે આત્માની વાતો ઊલટી વધુ મૂંઝવે છે. બુદ્ધિવાદ અને અંતઃપ્રેરિત વિચારોનો સુમેળ ન થાય ત્યાં લગી એકલો બુદ્ધિવાદ ભારે અનર્થ કરાવે છે. સાધકમાત્રે આટલું ઘૂંટીઘૂંટીને યાદ રાખવું જોઈએ. શ્રીકૃષ્ણ મહાત્માએ આ પ્રસંગે અર્જુનની ભૂલની શરૂઆત કયાંથી થઈ તે ઉપર દેખાડયું છે. અને (આપણે અર્જુનની સ્થિતિનો અભ્યાસ કર્યો એ રીતે ) એ બરાબર જ લાગે છે. કારણ કે અર્જુનની આંખ 'પિતૃ, પિતામહ, આચાર્યાદિ' ઉપર પડી અને 'આ મરાઈ જશે, એમને હું કેમ મારું " એ ખ્યાલ આવતાં જ એની આ સ્થિતિ થઈ છે. વાસ્તવિક રીતે જોતાં યુદ્ધની આદિમાં એ મરાશે જ. અને અર્જુન એમને મારશે." એવું જ્ઞાન અર્જુનને નહોતું જ. જ્ઞાન હોત તો એ 'બનવા કાળ બનશે' એનો એને ખેદ ન થાત, પણ ઊલટો પોતે પોતાની 'આત્મસ્થિરતા' કાયમ ટકાવવા જેવો પુરુષાર્થ કરત અને કદાચ શ્રીકૃષ્ણની આ ટાણે મદદ લેત તો તે તેવા

આત્મજ્ઞાન માટે લેત. જુઓને ! ભીષ્મ જેવા પોતાની દશા ખુલ્લા શબ્દોમાં યુધિષ્ઠિરને કહે છે કે અમે 'અર્થના દાસ'× બનીને દુર્યોધનના પક્ષમાં મળ્યા છીએ. અમારો નૈતિક ટેકો તો પાંડવ પક્ષમાં જ છે; છતાં અમે અત્યારે જે પક્ષમાં છીએ તે પક્ષની વફાદારી ખાતર અમે પ્રાણ ઓવારીશું. એટલે કે અમે અર્થ ખાતર પ્રાણ આપ્યો છે પણ સિદ્ધાંત નથી આપ્યો. અર્જુનની ગાડી આના કરતાં વધુ ઝડપી હોવી જોઈએ, તેને બદલે મૂળ પાટા ઉપરથી જ ઊતરી ગઈ છે. અને આ સ્થિતિ જોતાં "એમરાશે જ અને હું એમને મારીશ જ." એ ખ્યાલની પાછળ અભિમાન છે કે જેને અર્જુન પોતે નથી જોઈ શકતો, પ્રાણના અભિમાનની દૃષ્ટિ હોવાથી જ તે સામે પણ માત્ર મુખ્યત્વે જ નહિ બલકે કેવળ પ્રાણોને જોઈ શકયો છે. પ્રાણોની પાછળ રહેલા ચિરસ્થાયી સિદ્ધાંતને નથી જોઈ શકતો. એ જ પાયાની ભૂલ. આનો અર્થ એ નથી કે જ્ઞાનીજનો બીજાના પ્રાણ સામું જોતા નથી. એ પ્રાણ સામું જરૂર જુએ છે, પણ એની મુખ્ય કસોટી સિદ્ધાંત હોય છે. સિદ્ધાંત એટલે આત્માની કસોટીએ નક્કી કરેલો નિર્ણય. જ્યાં લગી આત્મા અને પ્રાણ બેય જળવાય ત્યાં લગી એ (જ્ઞાની) પોતાપક્ષે કે પરપક્ષે લાગણી દુભાવવાનો પ્રસંગ ટાળવા યત્ન કરે છે.પણ જ્યારે એક તરફ સત્ય-પ્રેરિત નિર્ણય અને બીજી બાજુ લાગણી, દુઃખ અથવા પ્રાણની બાજી હોય તો તે બે પૈકી પહેલી જ બાજુને પસંદ કરી લે છે. પછી પ્રાણ જાય કે રહે તેનો વિચાર કરતા જ નથી અથવા પ્રાણ જાય કે રહે તેનો પાછળથી શોક* કરતા નથી. જૈનસૂત્ર આચારાંગમાં પણ આચારાંગકાર એ જ વાતને નીચેના આકારમાં પ્રગટ કરે છે કે "જે આત્મવાદનો લોકવાદ,કર્મવાદ અને ક્રિયાવાદ સાથે પોતાના સ્થાન પ્રમાણે સમન્વય નથી ત્યાં તે આત્મવાદ સાધક નહિ પણ ઘાતક નીવડે છે. કારણ કે ત્યાં એકાંતવાદ આવી જાય છે.જ્યારે ખરી રીતે અનેકાંતવાદ હોવો જોઈએ. જ્યાં એકાંતવાદ છે ત્યાં અજ્ઞાન છે અને અનેકાંત વાદ છે ત્યાં જ્ઞાન છે."

---

× अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित्।
इति सत्यं महाराज ! बद्धोस्म्यर्थेनकौरवे ।।

'મનુષ્ય અર્થનો દાસ છે; અર્થ કોઈનો દાસ નથી.' હે મહારાજ ! આવું સત્ય મને લાગુ પડયું છે. હું કૌરવોથી અર્થ વડે બંધાયો છું. મહા. ભીષ્મપર્વ અ. ૪૩મો ટિલક ગીતા.

* શોક આ 'શુચ્ ધાતુ સાથે ગીતાકારે 'અનુ' ઉપસર્ગ વાપર્યો છે તે બરાબર એમજ સૂચવે છે કે આત્માનો વિચાર કરીને તે ઝુકાવે છે, પછી પ્રાણ જાય કે રહે તેનો પ્રથમ જ વિચાર કરી લે. 'પાછળ' વિચાર કરતો નથી. જ્યારે તેં તો અત્યારે કટાણે આ વિચાર કરવા માંડયો છે. આ ટાણે એ વસ્તુ વિચારવા જોગ નથી.

* જુઓ શ્રી આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધનો ગુ. અનુવાદ પૃ. છઠ્ઠું.

नत्वेवाऽहं जातु नाऽऽसम् नत्वं नेमे जनाऽधिपाः।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥
देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥१३॥

**તું, હુંને આ નરાધીશો, નો'તા પે'લાં હવે પછી;**
**આપણે સૌ ન હોવાના, એવું તું જાણ મા કદી. ૧૨**
**જેમ દેહી અહીં દેહે, જુવાની બાલ્ય ને જરા;**
**પામે તેમ બીજો દેહ, તેથી મોહે ન ધીર ત્યાં. ૧૩**

(અર્જુન ! પંડિતો મુખ્યત્વે 'પ્રાણ'નો વિચાર કરતા નથી.એનું કારણ એ છે કે એ ત્રણે કાળની પાછળ રહેલા અખંડ તત્ત્વને જાણતા હોય છે અને એથી જ પ્રાણ ગયા કે રહ્યા, એનો શોક એને તારા જેવી વિષમ સ્થિતિમાં મૂકી શકતો નથી. તું વિષમ સ્થિતિમાં એથી મુકાઈ ગયો છે કે તને એમ લાગે છે કે "આ યુદ્ધમાં મરનારા પાછા જન્મશે જ નહિ અથવા તો એમની સાથેનો તારો સંબંધ કાયમ માટે છૂટી જશે. અને એથી જ તું એમનો ઋણી રહેવાના ભયે ત્રાસી રહ્યો છે. પણ હું તને ખરું કહું છું કે) તું, હું અને આ રાજાઓ પૂર્વકાળમાં કદી નહોતા જ (મળ્યા) એમ પણ ન જાણતો અને હજી પણ ભવિષ્યે કદી નથી જ (મળવાના) એમ પણ ન જાણતો. (કારણ કે આપણા જન્મવા અને મરવા પાછળ પણ ઘણાં કારણો છે. જેમ ઘડો તૈયાર થવા માટે એકલો કુંભાર જ બસ નથી એ તો માત્ર એક નિમિત્ત છે, તેમ તું, હું અને આ સૌ, આ યુદ્ધમાં પણ નિમિત્તરૂપ છીએ. જેમ ઘડા પાછળ માટી એ મૂળકારણ છે તેમ આપણા સહુમાં રહેલા 'આત્મા'ને સ્પર્શેલા વિકારો મૂળકારણ છે. છતાં માટી જેમ ઘડામાં ઓતપ્રોત છે તેમ આત્મા, દેહ સાથે ઓતપ્રોત નથી એ વાત પણ તું ન ભૂલતો.)

(ભારત) જેમ દેહધારીને પોતાના આ લોકમાં મળેલા દેહમાં બાળપણ, જુવાની અને ઘડપણ એમ ક્રમેક્રમે ત્રણે અવસ્થાઓ આવવાની જ (એનો તને ખ્યાલ છે) તે જ રીતે પરલોકમાં પણ બીજો દેહ મળવાનો છે (એવો ધીર પુરુષ-પંડિત પુરુષનો ખ્યાલ હોય છે.) માટે (બાળપણ ચાલ્યું જતાં જેમ જુવાન રડતો નથી તેમ) ધીર પુરુષ ત્યાં (શરીર કિંવા પ્રાણમાં) મૂંઝાઈ પડતો નથી (એટલે કે, આત્મ-નિશ્ચયમાં દઢ રહે છે.)

**નોંધ :** બારમા શ્લોકમાં પુનર્જન્મવાદના મહાન સત્યનું નિરૂપણ છે. અહીં શ્રીકૃષ્ણ અર્જુનને એમ કહેવા માગે છે કે "દ્રોણાચાર્ય વગેરેનાં અહેશાનો તારા ઉપર તું માને છે પણ કદાચ એમ પણ કાં ન હોય કે, આ પહેલાંના ભવમાં તારા એ ઋણી બન્યા હોય એનો આ ભવે તને શિક્ષણ આપીને બદલો વાળ્યો હોય. કદાચ એમ ન હોય અને માની લે કે, આ ભવે જ એમનો નવો ઉપકાર તારા પર ચડયો છે, તો ય તે ઉપકારનો બદલો આ જ ભવે આપી દેવો રહ્યો છે એમ ન માનતો. કારણ કે જ્યાં લગી લગારે આસક્તિ છે, ત્યાં લગી દેહીને પુનર્જન્મ ધર્યા વિના છૂટકો નથી. પણ આ પરથી 'કોઈના ઋણનો' બદલો જ તારે આ ભવે ન વાળવો એમ હું નથી કહેવા માગતો. તું જરૂર એમનું ઋણ ફેડવા માટે બનતું કરી છૂટ. પણ એ ઋણ ફેડવાની વિચારસરણી પાછળ તું મૂળ આત્મા ખોઈ બેઠો છે તેમ ન થવું જોઈએ. ખરી વાત તો એ છે કે તું આત્માને બરાબર સંભાળ એટલે આખા જગતનું ઋણ તેં વાળ્યું જ છે. તરત આ વાત તને ગળે નહિ ઊતરે, તને એમ પણ લાગશે કે જો તમે 'આત્મા' ને સંભાળવાની વાત કરો છો તો 'હું નહિ લડું' એમ કહું છું એમાં શું ખોટું છે ? 'લડવાથી તો પ્રાણહાનિ થાય, શું કોઈના પ્રાણ લેવા એ જ આત્મકલ્યાણનો માર્ગ છે ?' પણ તારી આ લાગણી જે શબ્દોમાં તું મૂકે છે, તે શબ્દો પણ પ્રસંગને છાજતા નથી. કારણ કે લડવું - એટલે બીજાના પ્રાણ લેવા માટે લડવું - એ કુભાવના હોય તો તો, તે યુદ્ધ ધર્મયુદ્ધ કદી ન હોઈ શકે. યુદ્ધ ધર્મયુદ્ધ ત્યારે જ હોઈ શકે કે જ્યારે એ યુદ્ધ પાછળ કોઈના પ્રાણ લેવાનો હેતુ ન હોય પણ સિદ્ધાંત જાળવવાનો જ હેતુ હોય. હા, તારી એટલી શંકા વાજબી છે કે, શું આવા માનવસંહારના યુદ્ધ સિવાય સિદ્ધાંતજાળવણી ન હોઈ શકે ? પણ એનો જવાબ એ છે કે આ માનવસંહારક યુદ્ધ નિવારવા માટે મેં મારાથી બનતું કર્યું; પણ માનવદેહમાં રહેલા, મારું પણ ત્યાં ન ચાલ્યું, એટલે જ મેં તારું સારથીપણું કબૂલ્યું અને તે એટલા માટે કે, તારી વીરતાની પાછળ એકલી પશુતા કે આસુરવૃત્તિ નથી; પણ મીઠી માનવતા અને દિવ્યવૃત્તિ પડયાં છે. એમને જાગૃત કરાવવાં કે જેથી આટલા માનવસંહારક યુદ્ધને અંતે તમારા પક્ષ અને દુર્યોધનાદિ પક્ષ વચ્ચેનાં ઊંડાં વૈરો-અહીંથી જ સમૂળા નીકળી જાય અને ભવિષ્યના જગતને શાન્તિનું વાતાવરણ મળે. એ તો હું કહી ગયો છું કે હૃદયનું ઊંડું વૈર પણ આવા યુદ્ધ વિના અટકી જ ન શકે એમ નથી; પણ તમારા બંને પક્ષે તો એવું જ છે, કારણ કે મારો માનુષી પુરુષાર્થ એકલો પૂરતો ન થયો. બીજાં બધાં કારણો કે જે હું આગળ ઉપર ક્રમે ક્રમે કહેવાનો છું તે યુદ્ધની તરફેણમાં હતાં એટલે મારે પણ એની

તરફેણમાં જ ભળવું પડયું. અર્જુન ! હું ખરું કહું છું કે માનવી પુરુષાર્થ ભલે કરે. પણ પહેલાં તો એનો પુરુષાર્થ કશાય મૂઢ સ્વાર્થની ગંધવિહૂણો એટલે કે, સમભાવભર્યો છે કે કેમ એટલું એ તપાસી લે એમ છતાં પણ જો પોતાનું ધાર્યું ન થાય તો, બીજાં કુદરતી કારણોનું જે બાજુ વલણ હોય, તે બાજુમાં સાથ આપી શકે તો (સમતાપૂર્વક સાથ) આપે, અને સાથ આપવા જેવી સ્થિતિ પણ ન હોય તો, સમતાપૂર્વક એક કોરે બેસે પણ એક સ્થિતિમાં રહ્યો રહ્યો મૂંઝવણના વમળમાં ન પડે. ભાઈ ! જો, મેં હથિયાર હેઠાં મેલ્યાં કારણ કે મારે માટે યુદ્ધ સંન્યાસનું નિર્માણ છે. એટલે યુદ્ધમાં સક્રિય ભાગ મારી જાતને આપવાનો નથી પણ તારે માટે એથી જુદું જ નિર્માણ છે. એટલે તારી જાતને તો યુદ્ધમાં જોડયા સિવાય તારો છૂટકો જ નથી. એ ખાતર હું તને એ જ વાત કહું છું કે પુનર્જન્મ છે, માટે તું 'એ મરી જશે કે હું મારીશ.' એ વાતની ચિંતા ન કર. પછી તેરમા શ્લોકમાં એ કહ્યું કે, "જેમ એક જ દેહમાં રહેલો આત્મા પોતાના આ એક જ ભવમાં ત્રણ અવસ્થાઓ જુએ છે એની એને ખાત્રી છે તેમ આ દેહ જ્યારે નષ્ટ થાય, ત્યારે પણ બીજી અવસ્થાઓ કેમ ન હોય ? કારણ કે બીજો દેહ અને આ જ દેહનું અવસ્થાંતર એ બેમાં સ્થૂળભાવે ભલે ભેદ લાગતો હોય પણ તાત્ત્વિક ભેદ કશો જ નથી, એટલે કે, જેની સાથે એ જીવે સજાતીય કર્મોનાં સગપણો બાંધ્યાં છે, ત્યાં જ એ પાછો યોજાવાનો છે. હા; બહારની સ્થિતિથી એના સ્થૂળ દેહમાં ફેર પડે એ સંભવિત છે. પણ અંતરંગ સ્થિતિમાં ફેર ન પડે ત્યાં લગી બહારના સ્થૂળનો ફેર શા ખપનો ?

આમ સમજીને જ ધીરપુરુષ એટલે કે વીરતા સાથે ધીરતા પણ જોઈએ કારણ કે ધીરતાનો સંબંધ વિશેષપણે તો સૂક્ષ્મ સાથે છે-હોઈ, મૂંઝાતો નથી. માટે તું પણ સૂક્ષ્મ તરફ જોવા માટે, ધીર થા. ધીરતા વગરની વીરતા બહુ કિંમતી નથી. હું ઈચ્છું છું કે તું જેમ દુર્યોધનાદિના સ્થૂળ દેહ ન પડે એમ ઈચ્છે છે તેમ સૂક્ષ્મ દેહ સુધરે એમ ઈચ્છ. અત્યારે તું એટલું તો બોલી ગયો કે દુર્યોધન તો દુષ્ટ બુદ્ધિનો છે. અને એની દુષ્ટ બુદ્ધિ એનો દેહ હણાય તો ય નથી જવાની અને દેહ રહે તોય નથી જવાની. એટલે એવો શોક કે વિચાર નિરર્થક છે. એને માટે તો તારે ઘણી સહનશીલતા કેળવવી પડશે અને સમતા સાધવી પડશે. એમ થશે તો તારી એ સહનશીલતાનો અને સમતાનો દુર્યોધનાદિને વહેલો કે મોડો જરૂર ચેપ લાગશે. જો કે મારી સલાહ તો એ જ છે કે, ચેપ લાગે કે ન લાગે તોય તારે તો એવા સાત્ત્વિક ફળની ઈચ્છા રાખીને પણ પુરુષાર્થ ન કરવો. તારે તો તારા પોતાના આત્માને જ સુધારવા તરફ દૃષ્ટિ રાખવાની છે એ વાત પણ હું તને આગળ કહેવાનો છું. જો કે

એટલી બધી ઊંચી વાત અત્યારે તું ન સમજે એ બનવા જોગ છે, પણ વહેલાં મોડાં એવું સમજ્યા વિના છૂટકો નથી, માટે જ પ્રથમ તો હું એ કહું છું કે તું મૂંઝ મા. દેહને લગતો વિચાર અત્યારે છોડી દે, આત્માને લગતો વિચાર કર. સાધ પણ પોતાના અંતરંગ સમરાંગણમાં શ્રીકૃષ્ણ મહાત્માનો ઉપદેશ બરાબર લા પાડવાનો છે. બીજી વાત :

૧૩મા શ્લોકને ઊંડાણથી જોઈએ તો એમાંથી એવો ભાવ પણ નીકળે છે કે જેમ દેહધારીને પોતાનાં બાળપણ, જુવાની અને ઘડપણ કોઠે પડી જાય છે (ભલે બીજા જોનારને એનો બુઢાપો દુઃખકારી લાગતો હોય પણ એ બુઢાને તો આખરે બુઢાપો સદી જ જાય છે.) તેમ જીવને પણ પુનર્જન્મ ગમે તેટલો ભયંકર લાગે તોય સદી જાય છે. આથી આવું વિચારીને વીરપુરુષ પુનર્જન્મ મળે તેથી મૂંઝાતો નથી. એની સ્થિતિ તો 'ભવસાગર સબ સુખ ગયા, અબ ફિકર નહીં મુઝે તરનનકી' જેવી હોય છે. જ્ઞાની અને અર્ધદગ્ધમાં આટલો જ ફેર છે કે જ્ઞાની પુનર્જન્મથી નથી બ્હીતો પણ પુનર્જન્મનાં કારણોથી બ્હીએ છે, જ્યારે અર્ધદગ્ધ તો કદાચ પુનર્જન્મથી બ્હીએ છે પણ પુનર્જન્મનાં કારણોથી તો લગારે ડર્યા વગર પાપપ્રવૃત્તિમાં ભળી જાય છે. એટલે જ જ્ઞાનીના પુનર્જન્મ ટળે છે.

(કારણ કે પુનર્જન્મનાં કારણો ટળવાથી કાર્ય ટળે જ.) પણ અજ્ઞાનીના પુનર્જન્મ ટળતા નથી. (કારણ કે બધાં કારણો ભેળાં મળે તો કાર્ય થાય જ. ) પણ આવી દશા સહેજે મળતી નથી. એને સારુ પ્રથમ તો અભ્યાસની જરૂર પડે છે. માટે એ આગળ વધતાં કહે છે :-

**मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ।**
**आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥१४॥**
**यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।**
**समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥१५॥**

**ઈંદ્રિય-વિષયસ્પર્શો, અનિત્ય આવતા જતા;**
**ટાઢાંઊનાં સુખોદુઃખો,દીએ કૌંતેય ! તે સહ. ૧૪**
**કારણ કે નરશ્રેષ્ઠ ! જે નરને ન એ પીડે;**
**દુઃખે સુખે સમો ધીર, તે અમૃતત્વ+યોગ્ય છે. ૧૫**

+ મોક્ષગતિ મેળવવા માટે.

(અર્જુન ! હવે તો તું વિચારમાં પડી ગયો ખરું કે ? તને એમ લાગે છે કે, જો 'દેહાંતર' એ પણ બાળક, જુવાની અને બુઢાપા જેવો પર્યાયાંતર હોય, તો આ જન્મ અને મરણથી આટલાં બધાં સુખદુઃખ કયા કારણે થાય છે ? જગતના કરોડો દેહધારીઓનો આવો નિત્યનો અનુભવ છે, તો શું તે ખોટો છે ? અને ખોટો છે તો કયાં કારણે ?વળી જો એ પ્રત્યક્ષ અનુભવ પણ ખોટો હોય તો પછી'સુખની પ્રાપ્તિ અને દુઃખના અભાવ માટે જ સર્વેદેહીઓની પ્રવૃત્તિ છે.*

એટલે કે પ્રવૃત્તિ જ શા માટે ? કારણ કે 'હેતુ વિનાની પ્રવૃત્તિ પણ શી ? એ દૃષ્ટિએ પણ આ યુદ્ધ તો અર્થ વગરનું જ ઠરે છે." પણ આ માન્યતા તારી ભૂલ-ભરેલી છે. પ્રવૃત્તિનો હેતુ તો અમૃતત્વ બંધનમુકિત-મોક્ષ છે. એ મોક્ષમાર્ગમાં 'સુખ'અવશ્ય છે, પણ એ સુખ આત્માધીન હોય છે. જ્યારે તું જે સુખની વાત કરે છે તે પરાધીન છે. વિષય અને ઈંદ્રિયોના સંયોગોથી એ વેદાય છે. માટે જ એ પરાધીન છે. સુખની બીજી બાજુમાં દુઃખ પડયું છે. જ્યારે આત્માધીન સુખમાં, દુઃખનો છાંટોય નથી. આવું આત્માધીન સુખ મેળવવા માટેના બે માર્ગો છે. એક એ કે વિષયોથી ઈંદ્રિયોને વેગળી રાખીને એકાંતમાં રહી તપશ્ચર્યાદ્વારા એવી સ્થિતિ કરી મૂકવી કે પછી વિષયોને ઈંદ્રિયોનો સંગ થાય તોય આત્મા અડોલ રહે. અને બીજો માર્ગ એ કે, ઈંદ્રિયોનો અને વિષયોનો સંગ બળાત્કારે ન ઈચ્છવો; પણ પોતે જે ક્ષેત્રોમાં હોય તે ક્ષેત્રોમાં સંગ ટાળવાનો શકય પુરુષાર્થ કરવા છતાંય થાય તો એ સંગથી જે કંઈ ટાઢું, ઊનું, સુખ કે દુઃખ થાય તે ક્ષણિક જ માનીને એમને ધૈર્યપૂર્વક સહી લેવું, અધીરા થઈ અકળાવું પણ નહિ અને અભિમાને થઈને ફુલાવું પણ નહિ. આ બીજો માર્ગ તારે માટે પથ્ય છે માટે જ તને યુદ્ધ કરવાનું કહું છું.

ઓ કુંતીના પુત્ર ! (જેમ કુંતીમાતાએ ઘણાં ઠંડી, ગરમી અને સુખદુઃખો સહ્યાં છે તેમ તું પણ ) આ ઈંદ્રિયો અને વિષયોના સંયોગથી અંતઃકરણમાં જન્મતી સ્થિતિ કે જે ઠંડી અને ગરમી, સુખ અને દુઃખ ઈત્યાદિ જોડકાંઓને આપે છે, તે સ્થિતિ(ને બરદાસ્ત કરી લે. કારણ કે) ઉપજવાના અને લય પામવાના સ્વભાવવાળી હોઈને-અનિત્ય છે. માટે હે ભારત ! (જે ભારતકુળમાં અનેક ક્ષમતાવીર રત્નો પાકયાં છે તે કુળના સપૂત !) તું એ બધાંને સહન કરી લે.

કારણ કે પુરુષમાં શ્રેષ્ઠ એવા હે અર્જુન ! જે પુરુષને એ (માત્રાસ્પર્શો) વ્યાકુળ

---

सर्वत्र सर्वस्य सदा प्रवृत्तिर्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथाऽपिदुःख न विनाशमेति सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ।।
અર્થ : બધા જીવોની પ્રવૃત્તિ દુઃખના નાશ માટે ને સુખપ્રાપ્તિ માટે છે છતાં તેમ થતું નથી.

કરતા નથી અને એથી જ જેને સુખ અને દુઃખ બેય સમાન લાગે (એવો અભ્યાસ પડી ગયો) છે તે ધીરપુરુષ જ અમૃતત્વ મોક્ષને* માટે યોગ્ય છે.

**નોંધ :** અર્જુનને જે શ્રેય જોઈતું હતું તે શ્રેયનો ખરો માર્ગ શ્રીકૃષ્ણે સંક્ષેપે તો ઉપર જ બતાવી દીધો. એમણે એમ પણ સૂચિત કર્યુ કે, તને જે ખેદ થયો છે તેનું કારણ પણ ક્ષણમાં ઊપજી પાછાં ભાગી જવાના સ્વભાવવાળા-અનિત્ય માત્રા સ્પર્શો છે. માત્રાસ્પર્શો શબ્દ ખૂબ ભાવાહી છે. એનો શાસ્ત્રીય પરંપરાએ ચાલતો આવેલો અર્થ તો ઉપર આપ્યો જ છે. પણ 'માત્ર જેનો થોડો સ્પર્શ જ થતાં જીવ સ્થિરતા ગુમાવી દે છે, તેવો સરળ અર્થ લઈએ તો બહુ દૂર ન જવું પડે ને ગંભીર અર્થની સહેજે પકડ થઈ જાય તેમ છે. 'शीतोष्णसुखदुःखदाः ' એ માત્રા-સ્પર્શનું વિશેષણ છે એ તો નક્કી; પણ કેટલાક ભાષ્યકારો એને બે જોડકાંનો 'દ્વંદ્વ+સમાસ' માને છે, જ્યારે કેટલાક 'મધુસૂદન' જેવા ટીકાકારો 'ઠંડી ગરમીને લીધે થતાં સુખદુઃખને દેનારા માત્રા સ્પર્શો એવો અર્થ લે છે. પણ ટાઢું-ઊનું-સુખદુઃખ એમ જોડકાં લેવાં એ વધુ બંધબેસતું છે. એકને જે ટાઢું લાગે તે જ બીજાને ઊનું લાગે છે. એકને જ્યાં સુખ લાગે ત્યાં જ બીજાને દુઃખ લાગે છે, એટલું જ નહિ ,પણ એકની એક વ્યક્તિને અમુક વસ્તુ અમુક ક્ષણે ટાઢી લાગે ને અમુક ક્ષણે વળી એ જ વસ્તુ ગરમ લાગે છે. આ બધું જોતાં આ બાહ્ય પદાર્થોના સંગે ઈંદ્રિયોની મદદથી થતાં સુખદુઃખો બધાં ક્ષણિક જ છે. ક્રોધ અને કામના વેગનું પણ તેવું જ છે. હુમલા વખતની એક ક્ષણ સંભાળી લીધી, એટલી ધીરજ ટકી કે પછી બાકી શું રહ્યું ? પણ એ બધાંનું હુમલા વખતે-અનાદિ કાળથી ઈંદ્રિયોની મદદથી લીધેલાં સ્વાદમાં ચટકાંની આદતનું જોર એટલું બધું હોય છે કે ત્યારે આત્મા પોતાનો નિરાકુળ સ્વભાવ ચૂકી-વ્યાકુળતામાં ફસાઈ જાય છે. શ્રીકૃષ્ણ કહે છે કે વ્યાકુળતા આવ્યા પછી પણ ચેતી જવાય અને આત્મા ન ભળે તો ત્યાં લગી પણ વાંધો નથી. છેવટે આવા વારંવારના આત્માના સાવચેતપણાને લીધે એ સાધકને ધીરતા રાખવાનો અભ્યાસ પડી જાય છે. એટલે તે બીજાં સામાન્ય માણસ કરતાં અદ્ભુત શ્રેષ્ઠ લાગે છે અને એમ કરવાથી આખરે તે સુખ અને દુઃખ બન્નેમાં સમાન રહેવાના સ્વભાવવાળો સહેજે બની જાય છે અને તેથી તે અમૃતત્વને પાત્ર બને છે. એટલે કે 'અબ હમ અમર ભયે ન મરેંગે' એવી આત્મમસ્તીમાં મહાલી શકે છે.

*આ સ્થિતિને જૈન પરિભાષા પ્રમાણે ભાવકર્મ કહેવામાં આવે છે. ભાવકર્મ જ દ્રવ્યકર્મના હેતુભૂત છે, અને જે દ્રવ્યકર્મને પરિણામે સુખદુઃખાદિ થાય છે, તે ક્ષણિક જ હોય છે કારણ કે તે મૂળે પૌદ્ગલિક છે અને પુદ્ગલનો સ્વભાવ જ સડી-પડીને વિધ્વંસ થવાનો છે; એટલે કે અનિત્ય છે. જુઓ જૈન સૂત્ર ઉ. ૨૮ મું.

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि द्रष्टोऽतस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६॥
अविनाशी तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥१७॥
अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥१८॥

**ન અસત્ તત્ત્વની સત્તા, સત્‌નો અભાવ ના કદી;**
**એ બન્ને તત્ત્વનો છેડો, દોઠો છે તત્ત્વદર્શીએ. ૧૬**
**અનાશી જાણ તેને તું, જેથી આ સર્વ વિસ્તર્યું;**
**એ અવિનાશીનો નાશ, કરવા ન સમર્થ કો. ૧૭**
**અપ્રમેય-અવિનાશી, નિત્ય એવા શરીરીના;**
**દેહો તો અંતવાળા છે, માટે તું લડ ભારત ! ૧૮**

(પ્યારા) ભારત ! હજુ તું મારી વાતને બરાબર સમજી શક્યો નથી. લે, હવે હું બીજી રીતે વધુ ચોખવટથી કહેવાની તક લઉં. જો ભાઈ ! આ વિશ્વમાં) જે અસત્ છે (તે ત્રણકાળમાં અસત્ છે એટલે) એની સત્તા-હસ્તી-(દેખાવ પૂરતી ભલે લાગે પણ કાયમી સંભવતી જ)નથી અને જે સત્ છે તેની હસ્તી દેખવામાં ભલે ન ભાસે તોય કદી પણ તે મટતી નથી. (આ મેં તને તદ્દન છેડાની એટલે કે સિદ્ધાંતની વાત કહી છે. આને તું બરાબર યાદ રાખીશ તો સૃષ્ટિના તત્ત્વજ્ઞાનનો સાર આમાં જ આવી ગયો સમજજે. એટલે જ) તત્ત્વદર્શી પુરુષોએ આ છેડો જોયો છે, (એટલે કે આ બન્ને તત્ત્વોનો પાર પામીને તે જગતનો પાર પામી ગયા છે. તેવા પુરુષોએ બધું જ જાણી લીધું છે.)[૧]

(હવે એ બે તત્વ પૈકી અસત્ કોણ અને સત્ કોણ તે પણ તને કહું છું સાંભળ.) જેનાથી આ ઈંદ્રિય, શરીર વગેરે સર્વ વિસ્તર્યું છે તે તો સત્ છે. એને કોઈ બ્રહ્મ કહે છે તો કોઈ આત્મા કહે છે, કોઈ વળી એને બીજું નામ પણ આપે છે, પણ એ) અવિનાશી છે એટલે એ અવિનાશીનો (અભાવ તો ઉપર કહ્યા પ્રમાણે હોઈ શકે

[૧]સરખાવો આચારાંગ સૂત્ર 'एगं जाणेइ से सव्वं जाणेइ.'
જેણે એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.
મૂળ તો બે જ તત્ત્વ છે (૧) જીવ (૨) અજીવ જીવને જાણ્યો એટલે અજીવ આપોઆપ જાણી લેવાય છે. જુઓ દશ. ૪ થું અ.

નહિ માટે તેનો) વિનાશ કરવા માટે કોઈ પણ સમર્થ નથી. પણ એ અપ્રમેય (એટલે કે ઈંદ્રિયોથી અગોચર), અવિનાશી (નાશ નહિ પામનારા) અને (માટે જ) નિત્ય એવા શરીરધારી આત્માને (પ્રાપ્ત થયેલા) આ દેહો તો નાશવંત છે. તેથી (જ કહું છું કે) તું યુદ્ધ કર.

નોંધ : દેહ નાશવંત છે છતાં એની પાછળ રહેલો આત્મા અવિનાશી છે. એટલે કે 'દેહ' અને 'આત્મા'બેય જુદાં છે. અહીં અર્જુન એ બન્નેને એક માની બેઠો, એટલે જ એને દુઃખ થયું. શ્રીકૃષ્ણ મહાત્માએ ખુલાસો કર્યો કે, આત્મા મૂળે જ અવિનાશી છે. વળી એ અવિનાશી છે માટે અભાવાત્મક* તત્ત્વ અર્જુન ન ગણી કાઢે એટલે કહે છે એ નિત્ય પણ છે, ત્યારે અર્જુન પ્રશ્ન કરે છે કે, જો એમ જ છે તો દેહ તો દેખાય છે, પણ આત્મા કાં દેખાતો નથી ? ત્યારે કહે છે કે, ભાઈ એ અપ્રમેય છે. ઈંદ્રિયોથી દેહને દેખી શકાય પણ આત્માને ન દેખી શકાય કારણ કે, એને રૂપ કે આકાર હોતાં નથી. તું લડે કે ન લડે અને આ લડાઈમાં ન હણાય, તોય એક દહાડો તો તારા અને એમના સહુના દેહો પડવાના જ છે કારણ કે એ વહેલા કે મોડા નાશ પામવાના સ્વભાવવાળા છે. માટે બોલ, હવે આત્માની પરવા કરવી યોગ્ય છે કે દેહની ? જો આત્માની જ પરવા કરતો હોય તો યુદ્ધ કર. તત્ત્વદર્શીઓ આ પાર પામી ગયા હોય છે. એટલે એ નિત્યાનિત્યનો વિવેક જાણીને કર્મ આચરે છે. તું પણ તેમ જ આચર. (અહીં અર્જુનને જો આત્મા નિત્ય છે તો પછી આ નિત્યમાંથી, અનિત્ય શરીરો ક્યાંથી વિસ્તરી ગયાં એ મહત્ત્વનો પ્રશ્ન ઊપજે છે. પણ હજુ તે શંકા રજૂ કરે તે પહેલાં તો એનાથી બોલાઈ જવાય છે કે, તો હે ગોવિંદ ! 'આણે હણ્યો, આ હણાયો' એમ સહુ બોલે છે તે શું ખોટા પ્રયોગો છે ? શ્રીકૃષ્ણ મહાત્મા એનો ઉત્તર આપતાં કહે છે :

**य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतं ।**
**उभौ तौ न विजानीतो नाऽयं हन्ति न इन्यते ॥१९॥**
**न जायते म्रियते वाकदाचिन्-**
**नाऽयं भूत्वा भविता बा न भूयः**

* વૈશેષિકો 'અભાવ'ને પણ અલગ તત્ત્વ તરીકે માને છે. જૈન સૂત્રોમાં 'અભાવ' શબ્દ સાપેક્ષ છે, એટલે કે એ એમ કહે છે કે દ્રવ્યનો નાશ થયો એટલે એના પર્યાય બદલાયા, વસ્તુતઃ દ્રવ્યનો અભાવ થતો જ નથી. આ જ દૃષ્ટિ ગીતાજીને પણ માન્ય છે.

સરખાવો જૈન ઉત્તરાધ્યયન સૂત્ર. અ. ૧૪. ગાથા ૧૯.

**नो इंदीय गेज्झो बिअयमावा । अमुयमावाविय हृदइ नच्चो ।**

अजो नित्यः शाश्वतोऽयं पुराणा ।
न हन्यते हन्यमाने शरीरे ॥२०॥
वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषःपार्थ कं घातयति हंति कम् ॥२१॥

**એને ઘાતક જે જાણે,જે માને નાશ એ તણો,**
**તે બન્નેય નહીં જાણે,ન એ હણે હણાય ના. ૧૯**
**નહીં જ જન્મે ન મરે કદાપિ, ન એ થઈને ન ફરી થવાનો;**
**અજન્મી ને નિત્ય પુરાણ ધ્રુવ, કાયા હણાતાં નવ એ હણાય. ૨૦**
**જે જાણે અજ ને નિત્ય,એ અવ્યય અનાશીને;**
**હણે કોને હણાવે વા કેમ ? પાર્થ ! પુરુષ તે. ૨૧**

('આણે હણ્યો, આ હણાયો' એવી જે લૌકિક સંજ્ઞા છે તે આત્માને લાગુ પડતી નથી. એ મુખ્યત્વે દેહને લાગુ પડે છે. ) જે આત્માને હણનાર જાણે છે, તેમ જ જે આત્માને હણાયેલો માને છે તે બન્ને (વાસ્તવિક જ્ઞાન-વિજ્ઞાનને) જાણતા જ નથી. આ (આત્મા) નથી હણતો, (તેમ) નથી હણાતો. (હવે તને તારી ભૂલ સમજાય છે ને ? તે તો આત્મા ઉપર જ 'મરનાર મરાનાર'નું આરોપણ કર્યું છે.) પણ અર્જુનની બુદ્ધિ એમ કયાં મીણો ભણવા દે તેમ હતી. એણે કહ્યું, એ તો ઠીક પણ આપે અગાઉ કહ્યું તેમ યુદ્ધમાં મરીને પણ ભવિષ્યકાળે આ અને હું બધા ન જન્મવાના એમ નહિ, પણ જન્મવાના ?* એ વાત તો ખરીને ? અને જો જન્મવું પ્રયોગ આત્માને લાગુ પડે તો હણવું, હણાવું કાં નહિ ? ત્યારે શ્રીકૃષ્ણ મહાત્મા બોલ્યા -ખરો હોંશિયાર ! વાહ રે વાહ ! મેં તને કયા ભાવમાં એ કહ્યું હતું અને તું સમજ્યો કયા ભાવમાં ? જો હવે હું એ જ વાતને ફરી ખુલાસા વાર કહું છું. હવે ફરીને પાછી એવી ગેરસમજ ન ઊભી કરતો.) આ (આત્મા) તો કદી જન્મતોય નથી (તેમ) મરતોય નથી. વળી આ (એકવાર) થઈને ફરી નહિ થનારો એવો × પણ નથી. (તેથી જ) તે અજન્મા છે, નિત્ય છે, પુરાણ છે અને શાશ્વત છે. (અને તેથી જ તે) શરીર હણાવા છતાં (પોતે) હણાતો નથી.

હે (પૃથાના પુત્ર) પાર્થ ! જે પુરુષ (આ રીતે) આને (આત્માને) અજ,

* જુઓ શ્લોક ૧૨ મો.

×'આત્મા'કે એવી કોઈ 'વસ્તુ' અત્યારે તો છે પણ હવે પછી એના એ જ સ્વરૂપે, બીજા જન્મમાં રહેશે એમ ન માનનારો દુનિયામાં મોટો વર્ગ હતો અને હજુય છે.એ વર્ગના સિદ્ધાંતને અનુલક્ષીને ગીતાકાર અર્જુનને કહે છે, કે તું રખે એમ માનતો ! ખરી રીતે જે પુનર્જન્મ ધરશે તેના પછીના જન્મમાં પણ આત્મા તો એ જ હશે, બદલાઈ નહિ જાય.

અવિનાશી, અવ્યય અને નિત્ય જાણે છે તે કોને કેવી રીતે હણાવે અથવા હણે ?

નોંધ : આત્માને પોતાને જન્મવું-મરવું નથી પણ જે દેહ એ ધારણ કરે છે એને તો જન્મમરણ લાગુ પડેલાં જ છે. એટલે ગીતાકાર કહે છે કે' એ બીજો દેહ ધારણ કરશે ત્યારે પણ આત્મા તો એ જ હોવાનો' એ વાત મેં અગાઉ કહી હતી અને હું ફરીને કહું છું કે આ આત્મા પહેલાં હતો અથવા આજે છે અને હવે નહિ હોય એમ તું જ સમજ, તે તો ત્રણે કાળમાં એક સરખો જ છે. હું તને એ વિષે વિશેષ તો આગળ ઉપર કહીશ; પણ અત્યારે તું એના 'અજ'પણાને-અમરપણાને-અવ્યયપણાને-નિત્યપણાને-અને પુરાતન તથા શાશ્વતપણાને જાણી લે, એટલે 'દેહ ભલે મરે હું નથી મરતો અજર અમર પદ મારું' એનો તને અનુભવ થશે. અને આવો અનુભવ થાય પછી ભલા ! તું કોને કેવી રીતે હણાવીશ કે હણીશ ? જે હણાયેલો છે તે જ બીજાને હણે છે, અમર કદી હણતો નથી. એ તો અમૃત જ પાથરે છે, એટલે કે તેવી દશા અનુભવીને તું એવી હિંસક પ્રવૃત્તિ જાણી જોઈને કદી નહિ કરી શકે; છતાં તું દેહધારી હોઈને અનિવાર્ય સ્થળે જો એવી પ્રવૃત્તિનો પ્રસંગ તારે માટે આવી પડશે તો ત્યાં પણ તું તારી સમતા ગુમાવ્યા વગર તેને બરદાસ્ત કરી શકીશ. માટે જ હું તને કહું છું કે સમત્વયોગ સાધીને યુદ્ધ કર.

સાધકમાત્રે આ શબ્દો પોતાના મનને વારંવાર મજબૂત ભાવે સમજાવી દઢ વૈરાગ્યભાવ લાવવો રહ્યો છે, અને મોહભાવ ત્યજવો રહ્યો છે.

**वासांसि जीर्णानि यथा विहाय**
**नवानिगृह्णाति नरोऽपराणि ।**
**तथा शरीराणि विहाय जीर्णा**
**न्यन्यानि संयाति नवानि देही ।।२२।।**

**જૂનાં તજી વસ્ત્ર મનુષ્ય જેમ**
**પામી નવાં અન્ય સજે શરીરે;**
**જૂના તજી દેહ શરીરધારી,**
**પામે બીજા દેહ નવીન તેમ. ૨ ૨**

(જનાર્દન ! મને આપે કહ્યું કે, આત્મા જન્મતો નથી ને મરતોય નથી, પણ દેહને લીધે જન્મમરણ થાય છે. વળી આપે એ પણ કહ્યું કે જેમ બાળપણ, જુવાની

× અવિનાશી અને અવ્યયી વિશેષણ લગભગ સમાનાર્થક છે પણ અહીં 'નહિ પલટનારો'- જેનો ફેરફાર ન થાય' તેવો અર્થ લેવો.

અને ઘડપણ એ ત્રણ અવસ્થાંતરો છે, તેમજ નવો દેહ પણ અવસ્થાંતર છે. તો પછી એક શરીરને છોડવું ને વળી બીજું ધારણ કરવું, એ તો મહાદુ:ખ; તેમ કહો છો તે આત્મા શા માટે વ્હોરી લેતો હશે ? ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા : ભારત ! ) જેમ મનુષ્ય પોતાનાં જૂનાં વસ્ત્ર ઉતારી નાખી નવાં પામીને પોતાના શરીરને સજાવે છે, તેમ આ દેહધારી (જીવ) પણ પોતાના જૂના દેહને તજીને બીજા નવીન દેહોનો સંયોગ પામે છે. (સમત્વયોગી જનો આ રહસ્યને સમજે છે એટલે એમને દુ:ખ થતું જ નથી. પણ અજ્ઞાનીને દુ:ખ થાય છે. બાળકનું શરીર એની 'મા' ચોખ્ખું કરવા માગે એમાં એને સુખ થવું જોઈએ છતાંય દુ:ખ થાય છે, પણ ચોખ્ખાઈ થયા પછી એના જ મુખ પર ગુલાબી હાસ્ય ઝળકી ઊઠે છે, એવી જ દશા અજ્ઞાની વિષે સમજવી.)

**નોંધ :** જે સંસાર ઈચ્છે છે એને પુનર્જન્મ છે, માટે તું યુદ્ધથી મૂંઝા મા, એ વાત ૧૩મા શ્લોકમાં અર્જુનને કહી હતી,એ અહીં કહે છે. જો કે મરવાનો પ્રયોગ દેહને લીધે છે પણ મરવું એટલે જૂનું શરીર છોડવું ને નવું ગ્રહણ કરવું, તો દ્રોણ જેવા વૃદ્ધ કદાચ આ યુદ્ધમાં કામ આવી જાય તોય એમને આ જર્જરિત શરીરને બદલે બીજું નવું શરીર મળશે. એ રીતે પણ તારી નહિ લડવાની વાત યોગ્ય લાગતી નથી.

વસ્ત્ર જેમ દેહનું સંયોગી બની દેહને શોભાવે છે; છતાં દેહથી ભિન્ન છે, તેમ શરીર પણ આત્માથી ભિન્ન છે. અમિતગતિ નામના જૈનાચાર્યે શરીરને'મ્યાન'ની ઉપમા આપી છે. લો. ટિળક કહે છે તેમ એક અમેરિકન ગ્રંથકાર પણ 'શરીર'ને 'પૂંઠા'ની ઉપમા આપી છે. મહાભારતમાં વળી એક ઘર તજી બીજા ઘરમાં પેસવાની ઉપમા છે. આવા સ્પષ્ટ ભેદનું જ્ઞાન જેમને થાય છે, તેવા જ્ઞાનીઓ દેહનું કામ પૂરું થઈ રહે, એટલે તુરત 'અન્નસમાપ્રાણ' હોઈ આહારનો ત્યાગ કરી સ્વયં-ઈચ્છાપૂર્વક એને તજી દે છે. આવાં પ્રમાણો જૈન સૂત્રોમાં તો સંખ્યાબંધ છે. આ વિધિને જૈન પરિભાષામાં 'અણસણ' કહેવામાં આવે છે, ખુદ મહાભારતમાં પાંડવો પણ હિમાળામાં ગળી ગયા છે-એ પણ એ જ જાતનો સ્વેચ્છાએ મરણ સ્વીકાર્યાનો પ્રયોગ છે. ઘણા સંત ભકતોએ સમાધિ લીધાના ઐતિહાસિક બનાવો બન્યા છે. પણ અહીં એ વાત ન ભૂલવી જોઈએ કે આવા પુરુષો કશાય ભૌતિક હેતુએ તેમ કરતા નથી. ભૌતિક હેતુએ પ્રાણ ત્યાગનારા તો શાસ્ત્રીય દૃષ્ટિએ ઘોર નરકના અધિકારી ગણાયા છે. એવે સ્થળે શબ્દ પણ 'આત્મઘાત' વપરાય છે.

વળી આ શ્લોક પરથી એમ પણ સમજાય છે કે જો આમ જ છે તો 'મરણ' વખતે માણસને દુ:ખ કેમ થાય છે ?

(૧) મરણ પછી એને બીજું શરીર મળશે, એ જ્ઞાન ન હોવાથી (૨) મરણ પછી નવું મળનાર શરીર ક્ષુદ્ર(જેઓએ પોતાના માનુષી જીવનનો દુરુપયોગ કર્યો છે, તેમને પાશવયોનિ કે અધમયોનિ મળે છે તે) મળતું લાગવાથી (૩) જૂના શરીર પરની મૂર્ચ્છાથી (એટલે કે શરીર પરની મમતા ઘટાડવાને બદલે, વધારવાનો જ પ્રયાસ જીવનભર કર્યો હોવાથી, એકાએક છેવટે એ મૂર્ચ્છા છૂટતી નથી અને ભારે દુઃખ થાય છે.) (૪) જૂના શરીરને લગતા સંબંધીઓ પરત્વેની મૂર્ચ્છાથી (એટલે સ્ત્રી, પુત્ર-પરિવારાદિ પરના મોહને લીધે, જો શરીર જ જુદું છે તો શરીને અંગે થયેલાં સગાંવહાલાંનો વિયોગ તો નિશ્ચયે સર્જાયો છે, પણ આ દીવા જેવી વાતને અર્જુન જેવા અધિકારી પણ ભૂલી ગયા; તેમ ઘણાથી ભૂલી જવાય છે. (૫) મરણ હવે આવશે એવી આગાહી થાય છે. છતાં ન ચેતવાથી. (છેવટે એકાએક ગભરામણ થઈ આવે છે. તેથી) (૬) અકસ્માત મરણથી (એટલે કે અચાનક વાગવાથી, ધરતી ધ્રૂજવાથી, આગ કે જળમાં ડૂબવાથી, કોઈ ઉચ્ચાટન વગેરે મંત્ર જંત્ર પ્રયોગથી, અથવા અકુદરતી કારણે મોત થાય છે તેથી.) અહીં અર્જુનને શ્રીકૃષ્ણ તો એમ કહેવા માગે છે, કે કદાચ યુદ્ધમાં તારો દેહ પડે તો તારું સમાધિમરણ થાય માટે સમતાયોગ સાધીને યુદ્ધ કર. અને બીજા જે કોઈ મરવાના છે તે પણ "શૂરની સમીપ જઈને મરીએ કાં તો મારીએ એટલો નિશ્ચય જ કરીને આવ્યા છે, એટલે એમને પણ તું ધારે છે તેવા પ્રકારે મૃત્યુનો ડર નથી." એથી તું નહિ લડે, તોય યુદ્ધ તો અટકવાનું જ નથી. એ રીતે પણ જેઓ આ યુદ્ધમાં હણાવાના છે તે તો હણાવાના જ, પરંતુ માન કે આ યુદ્ધ અટકે તોય શરીર ઘરડું થાય પછી પડવાનું તો છે જ વળી કદાચ તું કહીશ કે પણ એમાં હું તો નિમિત્તપાત્ર ન થયો ગણાઉં ને ! ત્યારે હવે તને ખરી જ વાત કહી દઉં કે આ યુદ્ધ તો થવાનું જ છે. અને તું ઈચ્છે કે ન ઈચ્છે તોય તને કાંધે બેસાડીને કુદરત એમાં યોજવાની જ છે. તું કહીશ કે તો પછી મને આપ કાં પ્રેરો છો ? જે થવાનું હશે તે થશે જ, તો હું કહું છું કે તને હું એટલા ખાતર પ્રેરું છું કે, તું ત્યાં 'સમતાભરી આત્મસ્થિરતા' ટકાવી શકે, જેથી ફરીને આવા યુદ્ધમાં તારે નિમિત્ત જ ન થવું પડે. એવી સમતા, જ્યાં લગી તું આત્માની વાસ્તવિક સ્થિતિ નહિ સમજે ત્યાં લગી નહિ આવે. માટે હજુ તને કહું છું તે સાંભળ :

**नैनं छिदंती शस्त्राणि नेनं दहति पावकः ।**
**न चैनं क्लेदयंत्यापो शोषयति मारुतः ।।२३।।**

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥
अव्यक्तोऽयचिंत्योऽयम विकार्योऽयमुच्चयते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥

**ન એને છેદતાં શસ્ત્રો, અગ્નિ એને ન બાળતો;**
**પાણી ન ભિંજવે એને, વાયુ એને ન શોષતો. ૨૩**
**છેદી બાળી પલાળી કે, સૂકવી ન શકાય એ;**
**નિત્ય, સ્થિર, રહ્યો સૌમાં, અચળ એ સનાતન.૨૪**
**એ જ અચિન્ત્ય અવ્યકત અધિકારી કથાય છે;**
**તો એમ જાણીને એનો તને શોક ન છાજતો. ૨૫**

(ભાઈ ! તું તો એમ કહે છે કે, યુદ્ધમાં બાણોથી દ્રોણ અને ભીષ્મ સામે કેમ લડું? કારણ કે, તને બીક લાગે છે કે એ છેદાઈ જશે ! મેં આગળ કહ્યું તે પ્રમાણે જેમ એ મરતો-જન્મતો નથી તેમ) એને (કોઈ) શસ્ત્રો છેદતાં નથી, અગ્નિ બાળતો નથી, પાણી ભિંજવતું નથી અને વાયુ પણ સૂકવતો નથી.

કારણ કે આત્માનું સ્વરૂપ જ એવું છે કે એને ન છેદી શકાય, ન બાળી શકાય, ન પલાળી શકાય કે ન સૂકવી શકાય. (જગતના બધા પદાર્થો કરતાં આત્માનું સ્વરૂપ જ વિલક્ષણ છે. ગમે તેવી પૃથ્વીને છેદી શકાય છે. બાળી પણ શકાય છે. અને ભિંજવી પણ શકાય છે, જળને પણ બાળી શકાય છે ને સૂકવી શકાય છે. અગ્નિને પણ પાણી પલાળી નષ્ટ કરી શકે છે. વાયુમાં પણ સુગંધદુર્ગંધની સારી ખોટી અસરો થાય છે. પણ આને કશી અસર થતી નથી. ગમે તેવો સુંદર દેહ હોય પણ આત્મા ગયો કે તરત બગડી જવાનો. એટલે દેહ અને આત્મા બન્નેનાં સ્વરૂપ જ જુદાં છે) વળી એ (આત્મા) નિત્ય છે. (એ પણ તને અહીં ફરીથી યાદ આપું છું) ઉપરાંત તે 'સર્વગામી' છે (દા. ત. તારા શરીરને જ જો. આખા શરીરના જે ભાગમાં આકાશ નથી તે બધા ભાગોમાં આત્મસત્તા છે જ. આમ હોવા છતાં) વળી સ્થિર છે અને અચલ પણ છે. (એટલે કે) એને નથી હાલવું કે નથી ચાલવું ! જગતમાં ઘણા જે પદાર્થો એવા છે કે ચાલતા નથી પણ કંપ્યા કરે છે, ત્યારે આ તો કંપતોય નથી. ઉપરાંત સનાતન પણ છે.(એટલે કે દેશ કાળથી પણ એનો વિભાગ થઈ શકે તેમ નથી. તે ત્રિકાલાબાધિત છે) અને હે કુંતીના પુત્ર! એ

આત્મા(ઈંદ્રિયોથી) અવ્યક્ત(અગોચર) છે. (મનથી પણ) અચિન્ત્ય છે. (કારણ કે) મન તો સાંખ્ય પરિભાષામાં કહીએ તો પ્રકૃતિજન્ય છે. જૈન પરિભાષા પ્રમાણે કહીએ તો પૌદ્‌ગલિક છે અને આત્મા તો ચૈતન્યમય છે. એટલે આત્માનો અનુભવ આત્મા દ્વારા જ થઈ શકે છે. આત્મા અરૂપી છે. આંખ અને મન રૂપી છે. એટલે રૂપી અરૂપીને કેમ જોઈ શકે ? પણ આંખ કે મનથી એનો સાક્ષાત્કાર ન કરવા છતાંય એનો અનુભવ પ્રત્યેક પળે તને થઈ રહ્યો છે. દા.ત. તું જાગતાં પણ જુએ છે ને ઊંઘતાં પણ જોઈ શકે છે. તો ભલા આંખ અને બાહ્ય મનનો વ્યાપાર બંધ હોવા છતાં, એ બધું કોણ જુએ છે ? અને જોયા પછી સવારે પણ કડકડાટ (રાત્રિના સ્વપ્નની વાત) કોણ બોલી નાખે છે ? એ બધું કોણે યાદ રાખ્યું ? જો આ દૂધ છે. એમાં ઘી ક્યાં દેખાય છે ? પણ તું જાણે છે કે, એમાં ઘી રહેલું જ છે. આમ અનેક રીતે આત્માની પ્રતીતિ થઈ રહી છે. અને આ યુદ્ધમાં પણ જોને, તારા મગજની સપાટી ઉપરથી વિકલ્પોનાં કેટલાં મોજાં વહી ગયાં ? પરંતુ એ મોજાંની પાછળ રહેલું એક તત્ત્વ તો એવું છે જ કે જેનો તું અનુભવ કરે છે. તેમાં શરીરજન્ય વિકારનો લેપ હોવાથી હજી તારો મોહ છેક ચાલ્યો ગયો નથી. (માટે જ કહું છું કે) એ આત્મા પોતે તો અધિકારી છે. (જેના કશા વિકારો ન નડે તેવો છે, એટલે કે * જૈનદૃષ્ટિએ આત્માના પ્રદેશોના ખંડો પડતા જ નથી, એમ જૈન સૂત્રોમાં કહેવાય છે) માટે આત્માનું આનું સ્વરૂપ જ જાણીને એની પાછળ શોચ કરવો તને છાજતો નથી. આ રીતે તને જે જાતનો ખેદ થાય છે તે ખેદ આત્માના ઘરની વસ્તુ નથી અને આત્માને માર્ગે લઈ જનાર પણ નથી.

**નોંધ :** આપણે અગાઉ કહી ગયા તે પ્રમાણે અહીં કેવળ સિદ્ધાંતની-જ્ઞાનની-નિશ્ચયની દૃષ્ટિ છે. નિશ્ચયનયની દૃષ્ટિએ જૈનસૂત્રો પણ આત્માને એક, અવિકારી, અચલ, સનાતન અને નિત્ય માને છે. પણ આ દૃષ્ટિ પોતાપક્ષે રાખવી સારી છે. એટલે કે, પોતાના દેહને કોઈ કષ્ટ આપવા આવે તો 'नत्यि जीवस्य नासेत्ति'

જીવનો નાશ થતો નથી એમ માનીને જ નહિ, બલ્કે વેદીને-સહન કરે; પણ કોઈ આનો અવળો અર્થ લઈ બીજાને રિબાવવા માંડે તો તો અનર્થ જ કરી નાખે. શ્રીકૃષ્ણ મહાત્મા અર્જુનને આ નિશ્ચયનયની દૃષ્ટિ એટલા સારુ આપે છે કે,

૧. જુઓ ઉ. સૂત્ર ૨૮. * શ્રી. ઉત. સૂત્ર. અ. ૨ જું. જીવનો નાશ નથી એ ઘટનાને ઘટાવવા માટે જ્ઞાનેશ્વર મહારાજ પાત્રમાં ભરેલા પાણીમાં પડેલા સૂર્યબિંબનું, ઘરમાં રહેલા આકાશનું અને મનુષ્યની છાયાનું દૃષ્ટાંત આપે છે. જેમ પાણી ઢોળવાથી સૂર્યનો નાશ નથી; છાયા પર ઘા કરવાથી મનુષ્યનો નાશ નથી અને ઘર પડવાથી ઘરવાળા આકાશનો નાશ નથી તેમ આત્માનો પણ નાશ નથી.

પોતાના શરીરનો મોહ છૂટી જાય. શરીરમોહથી ઉપજેલા વિષાદને સ્થાને આત્મભાનથી ઉપજેલી સમતા આવે ! આ બોધ એટલા સારુ નથી આપતા કે, અર્જુન ગાંડીવ લઈને સંહાર કરે. એમણે તો માત્ર યુદ્ધમાં જોડાવાનું જ કહ્યુ છે. "મારી નાખ" એવો હિંસક પ્રયોગ ઉચ્ચાર્યો જ નથી.

અલબત્ત ૧૧મા અધ્યાયમા એવો પ્રયોગ છે ખરો પણ ત્યાં 'મેં હણી નાખ્યા છે તેને તું હણ' એવું લખાણ છે. એ અધ્યાયનું નામ જ વિશ્વરૂપદર્શન છે અને તેમાં ભાવાત્મક વાતોનો ઉલ્લેખ છે. એટલે કે, અનીતિનો પક્ષ લેવાની આત્મદૃષ્ટિએ તો તેઓ હણાયા જ છે એમ બતાવ્યું છે. એ સિવાય જે જે સ્થળે 'હણ' પ્રયોગ આવ્યો છે ત્યાં કામ, ક્રોધ, લોભ વગેરેને હણવાના અર્થમાં જ ઉપયોગ થયો છે. અને યુદ્ધમાં જોડાવાનું એટલા માટે કહ્યું છે કે એની ભૂમિકા માટે એ અનિવાર્ય હતું. અહીં એ પ્રશ્ન થઈ શકે કે અર્જુન યુદ્ધમાં સમતા રાખીને લડે તોય સંહાર તો થાય જ અને થયો પણ છે; તો પછી 'યુદ્ધમાં જોડાઈ જા' અને 'હણ' એ બે વચ્ચે ફેર શો રહ્યો ? માના ભાઈ કહો કે મામા કહો બન્ને શું એક જ અર્થ નથી સૂચવતાં ? આનો જવાબ એ છે કે, 'અહીં યુદ્ધમાં જોડાઈ જા.' અને "હણ" એ બે વચ્ચે 'માના ભાઈ' અને 'મામા' જેવો સમાનાર્થ નથી. એ બે વચ્ચે મહાન તાત્ત્વિક ભેદ છે. લડાઈમાં યોજાવા છતાં ધર્મ્ય યુદ્ધથી સમત્વ ન તૂટયાનો દાખલો જૈનસૂત્રોમાં મહારાજા ચેટકનો છે જે અગાઉ કહેવાયો છે. આ વાત સામાન્ય રીતે ગળે ઊતરે તેવી નથી. પણ ગોઠવો બે વડીલો વચ્ચે વાદની મારામારી થવા છતાં સમત્વ તૂટતું નથી; બે નટોનું નાટયશાળામાં યુદ્ધ કરવા છતાં બંધુત્વ તૂટતું નથી; એ આપણે જોઈ શકીએ છીએ.

એક ન્યાયાધીશ દુન્યવી ન્યાયના કાનૂને પોતાના જ પિતા કે વડીલને સજા કરીને પણ પુત્રપિતા વચ્ચેનો વાત્સલ્ય સંબંધ જાળવી શકયાના દાખલા આપણે સાંભળ્યા છે. કદાચ મોગલ સલ્તનતની પહેલાંનો હિંદનો ક્ષત્રિય ઈતિહાસ જોઈએ તો યુદ્ધનો સમય વીતે કે તરત લડનારાં ઉભય લશ્કરો બંધુત્વને નાતે નિર્ભય રીતે હળીભળી શકતાં એ વાત આવે છે. સારાંશ, વૈરવૃત્તિના યુદ્ધ અને ધર્મયુદ્ધ વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર છે. હું દુર્યોધનને તો મારું જ અથવા ફલાણાએ મને આમ કર્યુ હતું માટે એને તો પહેલા મારું, આ દ્રોણ છે માટે એની સામે ગાંડીવ ન જ ચલાવું, એને તો બચાવી જ લઉં અથવા આ મારાં છે માટે એમને ન મારું, આમારાં નથી માટે એમને મારું: એવી ભેદબુદ્ધિથી ખેલાયેલું યુદ્ધ અસમતા સૂચક યુદ્ધ છે. જ્યારે સમત્વના યુદ્ધમાં અભેદબુદ્ધિ જ હોય છે. સમત્વના યુદ્ધને ઑપરેશન

કરનારા સર્જન-ડૉક્ટરના કાર્ય સાથે સરખાવી શકાય. જો કે જે મૂળથી જ દર્દને દૂર કરી શકે છે અને ઑપરેશન જ આરામ કરી શકે છે તે તો ઉત્તમ જ છે. એ જ પરમ સત્ય છે. પણ ઑપરેશન કરનારો પણ શુભ હેતુ ધરાવી કરે તો એની ભૂમિકા પણ પરમ સત્યને માર્ગે એક ડગલું પણ આગળ છે એમ તો કહેવું જ જોઈએ. આવો ઑપરેશન કરનાર કાળજીપૂર્વક કરે છતાં દર્દી મરે તો તે દર્દીની ઘાતમાં નિમિત્ત તો થયો જ પણ એનો આશય ઘાતકપણાનો ન હોઈને એનું પ્રથમનું સમત્વ ખંડિત થતું નથી. જ્યારે એક વૈરી શસ્ત્ર ચલાવે અને કોઈ ન મરે તોય એનો અધ્યવસાય(આશય) ઘાતકપણાનો હોઈ એ ઘાતકમાં સમત્વ હોય તોય તે ક્રિયાથી તૂટી પડે છે. શસ્ત્રક્રિયા ડૉક્ટર તથા વૈરીની એકસરખી હોવા છતાં બન્નેના આશયોમાં ફેર છે. એક જ ન્યાય દરેકમાં લાગુ પાડી શકે. જો કે સંહારની દૃષ્ટિએ જોઈએ તો ઑપરેશનમાં તો સેંકડે અમુક ટકા જ નિષ્ફળ જાય અને તે પણ ગંભીર પ્રસંગ હોય તો જ, જ્યારે યુદ્ધમાં તો સેંકડે અમુક ટકા જ બચે અને તે પણ આયુષ્ય બળ હોય તો જ. એટલે એ રીતે એ દૃષ્ટાંત સાંગોપાંગ બંધ બેસતું ન થાય એ તો દેખીતું જ છે. પણ આપણે સમત્વભાવે યુદ્ધ કરતાં હણનાર અને વૈરવૃત્તિથી હણનાર વચ્ચે જે આશયભેદ બતાવવા માગીએ છીએ, તે તો આ ઉપમાથી સ્પષ્ટ થાય છે.

પરંતુ આટલી બધી ઊંડી વાત વધુ વિસ્તાર વિના અર્જુન તરત જ સમજી શક્યો. એની મૂંઝવણ શ્રીકૃષ્ણ મહાત્મા કળી ગયા એટલે કહ્યું :

**अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।**
**तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥ २६ ॥**
**जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।**
**तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २७ ॥**
**अव्यक्तादीनी भूतानि व्यक्तमध्यानि भारत ।**
**अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २८ ॥**

**જો નિત્ય જન્મમૃત્યુના ધર્મવાળો ગણે તું એ ;**
**તોયે તને મહાબાહુ ! આવો શોક ન છાજતો ! ૨૬**
**જન્મેલાનું ખરે મૃત્યુ, મૂવાનું જન્મવું ખરે;**
**અનિવાર્ય દશા એ છે, તો તને શોક ના ઘટે. ૨૭**

**ભૂતોનાં આદિ ને અંત, બન્ને અવ્યકત ભારત !**
**વચલી સ્થિતિ છે વ્યકત, તો પછી શોક શો તહીં ? ૨૮**

(જો હવે તને વ્યવહારુ દૃષ્ટિની વાત કરું છું. નિશ્ચયદૃષ્ટિથી કહે, સૈદ્ધાંતિકદૃષ્ટિથી કહે કે વાસ્તવિકદૃષ્ટિથી કહે તો આત્મા તો નિત્ય જ છે, પરંતુ તું કહે છે કે તો પછી આ બધો સંસાર ક્યાંથી ? એનાં કારણો તો હું તને આગળ ઉપર કહીશ જ. પણ હમણાં તું સાવ સીધી-સાદી રીતે સમજી શકે તે રીતે તારી જ દૃષ્ટિને અવલંબીને કહું છું.) જો વળી તું આને (આત્માને) હંમેશાં (શરીરની સાથે જ) જન્મવા અને (શરીરની સાથે જ) મરવાના સ્વભાવવાળો માને + તોય હે મોટી ભુજાવાળા ! (વીર!) તને (જે શોક થયો છે, તેવો) શોક થવો ઘટતો નથી. કારણ કે 'જે જન્મે તે મરે જ' અને 'જે મરે તે વળી જન્મે જ' ('ઊગ્યું તે આથમે જ') આ ન્યાય તો સામાન્ય માણસ પણ સમજે છે. (માટે જો) એ અનિવાર્ય વસ્તુ છે તો (એને માટે) ત્યાં પણ તારે શોક કરવો ઘટતો નથી.

(અને) ભારત ! (જો, ઉપરની વ્યવહારુ દૃષ્ટિએ તો) ભૂતમાત્રની આદિની (જન્મતા પહેલાંની) અને અંતની (મર્યા પછીની) સ્થિતિ તો જાણી શકાતી જ નથી તો પછી ત્યાં વળી શોક શો રહ્યો ભલા ? (એટલે કે આ યુદ્ધમાં જોડાયા પછી આમ થશે ને તેમ થશે તેવો શોક તો પછી રહ્યો જ ક્યાં ?)

**નોંધ :** ગીતાકાર અહીં અર્જુનની દૃષ્ટિથી જ વાત કરે છે અને સત્ય-સિદ્ધાંતની એ જ ખૂબી છે કે, એને ગમે તે રીતે ઘટાવી શકાય. માત્ર અપેક્ષાવાદ ઉપર લક્ષ રહેવું જોઈએ. જૈનસૂત્રો માંહેલા અનેકાંતવાદનું પણ આ જ રહસ્ય છે. શ્રીકૃષ્ણ મહાત્માએ અર્જુનની એની જ દલીલથી એને બાંધી લીધો કે, તું જે દૃષ્ટિએ જુએ છે તે દૃષ્ટિએ પણ આત્મા દેહના મરવા સાથે મરતો હોત ને દેહના જન્મવા સાથે જન્મતો હોય એટલે કે, એ દેહધારી આત્માનો આ દેહ પૂરતો જ સંબંધ હોય તોય તને શોક કરવા ઘટતો નથી. કારણ કે, સંસારી-દેહધારી માટે જન્મમરણ અનિવાર્ય છે. વળી મૂળ મુદ્દો તને કહું છું કે જેઓ દેહ અને આત્મા વચ્ચે ભેદ નથી જોતા એટલે કે, વર્તમાન દેહધારીનો સંબંધ, આ દેહમાં રહેલા આત્મા સાથે ફરી થવાનો જ નથી એમ માને છે તે કદી ભવિષ્ય કાળનો વિચાર કરતા નથી.

---

+ અર્જુનને આવી શંકા થાય એ સ્વાભાવિક છે કે 'આત્મા ભલે જેમ દૂધમાં ઘી નથી દેખાતું તેમ અવ્યકત હોય, તોય તે, જેમ દૂધના નાશે ઘીનો નાશ થાય તેમ વર્તમાન શરીરનો નાશ થયા પછી નષ્ટ કેમ ન થાય ? એને કેમ નિત્ય કહેવો ? એટલે હવે શ્રીકૃષ્ણ અર્જુનનાં જ દૃષ્ટિથી અર્જુનની ભૂલ પકડે છે.

કારણ કે, તેઓ* તો અત્યારે દેખાતા દેહધારી પ્રાણીને જ જુએ છે. ને એટલો જ વિચાર કરે છે. પણ તું વિચાર તો પરલોકના અને મોક્ષના કરે છે અને વળી દેહ-ધારીની અત્યારની સ્થિતિને જ ખરેખરી માને છે. એટલે તારાં વિચાર, વાણી અને વર્તનનો મેળ જ ખાતો નથી. જો અત્યારે દેહધારીમાં છે તે આત્માને તું નિત્ય નહિ માને, તો પછી (આ લોકે કરેલાં કર્મોનું પરલોકમાં જે પરિણામ મળશે તે ભોગવવા માટે બીજો કયો આત્મા આવશે ? તારે એ તો કબૂલ કરવું જ રહ્યું કે, મરણના છેડા સુધી દેહધારી કર્મ સિવાય રહી શકતો જ નથી. તો પછી એ કર્મનો બદલો તો એને જ ભોગવવો રહ્યો. એટલે માન્યા વગર છૂટકો જ નથી કે, એ આત્મા નિત્ય છે. હા; એટલું ખરું કે, આ આજે જે સ્થૂળદેહે પ્રાણી દેખાય છે, તે પ્રારંભે કેવાં હતાં અને કેવાં હશે, એ અવ્યકત છે અને અવ્યકતને તો અવ્યકત જ જાણી શકે છે. માટે જ 'હું' એ અવ્યકત આત્માને ઓળખ, એમ તને કહી રહ્યો છું.

आश्चर्यवत्पश्यति कश्चिदेन- माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति । श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९ ॥
देहो नित्यमवध्योऽयं देहे सर्वस्व भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ ३० ॥

**આશ્ચર્યવત્ કોઈ જુએ જ એને; આશ્ચર્યવત્ તેમ કથે બીજો કો;**
**આશ્ચર્યવત્ કોઈ બીજો સૂણે છે,**
**સૂણ્યા છતાં કોઈ વળી ન જાણે.+ ૨૯**
**સદા અવધ્ય આ દેહી, રહ્યો સૌના શરીરમાં;**
**માટે સૌ ભૂતનો શોક, ઘટે તુંને ન ભારત ! ૩૦**

(અર્જુન ! તું આત્માનું સ્વરૂપ સમજવામાં આટલો બધો મૂંઝાય છે પણ તેમાં નવાઈ નથી. કારણ કે તે વસ્તુ જ એટલી ગહન છે. સારાસાર તત્ત્વ પૈકી પણ કોઈ એને આશ્ચર્ય કહે છે (અદ્ભુત છે) એમ જોઈ રહે છે, કોઈ વળી 'અદ્ભુત' છે, અલૌકિક છે, એમ શબ્દો દ્વારા બોલે છે (ને છેવટે ચૂપ થઈ

* આધિભૌતિકવાદીઓનો 'તત્ જીવતત્ શરીરવાદી' તરીકેનો ઉલ્લેખ જૈન આગમોમાં છે. પ્રાચીન જૈન સૂત્રોમાં પણ આવી આત્મા વિષેની માન્યતા આવે છે એટલે લાગે છે કે, આ માન્યતા આર્યાવર્તમાં પણ બહુ પ્રાચીનકાળથી હસ્તી ધરાવતી હશે.

સરખાવો ૩. ૧૪. ૨૮. જેમ અરણીના નાશથી અરણીમાં રહેલો અગ્નિ નષ્ટ થાય છે, તેમ આત્મા પણ નષ્ટ થાય છે.

+ અહીં છંદ મિશ્ર ઉપજાતિ લીધો છે.

જાય છે.) કોઈ એને 'અદ્ભુત છે' (એ દૃષ્ટિએ) સાંભળી રહે છે. કોઈ વળી એમ સાંભળવા છતાંય જાણતા નથી. (સારાંશ કે, એ જોનારા, બોલનારા કે સુણનારા-માંના કોઈક જ તત્ત્વથી આત્મસ્વરૂપને જાણે છે. શાસ્ત્રો પણ છેવટે 'નેતિ નેતિ' કહીને વિરમે છે માટે જ) ભારત ! (ટૂંકામાં કહું છું કે) સર્વ જીવોના શરીરમાં રહેલો એ દેહી (આત્મા) નિત્ય અવધ્ય છે (એટલે કદી પણ વધ પામે તેવો નથી) માટે બધા ભૂતોનો શોક તને ઘટતો નથી. (તું માત્ર તારું જ સંભાળ.)

**નોંધ :** જેમ એક સદગુરુ પોતાના શિષ્યને છેવટે 'ટૂંકું ને ટચ, કહે તેમ અર્જુનને શ્રીકૃષ્ણ મહાત્માએ સંભળાવી દીધું અને વાત પણ ખરી છે કે જોવામાં, વાણીમાં કે શ્રવણમાં આવે તેવું આત્માનું સ્વરૂપ જ નથી. અહીં એ શંકા થાય કે, તો પછી જો આત્મા સ્વથી જ જણાય એમ હોય તો શાસ્ત્રો, સદ્ગુરુ વગેરે અવલંબનો શું નકામાં ઠરે ? પણ ખરી વાત એ છે કે, શાસ્ત્રો અને સદ્ગુરુઓ જ આત્મભાન કરાવી શકતા હોત તો ભ. મહાવીર જેવા મહાસમર્થ પુરુષો થયા તે કાળે અજ્ઞાની કોઈ રહેત જ નહિ; છતાં રહ્યા છે એમ શાસ્ત્રો બોલે છે. એટલે કે શાસ્ત્રો અને સદ્ગુરુઓ અવલંબનરૂપ ખરાં, પણ તે માત્ર જિજ્ઞાસુની જિજ્ઞાસાને તૃપ્ત કરવા પૂરતાં. જો પાત્ર ન હોય તો બધાં અવલંબનો એને માટે નકામાં જ ઠરે. કારણ કે બહારનાં બધાં તો સાધનો જ છે. એટલે જ કહે છે કે ભાઈ કેટલાક "આશ્ચર્ય સરખો એને ભાળે છે." પણ એકલી અલૌકિકતાની દૃષ્ટિ પણ આત્માની ઓળખાણ માટે પૂરતી નથી. અલૌકિકતાથી* આંખ અને બુદ્ધિ અંજાય છે. પણ અંતરમાં ઉજાસ થાય જ એવું કંઈ નથી. માટે તું એટલું જ સમજી લે કે, તે હંમેશાં ન હણવાના સ્વભાવવાળો છે. માટે "તું આ હણાશે ને તે હણાશે' એ બાહ્ય દૃષ્ટિની પંચાતમાં કયાં પડયો ?" શ્રીકૃષ્ણ મહાત્માનું આ વચન સાધક માટે 'જીવનસૂત્ર' છે. જો એ પોતાના કાર્યને જગતને કાંટે જોખવા માંડયો કે પછી એનાં ગોટલા છોતરાં ઊડી જ જવાનાં.સારાંશ કે, ખરી દૃષ્ટિ તો આત્મદૃષ્ટિ છે. 'આત્મા' ના ગજથી જ તે પોતાનાં કર્મમાત્રને માપે. અહીં અર્જુને પોતાનો આત્મા કઈ ભૂમિકાએ છે તેટલું જ જોઈને પોતાનું કર્મ વિચારવું રહ્યું છે. હવે એ જ વાત કહે છે :-

स्वधर्ममपि विवेक्ष्य न बिकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥३१॥

*સમંત ભદ્રાચાર્ય ભ. મહાવીરને સંબોધીને કહે છે કે તારી અલૌકિકતાથી કે ચમત્કારિતાથી અમે તને મહાન નથી ગણતા પણ તારી વીતરાગતાથી તને મહાન ગણીએ છીએ.

**સ્વધર્મ સમજી તારે, અચકાવું ઘટે નહીં;**
**ધર્મ્યયુદ્ધ સમું શ્રેય, ક્ષત્રિયને ન કો, બીજું. ૩૧**

પૃથાના પુત્ર ! તું એમ કહી ગયો હતો કે, હું મારો ધર્મ સમજવામાં મૂઢ થઈ ગયો છું માટે મને તમે દોરવણી આપો. તો હવે હું તને કહું કે તારા વર્ણાશ્રમ ધર્મની દૃષ્ટિએ પણ યુદ્ધ એ જ તારો સ્વધર્મ છે,માટે) સ્વધર્મને સમજીને પણ તારે પાછું હઠવું યોગ્ય નથી. (કારણ કે ધર્મયુદ્ધ કરતાં ક્ષત્રિયને* માટે બીજું કોઈ વધુ શ્રેયસ્કર કાર્ય નથી.

**નોંધ :-** ગીતાજીનો ખરો મુદ્દો જ આ છે. અર્જુનને માટે આ ધર્મયુદ્ધ છે, અને તેથી એને એમાં જોડાયા વગર છૂટકો નથી. અહીં શ્રીકૃષ્ણ મહાત્માએ વર્ણાશ્રમની દૃષ્ટિએ 'સ્વધર્મ' કહ્યો છે; પણ વર્ણની વ્યવસ્થા તેઓ ગુણકર્મવિશિષ્ટ માને છે, જન્મ વિશિષ્ટ નહિ, એ વાત ન ભૂલવી જોઈએ. વળી એમનો અસલ મુદ્દો તો એ જ છે કે, 'સ્વધર્મ' એટલે માત્ર (ક્ષત્રિય ધર્મ) નહિ પરંતુ સ્વધર્મ એટલે આત્મધર્મ. અર્જુનના આત્માની ભૂમિકા માટે આ ધર્મયુદ્ધ હતું માટે એમણે એને માટે એ 'ધર્મ્ય'કહ્યું છે, જ્યારે દુર્યોધન સુધ્ધાં ક્ષત્રિય જાતિમાં જન્મ્યા હોવા છતાં એમને માટે આ યુદ્ધ ધર્મ્ય નહોતું, એટલે ક્ષત્રિય જાતિ પરત્વેનો એ કથિતાશય નથી પણ ક્ષાત્રના ગુણ પરત્વે 'ધર્મ્ય' કહો તો એ વધુ બંધબેસતું છે. આ રીતે દરેક સાધક પોતપોતાની ભૂમિકા તપાસીને પોતાનો ધર્મ નક્કી કરી શકે. જેમ અર્જુનને એક તરફથી કુટુંબધર્મ અને બીજી તરફથી વર્ણધર્મ અથવા આત્મધર્મ એ બે વસ્તુઓ સામે આવી ત્યારે શ્રીકૃષ્ણ મહાત્માએ કહ્યું : વર્ણધર્મમાં કુટુંબધર્મ સમાઈ જાય છે. તેવી જ રીતે આત્મધર્મમાં સર્વ ધર્મો સમાઈ જાય છે. 'આત્માર્થે પૃથિવીં ત્યજેત્' એ વચન પ્રમાણે તારા આત્માને જો. પણ આત્મા શબ્દથી અર્જુન ન સમજ્યો એટલે એને ક્ષાત્રધર્મની સહેલી કસોટી આપીને પોતાના અંતરને કસવા કહ્યું. બે પ્રસંગો જ્યારે એવા આવી પડે કે જે પરસ્પર વિરુદ્ધ લાગતા હોય ત્યારે મુખ્ય પ્રસંગને મહત્ત્વ આપવું, ગૌણને ગૌણત્વ આપવું એવું અહીં સુધીનું ગીતારહસ્ય છે.

---

* ક્ષત્રિયનાં કર્મોમાં "યુદ્ધમાંથી પાછા ન હઠવું" એ પણ એક કર્મ ગણાયું છે. જુઓ ગી.અ.૧૮મો. માટે બીજું કોઈ વધુ શ્રેયસ્કર કાર્ય નથી.)

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम् ॥३२॥

**આપ મેળે જ આવેલું, ખુલેલા સ્વર્ગદ્વાર શું;**
**સુખિયા ક્ષત્રિયો પામે, પાર્થ ! આવા સુયુદ્ધને. ૩૨**

(અને હે પૃથાના પુત્ર ! તું તારી માતાનાં વેણ જ યાદ કર ને. એમણે પણ એ જ વાત કરી હતી ને ? હા; એટલું ખરું કે ખરો ક્ષત્રિય જાણી જોઈને યુદ્ધ ઈચ્છતો નથી. એટલે કે તે યુદ્ધનાં કારણો ઊભાં ન થાય એટલો હંમેશાં જાગ્રત રહે છે અને કદાચ યુદ્ધ ઊભું થવાનો પ્રસંગ આવવાનો હોય તો તેને છેવટ લગીનો પોતાની શકિત પ્રમાણે ખરા દિલનો પુરુષાર્થ કરીને ટાળવા મથે છે; છતાં જો ન જ ટળે તો એવા ક્ષત્રિયને માટે એ આપોઆપ-કુદરતી જ આવી પડેલું યુદ્ધ ગણાય છે, તારે માટે પણ આ યુદ્ધ એ જ પ્રકારનું છે માટે ખરે જ કહું છું કે) હે પાર્થ ! સહેજે ઉઘાડા મળેલા સ્વર્ગના બારણા જેવું આવું યુદ્ધ તો (કોઈ) સુભાગી ક્ષત્રિયો (જ) પામે છે. (સહુ કોઈને માટે આ સુલભ નથી.)

**નોંધ :** સુખિયા શબ્દ અહીં 'પુણ્યશાળી'ના અર્થમાં છે. જૈન ગ્રંથોમાં જે પુણ્યાનુબંધી પુણ્ય કહેવામાં આવે છે તે એ જાતનું હોય છે કે, આ ભવમાં એને ધર્મ (આત્મવિકાસ)ના સાધન સારુ મનુષ્યદેહ જેવી પુણ્ય સામગ્રી મળી હોય તેમ આવતા ભવમાં પણ એવી જ પુણ્ય સામગ્રી સહેજે મળવાની હોય. અહીં પણ શ્રીકૃષ્ણમહાત્મા એમ કહે છે કે બીજાને તો સ્વર્ગ માટે હજારો શુભ કર્મો કરવાં પડે પણ તને તો કશાય પ્રયત્ન વિના ઉઘાડું સ્વર્ગનું બારણું જેમ હાથ લાધે તેમ આવું યુદ્ધ હાથ લાધ્યું છે; તું જેમ અહીં પુણ્યવંત છો, તેમ પરલોકે પણ પુણ્યવંત બનીશ. અને અર્જુનની ભૂમિકા એવી જ હતી. એથી ઊંચી ભૂમિકાની વાત એને હાલ પચે તેમ ન હતું. એટલે જ કહ્યું કે તારે માટે આ યુદ્ધ ધર્મ્ય છે, અધર્મ્ય નથી. સારાંશ કે, ક્ષત્રિયો પોતે લડાઈ ઊભી કરે એ 'ધર્મ્ય' નથી; પણ પ્રજાનો સદાચાર કાયમ રાખવા માટે જ્યાં યુદ્ધ સિવાય બીજા ઉપાય ન રહે ત્યાં તે પાછી પાની ન કરે એ ધર્મ્ય છે. હા; લડાઈમાં જોડાતા પહેલાં, અગાઉ કહ્યું તેમ, યુદ્ધને ટાળવા પોતાની ભૂમિકા પ્રમાણે એ સઘળું કરી છૂટે; પણ યુદ્ધમાં જોડાયા પછી તો (એનાથી પાછીપાની કરાય જ નહિ × કારણ કે, એ પાછપાનીમાં આત્મપક્ષે અને પ્રજાપક્ષે અનેક હાનિઓ છે; ક્રમેક્રમે ગીતાકાર તે કહી રહ્યા છે હા: છેલ્લી ઘડીએ બન્ને

× ત્યારે અહીં પ્રશ્ન એ થાય છે કે આવા સંયોગોમાં શું યુદ્ધ બંધ જ ન રહી શકે ?

પક્ષનું મન સમાધાન થાય એવો કુદરતી પ્રસંગ ઊભો થાય તો એ યુદ્ધ બંધ રહી શકે અને એમ કરવા છતાં ક્ષાત્રધર્મ જળવાઈ રહે, કારણ કે તે પાછીપાની ન ગણાય. જ્યારે અહીં તો આપણે જોઈ રહ્યા છીએ કે, અર્જુનને જ માત્ર યુદ્ધમાંથી પાછું ફરવાનું મન થયું હતું. એના પક્ષના અને સામા પક્ષના યોદ્ધાઓ તો યુદ્ધ ટાળવા લેશપણ તૈયાર નહોતા. એટલે જ યુદ્ધવિરામ અર્જુન કે અર્જુનપક્ષ માટે શકય નહોતો. માટે અર્જુન આવે ટાણે પાછો ફરે એ તો આધ્યાત્મિક પરિભાષામાં મોહ અને ક્ષત્રિય વીરની પરિભાષામાં નામર્દાઈ જ ગણાય. અર્જુનના મૂળ સ્વભાવમાં મોહ અને નામર્દાઈ હોત તો શ્રીકૃષ્ણને કશું જ કહેવાપણું નહોતું પણ અર્જુનની અસલ ભૂમિકા તો એક સારી કોટિના સાધકને છાજે તેવી છે; પરંતુ અત્યારે એ મૂંઝાઈ ગયો છે. એથી જ શ્રીકૃષ્ણ મહાત્મા અનેક દૃષ્ટિએ એ એકની એક વાત સમજાવી રહ્યા છે. સારાંશ કે, માત્ર શબ્દો ઉપરથી જ કશો ખ્યાલ ન બાંધવો જોઈએ. તેઓ'લડ' એમ કહે છે પણ સાથેસાથે આત્માને ઓળખ્યા પછી લડ એમ પણ કહે છે. આનો સાર તો સહેજે એ નીકળે છે કે, એવા આત્મભાનવાળાની લડાઈ જેવી ભયંકર ક્રિયામાં પણ સ્વ અને પર ઉભય પક્ષે હાનિ નહિ હોય ! પણ છતાં અહીં શંકા થશે કે, 'આત્મભાન' વાળાનું લડાઈમાં જોડાવું ઈચ્છાપૂર્વક કદી ન હોય, પણ અનિચ્છાએ હોઈ શકે છે. આને આબેહૂબ મળતું ઉદાહરણ આગળ પ્રકારાંતરે કહી ગયો છું. તે જૈન સૂત્રોમાંના ચેટકનું છે. ત્યાં માની લો કદાચ હલવિહલને પોતાના ભાઈ કુણીક પ્રત્યેના મોહ ખાતર એ યુદ્ધ ટાળવાનું મન થાત; જો કે યુદ્ધ તો ટળે તેમ ન જ હતું. તો જેમ અર્જુનને અહીં શ્રીકૃષ્ણ મહાત્મા કહે છે તેમ હલવિહલને ચેટક પણ શું ન કહેત કે "આવી મોહભરી નામર્દાઈ અટાણે તમોને ન શોભે" હલવિહલ અને કુણીક વચ્ચેના આ યુદ્ધ પ્રસંગમાં ચેટકનું સમકિત ભાંગ્યું નથી, એમ જૈન આગમો ભાખે છે. વળી એ સ્વર્ગ પામ્યા એમ પણ કહે છે. એટલે લડાઈમાં જોડાવું સમકિતી અથવા આત્માર્થીને અનિચ્છાએ પણ હોઈ શકે તે તો કલ્પી શકાશે. હા; એટલું ખરું કે જૈનઆગમ માંહેલા ચેટક પણ જેમ હથિયાર લે છે તેમ અહીં શ્રીકૃષ્ણ ખુદ પહેલેથી હથિયાર લઈ ભળતા નથી. આથી એમ પણ ફલિત થાય છે કે એમને અશસ્ત્ર યુદ્ધની પણ કલ્પના તો હતી જ. શસ્ત્રસરંજામથી સામનો કરીને હણ અથવા "માર, માર, જુએ છે શું ?" એમ એમણે કયાંય કહ્યું નથી એ વાત આપણે વિસરવી ન જોઈએ. એમણે તો માત્ર લડવાનું કહ્યું છે, અને તે પણ'આત્માને સંભારીને; આવું આત્માને સંભાને થતું યુદ્ધ શસ્ત્ર વિનાનું પણ

હોઈ શકે છે. સદ્‌ભાગ્યે આવો જ દાખલો જૈન ગ્રંથમાં મળે છે. તે પ્રસંગ આ જાતનો છે.

"ભરત અને બાહુબલિ એ એક 'મા'ના જણ્યા બે સગા ભાઈ છે; પણ સામસામે લડાઈમાં ઊતરે છે. ત્યાં ઈંદ્ર આવીને કહે છે કે આટલા બધા યોદ્ધાઓને શા માટે અહીં એકઠા કરવામાં આવ્યા છે ? આ યુદ્ધ તો તમારી અંગત હૂંસા-તુંસીથી ઊભું થયું છે. અને તમારા બેમાંથી કોણ બળવાન છે એટલી જ જો તમારી આ યુદ્ધની પાછળ નેમ હોય તો એમાં બીજાને શા માટે ખેંચો છો ? તમે બેય પરસ્પર લડી લો અને તેમાં પણ અહિંસક રીતે લડી લેવાની રીત પણ હું તમને બતાવું છું. જુઓ તમે બે જણા સામસામે આંખો માંડો. એમાં જે પહેલો મીંચે તે હાર્યો ગણાય. છતાં જો તમોને તૃપ્તિ ન થાય તો છેવટે મુષ્ટિયુદ્ધ વગેરે યુદ્ધો કરો." *

આ જોતાં અશસ્ત્ર યુદ્ધની કલ્પના આપણે કરી શકીએ છીએ. જો કે અહીં પાંડવસૈન્ય અને કૌરવસૈન્યની લડાઈ ઉપલા દૃષ્ટાંતથી છેક જ જુદા પ્રકારની છે. છતાં અર્જુન જો શસ્ત્ર હેઠાં મૂકીને પણ યુદ્ધ લડવા ઊભો રહ્યો હોત, તો એ ભૂમિકાને શ્રીકૃષ્ણ અત્યંત આવકારત, એ વિષે શંકાને લેશ પણ સ્થાન નથી. હથિયાર હેઠાં મૂકીને, હથિયારવાળા સામે યુદ્ધનો પડકાર કરવો,એ તો સમર્થ વીરતાની પરાકાષ્ઠા છે. આવી ભૂમિકા જો અર્જુનની હોત તો તો યુદ્ધનો પ્રસંગ જ ન આવત અને આવત તોપણ દુર્યોધનનો હૃદયપલટો થઈ અત્યુત્તમ સ્થિતિ જન્મત. કદાચ એનો સમૂળગો હૃદયપલટો ન થાત તો પણ યુદ્ધને પરિણામે જે પોતાના દુર્ગુણનો આઘાત થવા જોગ હતો તે લડાઈ પહેલાં જ થાત કારણ કે ભીષ્મ, દ્રોણ વગેરેનો પ્રાણાર્પણનો ટેકો એના પક્ષમાં આવી સ્થિતિ થતાં, ન જ હોત. એટલે યુદ્ધવિરામ પછી પણ આર્યાવર્તનો આ પ્રત્યક્ષ આદર્શ ન એટલો ઉચ્ચ બંધાત કે, જે જોઈને બીજા દેશોએ મહાન ધડો લીધો હોત. પણ એટલી ઉત્કટ ભૂમિકા અર્જુનની નહોતી. એણે ગાંડીવ તજ્યું હતું પણ ઉત્સાહપૂર્વક નહિ. એના કહેવા પ્રમાણે એ દ્રોણાચાર્ય, ભીષ્મ કે પોતાના પિત્રાઈઓ જોડે શસ્ત્રથી સામનો કર્યા વગર મરી જવા તૈયાર હતો; પણ તેમની સામે ઊભો રહીને નહિ. એટલે કે રણમાંથી ભાગી જઈને જે કંઈ આવે તે સહવા એ તૈયાર હતો પણ રણમાં રહીને

*આ પ્રસંગમાં આગળ જતા તો બંને વીરોએ સામસામે મુષ્ટિ યુદ્ધનો પ્રયોગ કરવા માંડયો. ભરતે તો બાહુબલિને મુષ્ટિ મારી પણ દીધી હતી. પણ જ્યાં બાહુબલિએ મુષ્ટિ મારવા હાથ ઉપાડયો ત્યાં જ જ્ઞાન પ્રગટ થયું કે, મારી મુષ્ટિથી મારો ભાઈ મરે અને હું બળવાન કહેવાઉં એના કરતાં શું બળ અજમાવવાનો બીજો કોઈ માર્ગ જ નથી, અને એ, જ્ઞાનમાંથી એની મુષ્ટિ દ્વારા વાળ ખેંચી કાઢી એણે જૈન-દીક્ષા ગ્રહણ કરી.

અહિંસાનો કેવો સફળ પ્રત્યાઘાત !

નહિ. આ પરથી એની કયાં ભૂલ છે તે સહેજે સમજાય છે અને શ્રીકૃષ્ણ મહાત્મા એને એ જ બતાવવા માટે પ્રથમ જ્ઞાનદષ્ટિએ કહી ગયા, હવે વ્યવહારુ દષ્ટિએ કહેશે. વસ્તુતઃ નિશ્ચય (જ્ઞાન) દષ્ટિ અને વ્યવહારુદષ્ટિ એક જ આત્માનાં બે પાસાં છે; પરંતુ સહુએ પ્રત્યેક પ્રસંગમાં લક્ષ્યરૂપે તો નિશ્ચય દષ્ટિ જ રાખવી જોઈએ. મતલબ કે, એના ગજથી જ પોતાના પ્રસંગને માપવો જોઈએ પણ સાથે સાથે પોતાની અંતરંગ ભૂમિકા પણ ભૂલવી ન જોઈએ. એ રીતે અર્જુનની અંતરંગ-ભૂમિકાની સ્વધર્મની વાત કહી. હવે એનાં લૌકિક પરિણામો શાં છે, તે શ્રીકૃષ્ણ પ્રથમ જણાવે છે. અર્જુન પાસે પોતાનો પક્ષ સબળ કરવામાં ત્રણ મુદ્દા હતા : (૧) આ યુદ્ધ એ અશ્રેયનું કારણ, (૨) આ યુદ્ધ એ સદાચારહાનિનું અને એને પરિણામે નરકનું કારણ, (૩) આ યુદ્ધમાં ગુરુ, વડીલો અને ભાઈઓ હણવાનો સંભવ હોઈને તેથી જન્મતા લોકનિંદાદિ દૂષણો. એ ત્રણ પૈકીનો શ્રીકૃષ્ણે એક મુદ્દો ખોટો ઠરાવ્યો, તે એ રીતે કે યુદ્ધમાં જોડાવું કે ન જોડાવું એ શ્રેયનું કે અશ્રેયનું મુખ્ય કારણ નથી. કારણ કે યુદ્ધ કે અયુદ્ધને શ્રેય કે અશ્રેય સાથે સીધો સંબંધ જ નથી. યુદ્ધ કે અયુદ્ધ એ તો ક્રિયા છે જ્યારે શ્રેય કે અશ્રેય એ તો ભાવો છે; એટલે તે સક્રિય છે. આત્મા પોતે સક્રિય નથી પણ અક્રિય છે. એથી શ્રેય-અશ્રેય ભાવોનો એની સાથે સીધો સંબંધ છે, યુદ્ધ-અયુદ્ધની ક્રિયા સાથે સીધો સંબંધ નથી. આ રીતે યુદ્ધ કે અયુદ્ધનાં પરિણામોનું માપ તે ક્રિયા પાછળ કોના કેવા ભાવો છે તે પરથી કાઢી શકાય. માટે પ્રથમ તો તારે તારા ભાવમાં રહેલાં મોહાદિને દૂર રાખવાં જોઈએ. અત્યારે તારા ભાવમાં મોહ તો છે જ એટલે પ્રથમ તું એનાથી છૂટ. આ પછીથી જ તું સ્થિર ચિત્તે વિચાર કરી શકીશ કે મારે યુદ્ધના કાર્યમાં જોડાવું કે નહિ ? જો મને તું પૂછે તો હું તો તને જોડવાનું જ કહું છું. કારણ કે તારી ભૂમિકા અને આ યુદ્ધ પ્રસંગ એ જ જાતનો છે. હવે શ્રીકૃષ્ણજી આ જ મુદ્દા ઉપર કહે છે :-

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमाप्स्यसि ॥३३॥

**હવે જો ધર્મસંયોગી-આ યુદ્ધ તું નહીં કરે;**
**તો સ્વધર્મ તથા કીર્તિ, ગુમાવી પાપ પામશે. ૩૩**

(પ્યારા પાર્થ ! હું તને એટલું તો સમજાવી ગયો કે આ યુદ્ધ તારા સ્વધર્મને બાધક નથી અર્થાત્ ધર્મનો નાશ કરે તેવું નથી. એટલે નીતિનાશનો જે ભય તેં કલ્પ્યો છે, એ માત્ર તારો ભ્રમ છે, ઊલટું) હવે જો આ ધર્મ સંગ્રામમાં તું નહિ

જોડાય, તો સ્વધર્મ અને કીર્તિતા ચૂકીશ (પણ સાથે સાથે) વળી પાપને પણ વહોરી લઈશ.

**નોંધ :** અર્જુને અત્યાર સુધીમાં યુદ્ધે જોડાવાથી સ્વધર્મ અને કીર્તિનો નાશ તથા પાપ કલ્પ્યું હતું તેને બદલે ઊલટું અહીં તો યુદ્ધમાં ન જોડાવાનું જ પરિણામ એવું બતાવાયું છે. યુદ્ધમાં નહિ જોડાવાથી એ ત્રણે પરિણામો આવશે એમ કહી શ્રીકૃષ્ણ વાસુદેવે એના બે મુદ્દાઓ લૂલા કરી દીધા. પણ શ્રીકૃષ્ણના આ કથનનો અર્થ આપણે બધી યુદ્ધક્રિયા પરત્વે બેસાડવો ન જોઈએ. આ યુદ્ધપ્રસંગને જ, અને તેમાં પણ ખાસ કરીને અર્જુનને જ, અને તે પણ એ અત્યારે જે પરિસ્થિતિમાં છે, તે પરિસ્થિતિને અનુલક્ષીને જ આ અર્થ લાગુ પડે છે. આટલું પળવાર પણ વિસરવું ન જોઈએ. એટલું સ્મરણ કાયમ રહે તો અત્યારે જેમ અર્જુન માટે 'યુદ્ધમાં જોડાવાનું' ધર્મ્ય ગણાયું છે તેમ એ જ અર્જુન માટે 'યુદ્ધમાં ન જોડાવાનું' પણ ધર્મ્ય હોઈ શકે એ દીવા જેવું સમજાય અને એ સમજણ, આપણને-આપણી સામે ઊભા થયેલા સારામાઠા પ્રસંગો વખતે એમાં યોજાવું એ ધર્મ્ય છે કે ન યોજાવું એ ધર્મ્ય છે તે નક્કી કરવામાં કામ લાગશે. બીજો આ પરથી એ પણ સિદ્ધાંત નીકળે છે કે ઘણીવાર સાધક, 'બીજા મને શું કહેશે' એ જાતના લોકોમાં અપયશના ડરથી પણ પોતાને ધર્મ્ય લાગતી ક્રિયા કરતાં પાછો પડે છે. દા.ત. એક સાધકને નીતિમય ધંધો ધર્મ્ય લાગે છે, પણ એ આચરવા જાય તો એનાં માબાપ કચવાય એટલું જ નહિ પણ એ કચવાટને પરિણામે એવાં રોકકળ અને પંપાળ ફેલાવે કે ઘણા લોકો આવા પુત્રને પોતાનાં માબાપને ન દુભવવાનું કહેવા આવે અને વાતો એવા રૂપે ફેલાઈ જાય કે એની પ્રતિષ્ઠામાં ધક્કો લાગતો હોય એમ દેખાય, પણ આ જ કારણે જો એ પોતાનું ધર્મ્ય છોડે તો એ આત્માના દોરને ચૂકે અને સ્વધર્મ ગુમાવી બેસે. અને પરિણામે એની જામેલી પ્રતિષ્ઠા તો ઊલટી ભયમાં આવી પડે - કારણ કે પ્રતિષ્ઠાના મૂળમાં તો કોઈ ને કોઈ સદગુણ જ હોય છે, જ્યારે લોકાપવાદને ભયને ભ્રમે પોતાનો અડગ નિશ્ચયનો સુંદર સદ્‌ગુણ એવો સાધક ગુમાવી બેસે છે, એટલે ધર્મ પણ હારી જાય છે. અને પ્રતિષ્ઠા પણ ખોઈ બેસે છે. સારાંશ કે જેમ કઈ ક્રિયા ધર્મ કે કઈ ક્રિયા અધર્મ ? એ આત્માના ગજે માપી શકાય છે, તેમ કીર્તિનું પણ માપકયંત્ર મુખ્યત્વે ક્રિયા નથી; પણ એ ક્રિયા પાછળનો શુભ ભાવ છે. આ રીતે જો આત્મા જળવાયો તો પ્રતિષ્ઠા તો આપોઆપ જળવાય જ છે. ભલે થોડો વખત અપ્રતિષ્ઠાનું વાતાવરણ લાગ્યા કરે, પણ જો સાધક પોતાના સત્યથી ન ચળે તો એવું વાતાવરણ તો ઊલટી કાયમી પ્રતિષ્ઠાને જમાવે છે. એટલે પ્રતિષ્ઠા કે

કીર્તિ ખાતર પણ ધર્મ વસ્તુને તજવી એ સાવ અવળો માર્ગ છે. આત્મા પાછળ પ્રતિષ્ઠા તો છાયાની જેમ ચાલી આવે છે. પણ જો છાયા પાછળ મૂળ આત્માની દરકાર ન રખાય, તો બંને ગુમાવી બેસાય. લૌકિક કીર્તિ પાછળ મથતો મનુષ્યમાંનો બુદ્ધિમાન વર્ગ આટલું ધારી લે તો એ સ્વધર્મ જાળવી શકે અને લૌકિક કીર્તિ વધુ પ્રમાણમાં કમાઈ શકે. પણ એના પ્રયત્નમાં એણે આત્માનો સ્વધર્મનો ધ્રુવ-કાંટો જે આગળ રાખવો જોઈએ તે પાછળ રાખ્યો હોય છે. અને લૌકિક કીર્તિનું સ્થાન જે પાછળ રાખવું જોઈએ તે આગળ ધ્રુવ- કાંટાની જેમ રાખ્યું હોય છે, અને તે હાલતાં ને ચાલતાં એને તપાસ્યા કરે છે, એટલે જ એ બેય ચૂકે છે. આ ચૂકને જ શાસ્ત્રીય પરિભાષામાં પાપ કહેવામાં આવે છે. એ તો દેખીતી જ વાત છે કે, દિશાભ્રમમાં પડેલો સુકાની ખત્તા જ ખાય. પછી કેવા ને કેટલા ખાય તેનો આધાર તો વળી એની ભાવના પર રહ્યો; પણ એવા જીવની ભાવસૃષ્ટિમાં પણ ઊલટું પરિણામ ઊપજે છે. એટલે કીર્તિને લીધે કરવા જાય છે અને મળે છે અકીર્તિ. આ જ વાત અર્જુનને શ્રીકૃષ્ણ મહાત્મા સમજાવે છે.

अकीर्तिं चापि भूतानि कथयिष्यंति तेऽव्यम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ।। ३४ ।।

**ને બોલ્યા કરશે ભૂતો, તારી અકીર્તિ કાયમી;**
**અકીર્તિ મૃત્યુથી ભૂંડી, સંભાવિત મનુષ્યને. ૩૪**

(કૌંતેય ! મેં તને કહ્યું કે કીર્તિને અને સ્વધર્મને ખોઈ બેસીશ તેમજ પાપ પામીશ. એમાંના કીર્તિ શબ્દથી તું એમ ન જાણતો કે માત્ર કીર્તિ જ જશે, કીર્તિ તો જશે જ પણ એના બદલામાં અકીર્તિ પણ થશે એટલે) ભૂતો (અહીં ભૂત શબ્દ ગીતાકારે આશયપૂર્વક યોજ્યો છે. ભૂતો એટલે સંસારી જીવો, એમને જ બીજાના પ્રસંગો પરત્વે કીર્તિ-અકીર્તિ ગાવાનો ભારે રસ હોય છે.) તારી કાયમી અકીર્તિ બોલ્યા જ કરશે અને (એ તું જાણે જ છે કે) સંભાવિત મનુષ્યને અકીર્તિ એ તો મરણ કરતાં પણ ભયંકર થઈ પડે છે.

**નોંધ :** અર્જુનને દુન્યવી વાતાવરણની છેક જ અસર ન થાય, એટલો એ નિર્લેપી આજે નહોતો એ તો દેખીતી વાત છે. એના પોતાના કથનમાં પણ અકીર્તિનો ડર તો દેખાય જ છે. માટે શ્રીકૃષ્ણ મહાત્મા કહે છે કે ભાઈ ! તારા જેવા

સંભાવિતને- દુનિયાના માનીતાને જે અકીર્તિ મૃત્યુથીય ભયંકર* લાગે એ અકીર્તિ તો યુદ્ધમાં તું નહિ જોડાય એટલે એવી અમર બની જવાની કે, જેટલાં પ્રાણી જગતમાં આજે છે અને હવે પછી હશે તે જન્મી જન્મીને પાછાં ગાયા જ કરવાનાં. કારણ કે, પરંપરાએ એમનામાં તારી આ અપયશની ગાથા તો કાયમ રહેવાની. તારે રાખવી છે અમર કીર્તિને અને માર્ગ એવા લેવા માગે છે કે, જે માર્ગે તારી બધી કારકિર્દી ઉપર પાણી ફરીને અમર અપકીર્તિ મળે."

આથી એવો સિદ્ધાંત નીકળે છે કે, જેમ કીર્તિ રાખવા કે વધારવાનો સચોટ ઉપાય આત્મપરાયણતા છે તેમ અકીર્તિ ટાળવાનો ઉપાય પણ આત્મ-પરાયણતા જ છે. કલંકિત કુળોમાંના એક પુરુષની આત્મપરાયણતાએ એ કુળનાં કલંક પળવારમાં ભૂંસીને ઉદ્ધાર કર્યો છે. જ્યારે અર્જુન તો એ મુખ્ય ધ્યેયથી જ આજે ચળી ગયો છે. અને કુળમાં કલંક ન લાગે એવી વાતો કરી રહ્યો છે. કેટલું આશ્ચર્ય ! ગાભરો બનેલો સાધક પણ આમ જ મૂળ માર્ગ ચૂકીને કીર્તિ કમાવા જતાં અપકીર્તિ પામે છે. અને છતાંયે એ મૂળ ભૂલ સુધારવાને બદલે ઊલટો 'નસીબ' 'દુનિયા' 'પ્રભુ' 'ધર્મ' એવાં એવા તત્ત્વોને દોષ દઈને કાં તો (૧) ખોટે માર્ગે શકિતને વેડફી નાંખે છે. કાં તો (૨) નિરાશા ને આળસથી ઘેરાઈને શકિતને ગૂંગળાવી મારે છે. શ્રી આચારાંગકારના કહ્યા મુજબ શકિતને ગૂંગળાવી મારવા જેવો બીજો એકે મહા અનર્થ નથી. જો કે શકિતને ખોટે માર્ગે વેડફવી એ પણ અનર્થ તો છે જ.

**भयद्राणादुपरतं मस्यंते त्वां महारथः ।**
**येषां च त्वं वहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥ ३५ ॥**
**ને ભયે રણથી થાકયો, માની લેશે મહારથી;**
**જ્યાં થયો છું બહુમાન્ય, ત્યાં હલકો પડીશ તું. ૩૫**

(અને અર્જુન ! કદાચ મનુષ્ય સામાન્ય લોકોમાં સકારણે પોતાની અપકીર્તિ ફેલાય તોય ન ગણકારવા જેવી બેદરકારી ધરાવી શકે. જો કે એ બેદરકારી અંતે તો

* જૈન સૂત્રોમાં જે સાત ભયનાં સ્થાનો દર્શાવ્યાં છે, તેમાં મૃત્યુ-ભયને સૌથી મહત્ત્વનું સ્થાન છે; પણ એ સમગ્ર સંસારી જીવોની અપેક્ષાએ છે. મનુષ્યને (અને તે પણ વિકસિત મનવાળા મનુષ્યને) તો મરણ એ રમત વાત હોય છે. એને અપયશ જ વધુ પીડે છે. અપયશ ન થાય એ ખાતર એ સહેજે જાનની કુરબાની કરી શકે છે. અહીં સૂત્રકારનો એ આશય છે કે, અપયશના ભ્રમે ઘણા મરી જાય છે તેમ તું પણ રખે એવું કરી બેસે ! એ અપયશની બીકે થયેલું મરણ તો આપઘાત જ ગણાય અને સૂક્ષ્મ અને સ્થૂળ બંને દષ્ટિએ એ પાતકરૂપ નીવડીને ભવ વધારે છે.

તને જેમાં ભ્રમ થયો છે તેમાં તુ ભોગ આપવા તૈયાર થયો છે એમ લાગે છે; પણ એ ભ્રમ જ ટાળી નાંખવો જોઈએ કારણ કે તને જે અકીર્તિનો ભય છે, તે ખરી રીતે તો યુદ્ધમાં ન જોડાવામાં છે, જોડાવામાં નથી.

બેવડા ઉછાળાથી ગણકારવા જેટલું દુઃખ ઉપજાવે પણ એમ છતાં માનો કે થોડા વખત માટે પણ એવું વલણ એવો માણસ જાળવી શકે-તોય એવો માણસ પણ પોતે જે સાથીઓ વચ્ચે ગૌરવ, મહિમા ભોગવતો હોય, તે સાથીઓ વચ્ચે તુચ્છકાર પામે તે ઘડીક પણ સહી શકતો નથી. તેમ તારું પણ થવાનું. કારણ કે) આ બધા મહારથીઓ કે જેમને વિષે (રણમાંથી પીછેહઠ કદી ન કરવાના બિરુદને લીધે) તું બહુમાન પામ્યો છે, ત્યાં જ હલકાઈ પામીશ (કારણ કે એ) મહારથીઓ તો તને ભયને લીધે રણથી થાકયો (એમ) માનશે.

**નોંધ :** વાત તો ખરી જ છે કે જેમની આગળ બહુમાન પામ્યો હોય તેવા નિકટના સાથીઓ આગળ માણસ હલકો પડી જાય, તો એને જબ્બર આઘાત લાગે છે. આવા જબ્બર આઘાત સામે આધ્યાત્મિક બળ ન હોય, તો ટકી જ ન શકાય. આવે અણીને પ્રસંગે આધ્યાત્મિક બળ તો આવી શકે કે જો પોતે લીધેલો પંથ સાચો હોય અને સાથે સાથે ભારોભાર શ્રદ્ધા હોય. સારાંશ કે પ્રબળ આત્માર્થી જ ત્યાં ટકી શકે. આવા આત્માર્થના લક્ષ્યે તો અર્જુન રણથી નહોતો જ થાકયો, એટલે દ્રુપદ જેવા એના સસરા કે ધૃષ્ટદ્યુમ્ન જેવા એના સાળા અથવા ભીષ્મ કે દ્રોણ જેવા પીઢ વીરો 'હત ! ભૂંડા બીકણ !' આટલું કહે એટલે એ સાંખી શકે તેમ નહોતું જ. શ્રીકૃષ્ણ મહાત્મા આગળ તો એનો નાતો જ એવો હતો, એટલે એ 'ન નામર્દપણું પામ' એટલા શબ્દો સાંભળી શકયો. જો કે એ સાંભળ્યા પછી તો એને કેવી ચટપટી થઈ તે આપણે જોઈ ચૂકયા પણ એટલું જ જો બીજા કોઈએ સંભળાવ્યું હોત તો જોયા જેવી થાત ! કારણ કે હજુ અર્જુનને એટલી હદની અપ્રમત્ત દશા પર જવાને વાર હતી. એટલે આવી અધોદશા થાય પછી યુદ્ધે જોડાવા માટે પાછું આવવું પડે એના કરતાં અત્યારે જ પોતાની એવી મનોદશાનો પ્રથમથી જ વિચાર કરે એ ખાતર શ્રીકૃષ્ણ મહાત્મા અર્જુનને, એના યુદ્ધથી ભાગ્યાનાં પરિણામો ક્રમવાર આત્મલક્ષ્ય રાખીને આબેહૂબ વર્ણવી રહ્યા છે. અહીં એક પ્રશ્ન ઊઠે કે મહારથીઓ ભયથી પીછેહઠ માની લે એથી કરીને એમને એમ ન મનાવવા ખાતર શું રણમાં એણે જોડાવું ? 'બીજા શું માની લેશે' એ ઘડીઘડી જોવા બેસે તો તો સાધક પોતાની પ્રવૃત્તિમાં ડગલુંય કેમ ભરી શકે ? એ વાત તો અગાઉ કહેવાઈ ગઈ છે. પણ આનો જવાબ તો સીધો જ છે. 'લોકો શું માને છે, એ સાધકનું ધ્યેય તો ન જ હોય - ન જ હોવું ઘટે પણ સાધકે એ પણ ન ભૂલવું જોઈએ કે પોતે સિદ્ધ ન હોઈને પોતાની ભૂલો સંભવે છે, એટલે એના આત્મધ્રુવને તો એ મુખ્યપણે જોયા કરે, પણ સાથે સાથે લોકાભિપ્રાયને (ઠોકરે ન મારતાં, એ પરત્વે) પણ

વિવેકબુદ્ધિની ગળણીથી તપાસી સાર સાર લેવાનું ન ચૂકે. કારણ કે લોકાભિપ્રાય બદલાવામાં આપણો હૃદયપડઘો પણ કેટલીક વાર સાચે જ કારણરૂપ હોય છે. જો કે દરેક લોકાભિપ્રાયમાં પોતાનો હૃદયપડઘો કારણભૂત જ હોય, એમ એકાંતે ન કહેવાય – કારણ કે લોકાભિપ્રાયમાં લોકદષ્ટિ પ્રધાનપણે હોય છે, પણ અહીં તો એટલું જ કથિતવ્ય છે કે લોકાભિપ્રાય આંખ આડે કાન કરવા જેવી ચીજ નથી. વળી લોકમાં પણ જ્યારે આપણા નિકટના ગણાતા સાથીઓ વિરુદ્ધ પડી જાય ત્યારે તો વિવેકબુદ્ધિથી તપાસવું જ જોઈએ, એ ન તપાસાય, તો પોતાનો માર્ગ ખરો જ છે, એમ નિશ્ચયે માની લેવામાં ઉતાવળ થાય છે એમ લાગે છે. વળી આપણા નિકટના સાથીઓ; સાથી બન્યા હોય છે, તેમાં કોઈને કોઈ પ્રકારનું આપણા અને એમના વચ્ચેનું સમાન તત્ત્વ હોય, એ મુખ્ય કારણ છે, આ મુખ્ય કારણે જોડાયેલા સંબંધ એકાએક છૂટી જવામાં બે કારણો હોય છે. (૧) કુદરતી અકસ્માત (૨) આપણો કે એમનો દિશાપલટો. કુદરતી અકસ્માતને તો આપણે એક અપેક્ષાએ અનિવાર્ય માનીએ, પણ દિશા પલટાને તો આપણે બરાબર ચકાસવો જોઈએ. એને ચકાસવાની એક રીત એ કે જો આપણો દિશાપલટો સત્ય જ હોય, તો અગાઉ કહ્યા પ્રમાણે એમાં વિષાદ, રુદન વગેરે ન હોય, પણ પ્રસન્નતા, શાંતિ, સંતોષ, પ્રેમ વગેરે હોય. અને આમ હોઈને સાથીઓને કાં તો ધુતકારવાનો પ્રસંગ ન આવે અને કદાચ આવે તો તે પ્રસંગ કડવો ન બને, પણ પાછળથી ઊલટો વધુ મીઠો બને. અર્જુનની અત્યારની સ્થિતિને આ રીતે ચકાસતાં શ્રીકૃષ્ણ મહાત્મા નપાસ ઠરાવે છે અને અર્જુનને માટે આ રીતે યુદ્ધ છોડે તો એથી પણ આકરી બીજી કસોટી આવવાનું સૂચવતાં કહે છે : -

**अवाच्यवादांश्च वहून्वदिष्यंति तवाहितः ।**
**निंदंतस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥ ३६ ॥**
**ન બોલ્યાના ઘણા બોલો, બોલશે અહિતેચ્છુઓ;**
**તારા સામર્થ્યને નિંદી, આથી દુઃખ કયું વધુ ? ૩૬**

(અને ભલા, અર્જુન ! જ્યારે લોકાપવાદ ખૂબ ફેલાશે અને તારા નિકટના સાથીઓ, ઉપર કહ્યું તે પ્રમાણે કહી કહીને તને હલકો પાડી દેશે, ત્યારે શું દુર્યોધન જેવા કે જે તારા ભલામાં રાજી જ નથી અને હંમેશાં તારું બૂરું જ તાકી રહ્યા છે, એમને આવો મોકો મલ્યા પછી કંઈ બાકી મેલશે કે ?) તે તારું અહિત જોવા તલસી રહેલાઓ તો (જોયો નપુંસક, એ તો અમે પહેલેથીજ જાણતા હતા. એને તો

શ્રીકૃષ્ણે જ ચઢાવી મેલ્યો હતો. એમાં માલ શો હતો ?) એવા પ્રકારના ન બોલવાના બોલ બોલશે (કે જે તને પાતાળમાંથી ઊંચો કરે) અને તે પણ તારા સામર્થ્યની નિંદા કરતા કરતા (બોલશે, ત્યારે ભલા !) આથી વધુ દુઃખકર તારે માટે બીજું શું હોઈ શકે ?

**નોંધ** : અર્જુનની બધી દલીલોને તોડી પાડવામાં શ્રીકૃષ્ણનું આ છેલ્લું વાકય છે, અને તે એટલું જ સમર્થ છે, સોંસરું ઊતરી જાય તેવું છે. અર્જુન પોતાનું અપમાન સહી શકતો પણ પોતાના ગાંડીવનું કદી નહિ. કારણ કે એને એ પોતાનો સર્વ પ્રાણ માનતો એટલે એ સામર્થ્યની નિંદા કોઈ રીતે સહન કરી શકે તેમ નહોતું અને ન જ સહી શકે તેવી એની સ્થિતિ હતી. એટલે એના અત્યારે થયેલા ઈંદ્રિયશોષી શોકના દુઃખ કરતાં આ દુઃખ હજારોગણું થાય તેમ હતું. લોઢાનો તીક્ષ્ણ કાંટો જે દુઃખ દે તે કરતાં ખરા કારણ વિના કડવાં વેણનો કાંટો હજારોગણું દુઃખ દે, તેમ - જૈન સૂત્રો કહે છે. એ પૂર્ણ અનુભવસિદ્ધ વાકયનો સહુને થોડોઘણો અભ્યાસ હશે. આ મહાભારતના યુદ્ધમાં પણ (ભીમનું કહો કે દ્રૌપદીનું કહો)* એક વાકય જ મુખ્ય કારણ છે. સાધકપક્ષે પણ એમ કહી શકાય કે હજુ જેમના ઉપર લૌકિક દૃષ્ટિની પ્રગટ કે અપ્રગટપણે અસર પડે છે તેવા સાધકને પોતાના વિરોધીઓ તરફના પોતાની સાધનાના વિશિષ્ટ ગુણને નિંદતાં આવાં વેણ સાંખવાં મહા દુઃખદ છે. જેમ અર્જુનનો મુદ્દો સાચોખોટો તપાસવાની આ છેલ્લી કસોટી છે, તેમ સાધકપક્ષે પણ જો એ મૂળમાં શિથિલ હોય તો અહીં આવીને આબાદ ફટકો ખાઈ જાય છે, એટલે કે એ નથી સહી શકતો ને એની સાધના-નૌકા તોફાની વાવાઝોડામાં ઝડપાઈ જાય છે. સાધકનું અહિત વાંચ્છનારા ન જ હોય, એવું નથી. એના વિરોધીઓ ઘણા હોઈ શકે છે, અને જે સાધક જગત આગળ નામાંકિત થયો છે કે થઈ રહ્યો છે તેના ટીકાકારો અને તેજોવધ વાંચનારા તો સંખ્યાબંધ હોઈ શકે છે. એટલું ખરું કે ખરો સાધક એમનાં સાચાખોટા, નિંદા, વિરોધ કે ટીકામાંથી પણ સત્ય શોધી, અસત્યથી વેગળો રહે છે. અને અહિત-વાંચ્છુઓનું પણ ભલું ચાહે છે, આચરે છે અને સર્વત્ર પ્રેમ પાથરે છે. પરંતુ તોય એના ટીકાકારોમાંનો કેટલોક ભાગ એવો હોય છે કે જે એને જીવતાં લગી ઓળખી જ શકતો નથી અને કેટલોક ભાગ અવશ્ય એના પ્રભાવથી હૃદયપલટો પામીને આખરે નિંદકને બદલે પ્રશંસક થઈ જાય છે, પણ એવા

* "દુર્યોધન જ્યારે પાંડવોની મયકૃત શાળામાં પ્રવેશીને ચાલતાં સ્ખલિત થયો, ત્યારે "અંધના બેટા અંધ" એમ દ્રૌપદીએ કહ્યું છે એવો જૈન ગ્રંથોમાં ઉલ્લેખ છે. મહાભારતમાં ભીમે એમ કહ્યાનો ઉલ્લેખ છે.

ઉચ્ચ કોટીના સાધકને તો એવી પ્રશંસા અડી જ શકતી નથી પરંતુ અર્જુન હજુ એ ઉત્કટ ભૂમિકા પર નહોતો એટલે જ શ્રીકૃષ્ણ આ છેવટની એટલે કે જેમ લોકોત્તરમાં તેમ લૌકિક પરીક્ષામાં પણ નાપાસ થયેલો જાણી, છેવટે કહ્યું કે ભોળા ! ખેદ શું કરે છે ? સાંભળ :

**हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा मोक्ष्यसे महीम् ।**
**तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥ ३७ ॥**
**મર્યો તો સ્વર્ગ પામીશ, કાં જીતી ભોગવીશ ભૂ;**
**માટે તું ઊઠ કૌંતેય ! કરી નિશ્ચય યુદ્ધનો, ૩૭**

(યુદ્ધમાં નહિ જોડાવાથી તું સ્વધર્મ અને કીર્તિ બંને ગુમાવીશ તેમજ સર્વ પ્રકારે સર્વની અપકીર્તિ વહોરી લઈશ. જ્યારે યુદ્ધમાં જોડાવાથી માન કે એ રીતે જ - આ યુદ્ધમાં જ - ખપી જઈશ એટલે કે) જો તું મરી જઈશ, તો તું સ્વર્ગ પામીશ અને (જીવ્યો તો જીતવાનો જ છે એટલે) જીતીને ભૂમિકાને ભોગવીશ. (એમાં તારું જવાનું શું છે?) માટે યુદ્ધનો નિશ્ચય કરીને, ઓ કુંતીના પુત્ર ! તું ઊઠ. (ઊભો થા.) ખેદ છોડી દે.

**નોંધ :** દેહીનો દેહ વહેલામોડો છૂટવાનો જ છે તો મૃત્યુના ભયે પોતાના કર્તવ્યને છોડવું ઉચિત નથી, મૃત્યુના મોંમાં કર્તવ્ય ખાતર મરનારને મરીને સ્વર્ગ મળે છે. અને જીવીને વિજય મળવાથી અનેક પ્રકારનું લૌકિક સુખ મળે છે. ઉપરાંત જેણે કર્તવ્ય ધર્મ જાળવ્યો એનો આત્મા પણ નીચે નથી જતો, ઊલટું જો સમતા રાખી હોય તો ઊંચે જ જાય છે. માટે જ હવે શ્રીકૃષ્ણ મહાત્મા કહે છે કે :

**सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।**
**ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३८॥**
**લાભ-હાનિ, સુખો-દુઃખો, જીત-હાર, સમાં ગણી;**
**જો જોડાઈશ તું યુદ્ધે, તો તો પાપ ન પામશે. ૩૮**

(ઓ કુંતીના ગરવા સપૂત ! તને પાપનો ડર લાગે છે, એ જોઈ મને ખૂબ સંતોષ થાય છે. જે પાપથી ડરતો રહીને વિવેકપૂર્વક પગલાં માંડયે જાય છે, તે તો સર્વ પ્રકારે અધિકારી જ ઠરે છે પણ આ યુદ્ધમાં લાખો કેલૈયા કુમાર જેવા નરવીરો ભરખાઈ જશે, પણ આ અનિવાર્ય દશા છે, ત્યાં દેહધારી શું કરે ? જોને, ધરતીકંપ, જળપ્રલય, મહામારી વગેરેનાં મોંમાં લાખો દેહધારીઓ હોમાઈ જાય

છે. તું કહીશ એ તો કુદરતી આફત છે, એમાં કયાં માનવી નિમિત્ત છે? આ યુદ્ધમાં તો અમે અને કૌરવો નિમિત્ત છીએ એટલે કેમ પાપ ન લાગે? પણ તું ભૂલે છે. કુદરતી આફતો કે પ્રાણીકૃત-આફતો-બધાની પાછળ કુદરતી કાનૂન અને સાથે સાથે દેહધારી પણ જવાબદાર છે. અને માનવીને વિકસિત બુદ્ધિ હોઈને તે વધુ જવાબદાર છે, પણ એ જવાબદારી કાંઈ કર્તવ્યને ટાળવાથી કે નાસી ભાગવાથી ટળી જતી નથી, ઊલટું જાણી કરીને તેવું ઊંધું વર્તન કરવાથી તો એ ક્રિયાનું પાપ વધુ લાગે છે, જો કે કર્તવ્યને ન ટાળવાથી કે ન નાસી જવાથી એ કર્તવ્યને અંગે જે કંઈ આરંભ કરવો પડે તેનું પાપ લાગે છે ખરું, પણ એ પાપ એવું લાગે છે કે જેને નિવારી શકાય છે. એટલે જો આ વેળાએ આ યુદ્ધમાંથી પાછો ભાગીશ, તો યુદ્ધ નથી અટકવાનું. તેથી જે કોઈ હણાશે તે પાપથી કાંઈ તું છૂટી જવાનો નથી. કારણ કે યુદ્ધનો માનસિક સંકલ્પ તારો જ્યારથી થયો ત્યારથી જ યુદ્ધજન્મ હિંસા તો તને લાગી જ ચૂકી છે જે વિષે હું આગળ તને આ વાત બહુ સરળ રીતે સમજાવવાનો છું. હાલ તો એટલું જ કહું છું કે, "જો તું એ પાપથી ખરેખર છૂટવા માગતો હો તો, એનો માર્ગ આ છે :) જો તું લાભ કે હાનિ, જય કે પરાજયને, સુખ કે દુ:ખમાં સરખાં ગણીને યુદ્ધમાં જોડાઈશ તો તને પાપ નહિ લાગે.

**નોંધ :** જો અર્જુનને કુટુંબી સ્નેહીઓના દેહ ઉપર મોહ થયો તો પછી પોતાના દેહ ઉપર મોહ કેમ ન હોઈ શકે? જો કે એણે પોતાના શબ્દોમાં એ વાત કયાંય નથી કહી. અર્જુનને પોતાને એમ લાગતું પણ નહિ હોય, કે પોતાના દેહમાં પણ મોહ છે. પરંતુ શ્રીકૃષ્ણ મહાત્મા કેમ ન જાણે? એટલે જ એમણે કહ્યું કે તું મરવાની બીક છોડી દે. મરીશ તોય તારો આ જ આત્મા બીજો દેહ ધારણ કરશે. ત્યારે સ્વર્ગીય સુખ મળશે. અહીં સ્વર્ગસુખ કહ્યું છે કારણ કે દેહધારી આત્માની દેહભાને કરેલી ક્રિયા વધુમાં વધુ શુભ ફળ આપે તો સ્વર્ગનું ફળ આપી શકે; એથી વધુ નહિ. આપોઆપ આવી પડેલા યુદ્ધની ક્રિયા ક્ષત્રિયને માટે ધર્મ્ય હોય, તોય એ ક્રિયા દેહભાન વિના થઈ શકતી જ નથી, માટે એનું વધુમાં વધુ ફળ મળે તો સ્વર્ગ મળે, મોક્ષ કદી નહિ અને તેના એક પાસામાં સ્વર્ગ છે, તેના બીજા પાસામાં નરક પણ છે જ. તેમજ જ્યાં પુણ્ય છે ત્યાં બીજે પાસે પાપ પણ છે. એટલે એકંદરે તો એ ક્રિયા કંઈ જીવનધ્યેય નથી. માટે જ અર્જુનને શ્રીકૃષ્ણ મહાત્માએ કહ્યું કે "મોક્ષ આપનાર વસ્તુ તો સમત્વ છે. અને સમતામાં જ આત્મિક સુખ છે માટે હું તને યુદ્ધમાં જોડાવાનું કહું છું." એટલે તું એને જ તારું પરમ ધ્યેય રખે માની લેતો. આ તો અત્યારે તારી ભૂમિકા પ્રમાણે એ નિવારી શકાય તેમ નથી, માટે કહું છું કે તું

યુદ્ધમાં જોડાઈ જા. અને યુદ્ધમાં જોડાવાથી યુદ્ધનાં બે પરિણામો આવશે - કાં તો જય ને કાં તો પરાજય, કાં તો સ્વતંત્ર રાજ્યસુખ અને કાં તો કૌરવોનું આધિપત્ય, કાં તો ભોગપ્રાપ્તિ અને કાં તો ભોગહાનિ, કાં તો મરવું પડશે ને કાં તો જીવીશ પણ એ બે પૈકી કોઈને પણ ઓછી વધુ ન માનતો, હરખ-ખેદ ન કરતો. આ વખતે તું રાજ્યસુખ છોડવા જાણે તૈયાર હો, એમ બોલી ગયો પણ એ તો તારા આ મોહજન્ય ખેદને લીધે બોલી ગયો છે. એથી કંઈ તને રાજ્યસુખ મળવાથી હરખ નહિ થાય એવું થોડું જ છે ? અને માની લે કે હરખ નહિ થાય તો વળી લડાઈમાં તારાં સગાં હણવાનો ખેદ થવાનો. હરખ અને ખેદમાં તત્ત્વ દષ્ટિએ કશો ફેર જ નથી. માટે એ દ્વંદ્વથી પર થઈને પછી જ યુદ્ધમાં જોડા એમ હવે હું તને ભાર દઈને કહું છું. અને એ પણ કહું છું કે ખરેખરો નિશ્ચય કરીને જોડાજે. પાછો કયાંક અર્ધી લડાઈએ વળી આવું નાટક ન બતાવતો. સારાં કે દઢ નિશ્ચયે સમતાપૂર્વક યુદ્ધમાં જોડાઈશ, તો તને પાપ નહિ લાગે અને મરીને કે જીવીને પરલોકમાં કે અહીં જે જે સ્થિતિ પામીશ તે લૌકિક દષ્ટિએ પણ ઊંચા પ્રકારની હશે. જે આત્મદષ્ટિએ ઉચિત ને પૌદ્ગલિક (બાહ્ય) દષ્ટિએ પણ ઉચિત જ હોય. જે લોકોત્તર દષ્ટિએ ઉચિત તે લૌકિક દષ્ટિએ પણ ઉચિત જ હોય પણ જે પૌદ્ગલિક (બાહ્ય) દષ્ટિએ ઉચિત હોય તે આત્મદષ્ટિએ ઉચિત હોય અને ન પણ હોય અને જે લૌકિક દષ્ટિએ ઉચિત હોય તે લોકોત્તર દષ્ટિએ ઉચિત હોય અને ન પણ હોય. તો પછી આત્મદષ્ટિ-લોકોત્તર દષ્ટિ-ને મુખ્યત્વે કાં ન રાખવી ?

**एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।**
**बुद्धया युक्तो यया पार्थ कर्मबंधं प्रहास्यसि ॥ ३९ ॥**
**સાંખ્યદષ્ટિ કહી આ તો, યોગદષ્ટિ હવે સુણ;**
**જે દષ્ટિયુક્ત તું પાર્થ, છૂટીશ કર્મ બંધથી. ૩૯**

હે પૃથાના પુત્ર (અહીં સુધી) તો મેં તને આ સાંખ્યદષ્ટિ કહી (એટલે કે સાંખ્ય સિદ્ધાંત-નિશ્ચય દષ્ટિના સિદ્ધાંતથી સમજાવ્યું પણ) હવે તને હું યોગ દષ્ટિ (વિશે) કહું છું, તે તું સાંભળ (કારણ કે વ્યવહારમાં આ જ દષ્ટિ રાખીને સહુએ ચાલવું રહ્યું છે. તો જ કર્મબંધનથી છૂટી શકાય છે, તું પણ) તે દષ્ટિ રાખીને ચાલતાં કર્મબંધનથી છૂટી જઈશ.

**નોંધ :** જૈન સૂત્રોમાં 'पढम नाण तओ दया' કહ્યું છે. સારાંશ કે પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા. તે જ રીતે સૌથી પહેલાં શ્રીકૃષ્ણ મહાત્માએ અર્જુનને જ્ઞાનદષ્ટિ

આપી હવે ક્રિયાદષ્ટિની વાત કહે છે. જ્યાં લગી યથાર્થ જ્ઞાન ન થાય, ત્યાં લગી બુદ્ધિજન્ય તર્કોનું સમાધાન થતું નથી, એટલે એ બુદ્ધિ વાસનાત્મક બની એકાગ્રતા જામવા દેતી નથી. અને એકાગ્રતા વિના આત્માનંદ ચાખી શકાય નહિ એટલે યથાર્થ જ્ઞાનની જરૂર છે. પણ આટલેથી જ પતે નહિ સાથે સાથે ચારિત્ર પણ જોઈએ. જીવનના જટિલ સમરાંગણમાં એકલા જ્ઞાનથી ચાલતું નથી. એટલે જૈન સૂત્રોના પ્રતિપાદ્ય વિષય જેમ ચારિત્ર છે, તે જ રીતે ગીતાકાર પણ એ જ વિષયનું પ્રતિપાદન હવે શરૂ કરે છે. 'અર્જુનને યુદ્ધમાં જોડવો' એટલો જ શ્રીકૃષ્ણ મહાત્માનો આશય હોત તો આટલેથી જ ગીતા સમાપ્તિ પામત પણ શ્રીકૃષ્ણ મહાત્માને અર્જુનને સંસારના સમસ્ત રણસંગ્રામમાં આંતરયુદ્ધ ખેલીને આબાદ રીતે પાર ઊતરી શકે એવો માર્ગ બતાવવો છે. જે સિદ્ધાંત એક જ પ્રસંગને લાગુ પડે, તે પૂર્ણ સિદ્ધાંત કહેવાય જ નહિ. એટલે સિદ્ધાંતની એક બાજુ વર્ણવી હવે બીજી ભવ્ય બાજુ બતાવવા માગે છે. એમણે અગાઉ અર્જુનને કહ્યું હતું કે તું સમભાવ રાખીને ક્રિયા કરીશ તો તને પાપ નહિ લાગે. પણ નવાં પાપ ન લાગે એટલી જ એ તો વાત થઈ, પણ જૂનાં લાગ્યાં છે તેમનું શું ? ખરી વાત તો એ છે કે આ દેહ જે કારણે બંધાયો છે તે કર્મથી સર્વ પ્રકારે મુક્ત થવાની સહુ કોઈની અભિલાષા છે. એટલે અર્જુનને ઉદ્દેશીને છતાં, સહુને સર્વ સ્થળે લાગુ પડે એવો વ્યાપક સિદ્ધાંત ગીતાકાર હવે રજૂ કરે છે. જૈન સૂત્રો જેમ કહે છે કે 'ચારિત્ર વિના સંપૂર્ણ મોક્ષ નથી'+ તે જ રીતે ગીતાકાર પણ કહેવા માગે છે કે કર્મયોગ વિના સાંગોપાંગ સિદ્ધિ નથી' જૈન સૂત્રોના ચારિત્ર શબ્દનો અર્થ સંન્યાસ પરત્વે રૂઢ થઈ ગયો છે, જ્યારે ગીતાના કર્મયોગ શબ્દથી અસંન્યાસ જ બહુધા લોકો માની લે છે. પરંતુ આપણે તો એ બંને વચ્ચેનું સામ્ય જ જોઈએ છીએ. જેમ ચારિત્ર શબ્દ અંતર સાથે મુખ્યત્વે સંબંધ ધરાવે છે, તેમ કર્મયોગ પણ મુખ્યત્વે અંતર સાથે સંબંધ ધરાવે છે; એ વ્યાખ્યા ગીતાકારના મુખેથી જ આપણે આગળ ઉપર જોઈશું. પ્રથમ તો હમણાં એ શું કહેવા માગે છે તે જોઈએ.

**नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।**
**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ ४० ॥**

**ન અહીં પ્રગતિ તૂટે, વિઘ્ન પણ નડે નહીં;**
**અંશેય ધર્મનો નક્કી, મહાભયથી રક્ષતો ૪૦**

+ ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः ।

(વહાલા ભારત ! આ યુદ્ધના પ્રસંગ પૂરતી જ વાત કહી; હું તને એટલેથી જ રોકવા નથી માગતો. આજે અહીં તારી સામે યુદ્ધનો પ્રસંગ છે, પણ યુદ્ધને અંતે કદાચ તારે ફાળે મૃત્યુ આવે કે પરાજય આવે અથવા તું જીવતો રહ્યો તો વિજયના ગૌરવવંતો રાજ્યભોગનો પ્રસંગ આવે, ત્યારે પછી ત્યાં તારે શી રીતે વર્તવું ? એનો પણ હું તને રાહ બતાવું છું. મેં તને સર્વ પ્રસંગોમાં સમત્વ રાખવાની વાત તો કરી, પણ એવું સમત્વ કંઈ બાળકના ખેલ નથી. હજુ કદાચ આફતમાં સમતા રાખી શકાય, પણ પ્રલોભનમાં સમતા રાખવી કઠણ છે. એને માટે તો દઢ ધર્મ-સાધના જોઈએ, માટે જ હવે હું તને એ સમજાવું છું, પણ જો; પહેલાં તો તને એ કહી દઉં કે) એ (યોગમાર્ગ) માં કરેલી પ્રગતિ કદી અટકી પડતી નથી, તેમ ગમે તેવાં વિઘ્નો આવે તોય એ એને નડી શકતાં નથી, વળી એવા ધર્મનું યત્કિંચિત્ પાલન પણ મહાભયથી ઉગારવા સમર્થ છે.

**નોંધ :** લાભાલાભનો વિચાર કર્યા પછી, લાભ જણાય તો જ તેવા માર્ગે જવા માટે ઉત્સાહ આવે છે. એટલે શરૂઆતમાં તેને કર્મયોગનો મહિમા સૌથી પ્રથમ શ્રીકૃષ્ણ મહાત્માએ કહ્યો. સમતાયોગ કહો કે ધર્મ કહો તે બધું સરખું છે. જૈન સૂત્રોમાં પણ ધર્મ અને સમકિત અથવા સમ્યક્ત્વ એક જ અર્થમાં વપરાયાં છે. જૈન સૂત્રોમાં ધર્મની વ્યાખ્યા જ એવી વ્યાપક અને સુંદર છે કે સર્વ સ્થળે આબેહૂબ લાગુ પડી જાય. તે કહે છે કે 'વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ' : આ રીતે આત્માને સ્પર્શ કરે તે આત્મધર્મ. આવા ધર્મનું પાલન નકામું ન જ જાય એ દેખીતું છે. કારણ કે આત્માનો નાશ થતો નથી તો આત્માને સ્પર્શેલી ભાવનાનો કેમ નાશ થાય ? એ રીતે જોતાં ગીતાકારનો યોગ એટલે આત્માનું જોડાણ. એ જોડાણ લેશ પણ થયું કે પછી મહાભય રહ્યો જ કયાં ? કારણ કે અભય એ આત્માનો સ્વભાવ છે. જ્યારે ભય તો દેહભાવ છે. તે (ભય) ગમે તેટલો ભયંકર હોય તોય, ત્યાં એનું (આત્મા પાસે) શું ચાલે ? જેમકે પવન ગમે તેટલાં ઝાપટાં મારે, તોય એથી આકાશને શું નુકસાન થવાનું ? ધર્મને વિઘ્ન પણ શાનાં નડે ? કારણ કે વિઘ્નો બિચારાં પાર્થિવ રહ્યાં અને ધર્મ તો અપાર્થિવ રહ્યો ત્યાં તો અવળા ગ્રહ કે અનિષ્ટ પણ શું કરી શકે ? બહુબહુ તો રોગાદિ આપત્તિઓ કે શસ્ત્રો દેહને ઝૂંટવી શકે પણ તેથી શું થયું ? જેમ ઘડો ફૂટવાથી આકાશમાં કશું ઊણું થતું નથી, તેમ ધર્મમાં શું ઊણું થવાનું ? સારાંશ કે જૈનસૂત્રો જેમ કહે છે કે ક્ષાયિક સમકિત આવ્યા પછી નષ્ટ થતું જ નથી એમ શ્રીકૃષ્ણ મહાત્મા કહે છે કે આ યોગ પ્રાપ્ત થયો કે પછી એ નષ્ટ થતો જ નથી. વળી જેમ કામદેવ જેવા સાધકોને અનેક પ્રકારનાં દેવકૃત કે

મનુષ્યકૃત સંકટો* પડયા છતાં સમકિતને નડયાં નથી. તેમ આ યોગનિષ્ઠને આફતો નડતી જ નથી. વળી જેમ સુદર્શન જેવા સામે મહાભયો ખડા થયા હતા પણ પળવારમાં ધર્મે તેનું રક્ષણ કર્યું તેમ ગીતાકાર પણ કહે છે કે આ ધર્મનો અંશ પણ મહાભયથી ઉગારે છે, પરંતુ આવા સર્વ પ્રકારે લાભદાયક ધર્મ માટે કેવી ભૂમિકા જોઈએ તે હવે કહે છે :

**व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।**

**बहुशाखा ह्यनंताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१ ॥**

**આ યોગે જોઈએ બુદ્ધિ, એક જ નિશ્ચયાત્મક;**

**છેડો નથી, ઘણાં ફાંટા, અનિશ્ચયીની બુદ્ધિના ૪૧**

(પરંતુ વીર અર્જુન ! જેમ સિંહણનું દૂધ તાકાતવાળું તો છે પણ સોનાના વાસણ સિવાય ટકી શકતું નથી, તેમ આવા ઉત્કટ યોગને આરાધવા સારુ સૌથી પહેલાં તો) આ યોગને વિષે બુદ્ધિ એકનિશ્ચયી જોઈએ. જ્યારે અનિશ્ચયીજનોમાં તો (આવી આત્મલક્ષી એકરૂપ બુદ્ધિ નથી હોતી, પણ 'આ ઠીક તે ઠીક આ કરું તો આ ફળ મળે ને તે કરું તો તે ફળ મળે' એમ વાસનાત્મક ઈચ્છાને લીધે) બુદ્ધિઓ બહુ શાખા ભેદે કરીને અનેક હોય છે. (માટે તું પ્રથમ તો બધી સકામ ઈચ્છાઓથી, તારી બુદ્ધિને પાછી વાળી આ યોગમાં એકાગ્ર કરી દે. તો જ ક્રમેક્રમે તું કર્મબંધનથી છૂટીને મોક્ષરૂપી શાશ્વત સ્થાન પામીશ.)

નોંધ : સાધકે સૌથી પ્રથમ આ જ વાત લક્ષમાં લેવાની છે. ઘણા સાધકોને આત્મધર્મ ગમે છે ખરો પણ એની બુદ્ધિ સ્થિર નથી થઈ હોતી એટલે ક્રિયા આત્મધર્મને લગતી કરતો હોય છે. પણ બુદ્ધિનું સંસારવૃક્ષ અનંત અને બહુશાખાળુ હોઈને, એની સ્થિરતા, એમાં (યોગમાં) ક્ષણ પણ ટકતી નથી. ગીતાકાર કહે છે કે સૌથી પહેલાં એકાગ્રતા સાધો. જે કાંઈ તમને સત્ય ભાસ્યું. તેને મરણાંતે પણ વફાદાર રહો : તો આ બધા ભયોથી ઉગારીને તમને એ નાનકડું સત્ય તમારા આત્મદેવની ગોદમાં રમાડશે.

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।

वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ ४२ ॥

---

* જૈન સૂત્રોના દશ શ્રાવકોમાં કામદેવ પણ એક શ્રાવક હતા અને એક વખત તે, સમભાવનો અભ્યાસ કરવા બેઠા હતા ત્યાં વ્યંતરે એમની સામે અનેક પ્રકારનાં દશ્યો ખડાં કર્યાં. પીડા ઉપજાવવા પ્રયત્નો કર્યા. છતાં તે અડોલ રહ્યા; કારણ કે તે વખતે તેમનામાં ક્ષાયિક સમકિતવાળો સમભાવ હતો.

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥ ४४ ॥

**વેદવાદે મચ્યા પાર્થ, 'છે ન બીજું' વેદ વળી;**
**જે આ ફૂલેલ વાણીને, અજ્ઞાનીઓ વદ્યા કરે. ૪૨**
**જમકર્મ ફળો દેતી, ઐશ્વર્યભોગ ખાતર;**
**વિશિષ્ટ બો'ળી ક્રિયાને કામાત્મા સ્વર્ગલક્ષી એ. ૪૩**
**તે વાણીએ હર્યું ચિત્ત; ઐશ્વર્ય ભોગસંગીનું;**
**માટે સમાધિમાં બુદ્ધિ, ન રહે નિશ્ચયાત્મક. ૪૪**

(અર્જુને જ્યારે શ્રીકૃષ્ણ મહાત્માને પૂછયું કે આપ જે ધર્મનો અંશ મહાભયથી ઉગારે ને જેમાં મહાવિઘ્નો પણ બાધા ન પહોંચાડે તથા જેમાં એક ડગલું માંડયું, તો તે પણ નિષ્ફળ ન જાય તે ધર્મને યોગ્ય બનવા માટે પ્રથમ તો નિશ્ચય જ જેનો આત્મા છે, તેવી એક નિશ્ચયાત્મક બુદ્ધિ માગો છો, અને વળી કહો છો કે અનિશ્ચયીજનોની બુદ્ધિઓ તો પાર વગરની અને બહુ શાખાવાળી હોય છે, તો બુદ્ધિ તો મૂળે એક જ છે અને એના આટલા બધા અનંત ભેદો શાથી જન્મે છે ? જો નિશ્ચય એ જ બુદ્ધિનો આત્મા હોય, તો માણસ અનિશ્ચયી કેમ બને છે, તે મહત્ત્વનો પ્રશ્ન થાય છે. અથવા આપ જો કહેતા હો કે વૃક્ષ એક હોવા છતાં બહુશાખાળું હોઈ શકે છે, તો હું પૂછું છું કે જો એમ હોય તો વૃક્ષ જેમ અનંત-બહુ-શાખાથી ઊલટું રૂપાળું લાગે છે, તેમ તે બુદ્ધિ ઊલટી રૂપાળી બનવી જોઈએ, તો આપ એને આપના ધર્મ માટે અનુચિત કેમ ઠરાવો છો, એ બીજો પ્રશ્ન થાય છે. આ બંને પ્રશ્નોના સામટા ઉત્તર આપતાં આ ત્રણ શ્લોક શ્રીકૃષ્ણ મહાત્મા બોલ્યા :)

હે પૃથાના પુત્ર ! (જે બુદ્ધિ આત્મલક્ષી છે, તે એક જ છે. નિશ્ચય એ જ એનો આત્મા છે, પણ દેહધારી જ્યારે કામલક્ષી બને છે, ત્યારે એની બુદ્ધિનો નિશ્ચયરૂપી આત્મા ઊડી જાય છે, અને વાસનાઓથી એ ઘેરાઈ જાય છે. જેમ આત્માથી શૂન્ય બનેલા હાડપિંજરને ગીધડાં, સમળી, કાગડા યથેચ્છ ફોલી ખાય છે, તેમ આવા દેહધારીને કામનાઓ કોરી ખાય છે; એથી એ દિલ દઈને કોઈ કર્મ કરી શકતા નથી એટલે તરત) જેમનો કામ જ આત્મા, અને સ્વર્ગ જ

સર્વસ્વ છે, જેઓ વેદવાદમાં જ નિરંતર મશગૂલ રહીને વેદ સિવાય બીજું કાંઈ જ નથી એમ (મોટા રુઆબપૂર્વક) ભાષણો કર્યા કરે છે. અમુક 'યજ્ઞ કરો, તો અમુક ફળ મળે' અને 'અમુક યજ્ઞ કરો, તો અમુક ગતિમાં જન્મ મળે' બસ નવા નવા જન્મો કરવા અને ભોગ તથા ઐશ્વર્ય પામવા (એ જ જાણે કેમ મનુષ્યનું પરમ લક્ષ્ય ન હોય ! એમ માની તે) પ્રતિ જ દોરનારી અને ક્રિયાના બહોળા વિસ્તારવાળી એવી એ એમની ફૂલેલી વાણી સાંભળીને ઐશ્વર્ય તથા ભોગની આસક્તિવાળા લોકોનું મન તરત ખેંચાઈ જાય છે, અને એથી તેઓ સમાધિ-આત્મશાંતિ- ઈચ્છે છે ખરા, પણ એમાં એમની બુદ્ધિ નિશ્ચયાત્મક સ્થિર થઈ શકતી નથી. (સારાંશ કે જેમાં મનને ઓછું જોડવું પડે અને માત્ર ધનથી કે થોડીઘણી શારીરિક ક્રિયાથી પતતું હોય તો એવી વસ્તુ તરફ અનિશ્ચયીનું મન તરત લલચાઈ જાય છે, કારણ કે એના મન પર નિશ્ચયાત્મક-બુદ્ધિની લગામ હોતી નથી. એટલે કે બુદ્ધિએ વાસનાત્મક ઈચ્છાઓનું સ્વરૂપ લીધું હોય છે. તેથી તે મનને આધીન હોય છે. આત્માધીન નથી હોતી. આથી આ યોગમાં દાખલ થવા પહેલાં આટલી સાવચેતી રાખવી જોઈએ.

**નોંધ :** ખરેખર ગીતાકારે અહીં સાધકમાત્રનો ગૂંચવાયેલો કોયડો ઉકેલી નાખ્યો છે.

'હું ધર્મ કરું છું' એમ દરેક ધર્મનો નાનાથી મોટો માણસ માનતો હોય છે. પણ પાછો એ જ ફરિયાદ કરે છે કે 'પણ જિંદગીનો મોટો કાળધર્મ કરણીમાં કાઢયો છતાં એ ધર્મે તો કશુંય ફળ નથી આપ્યું. હરકતનો તો કાંઈ આરોવારો નથી અને એ એટલી તો નડે છે કે જિંદગી જ ખારી થઈ પડી છે. જાણે 'આપઘાત કરું ને છૂટી જઉં' એમ વારંવાર થયા કરે છે. મહાભયથી ઉગારવાની વાત તો દૂર રહી પણ ઊલટા મહાભયો ડગલે પગલે આવી પડે છે' આ ફરિયાદીની ગીતાકાર કાનપટ્ટી પકડે છે ને ભૂલ બતાવી દે છે, કે 'તેં ધર્મ કર્યો જ નથી. ધર્મક્રિયામાં તો બુદ્ધિ એક નિશ્ચયાત્મક જોઈએ અને તારી બુદ્ધિ તો અનંત-બહુ-શાખાળી છે. તારું શરીર દેવળમાં બેઠું છે. પણ જો, પહેલી પળે તું તારા ઘરની ખબર લઈ આવ્યો, બીજી પળે વળી દુકાન ઑફિસની, ત્રીજી પળે વળી મિત્રોની, ચોથી પળે વળી શત્રુની. ઓહો ! કેટલા ફાંટા ? તારો આત્મા કયાં ઘૂમે છે ? બોલ ધર્મ કયા થયો ? પછી અસમાધિ વિના બીજું શું મળે ભલા ? સૌથી પ્રથમ બીજી શાળામાં નિશ્ચયાત્મકતાની પરીક્ષામાં પાસ થઈ આવ. પછી ધર્મશાળામાં પેસજે. આવાં જ વચનો પ્રકારાંતરે ભગવાન ઈશુએ પોતાના શિષ્યોને કહ્યાં છે. જૈન યોગીશ્વર

આનદઘનજી પણ એ જ કહે છે :

**'ધર્મ ધર્મ કરતો જગ સહુ ફરે, જાણે ન ધર્મનો મર્મ,'**
**ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ.'**

વાત સાવ સાચી છે. મનુષ્ય નગદધર્મનું એક જ અંગ લે. દા.ત. સત્ય. ભલે શરૂઆતમાં વાણી પૂરતું જ એ સત્ય જાળવે. પણ એવો તો વફાદાર એ રહે કે એ ખાતર સર્વસ્વ હોમવા તૈયાર થાય તો એ જ 'વાણીના સત્યના નાનકડા ટુકડાની વફાદારીમાંથી એને આખા વિશ્વથી પણ મહાન એવો આત્મા મળી જાય. હરિશ્ચંદ્ર જેવાં દૃષ્ટાંતો એનાં સાક્ષીરૂપ છે. જે રીતે સત્યનું દૃષ્ટાંત લીધું તે જ રીતે 'બ્રહ્મચર્ય'. પ્રથમ ભલે એમાં પણ મર્યાદિત પ્રતિજ્ઞા રાખે, પણ એ મર્યાદિત પ્રતિજ્ઞાની બહાર એક ડગલું પણ ન ભરાય તેટલો સાવધ રહે તો એ સાવ સાદી વસ્તુથી પણ સુદર્શનનો* બેડો પાર થયો, તેમ સાધક બેડો પાર કરી દે. વાચકોમાંના ઘણાખરાએ સ્વસ્ત્રી-મર્યાદિત બ્રહ્મચર્ય તો આજ લગી પાળ્યું જ હશે, છતાં કેમ સુદર્શન જેવી ઉચ્ચ પંક્તિનો આનંદ નથી ભોગવી શકતા ? એનો ખુલાસો ઉપર સ્પષ્ટ આવી ગયો કે બ્રહ્મચર્યપાલન નિશ્ચયાત્મક બુદ્ધિપૂર્વક નથી થયું. આકસ્મિક પળાયું છે, એટલે જ એનો શ્રીકૃષ્ણગુરુના કહેલા ધર્મમાં એકડો નથી નોંધાઈ શકતો. તો પછી એવું પાલન મહાભયથી કેમ ઉગારી શકે ? આ ભવે જ ન ઉગારે તે પરભવે તો કેમ જ ઉગારવાનું ? ધર્મ તો રોકડિયો ગ્રાહક છે. માલ લે કે તુરત પૈસા આપે, માત્ર વેપારીએ પોતાની દુકાન, એને ખપ લાગે તેવી બનાવવી જોઈએ. ધર્મ તો પ્રકાશ છે, પ્રકાશ તો તુરત જ અંધારું દૂર કરે. એવા ધર્મમાં શ્રીકૃષ્ણગુરુએ ઉપર કહ્યું તેમ બહુ ક્રિયાવિસ્તારની જરૂર નથી, માત્ર બોલવામાં અને સાંભળવામાં જ રસીલી લાગે, પણ ધર્મ તરફ પ્રેરણા ન કરતાં ભોગ-ઐશ્વર્ય તરફ જ દોરી જાય તેવી વાણી બોલવાની કે સાંભળવાની પણ જરૂર નથી. કારણ કે ભોગ કે ઐશ્વર્ય એ કંઈ માનવી જીવનનું પરમ લક્ષ્ય નથી. ભોગ અને ઐશ્વર્યની વાંચ્છના પૂરવા માટે તો જન્મો લેવા પડે અને વિપુલ ભોગ ઐશ્વર્યવાળી બુદ્ધિથી બહુ બહુ તો સ્વર્ગગતિ મળે તો પણ તેથી શું ? તેથી મનુષ્ય જે સમાધિ ઈચ્છે છે, તે કયાં મળે છે ? ત્યાં પણ 'હુંસાતુંસી' 'ગુમાન' 'વૈર' 'છળકપટ' 'હર્ષશોક' આદિ ભર્યાં જ પડયાં છે. જ્યાં કામ છે ત્યાં દુઃખ છે જ. એટલે ખરી વાત તો એ છે કે

---

* આ સુદર્શન જૈન ગ્રંથનો તે સુદર્શન છે કે જે સ્વસ્ત્રી-મર્યાદિત બ્રહ્મચર્ય પાળતો હતો અને જેને અભ્યારાણી કે જે તેમના રાજવીની પટ્ટરાણી હતી તેના પ્રલોભન આગળ પોતાની અડોલતા જાળવી હતી.

જ્યાં કામનામાત્રનો અંત છે એવી મોક્ષગતિ જ મનુષ્ય વાંચ્છે છે અને તે જે ધર્મથી મળે છે, તે ધર્મ માટે નિશ્ચયાત્મક બુદ્ધિની જે પહેલી શરત ગીતાકારે મૂકી છે, તે મ ળવવી જરૂરી છે પરંતુ અહીં પાયામાં જ ભૂલ થાય છે, તેથી 'હું ધર્મ કરું છું' એમ માણસ માની બેસે છે. પણ 'કરતો હોય છે કંઈ બીજું જ.' હવે ગીતાકાર બુદ્ધિને નિશ્ચયાત્મક બનાવવા માટે અર્જુનને શું કહે છે, તે ધ્યાન દઈને સાંભળીએ.

**त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।**
**निर्द्वंद्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥ ४५ ॥**

**ત્રિગુણ વિષયી વેદો, ત્રિગુણે છૂટ અર્જુન;**
**નિર્યોગક્ષેમ નિર્દ્વંદ્વ, નિત્યસત્ત્વસ્થ આત્મવાન્ . ૪૫**

માટે હે ઊજળા અર્જુન ! (પ્રથમ તો હું તને યોગ માટે તારી એવી ભૂમિકા તૈયાર કરવા ખાતર એ કહું છું કે ) વેદો (માંની જે ફળ શ્રુતિઓ તું મને કહી ગયો 'કુલીન પુત્રોની પિંડોદક ક્રિયા પિતૃઓને અસદ્‌ગતિમાં પડતાં અટકાવે છે.' 'ફલાણાને આમ કરવાથી સ્વર્ગ મળે છે, અને ફલાણાને આમ કરવાથી નરક મળે છે." એવી વાતો તેં ખૂબ સાંભળી છે. એટલે તારી નિશ્ચયાત્મક બુદ્ધિને જાણી જોઈને તેં જ નાહકની ગૂંચવી નાખી છે. માણસે ધર્મગ્રંથોને માત્ર સાંભળવાના સ્વાદ ખાતર ન સાંભળવા જોઈએ, પણ જિજ્ઞાસાને સંતોષવા માટે અગર પોતાને સાધનાને માર્ગે જતાં કયાંક ગૂંચ પડી હોય તો ઉકેલ સારુ એમનો ઉપયોગ કરવો જોઈએ. વળી ધર્મગ્રંથોમાં પણ કેટલાક પ્રથમ કક્ષાના લોકો માટે ઉપયોગી હોય છે. એટલે પ્રથમ કક્ષા વટાવ્યા પછી બીજી કક્ષાવાળાને તે ગ્રંથોના કથન પર (પછી) પોતાનું જીવન ધોરણ બાંધવાનું રહેતું નથી અને એથી ઉત્તમ કક્ષાવાળાને તો પોતાનો આત્મા જ પ્રેરક બની રહે છે. એટલે બધા સદ્‌ગુરુઓ અને બધા ગ્રંથોની ગરજ એને આત્મામાંથી જ સરી રહે છે. તું આજે હજુ એટલી ઊંચી કોટી પર નથી, તેમ સાવ પહેલી કક્ષા પર પણ નથી, માટે પહેલી કક્ષાને ઉપયોગી એવી સ્વર્ગનરકની ફળશ્રુતિઓથી પર થા.) વેદો ત્રિગુણને લગતી બાબતોથી ખીચોખીચ ભર્યા છે, (અને જ્યાં ત્રિગુણતા છે ત્યાં જ સંસાર છે, પણ તારે તો સંસારથી પાર જવાનું છે) માટે તું એ વેદોને જ સમૂળગા પડતા મેલવા એમ અર્થ ન લેતો. પણ તારા ઘણા વડવાઓ આજ લગી પોતાનાં યુદ્ધજન્ય પાપકર્મને નસાડવા કે બીજાં કરેલાં પાપોથી છૂટવા અથવા પુત્રપ્રાપ્તિ, વિજયપ્રાપ્તિ કે સ્વર્ગપ્રાપ્તિ માટે સેંકડો યજ્ઞો કરાવતા આવ્યા છે, તેનાથી તું પર થા. કારણ કે

વેદિયા અજ્ઞાનીઓ તો પોતે સકામી હોઈ, વેદવાદમાં રહી જાણે વેદોનું ધ્યેય વધુમાં વધુ માત્ર સ્વર્ગગતિ જ કાં ન હોય, એમ માને છે ને મનાવે છે, પણ ખરી વાત એમ નથી. વેદોનો ખરો આશય તો મોક્ષે જવાને યોગ્ય સાધન સંપત્તિ ખીલવવાનો છે, પણ સકામી લોકો એ સાધનસંપત્તિને જ સાધ્ય માનીને પોતે ભરમાય છે અને બીજાને ભરમાવે છે, એટલે આ યજમાન અને યાજક બંને માર્ગ ભૂલે છે. હવે તું સમજી શકયો હોઈશ કે વૈદિક કર્મકાંડો પાપથી દૂર ન કરી શકે. પાપથી દૂર રહેવા માટે તો પોતે જ સાવધાન રહી શુભ કર્મો કરવાં જોઈએ અને એવાં શુભ કર્મોથી આપોઆપ સ્વર્ગ મળે છે. દા.ત. તારું આ યુદ્ધમાં સમત્વપૂર્વક જોડાણ થાય અને તેમ કરતાં તારો દેહ છૂટી જાય તો તને સ્વર્ગ મળે, એમ હું પ્રથમ જ કહી ગયો છું, છતાં એની પણ સાધકે પરવા રાખવી ન જોઈએ કારણ કે સ્વર્ગ પણ ત્રિગુણમય છે - સંસાર છે, માટે એનાથી સાધકે પર રહેવું. વળી હું તને બીજી વાત એ કહું છું કે હવે તું ત્રિગુણથી અળગો તો રહીશ પણ છતાંય પૂર્વ કાળે તેં જે કર્મ કર્યા છે, અને હજુ સમભાવે કરીશ તેનાં જે ફળ આવશે તેને લીધે જ્યાં લગી તારું શરીર છે ત્યાં લગી તું સુખદુઃખ, હર્ષ-શોક આદિ દ્વંદ્વોથી-જોડકાંથી-અળગો રહેજે અર્થાત્ કે હંમેશાં તારા અંતઃકરણમાં જ સ્થિર રહેજે. બહિર્ભાવ તરફ જેમ હમણાં દોરાઈ ગયો, તેમ ન દોરાતો.

વળી યોગક્ષેમ (અપ્રાપ્ત સાધનોની પ્રાપ્તિરૂપ યોગ અને પ્રાપ્ત સાધનોને રક્ષણ રૂપ ક્ષેમ)ની ચિંતાથી પણ મુકત રહેજે. (અહીં તને એ શંકા ન થવી જોઈએ કે તો તો હું બેઠો બેઠો મારા અંતરમાં જ લીન રહું ને કશી પ્રવૃત્તિ જ ન કરું. હું તને એ કહું છું કે યોગક્ષેમને લગતી પ્રવૃત્તિ જરૂર કર, પણ એ પ્રવૃત્તિ પાછળ તારા આત્માને ન ભૂલી જા, એટલે કે તારું ધ્યેય તો આત્મા તરફ જ રાખ) મતલબ કે આત્મવાન રહે.

**નોંધ :** સાધકની સ્વાભાવિક નિશ્ચયાત્મક બુદ્ધિ કેમ અનિશ્ચિત બની જાય છે તે વાત ગીતાકારે આ પહેલાંના ત્રણ શ્લોકમાં કહી દીધી. અહીં એમ કહ્યું કે વેદો જેવાં અજોડ શાસ્ત્રો પણ જો સંસાર વધારનારાં જ બનતાં હોય, તો તેથી પણ દૂર રહેવું. તો પછી જંત્રમંત્ર, દોરાધાગા, કામણટૂમણ, જોષ વગેરેથી દૂર રહેવું, તેમાં કહેવાનું જ શું ? કારણ કે તેવાં શાસ્ત્રો અને તેવાં શાસ્ત્રના આજના નિરૂપકો મોટે ભાગે વિશુદ્ધ આત્મા તરફ લઈ જવામાં ઉપયોગી થવાની વાત તો દૂર રહી પણ ઊલટાં બાધક જ થાય છે. જૈન સૂત્રોમાં પણ આ વાત ઠેર ઠેર કહેવામાં આવી છે.

આમ કરવાથી જીવનનિર્વાહમાં રખે વાંધો આવે એવો ડર કોઈ ન રાખે. કારણ કે આત્માર્થી પુરુષની આત્મલક્ષી નિવૃત્તિમય પ્રવૃત્તિથી કે પ્રવૃત્તિમય નિવૃત્તિથી એનું યોગક્ષેમ ચાલ્યા જ કરે છે. દાંત મળ્યા અને ચાવણું તો પ્રમાણિક પ્રયત્ને મળી જ રહેવાનું. જ્ઞાનીને તો જરૂરિયાતો, પોતાનું લક્ષ્યદોર ન ચુકાય એટલે સહેજે મળી જ રહે. ટૂંકમાં એ કે પાપપુણ્યને કમાવા માટે સાધક પોતાના આત્માને જાળવી રાખે. જૈન પરિભાષામાં આ સ્થિતિને સંવર દશા કહે છે. એટલે કે જેમ કૂવાનું પાણી સાવ ખાલી કરવું હોય તો પહેલાં આવકને બંધ કરવી પડે છે. નવું આવતું પાણી બંધ થયા પછી જ, જૂનાને ઉલેચવાનું કામ શરૂ થતાં ધીમે ધીમે આખરે કૂવો ખાલી થાય છે. આ રીતે આત્માને પણ લાગેલાં કર્મો દૂર કરવા માટે પ્રથમ તો નવી આવકને બંધ કરવી જોઈએ. આનું જ નામ સંવર.

**यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।**
**तावन्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ ४६ ॥**

**ચોપાસે જ્યાં ભર્યાં નીર, જેટલી છિલ્લરે* તમા;**
**તેટલી સર્વ વેદોમાં, રહે વિજ્ઞાની દ્વિજને. ૪૬**

(અર્જુને જ્યારે પૂછ્યું કે આપ વેદો માટે જે કહી ગયા તે કથન કેવળ મને કે ખરા ક્ષત્રિયોને જ લાગુ પડે કે બ્રાહ્મણોને પણ લાગુ પડે છે ? કારણ કે જેમ ધર્મયુદ્ધમાંથી પીછેહઠ કરવી એ ખરા ક્ષત્રિયોને શરમરૂપ અને ધર્મભ્રષ્ટ થવારૂપ છે, તેમ વેદનું અજ્ઞાન ખરા બ્રાહ્મણને પણ શરમરૂપ અને ધર્મભ્રષ્ટતારૂપ છે, એમ આપે ઘણીવાર મને કહ્યું છે, - આના ઉત્તરમાં શ્રીકૃષ્ણ મહાત્મા કહે છે : કૌંતેય ! સૈદ્ધાંતિક નિયમો તો સહુને એક સરખા જ લાગુ પડે છે, હા; 'ભૂમિકા સૈદ્ધાંતિક નિયમોને પચાવવા જેટલી ન તૈયાર થઈ હોય તો જુદી વાત છે, તેવા કાચા સાધક માટે તો નીતિસૂત્રો સ્નેહી નેતાની ગરજ સારે છે, પણ સૈદ્ધાંતિક ભૂમિકા તૈયાર કરી છે તેવા) વિજ્ઞાની બ્રાહ્મણને (બ્રાહ્મણ જાતિમાં જન્મ્યો હોવા છતાં) બધા વેદો પરત્વે માત્ર એટલું જ પ્રયોજન છે કે જેટલું ચારે બાજુ જ્યાં જળ ભર્યાં હોય ત્યાં નાના જળાશયમાં હોય ! (એટલે કે બધા વેદોનો સાર એના અંતરમાંથી એને જડી રહે છે, એટલે વેદોથી એને ખાસ પ્રયોજન જ નથી.)

* છિલ્લર= છિછરું પાણી.

**નોંધ :** સાધકે બહારનાં અવલંબનો કે સાધનોને કેટલું મહત્ત્વ આપવું, એની મર્યાદા ગીતાકારે આપી દીધી. નિયમો વિષે પણ આમ જ છે. ત્યાગ વિષે પણ આમ જ છે. ત્યાગ, નિયમ, વ્રત, જપ વગેરે બધાં સાધનો છે. સાધ્ય તો વીતરાગતા છે. એ વીતરાગતા અખંડ રહે તેવા સમતાયોગની ભૂમિકા પર સાધક પહોંચ્યો એટલે એને વિધિનિષેધની કશી જ આવશ્યકતા નથી. ખરી વાત તો એ છે કે જે હેતુ બીજા ઊગતા સાધકને માટે ત્યાગ, જપ, વ્રત, નિયમોથી સરે, તે હેતુ આવા પીઢ સાધકને સહેજે સરી રહે છે. કારણ કે એવા સાધકની ભૂમિકા જ એવી સહજ થઈ જાય છે. આવા સાધકને આટલી સહજતા કંઈ એકદમ નથી મળી હોતી, એણે આ સહજ દશાની પૂર્વે ઘણાં કડક ત્યાગ, વ્રત, નિયમાદિ કર્યા જ હોય છે એ વાત પણ કોઈ ન ભૂલે. આટલું કહ્યા પછી હવે અર્જુનને શ્રીકૃષ્ણ મહાત્મા પોતે જે કહેવા માગે છે તે યોગના રહસ્યની વાત એક જ શ્લોકમાં કહી દે છે :

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥ ४७ ॥**
**योगस्थः कुरु कर्माणि संग त्यक्त्वा धनंजय ।**
**सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ ४८ ॥**

**કર્મે તારો અધિકાર, કર્મફળે કદી નહીં;**
**ન હો કર્મફલાર્થી તું, ન હો સંગી અકર્મનો. ૪૭**
**યોગનિષ્ઠ રહી કર્મો, કર આસક્તિને તજી;**
**સમો સિદ્ધિ-અસિદ્ધિમાં, સમત્વ યોગલક્ષણ. ૪૮**

(મેં તને વેદોક્ત શુભાશુભ કર્મોથી નિર્લેપ રહેવાની વાત કરી, એથી તું ક્રિયામાત્રને છોડી દેવાનું રખે સમજી લેતો. આ યોગમાં ક્રિયાઓ સમૂળગી છોડવાની તો વાત જ નથી. ઊલટી ક્રિયાઓ તો ખાસ કરવાની છે, પણ તે સમભાવપૂર્વક આસક્તિ રાખ્યા વગર કરવાની છે. તું કહીશ કે કર્મ કરવાનું કહો છો ને વળી આસક્તિ તજવાનું કહો છો તો એ બે વાતને કેમ બને ? હું એનો ખુલાસો કરું છું તે સાંભળ : પુરુષ જ્યાં લગી કર્મ સાથે અથવા સાંખ્ય પરિભાષામાં કહું તો પ્રકૃતિ સાથે જોડાયો છે, ત્યાં લગી પ્રકૃતિ પોતે કાર્યહેતુક હોઈને કાર્ય વિના એને ચાલતું જ નથી એટલે કર્મ કરવાં એમાં પુરુષને દોષ નથી, પણ કર્મજન્ય જે સુખદુઃખાદિ ફળોનો ભોગવટો પુરુષ કરવા મંડી જાય છે, ત્યાં જ દોષ લાગે છે. પરંતુ આ રહસ્યને નહિ જાણનારા કેટલાક મનુષ્યો સમૂળગી ક્રિયા

જ છોડીને પહાડી જંગલોમાં નાસી જાય છે. જોકે ત્યાં પણ કોઈ ને કોઈ પ્રકારની ક્રિયા તો એમને કરવી જ પડે છે અને પાછો ત્યાં નવો સંસાર ઊભો થાય છે. એટલે જ હું તને એવી ચાવી આપું છું કે જેથી તું જે ક્ષેત્રમાં રહે તે ક્ષેત્રમાં રહ્યો રહ્યો મોક્ષને પંથે ઓછી વધતી મજલ કાયમ કાપ્યા કરે. પણ જો જે હોં આ ચાવીને ક્ષણ પણ તારા હૃદયથી દૂર ન કરીશ. આ જે હું તને કહું છું, તે 'બોલ' તું જ તારા આત્માને વારંવાર સંભળાવ્યા કરજે.)

કર્મને વિષે જ તને અધિકાર છે, તેમાંથી નીપજતાં વિવિધ ફળોને વિષે કદી નહિ. માટે કર્મનાં ફળો મેળવવા ખાતર તું કર્મો ન કર (એટલે કે કર્મફલનો અર્થી ન થા), તેમ કર્મ ન જ કરવાં એવા પ્રકારનો આગ્રહી પણ ન થા. (અથવા તો હલકા પ્રકારનાં નિષિદ્ધ કર્મમાં આસક્ત ન થા.)

પરંતુ આસક્તિ છોડી યોગનિષ્ઠ રહી એટલે કે, કાર્યની સફળતા કે નિષ્ફળતા જે કંઈ મળે તેમાં સમાન ભાવ રાખીને કર્મ કર. (કારણ કે સિદ્ધિઅસિદ્ધિમાં) સમાન ભાવ રહેવો એ જ યોગ કહેવાય છે.

**નોંધ :** કાળ, સ્વભાવ, પૂર્વકર્મ, પુરુષાર્થ અને નિયતિ એ પાંચ સમવાયો (પાંચ કારણો)માં પુરુષાર્થનો અધિકાર દેહધારીની વર્તમાન ભૂમિકાને છે. માટે શ્રીકૃષ્ણ મહાત્માએ અર્જુનને એ વાત કહી કે પુરુષાર્થ કર, પણ કાર્યફળ મળવામાં તો દેહધારીના પુરુષાર્થ સિવાયનાં બીજાં ચાર કારણો પણ છે. એટલે એકલો દેહ-ધારી ધારે એવું પરિણામ આવે જે એવો આગ્રહ તદ્દન અનુચિત છે. એ તો દેખીતું જ છે કે, બીજ વાવવાનો ખેડૂત પુરુષાર્થ કરે, તેથી જ કાંઈ પાક મળતો નથી. એને માટે તો એના પુરુષાર્થ ઉપરાંત બીજ શક્તિ, જમીનની ફળદ્રૂપતા, માપસર વૃષ્ટિ, અનુકૂળ પ્રકાશ, અનુકૂળ પવન, અનુકૂળ ઋતુ અને પાકનું નિર્માણ આદિ બીજાં કારણોનો યોગ મળે તો જ પાક ફળે. પણ માનો કે, એ બધા યોગે પાક ફળ્યો તો ? તોય કર્મફલનો હેતુ ભેળો રાખીને ખેડૂતે કામ કર્યું હશે તો તરત જ તેને અભિમાન આવશે ને તે છકી જશે અને કાં તો બીજાં કારણોનો યોગ ન મળતાં પાક નહિ ફળે તો એ છેક નિરાશ થઈ જશે અને ન જ વાવ્યું હોત તો સારું એમ માની અકર્મણ્યનો સંગી બનશે કાં તો ખોટા વમળમાં પડશે. આ બંને દશા ખરાબ છે. માટે શ્રીકૃષ્ણ મહાત્માએ ફળનો હેતુ, જે આસક્તિને લીધે ઊભો થાય છે. તે

---

* આપણે બીજા ટીકાકારો લે છે તેમ બહુવ્રીહિ સમાસ ન લેતાં તત્પુરુષ સમાસથી આ સમાસને છોડયો છે ને ખરેખર તેમ જ ઘટે છે.

આસક્તિને પ્રથમ તજવાનું કહ્યું અને કાર્યની સફળતા નિષ્ફળતામાં સમભાવ રાખવારૂપ ચાવી આપી અને સત્‌પુરુષાર્થ જારી રાખવાનું કહ્યું એ અદ્‌ભુત વસ્તુ છે. કોઈ પણ ક્ષેત્રમાં રહેલો સાધક આ ચાવીથી પોતાના ગમે તેવા ગહન કોયડાને પણ ઉકેલી પોતાનો માર્ગ સીધો, સરળ, સુંદર, સહજ અને શિવ બનાવી શકશે. જો આવી મોક્ષસાધના ઉપયોગી છે તો પછી વ્યવહારમાં તો ડગલે ને પગલે ઉપયોગી થાય તેમાં નવાઈ જ શી છે ? સારાંશ કે, આસક્તિ તજી સત્કર્મો કરવાં, કર્યા પછી ફળ મળે કે ન મળે તેથી ન હરખાવું કે ન ખિન્ન થવું કે ન તો હલકા કર્મમાં સરી પડવું. પુરુષાર્થ સાચે માર્ગે કરવો ખોટે માર્ગે નહિ.

**दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।**
**बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ ४९ ॥**
**बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।**
**तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ ५० ॥**
**कर्म बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।**
**जन्मबंधविर्निमुक्ताः पदं गच्छत्यनामयम् ॥ ५१ ॥**

**સમત્વબુદ્ધિવોણું તો, કર્મ તુચ્છ ધનંજય !**
**બુદ્ધિમાં શરણું શોધ, કૃપણ ફળહેતુઓ. ૪૯**
**બુદ્ધિયુકત અહીં છાંડે પાપ ને પુણ્ય બેય તે**
**એવો તું થૈ પછી જોડા, કર્મકૌશલ્ય-યોગ-માં ૫૦**
**કર્મજન્ય ફળો છોડી બુદ્ધિયુકત મનીષિઓ;**
**થૈ જન્મસંબંધથી મુકત, નિરામય પદે જતા. ૫૧**

(અર્જુન તો આ બધું સાંભળીને વમળમાં જ પડી ગયો. એણે મૂંઝાતાં મંદ સ્વરે કહ્યું : ગુરુદેવ ! મને સીધી સાદી ભાષામાં કહોને કે ફળની આસક્તિ તજીને કર્મ કરવાં.' મૂંઝવી કાં મારો છો ? માબાપ ! તમે તો યોગમાં જોડાવાની વાત કરી અને ફરી સમત્વે પાછું યોગનું લક્ષણ કહ્યું, તો હવે શું આટલેથી નથી પતતું કે, પાછો સમતાનો નવો ગૂંચવાડો ઊભો કર્યો ? શ્રીકૃષ્ણ મહાત્મા મંદ સ્મિત કરીને બોલ્યા : ભાઈ ! ધીરો થા; બાપુ ! ધીરો થા; હું તને પહેલેથી જ નથી કહી ગયો કે તારામાં વીરતા છે, માનવતા છે, દિવ્યતા છે, પણ ઉતાવળો ભારી. ઠીક, કાંઈ નહિ. ચાલ એ બધી વાત પછી. હમણાં તો હું તને ચાલુ પ્રસંગની જ વાત કરું, પણ તારે આ

વાતને પૂરેપૂરી સમજવા પૂરતી તો હમણાં ધીરજ રાખવી જ પડશે. જો તું આ વાતને સમજી જઈશ તો તો તારો એ પ્રકૃતિદોષનો કાંટો ખેંચતાં તને જરાય વાર નહિ લાગે અને ધીરજ આપોઆપ આવી જશે. ભલા ! તને હું થોડીવાર પહેલાં જ નહોતો કહી ગયો કે, તારે સમત્વ સાધ્યા પછી યુદ્ધમાં જોડાવાનું છે. બસ શું, એટલીવારમાં ભૂલી ગયો ? પ્રિય સાધક ! તારા જેવાની સ્મૃતિ તો તેજસ્વી હોવી જોઈએ. ઠીક લે ફરીને જરા વિસ્તારથી આગલી વાતને કહું) જો કર્મ, બુદ્ધિયોગથી વિખૂટું હોય (એટલે કે જો જ્ઞાન વગરની ક્રિયા હોય) તો તે સાવ તુચ્છ છે, માટે જ તું બુદ્ધિ (જ્ઞાન)નું શરણું શોધી લે. (એટલે કે બુદ્ધિને પણ કર્મની સાથે રાખ.) પણ હે ધનંજય ! (તો કદાચ તું એમ કહીશ કે, જો બુદ્ધિ અને કર્મ બેને સાથે રાખવા કહો છો તો સમત્વબુદ્ધિ રાખીને કામ કરીએ, પણ સાથે સાથે કર્મ ફળનો હેતુ રાખીએ તો તેમાં કાંઈ વાંધો ખરો ?" હું તને કહું છું કે મોટો વાંધો. કારણ કે, આસક્તિ જ સંસારનું મૂળ છે. સમત્વ સાધ્યા પછી પણ જ્યાં લગી આસક્તિનું બીજ ન બળે ત્યાં લગી પુનર્જન્મ કદી ટળે નહિ. હા; એટલું ખરું કે, સમત્વબુદ્ધિથી નવાં પાપપુણ્ય ન બંધાય. પણ પૂર્વના કર્મોને નાબૂદ કરવા માટે ક્રિયા× તો કરવી જ જોઈએ. પણ એ ક્રિયા કરવા પાછળ આસક્તિ એટલે કે ફળનો હેતુ ન હોવો જોઈએ. તું તો ધનંજય છો. તારા જેવા દિગ્‌વિજયીએ બુદ્ધિ આગળ તાજ નમાવ્યો, પછી બીજાને નમાવવાની શી જરૂર ? કારણ કે) ફળહેતુઓ તો કૃપણ છે. (એવા કંજૂસને શરણે જવાનું તને શોભે કે ?)

(વળી જ્યારે અર્જુનને પશ્ન થયો કે જો એમ જ હોય તો ફળનો હેતુ ન રાખું ને કર્મ કરું તો ન ચાલે ? પછી સત્ત્વબુદ્ધિની વળી શી જરૂર છે ? ત્યારે શ્રીકૃષ્ણ મહાત્માએ કહ્યું :) સમત્વબુદ્ધિ પામ્યા વિના કર્મફળનો હેતુ ત્યાગવો કઠણ છે, (એટલા જ માટે મેં તને પહેલાં સાંખ્યદષ્ટિ કહી હતી. એ નિશ્ચયની દૃષ્ટિ રાખવાથી સમત્વબુદ્ધિ સહેજે પામી શકાય છે. અને માટે જ મેં એને પણ યોગ જ કહ્યો છે. હું જે યોગ વિષે વધુ કહેવાનો છું તેનું આ પહેલું અને બીજા શબ્દોમાં કહું તો યોગનું આ સૈદ્ધાન્તિક પાસું છે. એટલે કે બુદ્ધિની સમતા એ પણ યોગ છે અને કર્મની કુશળતા એટલે કે કર્મને ચતુરાઈપૂર્વક-ફળાસક્તિ તજીને કશાય ફળહેતુને લક્ષ્યમાં રાખ્યા વગર-નિપટાવવાં એ પણ યોગ છે. (કારણ કે) સમત્વબુદ્ધિથી જોડાયેલા પુરુષો જ (પહેલાં તો) અહીં (લોક સંબંધીના) સકૃત-દુષ્કૃત-

× સરખાવો જૈન સૂત્રોની સકામ નિર્જરા સાથે 'સમત્વ યોગ' એટલે સમકિત મળ્યા પછી આસ્ત્રવનો સંવર, સકામ નિર્જરા ક્રિયાથી જ મોક્ષ મળે છે. દશ. વૈ. ૪થું અધ્યયન.

પાપપુણ્ય-ને છાંડે છે. (માટે પહેલાં તો તું તેવો થા એટલે કે,) બુદ્ધિયુક્ત થા અને પછી (કર્મકૌશલ્યરૂપ) યોગમાં જોડાઈ જા. (કારણ કે) કર્મકુશળતા એ (પણ) યોગ (જ) છે.

(સાચું જ કહું છું અર્જુન !) (જેમની મનીષા ઉચ્ચ કોટીની છે એવા ) જ્ઞાની-જનો પણ એકલી બુદ્ધિથી જ પાર પામી શકતા નથી પરંતુ એમનેય કર્મજન્ય ફળો તરફ નજર નાખ્યા વગર પ્રવૃત્તિ કરવી પડે છે ત્યારે જ તેઓ અનામય-નિરોગી પદમાં પુગે છે.

**નોંધ :** ઉપરના ત્રણ શ્લોકમાં ગીતાકારે ખૂબ કહી દીધું અને તે આ પહેલાં આવી ગયેલી, લોકમાન્યના શબ્દોમાં કહીએ તો ચતુઃસૂત્રી અને જૈનસૂત્રોની દૃષ્ટિએ કહીએ તો, આત્મપંખીડાંની જ્ઞાન અને ક્રિયારૂપી બે પાંખ.

"જે તારા અધિકારનું કર્મ છે તે કર." ધર્મ્યકર્મ એટલે તારા અધિકારનું કર્મ. એ કરવામાં દોષ નથી. ન કરવામાં દોષનો સંભવ છે માટે કર. પણ ફળ શું ? કેવું અને કયારે મળે ? એ તારા અધિકાર બહારની વાત છે માટે એને છોડી દે. એને છોડી દે એટલે કે કર્મ કર પણ કર્મફલનો હેતુ સાથે રાખીને કર્મ ન કર. છેલ્લી વાત એ કેટલાક લોકો આવી કસોટીથી કર્મ કરવા જતાં નાસીપાસ થઈ અકર્મના સંગી બની જાય છે પણ તું અકર્મનો સંગ ન કરીશ. આમ અર્જુનને કહ્યા પછી વળી કહ્યું : યોગનિષ્ઠ રહી કર્મ કર એટલે તારા અધિકારનું કર્મ છે, અથવા તો ધર્મ્ય કર્મ છે કે કેમ તેની તને સહેજે ખબર પડશે. આસક્તિ છોડીને કર્મ કર એટલે ફળ તરફ તારું લક્ષ્ય નહિ જાય અને બંધનનો ડર પણ નહિ રહે. જેમ એક વાદી મહા ઝેરી ફણીધરને પણ વશ કરી એની દાઢને વિષરહિત કરી નાખે છે. પછી તે છંછેડાય તોય ભય રહેતો નથી તેમ આસક્તિનું ઝેર નીકળી ગયા પછી કર્મ ગમે તેવું હોય તોય ભય રહેતો નથી. જો આવી સ્થિતિ તું સાધી લઈશ તો સિદ્ધિ મળે કે અસિદ્ધિ બેયને સમાન માનતો થઈશ એટલે કે, કર્મફળના હેતુને મોખરે રાખ્યા વગર તું કર્મ કરી શકીશ અને તેથી તને અકાર્મણ્ય અથવા અધાર્મિક કર્મ તરફનો સંગ કદી જ નહિ થાય. પછી ઉપરની જ વાતનું અહીં સ્પષ્ટીકરણ કર્યું કે, સમત્વ બુદ્ધિને પણ યોગ કહેવાય છે. કારણ કે (બુદ્ધિયોગથી દૂર રહેલું કર્મ અવર એટલે નઠારું છે. એટલે કે એના વિનાનું એકલું કર્મ માલ વગરનું છે. શુભચંદ્રાચાર્ય નામના જૈનાચાર્ય પણ ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે એમ કહે છે માટે પહેલાં તો સમત્વબુદ્ધિનું શરણું લે એટલે કે સમત્વબુદ્ધિયુક્ત

થઈને કર્મ કર,' સમત્વબુદ્ધિયુકત કર્મ સર્વોત્તમ છે. પણ "રખે તું બુદ્ધિનું શરણું લેતાં લેતાં પાછો ફલહેતુનું શરણું લઈ લેતો."

શ્રીકૃષ્ણ મહાત્માની આ ચેતવણી ખરી છે કારણ કે બુદ્ધિનું શરણું લેવા જતાં સાધકના વિચારો કર્મફળ તરફ પણ ખેંચાઈ જવાને સંભવ છે. દા.ત. આપણી સામે એક સેવાનો પ્રસંગ આવ્યો. આપણે ઊભા થયા પણ જતાં જતાં સિદ્ધિ-અસિદ્ધિનો વિચાર કરવા રહ્યા કે તુરત ઊંડી રહેલી કામનાની કે નામનાની જડો આપણને પકડી લેવાની; એટલે સમત્વબુદ્ધિનું શરણું તો લેવું પણ ફળ હેતુને દૂર રાખવા. કારણ કે બુદ્ધિ તો ઉદાર-શક્તિવાળી છે. અને ફળના હેતુઓ તો બિચારા કૃપણ છે. (દયાપાત્ર છે.) પોતે જ જે ડરપોક હોય, તે બીજાને શી રીતે અભય આપી શકે ? જૈનસૂત્ર ઉત્તરાધ્યયનમાં વીસમા અધ્યાયમાં અનાથી નામના મુનિ મગધ નરેશ શ્રેણિકને કહે છે કે, "ભાઈ ! તું પોતે જ્યાં અનાથ છો ત્યાં બીજાને મદદ શું કરી શકીશ ? જ્ઞાન જ નાથ બની શકે તેમ છે."

સમત્ત્વબુદ્ધિનો યોગ પોતાની ઉદાર શક્તિથી શું આપે છે એના જવાબમાં કહ્યું છે કે, પાપ અને પુણ્યના બંધનમાંથી છોડાવીને તે સ્વતંત્ર બનાવે છે, જો કે પુણ્યની બેડીઓ જીવને બહુ ગમે છે પણ એની સામે પ્રતિપક્ષી સહયોગી પાપ પડયું જ છે. એટલે જરા મધ ચાટવા જતાં કાંટાથી જીભનું લોહી પણ ભળવાનું. સમત્વ બુદ્ધિમાં તેવું કશુ જ નથી એટલે એ પહેલાં પહેલાં આકરી લાગે તોય ગમી જાય તેવી વસ્તુ છે. અને વળી ગમ્યા પછી એ પાપપુણ્યના ફાંસાથી આપણને બચાવી લે છે. એનું દર્શન થયા પછી તો સાધકને કોઈ ઈંદ્ર પગે પડીને સ્વર્ગ સત્તા આપવા આવે, તોય એ તો એટલું જ કહે છે, "નહીં માંગતા, તૂ બંધન મેં પડા ઈતના હી કાફી હૈ દૂસરે કો યો ફંસાતા હૈ ?" આથી આગળ વધીને શ્રીકૃષ્ણ મહાત્માએ અર્જુનને કહ્યું કે, વળી એટલે જઈને તું સ્થિર ન થઈ જતો, યોગમાં જોડાઈ જજે." અહીં પ્રશ્ન થયો કે, તો સમત્વ બુદ્ધિના યોગ કરતાં વળી આ બીજો યોગ કયાંથી ફૂટી નીકળ્યો; એના ઉત્તરમાં કહ્યું કે પ્રથમનો યોગ નિશ્ચયાત્મકબુદ્ધિ સાથે મુખ્યત્વે સંબંધ ધરાવે છે, અને આ યોગ 'કર્મમાં કુશળતારૂપ છે' એટલે બુદ્ધિમાં સમતા જોઈએ અને કર્મમાં કુશળતા જોઈએ. કારણ કે, કર્મમાં જેણે કુશળતા પ્રાપ્ત કરી તે તરત કર્મફળ તરફ અનાસકત ભાવ કેળવી શકે છે. આ વાત તો આપણા સહુના અનુભવની છે કે જે ખરો કળાકાર છે તે કળાની તન્મયતાનો એટલો તો આનંદ લૂંટી લે છે કે પછી એની કૃતિની જગતમાં કિંમત

થાય કે ન થાય તેના તરફ જોવાની પણ એને પડી જ નથી હોતી. આપણે પણ સમુદ્ર કાંઠે ચળકતા સુંદર રેતી કણોમાં બેઠાં બેઠાં જે મોહક ભાત પાડીએ છીએ તે વખતનો આનંદ એટલો હોય છે કે, પછી એ કૃતિના ફળનો બીજો હેતુ જ કોણ કલ્પે છે ? અનામયપૂર્ણ નીરોગી-પદે જવાનો પણ આ જ રસિક માર્ગ છે. જ્ઞાનીઓ પણ એ જ રીતે એ માર્ગે જઈને જન્મબંધથી મુકત થયા છે, સારાંશ કે બુદ્ધિની સમતા ન ગુમાવવી અને અને જો ગુમાવી દીધી હોય તો પહેલાં એને સાધી લેવી એ યોગનું આ એક પાસું સધાયું અને સમત્વબુદ્ધિયુકત થયા પછી, જે કંઈ સહજ કર્મ આવી પડે, તે કર્મને કળાત્મક રીતે જ આદિથી અંત સુધી પૂરાં પાડવાં એ યોગનું બીજું પાસું સધાયું. અને આટલું થયું એટલે થયો બેડો પાર.

જૈન સૂત્રો આ બે યોગને જ્ઞાનયોગ અને (ક્રિયાયોગ અથવા) ચારિત્રયોગ એવાં બે નામ આપે છે. વસ્તુતઃ તે એક જ સિક્કાની બે બાજુ છે, પણ જ્ઞાનવાળી બાજુમાં મહોરછાપ પડી છે, એટલે પાછલું પાસું જોઈને પણ તુરત વળી મહોરછાપ તરફ જીવને આંખ રાખવી પડે છે, પણ જૈન સૂત્રકારો કહે છે કે, આટલી સહેલી વાત હોવા છતાં સંસારી જીવને કઠણ પડે છે. એનું કારણ એ છે કે એ સિક્કાનો પ્રતિયોગી સિક્કો આડો ઊભો છે. તે આત્માના અનંત પ્રકાશને રોકી બેઠો છે. એનું નામ મોહ. પહેલા પાસાના પ્રતિયોગીને દર્શનમોહ કહેવાય છે અને બીજા પાસાના પ્રતિયોગીને ચારિત્રમોહ કહેવાય છે. એટલે જ ગીતાકાર હવે અર્જુનનું લક્ષ્ય એ બાજુ દોરે છે.

**यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।**
**तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥ ५२ ॥**
**श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।**
**समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ५३ ॥**

**મોહ કીચડને જ્યારે, તારી બુદ્ધિ તરી જશે;**
**ત્યારે નિર્વેદ પામીશ, શ્રુત યોગ્યે તથા શ્રુતે, ૫૨**
**શ્રુતિથી સ્થાન ચૂકેલી, તારી બુદ્ધિ સમાધિમાં;**
**ધ્રુવ સ્થિર થશે જ્યારે, ત્યારે તું યોગ પામીશ. ૫૩**

(પણ ઊજળા હૃદયના આર્ય અર્જુન ! તું એ યોગનું પહેલું પાસું કયારે જોઈ શકીશ તે કહું. સંક્ષેપમાં તો આ વાત અગાઉ પણ કહી હતી; છતાં અહીં પ્રસંગ આવી ગયો માટે ફરીને ચોખવટથી કહું છું. તે એ છે કે આ ટાણે પ્રત્યક્ષ દેખાય છે.

અને પહેલાં ઊંડો અને ગુપ્ત હતો તે) મોહરૂપી કીચડને જ્યારે તારી બુદ્ધિ પાર કરી જશે, ત્યારે (આપોઆપ) સાંભળેલા ઉપર (અને હવે પછી) સાંભળવા જેવા (વિષયો) ઉપર ઉદાસીનતા આવી જશે. અને એમ થવાથી તારી નિશ્ચયાત્મક બુદ્ધિ (અનેક પ્રકારની) શ્રુતિથી (નિશ્ચયનું) સ્થાન ચૂકી ગઈ છે. (અનિશ્ચિત-વ્યગ્ર બની ગઈ છે) તે સમાધિમાં-આત્મમસ્તીમાં હાલ્યા ચાલ્યા વગરની (બધા પ્રકારે સ્થિર) થઈ જશે ત્યારે તું યોગ (નું પહેલું પાસું એટલે કે સમત્વબુદ્ધિરૂપ યોગ) પામીશ.

**નોંધ :** જેમ જૈન સૂત્રો, આત્મદર્શન થયાનાં : (૧) શમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા અને (૫) આસ્થા એમ પાંચ લક્ષણો બતાવે છે, તેમ ગીતાકાર પણ કહે છે કે પહેલાં તો તારે મોહ-કીચડથી તારી બુદ્ધિને પેલે પાર લઈ જવી પડશે. એટલે પાપ-પુણ્યથી અને ખરી રીતે તો સાંસારિક બંધન દેનારા પદાર્થમાત્રથી આપોઆપ સંવેદ (એટલે પદાર્થ બંધન કરે છે તેવું ભાન) અને નિર્વેદ (એટલે વૈરાગ્ય) જાગશે, સાધકમાત્રનો આ જ અનુભવ છે. હવે આપણામાંના કોઈને એ શંકા ન રહેવી જોઈએ કે, અર્જુનને અત્યાર સુધી હતો તે વૈરાગ્ય હતો નહિ કે મોહ. આપણામાંના કોઈ એમ પણ ન ધારી લે કે પદાર્થ પ્રત્યે અણગમો થવો તે વૈરાગ્ય અને એવો વૈરાગ્ય તો અર્જુનને થયો જ હતો. એટલા ખાતર ગીતાકારે વૈરાગ્ય માપવાની ઉત્તમ કસોટી મૂકી તે એ કે જ્યારે 'વૈરાગ્ય' એટલે કે અંતરંગ 'વૈરાગ્ય' જાગે છે ત્યારે મોહનો પડદો ખસી જઈને આત્મસ્મૃતિનો એવો ખજાનો હાથ લાધી જાય છે કે પછી સાંભળેલું યાદ કરવાની કડાકૂટ કે નવું સાંભળવા જેવું કશું રહેતું નથી. બધું એને પોતામાં જ સૂઝી રહે છે. જૈન સૂત્રોમાં એવા અસંખ્ય દાખલા છે કે, 'મોહ ઉપશાંત થયો કે તરત જ જાતિ-સ્મરણ જ્ઞાન થયું.' પણ આ મોહનો પડદો ય કંઈ આપોઆપ ખસી જતો નથી કે એને માટે કોઈ ઈલમકી લકડી જેવો જાદુઈ ઉપાય ખપ લાગતો નથી. એને માટે તો તે સાધકે પોતાની બુદ્ધિને સમાધિદશાને યોગ્ય એટલે કે નિશ્ચળ બનાવવી જોઈએ. ત્યારે પ્રશ્ન થાય કે, 'તો પછી એ જ કહોને કે એ નિશ્ચળ કેમ બને ?' ગીતાકારે આનો જવાબ પહેલાં પણ આપી દીધો છે અને અહીં ફરીથી આપે છે કે "જે કારણે તે વ્યગ્ર થઈ છે તે કારણથી વેગળા રહો."

ભલે, ધર્મગ્રંથોમાં એમની ગણના થતી હોય, પણ જે ગ્રંથોમાં રાજ્યસત્તા, અધિકાર અને મોજશોખ કે સ્વર્ગ મેળવવા માટે વાસનાના પ્રોત્સાહન દ્વારા ક્રિયાઓ, મંત્રો કે વિધિઓ બતાવાઈ હોય તે સાંભળવાનું છોડો, સાંભળી હોય તો

એને ભૂંસી નાખો. આમ બુદ્ધિને વાસનાબંધના નવા ચક્રમાંથી કાઢી લો એટલે આત્મામાં સ્થિર થઈ, એ અનુપમ સુખથી તરબોળ બનીને તમને એના રસભોક્તા બનાવશે, કે જે સુખ તમે કદી જ વેઠયું હોય.*

આ નવું સાંભળીને હવે અર્જુનની તાલાવેલી વધી અને એણે કહ્યું :

*अर्जुन उवाच ।*

**स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।**

**स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ।। ५४ ।।**

***અર્જુન બોલ્યા :***

**શી સ્થિતપ્રજ્ઞની ભાષા સમાધિનિષ્ઠની ? કહો;**

**સ્થિતપ્રજ્ઞ વદે બેસે ને ચાલે કેમ ? કેશવ ! ૫૪**

(ગુરુજી ! આપે વેદોમાં સાંસારિક ફળ-શ્રુતિ દાખવનારો જે ભાગ છે તે વિષે ઉદાસીનતા રાખવાનું કહ્યું અને સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણેથી છૂટવા માટે પ્રેરણા આપી. તેમજ સૌથી પ્રથમ સમત્ત્વબુદ્ધિ સાધવાની વાત કરી. વળી જો બુદ્ધિનો મોહ ચાલ્યો જશે તો જ એ સાધના થશે અને પછી સાંભળેલું કે સાંભળવા જેવું બંને છૂટી જશે એમ બોલીને છેવટે એમ પણ કહી દીધું કે, આજે તારી બુદ્ધિ ભોગૈશ્વર્યાસકત શ્રુતિવાદથી ગૂંચાઈને ચંચળ બની ગઈ છે, એથી સમાધિમાં સ્થિર નથી રહી શકતી તો) હે કેશવ ! (અર્થાત્ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણે સંજ્ઞા જેને લાગુ પડે છે, તેવા યુકત યોગી પુરુષ ભલા!) એવા સમાધિનિષ્ઠ સ્થિતપ્રજ્ઞનો વાદ કેવો છે ? (અર્થાત્ જેને સમાધિમાં ધ્રુવ-સ્થિર-બુદ્ધિ છે તેવા જ્ઞાનીનાં લક્ષણો શાં છે ?) તે કેમ બોલે છે ? કેમ ચાલે છે ? કેમ બેસે છે ? તે મને સંભળાવો.

**નોંધ :** ભાષા, પરિભાષા, સિદ્ધાંત, વાદ, દષ્ટિ, લક્ષણ ચિહ્ન વગેરે લગભગ એકાર્થવાચી શબ્દ છે. વાણી એ ભાવ વ્યકત કરવાનું મનુષ્ય પાસે એક અજોડ સાધન છે એટલે જેમ ગીતાકારે વેદવાદ શબ્દ વાપર્યો હતો તે જ રીતે અર્જુન પણ ત્યારે 'સ્થિતપ્રજ્ઞવાદ' વળી કેવો છે એમ પૂછે છે. અર્જુન આગળ સ્થિતપ્રજ્ઞવાદ સાવ નવીન વસ્તુ છે. ઉપરાંત શ્રીકૃષ્ણમુખે એ વાત સાંભળી તેને

* 'નિર્વેદી વેદન કરે વેદન કરે અનંત' (આનંદઘનજી)ની ઉકિત પ્રમાણે નિર્વેદ એટલે સોગિયાપણું નહિ, પણ અનંતનું વેદન એટલે કે, વિકૃત રસના વેદનમાંથી મન છૂટું થઈ આત્મારસમાં તરબોળ બને તેનું નામ વૈરાગ્ય.

તેવું થવું ગમે છે. એટલે જે ચીજ ગમે, તેનાં સૌથી પહેલાં તો માણસ લક્ષણો જાણવા માગે, તે પણ દેખીતું છે. વળી અર્જુન માત્ર સાંભળવા ખાતર જ નથી સાંભળતો. એને તો એ માર્ગે ચાલવાની પણ ધગશ છે, એટલે જ એ લક્ષણોની સાથે સાથે સ્થિતપ્રજ્ઞનો વ્યવહાર પણ પૂછી લે છે. કેમ બોલે, કેમ ચાલે અને કેમ બેસે ? એમ પૂછવા પાછળ એવો ધ્વનિ પણ નીકળી શકે કે, અર્જુનના અંતરમાં સ્થિતપ્રજ્ઞ વિષે બે કલ્પનાઓ આવી હોય; (૧) વસતિમાં રહેનારો અને (૨) જંગલમાં રહેનારો. જો સ્થિતપ્રજ્ઞ વસતિમાં રહેનાર હોય તો એની બોલચાલ કેવી હોય એમ એ પૂછે છે. જો સમાધિનિષ્ઠિ સ્થિતપ્રજ્ઞ જંગલવાસી હોય તો એ ચૂપચાપ મૌન સેવીને કેવો એકાંતવાસ ગાળે છે એમ એ પૂછે છે. પરંતુ શ્રીકૃષ્ણ મહાત્મા તો પોતાની અનેકાંતવાદની અત્યુત્તમઢબે નિરૂપણ કરે છે. એમનું આ સચોટ નિરૂપણ થતાં થતાં બીજો અધ્યાય સમાપ્ત થાય છે. એથી આ અધ્યાય સોળે કળાએ દીપી ઊઠે છે.

*श्री भगवानुवाच ।*

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ५५ ॥
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ५६ ॥

**મનોગત બધી ઈચ્છા, પાર્થ ! જ્યારે તજી દીએ;**
**આત્મસંતુષ્ટ આત્માર્થી, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ છે. ૫૫**
**દુઃખે ન મન ઉદ્વેગી, સુખે જેને સ્પૃહા નથી;**
**તજ્યાં રાગ-ભય-ક્રોધ, તે મુનિ સ્થિતપ્રજ્ઞ છે. ૫૬**

અહો પૃથાના પુત્ર ! (ધન્ય છે, તારી જનેતાને. હું જે ભાવની અપેક્ષા રાખતો હતો તે તારામાં થોડે અંશે પણ ઝળકયો ખરો. હવે કંઈ ફિકર નહિ. તારામાં ખરી જિજ્ઞાસા પ્રગટી છે. ઠીક, લે સાંભળ. સૌથી પ્રથમ તો મેં અગાઉ કહ્યું તે પ્રમાણે સ્થિતપ્રજ્ઞ સાધક) પોતાના મનમાં વારંવાર ઊઠતી બધી કામનાઓને તજી દે છે અને આત્મા વડે જ આત્મામાં સંતુષ્ઠ રહે છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ ગણાય છે.

(કામના છોડવા છતાં, દેહ છે ત્યાં લગી તો હાલતાં ને ચાલતાં અગાઉ કહ્યું તેમ માત્રાસ્પર્શ-વિષયો-થી દુઃખસુખ તો આવવાનાં જ, એનો પણ ઉપાય ગીતાકાર

બતાવી દે છે. તેઓ કહે છે કે એવા પુરુષને દુઃખસુખના પ્રસંગ ભલે આવે, પણ એનું મન એવું ટેવાઈ ગયું હશે કે જેને લીધે તે સ્થિર રહી શકે. માટે જ) દુઃખમાં જેનું મન ઉદ્વેગી ન થાય, સુખે જેને સ્પૃહા ન થાય, તેમજ રાગ, ભય અને ક્રોધથી જે દૂર રહે તે સ્થિરબુદ્ધિ મુનિ ગણાય છે.

**નોંધ :** જલધિમાં જેમ વાયુવેગથી તરંગ ઊઠે છે તેમ જ્યાં લગી આસક્તિનો વેગ છે, ત્યાં લગી મનમાં ઈચ્છાના તરંગો તો ઊઠવાના જ; એટલે ગીતાકાર કહે છે કે એની ફિકર નહિ, પણ એવી મનોગત કામના જાગી કે તરત જ સાધક એને તજી દે.

દા.ત. "કોઈ પદાર્થ જોઈને એમ થયું કે, મારી પાસે આ પદાર્થ હોય તો કેવું સારું ?" આ ઈચ્છામાત્રથી મન તો દૂષિત થયું જ, પણ અહીં લગી (તરત) એ દૂષિતતા ટાળવાનો ઉપાય છે. જોકે અજ્ઞાનીને એવી કામના જાગે કે તરત જ તે મતું મારી દે છે. એટલે એવી કામનાને ટેકો મળ્યા પછી તે મન, બુદ્ધિ, પ્રાણ, ચિત્ત, ઈંદ્રિયો વગેરેને બહેકાવી મૂકે છે, અને અધોગતિ નોતરે છે. પરંતુ સ્થિતપ્રજ્ઞ પુરુષ એવી વેળાએ પોતાનો ટેકો નથી આપતો, પણ ઊલટો મન પર કામના આવી કે સપાટાભેર હાંકી કાઢે છે. જેમ કુશળ ચોકીદાર સાવધાન રહી કોઈ પણ અનિષ્ટ તત્ત્વને આવતાં રોકે છે. આ વાતના સમર્થનમાં જ્ઞાનીજન કહે છે :

**"મન ગયા તો જાને દે, પર મત જાય શરીર;**
**બિગર છોડી કામઠી, કયોં લગેગો તીર.**

સારાંશ કે, મન વશ ન રહે તોય બચવાનો માર્ગ છે; પણ જ્યારે મનની પરવશતાની સાથે જ ઈંદ્રિયો પણ ઉપર કહ્યું તેમ, બહેકી ઊઠે છે ત્યારે બાજી સરી જતાં વાર લાગતી નથી. અનેક જન્મોની દઢતાની મેળવેલી મૂડી પળવારમાં માણસ ગુમાવી બેસે છે.

પણ કેટલાક સાધકો એવા પણ હોય છે કે જે કાયાથી તો વ્રત પાળે છે પણ મનોગત કામનાને પોષ્યા કરે છે. એટલે કે 'ઠીક છે, થવા દો, બરાબર છે' એમ મૂગા ઈશારાથી વિકારી વિકલ્પોને ટેકો આપે છે. તેમાંનો એક ભાગ પોતાના અભિમાનથી આમ કરતો હોય છે. જેઓ અભિમાની છે તેઓ તો એક દિવસ માનસિક દૂષણને પોષતા હોવાથી કાયાથી પણ દૂષિત થવાના જ છે. પણ તેઓ પૈકી બીજો વર્ગ એવો પણ હોય છે કે જે એમ પ્રમાણિકપણે માને છે કે મનોગત

કામનામાં ઈંદ્રિયભોગ કરતાં ઊંચા પ્રકારનું સુખ છે, માટે અમે એને એવા ઉચ્ચકોટિના સુખ-સંતોષ ખાતર જ પોષીએ છીએ, પડવા ખાતર નહિ. આ પક્ષનું ઉપરનું કથનો તો સાચું છે; મૈથુનસૃષ્ટિ કરતાં માનસી સૃષ્ટિ અલબત્ત ઉચ્ચ કક્ષાની છે; પણ શેખચલ્લીના ઉદાહરણમાં આપણે વાંચી ગયા છીએ તેમ આવું માનસિક કામનામાંથી કાયિક પતન ભલે ન થતું હોય એમ લાગે, પણ આખરે તો થાય છે જ. વળી કદાચ કાયિક પતન ન થાય તોય માનસિક કામનાનું સુખ મૈથુનસુખથી ઊંચા પ્રકારનું હોવા છતાં એ સુખ પણ પરાવલંબી છે, સ્વાવલંબી નથી. એટલે એ સુખ પહેલાં ગમે તેટલું મીઠું લાગતું હોય તોય આખર કડવું જ છે. માટે ગીતાકારે કહ્યું કે સ્થિતપ્રજ્ઞ ત્યારે જ કહેવાય છે કે જ્યારે આત્માથી જ આત્માની તૃપ્તિ પામે છે. મૂળે તો આત્મા એક જ છે એમ જૈનસૂત્રો પણ કહે છે. તો પછી "આત્માથી આત્માની તૃપ્તિ" એમાં તો બે આત્મા આવ્યા. વાત ખરી છે, પણ જે આત્માઓ સંસારના લેપથી નથી મુકત થયા, તેમની આત્મદશા ત્રણ પ્રકારની હોય છે : (૧) બહિરાત્મદશા-એટલે કે બહાર જ સુખને શોધવાનાં ફાંફાં મારવાની દશા. જેમ સૂર્યનાં કિરણો કાચ પર પડયા પછી એ કાચ કિરણોને બીજા પદાર્થ પર ફેંકે છે; છતાં કાચને જ કોઈ સૂર્ય માની લે તેમ જીવ પણ ભ્રમમાં પડે છે અને પર વસ્તુમાં જે સુખ મળે છે તે પોતાથી જ મળે છે. એટલે કે પોતાની આસકિતથી, પોતાના સ્વરૂપનો પ્રકાશ પદાર્થ પર ફેંકીને મન, ઈંદ્રિયોનો સંગ કરાવી સુખ વદે છે, એ જ્ઞાન હોવાને લીધે બાહ્ય વસ્તુને જ સુખદાયક માનીને મોહાય છે તે દશા.

(૨) અંતરાત્મ દશા : આત્મસ્વરૂપની ઝાંખી થઈ છે તેવી દશા.

(૩) પરમાત્મદશા : વીતરાગભાવની પરાકાષ્ઠાની દશા. આ ત્રણ દશા પૈકી ઉપરની બીના અંતરાત્મા દશાવાળા દેહધારીને લાગુ પડે છે. તેનો અંતરાત્મા જ તેને તૃપ્તિ આપે છે. બસ આવી સ્થિતિ થાય એટલે એ સાધક સાચો જ પુરુષાર્થ કરે છે. એની સઘળી પ્રવૃત્તિ આત્માર્થે જ હોય છે. પછી એનું મન બાહ્ય પદાર્થોનાં દુઃખથી કંટાળતું નથી, સદાય ઉત્સાહી, સતેજ અને આશાભર્યું રહે છે. એ જ રીતે બાહ્યપદાર્થોનો ઈંદ્રિયોને અનાયાસે સુખદ સંગ થાય, તોય એને એવાં સુખોની સ્પૃહા થતી નથી. કારણ કે એ સુખ એને આત્માથી મળતા સહજ આત્મસંતોષ આગળ સાવ નજીવું ભાસે છે. આ રીતે એનો રાગ મોળો પડે છે, રાગ ગયો એટલે ભય અને ક્રોધ પણ ગયાં જ સમજવાં. કારણ કે 'આ મને રખે આમ કરે.' એવા ભયનું મૂળ તો પોતાનો કોઈ વસ્તુ તરફનો રાગ જ છે. અને એ જ રીતે, એણે મારું

બગાડયું, એણે મારું બૂરું કર્યું એવો બીજા પ્રત્યે મનમાં આવેશ આવે છે અને ક્રોધ થઈ જાય છે; તેના મૂળમાં પણ રાગ જ છે.

આવી સ્થિતિવાળો પોતાના મનને મારે છે માટે એને સ્થિતપ્રજ્ઞ મુનિ પણ ગણી શકાય. જૈનસૂત્ર શ્રી આચારાંગમાં પણ એમ જ કહ્યું છે : જં સમંતિ પાસહ તં મોણંતિ પાસહ . અર્થાત્ જ્યાં સમત્વ છે ત્યાં મુનિપણું છે.

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७ ॥
यदा संहरते चायं कूर्मोऽगानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेम्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८ ॥

**જે બધે અપ્રતિબંધી, તે તે પામી શુભાશુભ;**
**ખુશ કે ખિન્ન ના થાય, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત. ૫૭**
**સમેટે કાચબો અંગ, સર્વથા તેમ ઈંદ્રિયો;**
**સમેટે ઈંદ્રિયાર્થોથી, તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત. ૫૮**

(વળી હે અર્જુન આ પ્રકારે વિષયો પરત્વેનો વૈરાગ્ય થવાથી પછી એને કોઈ વ્યક્તિનો કે પદાર્થનો, કોઈ ક્ષેત્રનો કે કાળનો કશોય પ્રતિબંધ રહેતો નથી, તેથી) જે બધે સ્થળે અપ્રતિબંધ (મમત્વબુદ્ધિથી રહિત) રીતે વિચરી રહ્યો હોય છે. અને જે તે (વસ્તુ પછી શુભ કે અશુભ ગમે તે પ્રકારની હો, તેને) પામીને નથી તો રાજી થતો કે નથી તો નારાજ થતો. (માટે આવાં લક્ષણો તું જ્યાં ભાળે ત્યાં પણ જાણવું કે,) તે પુરુષની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે, (પણ હે પાંડુનંદન ! તું એમ ન માનતો કે તે બધી રીતે અપ્રતિબંધ હોય છે, એટલે કે ફાવે તેમ સ્વછંદે વિષયાનંદ લૂંટે છે અને ગમે તેમ વર્તે છે. જો તું એમ સમજીને વર્તવા માંડે તો તો ભારે અનર્થ થાય. ખરી વાત તો એ છે કે, એવા સ્થિતપ્રજ્ઞને બહારનાં બંધન નથી, પણ જવાબદારીનું-સ્વેચ્છાએ સ્વીકારેલું સંયમનું-બંધન તો હોય જ છે, અને એને એ કડક રીતે જાળવે પણ છે. જે લોકો જગતને દેખાડવા કે રાજી રાખવા માટે કડક ક્રિયા પાળે છે તે બહારનાં બંધનથી બંધાયેલા છે, પણ અંતરંગ સંયમ ન હોવાને લીધે દંભ, પાખંડમાં રચ્યાપચ્યા રહે છે. જ્યારે, ખરો સ્થિતપ્રજ્ઞ તો દંભ-પાખંડથી સતત દૂર રહે છે. તેની ચર્ચા આ જાતની હોય છે.) કાચબો જેમ પોતાનાં અંગ સર્વ પ્રકારે (પોતાની રક્ષા માટે પણ ભયનું કારણ ન હોય ત્યાં નથી સમેટતો અને ભયનું કારણ જણાતાં વાર જ) સમેટી લે છે તેમ આ (સ્થિતપ્રજ્ઞ)

પણ ઇંદ્રિયાર્થોથી-વિષયોથી- (ભય દેખાય ત્યાં) ઈંદ્રિયોને સમેટી લે છે. (બીજે નહિ !) માટે આવી સ્થિતિ દેખાય ત્યાં તારે જાણવું કે) તે (પુરુષ)ની બુદ્ધિ સ્થિર થયેલી છે.

**નોંધ :**

**પંચ વિષયથી રાગદ્વેષવિરહિતતા,**
**પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;**
**દ્રવ્ય, ક્ષેત્ર ને કાળભાવ પ્રતિબંધ વિણ,**
**વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો.**

જૈન સૂત્રો પરથી ઉદ્ભવેલી શ્રીમદ્ની ઉપરની ટૂંકનો આખો ભાવ ગીતાકારે ઉપરના બે શ્લોકમાં કહી દીધો.

પ્રતિબંધ અને સ્વચ્છંદ એ બે મોક્ષમાર્ગના જબરા લૂંટારા છે. સારું કે નરસું-અનુકૂળ કે પ્રતિકૂળ-ગમે તે પ્રસંગ આવી પડે તોય હર્ષ-વિષાદ ન થાય તો જ અપ્રતિબંધપણું ટકી શકે છે. નહિ તો મનગમતું મળવાથી સાધક કોઈ વ્યકિતના, કોઈ પદાર્થના કે કોઈ ક્ષેત્રાદિના બંધનમાં બંધાઈ જાય છે. અને એના હૃદયવેગની ધરી તૂટી પડે છે, આત્મપ્રગતિ અટકી પડે છે. પણ આટલે દૂર સલામત રીતે ગયા પછી પણ સ્વચ્છંદનો ચોર તો આગળ ઊભો જ છે. એટલે જેમ કાચબો, કાંઠેથી કોઈ કાંકરો નાખે અથવા કોઈ આપત્તિ આવવાની થાય કે તરત જ પોતાનાં કોમળ અંગ મજબૂત પીઠ નીચે સમેટી લે છે તેમ આવો સાધક પણ એટલો બધો સાવધાન હોય છે કે ઈંદ્રિયોને વિષયોની ચટપટી લાગે કે તરત જ સંયમની મજબૂત પીઠ નીચે સમેટી લે છે. અર્થાત્ ઈંદ્રિયો પોતાની જરૂરિયાતની વસ્તુ માગે તો જરૂર પૂરી પાડે છે, પણ પોતાની કુટેવ પોષવા માટે વસ્તુ માગે કે ચોખ્ખી સાફ શબ્દોમાં 'ના' પાડી દે છે. જો એટલી સાવધાની ન રાખે તો ઈંદ્રિયો સ્વચ્છંદી બનીને આટલે ઊંચેથી પણ તરત લપસાવી દે. કાચબાનું દૃષ્ટાંત શ્રી આચારાંગાદિ જૈનસૂત્રોમાં ઘણે સ્થળે આવે છે, અને એ ઉદાહરણ નમૂનેદાર છે, સાધક આટલું લક્ષ્યમાં રાખે તો ઈંદ્રિયો તાજી અને સુદઢ રહે, નહિ કે આળસુ, શિથિલ કે વિલાસી.

**विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।**
**रसवर्जं रसोऽप्यस्य परं द्रष्टवा निवर्तते ॥ ५९ ॥**

**નિરાહારી થતાં દેહી, છૂટે છે વિષયો નર્યા**
**પણ આસક્તિ તો એની પરં પેખ્યા પછી છૂટે. ૫૯**

(પણ હે પરંતપ ! વિષયોથી ઈંદ્રિયોને સમેટે છે, એનો અર્થ તું એમ ન લેતો કે તેઓ ઈંદ્રિયોને ભૂખે મારી મારીને કચડી નાખે છે. તેઓ એકાંતે ઈંદ્રિયોને નથી તો કચડી નાખતા કે નથી તો એકાંતે લાલનપાલન કરતા.મેં તને ઉપર કહ્યું તેમ તેઓ પ્રત્યેક પદાર્થ ઉપયોગની દૃષ્ટિથી ઈંદ્રિયોને આપે છે. ભોગની દૃષ્ટિથી નહિ દા. ત. કોઈ બે ચીજ આવે અને જો તે ખાવાની હોય તો હોજરીને પૂછીને કઈ અને કેટલી પથ્ય છે તેઓ વિચારી મર્યાદાપૂર્વક ખાય છે. વાપરવાની હોય તો ચામડીની પથ્યાપથ્યતા વિચારી વાપરે છે. મતલબ કે દરેક ઠેકાણે એ જાગૃત રહે છે. હઠ ખાતર કે દેખાદેખીથી તેઓ લાંઘણો નથી ખેંચતા, પણ પોતાને લાગે છે કે હવે ઈંદ્રિયો બહેકી ઊઠે છે અને કાબૂમાં નથી રહેતી કે તરત તેઓ લગામ ખેંચે છે.આથી એ ઉપવાસ માત્ર જીભ કે હોજરી પૂરતો જ ન રહેતાં, તમામ ઈંદ્રિયો અને મનનો પણ બની રહે છે. ઝડપથી ચાલતા થાકી ગએલાને આરામ લેતા જેટલી પ્રસન્નતા થાય તેટલી પ્રસન્નતા તેઓને ઉપવાસમાં મળે છે, છતાં તેઓ આ સત્યનેય ભૂલતા નથી કે ) શરીરધારી નિરાહારી રહે છે ત્યારે માત્ર વિષયો જ મોળા પડે છે, આસક્તિ નહિ. ( પણ મૂળ દર્દ તો આસક્તિ જ કાઢવાનું છે, એટલે આસક્તિ ટાળવા માટે તેઓ પરં-આત્મા-ની ઝાંખી સારુ હરપળે તૈયાર રહે છે, કારણ કે) આસક્તિ તો પરં તત્ત્વને પેખ્યા પછી જ છૂટે છે.

**નોંધ :** અહીં નિરાહાર શબ્દ ગીતાકારે બધી ઈંદ્રિયોના આહાર માટે વ્યાપક-પણે લીધો છે. આથી એ એમ કહે છે કે બાહ્યત્યાગ કે બાહ્યતપ એ સાધ્ય નથી, પણ ઊંચા પ્રકારનું સાધન માત્ર છે. એટલે જૈન સૂત્રો જેમ કહે છે તેમ ક્રિયામાત્રનો ઉદ્દેશ આત્મસાક્ષાત્કાર છે, આત્મસાક્ષાત્કાર એટલે ક્રોધાદિ કષાયોના જોરનું મોળું પડવું, આસક્તિનું હળવાપણું થવું, પણ જે ત્યાગ કે તપથી તે મોળાં ન પડતાં ઊલટાં વધે તે ત્યાગ કે તપ પણ બાધક જ બને છે, આમ કહીને ગીતાકાર ત્યાગી કે તપસ્વીને અટકાવતા નથી, પણ ખરો માર્ગ બતાવે છે. એટલે ઈંદ્રિયોના ઘોડા તોફાની થાય ત્યારે લગામ માટે ત્યાગ તપ જરૂરી છે, પણ એ સાવ ઢીલા પડવા લાગે ત્યારે આત્મવિકારના સાધનરૂપે ઉપયોગ આપે ત્યાં લગી ઈંદ્રિયોને ખોરાકની પણ જરૂર છે. એક અબ્રહ્મચર્ય જ એવી વસ્તુ છે કે જેનો સર્વથા ત્યાગ કરવામાં આવે, તોય હાનિ નથી. સારાંશ કે ઈંદ્રિય ઉપર અંકુશ મૂકવો ખરો, પણ આત્મા તરફ દૃષ્ટિ રાખીને એ મર્યાદા પૂરત તો મૂકવો; સર્વથા નહિ.

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इंदियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ॥ ६० ॥
तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६१ ॥

**કૌંતેય ! જાગતા એવા, યત્નશીલ પુરુષનું;**
**વિષયોમાં હરે ચિત્ત, પરાણે મસ્ત ઈંદ્રિયો. ૬૦**
**તે સૌને કાબૂમાં રાખી, યુકત લીન રહે હુંમાં;**
**ઈંદ્રિયો વશમાં જેની, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત. ૬૧**

હે કુંતીના પુત્ર ! (મેં તને ઉપર જે વાત કહી, તે પરથી તું એમ ન સમજી લેતો કે માત્ર મનોગત કામનોઓને કાઢી નાખવાનો પુરુષાર્થ કરવો એટલે પત્યું, કારણ કે જો મન અને આત્મા બન્નેની સંમતિ નહિ હોય તો વિષયો સાથે ઈંદ્રિયોનો સંગ થાય એમાં શો દોષ છે ? પાર્થ !) સાધક ગમે તેટલો વિદ્વાન અને યત્નશીલ હોય છતાં તેવા પુરુષના મનને પણ મસ્તાની ઈંદ્રિયો પરાણે (વિષયો તરફ) ખેંચી જાય છે. (માટે જ) બધી ઈંદ્રિયોને કાબૂમાં રાખી મારામાં (એટલે કે આત્મસ્વરૂપમાં) પરાયણ અને (સમતાયોગથી) યુકત રહેવું જોઈએ. કારણ કે (એમ કરવાથી આખરે ઈંદ્રિયો પર એવો કાબૂ આવી જાય છે કે તે સહેજે વશવર્તી બની રહે છે. એટલે) ઈંદ્રિયો જેના તાબામાં આવી હોય, તેની (પણ) પ્રજ્ઞા પ્રતિષ્ઠિત કહેવાય. (એ લક્ષણ પણ તારે ભૂલવું નહિ).

**નોંધ :** પુરુષાર્થ અને જ્ઞાન બન્ને હોવા છતાં ઈંદ્રિયસંયમ પણ અવશ્ય જોઈએ. આ વાત બહુ થોડા સાધકો જાણે છે, તેથી આટલે ચડયા પછી પણ તેઓ પડી જાય છે. ગીતાકારની ચેતવણી બિલકુલ ખરી અને વેળાસરની છે. સાધકને મન વશ કરવું છે, તેને ઈંદ્રિયોને વશ કર્યા વિના છૂટકો જ નથી. કારણ કે જૈન દષ્ટિએ મન એ પણ પૌદ્‌ગલિક (જડ) છે, ને ઈંદ્રિયો પણ પૌદ્‌ગલિક છે. એટલે એ સમજાતીયતાને લીધે ઈંદ્રિયો સાથે મનને ખેંચાતાં વાર લાગતી નથી. અહી ઈંદ્રિયોને 'મસ્તાની' વિશેષણ ગીતાકારે હેતુપૂર્વક લગાડયું છે જ્યાં લગી આસકિત છે, ત્યાં લગી જેમ મન મસ્તાની છે તેમ ઈંદ્રિયો પણ મસ્તાની છે, અને એમના એ મસ્તાની પણા નીચે આત્મા દબાયેલો રહ્યા કરે છે. જેમ લોભી શેઠના કમાઉ વાણોતરો મીજાજી અને મસ્તાની બની, ખોટી રીતે વર્તતા હોવા છતાં, લોભી શેઠ એમને વારવા માટે હિંમતપૂર્વક કશાં પગલાં લઈ શકતો નથી તેમ

આસકત આત્મા પણ આવી મસ્તાની ઈંદ્રિયો અને મસ્તાન મન સામે નૈતિક હિમ્મત દાખવી શકતો નથી, એટલે ઈચ્છાએ કે અનિચ્છાએ એને સંમતિ આપવી જ પડે છે. આ નર્યા અનુભવની બીના છે, (બહિર) આત્મા અને મનને સંમતિ આપવાનો તમે ગમે તેટલો દઢ નિશ્ચય કર્યો હોય, પણ જ્યાં લગી આસકિતને લીધે ઈંદ્રિયો મસ્તાની છે, ત્યાં લગી એમને વિષયોમાં છૂટી મૂકવામાં આવે તો તે મનની અને આત્માની સંમતિ ઈચ્છાએ કે અનિચ્છાએ મેળવીને અવશ્ય પતન કરાવે છે. એટલે-આ એકવારમાં તે શું ? એમ જો જરાય ઢીલું મુકાયું, તો ભ્રમણામાં પડવાના. આમ ચેતવીને ગીતાકારે એકસઠમા શ્લોકમાં ઉપાય પણ અજબ બતાવી દીધા. એમણે કહ્યું કે તમે ઈંદ્રિય સંયમ રાખો, ને સમત્વ બુદ્ધિના યોગથી યુકત રહો. પરંતુ આટલેથી પણ તમારું કાર્ય નહિ સરે, માટે પ્રભુમાં પરાયણ રહો. શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો આ સંવાદ હોઈ, ગીતાકારે 'કૃષ્ણમાં' પરાયણ રહો' એમ લખ્યું છે પણ કૃષ્ણ, રામ અને મહાવીર એ બધાં નામોની સાથે મુખ્ય પ્રયોજન નથી, મુખ્ય પ્રયોજન તો આત્મા સાથે છે. સારાંશ કે ઈંદ્રિયોને પરાણે ન દબાવો. પરાણે દબાવશો તો દડાની માફક બમણો ઉછાળો મારશે, પણ સ્વેચ્છાએ ધૈર્યપૂર્વક એમની-ઈંદ્રિયોની-ઉપર સંયમ રાખો.એમાં તમારે બે વાતો ન ભૂલવી : (૧) બુદ્ધિની સમતા અને (૨) પ્રભુશરણ. આમ કરવાથી સ્થિતપ્રજ્ઞની ભૂમિકા પ્રાપ્ત થશે. બુદ્ધિમાં સમતા આવી કર્મમાત્રમાં કુશળતા આવી એટલે, નવી આસકિત થતી તો બંધ પડી જશે. પણ જે મૂળમાં છે તેનું શું ? એને માટે ઈંદ્રિયોને સહજ સંયમ સાધવો. એ સાધના તો આત્મ-પરાયણતાથી જ આવે છે. જેને આત્મપરાયણતા શબ્દ ન બંધ બેસે, તેને માટે પ્રભુનું અવલંબન યોગ્ય ગણ્યું એથી એની શ્રદ્ધા બળવાન બને, ને અક્રોધ, અકામ આદિ સદ્ગુણો પ્રત્યે ભારે રસ જામે.

આ રીતે અજ્ઞાન ક્રિયા સાથે ભકિતની પણ જરૂર છે. જૈન સૂત્રોમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્વો પ્રત્યે સર્વ ભાવે શરણ સ્વીકારી વફાદારી જાળવવાનો ભાર અપાયો છે, નાનામોટા દરેક ધર્મમાં શ્રદ્ધા અને ભકિતનું સ્થાન છે જે. કારણ કે અણીને પ્રસંગે એ જ ઉગારે છે, થાકેલાને સરસ ટેકો ત્યાંથી જ મળે છે. 'સચ્ચિદાનંદ' કે જે આત્માનું સ્વરૂપ છે, તે પૈકીનો આનંદ આપવાની જબ્બર તાકાત ભકિતમાં છે, પણ ભકતમાં સમતા અને કર્મકૌશલ તો જોઈએ જ.

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामत्क्रोधोऽभिजायते ॥ ६२ ॥

**क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३ ॥**
**વિષયો ચિંતવે તેને વિષયાસક્તિ જન્મતી,**
**કામ આસક્તિથી જન્મે, કામથી ક્રોધ જન્મતો. ૬૨**
**ક્રોધથી થાય સંમોહ, સંમોહે સ્મૃતિવિભ્રમ;**
**નાસે બુદ્ધિ સ્મૃતિભ્રંશે*, બુદ્ધિનાશે વિનાશ છે. ૬૩**

''અર્જુન વળી પાછો ગૂંચવાયો અને એણે કહ્યું: " આ તે કઈ જાતની વાત ? આપ ઘડીકમાં કહો છો કે વિષયો અને ઈંદ્રિયોનો સંગ સદાય બંધનકર નથી. કાચબાની જેમ જ્યારે ભય આવે ત્યારે એના પર સંયમ રાખવો અને વળી હમણાં કહી ગયા તેમાં તો ઈંદ્રિયોના સંયમ ઉપર જ આપે ભાર આપ્યો. જો છેવટની વાત જ વધુ પ્રમાણિક હોય તો ઈંદ્રિયોને વિષયોથી વેગળી રાખી એટલે પત્યું, એમ જ કહો ને."

આ સાંભળી શ્રીકૃષ્ણચંદ્રે કહ્યું : " ભાઈ ! હું તને જે યોગ ઉપર લઈ જવા માગું છું, એ યોગ અનેકાંતવાદથી ભરપૂર હોઈને તારા માટે સાવ નવીન છે. જ્યાં લગી તું તારી પૂર્વકાળની રૂઢિગત માન્યતાઓને છોડીશ નહિ, ત્યાંલગી આ સાવ સીધી અને સરળ વાત પણ તું નહિ સમજી શકે. ઠીક, ચાલ, અત્યાર સુધીમાં જે કહ્યું તેનો સાર તને ટૂંકમાં કહી દઉં. જો સાંભળ સૌથી પહેલી વાત તો એ કે વિષયોનું ધ્યાન છોડવું જોઈએ, ને આત્મધ્યાનમાં પહેલી વાત તો એ કે વિષયોના ચિંતનથી પ્રથમ મનને ન હટાવી લેવાય, તો પરિણામ મહાભયંકર આવે છે. કારણ કે જે સાધક વિષયોનું (રસપૂર્વક) ચિંતન કર્યા કરે છે તેને વિષયો પ્રત્યે આસક્તિ જન્મે છે. એ વિષયાસક્તિમાંથી કામ (વિષયેચ્છા૧) જાગે છે અને એ કામમાંથી (વિષયેચ્છામાંથી જ) ક્રોધની ઉત્પત્તિ થાય છે. ક્રોધથી સંમોહ (અવિવેક) થાય છે. સંમોહથી સ્મૃતિવિભ્રમ (એટલે કે આત્મભાનની યાદીમાં ભ્રાન્તિ) થાય છે. આવા સ્મૃતિવિભ્રમથી સમત્વયોગવાળી અથવા તો નિશ્ચયાત્મક-આત્મલક્ષી બુદ્ધિનો નાશ થાય છે. અને આવો બુદ્ધિનાશ એ આધ્યાત્મિક મૃત્યુ છે.

નોંધ : ઈંદ્રિયો અને વિષયના સંયોગથી જન્મેલા સુખનો સંસ્કાર મૂળથી

---

* સ્મૃતિ ભ્રમિત થઈ જવાથી.

૧ અમુક વિષય મને પ્રાપ્ત થાઓ, એ પ્રકારની ઈચ્છા. જૈન સૂત્રોમાં આવી ઈચ્છાને 'નિદાન' (સંસાર રોગનું મૂળ કારણ) ગણવામાં આવ્યું છે અને જેમ ડીલને ડાભોડિયું ખૂંચે તેમ તે સાથે રહીને આત્માને ખૂંચ્યા કરે છે.

પલટે નહિ, ત્યાં લગી ઈંદ્રિયોને વિષયોથી વેગળી રાખી એટલે પતી ગયું; એમ કોઈ ત્યાગી કે સંન્યાસી માની બેસે તો તે કયાં ભૂલ ખાય છે તે વસ્તુ ગીતાકાર હેતથી હાથ પકડીને બતાવી આપે છે. જૈન સૂત્રોએ વારંવાર પોકારીને આ વાત કરી છે કે : તમારા મનોમયદ્રવ્ય (મનના સંસ્કાર)નાં જેવાં પરિણામ હશે તેવા તમે બનશો.* પણ તે કેવી રીત ? એનો ખુલાસો ગીતાકારે ટૂંકમાં ઉપર આપી દીધો.

"મનોજ્ઞ વિષયો અને ઈંદ્રિયોનો સંયોગ સુખકર છે," અહા ! પૂર્વે ભોગવેલું એ સ્પર્શ સુખ કેવું મીઠું લાગે છે ? "વાહ ! આ પદાર્થ કેવો સ્વાદીલો છે ?" "ફલાણી કેવી મઝા છે!" "અરે કેવું સુંદર રૂપ!" "આ કેવું પ્યારું શ્રવણ," આવી રીતે જે વારંવાર ચિંતવે છે. તેમના અંતરમાં રહેલી વિષયાસક્તિની વેલ પાંગરે તે દેખીતું જ છે. પરિણામે 'સુશીલ'ના શબ્દોમાં કહીએ તો એ વાસના સ્થૂળ-ભૂમિકા પર આવવા માટે ઈંતેજાર બની નિમિત્ત શોધે અને પદાર્થની લાલસા પ્રબળપણે જાગી ઊઠે છે. તેમ જ એ લાલસા પૂરી કરવા માટે પ્રયત્ન પણ થાય અને જે કોઈ એની વચ્ચે આડખીલીરૂપ હોય તેના પ્રત્યે ક્રોધ પણ જન્મે તે સ્વાભાવિક છે. ક્રોધ આવ્યો કે વિવેક ભાગ્યો. સત્યાસત્યનો વિવેક ભાગ્યો એટલે "હું સાધક છું, મારાથી આમ ન થાય" એ વાત શેની યાદ રહે ? અને એને પરિણામે સમતાવાળી અથવા એક નિશ્ચયાત્મક બુદ્ધિ મેળવી હોય, તે પણ પળવારમાં નષ્ટ થઈ જાય. એ નષ્ટ થઈ એટલે ભાવ મૃત્યુ થઈ જ ચૂકયું. પછી બાકી શું રહ્યું ? જૈન સૂત્રો કહે છે કે ઠેઠ અગિયારમે ગુણસ્થાનકે જઈને, એટલે કે સિદ્ધિના છેલ્લા શિખર પર જઈને પણ, સૂક્ષ્મ લોભ સાધકને પાડી દે છે.

શ્રીમદ્ આવી સ્થિતિ માટે કહે છે કે ઓ સાધકો ! જુઓ તો ખરા !

**"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષ્યે લહો"**
**"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો ?"**

તમે ઈચ્છો છો સુખ, પણ પરિણામે જે આત્મસુખ ઈચ્છો છો તે તો (ઊલટું) ટળે છે, કારણ કે જ્યાં આત્મા જ ક્ષણે ક્ષણે મરે, ત્યાં આત્માનું સુખ કેમ ન ટળે ? અહીં પ્રશ્ન થશે કે આત્મા તો અમર છે, એને વળી મરવું શું ? એનો જવાબ એ છે કે અહીં આત્મમરણ એટલે આત્મભાવનું મરણ લેવાનું છે. શ્રીમાન્ શંકરાચાર્ય પણ કહે છે, "જ્યાં લગી અંતઃકરણ-આત્મભાવ-છે, ત્યાં લગી જ આત્મા છે; એ

* પરિણામે બંધ.

નાશ પામે તો પુરુષ જ નાશ પામ્યો ગણાય. કારણ કે મોક્ષના પુરુષાર્થને માટે તે અયોગ્ય ઠરે છે." આવી દશાને જ જૈનસૂત્રોએ અભવ્યદશા કહી છે અને મોક્ષ માટે અધિકારશૂન્ય ઠરાવી છે.

આ પરથી આપણે એટલું તો સમજી ગયા કે, જેમ ઈંદ્રિયોને વિષયો સાથે ગમે તેમ ફરવા દેવી એ મહા જોખમ છે. તેમ મનને પણ વિષયો સાથે ગમે તેમ ફરવા દેવું એ પણ અતિ જોખમ જ છે. પણ ત્યારે, અર્જુનની જેમ આપણનેય પ્રશ્ન થાય છે કે તો પછી કરવું શું ? એનો ચોખ્ખો ખુલાસો આપતાં ગીતાકાર કહે છે :

**रागद्वेषवियुक्तस्तु विषयानिंद्रियश्चरन् ।**
**आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ ६४ ॥**
**प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।**
**प्रसन्नचेतसौ ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥**

**રાગ દ્વેષ વિહૂણી જો, આત્માને વશ ઈંદ્રિયો;**
**તો વિષયો ગ્રહી પામે, સ્વાધીનાત્મા પ્રસન્નતા. ૬૪**
**પ્રસન્ન્તા થકી એનાં સર્વ દુ:ખો ટળી જતાં;**
**પ્રસન્નચિત્તવાળાની, બુદ્ધિ શીઘ્ર થતી સ્થિર. ૬૫**

(અર્જુન, સાધક, ગમે તેટલો પુરુષાર્થી હોય, વળી સાવધાન પણ હોય, તોય કાયમ વિષયોથી ઈંદ્રિયોને છૂટી રાખી શકતો જ નથી. દા.ત. કોઈ ભૂખ્યો રહેશે, આંખ બંધ રાખશે, એક ઠેકાણે આસન જમાવી બેસી રહેશે; પણ તે ક્યાં લગી ? આખરે તો કોઈ ને કોઈ પ્રકારે ઇંદ્રિયોને ઇંદ્રિયોના વિષયો આપવા જ પડશે. તું કદાચ કહીશ કે એમ ને એમ જિંદગી ખતમ કરી દે તો ? પણ ભાઈ ! આવા હઠીલા સાધકનું મન ચંચળ હોઈને એની જિંદગી પ્રસન્નતાથી આત્મભાનપૂર્વક છૂટતી જ નથી, કાં તો એ અતિ તપથી ગાંડો બની જાય છે અને કાં તો ખેદ અને આવેશથી ભરપૂર રહે છે. એટલે જ હવે હું તને, એવી દશા તારી કદી ન થાય તે માટે, 'સ્થિતપ્રજ્ઞ' થવાનો ટૂંકો અને સરળ રસ્તો બતાવું છું. જો કે આ રસ્તે ભકત જલદી જઈ શકે છે, પણ ભકિતમાર્ગ, જ્ઞાનમાર્ગ, કે કર્મમાર્ગ એ પણ આખરે તો સાધનો જ છે. જે ટાણે જેમને જે વધુ સહાયક થાય તે ટાણે તે તેમનું અવલંબન થઈ શકે છે. તારે માટે આ કર્મયોગ સહાયક છે, અને એ કર્મયોગ સાથે જ્ઞાનયોગ અને ભકિત-યોગનો સહયોગ પણ જરૂરી છે. પરંતુ ખરી વાત તો આટલી જ છે કે ઈંદ્રિયોને

આત્મા-અથવા અંતઃકરણ કે મન-તાબે ન હોઈ અનર્થ કરી બેસે છે તેને વશ કરવો. બસ એ બે વશ થયાં એટલે પછી ગમે તેવા કર્કશ કે કોમળ વિષયો આવી પડે તોય હરકત નથી કારણ કે) આત્માને આધીન રહેલી અને રાગદ્વેષથી દૂર રહેલી ઈંદ્રિયો દ્વારા વિષયોમાં ફરવા છતાં મનોજયી સાધક, પ્રસાદને જ મેળવે છે. (એના જીવનમાં ખેદ કે દુઃખ કદી નજરે ચડતું નથી.)

આવી સહજ પ્રસન્નતા જેણે સાધી, એનાં સર્વ દુઃખો ટળી ગયાં જ સમજવાં. વળી આવા પ્રસન્નચિત્તવાળા સાધકની બુદ્ધિ (પૂર્વે ગમે તેવી અસ્થિર હોય, તોય) જલદી અને બધા પ્રકારે સ્થિર થઈ જાય છે.

**નોંધ :** જેણ મન અને ઈંદ્રિયો જીતી લીધી, એને વિષયોનો ભય રાખવાનું કશું કારણ નથી. એટલે સાધક જ્યારે ઈંદ્રિયો તથા મનને વશ કરવાની તાલીમ માટે વિષયોથી વેગળાં પાડે, ત્યારે ઈંદ્રિયો તથા મનને આત્માધીન બનાવવા માટે જ એ ત્યાગ કર્યો છે, એટલું ન ભૂલે. આમ કરવા છતાં સહેજે એવી સ્થિતિ થાય કે ઈંદ્રિયો તથા મનને મનોજ્ઞ કે અમનોજ્ઞ વિષયોમાં રાગદ્વેષ થવાનું કારણ ન રહે. આવી સ્થિતિ પછી એવા સ્વાધીન આત્મા- (મન, ઈંદ્રિયોથી જે સ્વતંત્ર થયો તે સ્વાધીન આત્મા જ ગણાય)ને ગમે તે પ્રકારના વિષયોનો સંગ થાય; છતાં તેની પ્રસન્નતા તૂટે નહિ. સામાન્ય રીતે આ ભૂમિકા જેનામાં ન હોય તે મનોજ્ઞ-વિષયોને સંગે પ્રસન્ન થતો હોય એમ લાગે છે. પણ તે ખરી પ્રસન્નતા જ નથી હોતી. પ્રસન્નતાનો આભાસમાત્ર છે. એટલે જ આંખ મીંચીને ઉઘાડીએ એટલીવારમાં તો એની કહેવાતી પ્રસન્નતા તાલી દઈને ભાગી જાય છે. ખરી પ્રસન્નતા તો આત્માના ઘરની વસ્તુ છે. તે ભાગે જ શી રીતે ? એટલે જ ગીતાકારે કહ્યું કે એ જેને સહજ મળી છે, તેનાં દુઃખ માત્ર આપોઆપ નાશ પામે છે. ખરી વાત છે કે દુઃખનું મૂળ બહાર નથી, આત્માની અપ્રસન્નતામાં જ છે. આત્મા પ્રસન્ન હોય તો ગમે તેવા સારામાઠા પ્રસંગ આવી પડે તોય ચિત્ત નિરંતર પ્રસન્ન જ રહે છે. "આત્મા પ્રસન્ન, જો સઘળું પ્રસન્ન તો; છે વિશ્વવિજ્ઞાન જ માત્ર આટલું." એ સૂત્ર અક્ષરશઃ ખરું છે. જૈન સૂત્રકારો કહે છે કે સમ્યગ્‌દષ્ટિવાળા પ્રસન્ન આત્માઓ, પૂર્વનાં કુટિલકર્મને લીધે નરક ગતિ પામે તો ત્યાં પણ પ્રસન્ન જ રહે છે. જ્યારે અસમ્યગ્‌ દષ્ટિવાળાને સ્વર્ગમાં પણ અપ્રસન્નતા જ હોય છે. કરોડો સિદ્ધિ, ચમત્કારો, ઈંદ્રની સંપત્તિ કે ઐશ્વર્ય વગેરે પ્રસન્નચિત્ત આગળ સાવ તુચ્છ છે. પ્રસન્નચિત્ત થયું પછી બુદ્ધિ પણ સુસ્થિર થાય તેમાં શી નવાઈ ? આથી

ફલિત એ થયું કે વિષયો કે ઈંદ્રિયો પોતે રાગદ્વેષની હેતુભૂત નથી, પણ આત્માનું સદોષપણું જ રાગદ્વેષનું હેતભૂત છે. આ વાત જૈન ઉ. સૂત્રના બત્રીસમા અધ્યયનમાં સચોટ રીતે કહેવાયેલી છે. અને જો એમ જ છે તો રાગદ્વેષ મોળાં પડે એ જાતનું ચિંતન જ ખરું ધ્યાન છે. એ જ વાણી સત્ય, શુદ્ધ વાણી છે. તેમજ એ જ ક્રિયા, શુદ્ધક્રિયા-ધર્મકર્મ-છે. માટે શ્રીમદ્ પોકારે છે તેમ :

**"નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે,**
**એ દિવ્ય શકિતમાન જેથી જંજીરેથી નીકળે."**

**नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।**
**न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ।। ६६ ।।**

**અયુકતને નથી બુદ્ધિ, અયુકતને ન ભાવના;**
**ન અભાવિકને શાન્તિ, સુખ કયાંથી અશાંતને ? ૬૬**

(અર્જુનને ઉપરની વાત બહુ ગમી ગઈ; પરંતુ શ્રીકૃષ્ણ મહાત્માએ જરા મઠારીને ઠાવકે મોઢે કહેવા માંડયું :

પણ હે વીર શ્રેષ્ઠ ! એવી સહજ પ્રસન્નતા માટે પ્રથમ તો યોગયુકત જ બનવું જોઈએ, કારણ કે યોગે જે જોડાયો નથી એવા) અયુક્તની બુદ્ધિ સ્થિર થતી નથી; તેમ (દઢ નિષ્ઠારૂપ) ભાવના પણ જાગતી નથી અને (એવી ભાવના ન જાગે ત્યાં લગી એવા) અભાવુકને શાંતિ થતી નથી અને અશાંતને સુખ તો કયાંથી જ હોઈ શકે ? (સારાંશ કે પ્રસાદ પામવા માટે કે રાગદ્વેષથી વેગળા થવા માટે પણ યોગ, સમત્વ અને કર્મકૌશલ એ બંને પાસાંવાળા યોગમાં જોડાવાની જરૂર છે.)

**નોંધ :** એકાગ્રતા વિના-એટલે આત્મસ્વરૂપ તરફ લઈ જનારા ગુણોમાં રસ વૃત્તિ જમાવ્યા વિના બુદ્ધિ નિશ્ચળ થાય નહિ, ખરી ભાવના એટલે કે અંતરંગ સ્ફુરણો જાગે નહિ. સારાંશ કે એકાગ્રતા વિના બુદ્ધિ અને હૃદયનાં શુદ્ધિ તથા સમન્વય ન થાય. જ્યાં એ દશા ન હોય ત્યાં અશાંતિ સિવાય બીજું શું હોય ? જ્યાં આત્મા જ શાંત નથી, ત્યાં વિષયો પાછળ ઈંદ્રિયોને ભટકતી મેલીએ, તો સુખ કયાંથી મળે ? નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ તો આત્માની પ્રશમદશામાં છે. એવી પ્રશમદશા તો ઉપર કહ્યું તે દશા થાય ત્યારે જ આવે.

**इंद्रियाणां हि चरतां यन्मनोऽनु विधीयते ।**
**तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ।। ६७ ।।**

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८ ॥

**ભમતી ઈંદ્રિયો પૂઠે, જે મનડું ભમ્યા કરે;**
**એ જ એની હરે પ્રજ્ઞા. વાયુ નૌકા યથા જળે. ૬૭**
**માટે જેણે મહાબાહુ ! ઈંદ્રિયો નિગ્રહી ખરે;**
**સર્વથા ઈંદ્રિયાર્થોથી, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત. ૬૮**

(ઈંદ્રિયનિગ્રહ વિના એકાગ્રતા ન જામી શકે એટલે યોગીને માટે જેમ સમત્વબુદ્ધિ જરૂરની છે, તેમ ઈંદ્રિયનિગ્રહ પણ જરૂરનો છે. કારણ કે સ્વચ્છંદી) ઈંદ્રિયોની પાછળ જે મન (અગાઉ ૬૦ મા શ્લોકમાં કહ્યું તે પ્રમાણે) ભમ્યા કરે છે, તે જ એવા સાધકની પ્રજ્ઞા (બુદ્ધિ)ને વાયુ જેમ જળમાં ચાલતી નૌકાને આમતેમ ખેંચી જાય છે, તેવી રીતે ખેંચી જાય છે.

માટે જ (તને કહું છું કે હે) મહાબાહુ ! (હે મોટા હાથવાળા બહાદુર નર !) જેણે સર્વ પ્રકારે ઈંદ્રિયોને વિષયો તરફથી નિગ્રહી લીધી છે (એટલે કે માત્ર પોતાની ઈચ્છાએ તે વિષયોમાં ભટકી શકતી નથી) તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે.

**નોંધ :** વેદાંત પરિભાષા પ્રમાણે જોઈએ તો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચારે એક અંતઃકણના જ કાર્ય પરત્વે યોજાયેલા ચાર પ્રકાર છે. અંતઃકરણનો આત્મા સાથે સીધો સંબંધ હોઈને કેટલેક સ્થળે અંતઃકરણને ઠેકાણે આત્મા શબ્દ પણ વપરાય છે. ગીતાજીમાં પણ આપણે આ જ પ્રકારે આ અધ્યાયમાં જોઈ ગયા છીએ.

અગાઉના શ્લોકમાં મનને વશ ન કરવાથી કયું નુકસાન થાય છે, તે વિગતવાર આપ્યું હતું. પણ કેટલાક સાધકો મનને શૂન્ય બનાવી દેવામાં સાધનાની ઈતિ-સમાપ્તિ માની લે છે, તેમને ગીતાકાર ચેતવીને અહીં કહે છે કે આ યોગમાં મનનું મહત્ત્વ બુદ્ધિના જેટલું નથી એ તો તમે જાણો છો. એટલે મન શૂન્ય કરવા માત્રથી ન વળે એ એક વાત. બીજી વાત એ કે સ્થિતપ્રજ્ઞતા જ ઉચ્ચ દશા છે, એ જો કે સાવ સાચી વાત છે, પણ એવી પ્રજ્ઞા પણ પ્રથમ તો મન અને ઈંદ્રિયોનો નિગ્રહ જ માગે છે, કારણ કે જેમ ભારવાળી નૌકા હોય, છતાં પણ સઢ અને સૂકાની મોળા હોય, તો વાયુ એને પળવારમાં ફાવે તે દિશામાં ખેંચી જાય છે. તેમ ઊગતા સાધકની સાધનાનાકાને, સ્વચ્છંદે ભમતી ઈંદ્રિયોની પૂંઠે મન પણ વિષયોમાં ભમે, તો તે જ મન તેની-તેવા સાધકની- બુદ્ધિને પળવારમાં અસ્થિર

બનાવી દે છે. માટે પ્રથમ તો વીર સાધકે પોતાનું બળ સર્વ પ્રકારે વિષયો તરફ ખેંચાતી ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં વાપરવાનું છે. ભગવાન મહાવીર, બુદ્ધદેવ આદિ મહાપુરુષોના જીવનમાં આવી જ સંકલના દેખાય છે.

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।**
**यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ ६९ ॥**

**જે નિશા સર્વ ભૂતોની, જાગતો સંયમી તહીં;**
**જેમાં જાગે ભૂતો તે તો, પેખતા મુનિની નિશા. ૬૯**

(પણ હે અર્જુન ! ઇંદ્રિયનિગ્રહ ઉપર મેં ઘણો ભાર આપ્યો, તેથી તું વળી પાછો નિષેધાત્મક ઇંદ્રિયદમનને માર્ગે ન વળી જતો. જો કે હું અગાઉ કહી જ ગયો છું કે ઇંદ્રિયોને વિષયોનો માત્ર ત્યાગ કરાવવાથી કાંઈ પૂરો અર્થ સરતો નથી; છતાં અહીં તને બીજા પ્રકારે એ જ વાત સમજાવું. કેટલાક સાધકો "ઇંદ્રિયોને સ્વેચ્છાએ વિષયોમાં જતાં નિગ્રહી રાખવી " એનો 'ઇંદ્રિયોને વિષયોથી અળગી રાખવી' એટલો સંકુચિત અર્થ કાઢીને શુષ્ક જીવન ગુજારવા મંડી પડે છે. એમને મન વૈરાગ્ય એટલે વિષયોથી ભાગતા ફરવું, ઉદાસીનતા એટલે સોગિયું મોઢું કરીને બેસી રહેવું, જ્ઞાન એટલે પુસ્તકને પોપટની માફક કડકડાટ પઢી જવાં કે ગોખી કાઢવાં અને ભકિત એટલે પ્રભુ નામનો ઉચ્ચાર કર્યા કરવો એટલો જ અર્થ છે. બસ, પછી મન, બુદ્ધિ અને આત્માનું શું થાય છે એનો ખ્યાલ તેમને રહેતો નથી. પરિણામ શૂન્ય જ આવે, અરે ઊલટું ખરાબ આવે એમાં શી નવાઈ ? હું તો આથી છેક જુદી જ દૃષ્ટિ તને આપું છું. એ યોગદૃષ્ટિમાં વૈરાગ્યને પૂરો અવકાશ છે, ઉદાસીનતાને ખરેખરું સ્થાન છે. ત્યાગ, તપ, સંયમ અને ચારિત્ર એ બધાં એનાં અભિન્ન અંગ છે. ભકિત એની પવિત્ર સહચારિણી છે. જ્ઞાન એનું મધ્યબિંદુ છે. પણ એ બધાંયમાં આવા યોગીને નરી પ્રસન્નતા અને રસિકતા જ માલૂમ પડે છે, એટલે આવી દૃષ્ટિવાળો મુનિવેશ ધરે કે ન ધરે તોય તે મુનિ જ છે, અને સંસાર વિલાસી જીવડાઓ કરતાં એનો પંથ સાવ ન્યારો હોય છે.) સર્વભૂતો (પ્રાણી)ની જે રાત્રિ છે, ત્યાં એવો સંયમી જાગે છે અને જ્યાં ભૂતો (પ્રાણી) જાગે છે તે એ-પેખતા-મુનિની-રાત્રિ છે. (પણ એનો અર્થ એ નથી કે એવા જાગરૂક મુનિની આંખ બિલાડા કે ઘુવડના જેવી હોવાથી રાતે દેખે છે ને દિવસે આંધળો બને છે. એનો અર્થ એ છે કે જ્યાં લોક પ્રવાહને પ્રકાશ દેખાય છે, ત્યાં જ એને અંધકાર ભાસે છે. દા.ત. સંસાર-વિલાસીઓ વિષયભોગમાં જ સુખ માને છે, ત્યારે એનો

સંયમી, જાગતો અને જ્ઞાનીપુરુષ આત્મસુખમાં જ સાચું સુખ જુએ છે. એટલે કે સંસ્કૃત રસની લિજ્જતને સારુ તે સંયમ વિના રહી શકતો નથી. વિકૃતરસની ઝંખનાને વધારનાર વિલાસ એને જરીયે ગમતો નથી. આમ હોઈને, બંનેના પંથ ન્યારા બની જાય છે. એટલે કે સંસારવિલાસી જીવો જે પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં જાગે છે ત્યાં સંયમી નથી જાગતા, પણ જે પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં સંસાર-વિલાસી જીવો ઊંઘે છે, ત્યાં સંયમી જાગે છે.

**નોંધ :** અહીં સંયમ, જાગૃતિ, મુનિપણું એ ત્રણે ગુણવાળો સાધક લીધો છે. શ્રી આચારાંગ સૂત્રમાં આ જ કથન છે. તે કહે છે કે સૂતાં સૂતાંય મુનિ જાગ્રત છે, કારણ કે નિદ્રામાં પણ તેની રટના તો આત્મામાં છે. એટલે એ સૂએ તોય જાગે છે એમ ગણાય, અને અમુનિજનો તો જાગતા હોય તોય સૂતા છે, અને સૂતા હોય તોય સૂતા છે. મતલબ કે "જેનો આત્મા જાગ્યો, તે સદા જાગ્યો, અને જેનો આત્મા સૂતો તે સદા સૂતા." સમદૃષ્ટિ, રસિક સંયમ, સમતાભરી સ્થિર બુદ્ધિ જ્યાં હોય, ત્યાં પ્રસન્નતા અને પ્રકાશ નિરંતર હોય જ. જ્ઞાનીની દૃષ્ટિ અને અજ્ઞાનીની દૃષ્ટિ નીરાળી જ હોય. જે પદાર્થ દેખી જ્ઞાની મોહ છોડે ત્યાં જ અજ્ઞાની મોહ બાંધે. શ્રીકૃષ્ણ મહાત્માની સમદૃષ્ટિ વિષે જૈન ગ્રંથોમાં એવી વાત છે કે સડેલા કૂતરાને જોઈને પણ એમણે તો એની દાંતની બત્રિસીની તારીફ કરી હતી, જ્યારે બીજા દેખનારાએ તો માત્ર જુગુપ્સા જ સેવી હતી. આ રીતે લોકોની સામાન્ય રીતિ એ છે કે એ પારકાના રાઈ જેવડા દોષને હિમાલય જેવડા દેખે છે. આ દૃષ્ટિભેદને લીધે જ એનો પંથ ન્યારો ગણાય છે. સ્થૂળક્રિયાઓના ભેદે જ્ઞાનીનો પંથ ન્યારો છે એવો સાંકડો અર્થ કોઈ ન લે !

જૈન સૂત્રો વારંવાર કહે છે કે લોકસંજ્ઞાથી વેગળા રહો તે આ કથન આ જ અર્થમાં છે. તે બાબત અગાઉ આપણે ચર્ચી ગયા છીએ. પણ હવે પ્રશ્ન એ થાય છે કે ઇંદ્રિયોને અને મનને વશ કરી-રાગદ્વેષથી છૂટાં રાખી-વિષયો સાથે જોડાય, તો આસક્તિનું ઝેર ન ચડે ને આત્મા ન મરે એ વસ્તુ કલ્પનાક્ષેત્રમાં તો ઘડીભર માની લઈએ પણ એ આદર્શ શું ખરેખર જીવનમાં ઊતરે તેવો છે ? વળી શું ગમે તેવા કર્કશ વિષયો સ્પર્શે તોય શાંતિ ટકી શકે ખરી ? દા.ત. જીવતા અંગ ઉપર આગ લાગીને બાળવા માંડે, ત્યારે શું 'વોય માડી, ન થઈ જાય કે ? ગીતાકાર કહે છે કે 'વોય માડી' એટલું બોલવાથી કંઈ આત્મા અશાંત જ થાય છે, તેમ એકાંતે ન સમજી લેવું. હા, વાણી મોટે ભાગે ભાવને જ વ્યક્ત કરતી હોય છે, પણ મનુષ્ય ઘણીવાર

બુદ્ધિથી ઘણા કૃત્રિમ ભાવો પ્રગટ કરતો હોય છે અને સ્વાભાવિક ભાવો દબાવી દેતો હોય છે. ખરી વાત તો એ છે કે ભલે ઉપરથી અશાંતિ થાય, ઈંદ્રિયો અશાંત થાય, મન પણ અશાંત થાય, પણ જેનો આત્મા અશાંત નથી તેમને વિષયો પીડાકર નથી બની શકતા. એ જ રીતે આત્મા આસકિતથી વેગળો રહે, તો વિષયો એને આસકત કરતા નથી. આ વાતને ગીતાકાર એક આદર્શ દૃષ્ટાંત આપી સિદ્ધ કરે છે.

**आपूर्यमाणमचलप्रतिष्ठं**
**समुद्रमापः यं प्रविशंति यद्वत ।**
**तद्वत्कामा यं प्रविशंति सर्वे**
**स शान्तिमाप्नोति न कामकामी ॥ ७० ॥**

**ભરાતાં છતાં ચોદિશથી સમુદ્ર,**
**નવાં પાણી પેસે વળી, તેમ કામો;**
**ભલે પેસતા ! જે ન માઝા ના મૂકે તે,**
**ખરી શાંતિ પામે, નહીં કામકામી.*** (૭૦)

(પ્યારા ભારત !) જેમ ચારે તરફથી સમુદ્ર હંમેશાં ભરાતો હોય છે, તોય (નવાં) પાણી પેસવાથી કદી પોતાની અચલ પ્રતિષ્ઠા (અખંડ માઝા) મૂકતો નથી, તેમ જે પુરુષ કામો ભલે પેસતા (એટલે કે છોને ઈંદ્રિયો ઉપર એ અસર ઉપજાવે) પરંતુ પોતાની માઝા (આત્મધર્મની મર્યાદા) ચૂકતો નથી, તે (કામોની વચ્ચે રહ્યા છતાં) શાંતિ પામે છે, પણ કામોને વાંચ્છનારો (એટલે કે આત્માને કામ સાથે જોડી રાખનારો પણ ઈંદ્રિયોને વિષયોથી છેટી રાખનારો) શાંતિ પામી શકતો નથી.

**નોંધ :** જેમ લોટ ખાવો ને ભસવું એ બેનો મેળ નથી, તેમ કામની ઈચ્છા રાખ્યા કરવી અને શાંતિ મેળવવી એ બે વાતને કદી બનતું નથી. ઘણા સાધકો સત્ય કે અહિંસાની સાધના કરતા હોય છે, પણ સાથે સાથે ભૌતિક-સુખની લાલસા એ સાધના પાછળ રાખતા હોય છે. પરિણામે તેઓ દૃઢનિષ્ઠા કદી કેળવી

---

* મૂળ વૃત્ત 'મિશ્ર ઉપજાતિ' જેવું છે પણ મેં એને ભુજંગીમાં ગોઠવ્યું છે. આ શ્લોકમાંથી ટીકાકારો બે અર્થો કાઢે છે. પણ મેં જે અર્થ પસંદ કર્યો છે તે નીચેના વિસ્તારથી સમજાશે છતાં સંક્ષેપમાં અહીં કહું છુંઉ

"જેમ સમુદ્ર સંપૂર્ણ હોઈને ઘણું પાણી પેસવા છતાં માઝા મૂકતો નથી તેમ જે જ્ઞાની છે તે ક્ષુદ્ર કામ ભોગોથી પોતાની માઝા મૂકતો નથી, કારણ કે તે ભોગનો કામી નથી, પણ જરૂરિયાતમાં સારું માઠું જે મળે તે ઉદાસીનભાવે વેઠી લે છે. પરંતુ સિંધુને ઠેકાણે નાનું ભાજન હોય તો તે માઝા મૂકી દે છે તેમ અલ્પજ્ઞાની ભોગ ખાતર માઝા મૂકી દે છે.

શકતા નથી. એટલે એની સાધના દીપી નીકળતી નથી. સારાંશ કે કામના કે નામના ખાતર કરેલી ક્રિયામાં આત્મબળ કદી ન આવી શકે. ઘણા મહાત્યઢ ાગીઓ, ઘોર તપસ્વીઓ અને અથાગ પરિશ્રમીઓ નિષ્ફળ જાય છે, એનું મુખ્ય કારણ આ છે. એટલે ગીતાકાર કહે છે તેમ કામના છોડી દો. એટલે કે જૈન પરિભાષા પ્રમાણે પૌદ્‌ગલિક સુખ અને લૌકિક પરિભાષા પ્રમાણે ભૌતિક સુખની તમા ન રાખો. પણ સાથે સાથે એક અદ્‌ભુત નિયમનું પણ એમણે ભાન કરાવ્યું કે તમે જેની તમા છોડશો, તે વસ્તુ તમારી આસપાસ વીંટળાઈ જશે. જેમ ભ. મહાવીરે ન ઈચ્છયું ત્યારે ખુદ દેવો આવીને નાટારંભ કરવા લાગ્યા, પણ અ મણે તો નાટારંભ કરવાની ના પણ ન પાડી. કારણ કે હઠીલા દેહધારીની એ એક સ્વભાવસિદ્ધ વસ્તુ છે કે જેની તમે ના પાડો તે બમણું જોર કરે. ભ. મહાવીરે એ નાટક સામે થયું ત્યારે આંખ પણ ન મીંચી દીધી, પોતે તો સિદ્ધ પુરુષ હતા એમ માનીએ, પણ એમના શિષ્યો તો હજુ સાધક જ હતા; છતાં એમને પણ આંખ મીંચવાની આજ્ઞા ન કરી, પણ કોઈનો આત્મા એમાં ન ભેળાય એટલી કાળજી જરૂર રાખી. પરંતુ આ પરથી કોઈ સાધક, નાટક, સિનેમા જોવાની છૂટ મળે છે, એમ ન માની લે. ઊલટું જે સાધકને એવી છૂટ લેવાનું મન થાય છે તેને તો મહાપુરુષો 'ત્યાગ'નો જ માર્ગ ભારપૂર્વક બતાવે છે અને એ 'ત્યાગ કરીને જ બ સી ન રહેતાં, મનથી પણ એવી કામભોગની ઈચ્છા ન રાખવા માટે પળેપળે સાવધાન રહેવા સૂચવે છે, ગીતાકારે પણ આ જ વાત ઘણી અસરકારક રીતે કહી દીધી છે. અહીં જે કહ્યું છે એનો સાર એ છે કે માયા અવળચંડીલી છે. એને જેમ 'દૂર જા' કહો તેમ એ ચરણ ચુંબતી આવે અને જેમ એને 'આવ આવ' કહો તેમ એ દૂર ભાગે. જેમ જેમ ઝંખો તેમ તેમ તમને તે રોવડાવે. આને વિષે પુરાણોમાં સુંદર રૂપકો દોરવામાં આવ્યાં છે.

'આત્મા'ની રીતિ અવળચંડીલી નથી. એ તો તમે ખરા હૃદયથી ઈચ્છો ત્યારે જ આવે. એટલે આત્મા ખાતર પુરુષાર્થ કરવો જરૂરી છે અને માયાની ઝંખના છોડવી જરૂરી છે. આથી બેય કામ સરશે. લક્ષ્મીપતિ મળ્યા તો પછી લક્ષ્મી બિચારી શા વિસાતમાં ? પણ જો લક્ષ્મી પાછળ ગાંડા થવાય તો તો લક્ષ્મી પણ છેટી ભાગે અને લક્ષ્મીપતિ તો સો કોશ દૂર જાય. માટે જ કહ્યું છે કે -

સાધક વિષયોને જેમ જેમ છોડશે તેમ તેમ વિષયોના નિમિત્તો અને લાલચો એની આસપાસ ઘેરી વળવાના છે, પણ જેમ સમુદ્ર માઝા મૂકતો નથી તેમ તે વેળાએ પોતે પોતાની આત્મમર્યાદા ન મૂકવી જો કે એ વિષયસ્પર્શથી ચેતતો રહે,

એટલે કે વિષયસ્પર્શ ઈચ્છે નહિ. છતાંય કેટલાક વિષયો એવા છે કે, જેમ કાયાથી અબ્રહ્મચર્ય ક્રિયાને નિવારી શકાય છે, તેમ નિવારી શકાતા નથી દા. ત. શબ્દ એ એવી વસ્તુ છે કે એ હરપળે એને આવતાં રોકી પોતાના કાન બંધ નહિ કરી શકે. એટલે સુગમ માર્ગ એ છે કે એ આસપાસના વિષયોમાં પોતાના આત્માને આસક્ત ન થવા દે. શ્રી આચારાંગકારે પણ એ જ કહ્યું છે : 'ઊર્ધ્વ, અધો અને તિર્યગ એ ત્રણે દિશામાંથી પ્રવાહો તો ધસ્યે જ આવે છે, પણ જેટલી જેમાં આત્માની આસક્તિ, તેટલું જ તેમાં તે દેહધારીનું બંધન ' માટે બંધનથી મુક્ત થવાને આસક્તિ અથવા ઉપરના શ્લોકમાં કહ્યા મુજબ કામની કામના છોડવી જોઈએ. કામની કામના છોડી એટલે કામો પ્રવેશે તોય શાન્તિ રહે છે; જયારે કામની કામના રાખી એટલે કામો પ્રવેશે તોય અશાન્તિ રહે છે; અને કામો પ્રવેશે તો તો છેવટે વલખાં, અને અશાન્તિનો પાર જ રહેતો નથી. અહી સમુદ્રની ઉપમાં ગીતાકારે ખૂબ આબાદ આપી. સમુદ્ર માઝા કાં મૂકતો નથી એનાં વૈજ્ઞાનિક કારણો છે. વાયુ, ચંદ્ર આદિ સાથે એનો તાલબદ્ધ મેળ છે. ઉપરાંત નદી માઝા મૂકે છે તેનું કારણ તેમાં ઊંડાણ અને ગંભીરતા હોતાં નથી, જ્યારે સમુદ્રમાં એ હોય છે. આ રીતે જે સાધક કર્મના કાનૂનો-અથવા કુદરતી કાનૂનો સાથે સુમેળ સાધીને પોતાનું નૈસર્ગિક જીવનધોરણ બાંધીને વર્તે છે અને એકેએક પ્રસંગ સાથે તલસ્પર્શી ગંભીરતા રાખીને અને ધૈર્યપૂર્વક વિચારીને ભળે છે, એટલે તે કોઈપણ પ્રસંગમાં આત્મમાઝાથી દૂર જતો નથી. પણ કામકામી તો છીછરી નદીની જેમ વારંવાર માઝા મૂકી દે છે. એટલે હતો નહતો બની જાય છે. એમાં કાયમી અને આકર્ષક કોઈ તત્ત્વ હોતું નથી. ઉપલો સ્થિતપ્રજ્ઞ સાધક પ્રતિકૂળ સંયોગોને પણ પોતાને અનુકૂળ બનાવવાની મહાશક્તિ ધરાવે છે, ત્યારે આવો કામવાંચ્છુ દેહધારી ચાંપવાળાં રમકડાંની જેમ સંયોગાધીન પ્રાણી જ બની જાય છે. માટે જ હવે આ અધ્યાયનો ઉપસંહાર કરતાં ગીતાકાર કહે છે :

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निस्पृहः ।
निर्ममो निराहंकारः स शांतिमधिगच्छति ॥ ७१ ॥

**છોડી જે સર્વ કામોને, ચાલે પુરુષ નિઃસ્પૃહી;**
**અહંતા મમતા વો'ણો, શાંતિ તે જન મેળવે. ૭૧**

(હે પરંતપ !) જે પુરુષ સર્વ કામોને છોડીને નિઃસ્પૃહી (રીતે) વર્તે છે, (તેની અહંતા અને મમતા આપોઆપ ઓછી થાય છે, કારણ કે અહંતા અને મમતાનું

મૂળ આસક્તિ જ છે; એટલે) એ અહંકાર અને મમત્વથી દૂર રહીને શાંતિ મેળવે છે.

**નોંધ :** આનો અર્થ તો સ્પષ્ટ જ છે. શ્રીકૃષ્ણ મહાત્મા જેમ બધી અશાંતિનું મૂળ સ્પૃહા બતાવે છે તે જ રીતે જૈનયોગી આનંદઘનજી કહે છે કે 'આશાનો દાસ એ જ જગતનો દાસ અને આશાનો નાથ એ જગતનો નાથ.' શ્રી શંકરાચાર્યજી પણ વેદાંતનો સાર એ જ કહે છે કે સંસારનો ચેપ અહંતા અને મમતાને લીધે છે, પણ તે બંનેનું મૂળ તો કામની કામના જ છે. પણ તે એટલી તો સૂક્ષ્મ છે કે જ્યાં લગી આત્માની, સત્ય સિદ્ધાંતની પ્રયોગાત્મક રીતે ઝાંખી ન થાય, ત્યાં લગી આત્માના હાડમાં કામના એવી તો ઊંડી પેસી ગઈ છે કે છૂટતી નથી. માટે જ -

**एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।**
**स्थित्वाऽस्यामंतकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ ७२ ॥**

**પાર્થ ! આ જ સ્થિતિ બ્રાહ્મી, એ પામ્યે મોહ ના થતો;**
**ને મળે બ્રહ્મ-નિર્વાણ, એમાં અંત લગી રહી. ૭૨**

ઓ (પૃથાના પુત્ર) પાર્થ ! આનું નામ જ બ્રાહ્મી સ્થિતિ. (ભક્તિની પરિભાષામાં એને ઈશ્વરની ઓળખાણ કહેવાય છે. વેદાંતની પરિભાષામાં એને બ્રહ્મતાદાત્મ્ય કહેવાય છે.) એ પામ્યા પછી મોહ ટળી જાય છે, અને દેહના અંતલગી એ સ્થિતિ ટકી રહીને છેવટે (તેવો આત્મા) બ્રહ્મનિર્વાણ પામે છે.

**નોંધ :** બધા ટીકાકારો અંત લગી એવી સ્થિતિ ટકે, તો જ બ્રહ્મનિર્વાણ મળે છે એવો અર્થ બેસાડે છે. પણ ખરી વાત તો એ છે કે મોહ ટળ્યો કે બ્રહ્મનિર્વાણ મળ્યું જ છે, સંસાર ટળ્યો જ છે. જૈન સૂત્રોમાં આનું ક્રમપૂર્વક ખૂબ સ્પષ્ટ, સુંદર અને વૈજ્ઞાનિક વિવેચન છે. જિજ્ઞાસુ સાધક જૈન સૂત્રો ન મેળવી શકે તો છેવટ શ્રીમદ્‌નું 'અપૂર્વ અવસર' કાવ્ય તો અવશ્ય જોઈ લે.

ગુણસ્થાનોના ક્રમ પ્રમાણે આગળ વધીને આઠમા ગુણસ્થાન પછી બે શ્રેણી થાય છે : (૧) ઉપશમ અને (૨) ક્ષપક. ક્ષપકશ્રેણિએ ચઢેલો આત્મા અવશ્ય ક્ષીણમોહ ગુણસ્થાને જાય છે જ, અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી છેવટે સિદ્ધિ પામે જ છે કે જે સિદ્ધિ પામ્યા પછી સંસારનું ભ્રમણ રહેતું જ નથી. આ સ્થિતિ આવ્યા પછી પાછી જતી જ નથી. દેહનું આયુષ્ય હોય ત્યાં લગી એટલે કે છેલ્લા મૃત્યુ લગી એ ટકે છે ને ભવ ભ્રમણથી આત્મા સાવ છૂટી જાય છે. ભવ ભ્રમણથી છૂટવું એને જ

અર્જુન ધ્યેય બનાવે એમ શ્રીકૃષ્ણ મહાત્મા ઈચ્છતા હતા એટલે અધિકારી અર્જુનને એમણે એ વાત કહી. જીવમાત્રની અભિલાષા તો એ જ છે. પણ એ માર્ગે જવા માટે કયું ભાથું જોઈએ, તે ગીતાકારે આ અધ્યાયમાં સંક્ષેપે તથા સચોટ રીતે બતાવી દીધું.

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु
ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
सांख्ययोगो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

'ૐ તત્ સત્' એ પ્રમાણે શ્રી ભગવાને ગાયેલી, ઉપનિષદો પૈકી બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના સમન્વયવાળા શ્રીકૃષ્ણ અને અર્જુનના આ સંવાદમાં સાંખ્યયોગ નામનો બીજો અધ્યાય પૂરો થયો.

## બીજા અધ્યાયનો ઉપસંહાર

જગત સાપેક્ષ છે. સંસાર પરિવર્તનશીલ છે. પ્રત્યેકપળે દેહધારી નવું નવું ઈચ્છે છે, જૂનું ફગાવે છે. એક ક્ષણે જે ચીજ પથ્ય હોય, તે બીજી ક્ષણે અપથ્ય થાય છે. એકને માટે જે ક્રિયા ધર્મ્ય બને છે, તે જ ક્રિયા બીજાને માટે અધર્મ્ય બને છે. એક કાળે જે કર્મ અનાચરણીય હોય છે, એ જ કર્મ બીજે કાળે આચરણીય બને છે.

પણ એક ચીજ એવી છે કે જે નિરપેક્ષ છે, અપરિવર્તનશીલ છે, ત્રણે કાળે સરખી છે, એટલે ત્યાં મન, બુદ્ધિ, જીવ (બહિરાત્મા) સ્થિર થાય છે. તે હંમેશાં પથ્ય છે. ત્યાં બધું ધર્મ્ય છે. નીતિ-અનીતિ, ઠંડુ-ઊનું, સુખ-દુઃખ, હર્ષ-વિષાદ; એ બધાં દ્વંદ્વો ત્યાં શમે છે.

આ પરિવર્તનશીલ ભાવ અને અપરિવર્તનશીલ ભાવ એ બંને વચ્ચે સાધક મૂંઝાય છે. એને આ બે તત્ત્વો પરસ્પર વિરોધી લાગે છે. કોઈવાર એ પ્રારબ્ધને જ માની પુરુષાર્થશૂન્ય બને છે, તો કોઈવાર પુરુષાર્થની વાસ્તવિક સ્થિતિ ન વિચારતાં કુમાર્ગે જ પ્રવૃત્તિમય બની જાય છે. પણ આ દુર્મેળ લાંબો વખત ચાલતો જ નથી. બેમાંથી એક ચક્રની ગતિ જરાક ઢીલી પડે કે ગાડું ગૂંચાય છે. વળી પાછો તે અટકે છે. પણ મૂળ ભૂલને વિચારતો નથી એટલે બે પલ્લામાંથી એક ઊંચું-નીચું રહ્યા કરે છે. અને એની મનોમય દાંડી કેન્દ્રસ્થ બની શકતી નથી.

ઉપલાં બે તત્ત્વોનો મેળમળે એટલે કે પરિવર્તનશીલભાવને ક્યાં અને કેટલું મહત્ત્વ આપવું અને અપરિવર્તનશીલભાવને ક્યાં અને કેટલું મહત્ત્વ આપવું એટલી ઘડ બેસી જાય એટલે બસ પત્યું.

ગયા અધ્યાયમાં આપણે અર્જુનનો ખેદ જોયો. એના મૂળમાં ઉપલાં બે તત્ત્વોના સમન્વયનો અભાવ હતો. એટલે આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ મહાત્માએ ઉકેલ બતાવી અર્જુનનો શોક નિવારી એને પ્રસાદની પ્રેરણા પાઈ.

તેઓ કહે છે : "અર્જુન ! ખેદમાં કૃપા નથી, પણ કૃપણતા છે, કૃપાળુ કોઈ પ્રસંગોમાં ખિન્ન ન થાય. શોકમાં વીરતા નથી; નામરદાનગી છે. મરદ કદી શોક ન કરે. માણસ હૈયાદૂબળો થાય ત્યારે જ વિષાદ આવે છે. હૈયાદૂબળાપણું એ ક્ષુદ્રનું લક્ષણ છે; સાધકનું નહિ.

કૃપણ બનાવે તે કૃપા નહિ, ઉદાર બનાવે તે કૃપા. કૃપા આત્મામાંથી જ આવે છે, અનાત્મામાંય નહિ. પોતાના ઉપકારી હોય તોય શું ? તેમના દોષો ભલે પોતે જ જુએ-કોઈનાય દોષો ન જોવા એ ઉત્તમ છે - પણ એ દોષોને જોવા છતાં છાંદીને એમના દોષો વધારવાનાં નિમિત્તોને પોષવાં એટલે કે પોતાનું કર્તવ્ય ભૂલવું ત્યાં ઉપકારીની સેવા નથી પણ કુસેવા છે. કુટુંબ પ્રત્યેની જે લાગણી કર્તવ્યભ્રષ્ટ કરે તે લાગણી નહિ પણ મોહ છે. આ કસોટીથી તું ભીષ્મ, દ્રોણાદિ તથા કૌરવો સાથે તારી અત્યારની દૃષ્ટિને કસી જો. તને ખ્યાલ આવશે કે તારી ભૂલ ક્યાં છે ?

"કોઈપણ ક્રિયા ધર્મ્ય છે કે અધર્મ્ય ? આ કર્તવ્ય છે કે અકર્તવ્ય ? એ માપવાનું માપકયંત્ર આત્મા છે; જગત નહિ, આત્મા પહેલો અને જગત પછી. આત્મા જળવાય તો જગત પાછળ દોડ્યું જ આવશે. જગત પાછળ દોડીશ તો આત્મા નહિ આવે, ઊલટો એ તો છેટો જશે."

અર્જુને કહ્યું : આપના ઉપર મને એ વિશ્વાસ છે કે આપ મને ખોટો રસ્તો નહિ દેખાડો, કારણ કે જ્યાં આપનામાં કોઈ ખૂણે પણ અંગત સ્વાર્થને સ્થાન નથી, ત્યાં મને એ ભય નથી. વળી આપનામાં સમદૃષ્ટિ, શાંતિ, સ્થિરતા, પ્રસાદ અને વિશ્વ-પ્રેમ ભર્યા છે. મહાક્રોધના નિમિત્તોમાં પણ આપનું સ્મિત કરમાતું નથી. એટલે મારો આત્મા- આપ એવું ઈચ્છો કે ન ઈચ્છો પણ - આપને ચરણે ઢળી જાય છે. આપના પ્રત્યે 'ગુરુદેવ !' એ સંબોધન વાપરતાં મારાં શોક-દુઃખ જાણે ગળી જતાં લાગે છે, અને રોમેરોમ ઉલ્લાસ વ્યાપે છે, પણ 'હું યુદ્ધ તો નહિ કરી શકું.' યુદ્ધના પરિણામે જે સુખ મળે તે મારો આ શોક કાયમ માટે નહિ હરી શકે માટે આપ મારે

ખરેખર શું કરવું જોઈએ તે બતાવો."

મહાત્મા શ્રીકૃષ્ણ બોલ્યા :

તું બોલે છે ડાહ્યું ને વર્તે છે ગાંડું. એક બાજુ કહે છે કે મને દોરો; બીજી બાજુ 'નહિ લડું' એમ કહે છે. ભાઈ ! પૂર્વગ્રહ રાખીને ગુરુશરણ ન સ્વીકારાય ! શરણાગતની શરેણ્ય આગળ શરત ન હોઈ શકે. 'નહિ લડું' એ બોલવા પાછળ તારી હઠ છે. એ હઠનો કાંટો કાઢવા માટે પણ તારે લડવું તો પડશે. તારાં પૂર્વ કર્મો જ તારી આ સ્થિતિ કરે છે અને આવું બોલાવે છે. એટલે એની અસરથી હઠવા માટે પ્રથમ તાત્ત્વિક વિચારનું શરણ લે. તાત્ત્વિક વિચારો એટલે આત્માનાં પ્રાથમિક તેજસ્વી કિરણો.

"આમા નિત્ય છે, અવધ્ય છે. એ કોઈને હણતો નથી તેમ હણાતો નથી; આંખથી અગોચર છે, મનથી અચિન્ત્ય છે. છતાં એના ગુણોથી એને ઓળખી શકાય છે. તત્ત્વદર્શીઓ પ્રથમ એ એકને ઓળખે છે. એટલે બીજું તત્ત્વ આપોઆપ ઓળખાય છે. જેમ ઘરના દીપક પાસે જતાં એ પોતે દેખાય છે, અને ઘરની ચીજો પણ દેખાય છે. વળી ઘરની ચીજો અંધારામાં હોય તેથી દીવાને અંધારું નડતું નથી; ઊલટો એ તો અંધારામાં પડેલી ચીજને પણ પ્રકાશ આપે છે. તેમ બાળપણ, જુવાની કે ઘડપણ આત્માને નડતાં નથી. આકાશ જેમ અખંડ છે તેમ બધી દશા વચ્ચે આત્મા અખંડ છે. જેમ નવું વસ્ત્ર પહેરવાનું મળે તો જૂનું છોડતાં ખેદ થતો નથી. તેમ જે પુરુષ આવા સનાતન છતાં પ્રગતિની દષ્ટિએ નિત્ય નૂતન આત્માને મળતા નવા સુંદર દેહની પ્રતીતિ પામે છે, તેને પોતાનો કે પોતાના સંબંધીનો દેહ પડે, તેથી કંઈ ખેદ થતો નથી, તેમ તેનો પોતાનો સહજ પ્રસાદ પણ ટળતો નથી. કારણ કે તે જાણે છે કે જે નિત્ય છે તે હણાતો નથી ને હણાય છે તે નિત્ય નથી, પણ તું આ તાત્ત્વિક વિચારોને અવ્યવહારુ માની હસી ન કાઢતો ! જે જેટલું તાત્ત્વિક તે તેટલું વધુ વ્યવહારુ હોવું જોઈએ; એવું જ્યાં ન દેખાય ત્યાં આત્મવાદનો દોષ નથી હોતો, પણ આત્મવાદીની દષ્ટિનો જ દોષ હોય છે. કારણ કે કેટલાક લોકો આત્માની, સિદ્ધાંતની કે આદર્શની પાછળ, કોઈ સિદ્ધિ, ચમત્કાર કે માત્ર લૌકિક હેતુ સાધવા ખાતર દોડયા કરે છે, પણ તેવા લોકો તો ભીંત ભૂલે છે અને જગતનાં વહેમ, લાલચ, ભય અને પામરતા પોષે છે. ધર્મને નામે જે મહાઅનિષ્ટો દેખાય છે, એનું કારણ એ જ છે અને તેથી જગતમાં ભય અને અશાંતિ વ્યાપી રહે છે. ધર્મનો તો એક અંશ પણ મહાભયથી ઉગારી શકે

છે. ધર્મ તો મહા જ્યોતિ છે. જેમ સૂર્ય એક સ્થળે હોવા છતાં જગતને પ્રકાશ આપી શકે છે, તેમ આવો ધર્મ ભલે એક વ્યકિતમાં હોય પણ તે આખા જગતનું કેન્દ્ર બની શકે છે. એક વ્યકિતનો અખતરો ઘર, સમાજ, દેશ અને છેવટે આખા વિશ્વને લાગુ પડે, એમાં જ ધર્મનું વૈજ્ઞાનિક રહસ્ય છે."

"જો હવે તું તારા યુદ્ધના પ્રસંગને જ એ કસોટીરૂપે કસી જો. તું માને છે તેમ આ યુદ્ધ રાજ્યસુખના લોભ ખાતર નથી મંડાયું, અનિવાર્ય હોઈને મંડાયું છે; છતાં એમાં તું જોડાઈને મરીશ, તો તને સ્વર્ગ મળશે અને જીવીને જીતીશ તો રાજ્યસુખ મળશે. તારું કે બીજાનું યુદ્ધમાં મૃત્યુ થાય તેનું પાપ જો તારી આત્મદષ્ટિ બરાબર હશે એટલે કે તને રાજ્યસુખનો મોહ કે મૃત્યુનો ભય નહિ રહે તો તને નહિ લાગે. તારી અત્યારની ભૂમિકા જોતાં મને લાગે છે કે તું યુદ્ધથી છૂટવા ભલે મથે, પણ છૂટી શકીશ નહિ; છતાં તું કાયરતાથી ભાગીશ એમાં નથી તો આત્માનો ઉદ્ધાર કે નથી તો તું ધારે છે તેમ ભીષ્માદિના દેહની કે કૌરવાદિના દેહની રક્ષા. કારણ કે યુદ્ધ તારા ભાગવાથી અટકવાનું તો નથી જ ! વળી ભીરુ થઈ ભાગવાથી તો છે સ્વધર્મખંડન અને કર્તવ્યભ્રષ્ટતા. જો આ બે આવ્યાં તો આત્માપાતનું મહાપાપ પેસવાનું જ છે અને પછી તો તારી વાસનાત્મક બુદ્ધિ પણ જ્યાં ને ત્યાં નિર્બળતા પોષવા ખાતર કર્તવ્યમાંથી નાઠાબારી ગોતવાની ટેવવાળી થઈ જવાની. શું આ ઓછી આધ્યાત્મિક હાનિ છે ! અને આધ્યાત્મિક પક્ષના આ અલાભ શું વ્યવહાર પક્ષે પણ અલાભકર નથી ? છે જ. જે વીર લોકોમાં તું માન્ય છું ત્યાં કીર્તિ ગુમાવી બેસીશ અને ઊલટી તારી અપકીર્તિ થશે, વીરોની વંશપરંપરામાં એ અકીર્તિની ગાથા ગવાશે. કૌરવો જેવા પણ તને ફીટકાર આપી તારી વીરતાના ગુણની પણ નિંદા કરશે. એક તરફ આટલાં બધાં ખરેખર અનિષ્ટો છે, જ્યારે તું માને છે કે યુદ્ધમાં જોડાવાથી કુલઘાતકપણાનું પાપ લાગે. કુલ ભ્રષ્ટ થાય વગેરે વગેરે. પણ તે તારા ગોખેલા શાસ્ત્રોના શબ્દોથી તું ભડકે છે એ ભડક છોડી દે, એ શાસ્ત્રોને જ છોડી દે. લૌકિક શાસ્ત્રોની કક્ષાથી હવે તું પર થવાને લાયક છો. માટે તારા પૂર્વગ્રહો છોડ અને યુદ્ધનો નિશ્ચય કરી ઊઠ' કર્તવ્યાકર્તવ્યનો નિશ્ચય બાહ્ય સંહારથી નહિ પણ એની પાછળ રહેલી ભાવનાથી થવો જોઈએ. એટલા જ માટે કહું છું કે જોજે, હો, સમતાનું- લક્ષ્ય આત્માનો દોર - ન ચૂકતો."

"હવે આવાં કે બીજા પ્રકારનાં કર્મ કરવા છતાં તારી સાધકતામાં બાધા કેમ ન પહોંચે, એ ખાતર અને આત્માના દોરમાં તારું ધ્યાન કેમ રહે એ ખાતર, મારા નૂતન યોગની વાત કહું."

"તત્ત્વવિચાર અને વ્યવહારનો મેળ મળ્યા પછી આ યોગમાં પ્રવેશ કરી શકાય છે. આ યોગ નૂતન એટલા માટે કે તે પ્રચલિત યોગ કરતાં જુદો છે. એટલે પહેલાં તો આત્મયોગ માટેની શરત એ કે અહીં નિશ્ચયાત્મક બુદ્ધિ જોઈએ, એકાગ્રતા જોઈએ. સાંસારિક ઈચ્છાઓથી બુદ્ધિ નિશ્ચયાત્મક નથી રહેતી અને આત્મામાં એકાગ્ર નથી થતી માટે સાંસારિક કામનાઓથી છૂટવું જોઈએ, સાંસારિક કામના છોડીને પુરુષાર્થ કરનારને આજીવિકાના સાધનનું દુઃખ કદી રહેતું નથી. પણ એણે એની પણ પરવાથી છૂટવું જોઈએ. જો કે એ બળ આ કક્ષામાં ગયા પછી અવશ્ય આવે જ છે. માટે તું આ યોગમાં નિષ્ઠ થા."

"આ યોગનાં બે પાસાં છે : (૧) બુદ્ધિની સમતા અને (૨) કર્મની કુશળતા. જેની ફલાસક્તિ નરમ પડે છે તે કર્મમાં કુશળ બનતો જાય છે. તે સ્પષ્ટ સમજી જ શકે છે કે ક્રિયા વિના એક ક્ષણ પણ કોઈ ટકતું નથી, માટે ક્રિયાને છોડવાથી કર્મબંધન નહિ છૂટે, પણ ક્રિયામાં ફલાસકિત નહિ રાખવાથી છૂટશે, આવી દશા સ્થિતપ્રજ્ઞની સહજ રીતે હોય છે."

"આવા યોગમાં પાપ પુણ્યની કશી દરકાર નથી. આવા ધર્મમાં પ્રસાદ સહજ હોય છે. એટલે જેનો આત્મા પ્રસન્ન છે, તેનાં બુદ્ધિ, ચિત્ત, મન, ઈંદ્રિયો પણ પ્રસન્ન રહે જ છે, જો કે શરૂઆતમાં ઈંદ્રિયો, મન, બુદ્ધિ વગેરેને કાબૂમાં લેવાં જ પડે છે, પણ એ કાબૂમાં એકલો બળાત્કાર નથી હોતો ! એ ઈંદ્રિય-નિગ્રહ પણ પ્રસંગોચિત અને રસિક હોય છે. કારણ કે શ્રદ્ધા, ભાવના અને સ્થિર બુદ્ધિ એને બંને રીતે જાગતો રાખે છે (એટલે જૈનપરિભાષા પ્રમાણે દષ્ટિમોહનો સદંતર અભાવ હોય છે અને આત્મરમણતાને રોકનાર ચારિત્રમોહનો ક્રમેક્રમે ઘટાડો થતો જાય છે.) એને પૂર્વગ્રહ હોતો જ નથી એટલે જગતની સાપેક્ષતા જોઈ દરેક વ્યકિતના વર્તનમાં અને દરેક પદાર્થના પ્રસંગમાં તે પ્રસન્ન જ રહે છે. શરીર આગળ આવતા સુખદુઃખના ટાઢાઊના વાયરાથી એ ચંચળ થતો નથી, એના મનમાં કશી કામના આવતી નથી, આવે તો તેમાં એ ભળતો નથી, એટલે બીજાને બાહ્ય દુઃખમાં જે ઉદ્વેગ ને બાહ્ય સુખમાં જે ખુશાલી અને સ્પૃહા થાય છે તે એને થતાં નથી. જગતની સામાન્ય દષ્ટિ કરતાં એની દષ્ટિ નિરાળી હોય છે. સામાન્ય રીતે જગતના લોકો તો બીજા શું કહેશે ને શું માનશે, તે ઉપર મદાર (ધારણ) બાંધીને કામ કરતા હોય છે. એટલે ભય, ભય ને ભય તથા દંભ-પાખંડ સેવવાં પડે છે, પણ આ સંયમીનું વર્તન એથી ઊલટું જ હોય છે. વિષયો પરત્વે

પણ એ રાગદ્વેષ ન થાય એ રીતે સાવધ રહે છે, પણ વિષયોથી બીને ભાગતો નથી તેમ એને કોઈ સ્થળે પ્રતિબંધ પણ હોતો જ નથી. સારાંશ કે કોઈ નીતિ-રીતિનાં ચોકઠાં કે લોકાચારનાં બંધનો એને બાંધી શકતાં નથી, એ ગગન-વિહારી હોય છે, છતાં એના આચારવિચારમાં નર્યા સંયમ, વૈરાગ્ય, તપ ને ત્યાગ ભર્યા હોય છે. પણ એ બધામાં શુષ્કતાને બદલે રસિકતા, અતડાપણાને બદલે વિશ્વપ્રેમ, ડરને બદલે નીડરતા, ઢીલાશને બદલે પરમ દઢતા અને અહંકારને બદલે નિખાલસ નમ્રતા તરવરે છે."

"વિષયોમાં દુર્ધ્યાન આસક્તિ જ જન્માવે છે, આસક્તિથી કામના જાગે છે, કામના સક્રિય બની સુખ દેવાની લાલચ ખડી કરી કુપ્રવૃત્તિ કરાવે છે. એને લીધે વચ્ચે ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી જ્ઞાન ટળે છે. સારાસારનું ભાન ટળે છે. પ્રજ્ઞાની સ્થિરતા ટળે છે. આનું જ નામ આત્મપાત. આવો આત્મપાત ઉપલા યોગીને હોતો નથી, તેથી તે કદી અશાંત થતો નથી. આદર્શ એની સામે નિરંતર હોય છે. એટલે સિદ્ધાંત ખાતર એ હરપળે પ્રત્યેક પ્રકારનું સ્વાર્પણ કરવા તત્પર હોય છે. એ સદા જાગતો રહેવા માટે, પ્રભુનું, ગુરુનું કે અવ્યક્ત સત્યનું શરણું લે છે. જૂની કુટેવોને ધરમૂળથી દૂર કરી નવી સુટેવો પાડવાનો ભગીરથ પુરુષાર્થ કરે છે. એનો પ્રસાદ એ આત્માના ઘરનો હોઈ કદી કોઈ સંયોગોમાં ટળતો નથી. સમુદ્રમાં પાણીનાં પૂર આવે છતાં તે ઉદાસીન રહે છે એટલે માઝા નથી ગુમાવતો, તેમ આવો સ્થિતપ્રજ્ઞ કામો ધસી આવવા છતાં એમની કામના નથી રાખતો, એટલે એને માટે આત્મશાંતિની માઝા ગુમાવવાનો ભય નથી. એ ભય તો કામ ભોગોની કામના જેને હોય એને જ હોઈ શકે, પણ આની તો આવી શાંત દશા હોઈને અસુખ પણ એને સ્પર્શતું નથી. તે નિર્મમતાથી અને નિરંહકારથી ભવ્ય અને દિવ્ય જીવન જીવે છે એમ પ્રસાદપૂર્વક પરંને પેખતાં-આત્માને દેખતાં-છેવટે મોહ અંકુરસહિત ખરી પડે છે. આસક્તિનું બીજ જ બળી જાય છે. અને દેહાયુષ્ય લગી ટકી છેવટે એ બ્રહ્મનિર્વાણ પામે છે.

# ગીતાનો ભક્ત

એટલે ગીતાની ભક્તિ તે વેવલાપણું નહીં, અંધશ્રદ્ધા નહીં. ગીતામાં સૂચવેલા ઉપચારને બાહ્ય ચેષ્ટા કે ક્રિયાની સાથે ઓછામાં ઓછો સંબંધ છે. માળા, તિલક, અર્ઘ્યાદિ સાધનો ભલે ભક્ત વાપરે પણ તે ભક્તિનાં લક્ષણ નથી. જે કોઈનો દ્વેષ નથી કરતો, જે કરુણાનો ભંડાર છે, જે અહંતા-મમતાથી મુક્ત છે, જેને સુખદુ:ખ, ટાઢતડકો સરખાં છે, જે ક્ષમાશીલ છે, જે સદાય સંતોષી છે, જેના નિશ્ચય કદી ફરતા નથી, જેણે મન અને બુદ્ધિ ઈશ્વરને અર્પણ કર્યાં છે, જેનાથી લોકો ત્રાસતા નથી, જે લોકોનો ભય રાખતો નથી, જે હર્ષ શોકભયાદિથી મુક્ત છે, જે પવિત્ર છે, જે કાર્યદક્ષ છે છતાં તટસ્થ છે, જે શુભાશુભનો ત્યાગ કરનારો છે, જે શત્રુમિત્ર પ્રત્યે સમભાવી છે, જેને માનઅપમાન સરખાં છે, જે સ્તુતિથી ફુલાતો નથી, નિંદાથી ગ્લાનિ પામતો નથી, જે મૌનધારી છે, જેને એકાન્ત પ્રિય છે, જે સ્થિરબુદ્ધિ છે, તે ભક્ત છે.

આ ભક્તિ આસક્ત સ્ત્રીપુરુષને વિષે સંભવે નહીં.

એમાંથી આપણે જોઈએ છીએ કે જ્ઞાન પામવું, ભક્ત થવું એ જ આત્મદર્શન. આત્મદર્શન એ તેનાથી ભિન્ન વસ્તુ નથી. જેમ એક રૂપિયો દઈને ઝેર લાવી શકાય ને અમૃત પણ લાવી શકાય, તેમ જ્ઞાનને કે ભક્તિને બદલે બંધન પણ લાવી શકાય, અને મોક્ષ પણ લાવી શકાય એમ નથી. અહીં તો સાધન અને સાધ્ય સાવ એક જ નહીં તો લગભગ એક જ વસ્તુ છે. સાધનની પરાકાષ્ઠા તે જ મોક્ષ. અને ગીતાનો મોક્ષ એટલે પરમ શાન્તિ.

**'અનાસક્તિયોગ'માંથી**

**- ગાંધીજી**

# ગીતા દર્શન

## અધ્યાય ત્રીજો

### ત્રીજા અધ્યાયનો ઉપોદ્‌ઘાત

આ અધ્યાયનું નામ કર્મયોગ છે. કર્મયોગ એટલે કર્મોમાં જોડાવું તે. જૈન પરિભાષાથી પરિચિત પાઠકો આ વાંચતાં જ બોલી ઊઠશે,"અમારે તો કર્મમુક્તિ જોઈએ છે, કર્મ સાથે જોડાણ નથી જોઈતું." પણ તેવા ઉતાવળા પાઠકોને આ અધ્યાય 'લાલબત્તી' બતાવીને ધીરા પાડે છે અને "કર્મયોગ એટલે શું ?" તે કહી દે છે.

જૈન સૂત્રો માંહેલા ક્રિયા શબ્દનો અને ગીતા માંહેલા કર્મ શબ્દનો સુમેળ છે. જૈન સૂત્રો પડકારે છે કે જ્યાં લગી કર્મવર્ગણા અને મન છે, ત્યાં લગી ક્રિયા તો છે જ. એનાથી કોઈ છૂટી શકે નહિ. છૂટવું એ જેમ શકય નથી, તેમ શ્રેયસ્કર પણ નથી. એટલું ખરું કે એ પૈકીની શુભાશુભ ક્રિયાને છોડીને માત્ર શુદ્ધ ક્રિયાને પકડવી જોઈએ. શુદ્ધ ક્રિયાને ચારિત્ર શબ્દથી પણ ઓળખાવી શકાય. પણ આવી શુદ્ધ ક્રિયા જ્ઞાન વિના હોઈ શકે નહિ. માટે પ્રથમ જ્ઞાન અને પછી આવી શુદ્ધ ક્રિયા. જ્ઞાનવિહૂણી ક્રિયા આંધળી છે. એથી જેમ જ્ઞાન એ જીવનું લક્ષણ છે, તેમ શુદ્ધ ક્રિયા એ પણ જીવનું લક્ષણ છે. પોતાના લક્ષણથી પોતે જુદો કેમ રહી શકે ?

એટલે શુદ્ધ ક્રિયામાં જોડાવું એ તો પોતાના સ્વરૂપમાં જોડાવા બરાબર છે. (કારણ કે શુદ્ધ ક્રિયાનો આધાર બાહ્ય ક્રિયા તથા કર્મકાંડો ઉપર નહિ પરંતુ ભાવશુદ્ધિ ઉપર જ આધાર છે.) શુદ્ધ ક્રિયામાં જેટલી અપ્રમત્તતા(સાવધાની), તેટલો જ આત્માનંદ અધિક. ગીતાકાર પણ આવું જ નિરૂપણ કરે છે.

પરંતુ આપણે ગીતાની પરિભાષાને અને જૈન પરિભાષાને અહીં સમજી લેવી જરૂરી છે.

ગીતાનો સમતાયોગ એટલે જૈનસૂત્રોનું સમકિત. ગીતાનો સ્થિતપ્રજ્ઞ તે જૈનસૂત્રો માંહેલો અપ્રમત્તસાધક. ગીતાનો કર્મકૌશલ્યયોગ એટલે જૈનસૂત્રોનો ચારિત્રયોગ.

ગયા અધ્યાયમાં બુદ્ધિયોગ-સમકિત-આત્મજ્ઞાનની વાત ઉપર ખૂબ ભાર

આપવામાં આવ્યો. જો કે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં કર્મયોગની બાજુ તાત્ત્વિક રૂપે તો ખૂબ છણાઈ ગઈ; પરંતુ અર્જુનને બુદ્ધિયોગ ખૂબ ગમી ગયો હતો. "બુદ્ધિયોગથી યુકત થયેલા બુદ્ધિમાનો સુકૃત-દુષ્કૃત છાંડી જન્મમરણથી મુકત થાય છે." એટલું વાકય સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સરળ વિસ્તારપૂર્વક સાંભળવા છતાં હજુ જાણે હમણાં જ સાંભર્યું હોય તેમ એને હૈયે અને હોઠે જડાઈ ગયું હતું. 'બુદ્ધિયોગ રહિત કર્મ નહીં સારું' એ વાકયમાંથી પણ 'બુદ્ધિયોગ કર્મ કરતાં વધુ સારો" એવો અર્થ જ એની ગૂંચાયેલી પ્રજ્ઞાએ તારવીને ધારી રાખ્યો હતો. દરેક સાધકના સંબંધમાં આવું જ બને છે. એ પોતાને બંધ બેસતી વાતને એટલી તો જલદીથી ગ્રહણ કરી લે છે કે જાણે બીજી બધી વાતો નકામી જ ન હોય ! વળી કેટલીકવાર તો પોતાની બુદ્ધિ અગર વૃત્તિ સાધકને એવી રીતે ઠગે છે કે શાસ્ત્ર અથવા મહાપુરુષના આખા સળંગ વાકયમાંથી એ માત્ર પોતાને ગમતો જ મુદ્દો ઉઠાવી લે છે. અને પોતાના પૂર્વગ્રહોને પોષીને સરાસર ઊંધો જ માર્ગ લે છે. અર્જુનના સંબંધમાં પણ આમ જ બન્યું. જો કે અર્જુનમાં કુટિલતા નથી, ઊલટું અર્પણતા;ઉદારતા આદિ ગુણો ઝળકે છે. એની નવીનતાની ભૂખ પણ આપણે ગત અધ્યાયમાં જોઈ ગયા છીએ એ ન ભૂલવું જોઈએ અને તેથી જ એ ખરી વાતને આખરે પૂરેપૂરી રીતે સમજી શકશે એ આપણે આગળ જોઈશું.

પણ અત્યારે તો એને જે ચંચળ બુદ્ધિએ વિષાદ જન્માવ્યો હતો, તે ફરીને નવો સ્વાંગ સજીને ઊભો જ છે. એટલે શ્રીકૃષ્ણ મહાત્માના કથનનું ખરું તાત્પર્ય એ સમજી શકતો નથી. આ અધ્યાયના આરંભમાં એ જાતનો એ પ્રશ્ન ઉઠાવે છે કે "જો કર્મ કરતાં બુદ્ધિ સારી છે" એમ તમે જ કહો છો તો પછી 'માટે યુદ્ધમાં જોડા' એમ વળી કહીને મને યુદ્ધ જેવા ઘોર કર્મમાં જોડાવાનું કેમ કહો છો ? આ તમારી ગોળગોળ-મિશ્ર-અનિશ્ચિત(દૂધમાં પગ ને દહીંમાં પગ જેવી) વાણી સાંભળીને મારી બુદ્ધિ મૂંઝાઈ જાય છે. શા માટે જાણી જોઈને એમ કરો છો ? જ્યાં હું એક વાતને બરાબર સમજવા લાગું કે તરત જાણે એથી ઊલટી જ બીજી વાત કરવા માંડો છો."

અર્જુનના જેવો જ ઉકળાટ સાધકમાત્રને થાય છે. જ્ઞાનીઓની વાણીમાં હંમેશાં અનેકાંતપણું હોય છે. મનુષ્યની સાંકડી બુદ્ધિ એ તરત સમજી શકતી નથી,એટલે મૂંઝાય છે. જ્ઞાનીની વાણીને સમજવા માટે પણ પાત્રતા જોઈએ, શ્રદ્ધા જોઈએ.

અર્જુનમાં એ હતાં, એટલે જ શ્રીકૃષ્ણ મહાત્માએ એ વાત સમજાવીને "બુદ્ધિયોગનું શરણ પ્રથમ લેવાનું કહું છું, એથી તું એમ સમજ કે કર્મને સમૂળગું તજવાનું કહું છું. બુદ્ધિયોગથી યુક્ત પુરુષો કર્મજન્ય ફળને તજી શકે છે. કર્મ કરવા છતાં નિર્લેપ રહી શકે છે, માટે કર્મને શુદ્ધ દષ્ટિએ આચરવા ખાતર મેં બુદ્ધિયોગની તારીફ કરી છે. અને બુદ્ધિયોગ વિનાનું કર્મ અસાર છે એમ કહ્યું છે. પણ એથી તું 'કર્મને છોડી દેવાનું' સમજી લે તો તો મહા અનર્થ થાય."

'જ્ઞાન વિના મોક્ષ નથી' એનો અર્થ જ્ઞાન એકલાથી જ મોક્ષ છે, એમ કોઈ એકાંતે પકડી બેસે તો તે 'જ્ઞાનયોગ અને કર્મયોગ' બન્નેથી વંચિત રહી જાય. એકલા કર્મયોગમાં જેમ જડતાનો ભય છે, તેમ એકલા જ્ઞાનયોગમાં પણ શુષ્કતાનો ભારે ભય છે. મારો મુખ્ય મુદ્દો તો 'અનાસક્ત કર્મયોગ'નો છે. અને તે ઈમારતના પાયા પૂરતો બુદ્ધિયોગ જરૂરી છે. પાયો ચણાતો હોય ત્યારે તો પાયાનાં જ ગીત ગવાય ને ! એટલે મેં જ્ઞાનયોગની વાત કરી, એથી તારો વિષાદ તો હળવો પડયો, પણ હજુ તેને પ્રસાદ મળ્યો નથી. એ પ્રસાદ તો 'કર્મયોગથી' જ મળશે. કર્મયોગને પચાવે તેવી સારી ભૂમિકા તો છે, પણ તારી બુદ્ધિને સમતામાં કાયમ માટે સ્થિર બનાવવી પડશે."

આમ કહીને 'કર્મયોગ' એટલે શું ? શા માટે ? પુણ્ય અને પાપની વ્યાખ્યા શી ? કર્મને અને ધર્મને સંબંધ શો ? કર્મ અને યજ્ઞને શું લાગેવળગે ? એ બધી વિચારણા આ અધ્યાયમાં આપણે જોઈ શકીશું.

## तृतीयोऽध्यायः

*अर्जुन उवाच ।*

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥१॥
व्यामिश्रेणेव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥२॥

## અધ્યાય ૩ જો

અર્જુન બોલ્યા :

**તમે જો કર્મથી સારી, માનો છો બુદ્ધિ કેશવ !;**
**શા માટે ઘોર કર્મે તો, મને જોડો ? જનાર્દન ! ૧**

**દ્વિઅર્થી વાક્ય બોલીને, મારી કાં મતિ મૂંઝવો ?;**
**એક વાત વદો નક્કી, પામું કલ્યાણ જે થકી. ૨**

હે (બ્રહ્મા; વિષ્ણુ અને મહેશ એ ત્રણે સંજ્ઞા જેને લાગુ પડે છે તેવા) કેશવ ! આ (કર્મકૌશલ્ય પહેલાં સમત્વબુદ્ધિની અનિવાર્ય જરૂર છે, અને બુદ્ધિ પહેલી અને પછી કર્મ કહી ગયા. તો જેનો પહેલો નંબર હોય, તે જ કિંમતી ગણાય, એ રીતે) જો બુદ્ધિને કર્મ કરતાં વધુ સારી માનો છો (એટલે કે કર્મ કરતાં, બુદ્ધિ વધુ સારી છે, એવો જો આપનો મત હોય) તો હે જનાર્દન ! (પાપીના પાપનું મર્દન કરનાર,ન્યાયી,દયાળુ અથવા જનને કલ્યાણ અર્પનાર હે નાથ !) આવા ઘોર (યુદ્ધ જેવા ભયંકર) કર્મમાં મને શા માટે યોજો છો ?

(ઘડીકમાં તમે કહો છો કે જ્ઞાનીએ સ્વર્ગ-નરક આપનાર સુકૃત-દુષ્કૃત છોડવાં જોઈએ. વિજ્ઞાની દ્વિજને વૈદિક ક્રિયાઓની તમા હોતી નથી અને વળી મને કહો છો કે "તું યુદ્ધમાં યોજાઈ જા; જો મરીશ તો સ્વર્ગ પામીશ.") તો આવાં દ્વિઅર્થી (જેમાંથી પરસ્પર બે-પરસ્પર સાવ વિરુદ્ધ, વાતો નીકળી તેવાં) વાકયદ્વારા મને જાણે મૂંઝવવા કાં ન માગતા હો ! (એમ મને તો લાગે છે. ઓ દયાસિંધુ) નક્કી કરીને મને એક જ વાત કહોને કે જે દ્વારા હું કલ્યાણ પામી શકું.

**નોંધ :** જે પહેલું તે ઊંચું. આમ માનીને દરેક ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મને સૌથી પ્રાચીન-સનાતન ઠરાવવા મથી રહ્યા હોય છે. અર્જુનના મનને પણ બુદ્ધિ પહેલાં મૂકી અને પછી કર્મ મૂકયું એટલે બુદ્ધિ કર્મ કરતાં સારી છે, એ ભ્રમ થયો.

ખરી રીતે જૂના-નવા પરથી ખરા-ખોટાનું કે સારા-નરસાનું પારખું થતું નથી. જે ધર્મ-પછી એ જૂનો હોય કે નવો હોય એ-માં જેટલી વિશાળતા તેટલો તે ઊંચો. એ વાત ગીતાકાર આગળ ઉપર કહેશે.

અહીં અર્જુને સાથે સાથે એ પણ પ્રશ્ન મૂક્યો કે "માનો કે કદાચ બુદ્ધિ સામે ક ર્મની પણ જરૂર હોય, તોય આ કર્મ તો મહાભયંકર કર્મ છે એનું પરિણામ મને તો લાગે છે કે નરક જ હોય, છતાં આપ કહો છો કે "તું હણાઈશ તો સ્વર્ગ પામીશ." તે શ્રદ્ધાપૂર્વક માની લઉં. તોય તે સ્વર્ગગતિ માંહેના ભોગોમાંય માલ શો છે ? એ તો આપ જ કહી ગયા છો એટલે એ રીતે પણ હે દયાળુ ! મને કાં આ લડતમાં જોડો છો ?"

ખરી રીત ભયંકરતા કે અભયંકરતા માત્ર કર્મ પરથી નથી મપાતી, પણ કર્મ કરવા ન કરવા પાછળની વૃત્તિથી મપાય છે.આ વાત પણ ગીતાકાર અહીં કહેશે.

પણ સવાલ એ થાય છે કે "અર્જુનને આવી સીધી સાદી વાતમાં કેમ શંકા થઈ ? મહાત્મા કૃષ્ણે તો સાફ સાફ શબ્દોમાં બધું કહી દીધું છે."

આવા સવાલકારે એ ન ભૂલવું જોઈએ કે અર્જુનને સ્થળે પોતે હોય, તો એની સ્થિતિ અર્જુન કરતાં ભાગ્યે જ જુદી હોય. મૂળે તો અર્જુન અત્યારે ગૂંચવાઈ ગયો હતો. "યુદ્ધ એ ઘોર કર્મ છે" એવો અભિપ્રાય કંઈ વિવેક પરથી, એણે નહોતો બાંધ્યો, મોહને લીધે એવો અભિપ્રાય બાંધી લીધો હતો અને એ પૂર્વગ્રહ, એટલો તો ઊંડો હતો કે એ શલ્યને કાઢવા માટે બીજા ઘણા પ્રયત્નની જરૂર હતી.

પોતે જે વાતને ન સમજે, તેને સામાન્ય માણસ ગોળગોળ અથવા ગપગોળ માનીને હસી કાઢે છે. પણ અર્જુન એવી સામાન્ય ભૂમિકાને વટાવી ઉચ્ચ ભૂમિકાએ ગયો હતો, એટલે એ હસ્યો નહિ. તેમજ શ્રીકૃષ્ણ મહાત્માનાં (પોતાને ગળે ન ઊતરવા છતાં, એ) વાકય તરફ બેદરકાર પણ ન થયો. પણ એને એ વાકયો બે અર્થવાળાં લાગ્યાં. જ્ઞાની પુરુષોનાં વાકયોમાં એ જ ખૂબી છે. એ વાણીમાં એકાંત દૃષ્ટિ કે એકાંગી વલણ નથી હોતું. કારણ કે એ તો પ્રત્યેક પદાર્થને પોતપોતાની કક્ષામાં પ્રમાણભૂત, તરીકે જ દેખે છે. એટલે જે પ્રસંગ, જે પાત્ર, જે ક્ષેત્ર ને જે કાળ, તે પ્રમાણે જ તે તેની કિંમત આંકે છે.

"ઈંદ્રિયોને વિષયથી ભૂખી રાખીએ, તો વિષયો ટળે છે, પણ તે વિષયાસકિત વર્જીને; વિષયાસકિત તો પરં પેખ્યા પછી જ છૂટે છે"આ એકજ વાકયમાંથી હઠાગ્રહી બન્ને પક્ષ, પોતપોતાના મતની પુષ્ટિનો ખોરાક કાઢી શકે. (૧) દા.ત. સંન્યાસમાં જ માનનારો વર્ગ એ અર્થ કાઢે કે "ઈંદ્રિયોને વિષયથી અળગી રાખવાથી પ્રથમ વિષયો ટળે છે અને પછી-ધીમે ધીમે આગળ વધતાં-પરંના દર્શન થવાથી છેવટે વિષયાસકિત પણ ટળે છે. માટે ઈંદ્રિયોને વિષયોથી નિરાળી રાખવી જોઈએ." (૨) દા.ત. સંન્યાસમાં નહિ જ માનનારો વર્ગ એ અર્થ કાઢે કે "ઈન્દ્રિયોને વિષયોથી વેગળી રાખવાથી કશું વળવાનું નથી,પરં પેખી લઈએ એટલે વિષયાસકિત આપોઆપ વિરમી જાય. પછી વિષયો ભોગવીએ તોય શી હાનિ છે ?"

ખરો જ્ઞાની પુરુષ આ બેય ઐકાંતિક માન્યતાથી નિર્લેપ રહેશે. એ ઉપરના વાકયનો બધી બાજુથી વિચાર કરશે, એટલે જ્યારે એને ત્યાગની જરૂર લાગશે

ત્યારે ત્યાગ પણ કરશે અને છતાં એટલેથી જ પૂર્ણતા ન માની લેતાં આત્મજ્ઞાનના ધ્યેય તરફ પોતાનો ત્યાગ લઈ જાય છે, કે કેમ એ તપાસશે અને એવો પુરુષાર્થ કરશે. આમ હોઈને જ્યારે એને એમ લાગશે કે "હવે અમુક વસ્તુને ગ્રહણ કરવામાં મારા ધ્યેયને બાધ નથી અને એ નહિ લઉં તો કાયા, જે દ્વારા મારે કામ લેવાનું છે તે કામ નહિ આપે !" એટલે એ વસ્તુ ગ્રહણ પણ કરી શકે છે. સારાંશ કે કયારે, કયા ક્ષેત્રમાં , કઈ વસ્તુ ગ્રાહ્ય છે કે વર્જ્ય છે એનો વિવેક જાણી તે પ્રમાણે એ આચર્યે જાય છે. 'આમ કે તેમ' વૃત્તિથી ઠગાતો નથી.

આવા વિવેકી પુરુષને જ્ઞાનીનાં વચનમાં કયાંય વિરોધાભાસ દેખાશે જ નહિ. કારણ કે એ ભાષાના માત્ર કલેવર સામે જ નહિ જુએ, પરંતુ ભાષા પાછળના આશય અથવા ભાવરૂપી આત્મા સામે જોશે. વાચક ! આપણે પણ એ જાણી લેવું જોઈએ કે પવિત્ર શાસ્ત્રોને, પવિત્ર પુરુષોને કે પવિત્ર ધર્મને નામે જે ઝઘડા થાય છે તેનું કારણ ઝઘડા કરનાર અને એમાં રસ લેનારનો અવિવેક જ છે. જ્યાં સૂત્રનો આત્મા ન સમજાય ત્યાં કોઈ જ્ઞાની કને જિજ્ઞાસાપૂર્વક જઈને ખુલાસો ઈચ્છવો એ બરાબર છે, પણ 'સમજું છું એમ માની અભિમાન કરવું,હઠાગ્રહ કરવો કે પોતાની વાસના પોષવા ખાતર એમનો હવાલો આપી દુરુપયોગ કરવો તે બરાબર નથી. આવા જ્ઞાનવિરોધકોને (વિરોધક) જૈન શાસ્ત્રોએ બહુ કઠોર સજા ફરમાવી.

પરંતુ અર્જુન તો ઉપરની કક્ષાનો જિજ્ઞાસુ હતો એટલે જ શ્રીકૃષ્ણ મહાત્માએ હેતથી સમજાવતાં કહ્યું :

*શ્રીભગવાનુવાચ*

**लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।**
**ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ॥३॥**

**આ લોકે મેં કહી પૂર્વે, બે નિષ્ઠા પાપવર્જિત ! ;**
**જ્ઞાનયોગથી સાંખ્યોની, યોગીની કર્મયોગથી. ૩**

ઓ નિષ્પાપી અર્જુન ! હું તને પહેલાં જ કહી ગયો કે આ લોકમાં બે નિષ્ઠ-સ્થિત દશા-અવસ્થા કહેલી છે. (૧) સાંખ્ય ભૂમિકાવાળાની (૨) યોગ-ભૂમિકાવાળાની (એટલે) સાંખ્યો (સાંખ્યભૂમિકાવાળાઓ) જ્ઞાનયોગ દ્વારા નિષ્ઠા ધરાવે છે અને યોગીઓ કર્મયોગ દ્વારા નિષ્ઠા ધરાવે છે.

**નોંધ :** જુદા જુદા ટીકાકારો આ બન્નેને સ્વતંત્ર માર્ગો કલ્પે છે, પણ ગીતાકાર કહે છે કે એ બે ભૂમિકાઓ છે. જે એને સ્વતંત્ર માર્ગો કલ્પીને એ બેમાંના એકને જ જળોની પેઠે વળગી રહે છે. તે ભૂલે છે. જૈન ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પણ એ જ દુઃખ રડે છે કે -

"કોઈ ક્રિયા કો કહત મૂઢમતિ ઔર જ્ઞાન કોઈ પ્યારો રે,
મિલત ભાવ રસ દોઉમેં પ્રગટત તૂ (આત્મા) દોનોંસે ન્યારો રે,
ચેતન અબ મોહે દર્શન દીજે."

ગીતાકાર પણ અર્જુનને એ જ સમજાવે છે કે આ લોકમાં સાધકોની સંખ્યા (જૈન દૃષ્ટિએ સમકિત) અને યોગી(જૈન દૃષ્ટિએ સંયતિ) એવી બે કોટી છે, એટલે એ રીતે પૂર્વકાળથી બે પ્રકારની નિષ્ઠા ચાલી આવે છે. એમ મેં પણ તને ગત અધ્યાયમાં કહ્યું છે. પણ તું એ બન્નેને તદ્દન જુદી જુદી ન માનતો. એ બન્ને એક-બીજા સાથે સંકલિત છે. તું તો એમાંની જ્ઞાનયોગની નિષ્ઠાને ધિક્કારે છે. એટલે ત્યાં તારી મોટી ભૂલ થાય છે. કારણ કે -

**न कर्मणामनारंमान्नैष्कर्म्य पुरुषोऽश्नुते ।**
**न च संन्यसनादेव सिद्धिं समधिमच्छति ॥४॥**
**કર્મોની અપ્રવૃત્તિથી, નિષ્કર્મી ન થતો નર;**
**ન સંન્યાસ થકી માત્ર, સિદ્ધિને મેળવે વળી. ૪**

(મોક્ષાભિલાષી સાધકોની અગાઉ જેમ બે નિષ્ઠા કહી તેમ ધ્યેય કલ્પના પણ બે પ્રકારની હોય છે. (૧) નિષ્ક્રિય દશા અર્થાત્ મન, વાણી ને કાયાથી રહિતપણાની દશા પામવી અને (૨)એવી સિદ્ધિ મેળવવી કે જેથી આત્મા ગમે ત્યાં રહે, પણ દુઃખી ન રહે. નિષ્ક્રિય દશાની ધ્યેય-કલ્પના સાંખ્યકોટીના સાધકોની હોય છે અને સિદ્ધિ દશાની ધ્યેય-કલ્પના યોગીની હોય છે. આ બન્નેને ગીતાકાર ચેતવે છે કે આ પૈકીની બેમાંથી એકે કર્મોના અનારંભથી કિંવા સંન્યાસમાત્રથી જ ફળતી નથી.એટલે જ કહે છે કે) કર્મોનો આરંભ ન કરવાથી કોઈ પુરુષ નિષ્કર્મી થતો નથી. તેમ માત્ર સંન્યાસ લેવાથી સિદ્ધિ પણ કોઈ મેળવી શકતો નથી.

**નોંધ :** કેટલાક સાધકો જ્ઞાનની વાતો કરીને ક્રિયાને આચરતા નથી, ત્યાગ કરતા જ નથી એટલે કે વર્તનમાં ગમેતેમ વર્તીએ તોય શું થયું ? એમ માની જ્ઞાનની

વાતોથી જ મોક્ષપ્રાપ્તિમાં માને છે. જ્યારે કેટલાક સંન્યાસ માત્રથી, ત્યાગ માત્રથી જ મોક્ષ મળી જશે, એમ આગ્રહ પકડી બેસે છે, ગીતાકાર બન્નેને નૂતન કર્મયોગની પ્રેરણા પાય છે.

ગીતા રચાઈ તે કાળે સાંખ્યમત અને યોગમત બન્નેની પ્રતિષ્ઠા ઠીક પ્રમાણમાં હશે જ. નૈષ્કર્મ્ય-ચિત્તવૃત્તિ નિરોધ-એ યોગ મતનું ધ્યેય હશે અને સિદ્ધિ એ સાંખ્યોનું ધ્યેય હશે અથવા સિદ્ધિ એ યોગમતનું ધ્યયે લઈએ અને નૈષ્કર્મ્યપણું સાંખ્યમતનું ધ્યેય લઈએ તોય ઘટે છે. ગીતાકાર એ બન્નેનાં ધ્યેય વિષે વાંધો લેતા નથી, પણ એ ધ્યેયો માટે જે સાધન (તે તે પક્ષ) લઈને, પોતાના ધ્યેયે પહોંચવા પ્રયત્ન કરે છે, ત્યાં ચેતવે છે કે માત્ર સાધન પકડવાથી જ વળે નહિ ! સાધ્ય પ્રત્યેની વફાદારી જોઈએ.

આ રીતે ગીતાનો કર્મયોગ જેમ સાંખ્યયોગ કરતાં જુદો પડે છે, તેમ પાતંજલ યોગથી પણ જુદો પડે છે. ગીતાનો કર્મયોગ એટલે જૈનસૂત્રોનું ચારિત્ર. જેમ ગીતાકાર કહે છે તેમ જૈનસૂત્રો પણ કહે છે કે ચારિત્ર વિના મોક્ષ નથી. એ ચારિત્ર માત્ર જ્ઞાનની વાતોથી કે કેવળ ત્યાગથી આવતું નથી, પણ અનાસકિતની દૃષ્ટિથી આવે છે.

નીતિકારોના શબ્દોમાં કહીએ તો "વિઘ્નભયથી કે પાપના ડરથી ક્રિયાનો પ્રારંભ જ ન કરનારા તદન નીચલા દરજ્જાના છે. કર્તવ્યને શરૂ કરી વચ્ચે જ પીછેહઠ કરનારા મધ્યમ દરજ્જાના છે, પણ જેઓ વિઘ્નો કે લાલચોની સામે ટક્કર ઝીલી તટસ્થ-સમભાવી રહી કર્તવ્યને સાંગોપાંગ પાર ઉતારે છે, તે જ ઉચ્ચ કોટીની છે." શ્રીકૃષ્ણ મહાત્મા પણ અર્જુનને એ જ ઉચ્ચ કોટીમાં દાખલ કરવા માગે છે. એટલે જ એ કહે છે :-

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ।।५।।

**ક્ષણેય ન રહે કોઈ,કદી કર્મ કર્યા વિના;**
**કરાવે અવશે કર્મ, સૌને પ્રકૃતિના ગુણો. ૫**

(અને વહાલા ભારત ! કોઈ કર્તવ્યનો પ્રારંભ ન કરીને જ એમ માની લે, કે અમે હવે એ કર્તવ્યથી કાયમ માટે છૂટી ગયા. તો તેઓ ભૂલ ખાય છે. વળી એ એમ પણ માની લે કે અમે એટલો વખત કર્તવ્યોનો અનાદર કર્યો તેટલો વખત

પણ નિષ્કર્મી દશા અનુભવી શકયા, તો તેઓ મહાન થાપ ખાય છે. કારણ કે જેને પ્રકૃતિના ગુણો - સત્ત્વગુણ,રજોગુણ અને તમોગુણ-નો સંગ છે, તેવો દેહધારી) કોઈ ક્ષણભર પણ કર્મ કર્યા વિના કદી રહેતો નથી.પ્રકૃતિના ગુણો સૌ પાસે પરવશે પણ કર્મ કરાવે જ છે.

**નોંધ :** તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણની સામ્યાવસ્થાને સાંખ્ય પરિભાષામાં પ્રકૃતિ કહે છે; તે વડે જ બંધાયેલો પુરુષ, સંસાર પરિભ્રમણમાં પડે છે. લૌકિક પરિભાષા પ્રમાણે પ્રકૃતિનો અર્થ સંસ્કાર બંધારણ લઈએ તો પણ ખૂબ સુંદર રીતે ઘટી શકે. જીવ,જે ક્રિયા પરત્વે વારંવાર રસ લે છે, તે ટેવ રૂપે અથવા સંસ્કાર બંધારણ રૂપે ઘડાઈ જાય છે. આની અસર જીવન પથમાં જબ્બર હોય છે. એ ટેવો કે સંસ્કાર બંધારણોને મૂળથી બદલવાની તાલાવેલી હોય તોય કેટલીક-વાર એને અનુકૂળ કર્મો કરવાં પડે છે અને કેટલીકવાર કર્મોને છોડવાથી એ ટેવો બદલાય છે. જો અનુકૂળ કર્મો કરવાથી જ એ ટેવો બદલવાની હોય, તો એ કર્મોને છોડવાની પ્રવૃત્તિ ગમે તેટલી શ્રેયકારક દેખાતી હોય, તોય અંતે અશ્રેય જ થાય છે. અહીં અર્જુનની મનોમય ભૂમિકા એ જાતની હતી કે તે કર્મ કર્યા વિના પ્રકૃતિથી છૂટે તેમ ન હતું. માટે એ વાત અહીં ખાસ ભાર મૂકીને કહેવામાં આવે છે કે કર્તવ્ય કર્મને પ્રારંભીએ તોય કર્મબંધનથી છુટાતું નથી, અને કર્તવ્ય કર્મને આરંભીને છોડી દઈએ તો કાયરતા અને કર્મબંધન બેયનો ભય રહે છે. કારણ કે ક્રિયાનો અનાદર કરવાથી એ ક્રિયાથી કર્મેન્દ્રિયોને દૂર રાખી શકાય છે, પણ જ્યાં લગી એ ક્રિયા, વસ્તુ કે વ્યકિત પ્રત્યેની કામના ટાળવાનો યત્ન ન થાય ત્યાં લગી મન તો ઊલટું વધુ વેગે એ બાજુ દોડવા માંડે છે અને આવી સ્થિતિ તો ભારે ભયંકર છે, તે નીચે બતાવે છે.

**कर्मेंद्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।**
**इंद्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ।।६।।**
**માત્ર કર્મેન્દ્રિયો રોકી,વિષયોને સ્મર્યા કરે;**
**મનથી જે વિમૂઢાત્મા, મિથ્યાચારી ગણાય તે. ૬**

(ખરેખર અર્જુન ! ) જે વિષયોને મનથી રસપૂર્વક સેવ્યા કરે છે, ને માત્ર કર્મેન્દ્રિયના સંગથી બચે છે તે મૂઢાત્મા, મિથ્યાચારી (દંભી-પાખંડી) ગણાય છે.

**નોંધ :** આ શ્લોક અર્જુનપક્ષે એ રીતે લાગુ પડે છે કે અર્જુનના મનમાંથી જ્યાં

લગી યુદ્ધનું આસકિતભર્યું માનસિક સ્મરણ ખસ્યું નથી, ત્યાં લગી એ કર્મેન્દ્રિયથી યુદ્ધમાં ન જોડાય અને તે પણ દુન્યવી હિતો ખાતર કે મોહ ખાતર, તો તે મિથ્યાચાર જ ગણાય.

કેટલાંક કર્મો પાપક્રિયાથી જોડાયેલાં હોઈ તે કર્મો કરવાથી ઉચ્ચકોટીના આત્માને પણ પાપ તો લાગે જ, પરંતુ પાપથી છૂટવાનો રસ્તો હજુ સહેલો છે. પણ અધર્મથી છૂટવાનો રસ્તો સહેલો નથી જ. મનથી આસકિતને વધારવી અને કર્મેન્દ્રિયોને લોક ભયે કે બીજા કારણે રોકવી, તે તો અધર્મ કહેવાય - પાખંડ કહેવાય. પાખંડનો પરિચય એ આત્મજ્ઞાનને રોકનારો મહાદોષ છે. જૈનસૂત્રોમાં તંડુલમચ્છ (કે જે મહામચ્છની પાંપણમાં રહેનારું નાનું સંજ્ઞા-મનવાળું-પ્રાણી છે તે ) માત્ર મનની દુષ્ટ ભાવનાથી જે પાપકર્મ બાંધે છે તે કર્મેન્દ્રિયોથી કરનાર મહામચ્છ પોતે પણ ભાગ્યે જ બાંધે છે. એવા ઉલ્લેખની પાછળ એ જ આશય છે કે મનના દુષ્ટ વિકલ્પો મહામોહના કારણરૂપ છે. પણ આનો અર્થ કોઈ એવો ન કરે કે મન ન રોકાય, ત્યાં લગી કાયાપર અંકુશ જ ન રાખવો ! કાયા પર અંકુશ રાખ્યા વિના તો મન પર સંયમ જ કયાંથી આવે? પણ કાયા પર અંકુશ રાખતી વેળા, મન પર એ વિષયનું સ્મરણ ન આવવું જોઈએ. અને આવે તો હટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ, પોષવાનો નહિ.આ શ્લોકથી એવા વિષયસ્મરણને મનથી પોષણ આપનારને સાવધાન કરવામાં આવે છે.એ વિષે બીજા અધ્યાયની નોંધોમાં પણ કહેવાઈ ગયું છે કે અભ્યાસી સાધક ઈન્દ્રિયોને સંયમમાં રાખે અને ઈન્દ્રિય સંયમ રાખવા છતાં મનમાં કામના પેસે કે તુરત એને હાંકી કાઢે, એ કામનાની બાજીમાં પોતે સોગઠું ન બની જાય. જો કામનાનું સોગઠું બન્યો એટલે કે કામનાને અધીન બન્યો, તો ગીતાકાર કહે છે કે એની બુદ્ધિ અસ્થિર થઈ જવાની અને મન ઈન્દ્રિયો એની સ્થિરતામાં ક્ષોભ પમાડવાનાં. સારાંશ કે એની કર્મેન્દ્રિયોનું રોકાણ પછી માત્ર લોકોને દેખાડવા પૂરતું રહેવાનું; ખરા અર્થમાં નહિ. એટલે કપટ, દગા, છળ, પ્રપંચ, માયા, દંભ, પાખંડ ફુલવાનાં અને આવા સાધકની કર્મેન્દ્રિયોનું રોકાણ પણ કયાં લગી ટકવાનું ? એ કોઈ ને કોઈ વેળા કર્મેન્દ્રિયોના સંયમથી પણ ભ્રષ્ટ તો થવાનો જ. ભલે પછી એ દંભને પોષીને જગત આગળ ભ્રષ્ટ તરીકે જાહેર ન થાય; પણ તેથી શું થયું ? આવા મનુષ્યને ભયનાં ભૂતો ચોમેરથી ઘેરી વળે છે, એટલે એની બધી શકિતઓ કુંઠિત થઈ જાય છે, અને એ પોતાનું અને પોતાનાનું બગાડે છે, તેમ જ જગતમાં ખોટા દાખલાનું નિમિત્ત બનીને અશાન્તિ વધારે છે.

જ્યારે માત્ર કર્મેન્દ્રિયોને રોકી મનથી સંભારવામાં કે ચિંતવવામાં આવા મહા દોષો છે, ત્યારે એથી ઊલટું જો જ્ઞાનેંદ્રિયોને મનથી રોકી કર્મેન્દ્રિયોને અનાસક્તિપૂર્વક કર્મયોગમાં જોડવામાં આવે તો દોષ નથી અને તેવો અનાસક્ત કર્મયોગી ખરેખર ઉત્તમ છે, એમ નીચે બતાવે છે :

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥७॥

**મનથી ઈન્દ્રિયો રોકી, કિંતુ કર્મેન્દ્રિયો વડે;**
**જે કર્મયોગ આરંભે, તે અનાસક્ત શ્રેષ્ઠ છે. ૭**

પણ હે (ઊજળા) અર્જુન ! મનથી જ્ઞાનેન્દ્રિયોને રોકી કર્મેન્દ્રિયો વડે કર્મયોગને આરંભે છે, તે અનાસક્ત(જન) ઉત્તમ છે.

**નોંધ :** વાણી,પગ, હાથ, ગુદા અને જનનેંદ્રિય એ પાંચ કર્મેન્દ્રિયો છે. અને ચામડી, જીભ, નાક, આંખ અને કાન એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. જ્ઞાનેન્દ્રિયોનો સંબંધ વિષયો સાથે મુખ્યત્વે છે.આત્મા, બુદ્ધિ મન અને જ્ઞાનેન્દ્રિયોના હુકમ પછી જ કર્મેન્દ્રિયો દુષ્ટમાર્ગે પ્રવર્તી શકે છે. હવે જો એ એમના ઉપરીઓની દાનત શુદ્ધ થઈ જાય તો કર્મેન્દ્રિયોને અનુચિત માર્ગે જવાનું બને જ નહિ. માટે ગીતાકાર કહે છે કે જો મનથી જ્ઞાનેન્દ્રિયોને રોકવામાં આવે, તો કર્મેન્દ્રિયોથી કરવામાં આવતી ક્રિયામાં જે નિબિડબંધનનું (મજબૂત બંધનનું) ઝેર છે, તે શિથિલબંધવાળું બની જાય છે.

લોકમાન્ય ટિળકના શબ્દોમાં કહીએ તો આસક્તિનો પારો મરી ગયા પછી ઊલટો એ સાધક થાય છે અથવા તો કર્મનો વીંછી તદ્દન મરી શકે તેમ નથી; માટે એમાં રહેલું આસક્તિરૂપી ઝેર જ્યાં રહે છે, તે આંકડાને જ કાઢી લેવો એ ઉત્તમ છે.

જૈન પરિભાષાથી પરિચિત ઉચ્ચકોટીના સાધકને પણ આ પ્રશ્ન થાય કે "આત્મા કાર્મણ શરીરના પાંજરામાંથી છૂટવા તો માગે જ છે; પણ એ જે મનુષ્ય-દેહના સાધનથી કાર્મણશરીરના (કર્મમય શરીરના ) પાંજરામાંથી છૂટવાનો છે, તે માનવ દેહથી કામ લેવો માટે એને ખોરાક તો આપવો જ પડશે. હલનચલનાદિ કર્મ પણ કરવું જ પડશે. ભલે સંયમનો હેતુ હોય છતાંય અપ્રતિબંધ વિહાર માટે ફરતાં અનિવાર્યપણે ઈચ્છા ન હોછા છતાં સૂક્ષ્મ જીવોની હિંસા થઈ જશે, તે પાપથી મુક્ત થવાનો ઉપાય કયો ? શું વૃક્ષની જેમ નિષ્ચેષ્ટ પડી રહેવું ?

ખાધાપીધા વિના અણસણ કરી દેહને પાડી નાખવો ?" જૈનસૂત્રોએ સચોટ શબ્દોમાં ભારે વૈજ્ઞાનિક છણાવટથી જવાબ આ રીતે આપ્યો છે : "ક્રિયાને ન છોડ, પણ મોહને છોડ. મોહ રહિત જે ક્રિયા થશે તે તારા આત્માને લગારે નહિ બાંધે, પણ ઊલટો છેવટે મુક્ત કરશે."

અહીં શ્રીમદ્‌ના આ શબ્દોને વિચારવા જેવા છે.

*"સંયમના હેતુથી યોગ પ્રવર્તના, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,*
*અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, દેહે પણ કિંચિત મૂર્છા નવ જોય જો."*

જૈન પરિભાષા પ્રમાણે આ ક્રિયાને ઐર્યાપથિકી (સહજ ક્રિયા) કહેવામાં આવે છે.

સાંપરાયિકી ક્રિયા સંસાર વધારે છે. જ્યારે ઐર્યાપથિકી સંસાર ઘટાડે છે. પણ આવી સંસાર ઘટાડનારી ક્રિયામાં વિષયાસક્તિને અવકાશ નહિ હોય, તે હવે ફરીને કહેવાનું રહેતું નથી.

ગીતાકારે પણ ઉપલી વાતને જ મજબૂત રીતે કહેવા ખાતર જ "અસક્ત" વિશેષણ લગાડયું છે.

જેને અનાસક્તિ કેળવવી છે, તેનું ધ્યેય માત્ર કર્મેન્દ્રિયોને રોકવાથી જ નહિ ફળે, પણ મન અને જ્ઞાનેંદ્રિયોને રોકવાથી ફળશે. ખરી વાત તો એ છે કર્મેદ્રિયોને સર્વથા રોકવા ધારે તોયે કોઈ રોકી શકતું નથી. એ જ વસ્તુ હવે ગીતાકાર ચોખ્ખા શબ્દોમાં કહે છે.

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः ॥८॥

**કર નિયત કર્મો તું, કર્મ સારું અકર્મથી;**
**ને તારી દેહયાત્રાય, અકર્મે સિદ્ધ થાય ના. ૮**

(પ્રિય કૌંતેય ! તું કદાચ અહીં એવી શંકા કરીશ કે "કર્મારંભ પર આટલો બધો ભાર મૂકો છો, તો માણસ પાપપુણ્યનો કશો ખ્યાલ કર્યા વગર કર્મ કરવા લાગશે, તો તો પોતાની શક્તિનો દુરુપયોગ કે નકામો વ્યય કરી નાખશે." ભારત ! આવો ભય ન રાખ.) અકર્મ કરતાં (ગમે તેવું તોય) કર્મ સારું જ છે. (પણ એની વધુ ચર્ચા તો હું આગળ કહીશ, હમણાં તો હું તને જે કહી રહ્યો છું તે એ કે ) તું નિયત ( કુદરત

નિર્મ્યું ટાળી ન શકાય તેવું-અથવા અંતરંગ સંયમની ગળણીથી ગળાયેલું અથવા નિયત એટલે નક્કી થયેલું) કર્મ કર. (કર્મ કર્યા વિના તો કોઈને કદી પણ ચાલવાનું નથી, તો તારે કેમ ચાલે ? જોને તારી શરીરયાત્રા શરીર નિર્વાહ શું અકર્મથી સિદ્ધ થઈ શકે તેમ છે ? એટલે જ મારે તને ચેતવવો પડે છે કે) તારી શરીર યાત્રા-શરીરને લગતી સ્વાભાવિક ક્રિયા-પણ અકર્મથી અર્થાત્ કર્મ કર્યા વિના સિદ્ધ નહિ થાય !

**નોંધ :** જૈનસૂત્રોમાં મનુષ્ય દેહ જ મોક્ષને લાયક છે, એટલે કે મનુષ્ય દેહે મળેલી માનસિક, વાચિક અને કાયિક સામગ્રી, જો એનો મોક્ષ માર્ગ માટે જ ઉપયોગ કરવામાં આવે તો મોક્ષગતિદાયક નીવડે તેમ છે, તેમ કહ્યું છે. પરંતુ ત્યાં પણ એક વધુ ખુલાસો એ કર્યો છે કે જે કર્મભૂમિનાં મનુષ્યો છે તેઓ જ મોક્ષ મેળવી શકે છે. સારાંશ કે કર્મ ઉપર એટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે. એ જ દૃષ્ટિએ શાસ્ત્રોએ મહાદેવેંદ્રોને હંમેશાં કર્મભૂમિના માનવતાભર્યા માનવી આગળ માથું નમાવતા દેખાડયા છે.

એ અપૂર્વ શકિતને મનુષ્ય ગૂંગળાવે એના કરતાં કદાચ દુરુપયોગ કરે તો એ ક્ષમ્ય ગણી એટલું જોખમ વહોરીને પણ શકિત ઉપયોગ કરવા તરફ શ્રી આચારાંગ સૂત્રે કર્મભૂમિના મનુષ્યને પ્રેરણા આપી છે. ગીતાકારે પણ ઉપર એ વાતને જ ટેકો આપ્યો અને એટલું સિદ્ધ કર્યું કે કોઈ ને કોઈ પ્રકારની ક્રિયા વિના તો કોઈનેય ચાલતું નથી. પછી એ જ્ઞાની હો કે અજ્ઞાની હો !

શરીરને યાત્રા તરીકે જેમ ગીતાકારે કહ્યું તેમ જૈનસૂત્રકારોએ પણ યાત્રા તરીકે જ ઉલ્લેખ્યું છે. કારણ કે જે સચેતન શરીર સંયમમૂર્તિ છે તે ખરેખર મોક્ષ તરફ લઈ જનારું હોઈ યાત્રારૂપ જ છે.

ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે ચોરી, જૂઠવ્યવહાર એમાં પણ કર્મ તો છે જ. ક્રિયા કર્યા વિના તે કામ બનતાં જ નથી, તો તે કર્મ પણ અકર્મ કરતાં સારાં ! એવું થઈ જાય.જો કે ગીતાકારે નિયત કર્મ કહીને તે ભ્રમ ટાળી દીધો છે, પણ નિયત કર્મ જેટલાં બોલવામાં સહેલાં છે, તેટલાં જ પારખવામાં સહેલાં નથી. ચોરી, જૂઠ એ કર્મ હોવા છતાં અકર્મ જ છે. કારણ કે એક સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય તેવાં એ લોકપ્રસિદ્ધ દૂષિત કર્મ છે. જે લોકે પ્રસિદ્ધ દૂષિત કર્મ છે. તે તો અકર્મમાં જ ગણાવાં જોઈએ. આટલો ખુલાસો મળ્યા પછી પણ હજુ 'નિયતકર્મ' કોને કહેવાં એ શંકા રહે જ છે, માટે હવે ગીતાકાર એ વિષે ખુલાસો આપતાં કહે છે :

**यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।**
**तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥ ९॥**
**યજ્ઞાર્થી કર્મથી બીજાં કર્મે બંધાય લોક આ;**
**યજ્ઞાર્થે કર્મ કૌંતેયે ! આચર સંગમુકત થૈ . ૯**

યજ્ઞ નિમિત્તે આચરેલાં અથવા યજ્ઞના પ્રયોજનવાળાં કર્મ સિવાયનાં બીજાં કર્મે જ (લોકોમાં બંધન થાય છે. અથવા)લોક બંધાય છે, માટે હે કૌંતેય ! તું યજ્ઞાર્થે (યજ્ઞના પ્રયોજન) આસકિ રહિત થઈને કર્મ આચર.

**નોંધ:** જૈન સૂત્ર દશવૈકાલિક કહે છે કે જે ક્રિયામાં જતના અથવા ઉપયોગ નથી ત્યાં જ પાપ કર્મ બંધનનો ભય છે. માટે બંધનથી છૂટવું હોય તો જતનાપૂર્વક અથવા ઉપયોગપૂર્વક ક્રિયા કરવી ઘટે. ગીતાજી ત્યાં યજ્ઞ શબ્દ વાપરે છે. શ્રીમાન્ શંકરાચાર્ય અને એમના શિષ્યગણ યજ્ઞનો અર્થ -(તૈ૦ સં. ૧. ૭. ૪ પ્રમાણે )- 'વિષ્ણુ' કરીને પ્રભુપ્રીત્યર્થ સિવાયનાં બીજાં કર્મોને બંધનકર બતાવે છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજ યજ્ઞ એટલે સ્વધર્મ એવો અર્થ કરે છે. લો. ટિળક શ્રૌત અને સ્માર્ત એવાં બન્ને પ્રકારનાં કર્મો-એટલે કે મીમાંસકોને માન્ય એવાં યજ્ઞયાગાદિ નિત્ય નૈમિત્તિક કર્મો તથા મનુ આદિને માન્ય એવાં વર્ણાશ્રમોનાં કર્તવ્ય કર્મોને યજ્ઞાર્થ કર્મોમાં ગણાવે છે. મ. ગાંધીજી પરોપકારાર્થે કરેલાં કર્મ એ જ યજ્ઞાર્થ કર્મ માને છે. અથવા ભૂતમાત્રની સેવા તે જ દેવસેવા અને તે જ યજ્ઞ.

ગીતાકારના અનુક્રમ પ્રમાણે જોતા એમ લાગે છે કે આબેહૂબ રીતે તેઓ બીજા અધ્યાયમાં તો સાંખ્ય યોગ બતાવી ગયા. તે કાળના પ્રચલિત સાંખ્ય દર્શનમાં અને પોતાના સાંખ્ય યોગમાં જે આશય ભેદ હતો, તે અર્જુનને, મહાત્મા શ્રીકૃષ્ણજીએ ખુદ સમજાવ્યો. જો કે હજુ અર્જુનને ગળે આ તદન નવી વાત પૂરેપૂરી ઊતરી નહોતી એટલે જ એણે ત્રીજા અધ્યાયના પ્રારંભમાં જ એ જાતનો પ્રશ્ન કર્યો કે બુદ્ધિ સારી કે કર્મ સારાં ? અહીં અર્જુનના પૂછવાનો આશય એ હતો કે સાંખ્ય મત ઠીક કે યોગ મત ઠીક ? પણ એણે શબ્દો બદલી નાખ્યા. મહાત્મા કૃષ્ણે એનો ઉત્તર શો આપ્યો તે આપણે ઉપર જોઈ ગયા; એમના અભિપ્રાય પ્રમાણે કેવળ કર્મેન્દ્રિયોથી કાર્યારંભ ન કરવા માત્રથી સાંખ્યમતનું ધ્યેય સરતું નથી તેમ કર્તવ્ય કર્મને તરછોડી કર્મેન્દ્રિયોને એનાથી પરાણે ખેંચી લઈ કોઈ એકાંતમાં જઈ યોગસાધના કરી બેસવાથી યોગમતનું ધ્યેય સરતું નથી. પરંતુ કર્તવ્ય કર્મને આસકિત-રહિતપણે આચરતાં આચરતાં અવશ્ય એ બન્ને મતનાં ધ્યેયો સહેજે પામી શકાય

છે. સાંખ્યમતની અને યોગમતની નિષ્ઠા ભલે જુદી જુદી લાગે એ બન્નેના ધ્યેયમાં કશો જ ફેર નથી. નિષ્ઠા બે દેખાય છે, તે પણ ભૂમિકા ભેદે દેખાય છે આખરે તો એ બન્નેનો સમન્વય થાય જ છે; એ બેમાંથી એ નિષ્ઠાને પણ જે સાચી રીતે વફાદાર રહે છે, તે બેયનું ફળ મેળવે છે. આ વિષે અબાધ્ય પ્રમાણો તો એ આગળ આપશે.

અહીં તો અર્જુનને નિયત કર્મની સમજણ આપે છે. એક બાજુથી શ્રીકૃષ્ણ મહાત્મા પોતે જ કહી ગયા છે કે "વૈદિક કર્મકાંડોની જાળથી તારી બુદ્ધિ ગૂંચવાઈ ગઈ છે. માટે સ્થિર કરી ત્રિગુણથી દૂર થા." પણ આનો અર્થ એ નથી કે "કર્મમાત્રથી દૂર થવું" એ બતાવવા ખાતર અહીં ચોખ્ખા શબ્દોમાં કહે છે કે "નિયત કર્મનો સીધો સાદો અર્થ તો પોતાના હૃદયને સૂઝે તે કર્મ અથવા અનિવાર્ય કર્તવ્ય કર્મ. છતાં એ ઓળખવામાં મુશ્કેલી થતી હોય તો શાસ્ત્રવિહિત કર્મ તે નિયત કર્મ. પણ કયું શાસ્ત્ર વિહિત અને કયું શાસ્ત્ર નિષિદ્ધ ? એ બૌદ્ધિક ચર્ચાથી ન સમજાય માટે તને ટૂંકમાં કહું છું કે યજ્ઞાર્થ કર્મ એ જ નિયત કર્મ."

આમ કહીને 'કર્મયોગ' માંહેલા કર્મ શબ્દની તો ચોખવટ કરી, પણ રખે પાછો અર્જુન પૂર્વમીમાંસા દર્શનમાં બતાવેલા યજ્ઞને જ યજ્ઞ સમજી બેસે,એટલા ખાતર યજ્ઞનો ખુલાસો આપવા માંડયો.શ્રીકૃષ્ણ મહાત્માની સમદષ્ટિ અને આત્મજ્ઞાનનો અહીં સુંદર પરિચય મળે છે. તેઓ તે કાળનાં બધાં દર્શનોનાં મૌલિક મન્તવ્યોને માન્ય રાખે છે, પણ સાંપ્રદાયિકતાને વેગળી મૂકી દે છે. તેઓ અર્જુનને કર્તવ્ય-કર્મથી ભાગતાં રોકી, વીરતા અને ઉત્સાહની પ્રેરણા પાઈને કર્તવ્ય-કર્મમાં લગાડવા મથે છે. પરંતુ કર્તવ્ય કર્મનો અર્થ માત્ર 'યુદ્ધ' કે'અયુદ્ધ' એટલો જ સાંકડો અર્થ નહિ, એ પણ બતાવી દે છે, એટલે કોઈને કશી શંકા જ ન રહે !

### યજ્ઞની આવશ્યકતા

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्व्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥१०॥
देवान्मावयतानेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥११॥
इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥१२॥

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बषैः ।
भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥१३॥

**પ્રજા સયજ્ઞ સર્જીને, પે'લાં બોલ્યા પ્રજાપતિ;**
**એ દ્વારા વધશો, થાજો, આ ઈષ્ટ ફળદાયક. ૧૦**
**આ થકી દેવને ભાવો, તે ભાવે તમને વળી;**
**અન્યોન્ય ભાવતાં એમ, પરંકલ્યાણ પામશો. ૧૧**
**તમોને ઈષ્ટ ભોગોય, દેશે તે યજ્ઞ ભાવિત;**
**તેણે દીધું ન દૈ એને, જે માણે નક્કી ચોર તે. ૧૨**
**યજ્ઞનું શેષ ખાનારા, સંતો સૌ પાપથી છૂટે;**
**પોતા માટે જ રાંધે જે, તે પાપી પાપ ખાય છે. ૧૩**

(હે ભારત ! સૃજનકાળે જ) યજ્ઞ સહિત પ્રજા સરજીને પ્રજાપતિ (એટલે બ્રહ્મદેવ) પ્રથમથી જ આમ બોલ્યા હતા :

"આ યજ્ઞદ્વારા તમે પ્રસવશો (અર્થાત્ વૃદ્ધિ પામશો. એ (યજ્ઞ) તમારી ઈષ્ટ કામના પૂરનાર થાઓ."

"વળી આ વડે (યજ્ઞવડે) તમો દેવોની ભાવના ભાવો, (દેવોને તૃપ્ત કરો) અને તે દેવો તમારી ભાવના ભાવે (એટલે કે તમને તૃપ્તિ આપે);એમ પરસ્પર ભાવના ભાવતાં તમો (ઉભય) ઉચ્ચ કોટીના કલ્યાણને પામશો."

"(અને એ માર્ગે જતાં) યજ્ઞથી તૃપ્ત થયેલા દેવો તમોને ઈષ્ટ ભોગો પણ આપશે. (પણ તેઓ જે કંઈ આપે તેનું વળતર આપ્યા વિના ભોગવશો નહિ) જે એમનું આપેલું પાછું દીધા વગર માણે છે, તે અવશ્ય ચોર છે."

"સંતો પણ યજ્ઞની પ્રસાદી (શેષ) ખાનારા હોઈને બધાં પાપોથી છૂટે છે. માત્ર જે પોતાને માટે જ રાંધે છે, તે પાપી જીવો પાપ જ ખાય છે (એમ જાણો )"

**નોંધ :** ઉપરના ચાર શ્લોકોમાં ગીતાકાર ઘણું કહી દે છે. તેમના મુખ્ય મુદ્દાઓને તારવીને એમનો ઊંડાણપૂર્વક સમન્વય કરીએ.

(૧) યજ્ઞ સાથે પ્રજાનો સર્જનજૂનો સંબંધ છે, માટે એને ટાળી શકાય નહિ.

બ્રહ્મા પ્રજાને પેદા કરે છે, એ પોતે તો સ્વયંભૂ જ છે, આ માન્યતા ઠેઠ ગીતાકાળ લગી હતી અને છે. ગીતાનો મુખ્ય ધ્વનિ તો એ છે કે જગતમાં બનતી

બધી ઘટનાઓ સ્વભાવજન્ય છે, છે, કોઈ એનું સર્જક, સંચાલક કે પ્રેરક નથી એ આપણે આગળ ગીતામાં જ જોઈશું. (અ૦ ૫. ૧૪) એમ છતાં એ ઉપરની માન્યતાને જૈન સૂત્રોની માફક સાપેક્ષદૃષ્ટિએ સ્વીકારે છે. અગાઉ કહી ગયા તે રીતે જૈન સૂત્રો જેમ કહે છે કે જે દેહધારી કર્મભૂમિના મનુષ્ય તરીકે જન્મ્યો, એ મોક્ષના પુરુષાર્થનો અધિકારી છે. પણ કર્મભૂમિમાં તો કર્મક્રિયા વિના ચાલે જ નહિ. કર્મ હોય તો જ પુરુષાર્થને અવકાશ છે. માટે આદિ તીર્થંકર ઋષભદેવે લોકોને કર્મ તરફ પ્રેર્યા. ગીતામાં પણ એ જ કહે છે. બ્રહ્માએ આ જગત સર્જ્યુ એમ કહો. બાબા આદમે કે અહુરમજદે આ સૃષ્ટિ ઘડી એમ કહો કે સ્વભાવસિદ્ધ જ સૃષ્ટિ સનાતન છે એમ કહો, પણ એ બધાની પાછળ પુરુષાર્થને અવકાશ તો રખાયો જ છે. માટે તપ વિના-શ્રમવિના-પુરુષાર્થ વિના ચાલી શકે જ નહિ. આ માટે કોઈપણ ધર્મ, મત કે પંથનો વિવાદ છે જ નહિ.

(૨-૩) વંશવેલો કે વૈભવ વધારવા માટે પણ યજ્ઞ જરૂરી છે. અભિવૃદ્ધિ પામવાની કે પોતાનું ધારેલું પાર પાડવાની નાનાથી મોટા દેહધારીઓને ઈચ્છા હોય છે. તે ખાતર સહુને પુરુષાર્થ કરવો જ પડે છે, શ્રમ કરવો પડે છે, સંકટ પણ વેઠવાં પડે છે. એટલે કે યજ્ઞ વિના ચાલતું નથી.

(૪) પણ યજ્ઞ એટલે શ્રમ, તપ કે પુરુષાર્થ જે કંઈ ગણો, તે પોતે કેમ અભિવૃદ્ધિ કરાવી શકે ? કે ધારેલું પાર પડાવી શકે ? કારણ કે એ ક્યાં ચૈતન્યવંત દેહધારી છે ? એ પ્રશ્નના જવાબમાં ગીતાકાર કહે છે :

"જેવી જેની ભાવના, તેવી તેને સિદ્ધિ મળે જ છે, પણ યજ્ઞ દેવોને ઉદ્દેશીને કરો, એટલે કે પુરુષાર્થને દિવ્ય માર્ગે ફેરવો. પૈશાચિક માર્ગે નહિ ! સારાંશ કે દિવ્ય ભાવના રાખીને જ પુરુષાર્થ કરો. એ દિવ્ય ભાવના જેમણે સાધી હોય, એવા દેવોનું નામ લઈને પણ પુરુષાર્થ કરવામાં વાંધો નથી.

જગતમાં એવો કુદરતી નિયમ છે કે તમે જે આંદોલન છોડશો એનો પડઘો પાછો તમારામાં પડશે, એટલે દેવોને ઉદ્દેશીને જે જાતની ભાવના ભાવશો, તે જાતનો તમને ભાવનાનો બદલો મળશે. દેવો તો માત્ર ભાવનાના ભૂખ્યા છે. અને પ્રતિદાન(બદલો) આપવાની તાલાવેલી વાળા છે, તેથી જ તેઓ દેવ કહેવાય છે. એટલે તમે એમને જે અર્પણ કરશો, તેનું સાટું તમને એ વાળશે. આમ પરસ્પર ભાવનાથી આગળ વધતાં વધતાં તમે બન્ને છેવટે પરમ કલ્યાણને પામશો. કારણ કે ભાવના એ મોક્ષનું અનુપમ સાધન છે.

(૫) એટલે તમે માત્ર સ્થૂળ કામભોગો મળે, જગતમાં યશ અને પુત્રપરિવારની વૃદ્ધિ થાય કે વૈભવ મળે એથી એમાં ખૂંચી ન જશો. કારણ કે એ બધી વસ્તુઓ તમને દેવે દીધી છે; એટલે જે કંઈ ખાઓ, પીઓ કે ભોગવો, તે એમને ચરણે ધરીને ભોગવજો.

દેવને ચરણે ધરવું એટલે કે "આ વસ્તુ મારી છે કે પુત્ર મેં સર્જ્યો છે" એવું અભિમાન ન કરવું.

આવું નિરભિમાનીપણું સત્ય, બ્રહ્મચર્ય, સંયમ અને ત્યાગ તરફ લઈ જાય તે દેખીતું છે અને એનું ફળ મોક્ષમાં જ પરિણમે એ પણ દેખીતું જ છે. એટલે કે "મોક્ષને માટે પુરુષાર્થ કરજો. દિવ્યતાને પણ છેવટે તો તજવાની જ છે." જે મોક્ષ માટે પુરુષાર્થ કરે એને સાધનનો તોટો નહિ રહે એ સ્વાભાવિક છે એટલે ગીતાકારે ચેતવણી આપી કે "જો જો ! એ દેવોનું છે. માટે જો એમને આપ્યા વગર ભોગવશો તો ચોર ગણાશો." જૈનસૂત્રો આ જ શબ્દોને આવી ઢબે બોલે છે. "બધું સીમંધર સ્વામીનું છે, માટે જે વસ્તુ પર જગતના માણસો માલિકીહક ન ધરાવતાં હોય એવી વસ્તુને પણ આજ્ઞા વગર વાપરવાનો તને અધિકાર નથી." આનો અર્થ એ થયો કે અનિવાર્ય જરૂરિયાત વગર કશું ન લેવાય અને એ લીધાં પછી પણ એનો બદલો પરમાર્થ કારણે અપાય. માટે જ્યાં લગી મનુષ્ય અનિવાર્ય જરૂરિયાત વગર જે કંઈ વાપરે છે અને તે અનિવાર્ય જરૂરિયાતનો બદલો પણ પરમાર્થ કાજે નથી વાળતો, ત્યાં લગી તે ચોર કહેવાય છે.

(૬) છેલ્લા મુદ્દામાં એ કહે છે કે જેમણે ઘરબાર વગેરેની મમતા છોડી એવા સંતો યજ્ઞશેષ ખાઈને સર્વ પાપમાંથી છૂટે છે. મતલબ કે તેઓ જ સાચા અર્થમાં યજ્ઞશેષના અધિકારી છે. યજ્ઞની પ્રસાદી વગર સર્વ પાપમાંથી છૂટકારો થતો નથી. માટે ગૃહસ્થાશ્રમીમાત્રે પોતાના માટે જ ન રાંધતાં, જગતને માટે રાંધવું જોઈએ અને પછી તેમાંથી પોતા માટે પ્રસાદીરૂપે લેવું જોઈએ. પોતા માટે જ રાંધેલું ખાવું, એ અન્ન ખાવા બરાબર નથી, પણ પાપ ખાવા બરાબર છે. જૈનસૂત્રોએ આ વસ્તુ વિષે ખૂબ સૂક્ષ્મ રીતે વિચાર્યું છે. તે કહે છે કે "જે સાધુ પોતાને ઉદ્દેશીને રાંધેલું લે છે, તે પાપસાધુ છે, કારણ કે પોતે એ વસ્તુનો માલિક નથી. પોતે તો જગતની વસ્તુમાત્ર પરના માલિકીહકનો ત્યાગ કર્યો છે, છતાં આ રીતે લેવું તે એને માટે ઉચિત નથી. જો તે પોતાને ઉદ્દેશીને બનાવેલું લે, તો તો તે તેટલો માલિક થયો. એટલે એણે સંયમી-મોક્ષમાર્ગના પુરુષાર્થીને ત્યાંથી નિરવદ્ય(નિષ્પાપ) ખોરાક જે મળે તે લેવો જોઈએ. એમ કરવાથી દેનાર અને

લેનાર બન્ને સદ્ગતિ પામે છે." વળી ગૃહસ્થાશ્રમીને ઉદ્દેશીને કહે છે કે "જે ગૃહસ્થાશ્રમી, અતિથિ(અતિથિમાં ભૂખ્યા સુપાત્રમાત્રનો વ્યાપક અર્થ લેવો એ) નો સંવિભાગ કાઢતો નથી તે બારમા વ્રતનો ભંગ કરે છે. એ વ્રત આત્મશિક્ષા માટે મહાકિંમતી છે." આગળ વધતાં ઊંડા ઊતરીશું તો જૈનસૂત્રોમાં દેવોનાં★ બલિકર્મોનો ઉલ્લેખ પણ મળશે જ અને સંતોને ભાવપૂર્વક વહોરાવનાર શાલિભદ્ર જેવાના પરંકલ્યાણ થયાનાં સચોટ ઉદાહરણો પણ મળશે. શાલિભદ્રને ત્યાં દેવો જ બધું પૂરું પાડતા એમ પણ જૈન ગ્રંથો કહે છે. અને શાલિભદ્ર પણ દેવો તરફથી જે કંઈ મળતું તેનું વળતર વાળી દેતા. અર્થાત્ કે સંગ્રહ નહોતા કરતા. આંગણે આવેલ કોઈ પાછું ન વળતું. આટલા વૈભવ પછી પણ જ્યારે "હું માલિક નો ?" આટલો પ્રશ્ન થયો અને એમાંથી જે ભાવના ઊઠી, તે ભાવનાને પરિણામે જે ત્યાગ થયો એ સ્થિતિએ જ મનુષ્યભાવે પહોંચવું જોઈએ. આથી જ કૃષ્ણ ગુરુદેવ દ્રવ્યયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞને છેવટે શ્રેષ્ઠ ઠરાવે છે.

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥१४॥
कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मातसर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥१५॥
एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ १६ ॥

**અન્નથી સંભવે ભૂતો, વૃષ્ટિથી અન્ન સંભવે;**
**યજ્ઞથી સંભવે વૃષ્ટિ, કર્મથી યજ્ઞ ઉદ્ભવે. ૧૪**
**ઉપજ્યું બ્રહ્મથી કર્મ, બ્રહ્મ અક્ષરથી ઊઠ્યું;**
**તેથી જ બ્રહ્મ* સૌ વ્યાપી, સદાયજ્ઞે પ્રતિષ્ઠિત. ૧૫**
**આમ ચક્ર પ્રવર્તેલું, એને જે ન અનુસરે;**
**પાપાયુ, ઈન્દ્રિયારામી, જીવે છે પાર્થ ! વ્યર્થ તે. ૧૬**

★ બીજાનો ભાગ કાઢ્યા વગર, જે એકલો ભોજન કરે છે, તે પાપી છે આવું ઋગવેદ મંત્રોનું પણ સૂકત, લો. ટિલકે પોતાના ગીતા ભાષાંતરમાં મૂકયું છે. યજ્ઞની શેષા અગર બીજાને જમાડીને જમવું એ ખોરાક અમૃત બરાબર છે એમ મનુસ્મૃતિનો પણ ધ્વનિ છે. કુળદેવીનાં નૈવેદ્ય, દેવ આગળ પ્રસા ધરવાના વિધિ પાછળ શો ઊંડો આશય છે ? તે આથી સમજાશે.

★ અહીં બ્રહ્મનો અર્થ, કેટલાક-શ્રીમાન્ શંકરાચાર્ય વગેરે-ટીકાકારો વેદ કરે છે. અને વેદવિહિત કર્મો-શ્રૌત સ્માર્ત કર્મો-આચરવાં. કારણ કે વેદનો અક્ષર-પરમાત્મા-સાથે સંબંધ છે. પરંતુ લો. તિલક કહે છે કે અહીં બ્રહ્મનો અર્થ પ્રકૃતિ જ લેવો એ વધુ સુસંગત છે. જૈન સૂત્રોની પરિભાષા પ્રમાણે ભાવકર્મ લઈ શકાય.

(પ્યારા પૃથાનંદન ! હવે હું તને યજ્ઞ અને પરબ્રહ્મ સાથે શો સંબંધ છે, તે કહું છું એ સાંભળ્યા પછી યજ્ઞાર્થ કર્મ સિવાયનાં કર્મથી જ બંધન થાય છે. યજ્ઞાર્થ કર્મથી પાપ બંધ થતાં નથી. એટલું જ નહિ પણ એ પરમશ્રેયનું કારણ પણ બને છે. કારણ કે પરંપરા સંબંધથી જોઈએ તો યજ્ઞનો પરબ્રહ્મ સાથે પણ સંબંધ છે. આ વિષે તને શંકા નહિ રહે જો,) અન્નથી (લોહી અને લોહીમાંથી વીર્ય બની, વીર્યમાંથી) ભૂતો સંભવે છે. વરસાદથી અન્ન પાકે છે. યજ્ઞથી વરસાદ થાય છે અને યજ્ઞ કર્મજન્ય છે. કર્મ પણ બ્રહ્મ (સંગીપ્રકૃતિ)માંથી ઉપજેલું જાણ. તેમજ એ બ્રહ્મય અક્ષર(શુદ્ધ આત્મા)થી ઊઠેલું છે (એમ સમજ.)માટે-એ રીતે સર્વવ્યાપક બ્રહ્મની હંમેશાં યજ્ઞમાં પ્રતિષ્ઠા રહેલી છે.

એ પ્રમાણે પ્રવર્તેલા ચક્રને જે નથી અનુસરતો, તે ઈંદ્રિયરસ લંપટ, પાપમય આયુષ્ય ગાળનારો વ્યર્થ જીવન જીવી રહ્યો છે. (એમ તારે સમજવું).

**નોંધ :** "અન્ન સમા પ્રાણ" એ લૌકિક કહેવત છે. જૈનસૂત્રો પણ કહે છે કે આહાર વિના એક પણ દેહધારીને ચાલતું નથી. વરસાદથી પાકતું અન્ન જ મનુષ્યોનો મુખ્યત્વે ખોરાક છે. એટલે કહે છે કે જો વરસાદની જરૂર હોય, તો વરસાદની ઉત્પત્તિ યજ્ઞથી થાય છે. યજ્ઞ એટલે ધર્મમય પુરુષાર્થ, એવા કર્મથી જન્મે છે કે જે કર્મનો બ્રહ્મ સાથે સંબંધ છે અને એવું બ્રહ્મ, અક્ષર બ્રહ્મ સાથે જોડાયેલું છે. આ રીતે યજ્ઞની સાથે અક્ષર બ્રહ્મનો પણ સંબંધ છે. જ્યાં ને ત્યાં વ્યકત થતું બ્રહ્મ એટલે કે પ્રકૃતિ સાથે જોડાયેલો દેહધારી જીવ, આખા સંસારમાં સર્વ સ્થળે દેખાય છે. જૈન સૂત્રની ભાષામાં કહીએ તો લોકાકાશનો કોઈ પણ ભાગ એવો નથી કે જ્યાં દેહધારી કે તેનું જ્ઞાન ન હોય ! તો પછી યજ્ઞ સાથે એનો તો મુખ્ય સંબંધ જ હોય એ દેખીતું છે.

ધર્મમય પુરુષાર્થ વિશેષે કરીને મનુષ્યને જેટલો સ્વાધીન છે તેટલો બીજા દેહધારીને નથી, માટે એવી અનુકૂળ સામગ્રી પામીને પણ જો એ આ પ્રવર્તેલ ચક્ર(કુદરતી મહાયોજના) ને વફાદાર ન રહે, તો તેનું જીવન પાપમય અને વ્યર્થ જ છે. ઈન્દ્રિય લોલુપ થાય ત્યારે મનુષ્ય કુદરતી મહાયોજનાને ઠોકરે મારીને આવો બને છે. "ગીતાકારના આ શબ્દો સાથે જૈન સૂત્રોની શૈલીમાં આમ કહી શકાય કે " આત્મા અક્ષર (અવિનાશી) (બ્રહ્મ પ્રકૃતિ) હોવા છતાં ભાવકર્મને લીધે દ્રવ્યકર્મ ધારણ કરે છે. દ્રવ્યકર્મને લીધે કાર્મણશરીર નિર્માયું છે. એ કાર્મણશરીર સાથે રહેલા જીવના પુરુષાર્થથી ક્રિયામાત્ર થાય છે. આવી ક્રિયા વૃષ્ટિ થવામાં પણ

કારણરૂપ છે. દા.ત. સૂર્યનાં કિરણોનો તાપ ન લાગે તો પાણીની વરાળ કેમ થાય ? વરસાદનું પાણી મીઠું, પૌષ્ટિક અને શુદ્ધ બને છે એમાં અનેક લોકોને અન્ન જમાડાય છે એની હવા અને વરાળો પણ એને યોગ મળે છે." + પણ અન્ન પાકમાં તો અગ્નિ, જળ આદિ સચેત સાધનોનો વપરાશ થાય છે એટલે એ પાપમય ખોરાક થયો, ત્યારે એ જવાબ આપે છે કે "જેમાં ઉપયોગ છે, તે ક્રિયા ધર્મ્ય જ જાણવી. ક્રિયા વિના તો ચાલતું જ નથી પણ મૂઢ સ્વાર્થ ખાતર જે ક્રિયા કરે છે તે પાપી છે અને ઉપયોગપૂર્વક જે ક્રિયા કરે છે તે પાપી નથી; ઊલટું સંવરમય અથવા ધર્મિષ્ઠ છે. " પણ ઉપયોગ કોને કહેવો ? એનો ઉત્તર આ જાતનો છે. આત્મભાન ન ચુકાય તે ઉપયોગ. આત્માની સમીપે લઈ જાય તે ઉપયોગ. આ વ્યાખ્યા પ્રમાણે જોતાં ઉપયોગશીલ મનુષ્ય જ્યાં અશકય પરિહાર (ન છૂટકો) હશે ત્યાં જ આસ્રવ-ક્રિયા કરશે. એટલે કે એ ઔષધિની જેમ જ ખોરાક લેશે, સ્વાદ લોલુપતા ખાતર કશું નહિ લે. જે રીતે ખાદ્ય પદાર્થોમાં, તે જ રીતે વાપરવાના પદાર્થોમાં પણ આવો જાગૃત સાધક પુરુષાર્થી અને વીર તો હશે જ. જો એની પાસે સંગ્રહ હશે, તો તેનો માત્ર એ ટ્રસ્ટી હશે અને એથી એ જગતના બધા જીવોની ખાતર સંગ્રહનો અને પોતાના મનનો સદુપયોગ કરતો હશે."

આ પરથી એ ફલિત થયું કે ઉપયોગશૂન્ય જીવન તે જ પાપજીવન અને કુદરતી સનાતન નિયમનું પાલન એ જ ઉપયોગ.

**यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।**
**आत्मन्येब च संतुष्टस्तस्य कार्यं न विद्यते ।।१७।।**
**नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।**
**न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ।।१८।।**

**આત્મરક્ત જ જે થાય, ને આત્મતૃપ્ત માનવી;**
**જે આત્મામાં જ સંતુષ્ટ, તને કાર્ય નથી કંઈ. ૧૭**
**કોઈ અર્થ નથી તેને, કર્યે કે ન કર્યે અહીં;**
**ન એને સર્વ ભૂતોમાં, અર્થ આધાર કોઈએ. ૧૮**

(વ્હાલા અર્જુન ! લૌકિક દૃષ્ટિએ મેં તને, કર્મ શા માટે કરવાં જોઈએ, એ વાત કહી. હવે હું લોકોત્તર-અલૌકિક-દૃષ્ટિએ સમજાવું છું.) જે આત્મામાં જ રાચેલો

+ શ્રુતિઓમાં જે પંચયજ્ઞની વાત આવે છે, તે આવા જ અર્થમાં છે. ભૂત, દેવ, મનુષ્ય એને સંતોષવાં તે પણ યજ્ઞો છે અને અગાઉ કહ્યું તેમ જગતને અર્થે અન્ન પકાવી, પ્રસાદીરૂપે લેવું તે પણ નિત્ય યજ્ઞ જ છે.

હોય , આત્માથી જ તૃપ્તિ મેળવી રહ્યો હોય અને આત્મામાં જ સંતોષી હોય તેવા (જ્ઞાની) મનુષ્યને કંઈ કાર્ય (કરવાપણું રહેતું નથી).

વળી આમ હોઈને એને જેમ કર્મ કર્યાથી કશો અર્થ 'હેતુ' નથી. તેમ ન કર્યાથી પણ કશો અર્થ (હેતુ) નથી. તેમજ સર્વ ભૂતોમાં એનો અંગત અર્થ (જરૂરિયાતનાં સાધનો મેળવવા) નો પણ આધાર (લગવાડ) હોતો નથી. એની શારીરિક હાજતો પણ કુદરત નિર્ભર હોય છે. એને પોતાને દેહ પ્રત્યે લગારે મૂર્ચ્છા હોતી નથી. આવી ઊંચી દશા હોવા છતાં દેહ છે ત્યાં લગી પોતાના પ્રારબ્ધ-ઉદય પ્રમાણે એમને પણ કર્મ કરવાનાં હોય છે અને તેઓ તે કરે જ છે.)

**નોંધ :** જૈન સૂત્રો માંહેલા જિનકલ્પી ભિક્ષુની દશા આબેહૂબ આવી જ હોય છે. તે માટે સુલસા અને મુનિનો એક પ્રસંગ જૈન ગ્રંથોમાં છે, જે પરથી એનો સ્પષ્ટ ખ્યાલ આવી રહે છે. પ્રસ્તુત મુનિ સુલસાને ત્યાં ભિક્ષાર્થે ગયા છે. આંખમાં કણું ખૂંચી લોહી નીકળતું હોવા છતાં, એ ન કાઢવા જેટલી એ મુનિજીની દેહ પ્રત્યે અમૂર્ચ્છા હતી. છતાં એવા પુરુષને પણ કર્મ કરવાં પડતાં હતાં. ભિક્ષાચરી માટે જવું એ પણ કર્મ તો ખરું જ ને ?

**तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।**
**असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पुरुषः ॥ १९ ॥**

**માટે અસકત થૈ નિત્ય, કર્તવ્ય કર્મ આચર;**
**અસકત આચરી કર્મ, પુરુષ પામતો પરં. ૧૯**

(અને જો એમ જ છે, તો તને કર્મ કર્યે શો બાધ હોય ? ભલા ! તું જો એમ કહેતો હો કે, "જ્ઞાની પુરુષની તો એવી સહજ દશા હોય છે, કે જેથી એને પાપપુણ્યથી બંધાવાપણું નથી, પરંતુ મારી હજુ એવી ભૂમિકા નથી, એટલે મને તો કર્મ કરવામાં પાપપુણ્યનો ડર છે." તો હું અગાઉ કહી ગયો છું, છતાં પુનરુકિત કરીને ફરીથી કહું કે તું કર્મથી ન ડર. કર્મથી ડર્યે કંઈ વળવાનું નથી અને કર્મ કર્યા વિના ચાલવાનું પણ નથી.) માટે આસકિત રાખ્યા વિના સતત (કાયમ)નું કર્તવ્ય કર્મ આચર. (ડર માત્ર આસકિતનો છે. જો તેમ ન હોય તો કર્મથી કશું ડરવાનું નથી કારણ કે) અનાસકિત રાખીને કર્મ આચરવા છતાં પુરુષ પરંતત્ત્વને પામી જાય છે.

**નોંધ :** "મનુષ્યજીવન-જહાજથી જ પરંપદને બંદરે પહોંચાય છે માત્ર અનાસકિતનો ધ્રુવ કાંટો જીવરૂપ સુકાનીએ બરાબર રાખવો જોઈએ. જ્ઞાનીને

માટે તો એ દશા અભ્યાસ અને વૈરાગ્યના બળે "વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો." સહજ હોય છે. બીજાને એ દશા સહજ હોતી નથી માટે જ અનાસકિતનો ધ્રુવ કાંટો રાખવો પડે છે. આવો પળે પળે ચીવટ રાખીને ચાલનારો સાધક પોતા માટે કયું કર્મ કરવા જોગ છે ને કયું કર્મ કરવા જોગ નથી, તે આપોઆપ શોધીને જ આચરણ કરશે.

આમ હોઈને એને હાથે નકામી ક્રિયા નહિ થાય, પાપક્રિયા તો નહિ જ થાય. કદાચ એ ભૂલ ખાશે કે તરત એવા જાગૃતનો આત્મા જ એને મૂંઝવી નાખશે અને ભૂલ સુધાર્યા પછી જ એને શાંતિ વળવા દેશે. આવી સ્થિતિએ જતાં જતાં છેવટે એ આત્મામાં જ તૃપ્ત અને આત્મામાં જ સંતોષી સહેજે બની જશે. કોઈ પણ ભારી આફતો કે કોઈ પણ મોટી લાલચો પણ તેને ડોલાવી નહિ શકે." ગીતાકારે ઉપરના ત્રણ શ્લોકમાં આ બીના કહી દીધી.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

**કર્મ વડે જ સંસિદ્ધિ, પામ્યા છે જનકાદિકો;**
**લોકસંગ્રહ જોતાંય, તારે કર્મ કર્યાં ઘટે. ૨૦**

(અને કુરુવીર !) જનકાદિકો (કે જે ક્ષત્રિયવીરો થઈ ગયા તેઓ) પણ કર્મ દ્વારા જ પરમસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. (એ રીતે) લોકસંગ્રહ તરફ દૃષ્ટિ કરીને પણ તારે કર્મ કરવાં જોઈએ.

**નોંધ :** જનકવિદેહી, જૈન કે જૈનેતર સર્વ સાધકોને પરિચિત વ્યકિત હોઈને અહીં એની ઓળખાણ આપવાની જરૂર નથી. રાવણ સમા પાશવશકિતના સર્વ શ્રેષ્ઠ ભંડારીને પણ માત્ર દૃષ્ટિપાતથી ધ્રુજાવનાર નારી-શિરોમણી સીતા જેવી અતિવીર સુપુત્રીના (પિતા) જનક- જનકવિદેહી ખરેખર જગતના પણ જનક છે. એ મિથિલા મહાનગરીના મહારાજા અનાસકિત યોગની જીવંત પ્રતિમા છે.

મહાત્મા કૃષ્ણ એ ઉદાહરણ અર્જુન સામે મૂકીને એમ કહેવા માગે છે કે અનેક ગડમથલો, અનેક જવાબદારીઓ તથા મહાપ્રલોભનની વચ્ચે જે બરાબર અડોલ સ્થિર રહી શકે છે, જેને એવા પ્રસંગોમાં પણ કામક્રોધના આવેગો અડીને પાડી શકતા નથી, એ જ આદર્શ ત્યાગી છે. તને પણ હું એવા આદર્શ તરફ દોરવા માગું છું. માટે જ કર્મયોગ પરત્વે હું વધુ ભાર આપું છું. તારામાં મહાવીરતા છે, પણ 'સમતા' નથી, માટે એ સાધી લે એટલે તારું તેજ કંઈ ઓર જ ઝળહળશે.

વળી "લોકસંગ્રહ એટલે જગતનાં ધારણપોષણ માટે પણ કર્મો કરવાં જ જોઈએ." આમ કહીને ગીતાકાર આત્મકલ્યાણ અને જગકલ્યાણનો સુમેળ સાધે છે. જૈનસૂત્રોનો પણ એ જ ધ્વનિ છે કે "તીર્થંકર પદ સર્વોત્તમ પદ છે. પંચ-પરમેષ્ઠીમંત્ર કે જે જૈનોના ઉત્કટ મંત્ર છે, તેમાં પ્રથમ પદ પણ પ્રત્યક્ષ તરીને પ્રત્યક્ષ તારનારા એવા તીર્થંકરને જ અપાયું છે; સિદ્ધને નહિ. કારણ કે સિદ્ધ તો તીર્થંકર થાય તેમ બીજા વીતરાગો પણ થઈ શકે છે કે જે બીજા વીતરાગોએ તરવા ઉપરાંત પ્રત્યક્ષ તારવાનું કામ કર્યું હોતું નથી. અને તે એટલા માટે કે તીર્થંકરોનાં જીવનમાં આત્મશ્રેય અને વિશ્વશ્રેય બંનેનો સમન્વય હોય છે. તેઓ પોતે ઊડે છે અને જગતને પણ બાથમાં લે છે. પોતે તરે છે અને જગતને પ્રકાશ પૂરો પાડે છે. તેમ આવા પુરુષો જ્ઞાનજ્યોતે જળહળે છે અને લોકને પ્રકાશ આપે છે. તેઓનું જીવન વ્યવહારનય અને નિશ્ચયનયના સમન્વયની પણ આદર્શ પરાકાષ્ઠારૂપ છે. આવું તીર્થંકરપદ ક્ષાત્રત્વ વિના હોઈ શકે જ નહિ; પછી વર્ણ કે જાતિ ગમે તે હો, પણ ક્ષાત્રત્વ તો જોઈએ જ. પરમ વીરતા વિના જીવન અને જગતના મહાનિયમને પરખવો અને જીવનમાં એનો સમન્વય સાધવો અશકય છે."

'લોકની ઉન્માર્ગ પ્રવૃત્તિ નિવારવી' એવો લોકસંગ્રહનો અર્થ શ્રીમાન્ શંકરાચાર્યે કર્યો છે' એવો ઉલ્લેખ લોકમાન્યે પોતાના કર્મયોગશાસ્ત્રમાં લીધો છે. લોકસંગ્રહનો સરળ અર્થ લોકકલ્યાણ અથવા લોકસેવા પણ થઈ શકે.

કોઈ રખે એમ માને કે આત્મકલ્યાણ અને લોકસેવાને શું લાગેવળગે ? હા; એટલું ખરું છે કે પહેલાં આત્મકલ્યાણ અને પછી લોકસેવા. પરંતુ એ બંનેનો અવિનાભાવી (અતૂટ) સંબંધ છે. જે આત્મકલ્યાણની ક્રિયામાં પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે વિશ્વકલ્યાણ ન થતું હોય અથવા ન થવાનું હોય, તે ક્રિયા આત્મકલ્યાણની ન જ હોઈ શકે. વિકાસનું ખરું માપ જ જગત છે. પણ એટલો સાધકે ખ્યાલ રાખવો જોઈએ કે જગત પોતા પાછળ અનુસરી રહ્યું છે અને પોતે પરમાત્માને અનુસરી રહ્યો છે. માટે એની એક પણ ક્રિયા એવી ન હોવી જોઈએ કે જે પરથી એને અનુસરનારા ઉપર ચડવાને બદલે ખાડામાં પડે ! આ બીના સમજાવવા ખાતર હવે ગીતાકાર કહે છે કે :-

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।**
**स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ २१ ॥**

न मे पार्थास्ति कर्तव्यंत्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ २२ ॥
यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतंद्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ २३ ॥
उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४ ॥

**જે જે આચરતા મોટા, તે તે જ અન્ય આચરે;**
**પ્રમાણ જે કરે મોટા, લોક એને અનુસરે. ૨ ૧**
**ત્રણેય લોકમાં પાર્થ ! મારે કર્તવ્ય કૈં નથી;**
**પામ્યો છું× પામવા જોગું, વર્તું હું તોય કર્મમાં. ૨ ૨**
**તન્દ્રારહિત થૈ જો હું, કદી વર્તું ન કર્મમાં;**
**તો જેનો પાર્થ ! સૌ રીતે, મારે માર્ગે અનુસરે. ૨ ૩**
**ને નષ્ટ થાય આ લોકો, જો હું કર્મ કરું નહિ;**
**સંકરનો બનું કર્તા, ને રખે આ પ્રજા હણું ! ૨ ૪**

(વળી હે પૃથાના પુત્ર) પાર્થ ! (જગતના લોકોમાં આ એક સામાન્ય રીતિ હોય છે, કે સૌ હરેક પળે પોતપોતાની સમજથી કર્તવ્ય અકર્તવ્યને વિચારી શકતા નથી, તેઓ તો માત્ર એટલું જ જુએ છે કે મહાપુરુષો કયે માર્ગે જાય છે, એ જોઈને એ માર્ગે ચાલવા માંડે છે. આમ) શ્રેષ્ઠ પુરુષો જે જે આચરણ કરે છે, તે તે જ અન્ય (સામાન્ય) લોકો પણ આચરે છે. મોટા પુરુષો જે વાતને પ્રમાણ કરીને માને છે, તેને લોકો (પણ પ્રમાણ-માનીને) અનુસરે છે.

આમ હોઈને જ પાર્થ ! (હું ક્રિયા કર્મમાં પ્રવર્તી રહ્યો છું નહિ તો) ત્રણ લોકમાં મારે કોઈ કર્તવ્ય-કરવા જેવું-કર્મ છે જ નહિ. (તે જ રીતે કોઈ) પામવા યોગ્ય વસ્તુ ન પામ્યો હોઉં એમ પણ નથી, છતાં હું કર્મમાં પ્રવર્તું છું.

કારણ, જો હું તન્દ્રારહિત થઈને કર્મમાં પ્રવૃત્ત ન રહું તો લોકો તો બધી રીતે મારા વર્તનને જ અનુસરે (એટલે કે બધા એદી અને આળસુ થઈ જાય !)

(અને જો એમ થાય તો જગતમાં અવ્યવસ્થાનું જોર જામે. એટલે તો હું જ એ)

---

× અહીં "નઞ્ તત્પુરુષ" સમાસમાંથી એક નકાર નીકળે છે અને બીજો 'ન' અવ્યય છૂટો છે, એટલે બે નકારનો 'હકાર' અર્થ કાઢ્યો છે.

અવ્યવસ્થાનો કર્તા બની જાઉં અને (એ પ્રમાણે) આ પ્રજાને રખે હણી નાખું ! (એટલે કે અવ્યવસ્થાને લીધે પ્રજાનો જે હ્રાસ થાય તેનો હું જ નૈમિત્તિક બની જાઉં !

નોંધ : જૈનસૂત્રોનો સમદૃષ્ટિ પુરુષ એ ગીતાનો શ્રેષ્ઠ પુરુષ છે. આ રીતે મહાત્મા કૃષ્ણ જેમ જૈનસૂત્રોના મહાપુરુષ છે, તેમ ગીતાના ભગવાન છે જ. ઉપરના શ્લોકોમાં તેઓ પોતાની જવાબદારી તથા જગતના લોકોની મનોદશા બતાવીને પણ કર્મયોગનું પ્રતિપાદન કરે છે.

ક્ષાયિક સમકિતી પુરુષને આત્મસાક્ષાત્કાર હોઈને હવે એને લોક સંબંધી લૌકિક કોઈ વસ્તુ મેળવવા જેવી બાકી રહી હોય એમ લાગતું નથી. સારાંશ કે "જેણે આત્મા જાણ્યો, તેણે સર્વ જાણ્યું" અને "જેણે આત્માને માણ્યો તેણે સર્વ માણ્યું" એમ હોઈને એ દૃષ્ટિએ ક્રિયાની જરૂર નથી, છતાંય એ અપ્રમત્તપણે કર્મ આચર્યે જ જાય છે. કારણ કે લોકો એવા પુરુષ પ્રત્યે ભારે શ્રદ્ધા અને પ્રેમ ધરાવતા હોય છે એટલે એના આચરણને અનુસરે એ સ્વાભાવિક છે.

આપણે અગાઉ જોઈ ગયા કે ઋષભદેવ ભગવાને યુગાદિમાં લોકોને કર્મમાર્ગ બતાવ્યો એમ જૈન આગમો બોલે છે. આળસ મરડવા સરખાય રોકાયા વિના એ પ્રેરતા હતા. પછી એમણે ત્યાગ ગ્રહણ કરીને ત્યાગનો આદર્શ જગતને પૂરો પાડયો અને છેવટે નિર્મોહ થયા ત્યારે અનાસકિત પામીને ઉદય પ્રયોગે વિચરી છેલ્લો આદર્શ પૂરો પાડી મોક્ષ સાધ્યો. આ રીતે જેમ જૈનસૂત્રો કહે છે કે તીર્થંકર પુરુષોના જીવનની એક પણ ક્રિયા એવી હોતી નથી કે જેમાંથી વિશ્વને આદર્શ ન મળે. શ્રીકૃષ્ણ મહાત્મા પણ એ જ કહે છે.

અનુકરણ કરવાનો સામાન્ય રીતે મનુષ્ય સ્વભાવ છે, એમ પણ ગીતાકારે કહ્યું, તે આપણે જાતે પણ અનુભવ્યું છે. અનુકરણ કરવાનો સ્વભાવ એ મૂળે તો સદ્દગુણ છે, પણ વિવેક ન રહે તો એ અંધ અનુકરણ થઈ જાય છે. એટલે સમદૃષ્ટિ પુરુષોની ફરજ છે કે મનુષ્યોના એ સદ્દગુણને પોતાની જીવનચર્યાદ્વારા પ્રેરણા આપવી. આથી એ અનુકરણમાં વિવેક અને વ્યવસ્થા બંને ભળે છે અને જગત તંત્ર શાંતિપૂર્વક ચાલે છે. સહુ પોતપોતાના કર્મધર્મમાં અગાઉ કહ્યું તેમ અનુરકત રહીને વિકાસ સાધે છે. આ પરથી એ સહેજે ફલિત થાય છે કે જો એવા મોટા પુરુષો બીજાના આ જાતના સહજે થતા કલ્યાણ અર્થે પણ આત્માને અબાધક એવી શુદ્ધક્રિયા-સત્પ્રવૃત્તિ ન આચરે તો જગતની અવ્યવસ્થા વધે અને અવ્યવસ્થા વધે એટલે અહિંસાના, વિશ્વવત્સલતાના કે વિશ્વપ્રેમના સિદ્ધાંતમાં ગાબડું પડે

અને જગતમાં અશાંતિ વધી જાય. પ્રજાકીય સંસ્કૃતિની-હિંસા એ બીજી બધી સ્થૂળ હિંસાઓ કરતાં મોટી હિંસા છે, કારણ કે પ્રજાના સ્થૂળ દેહના સર્જકો તો અનંત નીકળશે, પણ પ્રજાની સંસ્કૃતિના ઘડવૈયાઓ તો આંગળીને વેઢે ગણાય તેટલા અને તે પણ ઘણે લાંબે ગાળે અને તે પણ ઘણા ક્ષેત્રોના ફાળા વચ્ચે જન્મશે. આ રીતે પણ સત્પ્રવૃત્તિ આચરણીય છે. છેવટની વિદેહી દશાને પામેલા પુરુષોની સહજ રીતે જ સત્પ્રવૃત્તિ થાય છે, એમાંથી આપોઆપ લોકસેવા ફળે છે. પણ સમદષ્ટિ પુરુષોએ તો અપ્રમત્ત રીતે પ્રેરાઈને પણ સત્પ્રવૃત્તિ આચરવી જોઈએ.*

**सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत ।**
**कुयाद्विद्वांस्तंथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥ २५ ॥**
**न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।**
**जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥ २६ ॥**

**કર્મે આસકત અજ્ઞાની, કરે છે જેમ ભારત !;**
**તેમ જ્ઞાની અનાસકત, કરે લોક હિતેચ્છુક. ૨૫**
**કર્મે આસકત અજ્ઞોનો, બુદ્ધિભેદ ન પાડવો;**
**આચરી યુકતજ્ઞાનીએ, સૌ કર્મો અચરાવવાં. ૨૬**

(પ્યારા ભારત ! નિયત કર્મમાં સમજ ન પડે તો યજ્ઞાર્થ કર્મ આચરવાનું મેં કહ્યું. શાસ્ત્રવિહિત કર્મ કે વર્ણાશ્રમનાં કર્તવ્ય કર્મો કરવા પાછળ પણ એ જ રહસ્ય છે, છતાં બીજા અધ્યાયમાં હું કહી ગયો છું તે દષ્ટિએ પણ કર્મ કરવામાં હરકત નથી. કદાચ અહીં તને શંકા થાય કે, "જો જ્ઞાની અને અજ્ઞાની બંને કર્મ કરે તો તે બંને વચ્ચે ફેર શો રહ્યો ?" પૃથા પુત્ર ! આ શંકાનું સમાધાન સ્પષ્ટ જ છે. જ્ઞાની અને અજ્ઞાનીનું માપ તો એ બંનેનાં અંતરંગ પરિણામ (ભાવ) ઉપરથી નીકળે છે; માત્ર બાહ્યક્રિયા પરથી નહિ ! માટે જ હવે તને કહું છું કે) ભારત ! કર્મમાં આસકત થઈને અજ્ઞાનીઓ જેમ કર્મ કરે છે, તેમ લોકસંગ્રહ કરવાની ઈચ્છા રાખી જ્ઞાનીએ અનાસકતભાવે કર્મો કરવાં જોઈએ !

(વળી હે અર્જુન !) કર્મમાં આસકત એવા અજ્ઞાનીઓમાં બુદ્ધિભેદ ન

* જૈન આગમો માંહેલા શ્રીકૃષ્ણ વાસુદેવ અને મહાભારત, ભાગવત અને છેવટે ગીતાજી માંહેલા શ્રીકૃષ્ણ મહાત્માના જીવનના સ્થૂળ કલેવરમાં અલબત્ત મોટું અંતર છે. પરંતુ અંતરંગ જીવન સર્વ સ્થળે આબેહૂબ મળતું છે. જૈન આગમો પણ શ્રીકૃષ્ણ મહાત્માનું સમદષ્ટિપણું અને લોકવત્સલતાને કારણે તેઓને આગામી ચોવીસીના તીર્થંકર તરીકે સ્વીકારીને પ્રભુ તરીકે પૂજાપાત્ર ઠરાવે છે. વૈદિક ગ્રંથોના તો એ પ્રભુ છે જ. આ રીતે તેઓ સત્પ્રવૃત્તિકાર હતા જ, પણ એમની સત્પ્રવૃત્તિમાં શી વિશેષતા હતી તે હવે ગીતાકાર કહે છે :-

ઉપજાવતાં (ન ઊપજે એવી કાળજી રાખીને) વિદ્વાન એવા યોગીએ (જાતે) સર્વ કર્મો આચરતાં આચરતાં (અમને પણ એ માર્ગે) પ્રેરવા જોઈએ !

**નોંધ :** અજ્ઞાનીનો અને જ્ઞાનીનો ફેર એટલો કે અજ્ઞાની આસક્તિપૂર્વક કર્મ આચરે છે. એથી એનું કર્મ આત્મમુક્તિ લાવવાને બદલે આત્મબંધન ઊભાં કરે છે, તેમજ લોકપ્રેરક થવાને બદલે લોકબાધક બને છે. જ્યારે જ્ઞાનીનું કર્મ અનાસક્તિમય હોઈને એમાં આત્માનું અને જગતનં એકમાત્ર કલ્યાણ જ થાય છે." ગીતાકારની આ વાત ગળે ઊતરી જાય તેવી છે. આપણે પોતે પણ જે ક્રિયાની પાછળ અનાસક્તિ જાળવી શકીએ છીએ, તે ક્રિયા સાદી કે સામાન્ય હોય તોય આપણને ખૂબ સંતોષદાયક નીવડે છે. જગતને પણ એ ક્રિયા બોજારૂપ નથી થતી, ઊલટી જગત પક્ષેય એ પ્રેરક અને સંતોષપ્રદ બને છે. પણ જ્ઞાન વિના અનાસક્તિ ઊગે નહિ. જૈન સૂત્રો પણ એમ જ કહે છે.

જૈનસૂત્રોમાં 'લોકસંગ્રહ' શબ્દ ભલે ન દેખાય, પણ એમાં રહેલો સ્થવિરકલ્પી મુનિ, એ ગીતાનો યોગયુક્ત વિદ્વાન જ છે. જૈન સંઘના બંધારણમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ બંને આશ્રમોના સાધકોને સાંકળી લીધા છે. ઉપરાંત ચારે વર્ણોના લોકોનો એમાં સમાવેશ છે, એટલે આપોઆપ લોકસંગ્રહ થાય જ છે. હા, એટલું ખરું કે જૈન સૂત્રો સાફ સાફ કહે છે કે "તું આત્મા તરફ જોજે; જગત તરફ ન જોઈશ." ગીતાકારે પણ ઉપરના છવ્વીસમા શ્લોકમાં એ જ વાત કહી દીધી કે "તું કર્મસંગી અજ્ઞાનીઓમાં બુદ્ધિભેદ ન જન્માવીશ, માત્ર તારા સિદ્ધાંતભણી નજર રાખી કામ કર્યે જજે, એટલે એ લોકોને આપોઆપ તારા ભણી આવવાની પ્રેરણા થશે." લોકસેવકોએ દેશસેવકોએ કે સમાજસેવકોએ આ વાત બહુ કાળજીપૂર્વક ધારી રાખવાની છે. તેઓ જ્યાં જ્યાં પાછા પડે છે, ત્યાં ઉપર બતાવેલી ગીતાકારની અમૂલ્ય શિખામણનો અનાદર જ મૂળ કારણરૂપે હોય છે; પછી એ શિખામણનો અનાદર જોઈએ તો એમણે ઈરાદાપૂર્વક કર્યો હોય કે અજાણતાં કર્યો હોય ! અવશ્ય એ શિખામણ કડવા ઓસડ જેવી છે ખરી; પરંતુ જેમને ખરે માર્ગે જવું છે એમને એ ઘૂંટીને પીધા વગર છૂટકો જ નથી. સિદ્ધાંતના આગ્રહને બદલે અથવા સત્યના આગ્રહને બદલે માત્ર "અમુક થવું જ જોઈએ" એવા કાર્યનો આગ્રહ લોકોમાં બુદ્ધિભેદ જન્માવે છે. લોકોમાં શાંતિને બદલે અશાંતિ ઊભી કરે છે, પક્ષાપક્ષી વધારે છે, હિંસક સાધનોનો આશ્રય લેવડાવે છે, અને આખરે સેવકને પોતાને પણ નિરાશ થવું પડે છે. ખરું પૂછો તો ઊંડે ઊંડે સેવકમાં કોઈ નામનાની કે કામનાની આડખીલ પડી હોય છે, ત્યારે જ આવું બને

છે. આથી ઊલટું જે જ્ઞાની અનાસક્ત કર્મયોગી હોય છે, તે સિદ્ધાંત પ્રત્યે જ અંતપર્યંત મુસ્તાક રહે છે. જો કે કર્મસંગી આસક્ત અજ્ઞાનીજનો એમનો જબ્બર વિરોધ કરે છે, પરંતુ આવો સાધક પોતાના પક્ષમાં સિદ્ધાંત સિવાય કોઈને નથી લેતો એટલે પક્ષાપક્ષી થતી નથી, હિંસક હુમલા થતા નથી. અને થાય તો પણ એ જાતે જ હોમાવા તત્પર હોય છે એટલે ખુનામરકીનો સંભવ જ રહેતો નથી. વળી એ બૌદ્ધિક દલીલોને માત્ર દલીલો ખાતર વાપરતો નથી. તે એવું હિંસક બોલતો કે લખતો પણ નથી કે જેમાં એવા લોકોનો બુદ્ધિભેદ થાય. ગીતાકાર લોકસંગ્રહ માટે પણ આવા પુરુષને જ પસંદ કરે છે. ભલે એ ધમધમતા જુવાળવાળી લોકજાગૃતિ ઝટ ન લાવી શકે, પણ એ થોડું કરશે તો પણ એવું નક્કર કરશે કે જેને વર્ષો પર્યંત લોકો કેવળ શ્રદ્ધાપૂર્વક અનુસર્યા કરે તોય હાનિ ન થાય. આવા પુરુષના વિરોધકોના દિલમાં પણ એ પુરુષનું સ્થાન હશે જ. એથી ઘણા વિરોધીઓ એની હયાતીમાં જ એને ચાહતા થશે અને કેટલાક ભલે પાછળથી થશે, પણ એમના હૈયામાં પણ એ પુરુષના સદ્દગણો પ્રત્યે સન્માન તો રહેશે જ. જગતની મોટામાં મોટી સેવા તે આ છે. જેઓ ઉશ્કેરાટને જ પ્રગતિ માનનારા છે, તેઓ તો બુદ્ધિ-ભેદને જ જન્માવવાના નિમિત્તરૂપ થઈ પડે છે.

બુદ્ધિભેદ જન્માવવો એ આત્મઘાત કરાવવા બરાબર છે. દેહઘાત કરાવવાના પાપ કરતાં આત્મઘાત કરાવવાનું પાપ અતિ ભયંકર છે. કારણ કે મનુષ્યના અંતરમાંથી જે સત્યનું ઝરણું નીકળે છે, તેને એ (બુદ્ધિભેદનો દોષ) સૂકવી નાખે છે. જેનો બુદ્ધિભેદ થાય છે, તેનો આત્મા જ શંકાશીલ બની જાય છે અને તે મોક્ષમાર્ગ માટે અપાત્ર ઠરે છે. જૈન સૂત્રોમાં બુદ્ધિભેદવાળાને અભવ્ય જીવો કહ્યા છે અને એવી બુદ્ધિભેદને જન્માવવાની પ્રવૃત્તિ કરનાર ને અગાઉ કહી ગયા તેમ વિરોધક કહ્યા છે. એટલું જ નહિ બલકે મહામોહનીય કર્મના માલિક બતાવી એની અપાર ભીષણતા સમજાવી છે. "આવા દોષથી બચવા ઈચ્છનાર સમદૃષ્ટિ પુરુષે, બીજાઓ પોતાના સત્યને વળગે જ એવો મોહભર્યો હઠાગ્રહ ન રાખવો. વટાળવૃત્તિથી તો સો ગાઉ દૂર રહેવું. વાણીનો પણ અતિ વ્યય ન કરવો. નામ જુદાં હોવા છતાં, ભાવે તો સહુ એક જ છે, એટલે સૌ ભલે પોતાને ઈષ્ટ લાગે એને ભજે, પોતાને જે સહેજે મળ્યો તે ધર્મને પણ ભલે ભજે. સમદૃષ્ટિપુરુષ માત્ર પોતાના સૂઝેલા સત્યને બરાબર વફાદાર રહે. વર્તન, વાણી અને વિચાર એક સરખાં રાખે. નમ્ર અને નિખાલસ રહે. આમ સત્ય-આચરણ દેખીને લોકો તો જરૂર ખેંચાવાના જ છે, એટલે એવા શ્રદ્ધાળુ જનોને પોતાની સમદૃષ્ટિ બરાબર

જાળવી લાલચથી લોભાયા વગર અને આફતથી અકળાયા વગર પ્રેરણા આપ્યા કરે. આમ વર્તવાથી એના દ્વારા અજ્ઞાની આસક્તોને પણ જ્ઞાની અનાસક્ત કર્મયોગી બનવાનું પ્રબળ નિમિત્ત કારણ મળી રહે છે. આ જ જીવનવિકાસ અને જગદુદ્ધારાનો અજોડ માર્ગ છે આવું મહાસૂત્ર, ગીતાકારના સંક્ષિપ્ત સૂત્રમાંથી આપણે કાઢી શકીએ છીએ. જૈન સૂત્ર શ્રી આચારાંગ અને શ્રી સૂયગડાંગમાં સૂત્રકારે, સાધકને અને વક્તાને આવી જ શિખામણ આપી છે. પણ અર્જુનને પ્રશ્ન એ થાય છે કે 'પોતે કર્મ કરવાં, એટલું જ નહિ પણ આપે કહ્યું કે અનાસક્ત ભાવે કરવાં. કારણ કે કર્મફળ દેહધારીના અધિકારની વસ્તુ નથી, એ તો સમજાય છે, પણ પોતાનાં કર્મ જ્યારે બીજાઓને પ્રેરક થાય, ત્યારે લોકો તો વાહવાહ બોલવાના અને વિરોધીઓ નિંદા પણ કરવાના. તો એ બધું કેમ બરદાસ્ત કરવું ? વળી અજ્ઞાનીઓની બુદ્ધિને ડામાડોળ કર્યા વિના જ્ઞાની એમને શી રીતે પ્રેરી શકે ? એના ઉત્તરમાં મહાત્મા કૃષ્ણ કહે છે :-

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वश :।**
**अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ २७ ॥**
**तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।**
**गुणा गुणेषु वर्तते इति मत्वा न सज्जते ॥ २८ ॥**
**प्रकृतेर्गुणसंमूढाः सज्जंते गुणकर्मसु ।**
**तानकृत्स्नविदो मंदान्कृत्स्नविन्न विचालयेत् ॥ २९ ॥**

**કરાતાં કર્મ સૌ રીતે, પ્રકૃતિના ગુણો થકી;**
**વિમૂઢાત્મા અહંકારે, "કર્તા હું" એમ માનતો. ૨૭**
**તત્ત્વજ્ઞ તો મહાબાહુ ! ગુણ કર્મ જુદાં જુએ;**
**"ગુણોમાંહે ગુણો વર્તે", એમ માની ન ચોંટતો. ૨૮**
**પ્રકૃતિના ગુણે મૂઢો, રાચે છે ગુણકર્મમાં;**
**તેવા મંદ અધૂરાને, પૂર્ણજ્ઞે ન ચળાવવા. ૨૯**

(પ્યારા અર્જુન !) બધા પ્રકારે (તું જો.) કર્મ (માત્ર) પ્રકૃતિના ગુણો (ની સહાય)થી જ કરાય છે. (જે દેહધારી એમ માને છે કે આ હું કરું છું કે આ મેં કર્યું છે, તે માત્ર એની અહંતા અને મમતાને લીધે જ છે. પ્રકૃતિના ગુણોમાં આસક્ત થયેલો જે આત્મા વિમૂઢ થાય છે એ) વિમૂઢાત્મા અહંકારને લીધે, કર્તા હું છું એમ માને છે.

હે મહાબાહુ ! તત્ત્વજ્ઞ તો ગુણ અને કર્મના ભેદનું રહસ્ય સમજતો હોવાથી 'ગુણોમાં જ ગુણો વર્તે છે' એમ માની આસકત થતો નથી. (પરંતુ હે કૌંતેય ! ઉપર કહ્યું તેમ જે કર્મનો કર્તા થયો, તે ગુણમાં મોહાય જ છે) અને જે પ્રકૃતિના ગુણોમાં મુગ્ધ બનેલા છે, તેઓ ગુણ કર્મમાં (કે જે મૂળે આત્માથી ભિન્ન છે, તે બંનેમાં) આસકત થાય છે. (આનું કારણ શિથિલતા-શકિતની હીનતા-અને જ્ઞાનનું અધૂરાપણું છે. માટે હું ફરીને કહું છું કે) પૂરા જ્ઞાનીએ, એવા મંદ અને અધૂરાઓને અસ્થિર ન કરવા.

**નોંધ :** આ ત્રણે શ્લોકમાં શ્રીકૃષ્ણે અર્જુનને થયેલી શંકા ટાળી નાખી. "ગુણોને આધારે કર્મ છે, અને ગુણો મૂળે પ્રકૃતિના-માયાના છે. એટલે આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપને અને ગુણકર્મને કશું લાગતું વળગતું નથી.*" 'આટલું તત્ત્વ જે જાણે છે, તે જેમ વિષયાસકત થતો નથી, તેમ કર્મને લીધે જન્મતી નિંદા પ્રશંસાની લોકવાયકાથી પણ ચલિત થતો નથી. અને એમ હોઈને એવા પુરુષનાં કર્મ બીજાને પ્રેરક બનવા છતાં એ કર્મ વિષે પણ એનું કર્તાપણાનું અભિમાન ન હોવાથી લોકો એને અનુસરે વા ન અનુસરે, એટલું જોવા પણ એ થોભતો નથી. એટલે અજ્ઞાનીની બુદ્ધિને ડામાડોળ કર્યા વિના એ એમને પ્રેરી શકે છે. કારણ કે અજ્ઞાની અને આસકત એવા લોકોને પણ જ્યારે એમ લાગે છે કે આ પુરુષને કોઈ ખૂણે પણ હઠ કે સ્વાર્થ નથી, એટલે તેઓ આપોઆપ એની પાછળ વહેલામોડા વધુ ભાવપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક પ્રેરાય છે. પહેલાં એકાએક તેઓ આવા નિઃસ્વાર્થી, અનાસકત અને જ્ઞાની પુરુષને સમજી શકતા નથી એનું કારણ એ છે કે તેઓ જ્ઞાનમાં અધૂરા હોઈને મંદ હોય છે. જ્ઞાનીમાં તો પૂર્ણ જ્ઞાન હોઈ એ એક પદાર્થને ચોમેરથી, બધી અપેક્ષાથી તપાસી શકે છે. વળી એ ભેદ-વિજ્ઞાનનો જ્ઞાતા હોઈને મધ્યસ્થ રહી શકે છે. કોઈ એને ગમે તેવી ચળાવવાની પ્રવૃત્તિ કરે તોય ચળતો નથી, પણ અધૂરા જ્ઞાનીની સ્થિતિ એવી હોય છે કે તે એક વસ્તુના અમુક પર્યાયોને જ જોઈ સમજી શકે છે, એટલે એનું ક્ષેત્ર સાંકડું બની ગયું હોય છે. વળી એવા અજ્ઞાનને લઈને તે સાંકડા વર્તુલમાં આસકત પણ થઈ ગયા હોય છે. એથી જરા નિમિત્ત મળે કે તુરત એ નિમિત્ત વશ બની મૂળ મુદ્દાથી ચલિત થઈ જાય છે, અને એની બુદ્ધિ ડામાડોળ થાય છે. જ્ઞાનીએ તો આવા લોકો ઉપર વધુ પ્રેમાળ રહેવાનું છે. એમનું આવું માનસ સમજીને તેમની બુદ્ધિ જે મૂળથી જ ચંચળ હોય છે એને પોતાને નિમિત્તે ચંચળ કરાવવાને બદલે સ્થિર કરાવવાની હોય છે. આથી

* માત્ર વિકાસ અર્થે જ સાત્ત્વિકગુણ અને સત્કર્મ ઉપયોગી થાય છે તે જુદી વાત છે.

તેવો પૂરો જ્ઞાની આવી બાબતમાં તો ખૂબ જ ચેતતો રહે. એને એ ખ્યાલ તો પહેલો જ રાખવાનો કે લોકોની બુદ્ધિ કેમ સ્થિર બને ? આ ખ્યાલ રાખતાં ભલે લોકો જલદી પોતાના સત્ય દર્શનને ન ઝીલી શકે, તો પણ એની કંઈ ચિંતા નહિ. એ પાત્રતા તૈયાર નહિ હોય, તો સત્યદર્શન ઝીલાયા પછી પણ સ્થિર રહેવાનું નથી. એટલે પ્રથમ લાભ બહોળો દેખાય, તોય પરિણામ સંતોષજનક નથી. જ્યારે પાત્રતા તૈયાર કરાવવાના નિમિત્ત બનવામાં પ્રથમ તકે લાભ ભલે ઓછો દેખાય, તોય પરિણામ પૂર્ણ સંતોષજનક છે, માટે જ્ઞાનીએ આવા લોકોને કોઈ પણ સંયોગોમાં અસ્થિર ન બનાવવા."

ગીતાકારનો આ ધ્વનિ વિશાળ લોકમાનસના તલસ્પર્શી અભ્યાસનું ફળ છે એમ આપણે સહેજે સમજી શકીશું.

જૈન સૂત્રોનો પણ આ જ અવાજ અગાઉ સાંભળી ગયા છીએ. અહીં એટલું ઉમેરવાની જરૂર છે કે ગીતાકાર સાંખ્ય પરિભાષાનો જ્યાં પ્રકૃતિ શબ્દ વાપરે છે, ત્યાં જૈન સૂત્રો ભાવકર્મ શબ્દ વાપરે છે. ભાવકર્મથી જ દ્રવ્યકર્મ અને સંસારાસક્તિ છે. એટલે જ આત્મા મૂળે અક્રિય હોવા છતાં સક્રિય બને છે. અને એ રીતે કર્તા બનવાથી ભોક્તા બને એ સ્વાભાવિક છે. આ દૃષ્ટિએ જૈન આગમો

अप्पा कता विकताय सुहाणय दुहाणय ।

સુખોનો અને દુઃખોનો આત્મા કર્તા છે અને ભોક્તા છે એ આગળ વાત કહી છે. હવે એ કહેવાની જરૂર નથી કે આ આત્મા બહિરાત્મા જ કહેવાય. અંતરાત્મા અને પરમાત્માની દશા તો કર્મના લેપ વગરની જ છે. એટલે એ રીતે 'પ્રકૃતેઃ ક્રિયમાણાનિ' એ વાત ઘટી જાય છે. વસ્તુતઃ એના શુદ્ધ સ્વરૂપને કર્તાભોક્તા-પણાનો કશો જ લેપ નથી. આ વાત સમયસરના કર્તા જૈનાચાર્યે સુંદર ઢબે સમજાવી છે. જેને કર્મ અને આત્મા જુદાં છે, એવું ભેદ-વિજ્ઞાન થયું તે સુકવિ બનારસીદાસજીના શબ્દોમાં કહીએ તો "શિવમાર્ગમાં ખેલી રહ્યો હોય છે એ લગારે આસક્ત થતો નથી. સ્વાર્થ અને પરમાર્થ બંનેનો સુમેળ એના જીવનમાં હોય છે. કરોડો વિરોધો વચ્ચે પણ એ કોઈની વિરુદ્ધ જતો નથી, એની બુદ્ધિ પરભાવિમાં જતી નથી." આમ હોવાથી એ નથી ચળતો કે નથી કોઈને ચળાવતો. અજ્ઞાન, શિથિલ અને આસક્ત જનોમાં પણ પોતે જ્ઞાની, મહાપુરુષાર્થી વીર અને અનાસક્ત રહે છે.

સારાંશ કે નટ દોરી પર નાચતો જાય છે; છતાં લક્ષ્ય ચૂકતો નથી. કેટલાક

લોકો એના કામને વખાણી તાળીઓ પાડે છે અને કેટલાક એના કામને વખોડી હસી કાઢે છે; છતાં એ જેમ લક્ષ્ય ચૂકતો નથી, અને કામ પણ છોડી દેતો નથી તે જ પ્રકારે સમદષ્ટિ જ્ઞાનીએ પોતાપક્ષે અને જગતપક્ષે આટલું સાવધાન રહેવાનું છે અને છતાં પોતાનું ધ્યેય જાળવી કામ તો કર્યે જ જવાનાં છે. અર્જુનને આટલી સાવચેતી રાખવી પોતાની ભૂમિકા જોતાં બહુ કઠણ લાગે તે સ્વાભાવિક હતું. કારણ કે તે સુપાત્ર હતો, વીર હતો, પણ હજુ આવી દ્વિમુખી સાવચેતી માટે જે બુદ્ધિની સ્થિરતા સમતા જોઈએ તે એનામાં ન હતી, એટલે મહાત્મા શ્રીકૃષ્ણે એને દિલાસો આપતાં કહ્યું :

**मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।**
**निराशीनिर्ममो भूत्वा युद्धयस्व विगतज्वरः ॥ ३० ॥**
**ये मे मतभिदं नित्यमनुतिष्ठंति मानवाः ।**
**श्रद्धावंतोऽनसूयंतो मुच्यंते तेऽपि कर्मभिः ॥ ३१ ॥**
**ये त्वेतदभ्यसूयंतो नानुतिष्ठंति मे मतम् ।**
**सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ॥ ३२ ॥**

**હુંમાં સૌ કર્મ છોડીને, આત્મલક્ષીય ચિત્તથી;**
**આશા, મમત્વ ને તાપ, તજીને યુદ્ધ તું કર. ૩૦**
**મારા આ મતની રીતે, વર્તે જે માનવો સદા;**
**અસૂયાહીન શ્રદ્ધાળુ, તેય કર્મો થકી છૂટે. ૩૧**
**મારા મતે ન વર્તે જે, અસૂયાવંત એ પ્રતિ;**
**તે સર્વ જ્ઞાનમૂઢોને, જાણવા નષ્ટ ને જડ ૩૨**

(અર્જુન ! ગભરાઈ ન જા. હું સમજું છું કે તારા જેવા સાધકને આશ્રયની જરૂર હોય છે. તું મને ગુરુ તરીકે માનીને જિજ્ઞાસુ ભાવે દોરવણી માગી રહ્યો છે, એ જોઈ મને સંતોષ ઉપજે છે, પણ તું સર્વસમર્પણભાવે હજુ તૈયાર નથી અને તેથી જ તને મૂંઝવણ પેદા થાય છે. અર્પણતા વિના શિષ્યને સાચો આનંદ મળતો નથી, અને શિષ્યના સમર્પણને ન જીરવી શકનાર ગુરુ ભવસાગરમાંથી બહાર નીકળી શકતો નથી. તને હું ખરે જ કહું છું :) મારામાં સૌ કર્મો સમર્પી દે ! (એટલે કે જેમ એક કર્તવ્યશીલ મુનીમ, શેઠની વતી કામ કરે છે, તેમ કર. એમ કરવાથી કામનો ઉત્સાહ તાજો જ રહેશે અને ફળની આશા તથા કાર્ય પરની મેલી મમતા તને નહિ

પીડે,) અને (એ રીતે) આશા અને મમતાથી વિહૂણો થઈ તું જરાય સંતાપ રાખ્યા વગર (લડી શકીશ, માટે એવી દશા પામી) યુદ્ધમાં યોજાઈ જા (આમ કર્મ કરવાથી કર્મ બંધનથી છૂટીને મનુષ્ય, મોક્ષ અવશ્ય પામી શકે છે.)

(પણ હે ભારત ! મારામાં સમર્પણ કરવું એટલે પુરુષાર્થહીન થવું એવું તું રખે સમજતો. કેટલાક લોકો ગુરુનું શરણ સ્વીકારી ગુરુનું ભજન-સેવન કરે છે, પણ સદ્‌ગુરુના અભિપ્રાયે આચરણ કરતા નથી. એ તો બંને ચૂકે છે. એટલે જ હું તને એ પણ કહી દઉં છું કે 'મારામાં કર્મ સમર્પવા એનો અર્થ એ કે મારા અભિપ્રાયને સામે રાખીને કર્મ આચરવાં આવું આચરણ કરનાર સદ્‌ગુરુથી દૂર ભલે હોય તોય તરી જાય છે. મારા અનુયાયીઓને માટે પણ એમ જ તારે સમજવું એટલે કે) જે માણસો મારા મત પ્રમાણે હમેશાં વર્ત્યા કરે છે, અને પાછા જેઓ કાયમ શ્રદ્ધાવંત રહે છે, તેમજ અસૂયા કરતા નથી તેઓ પણ (મારાથી સ્થૂળ રીતે છેટે હોવા છતાં) અવશ્ય કર્મ (બંધનો) છૂટે છે. (અને એથી ઊલટું) ઉપરના મારા મત પ્રત્યે અસૂયા રાખીને (એટલે કે-નકામાં ચેડાં કરીને-ખોટા દોષો કાઢીને) જેઓ એ પ્રમાણે નથી વર્તતા તે સર્વજ્ઞાનમાં મૂંઝાયેલા (પોતાને જ સર્વજ્ઞ માનનારા)ઓને અચેતનવાળા અને મુડદાંરૂપ જ તું જાણી લે. (કારણ કે તેઓ નામથી તો મને ભજે છે, પણ એ ભજનને અમલી સ્વરૂપ આપતા નથી, એટલે સાચું જીવન કે ખરું ચૈતન્ય એમાં પ્રગટતું નથી. પછી ભલેને સ્થૂળ રીતે મારી પાસે રહેતા હોય, તોય એ ખરી રીતે તો છેટા જ છે.)

**નોંધ :** "સમતાયોગ સાધીને લડ" એમ અ.૨.૩૮મા શ્લોકમાં ગીતાકારે કહ્યું હતું. વળી બુદ્ધિની સમતા આવ્યા વિના શુભાશુભ બંને બળો જીતવાં અશક્ય છે. માટે કર્મકૌશલ્યરૂપ યોગના બીજા પાસામાં જોડાતાં પહેલાં ચિત્તની સ્થિરતા અને બુદ્ધિની સમતા સાધવી જરૂરી છે" એમ પણ કહ્યું હતું. આ ત્રીજા અધ્યાયમાં કર્મયોગનું સચોટ નિરૂપણ કરવાથી હવે અર્જુન એ વિષે (એટલે કે કર્મ કરવાની જરૂર નથી એવા પોતાના અભિપ્રાય વિષે) મક્કમ રહી શક્યો નહતો, પણ ધારે તોય અવલંબન વિના એ પંખી ઊડી શકે તેમ પણ નહોતું, એથી શ્રીકૃષ્ણ મહાત્માએ એને સમર્પણાનો સુંદર માર્ગ અહીં પહેલવહેલો જ દેખાડયો.

શિષ્ય પોતાના સદ્‌ગુરુને પ્રભુ તરીકે માની એના સત્યાનુભવો પ્રત્યે શ્રદ્ધા રાખે એમાં શિષ્યનાં શોભા અને શ્રેય બંને છે. સદ્‌ગુરુનાં શોભા અને શ્રેય એમાં છે કે એ શિષ્યની પોતાપ્રત્યે હૃદયની શ્રદ્ધા ચોંટે એવું નિરપેક્ષ અને આત્મ-રસતરબોળ જીવન જીવે !

અહીં મહાત્મા કૃષ્ણની સદ્ગુરુતા, સદ્ગુરુ યોગ્ય જ હતી. અને અર્જુન બધી રીતે અર્પણ કરી શકે તેવી શિષ્યતાને પાત્ર થવા સમર્થ હતો, એટલે મહાત્મા કૃષ્ણનું કથન વેળાસરનું અને વાજબી ઠરે છે.

પણ સમર્પણ કરનાર શિષ્ય, માત્ર સમર્પણ કરે તેથી કશું જ ન વળે. (૧) પ્રથમ તો એણે સદ્ગુરુનું અવલંબન સ્વીકારવા છતાં ચિત્તને તો આત્મામાં જ પરોવવું જોઈએ. કેટલાક સાધકો સદ્ગુરુના માત્ર શરીર પર જ ગૂંચાઈ જાય છે. એટલે એનો વિકાસ અટકી પડે છે. ભગવાન મહાવીરને પોતાના શિષ્ય ગૌતમ જેવા મહાસમર્થ શિષ્યને પણ, આ બાબતમાં અંતિમ વખતે ચેતવવા પડયા હતા. (૨) સમર્પક ફળની આશા અને કર્મનું મમત્વ પણ છોડવાં જોઈએ.

"હું આમ કહીશ તો સદ્ગુરુ રાજી થશે." એમ સદ્ગુરુને માત્ર રાજી રાખવાની આશા પણ શિષ્યપક્ષે તો બાધક જ છે. અને "આ કામ મેં કર્યું કે આ કામ કે પદાર્થ મારાં છે" એમ માન્યું કે સંતાપ આવ્યો જ છે. એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિથી બચવું હોય, તો આ ખાસ ખ્યાલ રાખવો જોઈએ. જો એમાં જરાપણ કચાશ રહે તો સદ્ગુરુના બીજા અનુયાયીઓ વચ્ચે પ્રેમની સાંકળ તૂટી પડે અથવા સદ્ગુરુના વચન પ્રત્યે અવિશ્વાસ ઉત્પન્ન થાય અને કાં તો સદ્ગુરુનાં વચનો દોષદષ્ટિએ દેખવાની કુટેવ જાગે. એટલે સત્યરૂપી દેવનાં આચરણ ન થાય અને એથી સદ્ગુરુની અમીદષ્ટિ ન પામી શકાય. (૩) જેમ અવિશ્વાસ અને દોષદષ્ટિનો ત્યાગ જરૂરી છે, તેમ શ્રદ્ધા અને ગુણદષ્ટિ પણ ભારે જરૂરનાં છે. ગમે તેવા તોય સદ્ગુરુ દેહધારી હોઈને એમાં તો ગુણદોષ બેય હોય, પણ શિષ્યપક્ષે તો માત્ર શ્રદ્ધા અને ગુણદષ્ટિ જ જરૂરનાં છે. જ્ઞાનીના વચનને જે આચરે છે, તે જ એનો સાચો શિષ્ય છે, પછી ભલે તે ગમે ત્યાં હોય ! આ વાત ભગવાન મહાવીરે નિર્વાણ વખતે પોતાના શિષ્ય ગૌતમને કહી હતી, એવો ઉલ્લેખ શ્રી ઉત. ૧૦મા અધ્યયનમાં છે જે અગાઉ પણ આપણે કહી ગયા છીએ.

ગીતાકારના શબ્દોમાં "જે મત પ્રમાણે ચાલતાં ઘણા સાધકો આગળ વધ્યા હોય, તે મત જ્ઞાનીનો મત સમજવો અને એને આચરવા તત્પર રહેવું. જેઓ એ મતપર નકામો આક્ષેપ કરી પોતાના સ્વચ્છંદે વર્તે છે, તેઓ મહાઅજ્ઞાની છે." એ જ પ્રમાણે જૈન સૂત્રો એને મહામોહનીય કર્મના માલિક અને જ્ઞાનીના વિરોધક ગણી અનંત સંસાર વધારનારા કહે છે. ગીતાકાર જેને 'નષ્ટ અને અચેતનવાળા' કહે છે એને જૈનસૂત્રો અભવી એટલે કે મોક્ષના અનધિકારી ઠરાવે છે. ખરીવાત

પણ એ જ છે કે આત્માવંત હોવા છતાં જાણે એનામાં આત્મા જ કાં ન હોય, એવું જડતાભર્યું એનું જીવન હોય છે, પથ્થર જેવું એનું અંતર હોય છે, સિદ્ધાંત જેવી કોઈ વસ્તુ જ એનામાં ઊગતી જ નથી. જેવી રીતે કળવાળું પૂતળું કળ દબાવાય છે તેમ નાચે છે, તે જ રીતે આવો દેહધારી સંજોગની કળ જેમ દબાય તેમ નાચ્યા કરે છે,

અહીં લગીનો સારાંશ એ કે (૧) કાં તો સાધકે પોતાના આત્મસ્પર્શી અવાજને વફાદાર રહી ઊંચે માર્ગે જવું રહ્યું અને (૨) કાં તો સદ્‌ગુરુને ચરણે સમજ, શ્રદ્ધા, ગુણદૃષ્ટિ વગેરે રાખી સમર્પણ કરી પુરુષાર્થ કરવો રહ્યો. પરંતુ પુરુષાર્થ તો કરવો જ જોઈએ. હવે આટલું અવધાર્યા પછી પણ પરમાર્થ ક્રિયા કરવામાં ય હાલતાં ને ચાલતાં ભૂલો થવાનો તો સાધકને ભય છે જ એમ માની રખે કોઈ અપુરુષાર્થને - અકર્મયોગને- માર્ગે વળી જાય, એટલા ખાતર એ અર્જુનને કહે છે :

**सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।**
**प्रकृतिं यांति भूतानि निग्रहः किं करिष्यति ॥ ३३ ॥**
**इंद्रियस्येद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।**
**तयोर्न वशमागच्छेतौ ह्यस्य परिपंथिनौ ॥ ३४ ॥**

**સ્વપ્રકૃતિ અનુરૂપ વર્તે જ્ઞાનીય એમ જ;**
**પ્રકૃતિગામી છે ભૂતો, ત્યાં તે નિગ્રહ શું કરે ? ૩૩**
**ઈન્દ્રિયને સ્વઅર્થે તો, રાગ-દ્વેષ રહ્યાં જ છે;**
**તે બેને વશ ના થાવું, આત્માના માર્ગશત્રુ તે. ૩૪**

(પ્યારા પૃથા પુત્ર !) ભૂતમાત્ર પ્રકૃતિગામી છે. જ્ઞાની પણ પોતાની પ્રકૃતિને અનુરૂપ વર્તે છે. (જ્યાં આવી જગતની સ્વાભાવિક સ્થિતિ ગતિ છે) ત્યાં (એકલો) નિગ્રહ (ક્રિયાને રોકવાનો બળાત્કાર) શું કરશે ?

(પણ ત્યારે તું કહીશ કે જ્ઞાની પણ પ્રકૃતિ અનુસાર વર્તે છે, અને ભૂતો પણ પ્રકૃતિ અનુસાર વર્તે છે, તો પછી સામાન્ય દેહધારી અને જ્ઞાનીમાં ફેર શો રહ્યો ? કૌંતેય ! ઘણો જ ફેર, અને તે એ કે બીજાં જીવજંતુઓ પ્રકૃતિની સામે થવાની શકિત ધરાવતાં નથી અને એથી જેમ એક કેદી જેલના નિયમો પ્રમાણે વર્તે છે, તેમ વર્તે છે. પરંતુ મનુષ્ય તો પ્રકૃતિની સામે થવાની શકિત ધરાવે છે; છતાં એવા મનુષ્યો પૈકી જે જ્ઞાની હોય છે, તે પ્રકૃતિની સામે ન થતાં પ્રકૃતિને અનુરૂપ

પોતાની પ્રવૃત્તિ નક્કી કરે છે. તે બરાબર સમજે છે કે પ્રકૃતિની સામે થવાથી કશું વળતું નથી એટલે જ પ્રકૃતિની સામે ન થતાં પ્રકૃતિનાં બળો કામ કરે ત્યારે સામાન્ય જીવને જે રાગદ્વેષ થાય છે, તેથી તેઓ દૂર રહી શકે છે, માટે જેમ તેઓ વર્તે છે, તેમ તારે પણ વર્તવું અને આટલો ખ્યાલ રાખવો કે (ઈન્દ્રિયને પોતાના વિષયો પૈકી મનોજ્ઞપદાર્થમાં) રાગ અને (અમનોજ્ઞ પદાર્થમાં) દ્વેષ રહેલાં જ છે, માટે એ બેને વશ ન થવું. કારણ કે આત્માના વાટપાડુઓ તો એ (રાગદ્વેષ) જ છે.

**નોંધ :** "જ્ઞાનીનું સ્વપ્રકૃતિ પ્રમાણે વર્તવું એટલે ફાવે તેમ વર્તવું કે કુટેવોને અધીન રહેવું, એવો એનો અર્થ નથી, પણ (૧) ત્યાગનો માર્ગ અને (૨) ઉપયોગનો માર્ગ, આ બે માર્ગ પૈકી એ પોતે પોતાપક્ષે કઈ પળે કયો માર્ગ આત્મસાધક છે એ વિચારીને વર્તે છે. એ કદી બળાત્કારે ત્યાગનો માર્ગ લેતા નથી, તેમ ઈન્દ્રિયોને બહેકાવી મૂકે તેવો માર્ગ પણ લેતા નથી." આવો શ્રીકૃષ્ણજીનો કથિતાશય આપણે અગાઉ પણ વિચારી ગયા છીએ.

જૈનસૂત્ર ઉ. અધ્યયનના ૩૨ મા અધ્યયનમાં ઈન્દ્રિયોને સમનોજ્ઞ પદાર્થ પર રાગ અને અમનોજ્ઞ પદાર્થ પર દ્વેષ થાય છે, એનું ભારે વિસ્તૃત વિવેચન આપ્યું છે. ગીતાકારે અહીં બહુ સંક્ષેપે છતાં એ જ વાત કહી દીધી. મનુષ્ય પાસે બીજાં ભૂતો કરતાં બુદ્ધિની પ્રબળતા અને શકિતની અધિકતા છે, પણ એ એનો દુરુપયોગ કરે તો બીજાં ભૂતો કરતાં એની ભારે બૂરી ગતિ થાય છે અને સદુપયોગ કરે તો મોક્ષ (કે જે બીજાં ભૂતોના દેહે સધાવો મુશ્કેલ છે તે) પણ સાધી શકે છે. અહીં ગીતાકાર નિગ્રહનો નિષેધ કરે છે. જૈનસૂત્રો તો આવા બળાત્કાર ભર્યા નિગ્રહનું ફળ બહુ બહુ તો કર્મની અકામ નિર્જરા થાય એમ બતાવે છે, પણ કર્મની અકામનિર્જરા (એટલે કે અજ્ઞાનથી કર્મો ખરે તે)થી મોક્ષ પ્રાપ્તિ કદી થઈ શકતી નથી એમ ભાર દઈને કહે છે. પોતાપક્ષે બળાત્કારભર્યા નિગ્રહનું આ પરિણામ છે, જ્યારે પરપક્ષે બળાત્કારભર્યા નિગ્રહનું પરિણામ તો એકલું અનિષ્ટકારી છે, કારણ કે એથી અંતરાય કર્મનો બંધ થાય છે. સારાંશ કે મોક્ષ માટે નિગ્રહ નિરુપયોગી ઠરે છે. એ માર્ગે લાભ થોડો છે; હાનિ ઘણી છે. દા.ત. ઓરડીમાં એક દિવસ પુરાયો અને એ પરાણે ભૂખ્યો રહ્યો, તેથી એ માણસને 'ચોવીસ કલાક ભૂખ્યા રહી શકાય છે' એવા વિશ્વાસનો થોડો લાભ થયો ખરો, પણ એનું મન તો ખાવામાં જ રહ્યું, એટલે એનું અકરાંતિયાપણું વધ્યું અને કુવિકલ્પોથી ચંચળતા વધી, તે મોટો ગેરલાભ થયો. આથી સંયમ ન કરવો એમ તો નહિ જ, પણ

સંયયમાં સંસ્કૃત રસની લિજ્જત મળે તેમ સંયમીએ ઈન્દ્રિયસંયમ સાથે મનનું પણ ઘડતર કરવું જોઈએ. આનું જ નામ તે જૈનસૂત્રોનું ચારિત્ર અને ગીતાનો કર્મયોગ.

પ્રકૃતિનો અર્થ પણ ૩૪મા શ્લોકથી ફલિત એ થયો કે સચેતન ઈન્દ્રિયોને પોતાને ગમતા વિષયોમાં રાગ અને અણગમતા વિષયોમાં દ્વેષ જન્મે તે સ્વાભાવિક છે, પણ એમાં ભળવું એ પોતાના (આત્માના) સ્વભાવ સંગત નથી. એટલે ખરા પ્રકૃતિને અનુસરનારા જ્ઞાની મનુષ્યો ત્યાં રાગદ્વેષને વશ થતા નથી, પણ અજ્ઞાની મનુષ્ય અવશ્ય રાગદ્વેષને વશ થઈ જાય છે. બીજાં અજ્ઞાની ભૂતો (મનુષ્યેતર પ્રાણી) પણ અજ્ઞાની મનુષ્ય જેટલાં રાગદ્વેષને વશ થતાં નથી, તેમ કુમાર્ગે તેટલી હોંશથી પડતાં નથી. કારણ કે ઓઘસંજ્ઞાત્મક (અંધ અનુકરણ-વાળી) પ્રકૃતિ એનામાં હોય છે, છતાં એ પ્રકૃતિ જ એમને એમ કરવા દેતી નથી. હવે એ કહેવાનું ભાગ્યે જ હોય કે જીવને નૈસર્ગિક પ્રકૃતિના નિયમો અધોગતિના માર્ગે લઈ જતા નથી, એ તો ઊંચે જ લઈ જવા મથે છે. એટલે માણસ ખાડમાં પડે છે, એમાં પ્રકૃતિનો દોષ નથી. ત્યારે પ્રશ્ન એ થાય છે કે તો પછી કોનો દોષ ? એનો જવાબ ગીતાકાર આપે તે પહેલાં અર્જુને વચ્ચે એક પ્રશ્ન કરી લીધો, "કર્મ કરવાં જોઈએ એ વાત કબૂલ, પણ જ્ઞાની જેમ કોઈ સાથે લડવા જતો નથી, તેમ મારે શા માટે લડવું ? યુદ્ધ વિના કયાં બીજાં કર્મો ઓછાં છે ?" એનો જવાબ ગીતાકાર પહેલો આપી દે છે :

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।। ३५ ।।

**સ્વધર્મ વિગુણો સારો, સુવર્ત્યા-પરધર્મથી;**
**સ્વધર્મે મોત છે સારું, પરધર્મ ભયંકર. ૩૫**

(અર્જુન ! ઘણીવાર માણસ પોતાની ભૂમિકા જોયા વિના પોતાના સહજ ધર્મને પડતો મૂકી પરાયો ધર્મ આચરી નાખે છે. જો કે તે વખતે એને લાગે છે કે એ પરાયો ધર્મ એણે સારી રીતે આચરી લીધો, પણ એવું આચરણ પરાયાધર્મ પ્રત્યે એનું કાયમ નથી ટકી શકતું. કારણ કે પોતાની ભૂમિકા પ્રમાણે જે ધર્મ ઉચિત હોય તે જેટલો સ્વાભાવિક હોય તેટલો પોતાની ભૂમિકાને ન બંધ બેસે તેવો ધર્મ ભલેને પછી ગમે તેવો રૂડો, સરળ કે ઉમદા લાગતો હોય છતાં પણ તેમાં કાયમ મન સ્થિર થઈ શકતું જ નથી. ખરી વાત તો એ છે કે પોતાના સ્વાભાવિક ધર્મને પડતો મૂકી,

પરાયો ધર્મ આચરવાનું મન થાય છે, તેમાં નબળાઈ અથવા મોહ જ કારણભૂત હોય છે. એટલે જ તને હું એકથી વધુ વાર કહું છું કે) સારી રીતે આચરેલા પરાયા ધર્મ કરતાં પોતાનો ધર્મ વિગુણો (એટલે કે ગુણ વગરનો અથવા દોષવાળો પણ) કદાચ દેખાતો હોય જો કે વાસ્તવિક રીતે તો સ્વધર્મ નિર્દોષ અને ગુણવાળો જ હોય, પણ પ્રથમ તકે દૃષ્ટિમાં સદોષ કે ગુણ રહિત દેખાતો હોય) તોય સારો. વળી સ્વધર્મ (આચરવા)માં મોત થાતું હોય તોય તે ઉત્તમ, પણ પરાયો ધર્મ તો એ આચરતાં જીવતર રહેતું હોય અને ગમે તેટલો લાભ દેખાતો હોય, તોય તે આખરે તો ભયાનક જ છે.

**નોંધ :** આ શ્લોકથી ગીતાકાર અર્જુનને એ કહેવા માગે છે કે "તારી ભૂમિકા જોતાં આ યુદ્ધમાં જોડાવું તે તારો ધર્મ છે. યુદ્ધમાંથી ભાગી છૂટવું, એ તારો અત્યારે ધર્મ નથી, એ તારે માટે પરધર્મ છે એટલે યુદ્ધથી ભાગવાનું કર્મ તું સુંદર રીતે આચરી શકે અને તેમાં તું ગમે તેટલું સારું માનતો હો, પણ તારે માટે એ સારું નથી. કારણ કે તું એ પરાયા ધર્મને કાયમ નહિ ટકાવી શકે. સ્મશાનિયા વૈરાગ્યથી અયુદ્ધની ભૂમિકા નથી આવી શકતી. તને થયેલો વૈરાગ્ય સ્મશાનિયો હતો એ ખાતરી તો તને હવે થઈ જ ચૂકી છે, એટલે યુદ્ધની રીતિમાં તું જરૂર ફેરફાર કરી શકે છે. વળી સમાધાનીપૂર્વક યુદ્ધ અટકાવી શકવાનો રસ્તોય કાઢી શકે છે. અને એમ કરી શકે. તો તો સર્વોત્તમ. પણ તારે માટે એટલી ઉદાત્ત ભૂમિકાને હજુ ઘણી વાર છે. એટલે અત્યારે તું યુદ્ધથી ભાગે છે, તેમાં ઊંડે તપાસીશ, તો તને જ જણાશે કે આબરૂહાનિ અને મોતનો તને ભય છે. વળી તને હજુય એમ પણ લાગે છે કે એટલાં બધાં જોખમો ખેડીને પણ યુદ્ધે ગુણ શો હતો ? પણ ઘડીભર માની લે કે કશોય ગુણ ન હોય અને પાપ જ હોય. જો કે માણસ પોતાની સાચી વફાદારી જાળવી રાખતાં જે એકાગ્રતાનો લાભ મેળવે છે, તેને એવું પાપ પીડા આપી શકતું નથી. અને એકાગ્રતાનો લાભ એ આખરે મહાગુણ બની જાય છે. છતાં એ ઘડ તને અત્યારે ન બેસી શકે, તોય પારકા ધર્મ પાછળ-એટલે કે અત્યારે તું યુદ્ધમાંથી ભાગે તેમાં જે ભય છે, તે નહિ ભાગવાથી કદી પણ નથી જ."

શ્રીકૃષ્ણ ગુરુના અભિપ્રાય પ્રમાણે અર્જુન કાયરતાથી યુદ્ધમાંથી ભાગવા ઈચ્છતો હતો, એટલે એમણે જોયું કે અર્જુનને આવેલી ભાવનામાં વીરને છાજે તેવી અહિંસા નથી. એટલે વીરને છાજે એવી અહિંસાની વાતો એ માત્ર એના મોઢાના સ્વાદની વાતો છે. એની આંતરભૂમિકા એટલી તૈયાર નથી, એથી એને માટે એ દૂરનો અથવા પારકો ધર્મ છે. કાયરની અહિંસા એ ખરી અહિંસા જ ન

હોય, એ તો માત્ર ઓઠું હોય. અત્યારે અર્જુન હજુ જાણતો નથી, પણ એના પોતાના મોતથી ડરેલી વૃત્તિ જ એને આ વૈરાગ્યના ઓઠા નીચે ઠગી રહી છે, અને યુદ્ધથી ભાગવાનો પરધર્મ એને એથી પ્યારો લાગે છે. એ પરધર્મમાં એ ટકી શકે તેમ નથી. અત્યારે યુદ્ધથી ભાગશે તોય યુદ્ધ નહિ અટકે, એટલે ફરી પાછો જોડાશે. અને એકવાર ભાગ્યા પછી જોડાશે એમાં જે માનસિક નિર્બળતાનો પ્રત્યાઘાત હશે, તેમાં નરદમ હિંસા, આત્મપાત અને પાશવતા હશે. એટલે જ ગીતાકાર એને મૂળભૂમિકાથી નીચે ગબડતાં વારંવાર રોકે છે. અને અર્જુન યુદ્ધમાં જોડાતાં એને ફાળે જે અનિષ્ટો ઊપજે એના કરતાં એ યુદ્ધથી ભાગે, તો એને ફાળે પણ અનિષ્ટો ઊપજે એમ સમજાવે છે.

જૈન સૂત્રોની દૃષ્ટિએ આ વાતને આ રીતે ઘટાવી શકાય કે મનુષ્યે પોતાની દરેક ક્રિયાને આત્માની કસોટીએ કસવી એનું નામ સ્વધર્મ, અને દુન્યવી દૃષ્ટિએ અથવા પૌદ્‌ગલિક દૃષ્ટિએ કસવી એનું નામ પરધર્મ. ઘણીવાર એવું બને કે પોતાના નાનકડા સિદ્ધાંત કે સત્યની વફાદારી ખાતર ઘણાં સ્વજનો વગેરે દુભાતાં હોય, અને સાધક ત્યાં મોહદયા વશ બની એમનું મન રાખવા ખાતર સત્ય કે સિદ્ધાંતની વફાદારીથી શિથિલ થાય, તો એ સ્વજનોનો રાજીપો, એને પક્ષે પરધર્મ થયો. એ ગમે તેટલો સુંદર લાગતો હોય, તોય સ્વધર્મની હાનિ આગળ એ સુંદરતા તુચ્છ એ એટલું જ નહિ, પણ પછી ઢાળ આવે ત્યાં ઢળી પડવાની વૃત્તિને એવો તો ટેકો મળી જાય કે એનું પરિણામ ભયંકર જ આવે અને પછી કોઈ પણ સિદ્ધાંત પર મન સ્થિર રહી શકે નહિ. પણ આટલું વાંચી કોઈ મનુષ્ય એવો લાગણીબૂઠો ન થઈ જાય કે પોતાને લાગ્યું તેને જ હઠાગ્રહથી પકડી, વિશ્વપ્રેમની જરાય દરકાર ન કરે. તે માટે ગીતાકારે કહ્યું એટલે કે જેમ એ પોતાના સત્યને વફાદાર રહે, તેમ પોતાના દેહને કસવો પડે તો કસે, પોતે દેહ દુઃખ વેઠી લે. પણ જ્યાં લગી બને ત્યાં લગી બીજાને દુઃખ ન થાય તે ખાસ લક્ષ્યમાં રાખે એટલે કે દેહ-સુખની ખાતર કોઈને ન દુભાવાય તેમ ઈરાદાપૂર્વક પણ કોઈને ન દુભાવાય. બને ત્યાં લગી બીજાં ન દુભાય તે રીતે એ પોતાનો સિદ્ધાંત પણ જાળવે. અને એ જાળવવામાં પોતાના દેહ પર કંઈ આફત આવી પડે તો તેને ભોગવે. સારાંશ કે પોતાના સત્યનો અને વિશ્વના પ્રેમનો સમન્વય સાધવા બનતું લક્ષ્ય આપે. આમ કરવાથી લોકના અભિપ્રાય માત્રથી જેમ પોતાના સત્યને પડતું ન મૂકે, તેમ લોકના અભિપ્રાયોને બેદરકારીથી ઠોકરે પણ ન મારે. ઊલટો એ અભિપ્રાયમાંથી પોતાને પોતાના માર્ગમાં જ્યાં સુધારવા જેવું લાગે ત્યાં સુધારે. અહીં પોતાનું સત્ય

કહ્યું છે, પણ ગીતાકારે જેમ કહ્યું તેમ પોતાનું સત્ય ખરું જ છે કે ખોટું છે, તે કોઈ નિઃસ્પૃહ અને મધ્યસ્થપુરુષને જિજ્ઞાસાપૂર્વક પૂછીને ખાતરી કરાય, તો એ વધુ ઉત્તમ છે. એમ કરવાથી સાધકને પોતાના માર્ગમાં સફળતા થાય છે. પણ એમ છતાં એણે પોતાના અંતર ઉપર તો હંમેશમાં વધુ આધાર રાખવો જ રહ્યો. એટલે જ શ્રીકૃષ્ણગુરુ વાત ગળે ન ઊતરે ત્યાં લગી ખૂબ સમભાવ જાળવી અર્જુનને આ બધું ઉપદેશાત્મક રીતે સમજાવે છે; બળાત્કારે આજ્ઞા કરતા નથી. ધારે તો અર્જુનને તેઓ આજ્ઞા કરે તેમ હતા અને અર્જુન માને તેમ પણ હતો. જો એમ કર્યું હોત તો શ્રીકૃષ્ણગુરુને આટલા મોટા ગ્રંથ જેટલું બોલવું પણ ન પડત. પરંતુ એ માર્ગ તો બળાત્કારનો - હિંસાનો ગણાય. સમદૃષ્ટિ પુરુષ કદી તેવો માર્ગ સ્વીકારે જ નહિ અને કદાચ સ્વીકારે, તો એ પોતાની સમદૃષ્ટિ ગુમાવી બેસે અને સામા પક્ષેય એવું બળાત્કારે થયેલું કાર્ય લાંબો વખત ટકે નહિ તેમ સત્ય હેતુ સરે પણ નહિ. આ પરથી શિષ્ય, બાળક કે સેવકને સત્ય માર્ગ બતાવવામાંય સદ્ગુરુ, વડીલ કે સ્વામીએ પણ 'હઠ ન રાખવી જોઈએ' એવો સાર એમને (પણ) મળી રહે છે. છેવટે એક વાત જરા જેટલી પુનરુક્તિ કરીને પણ અહીં કહેવી જોઈએ; તે એ કે કેટલાક લોકો "સ્વધર્મનો અર્થ પોતાનો સાંપ્રદાયિક ધર્મ ગણી બીજા ધર્મોને પરધર્મ માની એમાં હાઉ જુએ છે" એ યથાર્થ નથી. ટીકાકારોએ અલબત્ત સ્વધર્મનો અર્થ વર્ણાશ્રમધર્મ લીધો છે. અને તે કંઈ ખોટો નથી, પરંતુ ગીતાકારનો આશય તો મુખ્યત્વે આંતર ભૂમિકાને સ્પર્શે છે. મારો ધર્મ શો ? એ ખરેખર તો સહુને પોતપોતાનું હૃદય જ પારખી દે છે. સદ્ગુરુ અને સત્ શાસ્ત્રો એમાં જેટલી શ્રદ્ધા તેટલાં જરૂર એને મદદગાર થાય છે. અગાઉ બીજા અધ્યાયના શ્લોક ૩૧ માં 'સ્વધર્મ' વિષે જે વિવેચન આવી ગયું છે, તે વાચક ફરીથી જોઈ લેશે, તો એને પૂરું સમાધાન થશે. હવે અર્જુન અગાઉની વાર્તાના અનુસંધાનમાં પ્રશ્ન કરે છે :

*अर्जुन उवाच ।*

अथ केन प्रयुक्तोऽयं पांप चरति पुरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥ ३६ ॥

અર્જુન બોલ્યા :

**પ્રેર્યો કોનાથી વાર્ષ્ણેય ! પુરુષ પાપ આચરે ?**
**ન ઈચ્છતાં છતાં જાણે જોડાયો જોર જુલ્મથી ? ૩૬**

(ભલા હે વૃષ્ણિકુળના શણગાર !) વાર્ષ્ણેય (આપે અગાઉ કહ્યું તેમ જો જીવ

સાથે જોડાયેલી મૌલિક પ્રકૃતિ તો જીવને ઊંચે જ લઈ જવામાં સહાયભૂત છે, નીચે લઈ જવાનો એનો આશય નથી.) તો પછી જાણે જોર જુલમથી ન યોજાતો હોય, એમ આ પુરુષ પોતાની તેવી ઈચ્છા ન હોવા છતાં કોનાથી પ્રેરાઈને પાપમાં પડે છે?

નોંધ : અર્જુનનો આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. સાંખ્ય દર્શન તો ચટ દઈને કહે કે 'પ્રકૃતિના ગુણોનો એ બધો તાલ છે.' એ જાતનો શ્લોક (જો કે ગીતાકારે જુદા આશયમાં મૂક્યો હતો તે) ઉપર આપણે જોઈ ગયા. પરંતુ પ્રકૃતિના ગુણો તો બાપડા નિમિત્તરૂપ છે તે તરફ પુરુષ પ્રેરાય નહિ તો એ ગુણો બિચારા શું કરવાના હતા ? એટલે ગીતાકાર એ દોષ પ્રકૃતિને માથે કે પ્રકૃતિના ગુણોને માથે નથી ચડાવતા. શુદ્ધ આત્માને માથે પણ નથી ચડાવતા. તેમ વેદાંત દર્શનની જેમ 'માયા કહીને પણ વાત ઉડાવી નથી દેતા. પરંતુ જૈન સૂત્રોમાં જે અનેકાંતવાદ છે, એ દૃષ્ટિએ એ પ્રશ્નનો આ રીતે ઉત્તર આપે છે. વાચક એ પરથી બરાબર જોઈ શકશે કે ગીતાગ્રંથની રચના કેવળ સમદૃષ્ટિ પર થઈ છે.

*श्रीभगवानुवाच ।*

**काम एष क्रोध एव रजोगुणसमुद्भवः ।**
**महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ॥ ३७ ॥**
**धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।**
**यथोल्वेनावृत्तो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥**

**શ્રીકૃષ્ણ બોલ્યા :**

**કામ આ ક્રોધ આ પાર્થ ! રજોગુણ થકી ઊઠે;**
**ખાઉધર મહાપાપી, આ લોકે વૈરી જાણ એ. ૩૭**
**ઢંકાય ધૂમથી અગ્નિ, મેલથી આરસી વળી;**
**ઓળે ઢંકાય છે ગર્ભ, તેણે આ તેમ આવર્યું. ૩૮**

(પ્યારા પાર્થ ! તારો પ્રશ્ન બહુ જ મહત્ત્વનો છે. ઘણા મનુષ્યો આ વાતમાં ગૂંચવાઈ જાય છે અને ઊંડે ઊતર્યા વગર કાં તો પ્રકૃતિને માથે અને કાં તો પરમ વિશુદ્ધ આત્માને માથે દોષનો ટોપલો ઓઢાડી દે છે. પણ તે બરાબર નથી. સંસારનું, બંધનનું કે પાપનું મૂળ પ્રકૃતિના અને પુરુષના વિકારમાં છે. એ વિકાર તે શું ? અને શા માટે ? એ હવે કહું છું તું એક ચિત્તે સાંભળ :-) રજોગુણથી (રાગથી) ઉપજેલો આ કામ અને રજોગુણથી ઉપજેલો આ ક્રોધ (તે બંને દોષો

ધરાય એવા નથી) મહા ખાઉધરા અને મહાપાપી છે. એ (બે) જ આ લોકે (તારે) વૈરી જાણવા.

(હે અર્જુન ! એ કામ કે ક્રોધ જડ છે કે ચેતન છે. એવી ભાંજગડમાં પણ પડવાની તારે જરૂર નથી. એ દેહધારી ચેતનમાં જ ઊપજે છે માટે ચેતનાનો વિકાર છે અને પ્રકૃતિ માંહેલા રજોગુણથી ઊપજે છે માટે પ્રકૃતિનો વિકાર છે અને એમ એ ચેતન પણ છે, અને જડ પણ છે. કોઈ દર્શન એને એકાંતે ચેતન કહે છે, તો વળી કોઈ દર્શન એને એકાંતે જડ કહે છે. પણ બંનેનું એ સત્ય સાપેક્ષ સત્ય છે. એટલે કે અપેક્ષાવાળું સત્ય છે. વળી પ્રિય કૌંતેય ! આત્માનો વિકાર આત્માને અને પ્રકૃતિને અથવા પ્રકૃતિનો વિકાર પ્રકૃતિને અને આત્માને કેમ બાધા પહોંચાડે ? એ પણ શંકા તું કરીશ નહિ. જોને આ તારા હંમેશના અનુભવની જ ચીજમાં શું એવું નથી બનતું ?) (જેમ કાષ્ઠ અને અગ્નિના સંયોગથી ઊપજેલા) ધુમાડા વડે, અગ્નિ (ઢંકાઈ) અવરાઈ જાય છે, જેમ અરીસાને (વારંવાર હાથ અડાડવાથી થયેલો પરસેવા રૂપી) મેલ (એને જ) આવરણરૂપ થાય છે, અને જેમ (ગર્ભ અને માતાના પેટના સંગથી ઊપજેલી) ઓળથી ગર્ભ ઢંકાઈ જાય છે, તેમ (એ વિકારોએ આ બધું ઘેરી લીધું છે) એ (કામાદિ શત્રુ) વડે આ બધું ઢંકાયેલું છે.

નોંધ : ઉપરના બે શ્લોકમાં ગીતાકારે દર્શનમાત્રના ઝઘડાનો નાવેડો કરી દીધો. સાંખ્યદર્શન પ્રમાણે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની સામ્યાવસ્થાને પ્રકૃતિ કહેવામાં આવે છે. અને જો પ્રકૃતિનો એ સ્વાભાવિક ગુણ હોય તો એ સુખદુ:ખની કરનારી કે ભોગવનારી બની શકે જ નહિ. એ જ રીતે પુરુષ એ નિર્ગુણ જ રહે ત્યાં લગી એને સુખ દુ:ખ નડે જ નહિ એટલે ખરી વાત એ છે કે કારણ, કાર્ય અને કર્તાપણામાં પ્રકૃતિ હેતુ (એટલે મુખ્ય કારણ) રૂપ છે અને સુખ દુ:ખના ઉપભોગમાં પુરુષ હેતુ (એટલે મુખ્ય કારણ) રૂપ છે. પણ એ બંનેના સંગથી જ આ જગત નાટ્ય શરૂ થાય છે. એ નાટ્યભૂમિના સૂત્રધારો તે કામ અને ક્રોધ. જૈનસૂત્રો કામને ઠેકાણે રાગ અને ક્રોધને ઠેકાણે દ્વેષ શબ્દ વાપરે છે. શ્રીકૃષ્ણગુરુ રજોગુણથી કામ, ક્રોધ ઊઠે છે એમ કહે છે એટલે રજોગુણ એ જ જૈનસૂત્રો માંહેલો રાગ. રાગની સામી બાજુ દ્વેષ છે, તેમ કામની સામી બાજુ ક્રોધ છે. રાગદ્વેષમાંથી ક્રોધ, માન, માયા અને લોભની કષાય ચોકડી જન્મે છે એમ પણ જૈનસૂત્રો કહે છે. આ મુજબ આબેહૂબ રીતે ગીતા અને જૈનસૂત્રોનો સમન્વય થઈ રહે છે, એ વિષે હવે વાચકને શંકા ન રહેવી જોઈએ.

શ્રીકૃષ્ણગુરુ જેમ અગ્નિને ધૂમ, અરીસાને મેલ અને ગર્ભને ઓળ ઘેરી લેવાનાં દૃષ્ટાંતો આપે છે, તેમ જૈન સૂત્રોમાં વાદળ સૂર્યને ઘેરી લે છે તેમ આત્માને આ રાગાદિ રિપુઓ ઘેરી લે છે એમ કહેવાયું છે. સુખદુઃખનો કર્તા-ભોક્તા આવો રાગાદિ રિપુઓ વડે ઘેરાયેલો આત્મા પોતે જ છે એવા જૈન સૂત્રોના કથનનો મર્મ પણ આથી સહેજે સમજાશે. "આત્માના સ્વાભાવિક ગુણોમાં કશોય દોષ નથી તેમ પુદ્ગલના સ્વાભાવિક ગુણોમાં પણ કશોય દોષ નથી. એજ રીતે પુરુષના સહજગુણોમાં કશોય દોષ નથી તેમ પ્રકૃતિના સહજગુણોમાં કશો દોષ નથી" એ વાક્ય વિષે પણ હવે કોઈને વિરોધ નહિ જ લાગે.

વળી જેમ જૈનસૂત્રો કહે છે કે, મોહનીયનું મૂળ અજ્ઞાન છે અને આત્મા તો જ્ઞાની છે. તેમજ શ્રીકૃષ્ણ ગુરુ પણ કહે છે :-

**आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।**
**कामरुपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥ ३९ ॥**
**इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।**
**एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥**
**જ્ઞાનીનું જ્ઞાન ઢંકાયું, કૌંતેય ! જાણ તું વળી;**
**દુષ્પૂર નિત્યના વૈરી, એ કામરૂપ અગ્નિથી. ૩૯**
**ઈંદ્રિયો મન ને બુદ્ધિ, એનાં આધાર સ્થાન છે;**
**એ વડે જ્ઞાન ઢાંકી એ પમાડે મોહ દેહીને. ૪૦**

વળી હે (કુંતીમાતાના તનય) કૌંતેય (આત્મા મૂળે તો જ્ઞાન સ્વરૂપ છે. છતાં એ) જ્ઞાનીનું જ્ઞાન હમેશાંના વૈરી એવા એ કામ વડે ઘેરાયું છે. ઉપરાંત એ કામરૂપી અગ્નિ, દુઃખે કરીને પુરાય એવો છે. (જેમ અગ્નિમાં ગમે તે હોમો તે બધું સ્વાહા કરી જાય, તેમ કામ ભોગોના ઉપભોગથી કદી તૃપ્ત થતો નથી; ઊલટું અગ્નિમાં ઘી હોમવાથી જેમ એ વૃદ્ધિ પામે તેમ વૃદ્ધિ પામે છે.)

(ભારત ! તને કદાચ એવી શંકા થશે કે એ કામ એવો કેવો કે અનંત શક્તિના ધણી આત્માને ઘેરી શકે ? પણ એ વિષે તો મેં અગાઉ ખુલાસો કર્યો જ છે. છતાં વિશેષમાં કહું કે જેમ ધુમાડાને હવા વગરનું સ્થાન મળે તો જ એને આધારે અગ્નિને ઘેરી લે છે, તેમ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિના આધારે જ આત્માના જ્ઞાનને એ કામરૂપી શત્રુ ઘેરી લે છે, માટે જ કહું છું) ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ એ

કામનાં નિવાસસ્થાન કહ્યાં છે. (એમની ઓથે રહીને) એ દ્વારા એ (કામ-ક્રોધ) દેહધારીના જ્ઞાનને રુંધી નાખી દેહધારી (આત્મા) ને મોહમાં નાખે છે.

**નોંધ :** કેટલાક ટીકાકારો જ્ઞાનીને પણ કામ મૂંઝવે છે એવો અર્થ કરે છે, પણ અહીં જ્ઞાની શબ્દથી ગીતાકાર આત્મા જ્ઞાન સ્વરૂપ છે; છતાં કેમ મૂંઝાય છે તેનો ખ્યાલ આપવા માગે છે. જે સ્થિતપ્રજ્ઞ જ્ઞાની હોય છે તે કામની જાળમાં ફસાતા નથી, પણ સામાન્ય કોટીના દેહધારીઓ ફસાઈ જાય છે. આવો અર્થ લેતાં, જ્ઞાની પ્રકૃતિને ઓળખી ચેષ્ટા કરે છે, અને સામાન્ય ભૂતો પ્રકૃતિને અનુસરે છે. એ અગાઉ આવેલા શ્લોકનો પણ મેળ મળી રહે છે. વળી આ પરથી શ્રીકૃષ્ણગુરુ શું કહેવા માગે છે, તે પણ ખુલ્લું થઈ જાય છે. તે કહે છે કે પ્રકૃતિનો નિગ્રહ નકામો છે, પણ કામનિગ્રહ કામનો છે. કારણ કે આત્માનો શત્રુ પ્રકૃતિ નથી પરંતુ આત્માનો શત્રુ કામ છે. અને તે કાયમનો શત્રુ છે. જૈન ન્યાયની શૈલી પ્રમાણે તે આત્માનો વૈભાવિક ગુણ છે. અને એ આત્માની પડખે રહી જીવતો રહે છે. જો આત્મા એને પડખું આપવું છોડી દે તો એ લય પામે છે. પણ આત્મા એને પડખું આપે છે એટલે ઈન્દ્રિય, મન, બુદ્ધિ આદિ પર દ્રવ્યનો સંબંધ થતાં જ આત્માની વિભાવ પરિણતિ થાય છે, એટલે કે આત્મા કામને લીધે મૂર્ચ્છિત થાય છે.

આ વાત તો સહુને સમજાય એમ છે કે કામ એ આત્માનો શત્રુ છે. કદી એનો અને આત્માનો મેળ મળવાનો જ નથી. વળી એ પણ નક્કી છે કે આત્માને પોતાના યથાર્થ સ્વરૂપનું ભાન થાય એટલે એ કામની પડખે કદી ઊભો રહેવાનો નથી અને જો એમ થાય તો જેમ વાયુથી ધુમાડો વિખાઈ જાય છે ને અગ્નિ મોકળો થાય છે, તેમ આત્માનો પ્રકાશ પૂર્ણ ખીલી ઊઠે તેમ છે. પણ પ્રશ્ન એ થાય છે કે કામ આટલો ક્રૂર, ભૂખ્યો અને સદાનો શત્રુ હોવા છતાં આત્મા સમજતો કેમ નથી ?

શ્રીકૃષ્ણગુરુએ એનું સમાધાન પણ આપી દીધું કે એને (કામને) ઈન્દ્રિયો, મન અને બુદ્ધિનો આધાર મળે છે ત્યાં લગી એ આત્માને મૂંઝવવાનો છે. એટલે મૂંઝાયેલો માણસ યથાર્થ સમજી કે વિચારી જ કેમ શકે ? એટલે જ સૌથી પહેલાં એને જેમના તરફથી આધાર મળે છે, એમને આત્માએ પોતાના કાબૂમાં લેવા જોઈએ. જેમ કુશળ વૈદ્ય અસાધ્ય રોગીની ચિકિત્સા કરવામાં પ્રથમ રોગ વધવાનાં અને રોગને આશ્રય મળવાનાં કારણોને કાબૂમાં લે છે, અને પછી રોગને નાબૂદ કરવાનો પ્રયત્ન કરે છે, તેમ પહેલાં ઈન્દ્રિયાદિ (કામનાં આધાર સ્થળો) ને

કાબૂમાં લઈ પછી કામનું કાસળ કાઢવું જોઈએ. શ્રીકૃષ્ણગુરુ અર્જુનને ઉદ્દેશીને આ જ વાત હવે કહે છે. એ પરથી બીજા અધ્યાયમાં જે વસ્તુ અસ્પષ્ટ જેવી અર્જુનને લાગતી હતી અને "એક તરફથી ઈન્દ્રિયોને વશ કરવાનું પણ કહે છે અને બીજી તરફથી આત્માને વશીભૂત થયેલી અને રાગદ્વેષથી વિરહિત એવી ઈન્દ્રિયો કર્મમાં પ્રવર્તે છતાં દોષ નથી" એવી શ્રીકૃષ્ણ મહાત્માની સાપેક્ષ વાણી એને ગોળ ગોળ લાગતી હતી તે હવે બંધબેસતી અને બરાબર લાગી જાય છે.

અહીં કોઈ એવી શંકા કરે કે આટલી વાત અર્જુનને શ્રીકૃષ્ણગુરુએ પ્રથમ જ કહી દીધી હોત તો ? આવડો મોટો અધ્યાય જ ન કહેવો પડત. પણ માનસશાસ્ત્રના અભ્યાસી બરાબર જાણે છે કે બુદ્ધિને કુશાગ્ર બનાવવા માટે કહો કે થકવવા માટે કહો અથવા તો ભૂમિકા તૈયાર કરવા માટે કહો એક જ વાતને અનેક રીતે ચાવવાની જરૂર હોય છે, એ જરૂર મહાત્મા કૃષ્ણ બરાબર સમજતા હતા. જેમ મહેનત પછી ખોરાક મળે અને પોતાના દાંતથી ખૂબ ચવાય, તેમ મીઠાશ વધુ આવે છે, તેમ ગુરુ પણ સાધકની આવી ભૂમિકા જોઈ તપાસી જ્ઞાન આપે છે. આ રીતે અર્જુનની ભૂમિકા તૈયાર થતી જોઈને હવે શ્રીકૃષ્ણગુરુ કહે છે :

**तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।**
**पाप्मानं प्रजहि ऐनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥**

**માટે તું ઈન્દ્રિયો પે'લાં, નિયમે રાખી ભારત !;**
**જ્ઞાન વિજ્ઞાનના ઘાતી, માર તું એ જ પાપીને. ૪૧**

માટે હે (ભરતકુળના ઉત્તમ પુરુષ) ભારત ! તું પ્રથમ તો ઈન્દ્રિયોને નિયમમાં રાખ (આથી કામ-વિકાર-ને ટેકો મળવો બંધ થશે, અને એનું જોર નરમ પડશે. એટલે તારું બળ બરાબર એની સામે ચાલશે, માટે જ પહેલાં ઈન્દ્રિયોને નિયમમાં રાખવાનું કહું છું,) અને (પછી) એ પાપી (કામ)ને જ ઠાર મારી નાખ, કે જે આત્માનાં જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર (મહાશત્રુ) છે.

**નોંધ :** આ શ્લોકમાં ગીતાકારે એ કહ્યું કે "અગ્નિને ધુમાડાની જેમ કામમાત્ર આત્માને આવરી લે છે એટલું જ નહિ પણ એના જ્ઞાનસામાન્ય બોધ અને વિજ્ઞાનવિશિષ્ટ બોધ બંનેનો નાશ કરે છે." જૈન સૂત્રોનાં જ્ઞાનદર્શન તે અહીં ગીતાનાં જ્ઞાન અને વિજ્ઞાન. સારાંશ કે કામવશ-ક્રોધવશ થયેલો આત્મા પોતાની સામાન્ય સમજણ પણ ગુમાવી બેસે છે, એવો જે આપણને વારંવાર અનુભવ થાય છે, તે ખરો છે. અને એથી જ શ્રીકૃષ્ણગુરુ વળી એને જ પાપી કહે છે. આ પરથી

આપણે એ સાર લેવાનો છે કે કોઈ કામવશ-ક્રોધવશ થઈ પાપ કરી બેસે પણ પાછળથી દિલપૂર્વક પસ્તાવો કરવા લાગે તો જ્ઞાની પુરુષ એના ઉપર બહુ દયાદષ્ટિ રાખે છે, એનું કારણ એ છે કે એના પાપનો કારણભૂત પાપી મૂળે તો કામ-ક્રોધ હતો, એટલે એ ગયા પછી એ પાપી ઊલટો વધુ પ્રેમને લાયક બને છે. પાપી પર દ્વેષ ન કરવો, પાપ પર કરવો.

ત્રીજી વાત એ કે કેટલાક સાધકો એમ માનતા હોય છે કે ઈન્દ્રિયોને ફાવે તેમ વર્તવા દઈએ, માત્ર મનને વશ રાખીએ એટલે બસ. પણ શ્રીકૃષ્ણગુરુ એમને ચેતવે છે કે "પહેલાં તો ઈન્દ્રિયોને નિયમમાં રાખવી જોઈએ." અહીં કોઈ એવી શંકા કરે કે શ્રીકૃષ્ણગુરુએ અ. ૩-૩૩ માં તો નિગ્રહની ના કહી, અને અહીં 'ઈન્દ્રિય નિયમન'ની વાત કેમ લાવ્યા ? પણ એ શંકાકારે સમજી લેવું જોઈએ કે ત્યાં પ્રકૃતિના નિગ્રહની ના પાડી છે, પણ કુટેવના નિગ્રહની ના નથી. એટલા જ માટે અહીં નિયમન શબ્દ એમણે હેતુપૂર્વક યોજ્યો છે. નિયમને તાબે રહેવાથી કુટેવોનો નિગ્રહ આપોઆપ થાય છે અને છતાં પ્રકૃતિ સામે, કુદરત સામે બળાત્કાર પણ થતો નથી.

સેનાપતિનો દાખલો લો. એ સૈનિકોનો ઉપરી છે, એટલે એના પર સૈનિકોનો હુકમ નથી. એ વાત ખરી અને એ રીતે એ સ્વતંત્ર પણ છે, પરંતુ એને પણ શિસ્ત તો પાળવાનું હોય જ છે અને તે આપોઆપ પાળે છે, એથી એનાથી સ્વચ્છંદે (જેમ ફાવે તેમ) વર્તી શકાતું નથી અને છતાં સ્વતંત્રતા અને કાર્યવ્યવસ્થા બધું જળવાઈ રહે છે. આનો અર્થ એ થયો કે એક બાજુ ઈન્દ્રિયોને હઠપૂર્વક કચરી ન નાખવી એ જેમ ધ્યાનમાં રાખવાનું છે, તે જ રીતે બીજી બાજુ એમને સ્વચ્છંદી ન બનવા દેવી એ પણ ધ્યાનમાં રાખવાનું છે; એટલે કે મધ્યસ્થ માર્ગ સ્વીકારવાનો છે. એ માર્ગે જતાં તાજી અને શિસ્તબદ્ધ ઈન્દ્રિયો રહેવાથી તે પોતાના માલિકને બરાબર વફાદારપણે કાર્ય આપે છે. અને કામ-ક્રોધને હણવાની આત્માને અનુકૂળતા કરી આપે છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે જે આત્મા કામ ક્રોધને હણી શકે (એમ શ્રીકૃષ્ણગુરુએ કહ્યું) તે આત્મા કયો ? અર્જુનને ઉદ્દેશીને શ્રીકૃષ્ણગુરુ હવે એ જ ખુલાસો કરે છે :

इन्द्रियाणि पराण्याहुरिंद्रियेम्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ४२ ॥

**ઈન્દ્રિયો પર છે તોય, એ થકી પર છે મન;**
**મનથી પર છે બુદ્ધિ, બુદ્ધિની પર છે જ તે. ૪૨**

(સ્થૂળ પદાર્થને હિસાબે કહો કે સ્થૂળ કર્મેન્દ્રિયોને હિસાબે કહો) ઈન્દ્રિયો (સૂક્ષ્મ ઈન્દ્રિયો સૂક્ષ્મ હોવાથી) પર છે અને મન તો વળી એ (ઈન્દ્રિયો) થી પણ (સૂક્ષ્મ હોવાથી) પર છે. તેમજ (એ) મનથી બુદ્ધિ પર (સૂક્ષ્મ) છે અને એ બુદ્ધિથી પણ જે પર છે, તે જ તે (કામ) છે.

**નોંધ** : માત્ર ઈન્દ્રિયોને નિયમમાં રાખવાથી પતી ગયું, એમ રખે કોઈ માની લે ! એટલે શ્રીકૃષ્ણ ગુરુએ નીચે પ્રમાણે આખો ક્રમ આપી દીધો. આ પરથી ફલિત એ થયું કે ઈન્દ્રિયો વશ કર્યા પછી મનને વશ કરવાનું (મનને વશ કરવા માટે જ ઈન્દ્રિયોને વશ રાખી છે એમ ઈન્દ્રિયો વશ રાખનારે) ન ભૂલવું જોઈએ અને મન વશ થયા પછી પણ જેમ કોઈ દર્શનકાર એને જ મુક્તિ માની લે છે તે પણ બરાબર નથી, કારણ કે મનથી પર બુદ્ધિ છે. એને પણ કાબૂમાં લેવી જોઈએ અને વળી બુદ્ધિને સુદ્ધાં ટેકો આપનાર જે આત્મા છે, તે જ કામરૂપ આત્મા ખરો વૈરી છે. માટે એને મારવાનું નિશાન છેવટે ન ભૂલવું જોઈએ. આ પરથી મોક્ષ, મુકિત કે નિર્વાણ એ કેટલી મોંઘી વસ્તુ છે, એનો સાધકને કંઈક ખ્યાલ આવશે.

જૈનસૂત્રોમાં આ વિષયને ભારે વિસ્તારપૂર્વક ચર્ચવામાં આવ્યો છે. ત્યાં ઈન્દ્રિયોના (નિર્વૃત્તિ, ઉપકરણ, લબ્ધિ અને ઉપયોગ એવા) ચાર પ્રકારો પાડવામાં આવ્યા છે. શરીરોના (ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ એમ) પાંચ ભેદો પાડવામાં આવ્યા છે અને ક્રમપૂર્વક એક બીજાથી સુક્ષ્મ છે, એમ કહેવામાં આવ્યું છે, એ વિજ્ઞાનને વધુ વિસ્તારથી જોવું હોય તો વાચક શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં જોઈ લે.

હવે ઉપસંહાર કરતાં શ્રીકૃષ્ણગુરુ ઉપરની જ વાતને નક્કર રૂપે કહે છે :

**एवं बुद्धेः परं बुदघ्वा संस्तभ्यात्मानमात्मना ।**
**जहि शत्रुं महाबाहो कामरुपं दुरासदम् ॥ ४३ ॥**
**એમ બુદ્ધિ થકી સૂક્ષ્મ આત્માને થંભી આત્મથી;**
**મહાબાહો ! દુરાસાદ્ય કામરૂપ રિપુ હણ. ૪૩**

એમ (ઉપર કહ્યા પ્રમાણે) બુદ્ધિથી પર (સૂક્ષ્મ) રહેલા આત્માને આત્મા વડે થંભી રાખી એ (આત્મા સાથે રહેલા અને) દુ:ખે કરીને શોધી શકાય એવા એ કામરૂપી શત્રુને હે મહાબાહો ! (હે મોટી ભુજાવાળા !) તું મારી નાખ.

**નોંધ** : આત્મા એક હોવા છતાં એના ત્રણ પ્રકારો આ રીતે થાય છે (૧)

બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા. અહીં કહે છે કે બુદ્ધિથી પર રહેલો આત્મા - અંતરાત્મા મૂળે શુદ્ધ છે. પરમાત્મ સ્વરૂપથી અભિન્ન છે પણ શરીર સાથે હોઈને એને અંતરાત્મા કહેવામાં આવે છે અને એટલે અંશે એને પરમાત્માથી જુદો ગણવામાં આવે છે. તેનો આશરો લેવો જોઈએ. તેની સાથે જ કામરૂપ શત્રુ મિત્રની જેમ ઓતપ્રોત થઈ જાય છે. ત્યારે તેને બહિરાત્મ દશા કહેવામાં આવે છે. "એવા બહિરાત્મ ભાવને અંતરાત્મ ભાવથી થંભાવીને પછી એ બહિરાત્મ દશામાં આત્મા સાથે જોડાયેલા એવા કામરૂપ શત્રુને મારી નાખ, પણ યાદ રાખજે કે એ કામરૂપી શત્રુ એવો તો બહુરૂપી છે કે એની મૂળ દશામાં એને પકડી પાડવો બહુ કઠણ છે. માટે ખૂબ સાવધાન રહી એને અસલી સ્થિતિમાં પકડીને હણજે, નહિ તો વળી એની એ જ દશા રહેવાની, આમ અર્જુનને ઉદ્દેશીને શ્રીકૃષ્ણ ગુરુએ કહ્યું. હવે વાચક બરાબર સમજશે કે શ્રીકૃષ્ણ અર્જુનને મુખ્યત્વે શું કહેવા માગે છે? વાચક સળંગ ગીતા તપાસી લે, પણ કયાંય તું "દુર્યોધનને હણ કે એની સેનાને હણ અથવા ફલાણાને હણ×" એ વાત નહિ આવે. પણ અહીં એમણે 'હણ' પ્રયોગ વાપર્યો, એટલે એ મુખ્ય વાત એ કહેવા માગે છે કે કુરુક્ષેત્રના આ સ્થૂળ યુદ્ધના મૂળમાં તો માનવીમાં રહેલા કામક્રોધ અને રાગદ્વેષ પડયા છે. એને જ મારવા માટે મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ. મોટી ભુજાઓવાળાની-સુદઢ શરીરવાળાની શકિતનો ખરો સદુપયોગ પણ ત્યાં જ છે.

જૈન સૂત્રોનો જે પ્રધાન ધ્વનિ છે, એ જ શ્રીકૃષ્ણગુરુનો છે. તું માર અને જિત. પણ કોને? તારા અંતરશત્રુને એટલે જ યુદ્ધમાં યોજાઈ જા. એમ કહેતાં પણ એ જ વાણી શ્રીકૃષ્ણગુરુ ઉચ્ચારે છે કે પ્રથમ સમતા સાધ, પાપ-પુણ્યથી પરની ભૂમિકા ઉપર જા અને ફળાશા આદિ છોડી યુદ્ધમાં જોડાઈ જા. સારાંશ કે શ્રીકૃષ્ણગુરુનો પ્રતિપાદ્ય વિષય માનવ સંહારનું યુદ્ધ નથી, પણ માનવની કુટેવોના સંહારનું યુદ્ધ છે. બળાત્કાર એટલે હિંસાનો વિષય તો એમને વ્યકિતમાં, સમાજમાં કે દેશ પ્રકરણમાં કયાંય ગમતો નથી, પણ એ તો કહે છે કે હિંસાના મુખમાં પણ અહિંસા જ રહી શકે એવી નક્કર અહિંસાની તાલીમ લો. આનું જ નામ તે કર્મયોગ. જેઓ ગીતામાંથી "હિંસક યુદ્ધ કરવું જોઈએ એમ ખુદ શ્રીકૃષ્ણે પણ અર્જુનને કહેલું." એવો ઉપલક અર્થ કાઢે છે, તે કેવી થાપ ખાય છે એ સહેજે સમજાઈ જાય છે. બીજી વાત એ કે "ઈન્દ્રિયોને મનોજ્ઞ વિષયમાં રાગ અને અમનોજ્ઞ વિષયમાં દ્વેષ થાય છે." એ કથન શ્રીકૃષ્ણગુરુએ ચોત્રીસમાં શ્લોકમાં કહ્યું હતું. અહીં કામરૂપ

× અગિયારમા અધ્યાયમાં આવેલા 'હણ' પ્રયોગનો ખુલાસો ત્યાં કર્યો જ છે.

આત્માને ઠેઠ ઈન્દ્રિયોથી પર મન, મનથી પર બુદ્ધિ અને ઠેઠ બુદ્ધિથી પણ પર (આત્માને) બતાવ્યો. એનો અર્થ એ કે કામનાં મૂળિયાં ઊંડાં છે. ઈન્દ્રિયોના રાગદ્વેષ તો ક્રિયા પરથી ઓળખાય છે, પણ ઊંડો રહેલો કામ તુરત પારખી શકાતો નથી.

જૈન સૂત્રોમાં કામ શબ્દને ઠેકાણે મોહ વપરાયો છે. મોહને લીધે બંધાતું કર્મગોલક મોહનીય કર્મ તરીકે ઓળખાય છે; એના મૂળ બે (દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય) અને વિશેષતઃ અઠ્ઠાવીશ ભેદ થાય છે. એ પૈકી ચારિત્ર મોહનીયના પચ્ચીસ ભેદોમાં ક્રોધ, માન, માયા અને લોભના ચાર ચાર પ્રકારો વર્ણવાયા છે. શ્રીકૃષ્ણગુરુએ જે વાત સંક્ષેપે કહી તેની ત્યાં ખૂબ વૈજ્ઞાનિક ઢબે છણાવટ થઈ છે. જિજ્ઞાસુ વાચક "સિદ્ધિનાં સોપાન"માંથી એ રસપૂર્વક વાંચી શકશે.

શ્રીકૃષ્ણગુરુની પરિભાષા પ્રમાણે ઈન્દ્રિયો સંબંધી રાગ કરતાં મન સંબંધી રાગ સૂક્ષ્મ છે. મન સંબંધી રાગ કરતાં બુદ્ધિ સંબંધી રાગ અને બુદ્ધિ સંબંધી રાગ કરતાં આત્મા સંગી રાગ સૂક્ષ્મ છે. આત્મા સંગી રાગ એ જ કામરૂપ. ઠેઠ એને માર્યા પછી જ ખરો વિજય મળ્યો ગણાય. જૈન સૂત્રો પ્રમાણે એ દશાને ક્ષીણકષાય ગુણસ્થાન દશા ગણાય. એટલે કે ૧૨મું ગુણસ્થાન. આટલે દૂર આવ્યા પછી સદેહ મુક્તિ થઈ જ ગઈ. અને દેહ છૂટયા પછી છેવટે અપુનર્જન્મ દશા.

**ॐ तत्सदिति श्रीमद्‌भगवद्‌गीतासूपनिषत्सु**
**ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽर्जुन-**
**कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥**

'ૐ તત્ સત્' એ પ્રમાણે શ્રી ભગવાને ગાયેલી, ઉપનિષદો પૈકી બ્રહ્મવિદ્યા અને યોગ શાસ્ત્રના સમન્વયવાળા શ્રીકૃષ્ણ અને અર્જુનના આ સંવાદમાં કર્મયોગ નામનો ત્રીજો અધ્યાય પૂરો થયો.

## ત્રીજા અધ્યાયનો ઉપસંહાર

અર્જુનની સમજમાં "ધર્મ અને વ્યવહાર બેય સાવ નોખી અને પરસ્પરનો મેળ ન મળે તેવી વસ્તુઓ છે" એમ હતું. આ પરથી એણે માન્યું હતું કે "જો કર્મ કરવાની કે ક્રિયા કરવાની જરૂર હોય તો યજ્ઞયાગાદિ ધર્મ્ય ક્રિયા કરવાની જરૂર હોઈ શકે," પણ એ વિષે તો શ્રીકૃષ્ણ મહાત્માનો અભિપ્રાય બીજા અધ્યાયમાં એ થયો કે "અજ્ઞાનીની એ યજ્ઞયાગાદિ ક્રિયા બહુ જ તુચ્છ ફળ આપે છે અને ચિત્ત-

સ્થિરતા ન જામવા દેવાના નિમિત્તરૂપ બની મોટો ગેરલાભ ઊભો કરે છે, અને જ્ઞાનીને તો (જ્ઞાન થયા પછી) એવી ક્રિયાની ખાસ અનિવાર્ય જરૂર છે જ નહિ." એ અભિપ્રાય પરથી અર્જુને ધારી લીધું કે જો શ્રીકૃષ્ણ મહાત્મા આવા ધર્મ્ય ક્રિયાકાંડોને પણ તુચ્છ બતાવે તો પછી "તસ્માદ યુધ્યસ્વ ભારત !" યુદ્ધ જેવાં વ્યાવહારિક કર્મો કે જેમાં નરી હિંસા જ સંભવે છે, તેવા પાપમાં મને શા માટે યોજાવાનુ કહે છે ?"

આ પરથી એ ખૂબ મૂંઝાઈ ગયો. એની બુદ્ધિને આઘાત પણ લાગ્યો. જરા શ્રીકૃષ્ણ મહાત્મા પર ખિજાઈ જવા જેવો થઈ ગયો. પણ એના મુખ સામે જોઈને એને શરમ લાગી. છેવટે એણે હિંમત ભેગી કરીને ભોળા ભાવે કહ્યું :-

આય ખરું ને તેય ખરું એવું સંદેહવાળું બોલીને ખીચડો કાં કરી નાખો છો ? શું મને મૂંઝવીને મારી નાખવો છે ? નરક કરતાં પણ વધુ દુઃખ આ મૂંઝવણમાં થાય છે. મારે બીજી લાંબી પંચાતમાં નથી પડવું, મને એક જ વાત - ટૂંકું અને ટચ - કહોને કે મારું કલ્યાણ શામાં છે ?

શ્રીકૃષ્ણ મહાત્માએ સમય જોઈને જ કહ્યું, " અર્જુન મૂંઝાઈ જા, મા. તેમ ઓછું પણ લગાડ મા. હું તને મૂંઝવી મારવા કે હેરાન કરવા નથી માગતો, પણ તું કોઈ ભ્રમમાં ન પડી જાય, એ ખાતર એકની એક વાતની જુદીજુદી દૃષ્ટિએ ચોખવટ કરું છું. તને મારી વાત અત્યારે લાંબી ખીચડા જેવી અને નીરસ લાગે છે. પણ તું જ્યારે સમજીશ ત્યારે એ સૂત્ર જેવી સરળ, સુંદર સંકલનાબધ અને રસિક લાગશે. તારું શ્રેય કેમ થાય ? મારી પણ એ એક જ અભિલાષા છે પણ ભાઈ ! ઉતાવળે કંઈ આંબા ન પાકે ! ધીરો થા અને સ્થિર ચિત્તે સાંભળ."

સાંખ્ય અને યોગ એવી બે શ્રેણીઓ તરફ લોકો નિષ્ઠા ધરાવે છે. પણ તે નિષ્ઠામાં એકાંતિકપણું હોવાથી તે સાધક નીવડવી તો દૂર રહી પણ ઊલટી કેટલીક વાર તો બાધક જ થાય છે. ખરી રીતે એ બેય નિષ્ઠાઓ એક જ ધ્યેયલક્ષી હોવી જોઈએ, અને છે. કર્મથી જ ભીરુ થઈને ભાગતા ફરવાથી કંઈ કર્મથી થોડું જ છુટાય છે ? તેમ કર્મને એકાંતે ત્યાગવાથી જ કંઈ સિદ્ધિ થોડી જ મળે છે ? પ્રકૃતિના રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણથી જોડાયેલો કોઈ પણ દેહધારી એકે ક્ષણ નિષ્ક્રિય રહી શકતો નથી, રહી શકે પણ નહિ. હા; હાથપગને નિષ્ક્રિય રાખી કોઈ એદી આળસુ બની જાય, તો જુદી વાત છે. પણ એથી શું વળ્યું ?

"ધાર, કે એક માણસનું મન પાપમય વિકલ્પો કરે છે. શું તેને બંદીખાનામાં

પૂરવાથી જ પાપમય વિકલ્પો ચાલી જવાના ? તારી જ દશા જોને ? અત્યારે તારાં અંગ તો નિષ્ક્રિય છે, છતાં મન કેટલું સક્રિય છે ? શું તારાં અંગો બાંધી રાખવાથી એ બંધાવાનું છે ? એવી કોઈ પ્રવૃત્તિ કરે તો લોકો જ કહેવાના કે એ મિથ્યાચાર કરી રહ્યો છે. પણ જો એ જાતે જ મન વશ કરી પાપમય વિકલ્પો છોડી દે અને કર્મેંદ્રિયોથી પ્રવૃત્તિ કરે તો કદી એવી પ્રવૃત્તિ નહિ કરે કે એને બંદીખાનામાં પુરાવું પડે ! એટલે ખરી વાત જ એ છે કે જેમ આંખવાળાને આંખ મીંચી ઉઘાડવી એ ક્રિયા અનિવાર્ય છે અને એમાં એને કશું જોર પડતું નથી, અને દુ:ખ થતું નથી, તેમ જ દેહધારીને સ્વાભાવિક હાજતો અનિવાર્ય છે, એને એના વિના ચાલતું નથી અને પ્રકૃતિનિયત કર્મ વિના ચાલતું નથી, એટલે કર્મેન્દ્રિયો રોકનાર મિથ્યાચારી કરતાં તો સક્રિય પશુ વધુ સારાં !"

"પ્રિય પાર્થ ! હા, અહીં એક વાતનો ખુલાસ કરું. તે એ કે કર્મ સાથે પાપ, પુણ્યની સાંકળ જરૂર જોડાયેલી છે અને તેથી દેહધારી જીવ બંધાય છે એ વાત પણ ખરી; પણ તે બંધન કર્મેન્દ્રિયોને રોકવા માત્રથી કાંઈ ટળી જાય તેમ નથી, અને તારે એ પણ યાદ રાખવું કે જે યજ્ઞાર્થે કર્મ આચરે છે, તેને કર્મની આસકિત થતી નથી અને તેથી તે કર્મ એને બંધનકર પણ થતું નથી.

"અર્જુન ! તું જાણતો જ હશે કે યજ્ઞ તો પ્રજાને દૂધમાં જ મળ્યો છે એટલે કે એ સૃષ્ટિ સનાતન છે."

યજ્ઞ એટલે ધર્મમય પુરુષાર્થ. ધર્મમય પુરુષાર્થ એ તો દિવ્યતાનું કલ્પવૃક્ષ છે. ધર્મમય પુરુષાર્થથી અર્થ અને કામ બધું આપોઆપ મળે છે. આ માટે જ પ્રાચીન કાળમાં પ્રજાનો મનોવિકાસ ઓછો હતો ત્યારે એ જ બ્રહ્માના મુખમાંથી આ પ્રમાણે કહેવડાવવામાં આવેલું. પ્રાચીન વેદશાસ્ત્રોમાં પણ તું એ જોઈશ. ત્યારની પરિભાષા આ હતી :

"પ્રજા જોઈતી હોય તો યજ્ઞ કરો, દેવને પ્રસન્ન કરો અને પૂજો. એથી ઈચ્છેલી વસ્તુની સિદ્ધિ થશે. તમે દેવને સંતોષજો, દેવો તમને સંતોષશે. જેમ દેવો માત્ર ભાવભરી પ્રસાદીના વાસનાના ભૂખ્યા છે, તેમ તમે પણ ભાવભરી પ્રસાદી જ લેજો. બધું એકલા જ ઓહિયાં ન કરતા ! તો એ માર્ગે પણ તમે પરમકલ્યાણ પામી જશો. તમને જે મળે છે તે દેવનું છે. જો એમને આપ્યા વિના ખાશો તો ચોર ગણાશો. બીજી વાત એ કે યજ્ઞપ્રસાદી જમતાં પહેલાં સંતોને (નિ:સ્પૃહી-સત્યાર્થી) અને સુપાત્રોને ભૂલશો નહિ. સંતોને અને સુપાત્રોને પણ એ યજ્ઞ-

પ્રસાદી આપજો, એથી તેઓને સાત્ત્વિક ખોરાક મળશે ને તેઓ તે ખોરાકમાંથી શકિત મેળવી સત્યાચરણ કરી પાપથી છૂટશે. ફરીથી સાંભળજો કે જે (દિવ્યતાલક્ષી સુપાત્રો) દેવોનો અને બીજાનો ભાગ કાઢ્યા વિના માત્ર પોતા કાજે ખાય છે, તે પાપ જ ખાય છે એટલું જ નહિ પણ અહીં તે શ્રમચોર, ઈંદ્રિયારામી અને જગતને બોજારૂપ છે, તેમ પરલોકમાં પણ જમની શિક્ષાને પાત્ર છે" આજે હું નવીન પરિભાષામાં તે આ રીતે કહું :-

"યજ્ઞ એટલે ધર્મમય પુરુષાર્થ દ્વારા જ અર્થોપાર્જન કરો. આથી અપરિગ્રહ વ્રત સહેજે આરાધવું જ પડશે. કારણ કે જ્યાં પરિગ્રહવાદ આવશે ત્યાં ધર્મમય પુરુષાર્થ કદી જ નહિ હોય. કામનાને રોકવા સદાય તત્પર રહો, છતાં ન રોકાય તો ધર્મથી એને રંગો. ધર્મમય પુરુષાર્થી વિકારતૃપ્તિ ખાતર કદી ગૃહસ્થાશ્રમને દૂષિત નહિ કરે, એટલે એ સંયમ ધર્મને સહેજે અંતઃકરણપૂર્વક જ સ્વીકારશે. આથી એવા ગૃહસ્થાશ્રમીની પ્રજા પણ ધર્મપ્રેમી હશે, જેને પરિણામે માનવતા અને દિવ્યતા બંનેનો સહેજે મેળ થવાનો. આવા ધર્મમય પુરુષાર્થીનાં સાધનો જરૂર સુપાત્ર સંસ્થા કે સુપાત્ર સંતમહાત્માઓના પુણ્યકાર્યમાં વપરાવાનાં. આમાં આત્માનો ઉદ્ધાર અને જગતની સેવા બંને અર્થ સરી રહેવાના. આમ જે ન કરે તે ચોર છે, પાપી છે - આત્મઘાતી છે. કારણ કે ધર્મમય પુરુષાર્થ સાથે આત્માને પણ પરંપરાએ સંબંધ છે.

"વહાલા કૌંતેય ! હવે તું મારા કથનનો અર્થ બરાબર સમજી ગયો હોઈશ. ભાઈ ! ધર્મ અને આપણા કોઈ વ્યવહારનો લગારેય દુર્મેળ નથી, અને દુર્મેળ લાગતો હોય ત્યાં કાં તો એ વ્યવહાર, વ્યવહાર નહિ, પણ વ્યવહાર રૂઢિ હશે અને કાં તો એ ધર્મ, ધર્મ નહિ હોય, પણ સાંપ્રદાયિક રૂઢિધર્મ હશે."

"એટલે હવે તને 'કર્મ ન કરવાં' એ હઠ ન રહેવી જોઈએ."

"સાંભળ, બીજી રીતે સમજાવું. જેને એકલા આત્માની અથવા ભકિતની પરિભાષામાં કહું તો પ્રભુની જ પડી છે એવા સંતો અને ભકતો કે જે ગૃહસ્થાશ્રમ સાથે જોડાયેલા કેટલાક પ્રપંચમય વ્યાપારોથી સહેજે અળગા છે, તેઓ કાર્ય કરે કે ન કરે તોય એને કશું અટકતું નથી કે છોકરાંછૈયાં ભૂખે મરવાનાં નથી. જ્યાં એને પોતાના દેહની પણ દરકાર નથી ત્યાં બીજાની શી હોય ? છતાંય એ એકાંતે લોકોપકાર ખાતર ઘડિયાળના કાંટાની જેમ નિયમિત સત્યવૃત્તિપરાયણ રહ્યા કરે છે. છતાં જોને કેવા એ નિર્લેપ અને અપ્રતિબદ્ધ વિહારી હોય છે ! છે એને કંઈ

હરખ કે શોક ? આનું કારણ બીજું કશું નથી પણ એમની અનાસક્તિ છે."

"બોલ હવે કાંઈ કહેવું છે ? જો કર્મ જ હરખશોકનાં દાતાર હોત તો એમને પણ એ થાત, માટે અર્જુન ! ગાંડો ન થા. અનાસક્તપણે કર્મ કરવા માંડ."

"કદાચ તું કહીશ કે સંતો અને ભક્તો તો નિર્લેપ રહી શકે કારણ કે એમણે સંસાર તજ્યો છે. તો હું તને સંસારીનું જ દૃષ્ટાંત આપું. જો તારી જ જાતિના સર્વોત્તમ પુરુષ જનકવિદેહી કોણ હતા ? ભલા ! કેવું એ આદર્શ ઉદાહરણ છે."

"ભારત ! મૂંઝા મા. સંસાર આખો તપાસી જો. એમાં જ્યાં જોઈશ ત્યાં તને કર્મ જ કર્મ દેખાશે." એટલે જો સામાન્ય દેહધારીઓ પણ કર્મ તજવાના પથને નથી પકડતા અને બિચારા કાર્યરત રહે છે, તો પછી મોટા અને જવાબદાર માણસને ભલા ! એદી બનવું કેમ પાલવે ? કારણ કે લોકો તો મોટાનો જ માર્ગ અનુસરે છે."

"અરે ! ભોળા ! આને લીધે જ તું મારી સામે જો. હું પણ મટકું માર્યા વિના નિરંતર કાર્યપરાયણ રહું છું. એમ ન કરું તો અવ્યવસ્થા કેટલી વધી પડે અને એનો નિમિત્તપાત્ર તો હું જ ગણાઉને ?"

હા, એટલું ખરું કે મોટા, જવાબદાર અને સમજુ માણસને સમજી વિચારીને અનાસક્ત ભાવે કર્મ કરવાં જોઈએ. જેમ તેમ વગર વિચારી-અને સાહસી દોડ એને ન પાલવે. જે લોકસમુદાય એને અનુસરતો હોય એનો પણ એણે ખ્યાલ કરવો જોઈએ. એટલે સિદ્ધાંતને છોડીને લોકો તરફ ખ્યાલ કરવો એમ હું નથી કહેતો, પણ સિદ્ધાંત જાળવવો અને લોકો તરફ પણ સાવ બેદરકાર ન બનવું એમ બેમુખી તકેદારી રાખવાનું હું સૂચવું છું.

ધનુર્ધર ! ખરી બહાદુરી તો ત્યાં છે. સત્ય જાળવવું એ ખાંડાની ધાર પર ચાલવા જેવું દુષ્કર છે. એ જાળવવું અને લોકો તરફથી માન-અપમાન જીતવાં, બોલ ! કેવી વસમી વાત ! લોકો ઝઘડા કરે તોય સહુને પ્રેમથી નવડાવવાં અને એમની તુચ્છ વાતને પણ ન્યાયપૂર્વક ઘટાવીને સત્યાસત્ય સમજાવવા પ્રયત્નશીલ રહેવું. આ કેટલું કઠણ કામ છે ! પણ ત્યાં જ તો જ્ઞાની અને અજ્ઞાનીનો ફેર છે. બળાત્કારે તો અજ્ઞાની પણ કોઈને ખેંચી શકે, પણ કર્મસંગીનો બુદ્ધિભેદ પાડ્યા સિવાય પોતાના ચારિત્રની જ છાપથી-સત્તા, અધિકાર કે ધનદોલતની લાલચથી નહિ આકર્ષવા ત્યાં જ જ્ઞાનીના અનાસક્તિયોગની ખરી ખૂબી છે. જો કે એ કામ મોડું અને ધીમું થાય છે એમ લાગે છે; પણ ખરું અને નક્કર કામ જ તે છે.

"કેટલાક ડાહ્યા લોકો પોતે જગતના નેતા હોવાનો દાવો કરીને, લોકોમાં બુદ્ધિભેદ કરે છે. ધર્મને નામે ક્લેશ મચાવે છે. એ ભલે પોતાના પક્ષમાં સંખ્યાબળ વધારીને માની લેતા હોય કે અમે ઘણું કર્યું, પણ એ ખાર ઉપર લીંપણ જેવું કામ હોય છે. એવા લોકો તો પોતેય ડૂબે છે, અને પોતાના અનુયાયીઓને પણ ડુબાડે છે."

"અરે કુરુશ્રેષ્ઠ ! ખરી વાત એ છે કે કોઈનું કર્યું કશું જ થતું નથી. હું અગાઉ કહી ગયો કે જ્ઞાનીએ લોકહિત અર્થે પણ અનાસક્તભાવે કર્મ આચરવાં જોઈએ. તે એટલા ખાતર કે એવા પુરુષોના ચારિત્રથી લોકોના અંતરમાં ઊંડે સૂતેલો આત્મા સળવળે છે. એને પ્રેરણા મળે છે માટે, નહિ કે એ જ દોરી શકે છે. કોઈ એમ માને કે મારું કર્યું થાય છે, તો તો જગતમાં ઘણાય ભલભલા જ્ઞાની થયા, છતાં જગત કેમ ન બદલાયું ?"

"ભારત ! જો ને, દુર્યોધનના હૃદયપલટા માટે મેં થોડું કર્યું ? પણ ભાઈ ! હું સમજું છું કે મારી ફરજ એટલી જ કે નિર્લેપ ભાવે સહુને સત્યપ્રેરણા આપવી, પછી કોઈ ઝીલે કે ન ઝીલે ! ઝીલે તેમાં મને ન અહંકાર થવો જોઈએ, તેમ ન ઝીલે તો તેથી મને ન નિરાશા થવી જોઈએ."

એમ જે જાણે તે જ તત્ત્વવેત્તા. આવો તત્ત્વજ્ઞ આસક્તિને સહેજે જીતી શકે, પણ જે પ્રકૃતિની મૌલિકતા તરફ કે પુરુષ તરફ જ ન જોતાં માત્ર વિષયો તરફ નિહાળે છે, તેને તો આસક્તિ થાય તે પણ બનવા જોગ જ છે. એટલે પછી એ મૂર્ખ હોય કે શાસ્ત્રી પંડિત હોય પણ બેય સરખા છે. ઊલટો શાસ્ત્રી, પંડિત કે અધૂરો છતાં પોતાને પૂરો માનનાર અધકચરા કરતાં તો સાવ મૂર્ખ વધુ સારો ! એવાની જોડે તો વાત કરતાં પણ ચેતતાં રહેવું. મતલબ કે કોઈને પણ પરાણે ચળાવવામાં કશો સાર નથી.

"પ્રસંગ પડે તો પ્રેમપૂર્વક સત્ય જણાવવું, છતાં ન સમજે તો કંઈ નહિ."

"પાર્થ ! તને આ પંથ કઠણ લાગતો હોય તો મને બધું સમર્પી દે, આત્મલક્ષી ચિત્ત બનાવ. આથી આશા, મમતા અને તાપ ટળશે. પછી યુદ્ધમાં જોડાવાથી કશું નુકસાન નહિ થાય. હું આત્મપાતને મોટામાં મોટું નુકસાન માનું છું. આ મારો અભિપ્રાય જરાય દોષદૃષ્ટિ રાખ્યા વગર શ્રદ્ધાભર્યા દિલે તું માનજે ને તેમ વર્તજે. જેઓ આમ વર્તે છે તે મારી પાસે હોય કે છેટા છતાં તરી જાય છે. પણ જે ખોટો દોષ

કાઢી અશ્રદ્ધાળુ દિલે કાર્ય કરે છે, તે પાસે હોય તોય ડૂબે છે. ખરી રીતે તે મારા અનુયાયીપણાને લાયક જ નથી."

"મારા ઘણા અનુયાયી એવા છે, પણ એની પણ હું ઉપાધિ કરતો નથી. અને બિચારા એમનોય શો દોષ ! એમાંના કેટલાક તો પ્રકૃતિનાં મૌલિક બળોને લીધે જૈન પરિભાષા પ્રમાણે બળવાન ઉદયમાન કર્મવિપાકને (ફળને) લીધે મંદ ગતિવાળા બની ગયા છે. અને કેટલાક તો ઈન્દ્રિયવિષયમાં લંપટ બનીને મંદ બની ગયા છે. આ બે પ્રેરકમાં પહેલી કોટીના વર્ગને હું ક્ષમ્ય ગણું છું. કારણ કે તેઓ પતનને માર્ગે નથી. એટલે આપોઆપ ઠેકાણે આવી જશે. કારણ કે એમનો અંતરંગત પુરુષાર્થ તો ચાલુ છે. મૌલિક પ્રકૃતિને જોઈને તો જ્ઞાનીનેય વર્તવું પડે અને એ કંઈ ખોટું નથી. મૌલિક પ્રકૃતિ કંઈ પતનને માર્ગે ઘસડતી નથી. પણ બીજો વર્ગ તો પતનને માર્ગે જ છે. કારણ કે તે નથી તો આત્માને વફાદાર કે નથી તો મૌલિક પ્રકૃતિને વફાદાર. તને પણ હું ચેતવું છું કે ઈન્દ્રિયોના વિષયમાં ઈન્દ્રિયો રાગદ્વેષ વશ થાય તોય તારે તારા આત્માને રાગવશ બનાવવાની જરૂર નથી. કારણ કે આત્માનો એ વૈરી છે."

માટે જ હું હવે મૂળ મુદ્દા પર આવું છું કે લોકસંગથી નિર્લેપ રહેનાર જ્ઞાનીની ભૂમિકાથી તારી ભૂમિકા આજે જુદી છે, એટલે તારે તો તારા સ્વધર્મને વફાદાર રહેવું જોઈએ.

"હું સમજું છું કે તારું યુદ્ધમાં જોડાવું ભયાવહ તને લાગતું હશે, પણ સાથે સાથે એ પણ કહું કે ન જોડાવું એ ભયાવહથી પણ ભયાવહ છે. કારણ કે તારું અંતરનું વલણ આવા સ્મશાનિયા વૈરાગ્યથી વળે એટલું તૈયાર નથી. તું ગમે તેમ માનતો હો, પણ હું તો તને સાફ કહું છું કે મૃત્યુની બીકથી ભાગવાની વૃત્તિને વશ તું બની ગયો છો અને એ વૃત્તિઓએ વૈરાગ્યનો સ્વાંગ સજી લીધો છે. અર્જુન તો થીજી જ ગયો. એને પોતાની ભૂલ તો સમજાઈ, પણ હવે એણે પ્રશ્ન કર્યો કે "વાત સાચી છે. પાપ તો અંતરમાં છુપાયેલું જ છે. પણ એ પાપ શું યુદ્ધકર્મે જોડાવાથી જશે? કે ન જોડાવાથી જશે?"

શ્રીકૃષ્ણ બોલ્યા, "કોઈ પણ ક્રિયા એ બહુ મહત્ત્વનો વિષય નથી. ક્રિયા કરવાથી અંતરનું પાપ ટળે કે વધે એવું પણ ખાસ નથી. મુખ્ય વાત તો સ્વધર્મ જાળવવો. સ્વધર્મ જાળવવો એટલે કે પોતાના અંતરને વફાદાર રહેવું એ છે. એ જ બંધનથી મુક્ત થવાનો માર્ગ છે. હા, ઘણીવાર અંતરનો મૌલિક અવાજ નથી પણ

પરખાતો; છતાં જે જિજ્ઞાસાપૂર્વક વફાદાર હશે એ છેવટે પણ માર્ગે વળશે જ."

અર્જુને વચ્ચે પૂછયું : ત્યારે અંતરનો અવાજ અથવા પ્રકૃતિનું મૌલિક વલણ આત્માને અનુકૂળ થવાનું છે. વળી આત્મા તો સત્ય, જ્ઞાન અને આનંદમય સ્વભાવવાળો છે, તો પછી ન ઈચ્છવા છતાં મને આત્માની નબળાઈ કેમ આવી ગઈ ? માણસ જાણીને પાપ કરે, પાપનો ડર જ જેમને ન હોય એની વાત તો હું શું કરું ? પણ મારા જેવા પાપભીરુને પણ પાપમાં જાણે કોઈ દોરી જતું હોય એમ લાગે છે. શું એ પ્રકૃતિધર્મ નહિ ?"

શ્રીકૃષ્ણ બોલ્યા, "ના ભાઈ ! ના ! એનું મુખ્ય કારણ કામ છે. અને એ કામની સામી બાજુનું પાસું ક્રોધ છે. હા, પ્રકૃતિના અને પુરુષના બંનેયના સંયોગે એ વિકાર જન્મે છે. અને જેમ ધુમાડો અગ્નિ અને છાણાના સંયોગે જન્મી એ જ અગ્નિને ઘેરે છે, તેમ તે આત્માને ઘેરી લે છે. એટલે જ આત્મા મૂળે જ્ઞાની હોવા છતાં અજ્ઞાનીની જેમ ઉચ્છૃંખલ માર્ગે પ્રવર્તે છે. કામ અને ક્રોધે આખી દુનિયા ઘેરી લીધી છે, છતાં હજુ જાણે ધરાતા નથી. પણ આટલી શકિત એમનામાં આવી છે તો આત્માની ઓથે જ એ પણ તારે ભૂલવું ન જોઈએ. એથી જ એને પૂરવા માટે પદાર્થો ગમે તેટલા નાખો પણ અગ્નિની જેમ બધું સ્વાહા થાય તોય એની કદી તૃપ્તિ થતી નથી."

"તને કદાચ શંકા થશે કે કામને આત્મા કેમ નિભાવી લે છે ? પણ આત્માએ, જે દેહ સાથે સગપણ બાંધ્યું છે, તેમને એણે કબજામાં લઈ લીધો છે, તેમ મન અને બુદ્ધિ પર પણ છે. તેથી જ એકલી ક્રિયા રોકવાથી કે કરવાથી કશું કાર્ય સરતું નથી.

તારે એની સાથે જ લડવામાં બહાદુરી વાપરવાની છે. આ યુદ્ધ તો માત્ર નિમિત્ત છે. દુર્યોધન તારો વૈરી નથી પણ એ કામ જ તારો મૂળ વૈરી છે. એને લીધે દુર્યોધન તો બાપડો નિમિત્તરૂપ થયો છે. ખરી રીતે એ કામ જ હણવા લાયક છે. પણ એને માટે પ્રથમ ઈન્દ્રિયોને નિયમબદ્ધ બનાવીશ, તો તને એની સાથે લડતાં ફાવશે. પણ ભૂલજે મા ! આ વૈરીની ચોટલી એમ ઝટ હાથમાં આવે તેમ નથી. ઈન્દ્રિયો તો સૂક્ષ્મ છે જ, પણ એનાથી પર મન અને મનથી પર બુદ્ધિને એનાથીય પર એ દુરાત્મા (કામ) વસે છે. આત્માના શુદ્ધ પ્રકાશનો આધાર લઈ એ દ્વારા એને હણી નાખ. આત્માના અનંતબળ સિવાય એની સામે કશી કારી (ઉપાય) ફાવવાની નથી, પણ આત્માના એ અનંતબળની ભૂમિકા માટે ક્રમેક્રમે ઉપર જવું જોઈએ. જૈનસૂત્રોના શબ્દોમાં તું સમજવા માગતો હો તો ફરીને કહું કે પ્રથમ

સ્થિરતા સાધી લે અને દર્શનમોહ ટળશે એટલે તને આત્માનો પ્રથમ સાક્ષાત્કાર તો થઈ જ જશે. પછી ખાતરી થશે. શ્રદ્ધા દઢ થશે છતાં અભિમાનથી કે પ્રમાદથી રખે સ્વચ્છંદી બની જતો. માટે જ મેં તને ગુરુસમર્પણ અને આત્મસમર્પણનો સિદ્ધાંત દર્શાવ્યો છે, છેવટે ચારિત્રમોહની ઈન્દ્રિયો પર થતી અસરથી તું પહેલાં છૂટીશ. એટલે અંશે જો રાગ-દ્વેષ-ક્રોધાદિ પર કાબૂ મેળવીશ તો ધીરેધીરે મન અને બુદ્ધિ પરની એમની સૂક્ષ્મ અસરો પણ જતી રહેશે. એટલે જ હું કર્મયોગ-ચારિત્રયોગ પર ખાસ ભાર આપું છું. તે પુરુષાર્થીને જ સુલભ છે. માટે તારા પુરુષાર્થને વેગ આપું છું. અર્જુન ઊઠ, ઊભો થા. તારા સ્વધર્મને ઓળખી કાર્ય તત્પર બન. પણ જોજે, તું તારા કામ અથવા મોહને હણવાનું ન ચૂકતો ! એ હણવાના લક્ષ્યે જ ક્રિયામાત્ર કરવાની છે, આટલો મારા અહીં લગીના કથનનો સાર છે.

# ગીતા દર્શન

## અધ્યાય ચોથો

### ચોથા અધ્યાયનો ઉપોદ્ઘાત

બીજા અધ્યાયમાં જ્ઞાનયોગ પરત્વે અને ત્રીજા અધ્યાયમાં ચારિત્રયોગ પરત્વે કહેવાયું. પરંતુ કર્મ કરવાં જ જોઈએ એ વાત પર ખૂબ ભાર અપાયો હોઈને રખે અર્જુન કોઈ ઊલટે માર્ગે ચઢી જાય, એ ખાતર હવે કર્મસંન્યાસની વિશેષતા પણ ક્યાં અને કેટલી છે તે બતાવે છે.

શ્રીકૃષ્ણ મહાત્મા આ અધ્યાયમાં એ પણ બતાવે છે કે આ કર્મયોગ અગર ચારિત્રયોગ નવો નથી, પણ જૂનાનું સંશોધન છે. વળી કર્મ કરવાથી જ મોક્ષ મળે છે, એવું પણ એકાંતિક ન જાણવું, જ્ઞાનમય કર્મસંન્યાસ પણ મોક્ષદાતા બને છે જ. કર્મસંન્યાસનો ખરો અર્થ એકલો કર્મત્યાગ જ નથી, પણ કયાં કર્મ બંધનકર્તા છે અને કયાં કર્મ બંધનકર્તા નથી એનું વર્ગીકરણ કરી જે બંધનકર્તા હોય એમને તજવાં અને બંધનકર્તા ન હોય એમને આદરવાં એ પણ જ્ઞાનમય કર્મસંન્યાસ જ ગણાય. આથી જ યજ્ઞ એટલે અમુક ચીજ હોમવી એટલો અર્થ પણ પૂરો નથી. કારણ કે જ્ઞાનપૂર્વક ન હોય, તો એ દ્રવ્યમય યજ્ઞ તો એકાંતે બંધનકર જ છે અને ધર્મમય પુરુષાર્થ કે ઉપયોગ જ્ઞાન સિવાય પરખાતાં જ નથી, એટલે ત્યાં ભૂલ થવાનો સંભવ  રહે છે. એ જ રીતે નિયતકર્મ કર્યા વિના અને જૈન દૃષ્ટિએ નિકાચિત ઉદયમાન કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી, પણ એ ખરે જ નિયતકર્મ છે કે કેમ, સાથે જ નિકાચિત ઉદયમાન કર્મ છે કે કેમ તે જ્ઞાન વિના જાણી શકાતું નથી. માટે જ્ઞાનની અનિવાર્ય જરૂર છે. પોતાને જ્ઞાન ન પ્રગટે તો વિશ્વાસથી અંતર્યામી દેવને શરણે જવું; અગર શ્રદ્ધા, નમ્રતા, જિજ્ઞાસા અને સેવાભાવ જાગતો રાખી સત્યના ઉપાસકને ચરણે જવું. એથી હૃદય-સંશયો ટળે છે, મોહ ટળે છે અને જ્ઞાનનો આવિર્ભાવ અને વૃદ્ધિ થાય છે. એ દ્વારા કયે ક્ષેત્રે, કયે સમયે, કઈ ક્રિયા સાધક છે અથવા કઈ બાધક છે તેનો ઉકેલ અંતઃકરણથી આપોઆપ મળી રહે છે, જે આપણે આ અધ્યાયમાં જોઈશું.

## चतुर्थोऽध्यायः

### श्रीभगवानुवाच

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिंक्ष्वाकवेऽब्रवीत् ॥१॥
एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
सकालेनेह महता योगो नष्टः परंतप ॥२॥
स एवायं मया तेऽद्य योगोः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्यतदुत्तमम् ॥३॥

## અધ્યાય ૪થો

### શ્રી ભગવાન બોલ્યા :

**પૂર્વે આ અવ્યયી યોગ, કહ્યો'તો મેં જ સૂર્યને;**
**એણે કહ્યો મનુને ને, તેણે ઈક્ષ્વાકુને કહ્યો. ૧**
**આમ પરંપરાપ્રાપ્ત, એને રાજર્ષિ જાણતા;**
**લાંબે કાળે ઘસાયો તે, યોગ અહીં પરંતપ ! ૨**
**તે જ મેં આ તને આજે, કહ્યો યોગ પુરાતન;**
**મારો તું ભક્ત ને મિત્ર, એવું રહસ્ય શ્રેષ્ઠ આ. ૩**

(અર્જુન ! આમાં તારે અચંબો પામવા જેવું નથી. હું આજે જે યોગની વાત તારી સમક્ષ કહી રહ્યો છું, એ જ પ્રમાણે) પૂર્વે મેં આ અવ્યયી (મૂળથી નાશ ન પામવાના સ્વભાવવાળો) યોગ સૂર્યને કહ્યો હતો, સૂર્યે મનુને કહ્યો હતો અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો હતો.

એમ પરંપરાએ મળેલા આ (યોગ)ને રાજર્ષિઓ જાણતા હતા, પણ લાંબા કાળે આજે આ લોકમાં એ યોગ હે પરંતપ ! (શ્રેષ્ઠ તપસ્વી) ઘસાઈ ગયો છે. (જાણે નષ્ટ કાં ન થઈ ગયો હોય એમ લાગે છે.)

એટલે મેં તને આજે એ પ્રાચીન યોગને (તારી પાસે) ફરીથી કહ્યો છે. (એનું કારણ એ છે કે) તું (એક રીતે) મારો મિત્ર છો. (એટલે મિત્ર આગળ છાનું કે ઢંકાયેલું) રહસ્ય (કહેવું એ ઉચિત છે). વળી તું (બીજી રીતે આજે તો) મારો ભક્ત પણ છો. (એટલે મારા ભક્તને મારે શ્રેયસ્કારક માર્ગ બતાવવો જોઈએ) એટલે

તારે માટે યોગ્ય એવો આ માર્ગ છે એ જાતનું ઉત્તમ રહસ્ય તું આને જાણ.

**નોંધ :** આ ત્રણ શ્લોક પરથી જે ફલિત થાય છે, તેનો સાર આ પ્રમાણે લઈ શકાય : (૧) અર્જુનને આ યોગ નવો લાગતો હતો એટલે શ્રીકૃષ્ણ મહાત્માએ ખુલાસો કર્યો કે, આ યોગ નવો નથી, પણ ત્રિકાલાબાધિત છે, સનાતન છે, અવિનાશી છે. (૨) વળી અર્જુન માટે એ પરધર્મ નથી,પણ સ્વધર્મ છે એ બતાવવા માટે શ્રીકૃષ્ણ મહાત્માએ કહ્યું :

રાજર્ષિઓ એને જાણતા અને આરાધતા. ઠેઠ સૂર્યકાળથી માંડીને એ યોગ પરંપરાએ ચાલ્યો આવે છે. ક્ષત્રિયો સૂર્યવંશી અને ચંદ્રવંશી ગણાય છે અને 'યાવચ્ચંદ્રદિવાકરૌ' એટલે ચંદ્ર અને સૂર્યનું શાસન તપે ત્યાં લગી ક્ષત્રિયત્વ ટકવાનું છે. એ રીતે આ યોગ પણ સાચા ક્ષત્રિયો માટે સ્વધર્મ ગણાવાનો છે." (૩) બ્રહ્માની સૃષ્ટિમાં તો પ્રજા માત્ર આવી ગઈ, પણ સૂર્યવંશમાં તો ક્ષાત્રત્વવાળી વિશિષ્ટ પ્રજા જ લઈ શકાય એટલે એવી જનતા માટે તો આ યોગ ખાસ અનિવાર્ય છે. (૪) છતાં આજે એ યોગ ઘસાઈ ગયો છે, માટે શ્રીકૃષ્ણ મહાત્મા કહે છે કે તારે નિમિત્તે વળી હું એનું સંસ્કરણ કરું છું. અને (૫) અર્જુનને જ નિમિત્તે આ પુનરુદ્ધાર શા માટે ? એના જવાબમાં શ્રીકૃષ્ણ મહાત્મા જ કહે છે, "તું ક્ષાત્રત્વ ધરાવનાર ક્ષત્રિય છો, પરંતપસ્વી એટલે કે મહાપુરુષાર્થી છો, વળી મારો મિત્ર છો, ઉપરાંત ભકત પણ છો માટે." એનો અર્થ એ થયો કે પ્રથમ વીરતા જોઈએ. વીરતાની સાથે જ વળી પરિશ્રમવૃત્તિ જોઈએ, નિઃસ્વાર્થીપણું જોઈએ, ઉપરાંત ભકિત પણ જોઈએ. તો જ આ કર્મયોગ પચે. સારાંશ કે સામાન્ય જનતા માટે યજ્ઞ એટલે કે ધર્મમય પુરુષાર્થ અનિવાર્ય છે. વિશિષ્ટ જનતા માટે સમતાયુકત ચારિત્રયોગ અનિવાર્ય છે કે જેમાં મહાસત્ય, વિશ્વપ્રેમ અને સર્વશ્રેષ્ઠ ન્યાયનો સમન્વય હોય, અને જેથી જગતનું અને આત્માનું ઉભયનું કલ્યાણ થાય.

હવે આ શ્લોકનો અર્થ જૈનસૂત્રોની પરિભાષામાં કહીએ તો આમ થાય : 'અઢી દ્વીપનાં પંદર કર્મભૂમિનાં ક્ષેત્રોમાં જ સૂર્યચંદ્રની ગતિ, કાલપ્રમાણ કાઢી શકાય તેવી છે. વળી એ પુરુષાર્થભૂમિ છે માટે કર્મભૂમિ કહેવાય છે. ત્યાં ખેતી, વાણિજ્ય, સંસ્કૃતિ અને સંરક્ષણ વ. સેવાનાં કાર્યક્ષેત્રો પ્રમાણે વર્ણવ્યવસ્થા છે. પુરુષાર્થનું ક્ષેત્ર હોવાથી એ જ મોક્ષભૂમિ છે. પણ પોતે મુકત થવું અને જગતને મુકિતમાર્ગ તરફ પ્રેરવું એ કાર્ય ક્ષાત્રત્વભરી જ્ઞાનવિભૂતિ વિના ન થઈ શકે. એટલે ગૌતમને ઉદ્દેશીને ભગવાન મહાવીરે આ ચારિત્ર યોગની રહસ્યમય અને

કલ્યાણકારી વાત જેમ કહી હતી, તેમ મહાત્મા કૃષ્ણ, શ્રીઅર્જુનને કહે છે. ચોવીસ તીર્થંકરો ક્ષાત્રત્વભર્યા જ હોય છે. એથી જ એને આ યોગ ખરેખર પથ્ય થાય છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ કલ્પના કરીએ તો નિહારિકામાંથી સૂર્યમાળા છૂટીપડી ત્યારથી માનવસમાજમાં આ યોગ પ્રચલિત છે, અને ભવિષ્યે પણ રહેવાનો, પણ જેમ શરીર ઘસાય ત્યારે એ શરીરમાંથી રહેલો આત્મા જો ઈચ્છે તો બીજું નવું શરીર ધારણ કરે છે. તેમ ધર્મનું કલેવર એટલે કે ધર્મ તરફ લઈ જનારા ક્રિયાકાંડો ઘસાય છે, ત્યારે મહાવિભૂતિઓ, ધર્મનો આત્મા તારવી લઈ એને (ધર્મને) નવીન કલેવરોના સ્વાંગથી સજાવે છે, પરંતુ આ રહસ્ય ભકિતભીના સુહૃદય હૃદયો જ સમજી શકે છે.

*अर्जुन उवाच ।*

**अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।**
**कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥४॥**

**અર્જુન બોલ્યા**

**સૂર્યનો જન્મ જો પે'લો, ને પછી જન્મ આપનો;**
**તો એને આદિ કે'નારા, શી રીતે આપને ગણું ? ૪**

(ભલા ! આવું તે શું બોલો છો ? આપ તો મારી ઉમ્મરના મારા ગોઠિયા છો, સાંદીપનિ ઋષિના આશ્રમમાં આપનાં પગલાં હજુ ગઈ કાલનાં જ છે, વ્રજવાસીઓનું માખણચોરનું વિશેષણ હજી તાજું જ છે. એટલે ) આપનો જન્મ તો હમણાંનો છે અને વિવસ્વાનનો જન્મ તો પૂર્વકાળનો છે. (શ્રુતિ પણ એમ કહે છે 'સૂર્ય આત્મા જગતસ્તસ્થુષશ્ચ .' સ્થિર અને ગતિમાન સહુનો આત્મા સૂર્ય જ છે. માટે જ તે આદિત્ય કહેવાય છે.) તો પછી હું કેમ માનું કે આપે તે (યોગ) સૌથી પ્રથમ જ કહ્યો હતો ?

**નોંધ :** પ્રકાશ વિના જગતની સ્થિતિ અશકય છે એમ આધ્યાત્મિક વિજ્ઞાન ભાખે છે. આજનું સ્થૂળવિજ્ઞાન પણ એ જ ભાખે છે. સૂર્યદિશા ભણી નિહાળવાનું ધાર્મિક ક્રિયાઓનું પણ એ ખાતર કહેવામાં આવ્યું છે. જૈનસૂત્રોમાં સૂર્યને દેહધારી દેવ તરીકે ઓળખવવામાં આવેલ છે અને જે પ્રકાશ દેખાય છે તે એના વિમાનનો છે એમ કહેવામાં આવ્યું છે.

આ રીતે જોતાં અર્જુનનો પ્રશ્ન સાચો છે, પણ એ સ્થૂળ દૃષ્ટિએ સાચો છે; સૂક્ષ્મ દૃષ્ટિએ નહિ. એમ હવે શ્રીકૃષ્ણ મહાત્મા સમજાવવા માટે કહે છે :

*श्रीभगवानुवाच*

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥५॥
अजोऽपि सन्नव्ययाऽऽत्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्वमायया ॥६॥
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥७॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामिवायुगे युगे ॥८॥

**શ્રીકૃષ્ણ બોલ્યા**

**મારા જન્મો ઘણા વીત્યા, અને તારાય અર્જુન !;**
**તે બધાય હું જાણું છું, તું ન જાણે પરંતપ ! ૫**
**અજ અવ્યય આત્મા હું, ભૂતોનો ઈશ છું છતાં;**
**સ્વપ્રકૃતિતણે ટેકે, જન્મું માયાથી આત્માની. ૬**
**થાય છે ધર્મની ગ્લાનિ, ને ઉપાડ અધર્મનો;**
**ત્યારેત્યારે હું આત્માને, ઉપજાવું છું ભારત ! ૭**
**દુષ્કૃતોના વિનાશાર્થે, રક્ષાર્થે સાધુઓ તણા;**
**ધર્મસંસ્થાપના માટે સંભવું છું યુગે યુગે. ૮**

(વ્હાલા ભારત ! તું જે શ્રીકૃષ્ણના ખોળિયામાં રહેલા આત્માને લીધે શ્રીકૃષ્ણની સંજ્ઞાથી મને ઓળખે છે, તે આત્મા અજરામર છે,અને ઉપરાંત જ્ઞાનવાન પણ છે. પણ જે દેહને એ(આત્મા) ધારણ કરે છે તે વિનાશી છે. વિનાશી એવા દેહને છોડનાર આત્મા પોતે અખંડ-અવિનાશીપણું છોડતો નથી, એથી એ જન્મજન્માંતરને જાણી શકે છે, પણ એ આત્મજ્ઞાનની ભૂમિકા લગી દેહધારી પહોંચે તો જ જાણી શકે છે, નહિ તો નહિ. એટલે તું એ દૃષ્ટિએ સાચો છો, પણ સૂક્ષ્મદૃષ્ટિએ પરમ સત્ય સાવ જુદું છે.) પરંતપ ! (તું પરને તપાવે તેવો વીર

છો, પણ પર એટલે બીજો માણસ નહિ; પરંતુ પર એટલે આત્માથી ભિન્ન એવી પ્રત્યેક વસ્તુ આટલું ભેદવિજ્ઞાન થયા પછી તારી આ વીરતા કંઈ ઓર જ રૂપે ઝળહળી ઊઠશે. આજે એ સ્થિતિ પર તું નથી પહોંચ્યો માટે જ તને લાગે છે કે સૂર્યનો જન્મ પહેલો અને મારો પછી. ભાઈ ! મારો આ જન્મ શ્રીકૃષ્ણ નામે તને ભલે હમણાંનો લાગતો હોય, પણ બીજા અનેક નામે હું ઘણીવાર જન્મ લઈ ચૂકયો છું, એ રીતે જોતાં આ પહેલાં) મારા ઘણા જન્મો વીતી ચૂકયા છે. (અને જેમ મારા ઘણા જન્મો વીતી ચૂકયા છે, તેમ તારા પણ વીતી ચૂકયા જ છે, કારણ કે હું તને અગાઉ બીજા અધ્યાયમાં કહી જ ગયો છું કે આપણા બધાના સંયોગો પૂર્વે પણ હતા, આજે પણ છે અને હવે પછી પણ નહિ જ હોય એવું એકાંતે નથી. જ્યાં લગી માયાસંગી આત્મા છે, ત્યાં લગી એને જન્મમરણની ઘટમાળમાં ફર્યા વગર છૂટકો જ નથી. પણ આવું યથાર્થ જ્ઞાન થઈ ગયા પછી એ ઘટમાળમાં ફરવા છતાં એનો આનંદ કોઈ અલૌકિક જ હોય છે; પરંતુ અર્જુન ! એ જન્મમરણના ભેદને) આજે તું નથી જાણી શકતો અને હું એ બધું જાણું છું. (તેથી તને ભલે અચંબો થતો હોય. પણ મને એમાં કશું જ આશ્ચર્ય લાગતું નથી. એટલે હવે તું એમ સમજી લે કે સૂર્યના જન્મ પહેલાં પણ મારો જન્મ એકદા હતો જ અને જો એમ સમજીશ, તો જે યોગની વાત હું આજે કરી રહ્યો છું, તે પૂર્વે પણ કહેવાઈ હશે જ અર્થાત્ કે એ પુરાતન છે એ વિષે પણ તને શંકા નહિ જ રહે.) વળી હે અર્જુન ! (જન્મજન્માંતરોનો જાણકાર એવો જ્ઞાનસ્વરૂપઅંતર્યામી આત્મા)હું (ખરી રીતે તો ) અજ (અજન્મા) છું. અવિનાશી છું, ભૂતોનો શાસક છું, છતાં મારા જન્મો શા માટે ! અને જ્યાં જન્મદશા છે, ત્યાં મરણદશા પણ અનિવાર્ય છે જ, તો એવાં જન્મમરણો શા માટે ?પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ કરતાં નિરાળો અને શકિતમાન હોવા છતાં એનો સંગ અને પરાધીનતા શા માટે ? એનો ખુલાસો આ પ્રમાણે છે કે; મેં પ્રકૃતિને મારી માની છે. ત્યાં લગી મારાં પણ જન્મમરણ અનિવાર્ય છે. અહીં મારા શબ્દથી તારે આત્મા જ સમજવો અને જો એવા વિશિષ્ટ આત્માથી જોડાયેલા અને આ શ્રીકૃષ્ણસંજ્ઞાથી ઓળખાતા મને સમજીશ તોય એવી સમજથી કશી હરકત નથી.માટે તને એ રીતે કહું છું કે ) સ્વપ્રકૃતિને આધારે હું આત્મમાયા વડે જન્મધારણ કરું છું. (જો પ્રકૃતિનો આધાર છોડી દઉં તો મને અંતર્યામીઆત્માને અથવા અંતર્યામીઆત્માના ભાનવાળા શ્રીકૃષ્ણને જન્મવા-મરવાપણું કશું છે જ નહિ. આ સાંભળીને કદાચ તું એમ કહીશ કે જન્મ-મરણને લીધે આધિ, વ્યાધિ,અને ઉપાધિમાં જોડાવું પડે. ઘડપણ અને

રોગનાં દુ:ખ કે હર્ષ-શોક વેઠવાં પડે, એવું કષ્ટ તમારા જેવાએ શા સારુ વેઠવું જોઈએ ? સર્વશકિતમત્તા અને ભૂતોનું સ્વામીપણું હોવા છતાં દેહે શા સારુ જોડાવું જોઈએ ? આનો જવાબ એ છે કે, હે ભારત ! ) જ્યારે જ્યારે ધર્મમાં (એટલે કે વસ્તુની ખરી વાસ્તવિકતામાં અથવા જગત અને જીવનમાં પ્રવર્તતા મહા-નિયમના ઉઘાડમાં) મંદતા આવે છે, (બીજા શબ્દોમાં કહું તો જીવનમાં અને જગતમાં ધર્મવિરુદ્ધ વિકારો બહુ ઉપાડો લે છે એટલે કે (અધર્મનું જોર વ્યાપે છે, ત્યારે ત્યારે હું આત્માને સરજું છું. અર્થાત્ એક દેહધારીના જીવનમાં જ્યારે સત્યના અંશો મોળા પડે છે અને અસત્ય જોર પકડે છે,ત્યારે દેહધારી જ્ઞાનીની હૃદયપૂર્વકની ભકિતને પ્રતાપે એવા દેહધારીના હૃદયમાં મૃતની જેમ સૂતેલો અંતર્યામી આત્મા સળવળીને નવસર્જન પામે છે, એમ પણ કહી શકાય. જે ઘટના એક દેહધારીને લાગુ પડે છે, તે ઘટના "જો પિણ્ડે સો બ્રહ્માણ્ડે" ના ન્યાયે સમસ્ત જગતને પણ લાગુ પડે જ તેમાં નવાઈ નથી. એટલે જ્ઞાનીનો આત્મા, દેહને ધારણ કરે એમાં સહુનું કલ્યાણ જ છે. મતલબ કે મારો જન્મ જગકલ્યાણાર્થે છે એ વિષે તને સંશય ન રહેવો જોઈએ. જગકલ્યાણ સાધુતાના સંરક્ષણમાં અને દુષ્કૃતોના વિનાશમાં હોઈને મારે સાધુતાના અંશો જ્યાં વિકસ્યા હોય કે વિકસવાનો સંભવ હોય, એમને ધારણ-પોષણ આપવાની પ્રવૃત્તિ સેવવી પડે છે, અને અસાધુતાના અંશો જ્યાં વિકસ્યા હોય કે વિકસવાનો સંભવ હોય, ત્યાં એમને દૂર કરવાની પ્રવૃત્તિ સેવવી પડે છે, પણ આવી પ્રવૃતિને લીધે કે જન્મમરણને લીધે મારે આધિ, વ્યાધિ અને ઉપાધિમાં જોડાવું પડે છે, ઘડપણ અને રોગથી ઉપજતાં દુ:ખ અથવા બીજા પ્રકારે રાગદ્વેષ જન્મ હરખશોક વેદવાં પડે છે એમ તું ન માનતો કારણ કે એ પ્રવૃત્તિમાં મારી લગારે આસકિત નથી. કોઈ ક્ષેત્ર, કોઈ કાળ કે કોઈ સ્થિતિ દુ:ખનું મૂળ કારણ નથી. દુ:ખનું મૂળકારણ તો આસકિત છે. એટલે દેહ ધરવા છતાં એ ભૂતોની આધીનતા મારી આત્મ સ્વાધીનતામાં આડખીલી રૂપ થતી નથી. આથી કશી બાધા જ ન હોવાથી) હું સાધુઓની રક્ષા કાજે અને પાપીઓના પાપનું જોર નાબૂદ કરવા માટે તેમ જ ધર્મની (મંદતા દૂર કરી, ફરી સુદૃઢ સ્થાપના કરવા અર્થે યુગે-યુગે જન્મ ધારણ કરું છું. (અર્થાત્ યુગે યુગે ધર્મનો આત્મા ઘસાઈ જાય છે એટલે ઉપરના ક્રિયાકાંડરૂપ કલેવરમાં, યુગે યુગે જન્મતા જ્ઞાનીઓ પોતાનાં ક્ષેત્ર, કાળ અને લોકમાનસને તપાસીને-પ્રાણ પૂરે છે. સારાંશ કે જ્ઞાનીને આવી સત્યવૃત્તિ સેવવી પણ અનિવાર્ય છે અને એવા જ્ઞાનીના અભાવે સામાન્ય જનતા ક્રિયાકાંડોને જ ધર્મ સમજી બેસી

મૂળધર્મને ભૂલી જાય તે પણ બનવા જોગ હોઈને ધર્મનું સંરક્ષણ પણ એટલું જ અનિવાર્ય છે.)

**નોંધ :** અહીં અર્થના કૌંસમાં ઉપરના ચારે શ્લોકોનો નીચોડ તો કહેવાઈ ગયો. અહીં ફરીથી જૈનસૂત્ર-દષ્ટિ સાથે સમન્વય કરીએ. (૧) જૈનસૂત્રોના સમકિતીકૃષ્ણના કાળ, અને વૈદિક ગ્રંથોના ભગવાન શ્રીકૃષ્ણના કાળ વચ્ચે મોટું અંતર છે. એટલે કેટલાક ઐતિહાસિકો એ બંને એક જ વ્યકિત હશે કે જુદા જુદા એવી શંકા કરવા લાગ્યા છે. પણ કાળ અને શૈલીમાં ચાહે તેટલું અંતર હોય, તોય એ બે વ્યકિતને જુદી પાડી શકાય તેમ નથી. એટલે કાળ અને શૈલીનું અંતર પરિભાષાભેદની અપેક્ષાએ માનીને એ બંનેને એક વ્યકિત માનીએ, તોય હાનિ આવે તેમ નથી. સમકિતી પુરુષને જાતિસ્મરણ જ્ઞાન સંભવે એટલું જ નહિ પણ નિર્મળું જાતિસ્મરણ જ્ઞાન સંભવે એમાં જૈનસૂત્રોનો વિરોધ નથી. (જો કે જાતિસ્મરણ જ્ઞાનને અને સમકિતને અવિનાભાવ સંબંધ નથી, એ કોઈ ન ભૂલે ! એટલે કે જાતિસ્મરણ જ્ઞાન હોય; અને સમકિત ન હોય ત્યાં તો એ જ્ઞાન નિર્મળ ન પણ હોય, પણ જ્યાં સમકિત હોય અને જાતિસ્મરણ જ્ઞાન પણ હોય ત્યાં તો એ નિર્મળ જ હોય.) આ રીતે શ્રીકૃષ્ણ મહાત્મા પોતાના જન્મો જાણે અને અન્યાન્ય સંબંધથી કિંવા અવધિજ્ઞાનથી અર્જુનના જન્મો પણ જાણે તેમાં નવાઈ નથી.

(૨) શ્લોકાંક ૬-૭-૮ ને જૈનસૂત્ર-દષ્ટિએ સમજવા સારુ કંઈક ઊંડા ઊતરવું જોઈએ. મૂળે આત્મા અજર છે, અમર છે, અનંત શકિતમાન છે એમ દિગંબર અને શ્વેતાંબર બંનેનાં સૂત્રો કહે છે. તો પછી એને જન્મમરણ કેમ સંભવે ? અહીં જૈનદષ્ટિએ ભાવકર્મનો કર્તા જીવ થવાને લીધે જન્મમરણ છે એમ કહેવાય છે, એ ભાવકર્મ તે ગીતાની સ્વપ્રકૃતિ. એને લઈને જ આત્મા અને કર્મ વચ્ચે સંગ થાય છે. તેમ ગીતા કહે છે કે એ સ્વપ્રકૃતિના અધિષ્ઠાનને લીધે આત્માની અને પ્રકૃતિની વચ્ચે માયા જન્મે છે. આ ઉભયમુખી માયા કિંવા ઉભયમુખી વિકારને લીધે અજરામર એવા આત્માને દેહપિંજરમાં રહીને જન્મમરણ કરવાં પડે છે. એમ છતાં જૈનસૂત્રો જેમ કહે છે કે સમકિતી જીવને તો સ્વર્ગમાં જે લિજ્જત છે, તે જ લિજ્જત નરકમાં પણ છે. એટલે કે એને કોઈ પણ બાહ્ય પરિસ્થિતિ પોતાના સમભાવ મધ્યસ્થભાવ તટસ્થભાવથી લગારે ડોલાવી શકતી નથી. એટલે એવો વેદાંત પરિભાષા પ્રમાણે સગુણ આત્મા અને જૈન પરિભાષા પ્રમાણે દેહધારી સમકિતી આત્મા દેહ હોવા છતાં એમાં બંધાતો નથી. સત્યપ્રવૃત્તિમાં પરાયણ રહેવા

છતાં ક્યાંય લેપાતો નથી. આથી એવા જ્ઞાનીને ચારિત્ર-આત્મરમણતામાં કશી બાધા પહોંચતી નથી. અને એના પુરુષાર્થથી જગતનું કલ્યાણ પણ થાય છે. ભગવાન ઋષભદેવ સમકિતી હતા. એમણે જગકલ્યાણની પ્રવૃત્તિ કરી હતી; છતાં આત્મભાન ગુમાવ્યું ન હતું. તેઓ યુગની આદિમાં થયા એમ યુગે યુગે એવા તીર્થંકરો જન્મે છે. તે તીર્થંકરોનાં નામો નિરાળાં હોઈને, વ્યક્તિઓ નિરાળી નિરાળી છે, પણ એ બધામાં રહેલો આત્મા તો એક જ છે. એમ સંગ્રહનયની દૃષ્ટિથી શ્રી આચારાંગ અને શ્રી સમવાયાંગ બોલે છે. તે દૃષ્ટિએ જો શ્રીકૃષ્ણનું શ્રી અર્જુનને કહેવાયેલું કથન લેવામાં આવે તો જૈનસૂત્રોના તીર્થંકરવાદ અને ગીતાના યુગેયુગે સંભવતા અવતારવાદ વચ્ચે વિરોધ નહિ લાગે. જે લોકો શ્રીકૃષ્ણના દેહ ઉપર જ અવતારવાદનું આરોપણ કરે છે, તે લોકોને તો ગીતાકારે પોતે જ ચેતવણી આપી છે અને હજુ પણ આપશે. એટલે શ્રીકૃષ્ણનો 'હું જન્મું છું' એ પ્રયોગ શ્રીકૃષ્ણ વ્યક્તિને નહિ, પણ શ્રીકૃષ્ણમાં રહેલા સમકિતી-જ્ઞાની- આત્માને લાગુ પડવાનો છે, એમ સમજવાથી ગીતાકારનો મુખ્ય આશય જળવાઈ રહે છે, અવતારવાદની પરિપાટીથી ઈશ્વરનો છુટકારો થાય છે અને જ્ઞાનીજનો કાળેકાળે થવાથી સંતોને અને ભક્તોને દિલાસો મળે છે. તથા ધર્મનું સંસ્કરણ જરૂરી છે એમ સમજવાથી કર્મકાંડો બદલે, નિયમો બદલે, તો એમાં ધર્મ રખે ચાલ્યો જાય, એવો રૂઢિચુસ્તોનો ભય દૂર થાય છે, ધર્મને નામે ચાલતાં ધતીંગો ખળભળે છે અને ખરા ધર્મને ઈચ્છનાર અને કુરૂઢિથી ઘેરાયેલા ધર્મથી કંટાળનાર ધર્મપિપાસુઓને પણ પ્રેરણા મળે છે.

અહીં એક બીજી વાત પણ કહેવી જરૂરી છે, તે એ કે આવા જ્ઞાનીની વાટ જોઈને કોઈ બેસી ન રહે, પણ એવો જ્ઞાની અંતર્યામી એકેએક વ્યક્તિના અંતરમાં પ્રકાશે છે, તેનો પ્રકાશ બહાર લાવવા માટે પુરુષાર્થ આજથી જ આદરે. જ્યારે એવી વ્યક્તિઓની ખીલવટ થાય છે, ત્યારે એ પૈકી જ કોઈ પ્રેરકજ્ઞાની નેતા મળી રહે છે. અમુક જાતિમાં, અમુક કાળમાં કે અમુક પ્રદેશમાં જ એવો નેતા મળે એવું પણ ઐકાંતિક કોઈ ન સમજી બેસે. જાતિ, કાળ, દેશ સંયોગો વગેરે કરતાં આત્માની શક્તિ અનંતગણી હોઈને એ બધા સંયોગોમાં ખીલી શકે છે. માત્ર મૂળકારણ માટે પુરુષાર્થ હોવો જોઈએ, નિમિત્ત કારણો તો એ મૂળઉપાદાન પરત્વે જ મોટો આધાર રાખે છે. હા, નિમિત્તકારણો ભારે મદદકર્તા નીવડે ખરાં પણ ઉપાદાન તૈયાર ન હોય તો અનુકૂળ નિમિત્તોય શું કરી શકે તેમ છે ? અને ઉપાદાન તૈયાર હોય તો પ્રતિકૂળ નિમિત્તોય શું અટકાવી શકે તેમ છે ? પણ આવું નિબિડ રીતે

તૈયાર થયેલું ઉપાદાન તો વિશિષ્ટજ્ઞાની પક્ષે જ હોય, એટલે એવા જ્ઞાનીને જ ધર્મોદ્વારક, સંતરક્ષક, પાપપ્રણાશક પ્રવૃત્તિ લાગુ પડે છે. બીજા સામાન્ય જ્ઞાનીના વિકાસ કે પતનનો તો ઘણો ભાર સારાંમાઠાં નિમિત્તો પરત્વે પણ હોય છે, એ વાત પણ ભૂલવી ન જોઈએ. એ દૃષ્ટિએ ઉપર્યુક્ત વિશિષ્ટ જ્ઞાનીજનોનાં વર્તન, વાણી અને શાસ્ત્ર પણ અનુકૂળ નિમિત્તરૂપ હોઈ અલ્પરીતે અવલંબનરૂપે ભારે જરૂરનાં છે. કારણકે એમને "निमित्ताधीनो जीवः" એ ઉક્તિ મોટે ભાગે લાગુ પડતી હોય છે. આમ હોઈને વિશિષ્ટજ્ઞાની કહે એમ એ કરે એટલું જ એને પક્ષે હિતકારી છે. જો એ વિશિષ્ટજ્ઞાનીની બધી ક્રિયાનું માત્ર સમજ્યા વગર કે પોતાની ભૂમિકા તપાસ્યા વગર) અનુકરણ કરવા મંડી જાય, તો એ અનર્થ કરી બ સે; કિંવા વિકાસને બદલે પતનને પંથે પડી જાય એવો પણ સંભવ છે.

સારાંશ કે સહુએ પોતાને અલ્પજ્ઞાની ગણવા છતાં વિશિષ્ટજ્ઞાની પોતે બની શકે તેમ છે, તેવી પ્રવૃત્તિ નમ્રભાવે નિરંતર કર્યા કરવી. આથી પોતે સાચે માર્ગે પુરુષાર્થ પણ કરી શકે અને સ્વચ્છંદના દોષથી પણ બચી શકે.

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ ९ ॥

**જે જાણે તત્ત્વથી મારાં, જન્મ ને કર્મ દિવ્ય આ;**
**તે મરી ને ફરી જન્મે, પામે મને જ અર્જુન ! ૯**

હે અર્જુન ! (તું હવે એવી શંકા કરીશ કે "અજ-અવિનાશ એવા આત્માનો જન્મ કેમ હોય ? પણ એ તારી શંકા સ્થૂળ દૃષ્ટિએ છે; સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈશ તો તને ચોક્કસ જણાશે કે જન્મ ધારવા છતાં આત્મા પોતે તો અજ છે. એ એનો અજન્મ સ્વભાવ કોઈ સંયોગોમાં તજતો નથી. એટલે) મારાં જન્મ અને કર્મ દિવ્ય હોઈને (દિવ્યદૃષ્ટિ વિના સમજાતાં નથી. એક રીતે આત્મા જન્મતો નથી એ વાત પણ સાચી છે, અને બીજી રીતે હું-આત્મા-જન્મ ધરું છું, તે વાત પણ સાચી છે. કારણ કે સ્થૂળ દૃષ્ટિથી લોકો જ્ઞાનીને એમ માને છે કે આ પ્રભુનો જ અવતાર છે, અને એક રીતે એ વાત સાચી છે કારણ કે તેવા જ્ઞાનીની દૃષ્ટિ આત્મા ભણી જ હોય છે, એટલે એ દૃષ્ટિએ એ પ્રભુનો અવતાર ગણાય તો ખોટું નથી. વળી બીજી રીતે એ દેહધારી હોવાથી આ જ્ઞાનીનો જન્મ થયો, એણે આ કામ કર્યું એમ પણ કહેવાય છે, તે પણ સાચું જ છે, પણ સામાન્ય લોકોના જન્મ અને કર્મ કરતાં જ્ઞાનીનાં જન્મ અને કર્મ નિરાળાં હોય છે. એમાં દિવ્યતા હોય છે. કારણ કે આત્મા તરફ જેનું લક્ષ્ય છે,

તેનાં કર્મ અને જન્મ દિવ્ય હોય જ. આ પ્રમાણે મારાં જન્મ અને કર્મ પણ દિવ્ય છે, પણ તત્ત્વદષ્ટિ સિવાય આ વાત સમજી શકાય તેમ નથી માટે કહું છું કે) તત્ત્વથી જે એમ જાણે છે, તે દેહ તજી ફરી જન્મતો નથી (એટલે કે આ છેલ્લો દેહ છોડીને એ અપુનર્જન્મ દશા મેળવે છે) અને મને (નિર્મળ આત્માને) પામી જાય છે.

**નોંધ :** અગાઉ ગીતાકારે શ્રીકૃષ્ણના મુખે હું સાધુઓની રક્ષા કાજે અને દુષ્કૃતોના વિનાશાર્થે યુગે યુગે જન્મું છું એમ કહ્યું હતું, એનો અહીં ખુલાસો છે. પરમાત્મદશા પામેલાને પુનર્જન્મ હોય જ નહિ. શ્રીકૃષ્ણના પરમાત્મસ્વરૂપને તત્ત્વ થકી જાણનારાનો જો પુનર્જન્મ ટળી જાય, તો પછી શ્રીકૃષ્ણ મહાત્માની પોતાની પરમાત્મદશામાં પુનર્જન્મને સ્થાન જ કયાંથી હોઈ શકે ? એટલે જ ઉપર કહેવામાં આવ્યું કે આ વાતને તત્ત્વદષ્ટિએ જાણવી સમજવી જોઈએ. તત્ત્વદષ્ટિએ જાણતાં સમજતાં શ્રીકૃષ્ણ પોતે યુગે યુગે જન્મે છે, એનો અર્થ એ કે યુગે યુગે શ્રીકૃષ્ણ મહાત્મા સમા સમતાયોગી-જ્ઞાની-જન્મે છે. અને શ્રીકૃષ્ણ જેમ પરમાત્મદશામાં અકર્મા અને અજન્મ છે, તેમ એવા જ્ઞાનીપુરુષ પરમાત્મદશા પામતાં અકર્મા અને અજન્મા બને છે. સહુનો આત્મા, આત્મત્વદષ્ટિએ એક છે, એટલે અલ્પજ્ઞાની પણ વિશિષ્ટજ્ઞાની બનવાનો અધિકારી છે. અને વિશિષ્ટજ્ઞાની થયા પછી એનાં જન્મ અને કર્મ આપોઆપ ટળે તેવો એનો સહજ પુરુષાર્થ થાય છે, પણ કદાચ જન્મ અને કર્મ લંબાય કે ચાલુ હોય, તોય એમાં જગતપક્ષે કલ્યાણનું કારણ છે. અને આત્મપક્ષે પરમ સમ્યક્જ્ઞાન હોવાથી (જન્મ અને કર્મની લંબાણ સ્થિતિથી) કશી હાનિ પહોંચતી નથી. આટલું સમજ્યા પછી મનુષ્ય સાચે માર્ગે (મોક્ષમાર્ગે) પુરુષાર્થ અવશ્ય કરશે અને એમ છતાં જગતથી કંટાળશે નહિ. આમ થવાથી સ્વ અને પર ઉભય પક્ષે, એ કલ્યાણનો ધ્રુવકાંટો બની રહેશે, તેમજ જીવનના પરમ રહસ્યનો અને જગતના પરમ રહસ્યનો સમન્વય કરશે. હવે પરમાત્મ દશામાં જે અપુનર્જન્મ સ્થિતિ છે, તેનો અનુભવ કોણ લઈ શકે તે સંબંધમાં ખુલાસો આપતાં કહે છે :

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥ १० ॥

**હુંમય આશ્રિતો મારા, શુદ્ધ જ્ઞાન તપે થઈ;**
**રાગે ક્રોધે ભયે વો'ણા, પામ્યા મારા સ્વરૂપને. ૧૦**

રાગ, ભય અને ક્રોધથી (એ ત્રણ મહાશત્રુથી ચેતી એમના સંગથી) વેગળા

રહેનારા, મારામાં તન્મય બની મારો આશ્રય સ્વીકારનારા ઘણા (સાધકો) જ્ઞાનમય તપથી પવિત્ર થઈને મારા સ્વરૂપને પામ્યા છે.

**નોંધ :** આપણે ઉપર જે વાત વિચારી ગયા એ વાતને આ શ્લોકે પૂરો ટેકો આપી દીધો. અહીં મદ્‌ભાવનો અર્થ 'પરમાત્મભાવ' લેવો. પરમાત્મભાવને પામવા માટે પ્રથમ શરત એ કે એકાગ્રતા જોઈએ. બીજી શરત નિષ્ઠાવાળી ધીરજ જોઈએ. આ બેય શરત ત્યારે પળે કે રાગ, ભય અને ક્રોધથી વેગળા રહેવાની ટેવ પડી હોય ! આવી ટેવ પાળવા માટે, એવો અભ્યાસ દઢ કરવા માટે, વારંવાર ઊઠતી "આ જોઈએ અને તે જોઈએ, આ ગમે છે અને આ નથી ગમતું" એવી કામનાઓને કાબૂમાં લાવવાની તપશ્ચર્યા કરવી જોઈએ. સમજણ વિના, મૌલિક-વિચાર વિના આવી તપશ્ચર્યા બની જ ન શકે એટલે 'જ્ઞાનમય તપસ્યા' ઉપર ભાર અપાયો છે. એવી જ્ઞાનભરી તપસ્યાથી આત્મા નિર્મળ થાય છે. અને એમ ક્રમે ક્રમે પરમાત્મદશાની પ્રાપ્તિ થાય છે.

જે રીતે શ્રીકૃષ્ણગુરુએ કહ્યું તે જ રીતે જૈનસૂત્રકારોએ કહ્યું છે. શ્રી દશવૈકાલિકની પ્રથમ જ ગાથામાં સ્વભાવને કોણ પામે, એનો જવાબ વાળતાં કહ્યું કે "અહિંસા,સંયમ અને તપના અભ્યાસથી સાધક; વસ્તુ સ્વભાવરૂપ ધર્મને પામે છે. કારણ કે આત્મા, નિર્મળતા અને સરળતાનો ઊંચો ગુણ એવા અભ્યાસથી જ મેળવી શકે છે, અને એવા નિર્મળ અને સરળ સાધકના અંતરમાં જ ધર્મ પ્રતિષ્ઠા પામે છે."

પરંતુ આ તો ઘણા ઉચ્ચ કોટીના ધર્મની વાત થઈ. આપણા વિશ્વવત્સલ સંઘની ત્રણ કક્ષાઓ પૈકી ત્રીજી કક્ષાની વાત થઈ, પણ બીજા ભક્તો કે ઉપાસકોનું શું ? એના સમાધાન માટે કહે છે :-

**ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।**
**ममवर्त्माऽनुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ।।११।।**
**મારે માર્ગે અનુવર્તે, ગમે તેમ ભલે જનો;**
**જે રૂપે જે મને સેવે, તેમને તેમ હું ફળું. ૧૧**

પાર્થ ! સાધક ગમે તે કોટીના ભલેને હોય, પણ જેઓ મારે માર્ગે (એટલે કે સત્યને પંથે) સર્વ રીતે અનુસરે છે (એટલે કે 'ગમે તે પંથ કે ધર્મને ભલને માને પણ જેઓ સત્યને સર્વાંશે વફાદાર છે) તેઓને હું જે રીતે તેઓ મને ભજે છે તે રીતે (તેમને) ફળ આપું છું.

**નોંધ :** આ શ્લોકમાં બે ચરણ તો સ્પષ્ટ જ છે, પણ ત્રીજા અને ચોથા ચરણના જુદા જુદા ટીકાકારો જુદી-જુદી દૃષ્ટિએ અર્થો કાઢે છે. ગાંધીજીએ એવો અર્થ કર્યો છે કે, "માણસ જેવું વાવે છે, તેવું તેને ફળ મળે છે." લો. ટિળકે એવો અર્થ કર્યો છે કે "ગમે તે તરફ ચાલે પણ છેવટે મનુષ્ય મારા જ માર્ગને આવીને મળે છે અર્થાત્ મનુષ્યે આખરે સત્યને માર્ગે આવ્યા વિના છૂટકો જ નથી." આપણે અહીં જે અર્થ કરીએ છીએ તે ઉપર વાચક જોઈ શકશે. અર્જુને જ્યારે 'મારામાં તન્મય' એનો અર્થ કૃષ્ણના નામમાં તન્મય કર્યો અને જ્ઞાનમય તપસ્યા તો જ્ઞાનીને જ હોય એટલે જ્ઞાનીને જ સહુ કંઈ ફળે એવો અર્થ કાઢયો, ત્યારે બીજાનું શું ? એનો અહીં ખુલાસો છે. મનુષ્ય ગમે તે નામે ભજે કે ગમે તે રૂપે ભજે, તેનું તેને ભાવ પ્રમાણે જરૂર ફળ મળે છે, અને મળવું જ જોઈએ. આ પરથી નામરૂપ કે સ્થૂળ ક્રિયાકાંડોમાં જે લોકો મુખ્યપણું માની ઝઘડા મચાવે છે, તે ભૂલે છે તે સહેજે સમજાશે. વળી "જે લોકો પ્રભુને સીધી રીતે ભજે એટલે કે લોકોત્તર અલૌકિક-આત્મ સ્વરૂપને જ ઉપાસે તે તો ઊંચી વસ્તુ છે જ, પણ આવા વિરલા ઓછા હોય. બીજા ઘણા એવા હોય કે જેમને પ્રથમ સ્થૂળ લાભ દેખાય એ જોઈને પ્રભુ-ભકિતમાં ખેંચાય અને છેવટે જેમજેમ ઊંડા ઊતરતા જાય તેમતેમ નિષ્કામ ભકિત જ એમને ગમે અને એ રીતે આગળ વધી મોક્ષ પામી જાય." આ પરથી એમ પણ સમજવું જ રહ્યું કે કોઈ સ્થૂળ અવલંબન લઈ ઉપાસના કરતો હોય તોય તેવી સાધનાનું ખંડન કરવાની પણ જરૂર નથી.* કારણ કે,મનુષ્યે મુખ્યત્વે તો એ જ જોવાનું છે કે, કોઈ પણ રીતે પ્રભુને પંથે અનુવર્તવું જોઈએ સારાંશ કે સત્યનિષ્ઠા કેળવવી જોઈએ.

પણ આનો અર્થ એ નથી કે મનુષ્યે સ્થૂળ અવલંબનમાં પડયું રહેવું અથવા લૌકિક કામના માટે જ ઉપાસના કર્યા કરવી. ખરી રીતે તો આનો અર્થ એ છે કે જુદાજુદા મત, પંથ, વાદ કે સંપ્રદાયોથી કોઈએ ગભરાઈ જવું ન જોઈએ અને અનુભવેલા સત્યને સર્વ પ્રકારે વફાદાર રહેવું જોઈએ. આમ થવાથી અનેક વિરોધી વિચારો કે વાદો વચ્ચે સત્યાગ્રહી, સમભાવી અને સ્થિર રહેવાનું બળ પ્રગટાવી શકે છે અને તે પણ અહિંસાના હથિયાર વડે જ. બીજો અર્થ એ ફલિત થાય છે કે સત્યાગ્રહી અને આત્માવલંબી સાધક પોતે ગર્વિષ્ઠ પણ ન બને કે મારો મોક્ષ છે અને બીજાનો નથી. મોક્ષ તો ગમે તે મનુષ્ય ગમે તે ક્ષેત્ર અને ગમે તે

* અહીં ધ્રુવનું દૃષ્ટાંત વિચારી લેવા જેવું છે. સાવકી માતાના મહેણાથી [illegible] તપ કરવા જનાર ધ્રુવ છેવટે સાચી ભકિત આગળ એ બધાને ભૂલી જાય છે તેમ.

કાળમાં મેળવી શકે છે, પછી એ સ્ત્રી હો કે પુરુષ હો. પણ મૂળે તો એકનિષ્ઠા કેળવવી જોઈએ. ઘડીકમાં આ અને ઘડીકમાં તે એવા અસ્થિર મનના સાધકો કશું જ કરી શકે નહિ. આ વાત બીજા અધ્યાયમાં પણ બીજા પ્રકારે કહેવાઈ ગઈ છે. જો આ એકનિષ્ઠા લૌકિક હિતકારણે હોય તો ? શ્રીકૃષ્ણ ગુરુ આનો જવાબ વાળે છે કે ભલે ગમે તે ઈચ્છા રાખીને પણ જો એકનિષ્ઠા કેળવાતી હોય, તો તે એકંદરે તો કલ્યાણકારી જ છે.

નિષ્કામવૃત્તિએ એકનિષ્ઠા રાખવી એ સર્વોત્તમ છે, સકામવૃત્તિએ એકનિષ્ઠા એ હલકી કોટી છે, પણ એકનિષ્ઠાવિહોણાની કોટી કરતાં તો ઉચ્ચ દરજ્જાની છે. સકામવૃત્તિની એકનિષ્ઠાનું ફળ ઓછું છે. તે ફળ કેવું હોય છે, તે હવે બતાવે છે. એ પરથી એ પણ સહેજે સમજાશે કે જેમ એકનિષ્ઠ ખેડૂત ઘાસ-કડબ માટે બી નથી વાવતો, પણ અનાજ માટે બી વાવે છે અને એમાંથી ઘાસ-કડબ સહેજે મળે છે. એટલે કે એકનિષ્ઠ મનુષ્યે લૌકિક સિદ્ધિની કાંક્ષા રાખવી ન જોઈએ, એમાં એનું બેવડું હિત છે, નહિ તો "ક્રિયામાત્ર ફલવતી" એ ન્યાયથી ફળ મળે છે પણ તે ઘણું જ ઓછું. જેમ કે :

कांक्षंतः कर्मणां सिद्धिं यजंत इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मना ॥ १२ ॥

**વાંચ્છુકો કર્મસિદ્ધિના, દેવતાને પૂજે અહીં;**
**તો મર્ત્યલોકમાં શીઘ્ર, થાય છે સિદ્ધિ કર્મની. ૧૨**

કર્મની સિદ્ધિને ઈચ્છનારા (જો) અહીં (આ લોકમાં એ પ્રકારની ઈચ્છા રાખીને) દેવતાઓને પૂજે છે, તો તે ઝટ આ મનુષ્ય લોકમાં જ કર્મજન્ય સિદ્ધિ મેળવી શકે છે (પણ હે પાર્થ ! એવી કાંક્ષા રાખ્યા વગર સત્પુરુષાર્થ કરવો એ સર્વોત્તમ માર્ગ છે.).

**નોંધ** : આ શ્લોકથી શ્રીકૃષ્ણ મહાત્મા એમ કહેવા માગે છે કે, "કર્મસિદ્ધિની વાંચ્છા એ મોક્ષમાર્ગમાં અંતરાયરૂપ છે. એવા કર્મફળના ઈચ્છુકો મારો (અંતર્યામી પ્રભુનો) સીધો પ્રકાશ પામી શકતા નથી. એમને વચલા દેવતાઓનો આશ્રય લેવો પડે છે. જો કે કર્મજન્ય ફળ એને તુરત આ લોકમાં જ મળે છે, પણ એ ફળ તુરત મળ્યા છતાં આત્મસંતોષ એને મળતો નથી, ઊલટો એ તો કદાચ છેટો જ જાય છે. જે જૈન મહાત્માઓએ (પણ) આવી ઉપાસનાના મંત્રો, વિધિઓ વગેરેનો જનહિતાર્થે ઉપયોગ કરવા ખાતર આશ્રય લીધો હતો, એમણે પણ દેવા-

નુષ્ઠાન કર્યાં હતાં એવો ઈતિહાસ છે. એથી કર્મજન્ય સિદ્ધિ થાય છે અને તુરત એનું ફળ પણ દેખાય છે, એમ છતાં મૌલિક જૈનત્વના ઉપાસકોએ એવી સિદ્ધિમાં કશુંય મહત્ત્વ માન્યું નથી.

આજનું સ્થૂળ-વિજ્ઞાન પણ તત્કાળ એવી કર્મસિદ્ધિ કયાં ઓછી પામ્યું છે? છતાં એ કર્મસિદ્ધિએ માનવતાના વિકાસમાં બહુ ઓછો ફાળો આપે છે, એમ જો દેખાતું હોય તો એનું કારણ વિજ્ઞાનરસિકોની કર્મસિદ્ધિની કાંક્ષા જ છે, એમ માનવું રહ્યું.

કર્મસિદ્ધિની કાંક્ષા ન રાખવા છતાંય, કર્મ કરનારને કર્મસિદ્ધિ તો થવાની જ, પણ જો એવી કાંક્ષા નહિ હોય તો તે કર્મસિદ્ધિ, વિકાસમાં બાધક નહિ થાય, બલકે સાધક થશે. આટલું સમજ્યા પછી પણ અર્જુનને પ્રશ્ન થાય છે કે, "તો પછી કર્મ અનિવાર્યપણે કરવાં જ જોઈએ, એવો આગ્રહ શા માટે? એનો ખુલાસો આપતાં શ્રીકૃષ્ણ મહાત્મા કહે છે :

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्धयकर्तारमव्ययम् ॥ १३ ॥

**ગુણ ને કર્મના ભેદે, યોજ્યા છે ચાર વર્ણ મેં;**
**તેનો કર્તા છતાં જાણ, અકર્તા અવ્યયી મને. ૧૩**

(પ્રિય પાંડવ! કર્મની સિદ્ધિ ન ઈચ્છવા છતાં ખરો સાધક, કર્મ કર્યા વિના- એટલે કે સત્પુરુષાર્થ કર્યા વિના-રહી શકતો જ નથી. તું કહીશ કે એ કેમ બને? પણ તારે એમાં નવાઈ પામવા જેવું કશું નથી. અગાઉ એકવાર કહેવાઈ ગયું છે કે દરિયાકિનારે લિજ્જતમાં આવી ગયેલો માણસ રેતીમાં આકૃતિઓ દોરે છે એ તો તેં અનુભવ્યું છે, એ શા માટે તેમ કરે છે? તારે કહેવું જ પડશે કે એમાંથી એને મોજ મળે છે. બસ એ જ રીતે જ્ઞાની પણ આ જગતમાં ક્રિયા કરીને મોજ મેળવતો હોય છે. એ મોજમાં કરે છે અથવા બીજા શબ્દોમાં કહું તો પોતાનાં અક્રોધ, નમ્રતા, પ્રેમ અને સંતોષ અર્થે કરે છે; છતાં એ ક્રિયાથી કુદરતી રીતે જગતનું હિત થાય છે. કોઈને ખુશી કરવા કે કોઈને નારાજ કરવા માટે એ કંઈ કરતા નથી.) મેં પોતે પણ ગુણ અને કર્મના (મનુષ્ય, મનુષ્ય વચ્ચે ભેદ હોવાને લીધે એ) વિભાગ પ્રમાણે ચાર વર્ણ ઉપજાવ્યા છે. એમનો ઉપજાવનાર ઠર્યો એટલે કે વ્યવસ્થાપક બન્યો માટે એ દષ્ટિએ) હું એમનો કર્તા પણ કહેવાઉં અને (વાસ્તવિક રીતે જોઈએ તો હું)

અકર્તા પણ કહેવાઉં છું (કારણ કે જે સૃષ્ટિ અથવા જે સર્જન છે એનો વિનાશ હોય છે અને હોવો જ જોઈએ. પરંતુ હું એમાં - એ કર્મમાં-કર્તાપણાનું અભિમાન નથી કરતો એટલે હું આત્મપાતથી બચી રહું છું.) એટલે કે હું અવિનાશીપણાના ભાન સાથે રહેવાથી અવિનાશીપણાને અનુભવી શકું છું.

નોંધ : જૈન ગ્રંથોમાં શ્રી વૃષભદેવ સમકિતી હતા, ત્યારે એમણે લોકવ્યવસ્થા સારુ ચાર વર્ણોની યોજના કરી હતી, એવો ઉલ્લેખ છે. અહીં શ્રીકૃષ્ણે કરી, એવો ઉલ્લેખ છે. પણ એનો અર્થ જો વાચકે પોતાપક્ષે ઘટાડવો હોય તો એમ ઘટી શકે કે ગુણકર્મનો વ્યવસ્થાપક શુદ્ધ આત્મા છે, અને એવો આત્મા, મનુષ્યમાં પ્રબળપણે પ્રકાશી રહ્યો છે. એ રીતે પોતે કર્તા પણ છે, અને એમ છતાં પોતે આત્મભાનમાં અડોલ રહે તો અકર્તા પણ રહી શકે છે. આ રીતે જે જેનો કર્તા, તે તેનો ભોક્તા હોય એ જૈનસૂત્રનું કથન પણ ઘટી જાય છે, અને નિર્લેપ ભાવ કેળવવાથી એ ભોક્તાપણું બાધક થતું નથી એટલે જન્મમરણની પરંપરામાં ફસાવું ન પડવાથી, અવિનાશીપણું પણ અનુભવસિદ્ધ થાય છે. આથી એમ પણ ફલિત થયું કે, કર્મની અનિવાર્યપણે જરૂર છે, પણ તે કર્મસિદ્ધિ માટે નહિ; પરંતુ સદ્‌ગુણસિદ્ધિ માટે.

લોકસેવકપક્ષે આ વાત એવી રીતે ઘટી શકે કે, એણે કર્મો કરવાં પણ લક્ષ્ય પોતાના સદ્‌ગુણ-વિકાસનું રાખવું. એથી લૌકિક દષ્ટિએ કર્મસિદ્ધિ થતી ન દેખાય, તોય એનો ઉત્સાહ કદી ઓસરશે નહિ, તે જ રીતે કર્મસિદ્ધિ વિપુલ દેખાવા છતાં એ અભિમાની બની શકશે નહિ.

શ્રીકૃષ્ણમહાત્મા અર્જુનને પણ પોતાનું ઉદાહરણ આપી એમ કરવાની પ્રેરણા આપે છે. જે વર્ણવ્યવસ્થા, ગુણભેદે અને કર્મભેદે પાડવામાં આવી છે, તે આજે વંશપરંપરાગત રીતે રૂઢ થઈ ગઈ છે, તે પણ બરાબર નથી એવું પણ આ શ્લોકથી ખુદ શ્રીકૃષ્ણમુખે સિદ્ધ થાય છે. આનો વિસ્તાર આગળ ઉપર અઢારમા અધ્યાયમાં આવતો હોઈ, અહીં એની વિશેષ ચર્ચા નહિ કરીએ, પણ થોડો ખુલાસો કરી લઈએ. તે એ કે, ત્યાં "સ્વભાવપ્રવભગુણોથી વર્ણવ્યવસ્થા નિર્માઈ છે" એવો ઉલ્લેખ છે અને અહીં, "ગુણભેદે અને કર્મભેદે મેં વર્ણનિર્માણ કર્યું છે" એવો ઉલ્લેખ છે. તેનું મુખ્ય તાત્પર્ય એ છે કે, સદ્‌ગુણ એ કર્મ માત્રનું ધ્યેય હોવું જોઈએ. કર્મસિદ્ધિ નહિ ! અને એમ કરવાથી જ શ્રીકૃષ્ણ કહે છે, તેમ કર્મબંધનથી છૂટી શકાય. જૈનસૂત્ર આચારાંગમાં પણ કહ્યું છે કે, "આસકિત છોડવાથી જ કર્મસંગ છૂટે છે, માત્ર કર્મ કરવાનું જ છોડી દઈએ તો તેથી કંઈ કર્મસંગ છૂટતો નથી."

न मां कर्माणि लिंपंति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्ध्यते ॥ १४ ॥
एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

**ન મને લેપતાં કર્મો, ફળે તૃષ્ણા મને નથી;**
**આમ જે મુજને જાણે, તે ન બંધાય કર્મથી. ૧૪**
**એવું જાણી કર્યું કર્મ, પે'લાંનાય મુમુક્ષુએ;**
**પૂર્વજોએ કર્યું પૂર્વે, તેથી તું કર તેમ જ. ૧૫**

(જો પરંતપ !) મને કર્મ લેપી શકતાં નથી (કારણ કે) મારી કર્મફળમાં તૃષ્ણા-લાલસા-નથી. (હું જે કંઈ કરું છું તે સદ્દગુણની દૃષ્ટિએ કરું છું.) આ રીતે મને જેઓ (ખરા સ્વરૂપે) ઓળખે છે (તેને મારી આ સ્થૂળ ક્રિયાથી કશો અણગમો ઉપજતો નથી, ઊલટો આદર વધે છે. અને તે પોતે પણ કર્મફળની આસક્તિથી વેગળો રહી કર્મ કરવામાં ઉત્સાહ ધરાવે છે, એમ કરવાથી) તેય (કર્મ કરવા છતાં મારી જેમ) કર્મોથી બંધન પામતો નથી. (ઓ કુરુવીર !) આવું (રહસ્ય) જાણીને પૂર્વે જે મુમુક્ષુઓ થઈ ગયા એમણે પણ કર્મો કર્યાં હતાં. માટે પૂર્વજોએ પૂર્વે (જે દૃષ્ટિ રાખીને) કર્મ કર્યું, તેમ આજે તું પણ (તે દૃષ્ટિ રાખી) કર્મ કર. (એટલે કે કર્મફળની સ્પૃહા ન રાખતાં ગુણવિકાસને લક્ષ્યમાં રાખી કર્મ કર. કર્મને છોડવા માત્રથી તારું કશુંય કલ્યાણ નહિ થાય.)

**નોંધ :** અગાઉ અગિયારમાં શ્લોકમાં કહ્યું હતું કે, "મનુષ્ય ગમે તે રીતે ભજે, પણ પરંપરાએ તે મને જ ભજે છે." એ વાક્યની ખરી ચોખવટ આ ચાર શ્લોકમાં થઈ ગઈ. "લોકો પ્રભુને બે રીતે ભજે છે : (૧) લૌકિક કાર્યોની સિદ્ધિ માટે, અને (૨) પ્રભુપ્રાપ્તિને માટે. પે'લી રીતે ભજનાર દૈવી સત્ત્વોની સહાય લઈને જો એકાગ્રતાપૂર્વક પ્રયત્ન કરે તો કર્મસિદ્ધિ જરૂર પામે, પણ કર્મસિદ્ધિ ઈચ્છનારાઓને પ્રભુપ્રાપ્તિમાં અંતરાયો વારંવાર ઊભા થાય છે. આશા નિરાશાના હીંચકામાં પુરુષાર્થની મંદતા પણ આવે છે. એટલે એકંદરે એ ભૂલવાળો માર્ગ છે. દેવોની પૂજા કર્યા પછી થોડી સ્વાર્થસિદ્ધિ કરવા કરતાં, મનુષ્ય કર્મફળની સ્પૃહા રાખ્યા વગર કર્મ કરે તો એમાં પોતાનું અને સમાજનું બંનેનું કલ્યાણ થાય. એટલે (કર્મયોગીરૂપ) કર્મ કરનારે કર્મફળની સ્પૃહા છોડી સમાજ વ્યવસ્થા અર્થે કર્મ કરવાં જોઈએ. અને કર્મ તજનારા (જ્ઞાનયોગી)એ કર્મનો

સમૂળગો ત્યાગ ન કરતાં કર્મ આચરી કર્મફળનો ત્યાગ કરવો જોઈએ. આવી રીતે કર્મ કરવાથી આત્મા અકર્તા રહી અવિનાશીપણું-અવિકારીપણું-ઉત્સાહીપણું જાળવી શકે છે અને સમાજવ્યવસ્થા પણ જળવાઈ રહે છે. એથી જગતતંત્ર પણ અહિંસક બળથી સુલેહશાન્તિપૂર્વક ચાલ્યા કરે છે. પૂર્વના મુમુક્ષુઓ પણ આ રીતે વર્ત્યા છે." તેમ અર્જુનને શ્રીકૃષ્ણ આ વસ્તુ કહીને સહુને એ માર્ગનું રહસ્ય સમજાવી દે છે. કર્મફળની સ્પૃહા એ લૌકિક વસ્તુ હોઈ લોકોત્તર એવા પરમાત્માના સ્વરૂપનું ચિંતન પડતું મેલીને મનુષ્ય દૈવી સત્ત્વોને ભજે છે. જો કે ઉચ્ચ કોટીનાં દૈવી સત્ત્વોમાં સત્યસ્વરૂપ પરમાત્માનો પ્રકાશ કંઈક પ્રમાણમાં હોય છે ખરો, પણ વિશેષ કરીને તો તેમાં શુદ્ધ કરતાં શુભ જ વધુ હોય છે અને શુભ ભલે અશુભ કરતાં સારું છે; છતાં તે પણ સોનાની બેડી જેવું બંધન છે, એટલે જેમને ખરે જ મોક્ષની પિપાસા છે, એમણે તો વિશેષરૂપે સત્યની જ આકાંક્ષા સેવવી ઈષ્ટ છે. આ રીતે દૈવી સત્ત્વોના યજનપૂજન કરતાં સહેજે પરમાત્મદેવનું પૂજન એ ઉત્કૃષ્ટ ઉપાસના છે. પણ મનુષ્ય એકાએક નિર્ભેળ સત્યને ન પચાવી શકે, તે સારુ દેવપૂજન પણ એક સાધન છે; પરંતુ એ સાધનને જેઓ સાધ્ય માનીને કદાગ્રહથી પકડ કરી લે છે, તેઓ તો ચક્કરમાં જ પડે છે. તેઓ આખરે સત્યદર્શન પામે જ છે, કારણ કે એવા ઉપાસકોનું મુખ્ય લક્ષ્ય સાધ્ય તરફ જ છે, માટે અગિયારમાં શ્લોકમાં કહ્યું કે, "આવા મનુષ્યો ગમે તે રીતે ભજે પણ પરંપરાએ તે મને જ ભજે છે."

"કર્મ" શબ્દ પર શ્રીકૃષ્ણ મહાત્માએ ખૂબ ભાર આપ્યો. પરંતુ અગાઉ અર્જુને એવો તર્ક કરેલો કે, "મનુષ્ય ચોરી, હિંસા આદિ લોકનિષિદ્ધ કાર્યોમાં પુરુષાર્થ કરે તો એ કર્મ કહેવાય કે નહિ?"

એ તર્કનું શ્રીકૃષ્ણ મહાત્માએ સમાધાન એ રીતે કરેલું કે, "જે ક્રિયામાં આત્મવિકાસ અને જગશાન્તિ એ બન્નેનો છેદ ઊડી જતો હોય તે ક્રિયા ખરી રીતે કર્મ જ નથી" એટલે કે અકર્મ છે. આટલું સમાધાન થયા પછી પણ અર્જુન મૂંઝાવા લાગ્યો અને એની મૂંઝવણ વાસ્તવિક જ હતી કારણકે, ઘણી વખત લોકનિષિદ્ધ કાર્યોમાં પણ એકાંતે કર્મબંધન હોતું નથી. તેમ લોકવિહિત કાર્યોમાં પણ એકાંતે કર્મમુક્તિ સંભવતી નથી. આખરે તો અમુક પ્રકારનાં વ્રતો એ પણ એક પ્રકારનાં સાધન જ છે. જો કે એ સાધન બહુ મૂલ્યવાન અને પ્રાયઃ સાધ્ય તરફ દોરી જાય તેવાં બળવાન છે, પણ ગમે તેવાં ઉત્કૃષ્ટ હોય, તોય તે સાધન છે. એટલે એમાં રહેલા ધ્યેયને ઈજા ન પહોંચે તેવી રીતે ઉદાસીનતા સેવતા હોય કે, એવા ઉત્કૃષ્ટ

સાધનને પણ ગૌણ ગણી મસ્તપણે પ્રવર્તતા હોય ત્યારે સામાન્ય સમાજ એવા પુરુષોનું આ આચરણ જોઈ વિભ્રમમાં પડે છે, પણ વિભ્રમમાં પડવાની જરૂર નથી, કારણ કે તેવા પુરુષ માટે હવે એ સાધનની જરૂર ન હોવાથી એ બંધનરૂપ કર્મ ગણાય. પણ સામાન્ય જનતા માટે એ કર્મો ગ્રહણ કરવા જેવાં ગણી શકાય જે આપણે દેવપૂજાના પ્રકરણમાં જોઈ ગયા. આ વખતે ખરું શું હશે એ શોધવામાં માણસ મૂંઝાય છે. એટલે તેવી વેળાએ સાધકે શું કરવું જોઈએ અથવા કઈ દૃષ્ટિ રાખી કયે માર્ગે પ્રવર્તવું જોઈએ એવો અર્જુન જેવા અનેક સાધકોને પ્રશ્ન થાય છે, આથી હવે એ વિષે શ્રીકૃષ્ણમહાત્મા બોલે છે :-

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।। १६ ।।
कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ।। १७ ।।

**કવિઓય મૂંઝાયા છે, કર્માકર્મવિવેકમાં;**
**તે કર્મ કહું જે જાણી, તું બચીશ અશુભથી. ૧૬**
**વિધેય જાણવું કર્મ, વિકર્મ જાણવું વળી;**
**ને જાણવું અકર્મેય, ગૂઢ છે કર્મની ગતિ. ૧૭**

(વહાલા પાર્થ ! હું તને જે "કર્મ કરવાં" એવો માર્ગ બતાવી રહ્યો છું, તે માર્ગ તને નવો લાગે છે, પણ તેમ નથી. ઘણા મુમુક્ષુઓ એ માર્ગે ચાલીને પરમ શ્રેય પામ્યાના દાખલાઓ છે. છતાં તું જેમ મૂંઝાય છે, તેમ ઘણા સાધકો મૂંઝાઈ જાય તેવી એ આકરી કસોટી પણ છે. કયું કર્મ કરવા યોગ્ય છે અને કયું કર્મ તજવા યોગ્ય છે એ વિવેકમાં કવિઓ (કે જેઓ મહા કલ્પનાસામર્થ્ય ધરાવનાર હોઈ એક અક્ષરમાત્રમાં ગૂઢ અર્થો ઉકેલી શકે છે, તેઓ) સુધ્ધાં અહીં તો (કર્મ શું અને અકર્મ શું એ વિવેકમાં તો) ભારે મૂંઝવણમાં પડી જ ગયા છે. (એટલે તું મૂંઝાય એમાં નવાઈ નથી. પ્રિય પરંતપ ! શ્રદ્ધા એ બહુ મોટી વસ્તુ છે. તે તારામાં ઠીક વિકસી છે. આથી તું બુદ્ધિના તર્કમાં તારા આત્માને ઠામુકો ભૂલી જાય એમ નથી. તેથી હું તને એવો કર્મરહસ્યનો માર્ગ બતાવીશ) કે જે કર્મની યથાર્થતાને જાણીને તું અશુભથી જરૂર બચી જઈશ.

(પ્રિય અર્જુન ! હું કર્મને બરાબર ઓળખવા માટે કર્મના ત્રણ ભેદ પાડું છું. (૧) કર્મ (૨) વિકર્મ અને (૩) અકર્મ. એટલે કે) કર્મની ગતિ ભારે ગૂઢ છે. કર્મો

પૈકી કયું અકરણીય કર્મ છે, કયું વિકૃત્ત કર્મ છે અને કયું વિધેયકર્મ છે તે જાણી લેવું (બહુ કઠણ છે, પણ પહેલાં તો તે જ જાણી લેવું) જોઈએ.

**નોંધ :** જૈનસૂત્ર આચારાંગના પ્રથમ અધ્યયનમાં એ જ કહેવામાં આવ્યું છે કે પરિજ્ઞા એટલે કે વસ્તુવિવેક સૌથી પ્રથમ હોવો જોઈએ. હેય, જ્ઞેય અને ઉપાદેયની ત્રિપુટી છે. કયું જાણવા યોગ્ય, કયું ત્યજવા યોગ્ય, અને કયું લેવા યોગ્ય છે તે વિવેક હોવો જોઈએ. શ્રીકૃષ્ણગુરુએ પણ અહીં એ જ વાત કહી છે. કવિઓ પણ મૂંઝાય છે, એમ કહીને વળી શ્રીકૃષ્ણગુરુ એકલી બુદ્ધિ કરતાં હૃદયની ખરી શ્રદ્ધાનું મૂલ્ય વધુ આંકે છે. આ પરથી વસ્તુવિવેક માટે કોઈ એકલી બુદ્ધિને મહત્ત્વ ન આપે. ખરી વાત તો એ છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારે દષ્ટિએ દરેક કર્મને સાધકે જાતે તપાસવું જોઈએ અને મહાપુરુષોનાં વચનોમાં ઈતબાર રાખી સત્યને પંથે પગરણ માંડવાં જોઈએ. જો કે સત્યની કેડી સાંકડી અને ભારે ગહન છે; છતાં સત્યાર્થી અને જાગૃત સાધક એમાંથી પોતાની અંતઃપ્રેરણા દ્વારા અવશ્ય ઉકેલ મેળવશે. આટલી તૈયારી ન હોય તે શ્રદ્ધાપૂર્વક કોઈ સદ્ગુરુનું અવલંબન લે. સદગુરુનું અવલંબન લીધા પછી સરાગદષ્ટિનો ભય છે, એટલે ત્યાં પણ સદગુરુ અને સુશિષ્ય બન્નેએ ચેતવાનું તો છે જ. વળી અવલંબન મળ્યા પછી મૂર્ચ્છા એટલે કે મંદ-પુરુષાર્થનો પણ ભય છે. તેમ આંતર-પ્રેરિત માર્ગે જવામાં બે મોટા ભયો છે : (૧) સ્વચ્છંદતામાં સપડાવાનો અને (૨) અભિમાનમાં અટવાવાનો, આ બન્ને ભયો સાધકને ઊંચે ચડયા પછી પણ આફત અગર લાલચમાં કસોટી કરી પાડી દે એવું બહુવાર બને છે. આથી જ "માર્ગ ભારે ગહન છે" એમ શ્રીકૃષ્ણ ગુરુ સુપાત્ર શિષ્ય અર્જુનને કહે છે. પ્રત્યેક સાધકે એ વાત યાદ રાખવા જેવી છે.*

**कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।**
**स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥ १८ ॥**
**यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।**
**ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितं बुधाः ॥ १९ ॥**
**કર્મે અકર્મ જે પેખે, ને જે કર્મ અકર્મમાં;**
તે જ્ઞાની છે મનુષ્યોમાં, તે યોગી પૂર્ણકર્મકૃત્. ૧૮

---

* કર્મ, અકર્મ અને વિકર્મ વિષે આપણે અગાઉ કહી ગયા છીએ; છતાં અહીં એ શબ્દો આવ્યા માટે પુનરુકિત કરીએ. કર્મ એટલે શુદ્ધતત્ત્વ અથવા ઉપાદેય તત્ત્વ.
વિકર્મ એટલે શુભ અથવા પુણ્ય-તત્ત્વ. અકર્મ એટલે પાપ તત્ત્વ અથવા અધર્મ.

**કામસંકલ્પવર્જેલા, જેના આરંભ છે બધા;**
**જ્ઞાનાગ્નિથી બળ્યાં કર્મ, તેને જ્ઞાની કહે બુધો. ૧૯**

(અર્જુન ! હવે તું ઈચ્છીશ કે, "કર્મ, વિકર્મ અને અકર્મનો ભેદ શી રીતે જાણવો ?" એ વિષે તાત્ત્વિક રીતે તો હું અગાઉ કહી ગયો છું. અહીં વ્યવહારુ ઢબે કહું છું : "પ્રિય પાર્થ ! જો, વિકર્મ પણ શુદ્ધદષ્ટિએ તો ત્યાજ્ય જ છે અને એને ઓળખવામાં શાસ્ત્રદષ્ટિ અને ગુરુવચન બહુ સહાયક છે. જો કે કેટલાંક ત્યાજ્ય-કર્મો તો જગજાહેર હોય છે; પણ એમ છતાં ત્યાં પણ સ્વયં-વિચારની જરૂર તો છે જ. કેટલીકવાર એકને માટે તજવા યોગ્ય કર્મ, બીજાને માટે ત્યાજ્ય હોતું નથી, અને કેટલીકવાર ત્યાજ્ય-કર્મની પ્રવૃત્તિમાં પડેલો દેખાવા છતાં જ્ઞાન-દષ્ટિવાળો પુરુષ એવા કર્મ બંધનના લેપમાં લેપાતો નથી. પરંતુ, આવું અપવાદિત સ્થળોએ અને વિરલ પ્રસંગે જ બને છે, એટલે રાજમાર્ગ એ નથી. તેથી ત્યાજ્યકર્મની પ્રવૃત્તિ પ્રાયઃ ત્યાગવા યોગ્ય જ છે, અને એને પારખવામાં હમેશાં મુશ્કેલી પડતી નથી, પણ અકર્મનો અને કર્મનો ભેદ કળી કાઢી, કર્મમાં પ્રવર્તવું એ બહુ જ મુશ્કેલી ભર્યું કામ છે. એનો વ્યવહારુ ઉકેલ એ છે કે, "કર્મમાં અકર્મદષ્ટિ રાખવી અને અકર્મમાં કર્મદષ્ટિ રાખવી." બીજા શબ્દોમાં કહું તો પ્રવૃત્તિમાં નિવૃત્તિની દષ્ટિ રાખવી, અને નિવૃત્તિમાં પ્રવૃત્તિની દષ્ટિ રાખવી. મધ્યસ્થ જ્ઞાનીઓ એકાંતે ક્રિયાને તજનારાને પ્રવૃત્તિ માર્ગની દષ્ટિ આપે છે અને એકાંતે પ્રવૃત્તિના લક્ષીને નિવૃત્તિમાર્ગની દષ્ટિ આપે છે. મૂળે આત્મા સ્વયં નિષ્ક્રિય છે, પણ એવી સ્વભાવસિદ્ધ નિષ્ક્રિયતા માત્ર શારીરિકાદિ ક્રિયા તજવાથી સધાતી નથી, સમભાવથી જ સધાય છે. હવે તું સમજી શકીશ કે યુદ્ધમાં યોજાવાનું તને હું કહું છું, એમાં મારો હેતુ શો છે ? એ પણ તારે સમજી લેવું કે મારો હેતુ કર્મસિદ્ધિનો પણ નથી. તને કર્મસિદ્ધિ મળે કે ન મળે, તુરત મળે કે પછીથી મળે એ મારે મન ગૌણ વસ્તુ છે, પણ મુખ્ય વસ્તુ તો ગુણસિદ્ધિ છે, અને એવી ગુણસિદ્ધિ કેટલીકવાર કર્મ કરવાના પુરુષાર્થથી થતી હોય છે, તો કેટલીકવાર કર્મત્યાગ કરવાના પુરુષાર્થથી થતી હોય છે, પણ આજે તારે સારુ તો મારો મુખ્ય મુદ્દો કર્મ કરવાના વિષય ઉપર છે. તું કર્મ કરવા છતાં કર્મબદ્ધ ન થાય એ રીતે વર્ત. ભાઈ અર્જુન ! હું ખરેખર કહું છું કે) જે કર્મમાં અકર્મ (દષ્ટિથી) જુએ છે અને અકર્મમાં કર્મ (દષ્ટિથી) ભાળે છે,

---

આ પછીના શ્લોકમાં કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ એ વિશિષ્ટ અર્થમાં છે, એટલે ત્યાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ એવો અર્થ લીધો છે, માટે એ અર્થ જોઈને કોઈ વાચક મૂંઝવણમાં ન પડે.
(કર્મ એટલે અવશ્ય આચરવા યોગ્ય કર્મ. વિકર્મ એટલે શુદ્ધ દષ્ટિના અભાવવાળાં કર્મ.
અકર્મ એટલે અકર્મણ્યવૃત્તિ વાળું કર્મ.)

તે (મનવાળા) મનુષ્યોમાં (પણ) સાચો બુદ્ધિવાળો (જ્ઞાની) છે. તે યોગી પણ છે અને તે (જ) સંપૂર્ણ કર્મ કરનારો છે.

(પૃથાના પુત્ર ! ખરું પાંડિત્ય એ કંઈ માત્ર કલ્પનાનો વિષય નથી, તેમ ચર્ચા, વાદ કે શાસ્ત્રનો વિષય નથી, વળી દેવળ કે મંદિરમાં બોલવા પૂરતો પણ એનો અર્થ નથી; એ તો આચાર પરથી જ પારખી શકાય છે.) જેના સર્વ સમારંભો (એટલે કે જેનાં સર્વ ક્રિયાકાંડો) કામનામય સંકલ્પ (એટલે કે જૈનસૂત્રોમાં જેને નિયાણું કહેવાય છે, તેવા સંકલ્પો. દા.ત. ફલાણું કામ થાય તો ફલાણા દેવને આ ચઢાવું કે આમ કરું. અથવા મેં જે તપ કર્યાં તેનું અમુક ફળ મળો. એમ બદલાની ભાવનાથી કર્મ-ધર્મ કરવાં તે)થી રહિત છે. (તેનું જ્ઞાન નિર્મળ અને આવરણ વગરનું થઈ જાય છે.) તેવા પુરુષનાં જ્ઞાનરૂપી અગ્નિથી કર્મ બળી જાય છે, તેમને જ સાચા જ્ઞાની પુરુષો પંડિત કહે છે.

**નોંધ :** જે કર્મ જીવને બાંધે છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો આત્માના સત્ય, જ્ઞાન અને આનંદમય સ્વરૂપ આડો પડદો ઊભો કરે છે, તે કર્મ નિવારવાનો ટૂંકો રસ્તો ગીતાકારે એ બતાવ્યો કે, કામનામય સંકલ્પથી કોઈ પણ ક્રિયા ન કરો. ક્રિયા પહેલાં સંકલ્પની તો જરૂર પડે જ છે, પણ એ સંકલ્પમાં કામનાનો અંશ ભેળવવો નહિ. એ ભળે છે ત્યારે જ જ્ઞાન આવરાય છે. આથી જ દ્રવ્યકર્મ જડ હોવા છતાં, કર્મથી ચેતન બંધાય છે અને એની દશા જ્યાં લગી છે, ત્યાં લગી શારીરિક ક્રિયા રોકે, કે હઠથી પ્રાણનો આયામ કરે તોય કર્મનું બંધન અટકતું નથી. તે પ્રવાહ તો એટલો બધો સૂક્ષ્મ છે અને શ્રી આચારાંગના શબ્દોમાં કહીએ તો "સર્વ દિશાઓથી તે ધોધમાર ધસી આવતો હોય છે. એને રોકવા માટે તો કામના ઉપર કાબૂ મેળવવાનો પુરુષાર્થ સતત ચાલુ રાખ્યા સિવાય બીજા બધા ઉપાયો કે સાધનો થીગડાંમાત્ર છે." આ નિયમ આપણાં સર્વ કાર્યોમાં લાગુ પડે, એટલા માટે ગીતાકારે અહીં એ પણ કહ્યું કે જ્ઞાનીની, ભક્તની કે કર્મયોગીની પણ તે જ કસોટી છે. મનુષ્યની ઉચ્ચ કોટીની બુદ્ધિનું સાધન એ સાધ્ય મેળવવા માટે જ છે. માણસે નાની કે મોટી કોઈ પણ ફતેહ મેળવવી હોય તો કાર્ય કરતાં પહેલાં દૃઢ સંકલ્પ કરવો. એ સંકલ્પમાં જેટલી કામના હશે તેટલી શિથિલતા આવવાની અને આરંભેલાં સત્કાર્યો પણ અધૂરાં રહેવાનાં, પણ કામના રહિત સંકલ્પ હશે તો એ કાર્ય એક જન્મે કે એક પ્રસંગે ભલે અધૂરું રહેલું કે ઉપલક દૃષ્ટિએ અફળ ગયેલું ભાસે; પરંતુ એ કાર્ય પૂરેપૂરું અને વિજયવંત નીવડવાનું જ, તે વાતમાં ત્રણ કાળે પણ કોઈ શંકાશીલ ન બને. ત્યારે આવી કામના શી રીતે છૂટે ? એને માટે પણ

ગીતાકારે ટૂંકમાં બહુ કહી દીધું. જ્યારે તમારું મન પ્રવૃત્તિમાર્ગ તરફ ઢળવા લાગે ત્યારે નિવૃત્તિમાર્ગનું ધ્યેય ન ચૂકશો અને જ્યારે ક્રિયાકાંડોથી તમારું મન કંટાળે ત્યારે કંટાળીને એ ન છોડતાં પ્રવૃત્તિમાર્ગનું ખરું રહસ્ય ન ભૂલશો. બન્ને માર્ગ સાપેક્ષ છે. એકનો એકાંત સ્વીકાર કે અસ્વીકાર નથી, પણ એ બે માર્ગ વચ્ચે સમભાવની દાંડી બરાબર રાખવી, એમાં જ જ્ઞાનની ખરી ખૂબી છે. કોઈ પણ જપ, તપ આદિ ક્રિયાનું કે ધ્યાન, મૌન આદિ ક્રિયાનું પણ એ જ ખરું પરિણામ છે. કર્મકૌશલ્યરૂપ યોગ કે જેને વિષે બીજા અધ્યાયમાં અને ત્રીજા અધ્યાયમાં કહેવાયું, તે પણ સમભાવથી જ પ્રાપ્ત થાય છે. આવી રીતે વર્તવાને જૈનસૂત્રોની પરિભાષામાં કહીએ તો "જે કર્મ બંધાય છે, તે શિથિલ બંધવાળાં બંધાતાં હોઈને ખરી પડે છે અને જૂનાં કર્મો પણ વધતાં છેવટે આત્મા સંપૂર્ણ જ્ઞાનમય થઈને પોતાના સહજ સ્વરૂપને પામી જાય છે. અને ભવભ્રમણ ટળી જાય છે. શાસ્ત્રજ્ઞાન, સદ્ગુરુનું અવલંબન કે આત્મસ્ફુરણાની વફાદારી વગેરેનો પરમ હેતુ આટલો જ છે." નરસિંહ મહેતાના શબ્દોમાં કહીએ તો "જ્યાં લગી આત્મા તત્ત્વચિહ્ન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી."

(ક્રિયા કરવા છતાં ગીતાની પરિભાષા પ્રમાણે કર્મ કરવા છતાં-અકર્મા-એટલે કે કર્મબંધન રહિત-કેમ રહી શકાય એ વિષે કહે છે :)

**त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।**
**कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥ २० ॥**
**निराशीर्यतचितात्मा त्यक्तसर्वपरिग्रहः ।**
**शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ २१ ॥**
**यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।**
**समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबद्धयते ॥ २२ ॥**
**गतसंगस्य मुक्तस्य ज्ञानाऽवस्थितचेतसः ।**
**यज्ञायाऽऽचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३ ॥**

**છાંડી કર્મફલાસક્તિ, નિત્યસંતુષ્ટ નિઃસ્પૃહી;**
**પ્રવર્તે કર્મમાં તોય, તે કશું કરતો નથી. ૨૦**
**જીત્યું મન તજી આશા, તજ્યા સર્વ પરિગ્રહો;**
**માત્ર દેહે કરે કર્મ, તેથી પામે ન પાપ તે. ૨૧**

**તૃપ્ત સૌ જે મળ્યું તેમાં, ઈર્ષ્યા ને દ્વંદ્વથી પર;**
**સમ સિદ્ધિ-અસિદ્ધિમાં, ન બંધાય કર્યા છતાં. ૨૨**
**જ્ઞાને જેનું ઠર્યું ચિત્ત, એવા નિઃસંગી મુક્તનાં,**
**યજ્ઞ અર્થે થતાં કર્મો, બધાંય ઓગળી જતાં. ૨૩**

(અહો કૌંતેય ! "ક્રિયામાત્રનું ફળ છે જ" એ તારી વાત સાચી છે. પણ ક્રિયા કરવા છતાં એમાં આત્મા પોતે ન ભળે તોય એ ક્રિયાનું ફળ તો મળે છે, પણ આત્મા જે ક્રિયામાં ન ભળ્યો હોય એ ક્રિયાના શુભાશુભ ફળથી આત્માને હર્ષ કે શોક થતો નથી. અને જ્યાં હર્ષ, અને શોક નથી. ત્યાં કરવા છતાં ન કરવાપણું જ છે. ક્રિયા કરવા છતાં આત્મા ન ભળે એવું ક્યારે બને ? અથવા આત્મા ભળ્યો છે કે નથી ભળ્યો એની કસોટી શી ?" એવું તું પૂછતો હોય તો તેનો ઉત્તર પણ હું આપું છું. પાર્થ !) કર્મફળની આસક્તિ છાંડીને જે હમેશાં તૃપ્ત રહે છે તથા જેને કશાની તમા નથી (એટલે કે કશાય પ્રતિબંધ વિનાનો જે નિઃસ્પૃહી છે) તે કર્મમાં (ક્રિયામાં) પ્રવર્તતો દેખાય તોય કશું જ કરતો નથી (એટલે કે એ પાપકર્મથી બંધાતો નથી.).

(કારણ કે પરંતપ ! ફળની ઈચ્છાનો નિરોધ થવાથી એ પોતાના) મનને જિતી લે છે, આશાનો ગુલામ રહેતો નથી. એના સર્વ પરિગ્રહો તજાયેલા હોય છે. આથી માત્ર શારીરિક ક્રિયા કરે છે, પણ તેવું કર્મ કરવા છતાં પાપ લાગતું નથી.

(અર્જુન ! તને હજુ કેમ શંકા રહે છે, ભલા !) સહેજે જે કંઈ આવી મળે તેમાં એવો પુરુષ તૃપ્ત રહે છે. ઈર્ષ્યા અને (સુખ-દુઃખ રાગદ્વેષ આદિ) દ્વંદ્વથી તે પર (એટલે કે છેટો) રહે છે. (સ્થૂળ જગતમાં) સફળતા મળે કે અફળતા દેખાય તોય (બન્ને સ્થિતિમાં) તટસ્થ રહે છે. તે કર્મ કરવા છતાં બંધાતો નથી.

(અથવા બીજી પરિભાષામાં કહું તો) જેનું ચિત્ત, જ્ઞાનમાં સ્થિર થયું છે અને જે (અંતરંગ અને બહિરંગ બન્ને પ્રકારના) સંગરહિત છે મોહસંબંધથી વેગળો છે અને એમ હોઈને જે મુક્ત (સ્વાધીન) છે, તેવો પુરુષ યજ્ઞાર્થે (યજ્ઞનો અર્થ ધર્મમય પુરુષાર્થ અથવા ઉપયોગ લઈ શકાય તેવાં) કર્મ આચરે છે, તેથી એનું એ આચરેલું સમગ્ર કર્મ લય પામે છે.

**નોંધ** : શ્રીકૃષ્ણગુરુએ બીજા અધ્યાયમાં 'કર્મફળ' તજવાની વાત કરી હતી. પણ અર્જુનને એ માર્ગ પણ અઘરો લાગ્યો, ત્યારે અહીં આ અધ્યાયમાં ગુણસિદ્ધિનું લક્ષ્ય રાખવા માટે કહ્યું. એ ન બને તો એથી પણ એક બીજી સુંદર રીત

બતાવી, તે એ કે કોઈ પણ કાર્યારંભ પહેલાં કામનામય સંકલ્પ ન કરવો. પણ જ્યારે અર્જુને કહ્યું કે "કોઈ પણ કાર્ય કરતાં પહેલાં કંઈ ને કંઈ પ્રકારની ઈચ્છા તો રહે છે, તો ત્યાં શું કરવું?" એના જવાબમાં શ્રીકૃષ્ણગુરુ કહે છે કે "કર્મફલની ઈચ્છા કદાચ રહેતી હોય તો એમાં મનને ન જોડવું. મન જોડાઈ જાય તોય આત્માને તો એમાં ચોંટવા દેવો જ નહિ." આત્મા નથી ચોંટયો એનું પ્રમાણ એ કે કાર્ય સફળ થાય કે અફળ જતું દેખાય, તોય જો આત્મા એ કર્મફલમાં આસકત નહિ થયો હોય તો એ હરપળે તૃપ્ત અને પ્રસન્ન રહેશે. એને નિષ્ફળતામાં નિરાશા નહિ થાય અને સફળતામાં એને પ્રતિબંધ-એટલે કે ક્ષેત્ર, કાર્ય કે વ્યકિતનું બંધન નહિ થાય.

આથી "હે પ્રભુ ! આમ થજો ને હે નાથ ! તેમ થજો, હું આવો થઉં હું તેવો થઉં" એવી કામનામય આશા કે જેને જૈન પરિભાષામાં નિયાણું કહેવાય છે, તે નહિ રહે એટલે એનું ચિત્ત અને આત્મા બન્ને પોત પોતાના સ્વભાવમાં સ્થિર રહેશે. આનું પરિણામ એના જીવનમાં પણ જણાશે. કારણ કે તે બધા પરિગ્રહો અને સંગ્રહોથી છેટો રહેશે. સારાંશ કે એનું શરીર જ માત્ર ક્રિયા કરતું હશે; બાકી મન પણ તટસ્થ હશે અને આત્મા પણ તટસ્થ હશે. એ તટસ્થતાની છાયા એના વ્યવહાર ઉપર પડવાથી એનો વ્યવહાર શુદ્ધ જ હશે, એથી એ ક્રિયાનો દોષ કે લેપ એને નહિ લાગે.

પોતાના દેહ માટે પણ અનાયાસે જે કંઈ મળે તેથી એને પદાર્થ ઉપર કે વ્યકિત ઉપર નવેસરથી હવે રાગદ્વેષ થવાનું કારણ જ નથી. આથી એવું પણ સહેજે બનશે કે એને હર્ષશોક નહિ થાય. કર્મસિદ્ધિ મળો કે ન મળો, સફળતા આજે મળો કે પછી મળો, એ બંને બાબતોમાં તે પોતાનું સમતોલપણું જાળવી રાખશે અને જેણે આ સ્થિતિ પ્રાપ્ત કરી, તેને પછી કર્મબંધન શાં ? કારણ કે જે કારણથી કર્મબંધન થાય છે, તેને જ એણે દૂર કર્યું પછી ભય શો રહ્યો ? પરંતુ અહીં એક પ્રશ્ન થશે કે તો ક્રિયાનું ફળ મળે તેનું શું ? જૈન પરિભાષા પ્રમાણે કહીએ તો ક્રિયા છે, ત્યાં કર્મ છે જ. તો પછી એ કર્મ કયું ? અને એ જો આત્માને ન ચોંટે તો એનું શું થાય ? આના ઉત્તરમાં શ્રીકૃષ્ણગુરુ કહે છે કે "સંગ છૂટયો, મોહ સંબંધ છૂટયો, એટલે તેવો નિઃસંગી પુરુષ સ્વતંત્રતા પ્રાપ્ત કરી સમર્થ પુરુષ બને છે. એને પરાધીનતા હોતી નથી. એનું ચિત્ત જ્ઞાનમાં ઠરી જાય છે. આથી એને સંતાપ રહેતો નથી. પણ એમ છતાં અગાઉ કહ્યું તેમ યજ્ઞહેતુક, જૈનપરિભાષામાં કહીએ તો ઉપયોગપૂર્વકકર્મ એ આચરે છે, અને આમ હોવાથી એ કર્મ આત્મા સાથે ન ચોંટતાં વિલય પામે છે. જૈન પરિભાષામાં કહીએ તો એ આસકિત વિના કે મોળી આસકિતએ બંધાયેલું

કર્મ શિથિલ હોઈને નિર્જરાની ક્રિયાદ્વારા ઓગળી જાય છે; ખરી પડે છે. જૈનસૂત્રો કહે છે : "બંધનો મુખ્ય આધાર પરિણામ (મનની માઠી ઈચ્છામાં આત્માનું જોડાણ) ઉપર છે." એ વાતનો મેળ પણ મળી રહે છે.

આ ચારે શ્લોકનો સારાંશ આ છે :

"જ્યાં કર્મ કર્યા વિના છૂટકો જ નથી ત્યાં કર્મ કરવાથી ડરવા કરતાં કર્મ કરવા છતાં પાપથી કેમ બચી શકાય, એ જ જોવાનું રહે છે. પોતે પુરુષાર્થ કરતો હોવા છતાં જો અભિમાનને વશ ન થાય, તો પણ બંધનથી બચી જવાય, એ વાત સમજી શકાય છે. અભિમાન એ જ પાપનું મૂળ છે, પણ કામનામય સંકલ્પથી વેગળા રહેવાય તો જ અભિમાનથી અળગા રહી શકાય. છતાં ધારો કે અભિમાન ન હોય ત્યાં પણ અપ્રસન્નતા, અસંતોષ, ઈર્ષ્યા, રાગદ્વેષ આદિ ભયો તો ઊભા જ છે, માટે કર્મફલની લાલસા છોડવી જોઈએ. તો જ સ્વતંત્રતા ટકી શકે, નહિ તો ગરજવંત બનવું પડે ! જેણે કર્મફલની લાલસા છોડી છે, તે કર્મમાં પ્રવર્તે તોય અકર્મી જ ગણાય. કારણ કે કર્મફળ ગમે તે આવે એની એને આશા નથી, મૂર્છા નથી. એટલે એ શારીરિક, વાચિક કે માનસિક પરિગ્રહની જાળમાં સપડાતો નથી. પોતાના આત્માને તથા ચિત્તને વશ કરી રાખે છે, આથી એ દોષિત ઠરતો નથી. વળી જે સહેજે મળે તેમાં સંતોષ માને છે, કોઈ પર એને ઘૃણા, તિરસ્કાર, ઈર્ષ્યા કે મોહ થતાં નથી. એથી એ નિર્બંધન રહે છે. કદાચ કર્મફળની લાલસા છોડવી પણ અઘરી લાગે તો જ્ઞાન-આત્મધર્મ-માં ચિત્તને સ્થિર કરવું. મોહજન્ય સંબંધોનો મન, તન અને વચનથી ત્યાગ કરવો. આમ કરવાથી - સર્વ પરિત્યાગ કરવાથી બંધનકારક કર્મો આપોઆપ છૂટી જશે, પછી જે કંઈ ક્રિયા થશે તે આત્મોન્નતિ માટે જ થશે. એટલે એ આત્મલક્ષ્યે આચરનારનું સઘળું કર્મ આપોઆપ વિલય પામશે."

આસક્તિને જીતવાના મુખ્ય બે માર્ગ : (૧) કર્મફળની કામના કિંવા તેવો સંગ તજવો અને (૨) એ બધાં કર્મો યજ્ઞાર્થે આચરવાં. આટલું સમજ્યા પછી ત્રીજા અધ્યાયમાં કહેલ 'નિયતકર્મો' કોને ગણવાં અને આ ચોથા અધ્યાયમાં કર્મના-કર્મ, અકર્મ અને વિકર્મ - ત્રણ ભેદને ઓળખી કેમ કર્મો આચરવાં એ શંકાનું પણ સમાધાન થઈ રહે છે.

પરંતુ હવે પ્રશ્ન એ થાય છે કે, યજ્ઞ શું છે ? જો કે યજ્ઞ વિષેની વ્યાખ્યા મૂળ અને નોંધમાં અગાઉ વિચારાઈ ગઈ છે; છતાં ફરીથી શ્રીકૃષ્ણગુરુ જ એનો વ્યાપક

રીતેઉકેલ આપે છે પર ઊંડો દૃષ્ટિપાત કરીશું. શ્રીકૃષ્ણ ગુરુ કહે છે :

**ब्रह्माऽर्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।**
**ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४ ॥**

**અર્પણ ને હવિ બ્રહ્મ, અગ્નિયે બ્રહ્મ ને હુત;**
**સૌ કર્મ બ્રહ્મલક્ષીએ, તે દ્વારા બ્રહ્મ પામવું. ૨૪**

(પ્રિય પરંતપ ! યજ્ઞ શબ્દ સાંભળીને તું રખે ચોંકી જતો! યજ્ઞનો ખરો અર્થ તો પૂજન છે, જે એકચિત્તે જેને પૂજે છે તે તેમય અને છેવટે તે રૂપ જરૂર બને જ છે. મેં અગાઉ કહ્યું તેમ બ્રહ્મપૂજન એ સર્વોત્તમ યજ્ઞ છે, એવા બ્રહ્મપૂજનરૂપ યજ્ઞમાં) અર્પવાની ક્રિયા પણ બ્રહ્મ હોય છે ને અર્પવાનું હવિ (બલિ) પણ બ્રહ્મ હોય છે. જે (અગ્નિમાં, હોમાય છે તે ત્યાં) અગ્નિ પણ બ્રહ્મરૂપી જ હોય છે અને હોમ પણ બ્રહ્મરૂપ હોય છે. (આવી પ્રત્યેક કર્મમાં બ્રહ્મનીજ સૂરતા હોવાથી એવો) બ્રહ્મ કર્મ લક્ષ્યવાળો સાધક, એ રીતે બ્રહ્મને જ પામી જાય છે. (હવે તું સમજી શકયો હોઈશ કે યજ્ઞની હું શી વસ્તુ કહેવા માગું છું.)

**નોંધ :** અહીં જૈનસૂત્રોની માફક નિર્ગુણ ઉપાસનાનું પ્રતિપાદન છે. ધ્યાતા અને ધ્યેય એકરૂપ બને તે જ સમાધિ. શ્રીકૃષ્ણચંદ્રજી ત્રીજા અધ્યાયમાં અર્જુનને કહી ગયા કે તું મને બધું અર્પી દે. સચેતન સદ્‌ગુરુ શરીરના અવલંબની ઉપયોગિતાનો એકાંતે કોઈ પણ અસ્વીકાર નહિ જ કરે. પરતું દેહધારી ઉપર નિષ્ઠા પૂરેપૂરી કોઈ કારણસર ન ચોંટે તો બ્રહ્મનું અવલંબન લેવું; એમ અહીં કહ્યું. જેમ એક વહીવટદાર બધો વહીવટ પોતે કરે છે, છતાં એ માલિક તો બીજાને જ ગણે છે. એટલે કર્તવ્ય બજાવવા છતાં એને ગાઢ આસકિત થતી નથી, એમ સાધકે પળેપળે બ્રહ્મ (આત્મા) સામે લક્ષ્ય રાખી કર્મો કર્યા કરવાં આથી કર્મજન્ય ફળો ઉપરનો વ્યાસંગ આપોઆપ ઓછો થશે ને છેવટે તે બ્રહ્મસ્વરૂપ બની જશે. પરંતુ આ વાત જેટલી કહેવામાં કે સાંભળવામાં સહેલી લાગે છે, તેટલી તે વાસ્તવમાં આચરવી સહેલી નથી. એટલે શ્રીકૃષ્ણ ગુરુ ચોખવટ કરે છે :

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्मग्नावपरे यज्ञं यज्ञेनैवीपजुह्यति ॥ २५ ॥

**દૈવને જ અનુલક્ષી, યોગી કો યજ્ઞ સેવતા,**
**બ્રહ્મઅગ્નિ મહી બીજા, યજ્ઞને યજ્ઞથી યજે. ૨૫**

(પાર્થ ! તારી શંકા ખરી છે, કેટલાક નિર્ગુણનું અવલંબન લે છે અને કેટલાક દૈવી સત્ત્વોને ઉદ્દેશીને ઉપાસના કરતા હોય છે, મેં અગાઉ કહ્યું તેમ કેટલાક દેવયજ્ઞના ઉપાસકો કોઈ લૌકિક કામનાથી દૈવયજ્ઞ ઉપાસતા હોય છે. અને) કેટલાક યોગીઓ (નિર્ગુણ : પ્રભુને સીધી રીતે ન ઉપાસતાં) દેવને પૂજે છે (એટલે કે દેવ દ્વારા પ્રભુને ભજે છે) જ્યારે બીજા વળી બ્રહ્મરૂપી અગ્નિમાં યજ્ઞથી જ યજ્ઞને હોમે છે.

નોધ : ગીતાકારયજ્ઞને સ્વીકારે છે, પણ એ એના રૂઢ અર્થને બદલે લાક્ષણિક અર્થ બતાવી એનું પ્રતિપાદન કરે છે. અહી દેવયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ એમ યજ્ઞના બે ભેદ પાડી બતાવ્યા. બ્રહ્મયજ્ઞમાં તો અગ્નિ, હવિ, અર્પણ કરવાની ક્રિયા વગેરે બધું બ્રહ્મમય જ હોય છે એ વાત ગયા શ્લોકમાં કરી હતી. અહી એ કહ્યું કે એવો યજ્ઞ, યજ્ઞથી જ હોમાય છે. એમ કહેવાનો આશય એ છે કે બ્રહ્મરૂપી યજ્ઞમાં એકતા સળંગ હોય છે. ત્યાં હોમનાર પણ તે અને હોમવાનું પણ તે જ. પણ દૈવયજ્ઞમાં જરૂર ભેદ પડે છે. એમ છતાં અગાઉ કહ્યું હતું તેમ જેનું લક્ષ્ય બ્રહ્મ તરફ છે, તે દૈવયજ્ઞનો ઉપાસક હોય તોય આખરે બ્રહ્મને પામે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પચીસમા અધ્યયનમાં જૈન દૃષ્ટિએ યજ્ઞની બીના આવે છે, ત્યાં ,પણ ઉપર શ્લોકાંક ૨૪-૨૫ માં જે ચોખવટ કરી છે, તેવી જ ચોખવટ છે. જૈનસૂત્રોની દૃષ્ટિએ દ્રવ્યયજ્ઞ અને ભાવયજ્ઞનું લક્ષ્ય હોય તો જ તે સાર્થક છે, નહિ તો કશો અર્થ સરતો નથી; (૨) દ્રવ્યયજ્ઞ કરતાં ભાવયજ્ઞ ઉત્તમ જ છે. શ્રીકૃષ્ણ ગુરુ દ્રવ્યયજ્ઞને તો દ્રવ્યયજ્ઞ કહે છે, પણ ભાવયજ્ઞને જ્ઞાનયજ્ઞ તરીકે ઓળખાવે છે.

હવે ગીતાનો દ્રવ્યયજ્ઞ પણ ઘી કે પદાર્થોને હોમવાનો યજ્ઞ નહિ, પણ વિષયાદિને હોમવાનો યજ્ઞ છે એમ શ્રીકૃષ્ણગુરુ કહેવા માગે છે :

**श्रोत्रादीनीन्द्रियाण्वन्ये संयमाग्निषु जुह्वति ।**
**शब्दादीन्विषयानन्य इंद्रियाग्निषु जुह्वति ॥ २६ ॥**
**सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।**
**आत्मसंयमयोगाग्नौ जुहव्ति ज्ञानदीपिते ॥ २७ ॥**
**द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।**
**स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ २८ ॥**

**બીજા સંયમની આગે, હોમે શ્રોત્રાદિ ઈંદ્રિયો;**
**ઈંદ્રિય આગમાં હોમે, શબ્દાદિ વિષયો વળી. ૨૬**
**પ્રાણ ને ઈંદ્રિયો કેરાં સૌ કર્મો હોમતા બીજા;**
**જ્ઞાને પ્રદીપ્ત અગ્નિમાં, આત્મસંયમ યોગના. ૨૭**
**દ્રવ્યયજ્ઞી, તપોયજ્ઞી, યોગયજ્ઞી તથા બીજા;**
**સ્વાધ્યાય જ્ઞાનયજ્ઞી છે, એવા ઉગ્રવ્રતી યતિ. ૨૮**

(પ્યારા પાર્થ ! હવે હું જે દ્રવ્યયજ્ઞ અને જ્ઞાનયજ્ઞની વાત કરી ગયો, એ યજ્ઞોની ચોખવટ કરું છું. હું યજ્ઞનો જે વ્યાપક અર્થ તારી સમક્ષ કહું છું, તે અર્થમાં ગૃહસ્થો જ માત્ર નહિ, ત્યાગીઓ પણ યજ્ઞ કરી શકે છે, અને તેવો યજ્ઞ સહુ કોઈને માટે અનિવાર્ય છે. સાંભળ :)

કેટલાક ત્યાગીઓ કાન, આંખ વગેરે ઈન્દ્રિયોને સંયમરૂપી અગ્નિમાં હોમી દે છે (એટલે કે ઈંદ્રિયોને એણે એટલી કાબૂમાં લઈ લીધી હોય છે કે સંસ્કારી રસ સિવાય વિકૃતરસમાં એને ગોઠતું જ નથી. સારાંશ કે એવા ત્યાગીને સંયમ સહજ હોવાથી સ્થૂળયજ્ઞ કે સ્થૂળત્યાગ કરવાની જરૂર નથી હોતી.) વળી બીજા યતિઓ ઈન્દ્રિયોરૂપી આગમાં વિષયોને હોમી દે છે. (એટલે કે ઉપભોગના પદાર્થોને તજીને ઈંદ્રિયોને વશ કરવાની તાલીમ લે છે. આવા યતિઓને અંતરંગસંયમ અર્થે સ્થૂળત્યાગની પણ ભારે જરૂર છે.) અને વળી કેટલાક યોગીઓ તો ઈંદ્રિયો અને પ્રાણનાં કર્મોને સમૂળગા જ્ઞાનથી પ્રજ્વલિત એવા આત્મસંયમરૂપી યોગના અગ્નિમાં હોમી દે છે. (એટલે કે હાલવું-ચાલવું વગેરે શારીરિક ક્રિયાઓ તથા શ્વાસાદિ પ્રાણક્રિયાઓને રોકી આત્મસંયમરૂપી યોગ સાધવા માંડે છે.)

આમ વિષયોના ત્યાગરૂપી દ્રવ્ય, યજ્ઞ અને ઈચ્છાના નિરોધરૂપી તપયજ્ઞ, આત્માના સંયમરૂપી યોગયજ્ઞ ઉપરાંત સ્વાધ્યાય દ્વારા આત્મજ્ઞાનને જાગૃત કરવાનો યજ્ઞ કરનારા પણ હોય છે. આ બધાય કઠિન વ્રત ધારણ કરનારા યાજ્ઞિકો જ છે.

આ પરથી બરાબર સમજી શકાશે કે શ્રીકૃષ્ણગુરુનો યજ્ઞ કેટલો વ્યાપક છે. આપણે અગાઉ યજ્ઞનો અર્થ ધર્મમય પુરુષાર્થ અથવા જૈન પરિભાષા પ્રમાણે ઉપયોગ લીધો હતો, તે આબાદ રીતે ઘટી રહે છે.

આ રીતે જોતાં સ્થૂળત્યાગ એ દ્રવ્યયજ્ઞ અને સંયમ, તપ, અને સ્વાધ્યાયયોગ એ બધા જ્ઞાનયજ્ઞ (અથવા જૈન પરિભાષા પ્રમાણે ભાવયજ્ઞ) માં ધર્મમય પુરુષાર્થ

હોવો જોઈ એ. મતલબ કે જે જે સાધનો, સાધ્ય ભણી લઈ જવામાં સફળ થાય તે બધાં સાધનો યજ્ઞરૂપ જ છે.

શ્રીકૃષ્ણગુરુએ બીજા અધ્યાયમાં જ્ઞાન ઉપર જોર આપ્યું હતું આ ચોથા અધ્યાયમાં એ બન્નેને છોડી જ્ઞાનમય યજ્ઞ ઉપર જોર આપવા માગે છે. ફળની લાલસા છોડી કર્મ કરવાં એ ઉત્તમ માર્ગ છે, પણ એના કરતાં સરળ માર્ગ એ છે કે જે સાધન, સાધ્ય ભણી લઈ જાય તે સાધનમાં પુરુષાર્થ કરવારૂપ યજ્ઞાર્થ કર્મ આચરવાં.

આવું સમજી લીધા પછી કોઈ ગૃહવાસી હો કે કોઈ વનવાસી હો ! કોઈ ત્યાગી-વેશે ઓળખાતો હો કે કોઈ વગર વેશે ત્યાગી હો ! કોઈ લોકસેવા અર્થે ત્યાગી બન્યો હો કે કોઈ એકાંતવાસ સેવતો હો ! કોઈ ઉપાસના કરતો હો કે કોઈ યોગસાધના કરતો હો ! પણ સહુએ કંઈ ને કંઈ સત્પુરુષાર્થ તો કરવો જ જોઈએ અને એવા બધા પુરુષો શ્રીકૃષ્ણગુરુના આશય પ્રમાણે તો તીક્ષ્ણ વ્રત ધારણ કરનારા યતિઓ જ છે. આનું નામ તે જૈનસૂત્રોનો સ્યાદવાદ. મનુષ્ય ગમે તે માર્ગ પકડે, પણ એનું ધ્યેય ''આત્માની ઓળખાણ '' હોવું જોઈએ અને જો એ હોય તો ગમે તે માર્ગે હોય છતાં એ યતિ જ છે. માટે કોઈ પોતે જ બહુ કઠણ તપ કરે છે,એવું અભિમાન ન કરે. એ જ વાતને આગળ વધારતાં શ્રીકૃષ્ણગુરુ ફરીથી કહે છે. :

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।<br>
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥ २९ ॥<br>
अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।<br>
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥<br>
यज्ञशिष्टामृतभुजो यांति ब्रह्म सनातनम् ।<br>
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥ ३१ ॥

**અપાને પ્રાણને હોમે, પ્રાણે કોઈ અપાનને;**<br>
**પ્રાણાપાન ગતિ રોધી, પ્રાણાયામે પરાયણ. ૨૯**<br>
**વળી બીજા મિતાહારી, પ્રાણમાં પ્રાણ હોમતા;**<br>
**તે બધા યજ્ઞજ્ઞાતાએ, ખપાવ્યાં પાપ યજ્ઞથી. ૩૦**<br>
**યજ્ઞશેષસુધાભોગી, પામે બ્રહ્મ સનાતન;**<br>
**અયજ્ઞીને ન આ લોક, તો પછી અન્ય ક્યાંથી હો . ૩૧**

(કુરુઓમાં શ્રેષ્ઠ એવા હે અર્જુન !) વળી કેટલાક યોગીઓ (પ્રાણાયામના સાધન દ્વારા આગળ વધતા હોય, તેઓ) પ્રાણાયામમાં પરાયણ ગણાય છે. એવા પુરુષો પ્રાણ અને અપાન બન્ને વાયુઓની ગતિ પર સંયમ લાવવા માટે (કેટલીકવાર) અપાનમાં પ્રાણને હોમે છે અને કેટલીકવાર પ્રાણમાં અપાન (વાયુ)ને હોમે છે.

વળી બીજા કેટલાક આહાર ઉપર કાબૂ લાવીને પ્રાણમાં જ પ્રાણને હોમે છે. એમ ઉપર કહ્યા તે સર્વે યજ્ઞથી જેમણે પાપ ખપાવી નાખ્યાં છે એવા યજ્ઞજ્ઞાતાઓ છે. (જે આચરણમાં મૂકે, તે જ ખરો જ્ઞાતા એમ હોઈને તેઓ તો બ્રહ્મને પામે જ છે. પરંતુ એવા) યજ્ઞની પ્રસાદીરૂપ અમૃત ભોગવનારા હોય છે, તે પણ સનાતન બ્રહ્મ પામે છે. (પાર્થ, હવે તું સમજી શકયો હોઈશ કે હું જે અર્થમાં યજ્ઞની વાત કરું છું તે અર્થમાં યજ્ઞ સહુને એક સરખો જરૂરી છે. ખરી રીતે કહું તો) યજ્ઞ ન કરનાર માટે આ લોક પણ નથી (એટલે કે યજ્ઞ ન કરનાર કાજે આ લોકમાં પણ સ્થાન નથી), તો પછી પરલોકમાં તો કયાંથી હો ?

**નોંધ :** ગીતાકાળમાં પ્રાણાયામ ઉપર બહુ જોર આપવામાં આવતું હશે. એટલે શ્રીકૃષ્ણગુરુએ પ્રાણાયામને પણ યજ્ઞમાં સામેલ કર્યો. સારાંશ કે જે સાધન સાધ્યભણી લઈ જતું હોય તે સાધનમાં કરાયેલા બધા પુરુષાર્થને એ યજ્ઞ કહે છે. એ આપણે અગાઉ કહ્યું તેમ જ છે.

પ્રાણાયામ કરનારા પણ એ રીતે યજ્ઞકર્તા જ છે. પ્રાણવાયુને નિયમમાં લાવવા માટે તેવા સાધકો પુરુષાર્થ કરે છે. પ્રાણવાયુને નિયમમાં લાવવાથી સમત્વ આપોઆપ સધાય છે. પણ લક્ષ્ય સમત્વયોગ પર હોવું જોઈએ, નહિ તો સામાન્ય શારીરિક ફાયદા ઉપરાંત ખરો કશો લાભ થતો નથી. કેટલીકવાર તો અણઘડ માણસ શરીરને પણ નુકસાન કરી બેસે.

પ્રાણનો વેગ કામના ઉપર બહુ અસર કરે છે અને પ્રાણનો સંયમ કામના ઉપર કાબૂ લાવી શકે છે. આ રીતે પ્રાણાયામનું સાધન ઉપયોગી છે જ, પણ બ્રહ્મચર્યના પ્રેમ સિવાય અને ગુરુગમ સિવાય એ માર્ગ જોખમી છે.

ગાંધીજી લખે છે : "શાસ્ત્રીય સંસ્કૃત પરિભાષામાં અંદરથી બહાર નીકળનારા વાયુને પ્રાણ કહે છે, જ્યારે ગુજરાતી વિજ્ઞાનની પરિભાષામાં બહારથી અંદર દાખલ થનારા વાયુને પ્રાણ કહે છે." પણ આ ભેદ ખરા અર્થમાં નજીવો છે. ઘણા જીવો અમુક સમયે ઑકિસજન પણ બહાર કાઢે છે. દા.ત. ઝાડોની ઘણી જાતો છે.

આમ જોતાં તો એ બન્ને પરિભાષા મળી રહે છે. ખરી રીતે એક જ વાયુનાં પાંચ નામો છે : (૧) પ્રાણ (૨) અપાન (૩) વ્યાન (૪) ઉદાન અને (૫) સમાન. એમની ઓળખાણ લો. ટિળક ઉપનિષદો પરથી આ પ્રમાણે આપે છે :-

(૧) પ્રાણ એટલે આગળ જનારો ઉચ્છ્વાસ વાયુ. (૨) અપાન એટલે અંદર આવનારો શ્વાસ વાયુ. (૩) વ્યાન - અર્ધો શ્વાસ રોકીને જોર કરવાનાં કામોમાં પ્રગટ થાય છે તે વાયુ. (૪) ઉદાન-મરણ-સમયે નીકળી જનાર વાયુ. (૫) સમાન શરીરમાં અન્નરસને એકસરખી રીતે પહોંચાડનાર વાયુ.

અપાનવાયુમાં પ્રાણને હોમવો એટલે કે ઉચ્છ્વાસમાં શ્વાસને હોમવો, આને યૌગિક પરિભાષામાં પૂરક નામનો પ્રાણાયામ કહેવામાં આવે છે. અને પ્રાણવાયુમાં અપાનને હોમવાની ક્રિયાને રેચક નામનો પ્રાણાયામ કહેવામાં આવે છે, અને પ્રાણ તથા અપાન બન્નેનો જેમાં નિરોધ થાય છે એને કુંભક નામનો પ્રાણાયામ કહેવાય છે.

આ રીતે શ્રીકૃષ્ણગુરુ પોતાના કર્મયોગમાં પ્રાણાયામ નામના યોગસાધનને શમાવી દે છે. સાંખ્ય વિષે પણ એમણે પોતાનો ખરો મત દર્શાવી દીધો છે. ઉપર એમણે જ્ઞાનને યજ્ઞ કહ્યો, તે જોતાં સાંખ્યદર્શન પણ યોગમાં શમાઈ ગયું. વૈશેષિક અને નૈયાયિક પણ શમાયા. વેદાંતને તો એણે પૂરો ન્યાય આપ્યો છે અને હજી આપશે. મીમાંસકનાં કર્મકાંડોવાળો યજ્ઞ એમને બહુ સ્થૂળરૂપમાં દ્રવ્યયજ્ઞ લાગે છે. એટલે એમને જૈનસૂત્રો અને બૌદ્ધધર્મના પ્રાચીન ગ્રંથોમાં લખેલો જ્ઞાનયજ્ઞ જ પસંદ છે, એ વાત પણ ફરીને તે આગળ કહેશે.

"જેઓ સંયમિત ભોજન કરનારા છે તે પણ પ્રાણમાં પ્રાણને હોમનારા યજ્ઞી છે," એમ કહી યુકતાહાર મહત્ત્વની વસ્તુ છે એમ સમજાવે છે. જૈનસૂત્રોમાં ઉપવાસ, ઉણોદરી, સ્વાદસંયમ, વગેરેને બાહ્યતપમાં ગણાવ્યાં છે. ગાંધીજીના વ્રતવિચારમાં એમનો મહિમા ગવાયો છે.

"અન્નસમાં પ્રાણ" એ સુંદર લૌકિક કહેવત પરથી ઉપલકિયા ખ્યાલ જેઓ ઉપવાસ કે ન્યૂનભોજન કરવાથી ડરે છે, તેઓને શ્રીકૃષ્ણગુરુ સમજાવે છે કે "પ્રાણમાં પ્રાણને હોમવાથી, પ્રાણની શકિત બૂઠી થવાને બદલે વધુ સતેજ થાય છે. માત્ર એ બધું નિયમબદ્ધ થવું જોઈએ. ઉપવાસ અને પ્રમાણસર ભોજન કરવાથી કાયા નિરોગી થાય છે અને રહે છે, એવો પ્રમાણિક ડૉકટરો અને વૈદ્યોનો મત છે. અહીં કોઈ પ્રશ્ન કરશે કે ગીતા એને વૈદકીય સ્વરૂપ આપવાને બદલે ધાર્મિક

સ્વરૂપ કેમ આપે છે ? એનું સમાધાન તો સ્પષ્ટ છે. જે ખરેખરી ધાર્મિક ક્રિયા છે તેમાંથી આપોઆપ રાષ્ટ્રીય, સામાજિક, આર્થિક અને નૈતિક કોયડાઓ ઉકલી જ જાય છે અને ઉકલી જવા જ જોઈએ. યુકતાહારના અભાવે રાષ્ટ્રની બેકારી, સામાજિક શકિતની ક્ષીણતા, ભૂખમરો, ચોરી, લૂંટ વગેરે નૈતિક ગુનાઓ જન્મે છે એ વસ્તુ ઘણા સમજુ લોકો જાણે છે.

"આમ તપ, સંયમ, યોગ, અભ્યાસ, એવી જુદીજુદી ક્રિયાઓ જેઓ ધ્યેયને અનુલક્ષીને કર્યા કરે છે, તેઓ એવી ક્રિયાથી પોતાના પાપને ક્ષીણ કરે છે. જેઓ આવા યજ્ઞને આચરે છે, તેઓ ખરેખર યજ્ઞના જાણનાર હોઈને સનાતન એવા બ્રહ્મને પામે છે.

"અરે ! યજ્ઞની પ્રસાદી જમનારા પણ સનાતન બ્રહ્મને પામે છે."

આમ કહીને શ્રીકૃષ્ણગુરુ એમ કહેવા માગે છે કે, "ઉપર કહેલા યજ્ઞો પ્રાયઃ સંયમી લોકોને જ લાગુ પડે છે. ગૃહસ્થ લોકો તેટલો સંયમ ન પાળી શકે તો સંયમીની સેવાનો લાભ લે તો પણ તે યજ્ઞામૃતના ભોગી થઈને સનાતન બ્રહ્મને પામે છે." અગાઉ ત્રીજા અધ્યાયના તેરમા શ્લોકમાં "ગૃહસ્થ માટે દાનયજ્ઞનું નિરૂપણ કર્યું હતું અને પ્રમાણિક ગૃહસ્થને ત્યાંથી બોજો નાખ્યા વગર ભાવપૂર્વક મળે તે નિઃસ્પૃહભાવે ભોગવી લેવું એ સંતો માટે પાપમોચનનું કારણ છે એમ બતાવ્યું હતું." આ પ્રમાણે જ, છતાં પરિભાષાભેદે, જૈનસૂત્ર શ્રી દશવૈકાલિકના પાંચમા અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં ૧૦૦મા શ્લોકમાં કહેવાયું છે કે, નિઃસ્પૃહી દાતા અને નિઃસ્પૃહી ભિક્ષુ બન્ને સદ્‌ગતિ પામે છે. આદર્શ ગૃહસ્થ પાસે દ્રવ્યયજ્ઞનું બહુપણું છે, પણ તે ભાવયજ્ઞનું લક્ષ્ય રાખે છે.

સાચા સાધુ પાસે ભાવયજ્ઞનું બહુપણું છે, પણ તે દ્રવ્યયજ્ઞને તરછોડતો નથી. જૈનસૂત્રોની પરિભાષામાં કહીએ તો ગૃહસ્થો ઘણુંખરું વ્યવહારમાં રહેલા હોય છે, પણ જો તેઓ નિશ્ચયલક્ષી વ્યવહાર રાખી શકે તો સનાતન બ્રહ્મ પામી શકે છે. એ જ રીતે ત્યાગીઓ ઘણુંખરું વ્યવહારથી દૂર રહી શકે છે, પણ તેઓ શુદ્ધ વ્યવહારને ન અવગણતાં સત્ પુરુષાર્થ જારી રાખે તો બેય કાંટાને તોળી મધ્યસ્થભાવ રાખી શકે છે અને સનાતન બ્રહ્મ પામી શકે છે. આ રીતે આવા વ્યાપક યજ્ઞ (ધર્મમય પુરુષાર્થ)ની સહુને જરૂર છે. જેઓ ત્યાગને બાને આવા (લોકસંગ્રહનો જેમાં શમાવેશ છે તેવા) સત્ પુરુષાર્થથી પણ છેટા રહે છે, તેઓ તો "આ લોકને પણ સાધી શકતા નથી, તો પછી પરલોક તો કયાંથી જ સાધી શકે ?" આમ કહીને

શ્રીકૃષ્ણગુરુ એમ પણ સમજાવી દે છે, કે જે ક્રિયા આ ચાલુ જીવનમાં કશીય સંતોષદાયક નીવડતી નથી, તે ક્રિયા પરભવમાં પણ સંતોષદાયક ન જ નીવડી શકે. મનુષ્ય, કેટલીકવાર ભ્રમથી માની લેતો હોય છે કે "અમુક ધર્મક્રિયાનું ફળ આ ભવે નથી મળ્યું, પણ પરભવે મળશે." શ્રીકૃષ્ણગુરુ એ ભ્રમને છોડાવી દે છે. જૈનસૂત્રોએ આ વાત બહુ સુંદર રીતે વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઊંડાણથી છણી લઈને તારણ આપ્યું છે. તે કહે છે કે, "ધર્મનું પાલન એટલે જીવનશુદ્ધિનો સાક્ષાત અનુભવ. ધર્મમાં નગદ પાસું જ મુખ્ય છે."* હવે મુખ્ય વાત એ કહેવા માગે છે કે, યજ્ઞનો સંબંધ ઠેઠ બ્રહ્મ સાથે છે. અને એ જ રીતે કર્મનો યજ્ઞ સાથે સંબંધ છે અને જ્ઞાનમાં કર્મોનો સમાવેશ થાય છે."

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥ ३२ ॥
श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥ ३३ ॥

**એમ યજ્ઞો બહુ ભેદે, વિસ્તર્યા બ્રહ્મના મુખે;**
**સૌ કર્મજન્ય તે જાણ, એવું જાણી છૂટીશ તું. ૩૨**
**છે દ્રવ્યયજ્ઞથી સારો, જ્ઞાનયજ્ઞ પરંતપ !**
**જ્ઞાનમાં પાર્થ સૌ કર્મો, પૂરેપૂરાં સમાય છે. ૩૩**

(પ્યારા પાર્થ ! ઈંદ્રિયદમન તથા ઉપવાસ વગેરે કાયિકયજ્ઞ છે. સ્વાધ્યાય મૌન આદિ વાચિકયજ્ઞ છે. અને આત્માનુસંધાન આદિ માનસિકયજ્ઞ છે. આ રીતે કાયાથી, વાણીથી અને મનથી) એમ અનેક પ્રકારના જે યજ્ઞો બ્રહ્મના મુખમાં ફેલાયા છે. (અર્થાત કે જ્યાં બ્રહ્મ આત્મા છે, ત્યાં જ એ યજ્ઞો છે) તે બધાય કર્મ થકી જ જન્મેલા છે એમ જાણ. એવું જાણ્યા પછી તું મોક્ષ પામીશ.

વળી એ (ઉપર વર્ણવેલા બધા યજ્ઞો પૈકી) દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ જ હે પરંતપ ! શ્રેયકારક છે કારણ કે હે પાર્થ ! બધાં કર્મો પૂરેપૂરી રીતે (તો એકમાત્ર) જ્ઞાનમાં (જ) સમાઈ જાય છે.

**નોંધ :** આ બે શ્લોકનું રહસ્ય જૈન પરિભાષામાં કહીએ તો આ પ્રમાણે છે :-

આત્મા ભણી લઈ જનારો પુરુષાર્થ યજ્ઞરૂપ છે, પરંતુ બીજી દ્રવ્યક્રિયાઓના પુરુષાર્થ કરતાં જ્ઞાનમય પુરુષાર્થ વધુ શ્રેયકારક છે. કારણ કે આત્મામાં જ્ઞાન

* પુણ્યનું ખાતું ભલે મોડું ફળદાયક થાય પણ ધર્મનું ખાતું તો તુરત ફળ આપે જ છે.

સમાઈ જાય છે, અને જ્ઞાનમાં સઘળી અને પૂરેપૂરી રીતે ક્રિયામાત્ર સમાઈ જાય છે." આનો અર્થ એ થયો કે જે સાધન, આત્મા ભણી લઈ જાય એ જ ખરું સાધન. અને એ ખરાં સાધનોમાં પણ વિવેક જોઈએ. વિવેક ન હોય તો ખરાં સાધન પણ બંધનરૂપ થાય અને વિવેક હોય તો ખરાં સાધન ક્રિયા તો આપોઆપ આવે.

આ શ્લોકમાંના 'બ્રહ્મમુખનો અર્થ ટીકાકારો 'વેદ' કરે છે અને એ પરથી એવો અર્થ કાઢે છે કે, "વેદમાં જે યજ્ઞો વર્ણવાયા છે, તે બધા કર્મ થકી જન્મે છે; કર્મ વિના જન્મતા નથી. આવું જાણ્યા પછી તું છૂટી જઈશ." અમારા નમ્ર મત પ્રમાણે શ્રીકૃષ્ણગુરુ બ્રહ્મ એટલે કે આત્મા સાથે અહીં યજ્ઞનો અને યજ્ઞ સાથે ક્રિયાનો અને એ ક્રિયામાં પણ જ્ઞાનમય ક્રિયાનો ખ્યાલ અર્જુનને આપવા માગે છે. મીમાંસકનાં કર્મકાંડનો અને વેદાંતનો જ્ઞાનનો મર્મ ઉકેલવા માગે છે. અને એથી જ એ આવું જ્ઞાન શાથી મળે એનાં સાધનો બતાવે છે :

**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ ३४ ॥**
**यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पांडव ।**
**येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ३५ ॥**

**પ્રણામે, પ્રશ્ન દ્વારા તું, સેવાથી જાણ જ્ઞાન તે;**
**તત્ત્વદ્રષ્ટા જ જ્ઞાનીઓ, બોધશે જ્ઞાન તે તને. ૩૪**
**જે જાણી તું ફરી મોહ, નહિ પામીશ પાંડવ !**
**તેથી પેખીશ સૌ ભૂતો, પોતામાં મુજમાં વળી. ૩૫**

(હે પાર્થ ! નમીને, વારંવાર પૂછીને અને સેવા દ્વારા તું તે જ્ઞાન (જાણી શકીશ, માટે જ્ઞાનીઓને નમીને, વારંવાર પ્રશ્ન પૂછીને અને સેવા કરીને તે જ્ઞાન)જાણી લે. એ રીતે વર્તવાની તત્ત્વદ્રષ્ટા તને બોધ આપશે. (આવા બોધમય જ્ઞાનથી) તું હે પાણ્ડવ ! (આજે જે મોહમાં ફસાયો છે, તેવો) મોહ નહિ પામે. (અને મોહ જો નહિ પામે તો) તેથી કરીને સમગ્ર ભૂતોને (તું) પોતા વિષે અને (એ જ પ્રકારે) મારા વિષે પણ (યથાર્થ) જોઈ શકીશ.

**નોંધ :** "જ્ઞાનવાળી ક્રિયાથી મોહ ટળે છે, અને મોહ ગયા પછી સર્વ-સંપૂર્ણ-જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. આનું નામ તે સર્વજ્ઞતા. જે એકને જાણે છે, તે

સર્વને જાણે છે" આ વચનો જૈનસૂત્રોનાં છે. શ્રીકૃષ્ણગુરુએ પણ ઉપરના શ્લોકમાં તે જ વાત કરી. જે જ્ઞાનને જૈનસૂત્રો કેવળજ્ઞાન કહે છે, એ ગીતાના શબ્દોમાં કૃત્સનજ્ઞાન-સંપૂર્ણ જ્ઞાન છે. જેમ જૈનસૂત્રો કહે છે કે, "એકલું જ્ઞાન કે એકલી ક્રિયા નિષ્ફળ છે," તેમ ગીતાકારે કહ્યું કે, "બુદ્ધિયોગની સાથે કર્મયોગ પણ જોઈએ છે." "જેમ એકલા બુદ્ધિયોગથી સરતું નથી, તેમ એકલા કર્મયોગથી પણ સરતું નથી." એ વિષે અગાઉના અધ્યાયોમાં સારી પેઠે કહેવાઈ ગયું છે.

જૈન આગમના સારરૂપ તત્ત્વાર્થાધિગમસૂત્રમાં જ્ઞાન મેળવવાના સાધનોમાં પરિભાષા જુદી છે, પણ આશયમાં ગીતા અને એ બન્ને મળતાં છે. શ્રીકૃષ્ણગુરુએ કહ્યું કે, "વારંવાર પ્રશ્નો પૂછવાથી જ્ઞાનનો ઉઘાડ થાય છે." જૈનસૂત્રોમાં પણ "વાયણા પુચ્છણા પરિયટ્ટણા"નો મહિમા ઘણો છે. શ્રમણ ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ગૌતમ, પોતાના ગુરુદેવને વારંવાર પ્રશ્નો કરતા અને બુદ્ધિનું સમાધાન મેળવતા, પણ એ પ્રશ્નોમાં નમ્રતા ભારોભાર હતી. શ્રીકૃષ્ણગુરુ પણ એ જ વાત કહે છે કે, "તત્ત્વના દેખનાર પુરુષો જ જ્ઞાની કહેવાય અને એવા જ્ઞાની આગળ નમ્રતાપૂર્વક પ્રશ્નો પૂછવાથી બુદ્ધિનું સમાધાન મળે છે. જ્યાં પૂછનારમાં નમ્રતા આવી ત્યાં ખરી જિજ્ઞાસા હોવાની જ." હું આટલું તો જાણું છું અથવા આ વાત તો આમ જ છે" એવા અહંકારી ભાવને કિંવા પૂર્વગ્રહને રાખીને પૂછનાર કશું જ ન પામી શકે. વળી કહે છે કે, "આટલેથી જ ન પતે. સેવાનો ગુણ પણ પૂછનારમાં હોવો જોઈએ." સેવા શબ્દ અહીં ભારે વ્યાપક અર્થમાં છે. સેવાનો વ્યાપક અર્થ એ કે સમજીને આચરવાની તાલાવેલી. જે પૂછનારમાં નમ્રતા, જિજ્ઞાસા અને આચરવાની તાલાવેલી છે, તેને તત્ત્વદ્રષ્ટા જ્ઞાનીઓ યથાર્થ બોધ આપે છે, અને એવા સુપાત્ર જિજ્ઞાસુને મળેલો આવો બોધ, મોહથી ઉપજેલા અજ્ઞાનને નાબૂદ કરવા માટે સમર્થ છે. મોહ ટળ્યો એટલે ભૂતમાત્રનું યથાર્થજ્ઞાન થઈ ગયું સમજવું. જેવું પોતા વિષે તેવું જ અન્ય વિષે. જેવું અર્જુન વિષે, તેવું જ શ્રીકૃષ્ણ વિષે. આમ કહી ગીતાએ જૈનસૂત્રથી શ્રી ઠાણાંગની જેમ આત્માની એકતા બતાવી. ભેદ તો માત્ર મોહના પડદાને લીધે છે. એ વાત તો સહેજે સમજાય તેવી છે.

પણ અહીં અર્જુનને વળી એક પ્રશ્ન થાય છે કે, "જ્ઞાન થયા પછી મોહ ટળી જાય, એ તો સમજાય છે, પણ તો પછી પૂર્વે કરેલાં પાપોનું શું ? કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો થતો નથી, એમ તો શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે. તેનું શું?" આનો જવાબ આપતાં ગુરુદેવ બોલે છે :

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥

**કદાપિ સર્વ પાપીમાં, મહાપાપી તું હો ભલે !**
**જ્ઞાનનૌકા વડે તોયે, સર્વે પાપો તરી જશે. ૩૬**

(પૃથાના પુત્ર ! તું કશી શંકા ન કરીશ, ઘડીભર માની લે કે જગતના) સઘળા પાપીઓમાં (પણ) તું કદાચ સહુથી મોટો પાપી હો, તોય એ તારાં બધાં પાપોને જ્ઞાનરૂપી જહાજ વડે તું તરી જઈશ.

**નોંધ :** જૈન પરિભાષામાં કહીએ તો પાપમાત્રનું મૂળ કર્મ છે. કર્મસંગી જીવ જ ભૂલ કરીને પાપના ખાડામાં પડે છે. પણ જ્યારે સાચા જ્ઞાનનો ચમકારો થાય છે, ત્યારે જાગૃતિ આવે છે અને નવી પાપવૃત્તિ અટકે છે. નવી પાપપ્રવૃત્તિ અટકે એને જૈન સૂત્રોની પરિભાષામાં સંવર કહેવાય છે. આમ નવી પાપવૃત્તિ અટકવાથી આત્મજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઊઠે છે, અને એને પરિણામે છેવટે જૂનાં કર્મો પણ બળીને ખાખ થાય છે. મતલબ કે જે કર્મો બહુ જટિલ રૂપે બંધાયેલાં હોય, તે કર્મોને તે જ ભવે એક સામટાં ભોગવી લેવાં પડે છે અને શિથિલ કર્મો બળીને ખાખ થાય છે. એટલે એક જ ભવમાં મોક્ષ પ્રાપ્તિ થાય છે. ભગવાન મહાવીરનું જીવન આનું આદર્શ ઉદાહરણ છે. એ જ વાતને શ્રીકૃષ્ણગુરુ સાફ સાફ કહે છે :

**यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।**
**ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ ३७ ॥**

**જેમ અગ્નિ ભભૂકેલો, કરે છે ભસ્મ કાષ્ઠને;**
**જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને, ભસ્મીભૂત કરે તથા. ૩૭**

(અર્જુન!) જેમ ઝળહળેલો અગ્નિ બળતણને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ જોરદાર જ્ઞાનરૂપી અગ્નિ (પણ જીવ સંગે ચોંટેલાં) સર્વ કર્મોને બાળીને ભસ્મ કરી નાખે છે.

**નોંધ :** જૈનસૂત્રોમાં "સકામનિર્જરાથી કર્મો ક્ષીણ થાય છે." "તપરૂપી અગ્નિથી કર્મ બળી જાય છે." અથવા "તપરૂપી સૂર્યથી કર્મરૂપી તળાવ સૂકાઈ જાય છે." આવી ઉપમાઓ આવે છે. જ્ઞાનથી સહેજે જન્મેલા અંતરંગ સંયમને ખરી રીતે તપ જ કહી શકાય. એ અર્થમાં જ્ઞાનથી કર્મ બળી જાય છે, એવું ગીતાકારનું કથન

બરાબર બંધબેસતું છે. પણ જેઓ જ્ઞાનની વાટ જોઈને કર્મોને દબાવવાનો કે હટાડવાનો પુરુષાર્થ ન કરતાં આળસુ થઈ બેસી રહે છે કે પુસ્તકિયા જ્ઞાનને આત્મજ્ઞાન માની લઈ સ્વચ્છંદથી વર્તે છે, તેઓ તો ભીંત ભૂલે છે એમ બતાવવા માટે ગીતાકાર આગળ વધીને કહે છે :

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ॥ ३८ ॥

**આ લોકે જ્ઞાનના જેવું, નથી પવિત્ર કો બીજું;**
**કાળે કરી સ્વયં પામે, પોતામાં યોગસિદ્ધ તે. ૩૮**

(વહાલા પરંતપ !) આ લોકને વિષે જ્ઞાનના જેવી બીજી કોઈ પવિત્ર ચીજ નથી. પાણી જેમ બહારના બધા મળોને સાફ કરી નાખે છે, તેમ જ્ઞાન અંતરના બધા મેલને સાફ કરી નાખે છે. (પણ તું રખે મારી વાતને ભૂલી જતો ! હું તને ફરી ચેતાવું છું કે) તેવું જ્ઞાન (ક્યાંય બહારથી મળી જતું નથી, એ તો) અંતરમાં (થી જ) આપોઆપ કાળે કરીને સિદ્ધયોગી પ્રાપ્ત કરી શકે છે.

નોંધ : "યોગસિદ્ધિ વિના જ્ઞાન અશકય છે, અને તે જ્ઞાન પણ અંતરમાંથી જ મળે છે, પણ તેને સારુ ધીરજ રાખી યોગમાં યત્ન કરવો જોઈએ." ગીતાકારના ઉપલા શબ્દોને જૈનસૂત્રોની પરિભાષામાં બદલીએ તો આ પ્રમાણે બદલી શકાય."

"દર્શન વિના જ્ઞાન અશકય છે. દર્શન એટલે આત્મદર્શન. આત્મદર્શન થયા પછી ધીરજપૂર્વક સત્કર્મો આચરવાં જ જોઈએ !"

હવે પાઠક આટલું સમજી શકશે કે જો આત્મજ્ઞાન પછી પણ સત્કર્મો આચરવાની જરૂર છે, તો પછી આત્મજ્ઞાન થયા પહેલાં સત્કર્મો તરફ પ્રીતિ અને પુરુષાર્થની કેમ જરૂર ન હોય ? હા, એટલું ખરું કે આત્મજ્ઞાન થયા પહેલાનાં અચરાતાં સત્કર્મોમાં પાપ કે પુણ્ય પડતાં મૂકવાથી તો ઊલટો અનર્થ બેવડાય છે. માટે સરસ રીત એ છે કે આત્મજ્ઞાન તરફ નજર મુખ્યપણે રાખી સારાં કર્મો કરવાં. એમ કરવાથી પાપકર્મમાં પડતાં પહેલાં ચેતી જવાશે અને પુણ્ય કર્મના ફળમાં રાચતાં અટકી જવાશે તેમજ એવા પુણ્ય કર્મજન્ય મનુષ્ય શરીર જેવાં સુંદર સાધનો બંધનકારક નહિ નીવડતાં બંધનથી મુકત થવામાં સરસ ઉપયોગી નીવડશે.

અહીં સિદ્ધયોગી અથવા યોગમાં સિદ્ધ થયેલો પુરુષ લીધો, તે હેતુપૂર્વક લીધો છે. યોગમાં સિદ્ધ થયો એની નિશાની એટલી કે એ ધીરજપૂર્વક એકમાત્ર આત્મજ્ઞાન માટે મચ્યો રહે. અર્થાત્ કે ચમત્કાર એ યોગીનું ચિહ્ન નથી, શાંતિ એ યોગીનું ખરું ચિહ્ન છે.

આત્મજ્ઞાન થવામાં મુખ્ય સાધન કયું, એ વિષે ગુરુજી હવે કહે છે :

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥ ३९ ॥

**શ્રદ્ધાળુ જ્ઞાનને પામે, તત્પર ને જિતેંદ્રિય;**
**જ્ઞાન પામી પરં શાન્તિ, શીઘ્ર તે મેળવે વળી. ૩૯**

(પ્યારા પાર્થ ! શ્રદ્ધા વિના આત્મજ્ઞાનનો સંભવ નથી; પણ શ્રદ્ધાળુ પુરુષ આત્મજ્ઞાનને જરૂર પામે જ છે. (છતાં હે અર્જુન ! માત્ર લુખી શ્રદ્ધાથી કશું વળે નહિ. શ્રદ્ધાની સાથેસાથે પ્રભુપરાયણતા અને ઈંદ્રિયસંયમ પણ જોઈએ ! જો એમ થાય તો) એવો શ્રદ્ધાળુ, પ્રભુપરાયણ અને ઈંદ્રિયજિત પુરુષ, ખરેખરું જ્ઞાન પામીને જલદી ઉચ્ચકોટીની શાન્તિને મેળવી લે છે.

**નોંધ :** આત્મજ્ઞાન પામવાનાં-આત્માને ઓળખવાનાં સાધનો ત્રણ : (૧) શ્રદ્ધા (૨) તાલાવેલી (૩) ઈંદ્રિયસંયમ. ગીતાકારે જાણી જોઈને આ ક્રમ રાખ્યો હોય કે સહેજે રખાઈ ગયો હોય, તે જ્ઞાની જાણે; પરંતુ ક્રમ ખૂબ વાસ્તવિક અને સચોટ છે. પોતાના નિત્ય અનુભવેલાં કાર્યોમાં પણ સાધક જોઈ શકશે કે વિશ્વાસ વિના તાલાવેલી જાગતી નથી અને જ્યાં વિશ્વાસ અને તાલાવેલી બન્ને આવ્યાં ત્યાં ઈન્દ્રિયસંયમ આપોઆપ આવે છે. એક શોધક વિશ્વાસપૂર્વક પોતાની શોધ પાછળ લાગી પડે છે, ત્યારે એકાગ્રતાનો ગુણ આવી જાય છે અને જ્યાં એકાગ્રતા જામી, ત્યાં મુશ્કેલીઓની કે પ્રતિકૂળતાઓની સામે થવાનું બળ આવી જ જાય છે. પછી જેમ જેમ એ સદ્‌ગુણત્રિપુટી ખીલતી જાય છે, તેમ તેમ જ્ઞાનનો પ્રકાશ વધતો જાય છે. આથી સર્વ ધર્મોએ 'શ્રદ્ધા' ઉપર ભારે વજન આપ્યું છે. એના વિનાનું બધું એકડા વિનાના મીંડા જેવું. એ જ રીતે વળી જ્યાં તત્પરતા ન દેખાય, ત્યાં શ્રદ્ધામાં ખામી જ સમજવી. કેટલેક સ્થળે એવું પણ બને કે ઈન્દ્રિયસંયમી માણસ વ્યગ્ર ચિત્તવાળો હોય, તોય સંયમના ગુણને લીધે આખરે એ સ્થિરતા મેળવે અને શ્રદ્ધા પણ કેળવી શકે. પરંતુ શ્રદ્ધાળુ માટે એકાગ્રતા અને સંયમ મેળવવાં જેટલાં સહેલાં છે, તેટલું સહેલું બીજું કશું નથી. માટે સૌથી પ્રથમ શ્રદ્ધાના સદ્‌ગુણનો

ખપ પડે છે. શ્રદ્ધા આવી કે કુતર્કોનું જોર નરમ પડયું જ સમજવું. ખોટા વિચારો, ખોટી કલ્પનાઓ અને ખોટા તર્કો એ ખરી વસ્તુને સમજવા દેતાં જ નથી. આમ હોવાથી જ્ઞાન ઉપર પડદો પડે છે, અને અજ્ઞાન આવ્યું એટલે આપદાઓ ચોમેરથી આવીને વીંટળાઈ વળવાની; એમ હવે ગુરુદેવ ભાખે છે :

**अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।**
**नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ ४० ॥**

**ને અજ્ઞાની અશ્રદ્ધાળુ, સંશયાત્મા મરે અને;**
**ના પરલોક આ લોક, ન સુખ સંશયાત્મને. ૪૦**

(હે ભારત ! જે અજ્ઞાની અને શ્રદ્ધારહિત હોય છે, એનો આત્મા સંશયવાન બની જાય છે અને તેથી) અજ્ઞાની અને અશ્રદ્ધાળુ પુરુષ સંશયાત્મા બની જઈને (આપોઆપ) વિનાશ નોતરે છે. તેને માટે નથી આ લોક કે નથી પરલોક. એવા સંશયવાનને સુખ (તો હોય જ શાનું ?) મળતું જ નથી.

**નોંધ :** શ્રીકૃષ્ણગુરુએ અગાઉના શ્લોકમાં જેમ શ્રદ્ધાળુનો ઉદ્ધાર સમજાવ્યો, તેમ અહીં અશ્રદ્ધાળુનો અધઃપાત સમજાવ્યો છે. અજ્ઞાન એ અશ્રદ્ધાનું મૂળ છે. અશ્રદ્ધા આવી કે આત્મામાં સંશય પેઠો. આનું જ નામ ખરી નાસ્તિકતા. એક જિજ્ઞાસુ શંકા ઉઠાવે એ અને જેના આત્મામાં સંશય પેઠો છે એવો નાસ્તિક શંકા ઉઠાવે એ બે વચ્ચે આસમાન જમીન જેટલું અંતર છે. કારણ કે આવા શંકાશીલમાં જિજ્ઞાસીનું તત્ત્વ જ હોતું નથી. જૈનસૂત્રોમાં આવા સંશયાત્માને અગાઉ કહી ગયા, તેમ અભવીની કોટીમાં મૂકીને એમ સમજાવ્યું છે કે એવા અભવીમાં જ્યાં લગી અભવીપણું ટકે, ત્યાં લગી તેનો મોક્ષ સંભવતો નથી. વાત પણ ખરી જ છે.

જેમ સંશયાત્માને માટે મોક્ષમાર્ગ દોહ્યલો છે, તેમ તેને માટે આ લોકમાં કે પરલોકમાં કયાંય સ્થાન નથી. કોઈ એમ કહે કે આ લોકમાં કે પરલોકમાં સ્થાન તો મહાયોગીનું પણ નથી હોતું. વાત ઉપલક રીતે જોતાં ખરી છે, પરંતુ મહાયોગીને તો ખરેખરું આત્મીય સુખ હોય છે, જ્યારે સંશયાત્માને પોતાનું સુખ પણ નથી હોતું. અને ખરી રીતે તો જેને અંતરનું સુખ જડયું છે, એનો બધે ઠેકાણે વિજય હોય જ છે. એ જંગલમાં બેઠો હોય કે વસતિમાં વસતો હોય, લોકોના હૃદયમાં એવા પુરુષનું સ્થાન નિશ્ચિત જ છે.

પણ પળે પળે જે શંકાશીલ છે, તેનું સ્થાન કયાંય નથી. એ હમેશાં ચિંતાતુર પણ હોવાનો જ.

જ્ઞાનમાં સુખ છે, શાન્તિ છે. ત્યાં નથી ચિંતા કે નથી ઉપાધિ. પરલોક અને આ લોક : સર્વ સ્થળે એ સુખી જ છે. આથી એ પણ સહેજે ફલિત થયું કે જેથી માત્ર આ લોક જ સુધરે છે, પણ પરલોકનું કશું વળતું નથી, તે ખરું જ્ઞાન પણ નથી. ખરું જ્ઞાન તે જ કે જેથી આ લોક પણ સુધરે અને પરલોક પણ સુધરે. હા, એ બનવા યોગ્ય છે કે એવા જ્ઞાનીને પણ વિપદાઓ ઘેરી લે. પરંતુ જ્ઞાની એવી વિપદાથી ન કંટાળતાં એમની સામે લડીને આખરે વિજય મેળવે. જ્ઞાનરૂપી ખડગની તાકાત આગળ બીજાં હથિયારો નમે જ છે.

અજ્ઞાની તો ડગલે ને પગલે નિર્બળ મનનો હોઈને દુઃખ પામ્યા કરે. અને વિપદા સામે ન થતાં ઊલટો કર્મબંધનમાં ફસાઈ પડે, જ્યારે જ્ઞાની તો કર્મબંધનના સ્થાનમાં કદાચ ભૂલથી ફસાઈ પડયો હોય તો એનું અંતરનું જ્ઞાન આખરી સમયે પણ એને ઉગારી લે. માટે જ હવે ગીતાકાર કહે છે કે :

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मन्तं न कर्माणि निबध्नन्ति धनंजय ॥ ४१ ॥

**યોગથી કર્મ છાંડયાં ને, છેદ્યા સંશય જ્ઞાનથી;**
**એ આત્મવંતને કર્મો, બાંધે નહિ ધનંજય ! ૪૧**

હે ધનંજય ! (તું કર્મથી ન ડર, એમ મેં ઘણીવાર કહ્યું છે; પણ અકર્મ અને વિકર્મથી દૂર રહે. અકર્મ અને વિકર્મથી દૂર રહેવા સારુ જ યોગની જરૂર છે. માટે જ કહું છું કે) જેણે યોગથી (સમત્વ યોગથી) કર્મનો સંન્યાસ કર્યો છે અને જ્ઞાનથી સંશયો છેદી નાખ્યા છે, એવા આત્મવંતને કર્મો બાંધી શકતાં નથી.

ગીતાકારના મત પ્રમાણે-કર્મ એટલે ક્રિયાને કદી છાંડવી નહિ. પણ તો પછી પ્રશ્ન એ થયો કે જ્યાં ક્રિયા છે, ત્યાં સમત્વયોગ છે, ત્યાં કર્મ છે જ. એના જવાબમાં ગીતાકારે કહ્યું કે જ્યાં સમત્વયોગ છે, ત્યાં થયેલી ક્રિયાથી ઊપજેલું કર્મ, આત્માને બંધનકર થતું નથી. વળી એ પણ જાણી લેવું જોઈએ કે જ્યાં સમત્વયોગવાળી ક્રિયા છે, ત્યાં આત્માને બાધક એવા સંશયો હોતા જ નથી. એટલે કે આત્મજ્ઞાન ત્યાં અવશ્ય હોય છે. આવી જ્ઞાનમય સમતાવાળી ક્રિયાથી બંધાયેલું કર્મ બંધનકર થતું જ નથી. જૈનસૂત્રોનો પણ આ જ મુખ્ય અવાજ છે.

આ શ્લોકથી એ પણ ફલિત થયું કે જ્યાં સમતા આવી, ત્યાં કર્મ કરવા છતાં કર્મત્યાગ જ છે. કારણ કે મોહમમતા વિના બંધનકારક ક્રિયા થતી જ નથી. અજ્ઞાન છે ત્યાં મોહ છે અને સમતા નથી ત્યાં મમતા છે. માટે જ્ઞાન અને સમતા

બન્ને જોઈએ. જૈનસૂત્રોમાં સમકિત શબ્દ વપરાય છે. એ શબ્દ સમતા અને જ્ઞાન બન્નેનો સૂચક છે. ક્ષાયિક સમકિતવાળો નવાં ગાઢ બંધનકર કર્મો ન કરતો હોઈને, એને નવાં ગાઢ બંધનકર કર્મો બંધાતાં નથી. અને તેથી એનો મોક્ષ વધુમાં વધુ ત્રીજે ભવે થાય જ છે. એવી જૈનસૂત્રોની સાખ છે.

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥ ४२ ॥

**તો આ ઉરે રહ્યા તારા, અજ્ઞાનજન્ય સંશયો;**
**છેદીને જ્ઞાનના ખડ્ગે, યોગે થા સ્થિર ઊઠ તું. ૪૨**

માટે હે ભારત ! (તને પણ એ જ રીતે હું કહું છું કે) તારા હૃદયમાં જે સંશય રહેલા છે, તે (વાસ્તવિક) જ્ઞાનના અભાવે જ જન્મેલા છે, માટે જ્ઞાનરૂપી તલવારથી તે સંશયને છેદીને ઊઠ, યોગમાં સ્થિર થઈ જા.

**નોંધ :** અહીં શ્રીકૃષ્ણગુરુએ 'હૃદયમાં રહેલા' એવા સંશયો કહ્યા, તે એટલા માટે કે જે સંશયો હૃદયમાં ઘર ઘાલીને રહે છે, તે જ ભયંકર છે; બીજા નહિ. હૃદયમાં રહેલા સંશયોને પરિણામે જ આત્મામાં કે પ્રભુમાં અશ્રદ્ધા જન્મે છે, કે જે ૪૦મા શ્લોકમાં કહી અજ્ઞાન જ એવા જટિલ સંશયોનું જનક છે. માટે અહીં અર્જુનને કહ્યું કે જ્ઞાનરૂપી સમશેરથી, એવા અજ્ઞાનજન્ય સંશયોને છેદી નાખ. આથી એ પણ ફલિત થયું કે શ્રીકૃષ્ણગુરુજી શસ્ત્રસરંજામને લેશ પણ સ્થાન આપવા માગતા નથી. વળી તેઓ શ્રી અર્જુનને ઊઠ, ઊભો થા, એમ કહીને સાચા પુરુષાર્થનો માર્ગ બતાવે છે. પણ કયે માર્ગે પુરુષાર્થ ખેડવો, એનો જવાબ પણ પોતે આપે છે. તે કહે છે કે યોગમાં સ્થિર થવું, એ જ ખરો પુરુષાર્થ. પણ ગીતાનો યોગ, માત્ર અમુક પ્રકારનાં આસન વાળીને જંગલ કિંવા વસતિથી દૂર પડી રહેવું, એટલામાં જ પૂરો થતો નથી. ગીતાનો યોગ એટલે આત્મલક્ષ્ય. સારાંશ કે એ અર્જુનને ઉદ્દેશીને, સાધકમાત્રને ગીતાજી એમ કહેવા માગે છે કે આત્મલક્ષ્યમાં મનને સ્થિર કરીને, જે કંઈ સહજ આવી પડે તે ક્રિયા કરો. નિવૃત્તિ ને પ્રમાદ ન પોષો, તેમ ત્યાગના સ્વાંગ નીચે અનિષ્ટને ફૂલવાફાલવા ન દો.

એમ ગીતાશાસ્ત્રનો જ્ઞાનકર્મની વ્યવસ્થા રૂપ ચોથો અધ્યાય સમાપ્ત થયો.

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्म-
विद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे कर्म-
ब्रह्मार्पणयोगो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

'ॐ તત્ સત્' એ પ્રમાણે શ્રીભગવાને ગાયેલી, ઉપનિષદો પૈકી બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના સમન્વયવાળા શ્રીકૃષ્ણ અને અર્જુનના આ સંવાદમાં કર્મબ્રહ્માર્પણયોગ નામનો ચોથો અધ્યાય પૂરો થયો.

## ચોથા અધ્યાયનો ઉપસંહાર

જ્ઞાન અને ક્રિયા (કર્મ)નું સ્થાન ક્યાં અને કેટલું મહત્ત્વનું છે, તે દર્શાવવું એટલો જ આ અધ્યાયનો સાર છે. પણ સાંખ્યના પારિભાષિક જ્ઞાન અને ગીતાના જ્ઞાન વચ્ચે એક વિલક્ષણ ભેદ છે. મીમાંસકના પ્રખ્યાત કર્મકાંડમાં અને ગીતાના કર્મયોગમાં અગત્યનો ફેર છે. પાતંજલ-રાજયોગ અને હઠયોગની પ્રચલિત પ્રણાલિક અને ગીતાના યોગમાં મહત્ત્વનું અંતર છે, એ આપણે જોઈ ગયા. એમાં જ ગીતાની મહત્તા છે.

ગીતાની દૃષ્ટિએ કોઈ પણ પરિસ્થિતિ એકાંતે ત્યાજ્ય કે એકાંતે સ્વીકાર્ય નથી. આમ જોતાં ગીતાનો આશય એટલો બધો વ્યાપક અને સર્વગ્રાહ્ય છે કે જેમાં સર્વ નદીઓરૂપી દર્શનો ગીતાના સમુદ્રમાં સમાઈ જાય છે. આથી જ આપણે અનેકવાર ઉચ્ચાર્યું છે, "ગીતા એ જૈનત્વનો પ્રતિપાદક અને પ્રચારક મહાગ્રંથ છે, તત્ત્વજ્ઞાનનું વિશ્વકાવ્ય છે."

હવે આ અધ્યાયમાં આવી ગયેલી વસ્તુના સંક્ષિપ્ત વર્ણનમાં ઊતરીએ :

અધ્યાયના આરંભમાં જ શ્રીકૃષ્ણમુખે એમ બોલાયું કે, "જ્ઞાન અને સમતા બંને એક અપેક્ષાએ જોઈએ તો એક જ છે, અને કર્મકૌશલ્ય તથા જ્ઞાન બન્નેનો મારા યોગ શબ્દમાં સમાવેશ થઈ જાય છે. તને આ વાત કદાચ નવી લાગશે, પણ સાવ નવી નથી. ઠેઠ સૂર્યકાળથી પરંપરાએ આ યોગ ક્ષીણ થતો અને વળી નવપલ્લવિત થતો ચાલ્યો આવે છે. આનો અર્થ એ થયો કે કાળની ગણના જેના નિમિત્તે થઈ શકે છે, તેથી પણ આ યોગ જૂનો છે, એટલે કે અનાદિ છે. વળી એનો અંત પણ આવવાનો નથી, માટે તે અનંત છે."

"અહીં સૂર્ય મઽી મનુ, અને મનુની પ્રજા માનવ ગણાય છે. તે રૂપકમાં વૈજ્ઞાનિક રહસ્ય છે. પ્રકાશ અને ગરમી જિંદગીમાં મહત્ત્વની વસ્તુ છે. વળી તેમાં સમતા અને ગતિશીલતા બન્ને વસ્તુ છે, તેમ માનવમાં એ બન્નેનો સમન્વય થાય

એટલે પત્યું. "પણ આ રહસ્ય, અંતર્યામીની ભકિત અને મિત્રતા વિના ન સમજાય. અર્જુનમાં એ યોગ્યતા હતી જ."

"પરંતુ અર્જુનને સંશય થયો કે, શ્રીકૃષ્ણ તો હમણાંના અને સૂર્ય તો જુગજૂના રહ્યા, તો પછી એમણે સૂર્યને આ યોગ કહ્યો હશે એની ખાતરી શી ?"

શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, "આ તારો સંશય જ પ્રતીતિ આપે છે કે તારા પર મોહ મહારાજાનો કોરડો ફરી વળ્યો છે. આ સંશય જ આત્માના વિનાશનું મૂળ છે. એ જ જન્મમરણના ફેરામાં પાડે છે. માટે હૃદયમાં રહેલા આ સંશયને જ્ઞાનરૂપી સમશેરથી હણી નાખ, ત્યાર પછી જ હે ભારતી માતાના સંતાન, ભારત ! મારા યોગને તું આચરી શકીશ."

"અરે ઊજળા દિલના આર્ય અર્જુન ! પણ તું રખે એમ માની લેતો કે તું પ્રશ્ન પૂછે છે, એથી જ મેં તને સંશયાત્મા કહ્યો છે ? ના, પ્રશ્ન પૂછવા એને તો હું જ્ઞાનપ્રાપ્તિ માટે અગત્યનું અંગ ગણું છું. પણ પ્રશ્ન પૂછવાની પાછળ હાડની નરમાશ અને સેવાભાવ હોવાં જોઈએ. પ્યારા કૌંતેયે ! ખરી શ્રદ્ધા વિના એ ઊગતાં નથી, માટે જ ખરી શ્રદ્ધાનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. વળી એ પણ તારે ન ભૂલવું જોઈએ કે ખરી શ્રદ્ધા અને જ્ઞાન બેને તો ભારે મેળ છે. શ્રદ્ધા વિના જ્ઞાન ટકતું નથી, અને જ્ઞાનના કાયમી ટકાવ માટે શ્રદ્ધા જબરું કામ આપે છે. શ્રદ્ધાથી જ્ઞાન થાય, જ્ઞાનથી મોહ દૂર થાય, સંયમ પણ આપોઆપ આવે, સાચી તપસ્યા પણ સહેજે પ્રિય લાગે, તેમજ પૂર્ણ શાન્તિ મળે, અને એથી ઊલટું જો અજ્ઞાન હોય તો અશ્રદ્ધા થાય, મોહ જાગે, અને વિકારી વિલાસમાં મન ભટકયા કરે. એથી એનો આલોક પણ બગડે અને પરલોક પણ બગડે. માટે જ કહું છું કે સંશયરહિત બનવું જોઈએ. જિજ્ઞાસુ થવું જોઈએ, તો એવું જ્ઞાન મળે કે, જેથી કયું કર્મ ત્યાજ્ય છે, કયું સ્વીકાર્ય છે, શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ, એની ગમ પડી જાય. અને હે ધનંજય ! કર્મોનાં બંધનો તો પછી બાંધી કેમ શકે ? પછી તો મોહમાત્ર ટળી જાય અને સર્વજ્ઞતા (એટલે સકળ જગતનો આત્મા યથાર્થ સમજાય તેવી સ્થિતિ) પ્રાપ્ત થાય. પાપમાત્ર ગળી જાય. તેમ જ કર્મમાત્ર બળી જાય. બોલ ભલા ! આથી પવિત્ર ચીજ બીજી કઈ હોઈ શકે ?"

"તું કદાચ કહીશ કે, આવું જ્ઞાન મને તમો કાં ન આપો ? અહો વીરા ! જો એ બીજાથી અપાય તેવી વસ્તુ હોય તો હું તારા જેવા મારા હૃદયસખાથી આંતરો રાખું, ભલા ? પણ એ તો પોતાના પુરુષાર્થે જ પ્રાપ્ત થાય છે. મને પણ

અનંતકાળના પુરુષાર્થ પછી આ સ્થિતિ પ્રાપ્ત થઈ છે. આજે હું દેહધારણ કરી રહ્યો છું, છતાં એકનો એક નટ વારંવાર વેશ બદલો કરી રંગભૂમિમાં આવે જાય છે, તે જેમ પોતે પોતાની બધી સ્થિતિઓને જાણે છે, તેમ હું પણ જાણું છું.

"જ્ઞાન થયા પછીં પણ જન્મધારણ કરવાનો હેતુ શો ? એવો સવાલ તને થશે. સંસારી લોકો જન્મમરણથી ખૂબ ગભરાય છે, એનું મૂળકારણ જન્મમરણની ક્રિયા નથી; પણ દેહ પરત્વેનો મોહ છે, તેથી દુઃખ થાય છે. હવે મારામાં એ નથી તો મને દુઃખ શાનું થાય ? આટલી ચાવી જેના હાથમાં આવી તે નિજાનંદમાં મસ્ત રહેવાથી સુખી જ છે. પ્રકૃતિ પર એવા પુરુષોનો કાબૂ હોય છે."

"વળી તું કહીશ કે, મોહ ટળ્યા પછી પુનર્જન્મ શા ? હા, તારી એ વાત અક્ષરશઃ સાચી છે, પણ નિર્મોહ દશા પામ્યા પછી પણ અમુક જન્મો આત્માના માયા સાથેના તેવા જૂના જોડાણને લીધે - (ભલે સ્વામિત્વવાળું જોડાણ હોય, તોય) કરવા પડે છે. આત્માની મૌલિક દશા તો જન્મમરણરહિત જ છે. પરંતુ આવા નિર્મોહી આત્માઓના જન્મો જગતકલ્યાણના મહાનિમિત્તરૂપ બને છે, એ પણ તારે ખાસ ખ્યાલમાં રાખવું જોઈએ."

"કુદરતની મહાયોજનાથી તું અજાણ હોઈને પડદા પાછળની બીના નથી જાણી શકતો, એ અજ્ઞાનને કારણે જ આવા હૃદયસંશયો અને મહામોહના વિકલ્પો તને પીડે છે."

"ભાઈ ! કુદરતની મહાયોજના એવી છે કે જે ક્ષેત્રે, જે કાળે, જે સંયોગોમાં નગદ ધર્મનું જોર નરમ પડે છે અને ધર્મને બહાને અધર્મનું જોર વ્યાપે છે, ત્યારે જ તે ક્ષેત્રે, તે કાળે, તે સંયોગોમાં આવા પુરુષો મળી રહે છે. એથી સાધુ પુરુષોમાં નવો પ્રાણ ફુંકાય છે અને પાપીઓની પ્રતિષ્ઠા ઘટે છે." પાર્થ ! તું તો મારો હાડ-પ્રેમી છે. એટલે રહસ્યની વાર્તા તારા આગળ કહેતાં મને સંકોચ નથી થતો. તું જાણે છે કે, હું અભિમાનથી નથી કહેતો, પણ ખરે જ મારો જન્મ અને મારાં કર્મ લોકોત્તર છે, દૈવી છે જ. જે જે મહાપુરુષો થાય છે, તેમની આવી સ્થિતિ હોય છે, પણ એને જગતમાં વિરલા જ પારખી શકે છે. જે પારખી શકે છે, એનો બેડો પાર. એ અજ (અજન્મા)-અવિનાશી દશા પામી જ ચૂકયા સમજવા. રાગ, ક્રોધ અને ભયથી વેગળા રહે તે જ મને પારખી, મારો આશ્રય લઈ મારામય બની શકે."

"અરે અર્જુન ! 'મને' શબ્દથી તું મારા આ દેહને જ માત્ર ન માની બેસતો,

ખરો કૃષ્ણરૂપી આ દેહ નથી, પણ દેહમાં રહેલો આત્મા છે. એને નથી રૂપ કે નથી નામ."

"એવા અરૂપી આત્માને જ સીધા ભજનારા લોકો બહુ જૂજ હોય છે, પણ કેટલાક બીજી રીતે પણ ભજે છે. જેઓ જે ભાવથી ભજે, તેમને તેમની ભાવના પ્રમાણે તેવું ફળ મળે, એ વાત નક્કી છે. કેટલાક કર્મસિદ્ધિના ધ્યેયે મને ભજે છે, જ્યારે કેટલાક કર્મફળની સ્પૃહા રાખ્યા વગર આત્માને જ ભજે છે. હું પોતે શ્રીકૃષ્ણ નામનો દેહધારી છું, એટલે કર્મો કર્યા કરું છું. છતાં કર્મફળમાં મારી લાલસા ન હોવાથી કર્મોનો લેપ મને લાગતો નથી. એથી જ કર્મ કરું છું. માટે કર્તા ભલે ગણાઉં, છતાં કર્મનો લેપ ન લાગવાથી મારો અકર્તાપણાનો (નિરભિમાનપણાનો) જે મૂળ ગુણ છે, તે પણ ટળતો જ નથી. કેવી મઝાની વાત ! આ રીતે વર્ણાશ્રમના ગુણ અને કર્મ પ્રમાણે હું વ્યવસ્થાકાર હોવા છતાં મને બંધનકર કશું થતું નથી. જેવી રીતે આ ન્યાય મને લાગુ પડે છે, તેવી રીતે બીજાને પણ લાગુ પડે છે. એમ જાણીને ઘણા મુમુક્ષુઓએ કર્મયોગ આચર્યો છે. અને તારી ભૂમિકા પણ એવી જ છે કે તારે પણ એ આચરવો જ જોઈએ.

"હા, તારી મૂંઝવણ હું જાણું છું. કયું કર્મ કરવા યોગ્ય, કયું કર્મ માત્ર જાણીને અનુભવમાં રાખવા યોગ્ય અને કયું કર્મ છોડવા યોગ્ય છે, તે કળી કાઢવું ભારે દુર્ઘટ કાર્ય છે.

"પરંતુ ભાઈ ! તેમાં જ તો ખરા જ્ઞાનની કસોટી છે ને ? જ્ઞાનીજનોને પણ આરંભનાં કામો ન છૂટકે ઘણીવાર કરવાં પડે છે, પણ તેઓ પોતાનો અભિમાન ભર્યો સંકલ્પ કે કામના રાખ્યા વગર જ કામો કરે છે, તેથી એમની પ્રવૃત્તિ કે નિવૃત્તિ, હેતુશૂન્ય લક્ષ્યશૂન્ય હોતી જ નથી. તેઓ આત્માનો દોર ચૂકતા જ નથી. બોલ, હવે એને આસક્તિ શાની હોય ? અને આસક્તિ ન હોય તો અસંતોષ કે બંધન પણ શાનું હોય ? અને એમ હોય તો પછી કર્મ કરવા છતાં તે ખરેખર અકર્તા જ છે. અજ્ઞાનીની દશા એના કરતાં સાવ ઊલટી જ હોય છે. જ્ઞાની કોઈની આશા પર જીવતો નથી, જ્યારે અજ્ઞાની તો બિચારો આશાનો જ ગુલામ હોય છે. જ્ઞાનીને મમતા ભર્યો પરિગ્રહ નથી હોતો, અજ્ઞાની તો ફાટેલી ગોદડીમાં પણ જગતની મમતા રાખીને બેઠો હોય છે. (જૈનસૂત્રોમાં આવેલું મુમ્મણ શેઠનું

ઉદાહરણ ખાસ વિચારવા જેવું છે.× આથી જ્ઞાનીનું શરીર કામ કરે છે, પણ મન માયામાં ન હોવાથી પાપ એને પીડતું નથી. જે મળે છે, તે એને ગમે છે. એમાં એ સંતોષ માને છે, સુખ-દુઃખ, આશા-નિરાશાનાં જોડકામાં એ સપડાતો નથી. કોઈના પર એને ઈર્ષ્યા નથી થતી. સૌને સૌનાં કર્મનું ફળ મળે છે. "જેવું જે વાવે, તેવું તે લણે." અધર્મનું ફળ આખરે પણ વિનાશકારી જ છે. એમ સમજી એ કાર્ય સિદ્ધિ થાઓ કે અસિદ્ધિ થાઓ, તોયે એ સમતામય રહી શકે છે. અજ્ઞાનીની જેમ ઘડીઘડીમાં એ બાહ્ય વિજયમાં છકી જતો નથી કે બાહ્ય પરાજયમાં હિમ્મત ગુમાવી બેસતો નથી."

"તને યજ્ઞ બહુ પ્રિય છે, માટે એ પરિભાષામાં કહું તો યજ્ઞ ખાતર જ અનાસકત અને નિર્મમત્વી તથા જ્ઞાનમાં જોડાયેલા ચિત્તવાળો એ પુરુષ યજ્ઞ ખાતર જ કર્મ આચરે છે. તેથી એનુ સમગ્ર કર્મ લય પામી જાય છે (બંધનકર થતું નથી.)"

"પણ તું યજ્ઞ શબ્દથી પ્રચલિત યજ્ઞ ન સમજીશ. યજ્ઞ, મારી દષ્ટિએ, બે જાતના છે : - (૧) દ્રવ્યયજ્ઞ અને બીજો જ્ઞાનયજ્ઞ. જ્ઞાનયજ્ઞમાં તો બલિ, અગ્નિ અને સર્વ કંઈ બ્રહ્મ-આત્મા જ છે, એટલે બ્રહ્મમય કર્મમાં સ્થિર થયેલા તેવા જ્ઞાનીનું કર્મ પણ બ્રહ્મમય જ છે." (જૈનસૂત્રો પરથી શ્રીમદે કહ્યું છે કે* "હોત આસવા પરિસવા નહિ ઉનમેં સંદેહ" તે આ જ દષ્ટિએ.) "દ્રવ્યયજ્ઞમાં દિવ્યતત્ત્વોની ઉપાસના હોય છે એથી સ્થૂળદ્વારા, (સૂક્ષ્મ તરફ દષ્ટિ રાખી) સૂક્ષ્મમાં જવાનો તે પ્રયાસ છે, એમ ગણાય. આવા ઉપાસકોના ઘણા પ્રકારો છે. તેમને પણ યોગીની ગણનામાંથી હું સાવ બાકાત નથી રાખતો. કારણ કે ગમે તે પ્રકારે પણ મનને આત્મામાં જોડી રાખવું, એનું જ નામ યોગ છે. અને કર્મ કરવા છતાં આવી આવી દશા રહે એના જેવું ઉત્તમ બીજું કયું ? આવી સ્થિરતા માટે કેટલાક ઈન્દ્રિયનાં કર્મો છોડી દઈને અમુક વખત સુધી રહે છે. કેટલાક પ્રાણાયામ પરાયણ રહે છે. કેટલાક નિરાહારી બને છે. કેટલાક ચિંતન, જ્ઞાનાભ્યાસ આદિમાં નિમગ્ન રહે છે. કેટલાક આત્માને સંયમ અથવા સ્થિરતાના જોડાણમાં

× રાજગૃહી નગરી પાસે મહા નદીમાં ચોમાસાની ઋતુમાં ઘોર અંધારી રાતે, આ મુમ્મણ શેઠ લાકડાં કાઢતા હતા. આ દશ્ય ચેલણા મહારાણીએ જોયું, અને એને થયું કે આ અમારી નગરીમાં આવો દુઃખી માણસ કોણ છે કે જે મૃત્યુનું જોખમ ખેડીને બિચારો લાકડાં એકઠાં કરી રહ્યો છે. પણ તપાસને અંતે જણાયું કે, એ મુમ્મણ શેઠને ત્યાં કરોડો રૂપિયાનું ઝવેરાત હતું. પણ તૃષ્ણાનો કઈ અંત હોય છે ? એટલે એ બિચારો ચંદનના લાકડાં પોતાની મિલકત વધારવા માટે કાઢતો હતો. આજ પણ કહેવાતા જૈનો મુમ્મણ શેઠનો દાખલો ટાંકે છે.

* અર્થાત્ બંધનનાં સ્થાનોમાં પણ જ્ઞાની પુરુષ કર્મથી બંધાતો જ નથી.

હોમવાનો પુરુષાર્થ કરે છે. કેટલાક ઈન્દ્રિયોને વશ કરી વિષયોને તજી દે છે. આ બધા એક યા બીજા પ્રકારે નિષ્પાપ સાધન જ કરી રહ્યા છે, પણ એટલું ખરું જ કે એમનું ધ્યેય તો આત્મા તરફ જ હોવું જોઈએ. ઉપરાંત એક એવો પણ વર્ગ છે કે આવા યજ્ઞોથી જાતે પૂજતો નથી, પણ ઉપર કહ્યા એવા યજ્ઞી પુરુષોની સેવા કરે છે, તો તે પણ તરી જાય છે. આ બધા યજ્ઞમાં જ્ઞાનભર્યો ધર્મમય પુરુષાર્થ હોવાથી, હું એને કર્મયોગજન્ય ગણું છું, પરંતુ અહો પાર્થ ! ઉપર કહેલા દ્રવ્યમય યજ્ઞો કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ જ છે હોં. કારણ કે જ્ઞાનમાં બધુંય સમાઈ જાય છે, એટલે ફરી એકવાર કહું છું કે સંશયો છોડીને જે સાધનો દ્વારા એવું જ્ઞાન મળે, એવો પુરુષાર્થ આદરવા માટે ઊઠ, ઊભો થા. મોહને વશ ન થા. તારી અંતરંગ ભૂમિકા સારી છે, એટલે થોડામાં ઘણું કામ થશે."

# ગીતા દર્શન

## અધ્યાય પાંચમો

### પાંચમા અધ્યાયનો ઉપોદ્ઘાત

બીજા અધ્યાયમાં "દૂરેણ હ્યવર કર્મ બુદ્ધિયોગાદ્ધનંજય" એમ જ્યારે શ્રીકૃષ્ણ મહાત્માએ કહેલું, ત્યારે અર્જુન તે વાકયો પરથી એમ સમજી ગયો કે બુદ્ધિ કર્મ કરતાં મોટી છે. ફરીને જ્યારે ત્રીજા અધ્યાયમાં ખરી સમજ પાડી, ત્યારે વળી અર્જુનને એ શંકા થઈ કે આ વળી કોઈ નવીન જ વાત લાગે છે ! ત્યારે શ્રીકૃષ્ણ મહાત્માએ "આ યોગ નવો નથી પણ ઘસાયેલાને ફરી કહું છું, માટે તને નવો લાગે છે" એમ કહ્યું અને ચોથા અધ્યાયમાં તો બીજી ઘણી જ ઉમદા વાતો કહી. પરંતુ અર્જુને તો તેમાંનું "યોગસંન્યસ્તકર્માણં" એ શ્લોકવાળું વચન સાંભળીને એ પરથી એમણે તો એવું જ ધારી લીધું કે તેમાં શ્રીકૃષ્ણ મહાત્માએ 'કર્મ સંન્યાસ'ની પ્રશંસા કરી છે. પણ ઉપસંહારના છેલ્લા વાકયમાં તો ફરીફરીને એ જ વાત આવી કે "યોગમાત્તિષ્ઠોત્તિષ્ઠ ભારત !" ત્યારે અર્જુનને ભારે કંટાળો આવ્યો. વળી એ જરા આકળો થઈ ગયો અને દુ:ખ, ખેદ અને મૂંઝવણ ત્રણેથી મિશ્ર થઈ ભારે હૈયે અધૈર્યભરી વાણીથી બોલવા લાગ્યો :-

### पंचमोऽध्याय:

### અધ્યાય ૫ મો

*संजय उवाच !*

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे बुहि सुनिश्चितम् ॥ १ ॥

**સંજય બોલ્યા :**

**પ્રશંસો ત્યાગને કૃષ્ણ ! ને વળી કર્મયોગને;**
**તો બેમાં એક જે સારો, તે જ નક્કી કહો મને. ૧**

કૃષ્ણ ! તમો ઘડીકમાં કર્મસંન્યાસને વખાણો છો અને વળી પાછા કર્મયોગને વખાણો છો (તો દહીંમાં અને દૂધમાં પગ રાખ્યા વગર એ બેમાં જે શ્રેષ્ઠ હોય, તે જ એક મને કહી ઘો ને. (માબાપ ! શા સારુ વારંવાર મૂંઝવી મારો છો ?

**નોંધ :** સાધકો સમજી જ શકશે કે શ્રીકૃષ્ણ મુખે જે વાત કહેવાય છે તે ખૂબ ઊંડી, વ્યાપક અને સ્પષ્ટ આત્મલક્ષી છે; છતાં અર્જુનને વારંવાર સંશયો ઊઠયા જ કરે છે. એ સ્થળે આપણે હોઈએ તો આપણે પણ મૂંઝાઈ જઈએ. સત્યની કેડી ખરેખર જ અટપટી છે, પરંતુ એ મૂંઝવણમાં અર્જુનની જિજ્ઞાસા જાગતી રહી હતી, અને એ જ સાધક કે સત્યશોધકનું આદિ લક્ષણ છે.

વળી આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે અર્જુનનું વલણ કર્મસંન્યાસ ભણી વિશેષ હતું, એટલે કર્મયોગની ઘણી વાતો સાંભળવા છતાં એ કર્મસંન્યાસ સૂચક એક જ વેણને જલદી પકડી શકતો હતો. આ ગફલતમાં એની મૂળ માન્યતા જ દૂષિત હતી, પોતે દૂષિત ન હતો. આ પરથી એ પણ બોધ લેવાનો છે કે સામેનો માણસ એની પોતાની કોઈ ઊલટી બંધાયેલી માન્યતાને લીધે આપણી વાતમાંનું અમુક જ વેણ ગણીને ગાંઠે બાંધી લેતો હોય અને એ એક વેણ પકડીને વારંવાર પૂછતો હોય તોય કંટાળવું નહિ, પણ ધીરજ રાખી પોતાની વાતને સામાના હૃદયમાં બરાબર બેસાડવા માટે પુરુષાર્થ કરવો. જો આપણી પોતાની બીના સત્ય હશે, તો જુદીજુદી રીતે ધીરજથી સમજાવતાં અને સામાની વાત ધીરજપૂર્વક સાંભળતાં, છેવટે જરૂર સામેની વ્યક્તિને આપણી વાત ગળે ઊતરશે જ. શ્રીકૃષ્ણ મહાત્મામાં એવી અખૂટ ધીરજ અને સમભાવ વગેરે ગુણો હતા, એટલે જ તેઓ લગારે કંટાળો લાવ્યા વગર અર્જુનની શંકાનું વિવિધ રીતે સમાધાન કરવા તત્પર હતા. પરિણામે એથી જ અર્જુનની બધી શંકાઓ ટળી ગઈ અને પોતાના મોહને દૂર કરવામાં અર્જુન પોતે પણ સફળ થયો.

હવે શ્રીકૃષ્ણ મહાત્મા શું કહે છે, તે પરત્વે ધ્યાન પરોવીએ.

*श्रीकृष्ण उवाच ।*

**संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।**
**तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ॥ २ ॥**

**શ્રીકૃષ્ણ બોલ્યા :**

**કર્મત્યાગ તથા યોગ, બંને કલ્યાણકારી છે;**
**તેમાંય કર્મનો યોગ, કર્મના ત્યાગથી ચડે. ૧**

પ્રિય પરંતપ ! સંન્યાસ અને કર્મયોગ બંને મોક્ષને પ્રાપ્ત કરાવનાર છે. પરંતુ તેમાંય (તે બંનેમાંય કયો માર્ગ, એવો જો તારા પૂછવા પાછળ આશય હોય તો હું

કહું છું કે તને અને તારા જેવા માટે) કર્મયોગનો માર્ગ એ કર્મત્યાગના માર્ગ કરતાં ચડિયાતો છે.

**નોંધ :** સંન્યાસ એટલે કે નિવૃત્તિમાર્ગ અને યોગ એટલે પ્રવૃત્તિમાર્ગ. એમ જ જો સમજીએ, તોય તે ખરી રીતે બંનેય સાપેક્ષ માર્ગ છે. પ્રવૃતિમાર્ગ જ ચડિયાતો છે અથવા નિવૃત્તિમાર્ગ જ ચડિયાતો છે; એમ નિશ્ચિતરૂપે જ શ્રીકૃષ્ણમુખથી અર્જુનજી કહેવડાવવા માગતા હતા એ આપણે ઉપર જોયું. શ્રીકૃષ્ણજીએ પણ ચોખ્ખોચટ જવાબ આપ્યો છતાં એમના આ જવાબ પરથી પ્રવૃત્તિમાર્ગના હિમાયતીઓ એકાંતે પ્રવૃત્તિમાર્ગ ચડિયાતો છે એમ રખે માની લે અને નિવૃત્તિમાર્ગના હિમાયતીઓ એકાંતે નિવૃત્તિમાર્ગ ભણી જ અર્થને મરડીને રખે લઈ જાય; એ ખાતર આટલેથી જ ન અટકતાં આગળ બહુ સુંદર રીતે અનેકાંતવાદનું રહસ્ય હવે શ્રીકૃષ્ણમુખેથી કહેવાય છે :-

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥ ३ ॥
सांख्ययोगौ पृथग्बालाः प्रवदंति न पंडिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥ ४ ॥
यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥ ५ ॥

**જાણવો નિત્યસંન્યાસી, વાંચ્છાદ્વેષ રહિત જે;**
**તે મહાબાહુ ! નિર્દ્વંદ્વી, છૂટે બંધ થકી સુખે. ૩**
**સાંખ્ય ને યોગ બે જુદા, પાડે બાળ, ન પંડિતો;**
**યથાર્થ સેવતાં એક, મેળવે ફળ બેયનું. ૪**
**સાંખ્ય દ્વારા મળે સ્થાન, તે જ યોગથકી મળે;**
**બંનેને એકરૂપે જે, પેખે છે તે જ પંડિત. ૫**

હે મોટા હાથવાળા અર્જુન ! જે વાંચ્છા અને દ્વેષથી રહિત છે, તે હમેશાં સંન્યાસી જ જાણવો, અને પ્રિય અર્જુન ! તે દ્વંદ્વરહિત જ હોઈને સુખેથી બંધનમાત્રથી છૂટી જાય છે.

વળી અહો ! પ્રિય પાર્થ ! (ખરી રીતે જોવા જઈશ તો તને લાગશે જ કે) સાંખ્ય તથા યોગને (જુદા પાડીને, સાંખ્ય ને યોગ બેય જુદા છે) એમ જુદા (લેખવીને) તો

બાળ જ બોલ્યા કરે છે, પંડિતો કદી નહિ, (કારણ કે તેઓ જાણે છે કે) બંને પૈકી એકનું યથાર્થ સેવન કરવાથી બંનેનું ફળ મેળવી શકાય છે. સારાંશ કે સાંખ્ય દ્વારા (નિવૃત્તિમાર્ગ દ્વારા) જે સ્થાન (અંતે) પામી શકાય છે, તે જ યોગ દ્વારા (પ્રવૃત્તિમાર્ગ દ્વારા) પણ પામી જ શકાય છે. (તો પછી સાધનમાં જ જે ભેદ રહે છે, તે ભેદને મહત્ત્વ આપવાની શી જરૂર ? આટલું પંડિત પુરુષ જાણે છે. આથી જ હું કહું છું કે) સાંખ્યને અને યોગને જે એક (આવી એક નજરે) જુએ છે, તે જ ખરેખરો દેખતો છે. (જેનાં ચક્ષુ ઉઘાડાં છે, પણ આત્મા આંધળો છે તે દેખતો છતાં આંધળો છે અને જેનો આત્મા દેખતો છે, તે ચક્ષુહીન હોવા છતાં દેખતો છે.)

**નોંધ :** સંન્યાસનો અર્થ માત્ર ક્રિયા ત્યાગી દેવી કે અમુક પદાર્થ છોડવા, એટલો જ બસ નથી એમ ગીતાકારને બતાવવું છે.

એટલે એમણે કહ્યું કે દ્વેષ અને કાંક્ષા બંને છોડે તે જ ખરો સંન્યાસી. જૈનસૂત્રોની પરિભાષામાં કાંક્ષાને ઠેકાણે રાગ શબ્દ મૂકી શકાય. જ્યાં એક વસ્તુ પ્રત્યે કાંક્ષા થઈ અથવા રાગ થયો કે એની પછવાડે દ્વેષ આવવાનો જ, એ આપણે સમજી ચૂકયા છીએ અને જ્યાં રાગદ્વેષને ટેકો મળ્યો કે તુરત જ સુખ-દુઃખ, હર્ષ-શોક, મિથ્યાભિમાન-ડરપોકપણું એવાં જોડકાં આવીને આત્માને પીડવાનાં અને પરિણામે કર્મબંધન વધવાનાં. એ જ રીતે જો કાંક્ષા ગઈ તો સહેલાઈથી જ કર્મબંધન છૂટી જવાનાં. હવે જો આમ જ હોય તો પછી સાંખ્ય અને યોગ ને નિવૃત્તિમાર્ગ અને પ્રવૃત્તિયોગમાં માત્ર ઉપલક ક્રિયાના ફેરફાર સિવાય બીજો શો ફેર રહ્યો ? એટલે જ ગીતાકારે કહ્યું કે "ધ્યેય સામે દૃષ્ટિ રાખી, યથાર્થ રીતે એ બંને પૈકી ગમે તે એકને પકડો, તો બંનેનું પરિણામ એક જ સરખું આવવાનું" જેમ કે દાખલાને ગમે તે રીતે ગણો પણ રીત સાચી હશે અને ધ્યાન બરાબર હશે તો ગમે તે પ્રકારે ગણતાં પણ જવાબ તો એક જ આવવાનો. આ દૃષ્ટિએ જ્ઞાની જુએ છે, અજ્ઞાની નથી જોઈ શકતા. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનું અંતર જ આટલું.

આ પરથી એટલું તો સિદ્ધ થયું કે પ્રવૃતિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ બંને સમાન ફલદાતા છે. તો પછી કર્મસંન્યાસથી કર્મયોગ ચડિયાતો છે, એવું જે બીજા શ્લોકમાં અગાઉ વચન કહ્યું તે કઈ અપેક્ષાએ ? તે હવે સમજાવે છે :

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥ ६ ॥

**યોગ વિના મહાબાહુ ! સંન્યાસ પ્રાપ્તિ દુર્લભ;**
**કર્મયોગી મુનિ પામે, ×બ્રહ્મને અલ્પ કાળમાં. ૬**

અહો ! મહાબાહુ ! (મેં તારા જેવા માટે યોગને ચડિયાતો એટલા માટે કહ્યો છે કે તે વધુ જરૂરનો છે. તું ત્યાં આગળ વિશિષ્ટ અથવા ચડિયાતાનો અર્થ પણ એટલો જ સમજજે. બાકી, મેં જે ત્રીજા શ્લોકમાં સંન્યાસનાં લક્ષણો આપ્યાં તે જોતાં તો સંન્યાસ જ ચડિયાતો છે, પરંતુ એવા) સંન્યાસની પ્રાપ્તિ યોગસાધના વિના દુર્લભ છે. (એટલે પ્રથમ તકે પણ યોગસાધનાની જરૂર છે, તેમ પછી પણ જરૂર છે. કારણ કે) જે મુનિ (સંન્યાસનો આદર્શ સેવનાર. એ આદર્શને સેવવા છતાં) કર્મયોગથી જોડાયેલો રહે છે, તે બ્રહ્મને અલ્પકાળમાં મેળવી લે છે.

**નોંધ :** શ્રીકૃષ્ણગુરુએ કર્મયોગની વિશેષતા કઈ રીતે, કયાં અને કેટલી બતાવી, તે આથી સહેજે સમજાશે. આ વાત અનુભવ વિના ગળે ઊતરવી કઠણ છે; પરંતુ એમાં નક્કર સત્ય છે. સામાન્ય રીતે જનખ્યાલ એવો છે કે જંજાળ છોડી જંગલમાં જઈ ધ્યાન ધર્યું એટલે સંન્યાસ આવી ગયો. પરંતુ શ્રીકૃષ્ણગુરુ સંન્યાસનો વ્યાપક અને મૌલિક અર્થ અહીં લે છે. મુનિ કે સંન્યાસી, કર્મયોગી હોઈ શકે, એ ખ્યાલથી જનતા ચોંકી ઊઠે છે, પરંતુ ખરો માર્ગ જ તે છે. જો કે એક કર્મયોગી સંન્યાસી અને એક કર્મયોગી ગૃહસ્થમાં ઘણો ફેર છે, પણ ગીતાકારનું કહેવું એ છે કે "જેને સંન્યાસ પ્રિય છે તેવાએ કર્મયોગનું લક્ષ્ય ચૂકવું નહિ અને જેને સંન્યાસ પ્રિય નથી તેવાએ સંન્યાસનું લક્ષ્ય ચૂકવું નહિ." ફરી બીજા શબ્દોમાં કહીએ તો "નિવૃત્તિમાર્ગના પ્રેમીએ, પ્રવૃત્તિમાર્ગને છેક ન તિરસ્કારતાં એને ન્યાય આપવો અને પ્રવૃતિમાર્ગના પ્રેમીએ નિવૃત્તિનું લક્ષ્ય ન ચૂકવું."

શ્રીકૃષ્ણગુરુજીને અકર્મણ્યદશા નથી ગમતી. જૈનસૂત્રકારોનો પણ એ જ મત છે; કોઈ સંગપ્રસંગથી ડરીને ભાગવાથી કશું વળે તેમ નથી; પરંતુ એવા પ્રલોભનકારી કે સંકટકારી સંગપ્રસંગથી ચેતીને સામે મોઢે જીતી જવાનો પુરુષાર્થ કરવામાં જ કલ્યાણ છે. અને જો આમ જ છે, તો આવેલા યોગોને બીકણ થઈ તજવા નહિ, પણ એ યોગો રાગદ્વેષવર્ધક કે હાનિકારક ન બને તે રીતે સહી લેવા, એ જ શું ખોટું છે?

પરંતુ પ્રથમ તો સંગ તજવો જ પડે, છતાં એ સંગપરિત્યાગમાં પણ "એકદા તો

× સંન્યાસ એટલે સારી રીતે મૂકવું અથવા જ્ઞાનપૂર્વક તજવું એવા બંને અર્થો, એ શબ્દોમાંથી નીકળતા હોઈને અંતરંગસંયમી એવો ગૃહસ્થ પણ સંન્યાસી ગણાય.

સંગ સાથે જોડાઈ ને પણ નિર્લેપ રહેવાની કળા સાધ્યા વિના છૂટકો નથી" એ વાતને ન ભૂલવી જોઈએ. તો જ એ સંગપરિત્યાગ કલ્યાણકારી બને. આ રીતે જોતાં સંન્યાસમાં પણ પ્રથમ તો કર્મયોગનું લક્ષ્ય રાખવું જરૂરી છે, અને સંન્યાસમાં પીઢ થયા પછી કર્મયોગથી જોડાવું જરૂરી છે. આમ ક્રમપૂર્વક સાવધાનીથી કામ લેતાં જલદી મોક્ષ મળે છે, તેમ પોતાના નિમિત્તે જગતનું પણ મહાકલ્યાણ થાય છે. વિશ્વમાં એવા પરમ પુરુષોનો સહુ કોઈ આદર્શ લઈને આગળ ધપી શકે છે. દા.ત. ભગવાન મહાવીરે ગૃહસ્થાશ્રમમાં જ ત્યાગપ્રેમી ભાવના કેળવી લીધી હતી. અને સંન્યાસ લીધા પછી કર્મયોગથી જોડાઈને જગતનો અનુભવ અખતરાઓ કરીને લઈ રહ્યા હતા. પરિણામે પોતાની અહિંસા સફળ થયેલી જોઈ, ત્યારે જલદી મોક્ષ તો પામ્યા જ, પરંતુ જ્યાં લગી વિશ્વમાં રહ્યા, ત્યાં લગી પણ જગતને દોરનાર મહાપુરુષ તરીકે રહ્યા.

હવે "સાંખ્ય અને યોગ બંને જુદા છે કે નહિ" એ વિષે વધુ કહેવાનું રહેતું નથી.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेंद्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥

**પોતા જેવાં ગણ્યાં ભૂતો, ને જીત્યાં મન-ઈન્દ્રિયો;**
**કર્મયોગી વિશુદ્ધાત્મા, ન લેપાય કર્યા છતાં. ૭**

(પ્રિય ધનંજય ! હું જે કહું છું, તે જાતનો) યોગ જેણે સાધ્યો છે તેનો આત્મા **વિશુદ્ધ-પવિત્ર બની જાય છે, અને તેથી તે મનોમય આત્માને અને ઈન્દ્રિયોને જીતી લે છે** (કારણ કે, મૌલિક આત્માનાં એને દર્શન થાય છે, આત્મભાવની શકિતમાં એનો વિશ્વાસ ઊપજે છે, આથી મન અને ઈન્દ્રિયો સહેજે જીતી શકાય છે.) અને (એમ ક્રમેક્રમે આગળ વધતાં) સર્વ ભૂતોમાં રહેલા આત્મા વચ્ચે અને પોતામાં વસી રહેલા આત્મા વચ્ચે એને ભેદ નથી ભાસતો. એટલે કે તે પોતાના આત્મારૂપે જ સૌનો આત્મા પેખે છે. (આવી દશા સહજ થવાથી) તે ક્રિયા કરવા છતાં કર્મથી લેપાતો નથી.

**નોંધ :** આ શ્લોક ખૂબ મહત્ત્વનો છે. શ્રીકૃષ્ણગુરુએ અહીં બે પ્રકારના આત્મા બતાવ્યા. મૂળે તો આત્મા એક જ છે, પરંતુ દશાભેદે એના ભેદ પડે છે, તે જૈનસૂત્રોની પરિભાષામાં તો આપણે સમજી આવ્યા છીએ. એ પ્રમાણે જૈનસૂત્રોની પરિભાષામાં કહીએ 'विशुद्धाऽऽत्मा' એટલે 'अंतरात्मा' લઈ શકાય અને 'विजिताऽऽत्मा' તે 'બહિરાત્મા'રૂપે સમજી શકાય. બહિરાત્માનો વિજય

મેળવ્યા પછી જે પ્રવૃત્તિ થાય છે, તે પ્રવૃત્તિમાં લેપ નથી હોતો. વ્યાવહારિક ભાષામાં કહીએ તો ત્યાં ખોટી હઠ નથી હોતી, અને જ્યાં હઠ નથી ત્યાં દ્વંદ્વ પણ ન હોય, તેમ બંધન પણ ન હોય, તે દેખીતું જ છે.

આ ઉપરથી એટલું સહેજે સમજાયું કે શ્રીકૃષ્ણમુખથી જે યોગ વિશે કહેવાય છે, તે યોગમાં એટલી તાકાત છે કે તે હૃદયને પવિત્ર બનાવે છે અને મન તથા ઈન્દ્રિયોના વિજયમાં કારગત થાય છે. વળી આનું પરિણામ એ પણ આવે છે કે સર્વ ભૂતોનો આત્મા પોતાના આત્મા જેવો જ સમજાય છે. જે પોતાના આત્મા જેવો જ સહુનો આત્મા સમજે, તેનાથી એક ઉપર રાગ અને બીજા પર દ્વેષ રખાય જ શી રીતે ? તેનાથી વિકારોને અધીન થવાય જ શી રીતે ?

આમ એક પછી એક સંસાર બંધનની પ્રવૃત્તિઓ ઘટતી જશે અને બાકીની જે પ્રવૃત્તિઓ રહેશે તે આત્મહિતને બાધક નહિ થાય, બલકે બહુધા જગકલ્યાણકારી જ નીવડશે.

હવે શ્રીકૃષ્ણગુરુ આવી પ્રવૃત્તિઓનો આકાર અને પ્રવૃત્તિઓ પાછળના આશયની કલ્પના અહીં ખડી કરે છે :

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशजिंघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥ ८ ॥
प्रलपन्विसृजन्गृह्यन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीद्रियार्थेषु वर्तंत इति धारयन् ॥ ९ ॥
ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥ १० ॥

સૂતાં જોતાં જતાં ખાતાં, સ્પર્શતાં સૂણતાં તથા;
વદતાં તજતાં લેતાં, આંખો મીંચી ઉઘાડતાં. ૮
સૂંઘતાં શ્વાસ લેતાંય, ન કરું એમ માનતો;
અર્થોમાં ઈન્દ્રિયો વર્તે, ધારે તત્ત્વજ્ઞ યુકત તો. ૯
બ્રહ્મટેકે કરે કર્મો, પણ જે સંગને તજી;
જળે કમળની જેમ, લેપાતો તે ન પાપથી. ૧૦

(પ્રિય ભારત !) તત્ત્વનો જાણકાર યોગી જોતો હોય, સૂણતો હોય, અડતો હોય, સૂંઘતો હોય, ખાતો હોય, જતો હોય, સૂતો હોય, શ્વાસ લેતો હોય, બોલતો

હોય, તજતો હોય, ગ્રહણ કરતો હોય, આંખો ખોલતો હોય કે ઉઘાડતો હોય (એવી ગમે તે ક્રિયા કરતો હોય) પરંતુ (એ બધી) ઈન્દ્રિયો, ઈન્દ્રિયાર્થોમાં (વિષયોમાં) વર્તે છે, એમ ધારણા રાખીને "હું કશું કરતો નથી" (ઈન્દ્રિયો જ કરે છે) એમ માને છે.

(અને કૌંતેય ! આવી દઢ માન્યતાને પરિણામે) બ્રહ્મ તરફ લક્ષ્ય રાખીને બ્રહ્મને ટેકે કરી આસક્તિ છોડીને જ કર્મો કરે છે, તે જેમ કમળ જળમાં રહેવા છતાં લેપાતું નથી તેમ તે (તેવો પુરુષ) પાપથી લેપાતો નથી.

**નોંધ :**

"કમળો નિત્યે જળમાં નહાતાં, જળસંગાથે જળમય થાતાં;
સંગ છતાં પણ, નિઃસંગતા ચૂકે નહિ રે."

આવી ઉપમા દરેક શાસ્ત્રમાં અપાયેલી છે, અને તે વધુ બંધબેસતી છે. કમળની ઉત્પત્તિ જળથી છે અને જળનો સાથ પણ છે, છતાં એ બંનેનું સ્વતંત્ર વ્યક્તિત્વ જુદું છે. જે રીતે કમળ હંમેશા જળની ઉપર જ નિર્લેપ રહેવાનું, તે જ રીતે દેહધારી જીવ, ઈન્દ્રિયોથી ઊપજે છે; વધે છે. છતાં ઈન્દ્રિયોના ધર્મો અને આત્માના ધર્મો નિરાળા છે, એ ધારણા સ્થિર રહે, તેનું જ નામ તત્ત્વજ્ઞાન.

આવું તત્ત્વજ્ઞાન ધરાવનાર અને અગાઉ કહી ગયા તેવો યોગી હોય, તો તે બ્રહ્મને ટેકે કરી કર્મો કર્યા કરે છે, પરંતુ આસક્તિ ન હોવાને કારણે પાપથી લેપાતો નથી. અગાઉ કહ્યું તેમ જ્ઞાની માટે આસ્રવનાં સ્થાનો પણ સંવરરૂપ છે, એમ જૈનાશાસ્ત્રો ભાખે છે, તે આ દષ્ટિએ જ.

આ પરથી એ પણ ફલિત થયું કે ઘણી ક્રિયા એવી પણ હોય કે જે તત્ત્વજ્ઞયોગી અને અજ્ઞાની અયોગી એકરૂપે જ કરી રહ્યા હોય કે કરતા હોય; પરંતુ એ ક્રિયા પાછળના આશય બંનેના જુદા જુદા હોય, એટલે એકલી ક્રિયા પરથી જ જ્ઞાનીઅજ્ઞાનીનું માપ ન નીકળી શકે. આ રીતે જોતાં બંધનનો આધાર માત્ર ક્રિયા જ પર નથી; પરંતુ ક્રિયા પાછળના આશય (જૈન પરિભાષામાં આવે સ્થળે અધ્યવસાય શબ્દ વપરાય છે તેની) ઉપર હોય છે, જ્યાં ક્રિયા પાછળ દુષ્ટહેતુ છે ત્યાં આસક્તિ હોવાની, ને આસક્તિ હોય ત્યાં બંધન પણ હોવાનું જ. અને જ્યાં ક્રિયાં પાછળ શુદ્ધ હેતુ હોય ત્યાં આસક્તિ નહિ હોવાની ને આસક્તિ ન હોય ત્યાં બંધન પણ નહિ હોવાનું. આટલો વિસ્તાર જોયા પછી જ્ઞાની ફાવે તેમ વર્તે તોય

એને દોષ નથી, એમ માનીને કોઈ ન વર્તે; પરંતુ જ્ઞાનીની ક્રિયા કુદરતી રીતે જ એવી હોય છે કે જેમાં આત્મા અને વિશ્વનું કલ્યાણ સમાયું હોય અને તે અનિવાર્ય, સહજ અને શુદ્ધ હોય. છતાં આપણા દષ્ટિદોષથી તેમ ન દેખાય, તોય આપણે આપણો જ દોષ જોવો, જ્ઞાનીનો નહિ એ જ આપણે પક્ષે શ્રેયનું કારણ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આત્મા તો મૂળે અક્રિય છે, તો પછી આત્મજ્ઞાનીને ક્રિયા શા સારુ હોય ? એના સમાધાનમાં ગીતાકાર કહે છે :

कायेन मनसा बुद्धया केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥ ११ ॥

**બુદ્ધિ કે મન કાયાએ, કેવળ ઈન્દ્રિયો વડે;**
**કરે કર્મ તજી સંગ, આત્મશુદ્ધયર્થ યોગીઓ. ૧૧**

(આત્મા જ્યાં લગી પરમ વિશુદ્ધિ ન પામે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો આત્મા જ્યાં લગી પોતાનો સ્વરૂપમોક્ષ ન પામે, ત્યાં લગી દેહની સંગાથે એ રહે છે અને જ્યાં સચેતન દેહ છે, ત્યાં ક્રિયા પણ છે જ, પછી આસન વાળીને ભલેને એ જંગલમાં બેસે કે સમાધિ લગાવીને સ્થિર રહે, તોય કોઈ ને કોઈ પ્રકારની ક્રિયા તો હોવાની જ. પછી એ શરીર સંબંધી હો, ઈન્દ્રિય સંબંધી હો, મન સંબંધી હો, અથવા બુદ્ધિ સંબંધી હો. ઈન્દ્રિયો કાયાથી પર છે, ઈન્દ્રિયોથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે અને બુદ્ધિથી આત્મા પર છે. આ વાત અગાઉ ત્રીજા અધ્યાયને અંતે કહેવાઈ ચૂકી છે. સારાંશ કે બંધન તો આત્મા ભળે તો જ છે, બીજી રીતે નહિ. એટલે) બુદ્ધિદ્વારા, મનદ્વારા, ઈન્દ્રિયોદ્વારા કે કેવળ (આત્મા જેમાં નથી ભળ્યો તે ક્રિયા દ્વારા) કાયાએ જે કર્મ યોગી પુરુષો કરે છે, તે પોતાની (આત્માની) પરમ વિશુદ્ધિ માટે જ કરે છે. (નહિ કે બીજા કારણે. એટલે સંગ છોડીને પણ યોગીઓ પોતાની આત્મવિશુદ્ધિ માટે કાર્ય કરે જ છે. અને તેમ કરવામાં કશો વાંધો નથી.)

**નોંધ :** હવે "આસક્તિ વિના ક્રિયાનો કશો જ હેતુ નથી" એવી ભ્રમજનક માન્યતા ધરાવવાનો મોકો રહેતો નથી, પરંતુ જો આત્મવિશુદ્ધિ કર્મયોગ વિના પણ થઈ શકતી હોય, તો કર્મયોગ પર આટલો બધો ભાર શા માટે અપાય છે તે પ્રશ્નના સમાધાનમાં કહે છે, ને કેટલાક લોકો ક્રિયામાત્રને જંજાળ માની અકાર્મણ્યદશામાં શાંતિની આશા રાખે છે, તેમની ભૂલ ક્યાં રહે છે, તે સમજાવી દે છે :

**युक्तः कर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ।**
**अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥ १२ ॥**
**યોગી કર્મફળો છાંડી, પામે છે શાન્તિ કાયમી;**
**અયોગી ફળમાં લુબ્ધ, બંધાય કામના થકી. ૧૨**

(પ્રિય ધનંજય !) કર્મના ફળ ભોગવવાની લાલસાને છોડીને યોગી પુરુષ કાયમી-નૈષ્ઠિક-શાંતિને મેળવે છે (જ્યારે એ જ સ્થળે) અયોગીજન ફળની આશામાં લુબ્ધ બનીને કામનાની જાળમાં સપડાય છે. (એટલે કે તેથી દુઃખ પામે છે.)

**નોંધ :** અગાઉ શ્લોક ૧૧ માં શ્રીકૃષ્ણગુરુએ આત્માર્થે પણ કર્મ એટલે કે ક્રિયાની જરૂરિયાત બતાવી. આ વાત ખૂબ વિચારવા જેવી છે. ઘણા સાધકો કર્મ-ક્રિયાથી દૂર રહીને માત્ર આત્મજ્ઞાન થઈ જાય કે મુક્તિ મળી જાય એ ભ્રમ સેવે છે. તેમને શ્રીકૃષ્ણગુરુએ વેળાસરની ચેતવણી આપી છે. ખરેખરી વાત તો એ છે કે દોરડાથી બંધાયેલ થાંભલાને મોકળો કરવા માટે એ દોરડાના આંટા ફેરવવા જ પડે છે. એટલે કે ક્રિયા તો કરવી જ પડે છે, ફેર માત્ર એટલો કે જે બાજુથી થાંભલો બંધાયેલો છે તે બાજુથી ઊલટી બાજુ એ રાંઢવાને લઈ જવું જોઈએ. આ જ રીત આત્માને લાગુ પડે છે. જે આત્મા, કર્મને રાંઢવેથી બંધાયેલો છે, તે જે બાજુથી (રાગને લીધે) બંધાયેલો છે, તેથી ઊલટી બાજુના (વીતરાગતાના) ફેરા ફેરવવાની ક્રિયા કરવી જ પડે છે. એટલે આત્માની મુક્તિને અર્થે પણ ક્રિયાની જરૂર તો છે જ.

અગાઉ ત્રીજા અધ્યાયમાં અન્યને આદર્શ પૂરો પાડવા માટે કર્મયોગની જરૂરિયાત બતાવી હતી, ત્યારે અહીં તો આત્માના વિકાસ અર્થે પણ કર્મયોગ જરૂરનો છે, તે સરસ રીતે સમજાવ્યું. પરંતુ શરત એટલી કે દરેક ક્રિયાથી આત્માને તો નિર્લેપ જ રાખવો. અહીં ખુલાસો એ થયો કે આત્મા નિર્લેપ રહે તો ક્રિયા ન થાય એમ નહિ, પરંતુ ઊલટી સરસ, સુંદર અને સુરેખ થાય. આસક્તિથી તો ઊલટી ક્રિયા બગડે. વળી એ પણ સ્પષ્ટ થયું કે ક્રિયા કરવાનો સ્વભાવ જ મૂળે તો પ્રકૃતિજન્ય તત્ત્વોનો છે, આત્મા તો મૂળે નિષ્ક્રિય જ છે. એટલે સ્થૂળક્રિયાથી માંડીને સૂક્ષ્મક્રિયા લગીનો સંબંધ કાયા, ઇન્દ્રિયો, મન અને છેવટમાં છેવટ બુદ્ધિ લગી હોય છે; જ્યારે આત્મા તો બુદ્ધિથી પણ પર છે

કદાચ અહીં પ્રશ્ન એ થયો હોય કે, જો આત્મા નિષ્ક્રય હોય તો, એને ક્રિયા બંધનકારક કેમ થાય ? ત્યારે સમાધાનમાં શ્રીકૃષ્ણગુરુએ કહ્યું કે, આત્મા આસક્તિને લીધે આપમેળે પોતાને બંધાયેલો માને છે. આ ભ્રમને લીધે જ જન્મ-મરણાદિ સંસાર છે. માટે આસક્તિથી છૂટવું એમાં જ આત્માની અક્રિયસિદ્ધિ છે.

છેવટે શ્રીકૃષ્ણ ગુરુએ એ પણ બતાવી દીધું કે આસક્તિનો સંબંધ પણ મૂળે તો ક્રિયા સાથે નથી, પણ ક્રિયાના ફળની આશા સાથે છે, એટલે ક્રિયાના ફળની લાલસાને છોડી દેવી એનું જ નામ યોગસિદ્ધિ. આથી જ યોગસાધનાની આત્માર્થે પણ અનિવાર્ય જરૂર છે.

આવી યોગસાધનામાં જે જોડાયો તે કર્મ-ક્રિયા કરવા છતાં ફળમાં અલુબ્ધ હોઈને કર્મબંધનથી બંધાતો નથી.

અહીં લગી તો એ વાત આવી કે કર્મ કરવાની દરેક રીતે જરૂર છે, પણ કર્મ ન કરવાથી નુકસાન શું ? એ પ્રશ્ન તો હજુ પણ રહે છે, ત્યારે શ્રીકૃષ્ણગુરુ કહે છે કે, "નિર્લેપભાવે કર્મમાં લાગ્યા રહેવાથી પરિશ્રમવૃત્તિ ખીલે છે, એકાગ્રતા જામે છે, અને મન તથા બુદ્ધિના કુવિકલ્પો કે દુષ્ટ અધ્યવસાયોને વેગ ન મળતાં ઊંડાણની શાન્તિ મળે છે. જ્યારે ફળમાં લુબ્ધ સાધક કાયા, ઈન્દ્રિયો કે પ્રાણથી નિશ્ચેષ્ટ રહે, તો પણ કુવિકલ્પો અને દુષ્ટ અધ્યવસાયો એને છોડતા નથી, ઊલટા વધુ પીડે છે અને તેથી સાધક કદાચ આગળ વધે તોય વધીને પણ છેવટે એના કુવિકલ્પોના જોરને લીધે પડી જાય છે. જૈનસૂત્ર પણ, એમજ ભાખે છે કે, "ઉપશમ શ્રેણીવાળો જીવ વધીવધીને પણ અગિયારમા જીવસ્થાનક સુધી જઈને પણ છેવટે તો પડે જ છે." માટે પ્રત્યેક સાધકે મનનો સંન્યાસ કરવો જોઈએ; કર્મસંન્યાસ જ માત્ર નહિ. સારાંશ કે જ્યાં કર્મસંન્યાસી મોક્ષગતિ ભણી ગતિ કરી રહેલો જણાય, ત્યાં પણ જાણવું જ જોઈએ કે પ્રથમ એણે મનનો સંન્યાસ કર્યો જ હોવો જોઈએ. મનના સંન્યાસ વિના અગર તો મનના સંન્યાસનું લક્ષ્ય રાખ્યા વિના-એકલો કર્મસંન્યાસ નકામો છે. જ્યારે મનનો સંન્યાસ સાધી લીધો હોય તો કર્મસંન્યાસ હોય કે ન હોય તે બંને સરખું છે. મનના સંન્યાસનું લક્ષ્ય હોય તો કર્મસંન્યાસ પણ સાધક છે અને કોઈ પણ સંયોગોમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ વધુ સાધક છે, માટે જ ફરીને દૃઢતાપૂર્વક કહે છે :-

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।<br>
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

**મનથી છાંડી સૌ કર્મો, યતિ-આત્મા સુખે રહે;**
**નવદ્વારપુરે ના કૈં, કરતો કે કરાવતો. ૧૩**

(હે પાર્થ ! આત્માને ઓળખવા માટે બહિરાત્માને વશ કરનાર) આત્મવશી પુરુષ (યતિ-આત્મા) મનથી સઘળાં કર્મોનો સંન્યાસ કરીને નવ દરવાજાવાળા શરીરરૂપી શહેરમાં કશું નહિ જ કરવા છતાં કે કશું નહિ જ કરાવવાં છતાં સુખપૂર્વક રહે છે.

**નોંધ :** આપણે અગાઉ જોઈ ગયા કે આત્માને નિર્લેપ રાખવો એ સહજ વસ્તુ છે, એમ છતાં કર્મથી બંધાયેલા જીવ માટે એ વસ્તુ ભારે કઠણ છે, એ પણ આપણે ભૂલી જવું ન જોઈએ. એટલે શ્રીકૃષ્ણ ગુરુએ આવી દશામાં આ શ્લોકમાં એક માર્ગ આપ્યો કે, "સર્વ કર્મોનો મનથી સંન્યાસ કરવો," કર્મફળની લાલસાથી છૂટવા માટે આ ઉત્તમ માર્ગ છે. સર્વ કર્મોનો મનથી સંન્યાસ કરવાનો સીધો સાદો અર્થ છે કે, "મનને કર્મમાત્રથી વેગળું રાખવું" મન જો કર્મમાત્રથી વેગળું રહે ( જો કે સદ્બુદ્ધિ તો જોડાયેલી રહે જ), તો કુવિકલ્પોનો અંત આવે અને આત્મિકસુખ મળે. આથી જ કહ્યું કે જે મનને આ રીતે વશ રાખે, તે જ યતિ, તે જ સંયમી." આવો પુરુષ નવ દરવાજા (બે કાન, બે નસકોરાં, બે આંખ, મળત્યાગનાં બે સ્થાન અને મોઢું એમ શરીરને મુખ્ય નવ દ્વાર છે માટે એ નવ દરવાજા) વાળા શરીરરૂપી શહેરમાં રહેવા છતાં કશું ન કરતો કે કશું ન કરાવતો સુખમાં રહે છે."

આમ કહેવાનું તાત્પર્ય એ છે કે, જેમ એક ચોકીદાર પોતાના શહેરમાં અધિકારીઓને દાખલ કરે છે, પણ બિનઅધિકારીને દાખલ કરતો નથી, જેમ એક ખરો ન્યાયાધીશ કે તટસ્થ પુરુષ ફરિયાદી અને ગુનેગાર બંને પક્ષમાંથી ન્યાય અને સત્ય તારવી લેવા પ્રયત્ન કરે છે, છતાં તેને બેમાંથી એકે પક્ષ પર રાગદ્વેષ થવા પામતાં નથી, તેમ આવો સાક્ષીઆત્મા, ઈન્દ્રિયો પોતાનું કાર્ય કરે છે છતાં પોતે તેમાં નિર્લેપભાવ જાળવી રાખવાથી તથા મનને વશ કરીને રહેવાથી, પોતે નથી કશું કરતો કે નથી કશું કરાવતો અને જો આમ જ છે તો તેવા પુરુષને રાગદ્વેષ કે સુખદુઃખોના દ્વંદ્વ કેમ નડી શકે ? તે તો આત્માના સાચા આનંદને જ લૂંટી શકે.

આ પરથી એ સહેજે સમજાશે કે, "આત્માનું કરવું કે કરાવવું" તે માત્ર મનના અસંયમને લીધે છે. અહીં "કરવું અને કરાવવું" એમ બે ક્રિયા એટલા માટે લીધી કે કેટલીક ક્રિયામાં આત્મા સીધેસીધો ભળે છે. જ્યાં અસત્-ક્રિયામાં આત્મા સીધો ન ભળતાં પરંપરાએ ભળે છે, ત્યાં શિથિલ-બંધવાળાં કર્મબંધન લાગુ પડે છે. આ

વિષે જૈનસૂત્રોએ ઘણી જ ઝીણવટથી વિચાર્યું છે.

હવે પ્રશ્ન એ થાય છે કે, આ રીતે ઊંડાણથી જોતાં જો આત્માનો મૂળ સ્વભાવ જ અકર્તાપણાનો છે, તો પછી કેટલાક સાધકો ઈશ્વરને જગત્કર્તા માને છે તેનું શું?

હવે શ્રીકૃષ્ણગુરુ એ વિષે કહે છે :

न कतृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

**પ્રભુ કતૃત્વ ના સર્જે, ન કર્મ લોકનાં વળી;**
**તે ન કર્મફળો યોજે, સ્વભાવે સૌ પ્રવર્તતું. ૧૪**

(અહો પાર્થ ! તું ન ભૂલીશ કે જગત્કર્તા કોઈ બીજો ઈશ્વર છે. હા, પરમાત્મપદ જરૂર છે, પરંતુ તે કંઈ સૃષ્ટિકર્તા તરીકે ભાગ ભજવતું નથી. કર્મોનું સર્જન પણ એને હાથ નથી. કર્મોના ફળોનો યોગ કરાવનાર પણ તે નથી, તો પછી આ બધું સૃષ્ટિયંત્ર શાથી ચાલતું હશે એવી તને કદાચ શંકા થશે. તો હું કહું છું તે સાંભળ) પ્રભુ, લોકના કર્તા નથી તેમ લોકનાં કર્મના સર્જનહાર પણ નથી અને વળી કર્મફળના યોજનાર પણ નથી; માત્ર જે કંઈ સૃષ્ટિયંત્ર ચાલે છે, તે બધું સ્વભાવે (એટલે કે પોતપોતાના ધર્મ-નિયમ પ્રમાણે) પ્રવર્તી રહ્યું છે.

**નોંધ :** શ્રીકૃષ્ણગુરુ એકાએક આ વાત અહીં કેમ લાવ્યા એ વિષે પાઠકને કદાચ સંશય થશે. પરંતુ આ વાત વેળાસરની છે. આપણે એ તો અત્યારલગી જોતા જ રહ્યા છીએ કે અર્જુનનો પૂર્વગ્રહ કર્મત્યાગ તરફ હતો, જ્યારે કર્મત્યાગને ઓઠે અર્જુનની કાયરતા અને વૈરાગ્યને ઓઠે અર્જુનનો મોહ શ્રીકૃષ્ણજી જોઈ રહ્યા હતા, એટલે અર્જુનને કર્મયોગને માર્ગે જ તેઓ વાળવા ઈચ્છતા હતા. અર્જુનની જ્યારે એવી શંકા થઈ હશે કે, ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું પણ હાલતું નથી, તો મારી કર્મત્યાગ તરફની રુચિમાં પણ હાલતું નથી, તો મારી કર્મત્યાગ તરફની રુચિમાં પણ શું એની ઈચ્છા નહિ હોય ? આવો ભ્રમ તો ઘણા બુદ્ધિમાન સાધકોમાં વારંવાર થાય છે. એ પોતાની ભૂલ ઈશ્વરને નામે ચડાવે છે અને પોતાની જીતનો પોતે ગર્વ લે છે. એક ઠેકાણે "હા ! ઈશ્વર કેવો અન્યાયી છે ! આટલું બધું સંકટ આપે છે !" એમ કહે છે અને બીજો ઠેકાણે "હું કરું, આ મેં કર્યું" એમ બોલે છે.

આ રીત દેખીતી જ બેહૂદી છે. આથી અહીં શ્રીકૃષ્ણગુરુ ચેતવે છે. અને તે કહે છે, "પ્રભુ સૃષ્ટિકર્તા નથી, પ્રભુ કર્મસર્જક નથી, ને કર્મફળનો યોજક પણ તે નથી." ત્યારે પ્રશ્ન થાય કે તો આ બધું શાથી પ્રવર્તે છે ? ત્યારે એ સમાધાન કરતાં કહે છે, "બધું સ્વભાવે જ પ્રવર્તે છે." જૈનસૂત્રોનો મુખ્ય ધ્વનિ આ જાતનો જ છે. પરંતુ કેટલાંક દર્શનો અને શ્રુતિઓનો ઉચ્ચાર એ છે કે, "પ્રભુ જગત્કર્તા છે." ઉપનિષદમાં, "ઈશાવાસ્યમિદમ્ સર્વમ્"નો અવાજ છે. વળી કોઈ દર્શન પ્રભુને જગતકર્તા નથી માનતું, પણ કર્મફળ યોજક તે જરૂર માને છે. હવે પ્રશ્ન એ થાય છે કે ગીતા એ વૈદિક ધર્મનો પોતાનો ગણાયેલો આધ્યાત્મિક ગ્રંથ છે અને વૈદિકધર્મ તો ઈશ્વરવાદી જ છે. તો પછી આમ કેમ ? જો કે ટીકાકારો જુદીજુદી રીતે અર્થની ખેંચતાણ કરી મેળ સાધવા પ્રયત્ન કરે છે ખરા; પરંતુ જ્યાં ઉઘાડી બીના છે, ત્યાં બીજું શી રીતે કથાય ?

ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે, જો ગીતાને "ઈશ્વર જગતકર્તા છે" એ માન્ય ન હોય તો આગળ જતાં ગીતાના નવમા અધ્યાયમાં “मया ततं इदं सर्वं जगदव्यक्त-मूर्तिना” એટલે કે મેં જ આ સર્વ જગત વિસ્તાર્યું છે. "હું જ પ્રભુ છું, જગતપિતા છું. યોગીનાં યોગક્ષેમ વહન કરનાર છું." આદિ વચનો કહે છે. વળી પંદરમાં અધ્યાયમાં કહે છે, "જીવરૂપે જીવલોકમાં જે વિલસે છે, તે મારો જ અંશ છે." તો શું આ પરસ્પર-વિરુદ્ધ કથન નથી ?

આનો જવાબ શ્રીકૃષ્ણગુરુએ પોતે જ આપી દીધો છે. એ રહસ્ય સમજાય એટલે પરસ્પર-વિરુદ્ધતા કશી જ નહિ લાગે. આને સારુ આપણે આત્માની ત્રણ દશા કલ્પી છે. (૧) પરમાત્મદશા (૨) અંતરાત્મદશા અને (૩) બહિરાત્મદશા. પરમાત્મદશાવાળા પ્રભુઓ કે પ્રભુ સૃષ્ટિકર્તા નથી અને કર્મયોજક પણ નથી, પરંતુ જે જીવ હજુ પરમાત્મપદ પામ્યો નથી, તે પોતાના સંસ્કારરૂપ સંસારનો ઘડવૈયો છે, કર્મનો સર્જક પણ છે, અને કર્મનાં ફળનો સંયોગ કરાવનાર પણ છે. જે જીવ સંસારમાં તદ્દન લેપાઈ ગયો છે, તે બહિરાત્મદશાવાળો છે. માટે એવો જીવ જો પોતાને કર્તા માને, તો અહંકારનો સંભવ છે, પણ અંતરાત્મદશાવાળો પોતાને કર્તા માને, તો અહંકારનો સંભવ નથી. આ રીતે જો શ્રીકૃષ્ણરૂપી વ્યક્તિને આપણે અંતરાત્મદશાવાળો આત્મા (આવી દશામાં હોવા છતાં જેમાં બંધનનો સંભવ નથી એવો) માનીએ તો તેઓ જે હું આવો છું, હું તેવો છું એમ કહે

ત્યાં દોષ નથી. પણ બહિરાત્મદશાવાળા જીવનમાં જો આપણે હોઈએ અને ઉપલી દશાના ચાળા કરવા જઈએ તો દોષ છે. બસ, જો આટલી વાત ગળે ઊતરી જાય, તો આખી ગીતાનો મર્મ લાધી ગયો સમજવો. પરમાત્મદશા એ તો જગતથી નિર્લેપ જ દશા છે, એ કહેવાનું હવે ભાગ્યે જ હોય.

હજુ એક વાત કહેવાની અહીં જરૂરી લાગે છે, તે એ કે જો પ્રત્યેક વસ્તુ પોતપોતાના સ્વભાવે પ્રવર્તે છે, તો પછી એનું નિયામક કોણ ? આ પ્રશ્નનો ઉત્તર બુદ્ધિમાનો તુરત આપી દેશે કે, 'ઝેર પીવાથી મૃત્યુ થાય' એમાં ઝેરનો સ્વભાવ જ કારણરૂપ છે, ત્યાં નિયામકતાની શી જરૂર ? આ ઉત્તરથી સહુને સમાધાન નહિ થાય. એ જવાબમાં સત્ય તો છે જ, પરંતુ હજુ એક બાબત રહી જાય છે. ઝેર પીનાર ઝેર કઈ પ્રેરણાએ પીએ છે ? અમૃત પીનાર અમૃત કઈ પ્રેરણાએ પીએ છે ? એક જ વ્યક્તિને એકદા અમૃત પીવાનું સૂઝે અને તે જ વળી ઝેર પીવા તૈયાર થાય; આમ એક પાત્રમાં દ્વિધાસ્થિતિ થવાનું શું કારણ છે ? એવા તો અનેક પ્રશ્નો છે, અને આ પ્રશ્નોના ઉત્તરોની પણ બન્ને પક્ષ તરફથી હારમાળા ચાલે તેમ છે, પરંતુ છેવટ બન્નેને નિરુત્તર જ થવું પડે છે. વસ્તુ એ છે કે સ્વભાવે બધું થવા છતાં આત્મા વિભાવ વશ થાય છે, ત્યારે વસ્તુઓના સ્વભાવગત ગુણો પણ એને વિષે વિભાવ પરિણામ પામે છે. આને જ લીધે કર્મબંધન અને કર્મફળ ભોગવવાપણું, શરીર સર્જવાપણું આદિ આત્માની સ્વભાવગત ક્રિયા ન હોવા છતાં, તેના સાક્ષીપણા નીચે અને ઈચ્છાપૂર્વક ચાલ્યા કરે છે. એકલી જડપ્રકૃતિ જ્ઞાનમય વ્યાપાર કરી જ શકતી નથી; છતાં એ તો ન જ ભૂલવું જોઈએ કે આત્માની ઉત્કટ દશા જેને વિભુદશા અથવા પ્રભુદશા કહીએ તે તો સદા, સર્વસ્થિતિમાં અને સર્વભાવે નિરાળી જ છે. આથી જ શ્રીકૃષ્ણગુરુ આગળ વધતાં કહે છે :-

**नादत्ते कस्यचित्पापं न चैव सकृतं विभुः ।**
**अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥ १५ ॥**
**નથી લેતા વિભુ પાપ, તેમ જ પુણ્ય કોઈનું;**
**અજ્ઞાને જ્ઞાનને રોકયું, તેથી મોહાય જંતુઓ. ૧૫**

(વળી હે ઊજળા અર્જુન ! હવે તને એ કહેવાની ખાસ જરૂર નથી કે) વિભુ, કોઈનું પાપ લઈ લેતા નથી અને એ જ પ્રકારે કોઈનું સુકૃત પણ લઈ લેતા નથી. (એટલે કે પાપી માણસ પ્રભુની પ્રાર્થના કરે તેથી કંઈ એનું પાપ ધોવાઈ જતું નથી, પાપ તો ત્યારે જ ધોવાય છે કે જ્યારે એવો દેહધારી જાતે રીતસર પાપ

ધોવાનો સવળો પુરુષાર્થ કરે. તો પછી તું કહીશ કે વિભુની પ્રાર્થના નકામી ઠરે છે. હા, તારી વાતમાં હું સંમત છું. ઉપલા અર્થમાં તો વિભુપ્રાર્થનાનો ખાસ અર્થ કશો નથી. પરંતુ ખરા દિલની વિભુપ્રાર્થનાથી હૃદયશુદ્ધિ અને વાતાવરણશુદ્ધિ થાય છે અને એથી એવી પ્રેરણા મળે છે કે જે પ્રેરણાદ્વારા દેહધારી જીવ સવળો પુરુષાર્થ ખેડવા-તત્પર બને છે. આ લાભ કંઈ નાનોસૂનો નથી જ. હવે તને એ પ્રશ્ન થશે કે, "વિભુ કશું જ કરતા નથી; પાપપુણ્ય લેતા નથી; તો પછી પ્રાણીઓ તો સુખના જ અર્થી છે, નબળા કામમાં પ્રવર્તવું એવો તો જીવનો મૂળસ્વભાવ જ નથી; છતાં આમ કેમ થાય છે ? તો એના ઉત્તરમાં હું કહું છું કે, હે પાર્થ ! જો દેહ-ધારી પ્રાણી પોતાના મૂળજ્ઞાનની ભૂમિકા પર હોય ત્યાં લગી તો તેને બંધન કશું જ નથી અને આખા જગતના અધિપતિ જેવું સામર્થ્ય તેનામાં વિલસે છે, પરંતુ) અજ્ઞાનને લીધે અવરાઈ જાય છે. તેથી જ દેહધારી જીવો મૂંઝાય છે - મોહાય છે. (હવે સમજ બરાબર પડી ને ?)

**નોંધ :** શ્રીકૃષ્ણ ગુરુએ ઉપરના બે શ્લોકમાં જે વાત કરી તે જૈન સૂત્રોનો અક્ષરક્ષઃ અનુવાદ છે. આ વાત સહુને બરાબર ગળે ઊતરી જાય એવી જ છે. પ્રભુને કોઈપણ બાબતમાં દોષ દેવો નકામો છે. પરંતુ બુદ્ધિમાનને હજુ પ્રશ્ન થાય છે કે અજ્ઞાન આવ્યું ક્યાંથી ? જૈનસૂત્રોની શૈલી પ્રમાણે આ વાતનો સાફસાફ સ્ફોટ આપણે કરી ગયા છીએ. અજ્ઞાન એ આત્માનો મૂળસ્વભાવ નથી, પરંતુ આત્મા, મોહને લીધે એ મૂળસ્વભાવનું ભાન ભૂલી જાય છે. અર્થાત્ મોહને લીધે અજ્ઞાન છે અને ઉપર શ્રીકૃષ્ણગુરુએ કહ્યું તેમ અજ્ઞાનથી જ્ઞાન રુંધાઈ જાય છે, તેને જ લીધે મોહ ઊપજે છે. આ જોડીને જૈનસૂત્રોમાં કૂકડી અને કૂકડીના ઈંડાની ઉપમા આપી છે. એ જોડીમાં કોનો નંબર પહેલો અને કોનો નંબર પછી, એ કળી શકાય તેમ નથી. ખરી રીતે એક સિક્કાની એ બે બાજુઓ જ છે. મોહ ન હોય તો પાપપુણ્ય કશું જ ન હોઈ શકે, અજ્ઞાન ન હોઈ શકે, કર્મબંધન ન હોઈ શકે. કર્મબંધન ન હોય ત્યાં કર્તાભોક્તાપણું પણ ક્યાંથી હોય ? એટલે સંસારનું મૂળ અજ્ઞાન અગર મોહ જ છે.

સાધકને હવે શંકા ન જ થવી જોઈએ કે શ્રીકૃષ્ણજી અર્જુનને અઢારમા અધ્યાયમાં એમ શા માટે કહે છે કે, "હું તને સર્વે પાપોથી છોડાવીશ, તું શોક ન કર." આમ કહેવાનું પ્રયોજન એ છે કે પોતે દેહધારી છતાં અંતરાત્મદશાવાળા, જાગ્રત યોગીપુરુષ છે, એટલે એવા પુરુષને શરણે જવાથી એવી પ્રેરણા મળે કે જેથી

સત્પુરુષાર્થના માર્ગમાં ઉત્સાહ રહે. બસ, આ સિવાય જેમ વિભુને કશું કરવાનો અધિકાર નથી, તેમ આવી દશાવાળા મહાપુરુષને પણ તે પ્રકારનો કશો અધિકાર નથી જ, પરંતુ વિભુપદ પામેલા આત્માઓ દેહધારી નથી હોતા અને આવા અંતરાત્મપદ પામેલા વિરલ જીવો, દેહધારી હોય છે, તેથી એવા દેહધારી મહાપુરુષોના નિમિત્તથી, જૈનપરિભાષા પ્રમાણે કહીએ તો શુદ્ધ ઉપાદાનવાળા અથવા ભવ્યજીવોને મોક્ષ માર્ગે જવાની અદ્‌ભુત પ્રેરણા સાંપડે છે. આ રીતે અર્જુનના પ્રેરક નિમિત્તપાત્ર અહીં શ્રીકૃષ્ણજી છે. જ્યારે અર્જુન ચારે બાજુથી નિરાશ બને છે, ત્યારે એના હૃદયની દશાને પામી લેનારા શ્રીકૃષ્ણજી પોતે જ જાણે એના આત્મારૂપ હોય, તેમ લાક્ષણિક ભાષામાં આવા શબ્દો બોલે છે.

પાપ અને પુણ્ય બન્ને બંધનકારક છે; એમ "સાંખ્યયોગ" નામના બીજા અધ્યાયમાં આપણે જોઈ વિચારી ગયા છીએ, એટલે પાપ પુણ્યરૂપ લોખંડ-સુવર્ણની બેડીથી અળગા રહ્યા વિના છૂટકો જ નથી, અને તેવું અળગાપણું જ્ઞાન વગર ન આવી શકે. સમત્વ બુદ્ધિને શ્રીકૃષ્ણગુરુ જ્ઞાન કહે છે, તે પણ આપણે અગાઉ જોઈ ગયા, હવે તેઓ શું કહે છે તે જોઈએ :

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥

**તે તો નસાડયું અજ્ઞાન, જેમણે આત્મજ્ઞાનથી;**
**તેમનું એ પરં જ્ઞાન, પ્રકાશે છે રવિસમું. ૧૬**

(કૌંતેય !) આત્મજ્ઞાન દ્વારા જેમણે (ઉપર કહેલું) તે અજ્ઞાન નસાડયું છે તેમનું તે પરંજ્ઞાન સૂર્યસમું પ્રકાશકારક બની રહે છે.

**નોંધ :** અજ્ઞાનને નસાડવાનો ઉપાય એકમાત્ર આત્મજ્ઞાન જ છે. આત્મજ્ઞાન વિનાની બધી વિદ્યાઓ એકડા વગરનાં મીંડાં જેવી છે. અને આત્મજ્ઞાન આવ્યું કે જગત-વિજ્ઞાનની ચાવી આપોઆપ મળી જવાની. શ્રીમાન્ શંકરાચાર્યજી બરાબર જ કહે છે કે, "તપ, જપ, ક્રિયામાત્રનો હેતુ એકમાત્ર આત્મજ્ઞાન છે." જૈનસૂત્ર શ્રી આચારાંગ કહે છે : "જેણે એકને જાણ્યો છે, તેણે સહુને જાણી લીધા." આ વાત ખરેખરી જ છે. જો કે આત્મજ્ઞાન માત્ર બોલવાથી કે ઉપલક વિચારોથી થઈ જતું નથી. એવું આત્મજ્ઞાન થવા પહેલાં આચાર અને વિચાર બન્ને જોઈએ છે. વિવેક, જિજ્ઞાસા અને જાગૃતિનો પણ ખપ પડે છે. પણ બધી ક્રિયાઓની પાછળ ધ્યેય તો આત્મજ્ઞાનનું જ હોવું જોઈએ. આત્મજ્ઞાની પુરુષ, સાંસારિક દૃષ્ટિનાં ચશ્માં

ચડાવનારને ભલે મૂરખ કે ગાંડો લાગે, પણ તેવા પુરુષનું જ્ઞાન તો સૂર્યની જેમ પ્રકાશમય બને છે. એટલે કે પોતે પોતાના તેજે ઝળહળે છે અને બીજાને પણ પ્રકાશદાયક બને છે. એવો પુરુષ જ્યાં જાય ત્યાં તેના આત્માના અજવાળાથી વાતાવરણ પ્રકાશમય બની જાય છે.

શ્રીકૃષ્ણગુરુએ આત્મજ્ઞાનને પરંજ્ઞાન એટલા માટે કહ્યું કે, સર્વ જ્ઞાનમાં શ્રેષ્ઠ જ્ઞાન એ જ છે. એ જ્ઞાન વિના અજ્ઞાન કદી ટળતું નથી.

અહીં સૂર્યની ઉપમા આપવાનાં ઘણાં કારણો છે. સૂર્ય પોતે નિર્લેપ અને દૂર રહેવા છતાં પોતે પ્રકાશે છે અને બીજા પદાર્થોને પ્રકાશમાં લાવી મૂકે છે. સ્થાવર અને જંગમનો તે આત્મા છે. તે જ રીતે આત્મજ્ઞાન જીવને નિર્લેપ બનાવે છે, ને પોતાને અને પરને સહુને પ્રકાશ દેનાર બને છે. અને આવો જ્ઞાની સહુ પ્રાણીને ટેકારૂપ બને છે. સૂર્યનો પ્રકાશ જેમ તીવ્ર તેજવાળો છે, તેમ આત્મજ્ઞાનનો પ્રકાશ પણ તીવ્ર તેજવાળો છે, અને તે અંતરની ઊંડી ગુફામાં રહેલા પરમાત્મતત્ત્વનાં દર્શન કરાવે છે.

**तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।**
**गच्छंत्यपुनरावृतिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥**
**તેમાં આત્મા (હૈયું) મતિ નિષ્ઠા, તત્પરતાય જેમનાં;**
**ધોવાયાં જ્ઞાનથી પાપો, તે ફરી જન્મતા નથી. ૧૭**

(હે પરંતપ ! આમ ખરું આત્મજ્ઞાન થયા પછી) હૃદય એ (જ્ઞાન)માં જોડાઈને એ મય થઈ જાય છે, બુદ્ધિ પણ તન્મય થાય છે. હૃદયના ઊંડાણમાંથી ઉપજેલી નિષ્ઠા પણ તન્મય થઈ જાય છે અને તેવા પુરુષ તે (જ્ઞાન)માં જ તત્પર બને છે. (આવી દશા થવાથી અંતે) જ્ઞાનથી પાપમાત્ર ધોવાઈ જાય છે, અને તેવા પુરુષો અપુનરાવૃત્તિરૂપ મોક્ષને પામે છે, ત્યાંથી ફરીને તેવા કોઈ પણ પુરુષને આ દુનિયામાં આવવાપણું રહેતું નથી.

**નોંધ :** ઉપરના શ્લોકમાં હૃદયને સૂચવવા માટે 'આત્મા' શબ્દ મૂકયો છે. આત્મજ્ઞાન થયા પછી હૃદય જ્ઞાનમય થવાથી શ્રદ્ધા દઢતમ બને છે. વહેમ, લાલચ, પામરતા અને ભય દૂર થાય છે. બુદ્ધિ જ્ઞાનમય થવાથી વિવેક, જિજ્ઞાસા અને જાગૃતિ પરિપક્વ થાય છે. આચારવિચારો પવિત્ર થઈને, કુતર્કો, વિકલ્પો વગેરેની પજવણી બંધ થાય છે. આથી તત્પરના અને એકાગ્રતા જામે છે અને આમ થવાથી નવાં કર્મબંધન અટકે છે અને જૂનાં કર્મો ધોવાઈ જાય છે. એટલે

આપોઆપ જન્મમરણરૂપ સંસારની ચાંપ બંધ થાય છે અને અપુનર્જન્મદશા પામી જવાય છે.

જૈનસૂત્રોનું જ્ઞાન એટલે જ્ઞાનમાં હૃદયનું ગૂંથાવું. જૈનસૂત્રોનું દર્શન એટલે જ્ઞાનમાં બુદ્ધિનું (બુદ્ધિ આત્માનો તદ્દન નજીકનો પર્યાય છે, એ આપણે અગાઉ કહી જ ચૂકયા છીએ તેનું) જોડાણ, નિષ્ઠા અને તત્પરતા એ, જૈનસૂત્રોની પરિભાષાનો સમન્વય કરીએ તો, ચારિત્ર અને તપ છે. આ ચોકડીના પ્રતાપે અપુર્નજન્મદશા પમાય છે, એવો અનંત જ્ઞાનીઓનો ઉચ્ચાર છે. માત્ર ઉપરની કહેણી કે કરણીમાં સ્થૂળભેદ ભલે આપણને લાગે, પણ ખરેખરી બીના તો ઉપરની જ છે. આથી એમ પણ સિદ્ધ થયું કે આત્મજ્ઞાન ખરું ત્યારે જ થયું ગણાય કે સત્યની જ તાલાવેલી લાગે અને સત્ય વગરની સર્વે ક્રિયાઓ પરત્વે અત્યંત ઉદાસીનતા જાગે ને જ્ઞાનની મસ્તીમાં આત્માની સાવ નજીકમાં રહેલી બુદ્ધિ ઓગળી જાય, હૃદય ઓગળી જાય, નિષ્ઠા થાય અને તત્પરતા જામે એટલે કે એ આત્માનંદમાં જ મહાલે અને એ દશાનો અંત પણ મોક્ષરૂપે જ સફળતાભર્યો આવે.

હવે શ્રીકૃષ્ણગુરુ એવા આત્મજ્ઞાની પુરુષની દૃષ્ટિ કેવી હોય અને એને પરિણામે જગત પરત્વે તેઓ કેમ વર્તી રહ્યા હોય તેનું આબેહૂબ બ્યાન આપે છે :

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ १८ ॥

**વિદ્યા વિનય પામેલા, વિપ્રમાં બ્રહ્મ જે રૂપે;**
**તે જ રૂપે જુએ જ્ઞાની, હાથી, ગૌ, શ્વાન શૂદ્રમાં. ૧૮**

(વળી હે કૌંતેય ! અગાઉ કહ્યું તેમ ભવિષ્યમાં તે જ્ઞાનીઓ મોક્ષગતિ પામે છે એટલું જ નહિ, બલકે તેઓનું વર્તમાન જીવન પણ જગતના સર્વ સામાન્ય લોકો કરતાં નોખી જ ભાત પાડનારું હોય છે. દા.ત. સામાન્ય લોકો બહારની વસ્તુઓ પરત્વે મહત્ત્વ આંકતાં એવા ટેવાઈ જાય છે કે પછી તેમને અંતરંગદશા તરફ નજર કરવાની દૃષ્ટિ જ પ્રગટતી નથી. તેથી તેઓ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ વર્ણો વ્યવસ્થા અર્થે જુદા પાડેલા છે, તે વાતને ભૂલી જાય છે, અને બ્રાહ્મણને સૌથી ઊંચા માની લે છે. પછી ભલે તેઓની અંતરંગદશા બ્રહ્મલક્ષી ન પણ હોય ! અને શૂદ્રને હલકા માની લે છે, પછી ભલે તેઓની અંતરંગદશા બ્રહ્મલક્ષી હોય ! આથી તેઓ અભેદદૃષ્ટિને બદલે ભેદ દૃષ્ટિનાં ચશ્માં ચડાવી લઈ અને સંસારના રાગદ્વેષાદિ પ્રપંચોમાં ફસાઈ પોતાનું અને જગતનું અહિત કરવાના નિમિત્તરૂપ

બની જાય છે. જ્યારે જ્ઞાનીજનો તો અંતરંગદશાને જ મુખ્યરૂપે માનતા હોઈને તે ભણી જોતાં એને સહુનો આત્મા એક રૂપ જ ભાસે છે. વિશુદ્ધપ્રેમીના પ્રેમની પોતાને જે અસર થાય છે, તેવી જ અસરો જગત પર થતી જોઈને તેઓ રહસ્ય સમજી જાય છે કે, "અહો ! આખું જગત ખરી રીતે તો આપણું જ એક અંગ છે, પછી ભેદ રહ્યો કયાં ?" આમ ઊંડે ગયા પછી આપોઆપ તેઓ સમદર્શી પુરુષ બની જાય છે. અંતરંગદશાના નિરીક્ષણમાં આ રીતે દેહધારી માત્રમાં એકતા ભાસી ગઈ એટલે ઉપરના વ્યવસ્થા નિમિત્તે પડેલા વર્ણભેદો કે કર્મજન્ય ફળોને લીધે મળેલી જુદીજુદી યોનિઓ એ તો એમને કળાના નમૂનાઓરૂપ લાગવા માંડે છે, એટલે તેઓ અંતરંગદષ્ટિએ સહુને એકરૂપ દેખતા હોય છે અને સ્થૂળદષ્ટિએ જોઈએ તો એવા પુરુષોનો પ્રેમ પ્રવાહ શૂદ્ર જેવા લોકો અને શ્વાન જેવાં પશુઓ ઉપર વધુ ઢોળાય છે. ઉપર કહેવાયું તેમ સર્વ સામાન્ય રીતે જગતના લોકો કરતાં આ રીત ઊલટી છે, એટલે જ્ઞાની જનોને જગતના લોકો ગાંડા કે મૂર્ખ ગણીને પ્રથમ તો હસે છે; પણ એવા લોકોના હાંસીપાત્ર બનવા છતાં જ્ઞાનીજનો તો પોતાના નિર્ણયોમાં દઢ જ રહે છે, કારણ કે એમના નિર્ણયો અંતઃકરણથી પ્રેરિત હોય છે. આવી સ્થિતિને લીધે છેવટે જગત એમને માનતું પૂજતું થઈ પોતાનો પંથ ઉન્નત બનાવે છે. માટે જ તને હું કહું છું.) પંડિતો, વિદ્યા અને વિનય પામેલા બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, શ્વાનમાં અને શૂદ્રમાં સમદર્શી રહે છે.

**નોંધ :** ઉપર જ આ શ્લોકની વિગત આવી ગઈ છે. નોંધમાં તો એટલું જ ઉમેરવાનું રહે છે કે વિદ્યા અને વિનય એ બે બ્રાહ્મણનાં આભૂષણો ગણાય. વિદ્યા, અહીં તેજસ્વી બુદ્ધિના ઉત્તમ ફાલના અર્થમાં લઈએ અને વિનય નમ્રતા અથવા વિશિષ્ટ પ્રકારની નીતિના અર્થમાં લઈએ તો એનો અર્થ એ થયો કે વિદ્યા અને વિનયનો મેળ એ કંઈ સામાન્ય વાત નથી. આવી સામગ્રી ગીતાકાળમાં સર્વોપરી મનાતી કારણ કે હિંદ ત્યારે સંસ્કારલક્ષી હતું. આજે પ્રાયઃ ધનલક્ષી છે. તો પછી ત્યારે, માત્ર વર્ણથી જ નહિ, પરંતુ સંસ્કારે પણ ઉચ્ચ હોય એવા બ્રાહ્મણનું સન્માન કેમ ન હોય ? હોવું જ જોઈએ. પરંતુ જ્ઞાની જનની દષ્ટિમાં તો એવા બ્રાહ્મણનો આત્મા જ મુખ્ય વસ્તુ હતી. એટલે તેઓ એવા બ્રહ્મણના વિકાસમાં એના પોતાના સદ્ગુણોનું પૂજન બાધક ન થાય, એટલે કે અભિમાનપોષક કે પતનકારક ન થાય એ જ લક્ષ્યે વર્તતા હતા. અને

જ્યાં શૂદ્રમાં અસંસ્કારિતા જોતા ત્યાં એને દૂર કાઢવાની પ્રેરણા આપવા માટે તત્પર રહેતા. કારણ એ હતું કે બ્રાહ્મણમાં જેવો આત્મા છે, તેવો જ આત્મા શૂદ્રમાં છે, એમ તેઓ જોઈ રહ્યા હતા. માત્ર એમને ફેર એટલો જ લાગતો કે બ્રાહ્મણને પોતાનો આત્મા સંસ્કારી બનાવવામાં પોતાનો પુરુષાર્થ અને બહારની મદદ ઉપયોગી થઈ છે, પણ શૂદ્રને એવા સંયોગો ભાગ્યે જ મળ્યા છે અને મળ્યા છે તો પણ તિરસ્કાર ભરી રીતે. એટલે તેઓ પોતાના સ્વમાનની લાગણીને ઓગાળીને એમનો લાભ લેવા ઉત્સાહી થઈ શક્યા નથી. આમ જોઈને તેઓ શૂદ્ર પ્રત્યે વધુ પ્રેરણાત્મક ભાવે અત્યંત પ્રેમાળ દષ્ટિ રાખી શકતા, આ જ રીતે ગાય એ જગતનું મહાન ઉપયોગી જાનવર છે. કૂતરું એટલી હદે નથી, તો પણ ઉપયોગી બની શકે તેમ તો છે જ. માત્ર એને વિકસવાની તક મળવી જોઈએ. એટલે તેમનું દષ્ટિબિંદુ આવું ઉદાર અને ગૌરવપૂર્ણ હતું.

આ આખા શ્લોકનો સાર એ કે મોક્ષાર્થી પુરુષો બહુ બુદ્ધિમાન તો છે જ, પણ તેઓની બુદ્ધિનો અને નમ્રતાનો ઉપયોગ તેઓ આવી દૃષ્ટિ રાખીને જગતના ઉદ્ધાર અર્થે કરે છે. બુદ્ધિ કે જે પુણ્યનું જ પરિણામ છે, પુણ્યરૂપ પણ એ ગણી શકાય તેમ છે તેનો ઉપયોગ સ્વપર હિત અર્થે કરે છે. સ્વપર હિતનો ખરો માર્ગ આવી સમદષ્ટિથી શરૂ થાય છે. જૈનસૂત્રોની પરિભાષામાં આ દશાને જ સમકિત કહેવામાં આવે છે. ગીતામાં જોઈ ગયા તે પ્રમાણે આ યોગનું એક પાસું છે અને તેનું મહત્ત્વ કાંઈ ઓછું નથી.

જેઓ એમ માને છે કે "સમકિત અથવા આત્મજ્ઞાન" થયા પછી ક્રિયાકર્મ કરવાં પડતાં નથી, તેઓ ઉપરની બીનાથી સહેજે સમજશે કે સમકિતી અગર આત્મજ્ઞાનીને તો વધુ ઉત્સાહથી ક્રિયાકર્મ કરવાનાં હોય છે. એ જ રીતે સમકિત અથવા આત્મજ્ઞાન થયા પહેલાં પણ ઉપર કહેલી દૃષ્ટિ કેળવવા માટે શુભક્રિયાઓ કરવાની હોય છે જ.

અહીં પણ અર્જુને પ્રશ્ન કર્યો કે "ક્રિયા હોય ત્યાં નિષ્ક્રિય બ્રહ્મ કેમ મળે? અથવા ક્રિયા હોય ત્યાં સંસાર કેમ ટળે?" એના ઉત્તરમાં શ્રીકૃષ્ણગુરુ કહે છે :

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥ १९ ॥

**જગ જીત્યું અહીં તેણે, સામ્યે જેનું ઠર્યું મન;**
**નિર્દોષ જ સમબ્રહ્મ, માટે તે બ્રહ્મમાં ઠર્યો. ૧૯**

(પ્યારા અર્જુન ! બ્રહ્મનું મુખ્ય લક્ષણ નિષ્ક્રિય તો નથી. સ્થૂળ દૃષ્ટિએ ભલે એ નિષ્ક્રિય હોય, પણ પોતાના સ્વભાવમાં તો એ સક્રિય જ છે; વળી સ્થૂળક્રિયાને લીધે પણ તું સંસાર માનતો હો, તો ભૂલ ખાય છે. સ્થૂળક્રિયા તો શરીરના છેલ્લા ત્યાગ લગી રહેવાની અને સ્થૂળક્રિયા હોય, ત્યાં સંસાર" એમ જો માની બેસીએ તો પછી કોઈનો મોક્ષ સંભવે જ નહિ. કારણ કે શરીર, મન, બુદ્ધિ છે, ત્યાં સ્થૂળ ક્રિયા હોવાનાં જ. મનની ક્રિયા અને બુદ્ધિની સૂક્ષ્મક્રિયા પણ આત્મસ્વભાવની સૂક્ષ્મક્રિયા આગળ તો સ્થૂળ જ છે, એ વાત હું તને એકવાર ત્રીજા અધ્યાયને અંતે બેંતાલીસમા શ્લોકમાં કહી ગયો છું માટે જ્યાં લગી દેહાદિનો સંબંધ છે, ત્યાં લગી સમદૃષ્ટિપૂર્વક કાર્ય કરવાં અને સ્વભાવ લીનતાનો દોર ચૂકવો નહિ, એમાં જ જ્ઞાનની સફળતા છે. જ્ઞાની પુરુષનો ચમત્કાર જ એ છે કે તેઓ હરપળે આવી પડેલી પરિસ્થિતિમાં નિર્લેપતા જાળવી શકે છે અને ભવિષ્યમાં એવી પરિસ્થિતિ ન આવે તેટલા સાવધાન રહે છે. આથી આખરે તેનો સંસાર ક્ષીણ થાય છે અને બ્રહ્મજ્યોત ક્રમેક્રમે વધીને આખરે પૂર્ણ આત્મજ્ઞાન થઈ છેવટે સ્વરૂપ મોક્ષ થાય છે. માટે જ હું કહું છું તે યાદ રાખ કે) જેમનું સમતામાં મન સ્થિર થયું છે તેવા પુરુષો સંસાર જીતી ગયા જ સમજવા. કારણ કે નિર્દોષ સમતા એ જ બ્રહ્મનું લક્ષણ છે (એમ જોતાં એક રીતે તો) તેવા પુરુષો બ્રહ્મમાં સ્થિર થયા જ ગણાય.

**નોંધ :** શ્રીકૃષ્ણગુરુએ આ વાતને "સમત્વં યોગ ઉચ્યતે" એક બીજા અધ્યાયના અડતાલીસમા શ્લોકમાં બીજા પ્રકારે કહી હતી. અહીં ક્રમે ક્રમે આપણા ઉપર જાદૂઈ અસર કરે તેવા આકારે એમણે મૂકી છે.

સમતા સત્યનું પ્રબળ અંગ છે. આપણે સત્યાગ્રહી હોઈશું તો સમતાની ઉપાસના વગર આપણું ચાલશે જ નહિ. કદાગ્રહની ખરી ખૂબી જ એ છે કે એમાં સમતાનો છેદ ઊડવા માંડે છે. જિદ્દી મનુષ્ય પ્રતિકૂળતા જોઈને પળેપળે ઉશ્કેરાશે, જ્યારે સત્યાગ્રહી જેમ જેમ પ્રતિકૂળતા આવતી જશે, તેમ તેમ વધુ સમતાવાન બનતો જશે. જૈનસૂત્રોમાં ભગવતીસૂત્ર કિંમતી ગ્રંથ છે. તેમાં એમ બતાવવામાં આવ્યું છે કે "સમતાવાળું સામાયિક એ આત્મા જ છે" આ વાત અક્ષરશઃ ખરી છે. શ્રીકૃષ્ણગુરુ આત્માને ઠેકાણે અહીં બ્રહ્મ શબ્દ વાપરે છે. આત્માની પરિપૂર્ણ સ્થિતિ એ જ બ્રહ્મ. માટે જ શ્રીકૃષ્ણગુરુએ 'નિર્દોષ' એ વિશેષણ સમતામાં ઉમેર્યું છે, કારણ કે ઘણી વખત માણસ દંભથી પણ સમતા જાળવી શકે છે. વળી (૨) ઘણી વખત એવું પણ બને છે કે જેઓ લાગણીના બૂઠા હોય છે, તેમને બીજાનાં-

સુખદુઃખ, લાભહાનિ કે જયપરાજયથી કશી અસર ન થતાં તેઓ સમતાવાળા હોય તેમ લાગે છે, પણ ઉપરના બન્ને વર્ગમાં ઊંડાણથી જોઈશું તો નિર્દોષતા નથી હોતી. દંભી માણસ દોષિત હોય છે કે બને છે, તેમાં સંદેહ નથી જ. પરંતુ ઉપર બતાવેલા બીજા વર્ગનાં પ્રાણીઓ પોતાના કે પોતાના નિકટના સ્વજનોનાં સુખદુઃખ લાભહાનિ કે જયપરાજયથી રાગદ્વેષને આધીન તો પળેપળે થઈ જાય છે. સારાંશ કે એમની સમતા ટકતી નથી, કારણ કે શ્રીકૃષ્ણગુરુએ કહ્યું તેમ એવા વર્ગની સમતા નિર્દોષ નથી હોતી. હવે એ કહેવાનું ભાગ્યેજ હોય કે નિર્દોષ સમતામાં જેમનું મન (અહીં મન એટલા માટે લીધું કે બુદ્ધિના કુતર્ક કરતાં મનના વિકલ્પો જ વિષમ છે, માટે એ) ઠામ ઠરીને બેઠું, તેઓ આત્માની ઉત્કટ દશામાં ઠામ ઠરીને બેઠા જ જાણવા. જૈનસૂત્રોમાં પણ એમ જ કહ્યું છે કે આવા ક્ષાયિક સમકિતી જીવો, મોક્ષ પામી જ ગયા સમજવા. તેઓ સંસારમાં હોય તોય મોક્ષનાં મોતી છે, કારણ કે જગતના તેઓ ગુલામ નથી હોતા; જગતના સ્વામી હોય છે. તેઓ સંસાર જીત્યા જ ગણાય અને એમનો મોક્ષ ભલે સ્થૂળચક્ષુએ કે કાળ ગણતરીને હિસાબે દૂર હોય, પરંતુ વસ્તુતઃ નજીક છે. માત્ર પ્રારબ્ધકર્મ ક્ષીણ કરવા અર્થે પુરુષાર્થ ફોરવવા તેઓ દેહધારી રહ્યા હોય છે.

બ્રહ્મમાં ઠરવું અને સમતામાં રહેવું, એ બન્ને એક જ ચીજ છે, એ વાત તો કહેવાઈ ગઈ. હવે અર્જુનને ઉદ્દેશીને શ્રીકૃષ્ણજી, એ સમજાવે છે, કે તેવા પુરુષની સમતા સંસારમાં કેમ ટકે છે ?

**न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।**
**स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥ २० ॥**

**પ્રિય અપ્રિયના યોગે, હર્ષ ઉદ્વેગ ના ધરે;**
**ઠરેલ બ્રહ્મમાં જ્ઞાની, અમુગ્ધ, બુદ્ધિનો સ્થિર. ૨૦**

(પ્રિય કૌંતેય ! સમતાના પ્રભાવે જ બુદ્ધિની સ્થિરતા થાય છે એ તો હું તને કહી જ ગયો છું. આને પરિણામે તેવો સાધક મોહમાં ખૂંચતો નથી અને બ્રહ્મમાં ઠરતો જ જાય છે એટલે તેને ખરો બ્રહ્મજ્ઞાતા ગણી શકાય.

હવે તને પ્રશ્ન થશે કે જો આટલું બધું છે તો પછી પુરુષાર્થનો હેતુ શો ? પુરુષાર્થનો હેતુ એ કે પ્રિયના યોગમાં હરખ ન કરવો, અને અપ્રિયના યોગમાં ઉદ્વેગ ન ધરવો. આથી જ સંસારની ઝંઝટમાં રહેવા છતાં સમતા જળવાય છે. ફરીથી કહું છું, હે ઊજળા અર્જુન !) બ્રહ્મમાં ઠરેલ, બ્રહ્મજ્ઞાની, અમૂઢ અને સ્થિર

બુદ્ધિવાળો, પ્રિય પામીને હરખાતો નથી તેમ અપ્રિય પામીને અકળાતો નથી.

**નોંધ :** આનો અર્થ એ કે દેહધારી માત્રને પ્રિયાપ્રિયના યોગો તો ડગલેપગલે ઊભા થવાના. પ્રિયાપ્રિય વિશેષણ દેહદષ્ટિએ છે. આત્માને તો પ્રિય શું અને અપ્રિય શું ? પણ દેહધારી આત્માને તો પ્રિય-અપ્રિય દેહદષ્ટિએ સંભવવાનું, એટલે ઉપયોગ રાખી પ્રિયયોગે ન છકી જવું, તેમ અપ્રિયયોગે ન આકળા, ઉતાવળા થવું. આવી સ્થિતિ અખતરાઓ કર્યા વિના પામી શકાતી નથી. માટે જ અભ્યાસ અને વૈરાગ્યની શ્રીકૃષ્ણગુરુએ આગળ જતાં જરૂરિયાત બતાવી છે.

**बाह्यस्पर्शेष्वसकात्मा विंदत्यात्मनि यत्सुखम् ।**
**स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षच्यमश्नुते ॥ २१ ॥**
**બાહ્ય અર્થે અનાસકત, માણે જે સુખ આત્મમાં;**
**તે નિત્ય સુખને માણે, બ્રહ્મયોગથી યુકત એ. ૨૧**

(પરંતપ ! કેટલાક લોકો એમ માને છે કે ભોગોને ભોગવ્યા વિના તૃપ્તિ નથી થતી અને ત્યાં લગી ભોગ ત્યાગના માર્ગમાં પ્રત્યાઘાતો સંભવે છે. આ કથન જે રીતે તેઓ કહે છે, તે રીતે બરાબર નથી. એ વાકયને ફેરવીને આ રીતે મુકાય તો તેમાં હરકત નથી; "તિરસ્કાર વૃત્તિને જ મોખરે રાખી જેઓ ભોગત્યાગ કરે છે, તે ત્યાગમાં જ્ઞાનમય વૈરાગ્ય હોવાનો બહુ ઓછો સંભવ હોઈને એ ત્યાગ પતનદાયક બને છે. પણ જેઓ સમજપૂર્વક ત્યાગદષ્ટિથી અનિવાર્ય ખાનપાનાદિ ક્રિયા કરે છે, તે ઝટ તરી જાય છે."

આ દષ્ટિએ જોતાં આવા ત્યાગદષ્ટિવાળા સંયમીને આખરે પણ અનાસકત દશા થઈ જાય છે, પરંતુ હું જે અહીં કહેવા માગું છું, તે સ્થિતિનો દરજ્જો મહત્ત્વનો છે. પાર્થ !) ત્યાગમાર્ગે ખૂબખૂબ આગળ વધેલો પુરુષ વિષયોમાં અનાસકત થઈને આત્મામાં ઊંડો ઊતરીને જે સુખ માણી રહ્યો છે, (તે સુખ નિત્ય રહેનારું અને કિંમતી હોય છે, પણ) એવા જ નિત્ય સુખને ઉપર કહેલા (નિર્દોષ સમત્વરૂપી) બ્રહ્મ સાથે જોડાયેલો યોગી પણ જાણી શકે છે.

**નોંધઃ** ત્યાગના માર્ગે જઈને ખરા આત્માર્થી પુરુષો અંતર્મુખ થઈને આત્મસુખ મેળવે છે. એમ કહીને શ્રીકૃષ્ણગુરુ એમ બતાવવા માગે છે કે જેઓ સ્થૂળ ભોગોને જ સુખદાયક માની લે છે એ મહાભ્રમ છે. સ્થૂળ ભોગો જ સુખનાં કારણ હોય તો ઘણા રોગીને મિષ્ટાન્ન જોતાં જ અભાવ કેમ થાય ? ખરી વાત તો એ છે કે સ્થૂળભોગો સુખનાં નિમિત્ત બને છે, તેમાં આત્માનો પડછાયો હોય છે.

એ પડછાયાની પાછળ રહેલા આત્મસુખને પડતું મેલીને જેમ જેમ સ્થૂળ વિષયો પાછળ સુખને માટે ઝાવાં મરાય છે, તેમે તેમ ખરું સુખ તો સો કોશ છેટે ચાલ્યું જાય છે.

વળી બીજી વાત શ્રીકૃષ્ણગુરુ એ કહેવા માગે છે કે "સમતા રાખી સંસારમાં રહીને કામ કરનાર પણ બ્રહ્મજ્ઞાની, સ્થિરબુદ્ધિવાળો અમૂઢ વગેરે વિશેષણોને લાયક હોય છે, એટલું જ નહિ બલકે એવા કર્મયોગીનો સંસાર પણ સમતાને લીધે હર્ષશોક વગરનો પ્રસન્નતા પેદા કરનારો થઈ પડે છે, અને વળી તે પણ અંતર્મુખ થયેલા આત્માર્થી પુરુષો જેટલું જ આત્મસુખ માણી શકે છે.

શ્રીકૃષ્ણગુરુએ આત્મસુખને નિત્ય કહ્યું, તે પણ બરાબર છે, કારણ કે આત્મા નિત્ય છે, જ્યારે વિષયો અને વિષયોનો સંયોગ એ તો ક્ષણજીવી છે. એટલે અંતર્મુખવૃત્તિ થયા વિના ત્યાગ કે તપ ભલે આકરામાં આકરાં કરે, તોય કશું વળતું નથી અને અંતર્મુખ વૃત્તિ કાયમી થયા પછી એવા પુરુષને માટે વિધિ નિષેધ હોતાં જ નથી. કારણ કે એ જે કંઈ કરે છે, તે સહજ કરે છે. આ દષ્ટિએ જ ગોસ્વામીજીએ કહ્યું છે : "સમર્થકો દોષ નહિ ગૂંસાઈ"

હવે શ્રીકૃષ્ણગુરુ અર્જુનને સમજાવે છે, કે જ્ઞાનીની દષ્ટિએ વિષયો કેવા છે ? એમાંથી આપણને વૈરાગ્યની મૌલિક દષ્ટિ સાંપડે છે.

**ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।**
**आद्यंतवंतः कौंतेय न तेषु रमते बुधः ॥ २२ ॥**
**વિષયજન્ય ભોગો જે, તે જ છે મૂળ દુઃખનાં;**
**આદિ ને અંતવાળા તે, તેમાં જ્ઞાની ન રાચતા. ૨૨**

કૌંતેય ! (બહારના બધા ભોગો એટલે કે) વિષયથી ઊપજતા ભોગો એ દુઃખનાં જ મૂળ છે. (કારણ કે અનાદિ અનંત નથી કે જેથી સુખ આપી શકે ઊલટા) તે આદિ અને અંત સહિત હોઈને (પ્રથમ ભ્રમજનક સુખ ક્ષણભર આપી અંતે તો મહાદુઃખદાયક જ બને છે. આવી ઊંડી વિચારસરણીને લીધે) જ્ઞાની પુરુષ એમાં રાચતા નથી.

**નોંધ :** ઊંડા અને વ્યાપક વિચારની ખામીને લીધે જ બાહ્ય પદાર્થો પર કે અન્ય વ્યકિતઓમાં રાગ થઈ જાય છે. વૈરાગ્ય માટે તલસ્પર્શી વિચાર જેવું એકે મહાસાધન નથી. જ્ઞાની જનો હમેશાં એટલું બરાબર જાણે છે કે "જે ક્ષણિક સુખ આપે છે, તે અંતે દુઃખની ખાઈમાં જ ધકેલે છે." આટલું હાડથી જાણ્યા પછી કયો

મનુષ્ય જાણીબૂઝીને ખાડમાં પડશે?

વચ્ચે અર્જુન પૂછે છે કે ઘણા લોકો કહે છે કે "આ ભવે નહિ થાય તો પરભવમાં કરીશું? જન્મોના કયાં દુકાળ છે?" એના જવાબમાં ગીતાકાર કહે છે :

**शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।**
**कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ २३ ॥**

**શરીર છોડતાં પે'લાં, અહીં જ જે સહી શકે;**
**કામ ને ક્રોધના વેગ, તે યોગી નર તે સુખ. ૨૩**

(ધનંજય ! "આ ભવે સુખ માણી લઈએ, પરલોક કોણે જોયો છે" એમ માની જે ઉદ્ધતાઈથી વર્તે છે, તે તો બન્ને ભવો બગાડે છે અને મહાદુ:ખી બને છે, કામ અને ક્રોધના વેગો મહા જબ્બર હોવાથી જ, અને તેમને રોકવા માટે તેઓ શકિતવંત ન હોવાથી જ આવું ઉચ્છૃંખલ રીતે વર્તે છે, પરંતુ ખરી વાત તો એ છે અને પુરુષાર્થમાત્રનો હેતુ પણ એ જ છે કે કામ અને ક્રોધના વેગને વશ ન થવું, પણ એ બન્ને વૈરીને વશ કરવા માટે જ હું તને ભારપૂર્વક કહું છું કે, (આ માનવદેહની પ્રત્યેક ક્ષણ મહામૂલી છે, માટે આવા કિંમતી) શરીરને તજતાં પહેલાં (એટલે કે મૃત્યુ આવે તે પહેલાં) અહીં જ જે કામ અને ક્રોધથી જન્મતા આવેગને સહી લે છે, (એટલે કે એ મહાવેગથી ચલિત થતા નથી, પોતાનું સ્થાન ગુમાવતા નથી) તે પુરુષ જ ખરેખરા યોગયુકત છે અથવા તે જ ખરેખરા સુખી છે.

**નોંધ :** કામ અને ક્રોધ રજોગુણથી ઊપજે છે એટલે કે રાગબંધનના મહાકારણ છે. કામ અને ક્રોધથી બુદ્ધિ, મન, ઈન્દ્રિયો અને કાયા પર કેવી કારમી અસર થાય છે, તે આપણે સૌ સારી પેઠે અનુભવીએ છીએ.

શ્રીકૃષ્ણગુરુ કહે છે, "કામને અને ક્રોધને આપણે આખરે તો છેક નાબૂદ કરવાના છે, પણ પૂર્ણપણે નાબૂદ થાય તે પહેલાં એની અસર થવા માંડે એટલે એકદમ જુસ્સો આવશે. આ જુસ્સાને અધીન થયા કે ખેલ ખલાસ. માટે એને આધીન આપણે ન થઈએ. એવો અભ્યાસ અને જાગૃતિ પળેપળે જરૂરનાં છે.

આ માનવદેહ છોડતાં પહેલાં જ જો એટલું કરી શકાય, તો પછી આખરે બેડો પાર જ થવાનો. કદાચ આટલું બધું તત્કાળ ન કરી શકાય તો પણ જેટલું બને તેટલું તત્કાળ કરવું. "હાથે તે સાથે, શરીરનો શો ભરોસો છે ?" આ લોકોકિતમાં ભારોભાર સત્ય છે. આ રીતે વર્તનાર પુરુષાર્થી ગમે તે સ્થળે હોય તો પણ તે યોગી

છે અને વળી તે સુખી પણ છે જ. એ તો ચોખ્ખી રીતે સમજાય તેમ છે."

આ પરથી હવે એ કહેવાનું ભાગ્યેજ હોય કે યોગનો આદર્શ કોઈ સિદ્ધિનો નથી, યોગનો આદર્શ તો ક્રોધાદિ શત્રુઓને વશ કરી પ્રસન્ન, સુખી, શાંતિ અને કાર્યકુશળ રીતે જિંદગી ગુજારીને છેવટે મોક્ષપદ મેળવવાનો છે. આ માર્ગે આત્માનું હિત જલદી થાય છે, તેમ વિશ્વકલ્યાણ પણ આ નિમિત્તે જરૂર બને છે.

योंऽतसुखोंऽतरारामस्तथांतर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥

**આંતરિક સુખ, જ્યોતિ, તથા શાન્તિ જ જેહને;**
**તે યોગી બ્રહ્મ નિર્વાણ, મેળવે બ્રહ્મરૂપ થૈ. ૨૪**

(અને પરંતપ ! તારે એમ કદી ન માનવું કે બાહ્યપ્રવૃતિવાળાને બ્રહ્મનિર્વાણ થતું નથી. બાહ્યપ્રવૃત્તિ ભલેને કશી ન કરતો હોય અને શરીર ઠીક દેખાતું હોય, છતાં અંતરની અશાન્તિ હોય તો તેવો ત્યાગી બ્રહ્મનિર્વાણ નથી પામી શકતો; જ્યારે ખરે જ કહું છું કે) જેને આંતરિક સુખ છે, જેને અંતરનો આરામ છે, અને જેને સાચે જ અંતરનો પ્રકાશ મળ્યો છે, તેવો યોગી (ભલેને બાહ્ય રીતે પ્રવૃત્તિમય દેખાતો હોય, છતાં નિવૃત્તિમય છે અને તે) બ્રહ્મરૂપ થયેલો છે, તેમ જ (તે) બ્રહ્મનિર્વાણ (જરૂર) મેળવે છે. (અર્થાત્ કે અંતે તે બ્રહ્મમાં જ ઠરી જાય છે.)

**નોંધ :** આરામ, સુખ અને પ્રકાશ એ ત્રણે અંતરંગ હોવાં જોઈએ આમ કહીને શ્રીકૃષ્ણગુરુ આપણા સહુની શંકાને નિવારી નાખે છે. ઘણું ખરું આપણે બહારના આરામને આરામ, બહારના સુખને સુખ અને બહારના તેજને આત્મજ્ઞાન માનવાના ભ્રમમાં ચડી જઈએ છીએ, ત્યારે શ્રીકૃષ્ણગુરુ આપણને ચેતવી દે છે. તેઓ આંતરિક સુખ, આંતરિક આરામ અને આંતરિક જ્યોતિવાળા જ્ઞાનને જ મહત્ત્વ આપે છે. અને એ જ વાત ગળે ઊતરે તેવી છે.

કામ અને ક્રોધના વેગને વશ થનાર કદી આંતરિક આરામ, આંતરિક સુખ કે આંતરિક પ્રકાશ પામી જ શકે નહિ, પણ જો કામ અને ક્રોધના વેગને વશ કરવામાં આવે, તો બહાર ભટકતું મન અંતરમાં પાછું વળે અને આંતરિક આરામ, આંતરિક સુખ તથા આંતરિક પ્રકાશ જરૂર મળે. આવી સાધના કરનારે ત્યાગીનાં કપડાં પહેર્યાં હોય કે ન પહેર્યાં હોય તે સામે જોવાનું નથી, પરંતુ આવી સાધના કરનારે સમતા તો સાધેલી હોવી જ જોઈએ. કારણ કે સમતા વિના કામ અને ક્રોધથી જન્મેલા આવેગને સદેહે સહન કરી શકાય નહિ. એટલે સમતા પહેલી

જોઈએ. નિર્દોષ સમતા એ બ્રહ્મનું લક્ષણ છે એ તો આપણે ઉપર જોઈ ગયા. એટલે આવો સાધક બ્રહ્મરૂપ થયેલો પણ ગણાય અને છેવટે તે બ્રહ્મનિર્વાણ-બ્રહ્મમાં ઠરવાપણું પામે જ. આ વાત સમજવી પણ અઘરી નથી.

પરંતુ હવે એક ચેતવણી શ્રીકૃષ્ણગુરુ અહીં આપવા માગે છે. કર્મયોગનાં વારંવાર ગીત ગાવાથી કોઈ એમ ન સમજી બેસે કે બ્રહ્મનિર્વાણનો અધિકાર માત્ર કર્મયોગીને જ છે, બીજાને નહિ ! ઊલટું સહુએ એમ જ સમજવું કે દરેક પ્રકારના સાધકને-પછી એ ગમે તે વેશમાં હોય કે ગમે તે દેશકાળમાં હોય, પણ જો એમણે નિર્દોષપણું સાધ્યું હોય, તો એમને બ્રહ્મનિર્વાણ જરૂર મળે છે.

**लभंते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।**
**छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥**
**બ્રહ્મનિર્વાણ પામે છે, નિષ્પાપી ઋષિઓ પણ;**
**દ્વૈત છેદી જીતી આત્મા, સર્વના શ્રેયમાં મચ્યા. ૨૫**

(અર્જુન ! જેમ કર્મયોગીને મોક્ષનો અધિકાર છે, તેમ બીજાને પણ છે, ભારત !) ઋષિઓ પણ અવશ્ય બ્રહ્મનિર્વાણ પામે છે, પણ (૧) તેઓ પાપરહિત હોવા જોઈએ. (મનના મેલા હોય તો કશું વળે નહિ મનની શુદ્ધિ પહેલી જોઈએ) (૨) તેઓમાં દ્વિધાભાવ ન હોવો જોઈએ. એટલે કે તેઓએ એકનિષ્ઠપણું સાધ્યું હોવું જોઈએ (૩) તેઓએ આત્માને વશ કર્યો હોવો જોઈએ અને (૪) તેઓ પ્રાણીમાત્રના શ્રેયમાં રાચેલા હોવા જોઈએ.

**નોંધ :** બ્રહ્મનિર્વાણ અથવા મોક્ષની આ ચારે શરતો મહત્ત્વની છે. અને તે કુદરતી રીતે જ ક્રમપૂર્વક ગોઠવાઈ ગઈ છે. ઋષિની સંજ્ઞા ત્યાગીને જ લાગુ પડે છે. કર્મયોગીની સંજ્ઞા તો ગૃહસ્થ અને ત્યાગીને બંનેને લાગુ પડે છે અને તેમાંય ગૃહસ્થ કે પ્રવૃત્તિપ્રિય ત્યાગીને જ વિશેષે કરીને લાગુ પડે છે. કર્મયોગીની લાયકાત વિષે અગાઉ કહેવાયું છે. અહીં ઋષિની લાયકાત વિષે કહે છે. ઋષિ નિષ્પાપી એટલે કે સરળ હોય, પણ મનનો ઢચુપચુ કે સંશયશીલ હોય તો ન ચાલે. તેમ જ સરળ અને સમજભરી શ્રદ્ધાવાળો હોય પણ આત્મસંયમી ન હોય તો પૂર્ણપણું ન પામી શકે. તે જ રીતે સરળ, શ્રદ્ધાળુ અને આત્મસંયમી હોવા છતાં સર્વ ભૂતના હિતમાં રાચતો ન હોય તોય મોક્ષની પરીક્ષામાં પસાર થઈ શકે નહિ. આ પરથી સહેજે સમજાશે કે ઋષિ જેવા ત્યાગીએ પણ લોકહિત તરફ ઉપેક્ષા ન રાખવી જોઈએ. જૈનસૂત્રોમાં ત્યાગી સંસ્થાને મહત્ત્વનું અગ્રેસરપણું અપાયું છે,

ત્યાં પણ "आत्मवत् सर्वभूतेषु" ક્ષણે ક્ષણે કહેવામાં આવ્યું છે.

**कामक्रोधवियुक्तैनां यतीनां यतचेतसाम् ।**
**अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥**
**કામક્રોધ વિનાના ને, આત્મવિદ્ ચિત્ત સંયમી;**
**એવા યતિ જનોને છે, બ્રહ્મનિર્વાણ સૌ સ્થળે. ૨૬**

(અને પરંતપ !) કામ અને ક્રોધથી વેગળા રહેલા, ચિત્ત પર કાબૂ ધરાવનારા અને જેમણે આત્મને ઓળખી લીધો છે તેવા યતિ પુરુષોને તો સૌ સ્થળે બ્રહ્મનિર્વાણ જ છે.

**નોંધ :** ઋષિઓની ગીતાકાળના વખતમાં બે કોટી હતી, (૧) રાજર્ષિ, અને (૨) બ્રહ્મર્ષિ. આ બન્ને પ્રકારના ઋષિઓને, અગાઉ કહી ગયા તેવી, લાયકાત હોય તો મોક્ષ મળે જ છે. એ વાત સાંભળ્યા પછી પણ એ શંકા થઈ શકે કે, યતિઓને મોક્ષ મળે કે નહિ ? તે કાળે યતિ સંજ્ઞા ઘણું ખરું જૈન અને બૌદ્ધ શ્રમણોને લાગુ પડતી. જો કે આ શ્રમણો લોકહિતનાં કાર્યોમાં રસ લેતા, પણ બ્રહ્મર્ષિની જેમ એ કાર્ય પ્રત્યક્ષ ભાગ્યે જ દેખાતું. આથી શ્રીકૃષ્ણગુરુએ એ શંકાનું સમાધાન આપતાં કહ્યું કે યતિજનો માટે ત્રણ શરત છે. (૧) ચિત્તનો સંયમ જોઈએ, (૨) કામ અને ક્રોધથી વેગળા રહેવાની આવડત જોઈએ અને (૩) આત્માની ઓળખાણ જોઈએ.

જેનું ચિત્ત કાબૂમાં નથી તે યતિપદને નાલાયક છે. પણ ચિત્ત ઉપર કાબૂ હોવા છતાં કામ અને ક્રોધથી વેગળા રહેવાની તાલીમ ન લીધી હોય તો ચિત્ત ઉપર જે કાબૂ હોય છે તે કાયમી રહેતો નથી. વળી આ બે ચીજ હોવા છતાં આત્માને ન ઓળખ્યો હોય તો બધું નકામું છે. સંયમની તાલીમ અને કામ તથા ક્રોધની અસરથી વેગળા રહેવાની તાલીમ લેવાનો હેતુ તો એ જ છે કે, આત્માને ઓળખવો. આવા યતિઓની જીવનચર્યા પોતે જ સહેજે લોકકલ્યાણકારી છે, એટલે તેઓ લોકહિતમાં રાચેલા પણ ગણી શકાય જ અને આવા યતિઓ માટે તો તે વસતિમાં રહે કે જંગલમાં રહે, જ્યાં રહે ત્યાં સૌ સરખું છે. કારણ કે "દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત" એવા તેઓ હોય છે. આથી એ પણ સહેજે સમજાશે કે મોક્ષ મેળવવા માટે અમુક ક્ષેત્રમાં જવું પડે, તેવું કાંઈ જ નથી. મોક્ષ મળ્યા પછી આત્માની કઈ સ્થિતિ થાય છે અને તે કયા ભાગમાં જઈ વસે છે એ બાબત તો અનુભવગમ્ય છે, પણ મોક્ષનો ખરો અર્થ એ છે કે આત્માને સંપૂર્ણ રીતે ઓળખવો અને એને

પરિણામે બંધનથી મુકાઈ જવું. હવે છેવટે મુનિ વિષે કહે છે :

**स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ।**
**प्राणापानौ समौ कृत्वा नासाभ्यंतरचारिणौ ॥ २७ ॥**
**यतेंद्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।**
**विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव स ॥ २८ ॥**
**भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।**
**सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ॥ २९ ॥**

**ભવાં વચ્ચે ધરી દષ્ટિ, બાહ્ય સ્પર્શો તજી કરી;**
**નાસિકામાં વહેનારા, પ્રાણાપાન સમા કરી. ૨૭**
**ઈન્દ્રિય મન બુદ્ધિનો, સંયમી મોક્ષ તત્પર;**
**જેનાં ઈચ્છા ભય ક્રોધ, ગયાં તે મુકત છે સદા. ૨૮**
**ને મને ભૂતનો મિત્ર, સૌ લોકોનો મહાપ્રભુ;**
**ને યજ્ઞ તપનો ભોગી, જાણી તે શાન્તિ મેળવે. ૨૯**

(ભારત ! જેમ કર્મયોગીને કર્મ કરવા છતાં કર્મફળમાં અનાસકત રહેવાની તાલીમ લેવી પડે છે, તેમ જેઓ મુનિ ગણાય છે, તેમને પણ તાલીમ લેવાની હોય છે. એ અર્થમાં તો તેઓ પણ પ્રબળ પુરુષાર્થ કરતા હોઈને કર્મયોગી જ છે, પરંતુ તેઓ પ્રાયઃ પ્રત્યક્ષ રીતે તો લોકસંગથી બહુ દૂર વસે છે, છતાંય લોકહિતની ઝંખના તેમને નથી હોતી એમ નહિ. તેઓ પણ હમેશાં સર્વ જગતની શાન્તિ ઈચ્છી રહ્યા હોય છે અને ઉત્તમ આંદોલનો જગત પર ફેંકી રહ્યા હોય છે. તેઓનું લક્ષણ આ પ્રમાણે છે.) બાહ્યસ્પર્શોનો-વિષયભોગોનો ત્યાગ કરી, ભ્રૂકૂટી વચ્ચે દષ્ટિ સ્થિર કરી, નાસિકા વાટે જતા આવતા પ્રાણ તથા અપાન વાયુને એક સરખી ગતિમાં રાખી, તેમ જ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને વશ કરીને જે ઈચ્છા, ભય અને ક્રોધથી મુકત થાય છે, તે મોક્ષપરાયણ મુનિ હમેશાં મુકત જ સમજવો.

(વળી હે અર્જુન ! તે એમ પણ જાણે છે કે, યજ્ઞ અને તપનો ભોકતા હું જ છું એટલે પોતે જ્ઞાની હોવા છતાં તેમને યજ્ઞ અને તપ કનારા પર "તેઓ બધા અજ્ઞાની જ છે" એવી ધૃણાસ્પદ દષ્ટિ નથી હોતી, તેમ તેઓ એમ કરનારની ક્રિયાનું અનુકરણ કરવા પણ લાગતા નથી; કારણ કે ઉપર કહ્યું તેમ તેઓ જાણે જ છે કે જુદાજુદા માર્ગો દ્વારા એક જ આત્મા મેળવવાનો છે. આથી જ તેઓ સમતા

બરાબર જાળવી શકે છે. વળી તેઓને સિદ્ધિની પણ ઈચ્છા નથી રહેલી, કારણ કે તેઓ જાણે છે કે સર્વલોકમાં મહાશક્તિમાન એક (તે હું રૂપ) આત્મા જ છે અને તેઓ સર્વ જીવો, પછી પાપી હો કે પુણ્યશાળી હો, બધા પર પૂરેપૂરો પ્રેમ પાથરી શકે છે, કારણ કે તે જાણે છે કે (હું રૂપ) આત્મા સૌનો મિત્ર જ છે. ભલા ! બોલ હવે અશાન્તિનાં કારણો જ કયાં રહ્યાં ? એટલે જ હું કહું છું :) અને તે યજ્ઞ તથા તપના ભોગી, સર્વ લોકના મહાપ્રભુ તથા પ્રાણીમાત્રના મિત્ર એવા મને જાણીને તે અવશ્ય શાંતિ મેળવે છે.

**નોંધ :** ધ્યાન, એ મુનિનો મુખ્ય વિષય છે. એવા મુનિએ (૧) બાહ્યભોગોને તિલાંજલિ આપવી જોઈએ, (૨) આવતા જતા વાયુને સમતામય રાખવા માટે દૃષ્ટિની સ્થિરતા અને જાગૃતિ રાખવી જોઈએ, (૩) ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને વશ કરવાં જોઈએ, (૪) મોક્ષની તત્પરતા રાખવી જોઈએ અને (૫) ક્રમે ક્રમે ઈચ્છા, ભય તથા ક્રોધને અંકુશમાં લાવવાં જોઈએ.

મુનિ માટેની આ પાંચે શરતો ખરેખર મનનીય છે. જૂના કાળમાં અને હજુય પ્રચલિત યોગ માટે આવી સાધના પ્રચલિત છે. જૈનસૂત્રોએ "પ્રાણાયામ" અંગ ઉપર બહુ લક્ષ્ય નથી આપ્યું. મૂળે તો વાત એ છે કે સમતા સાંધવી જોઈએ. ત્રાટક અને પ્રાણાયામની તાલીમ ઘણા સાધકોને એકાગ્રતામાં સહાયક થાય છે. બ્રહ્મસ્પર્શોની લાલચ છોડયા વિના આવી સાધના અશકય છે. આવી તાલીમ પણ જો ઈન્દ્રિયો ઉપરાંત મન અને બુદ્ધિ પર સંયમ લાવવામાં ઉપયોગી ન થાય તો નકામી માથાફોડરૂપ જ છે. સાથે સાથે માત્ર મોક્ષની જ એક અભિલાષા પણ જોઈએ, નહિ તો આ માર્ગમાં ઊપજતી શક્તિઓનો દુરુપયોગ થવાથી પતનનાં નિમિત્તો ડગલે ને પગલે ખડાં થાય છે. છેવટની વાત તો એ જ છે કે હલકી ઈચ્છાઓ ભય અને ક્રોધ જવાં જોઈએ. એ જેનાં ગયાં તે જ્યાં હોય ત્યાં મુક્ત જ છે. આટલી ચીવટ રાખવા છતાંય, એકલી ક્રિયા ખપ લાગે નહિ. સાથે સાથે જ્ઞાન અને વિજ્ઞાન તો જોઈએ જ. આત્મજ્ઞાનને જ્ઞાન કહી શકાય અને વિશ્વજ્ઞાનને વિજ્ઞાન કહી શકાય.

એકલા જ્ઞાનથી પણ વળે નહિ; કારણ કે સર્વ જીવો પ્રત્યેની મિત્રતા આવ્યા વિના એ જ્ઞાન પૂર્ણ ન હોઈ શકે. એટલે જ અર્જુનને ઉદ્દેશીને શ્રીકૃષ્ણે કહ્યું, "સર્વ લોકના મહા પ્રભુ, યજ્ઞ અને તપના ભોગી અને સર્વ ભૂતના મિત્ર એવા મને જાણ્યા પછી જ પૂરી શાન્તિ મળે છે."

આ પરથી સહેજે સમજાયું કે જોઈએ તો ઋષિ હો, જોઈએ તો યતિ હો, જોઈએ તો મુનિ હો અને જોઈએ તો કર્મયોગી હો પણ મુખ્યત્વે તો એનું જીવન એવું હોવું જોઈએ કે જેમાં આત્મહિત અને પ્રત્યક્ષ અથવા પરોક્ષ પણ લોકહિતનો સુમેળ હોય. મોક્ષ એ કોઈ અમુક ઠેકાણાનું નામ નથી, મોક્ષ એ તો એક અવસ્થા છે. તે કામ, ક્રોધ તથા ભયાદિથી છૂટવાથી પામી શકાય છે. યજ્ઞ, જપ, તપ, ધ્યાન, જ્ઞાન, યોગ સહુનો એ જ એક માત્ર વિરામ છે.

ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्म-
विद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
कर्मसंन्यासयोगो नाम पंचमोऽध्यायः ॥ ५ ॥

'ॐ તત્ સત્' એ પ્રમાણે શ્રીભગવાને ગાયેલી, ઉપનિષદો પૈકી બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના સમન્વયવાળા શ્રીકૃષ્ણ અને અર્જુનના આ સંવાદમાં કર્મબ્રહ્માર્પણયોગ નામનો પાંચમો અધ્યાય પૂરો થયો.

## પાંચમા અધ્યાયનો ઉપસંહાર

અર્જુનનું અંતઃકરણ સરળ હતું એટલે થયેલા કુવિકલ્પો અને ઉપજેલો મોહ ટળી જાય તેમ હતું. જિજ્ઞાસાને એ છેક પરવારી બેઠો નહોતો. પરંતુ હજુ લગી એને કર્મસંન્યાસની વાતમાં જેટલો રસ હતો તેટલો કર્મયોગની વાતમાં નહોતો. એથી જ એણે સવાલ કર્યો, "કૃષ્ણચંદ્ર આપ તો બન્નેની તારીફ કરો છો. પણ હું પૂછું છું, એ બેમાં સારો કયો ? તે જ નક્કી કરી દો ને."

શ્રીકૃષ્ણના બોલ પર અર્જુનને વિશ્વાસ તો હતો જ અને શ્રીકૃષ્ણચંદ્ર તેના માટે ખરે જ વિશ્વાસપાત્ર હતા. અર્જુનની નાડને પારખનારા પણ હતા. અર્જુન જેવા સાધક માટે કર્મયોગની જ ભલામણ સારી છે એમ શ્રીકૃષ્ણચંદ્રે જોયું અને એ જ માર્ગની શ્રેષ્ઠતાનો ખરો ખ્યાલ આપ્યો.

"જો, ભાઈ અર્જુન ! બાહ્યત્યાગ કરી સાધન દ્વારા સધાતા આંતરિક ત્યાગનો માર્ગ કર્મસંન્યાસનો માર્ગ છે અને બાહ્ય ત્યાગ પછી એ ક્ષેત્રનો, કાળનો કે વેશનો ત્યાગ હો, એવો ત્યાગવિવેકપૂર્વક ખ્યાલ રાખી એવી સાધના દ્વારા સધાતા આંતરિક ત્યાગનો માર્ગ એ કર્મયોગનો માર્ગ છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્મલક્ષી પ્રવૃત્તિનું ધ્યેય રાખી સ્વીકારેલી બાહ્યનિવૃત્તિને કર્મસંન્યાસ કહેવાય

છે અને આત્મલક્ષી નિવૃત્તિનું ધ્યેય રાખી સ્વીકારેલી બાહ્યપ્રવૃત્તિને કર્મયોગ કહેવાય છે. આથી તારે ન ભૂલવું જોઈએ કે બન્નેનાં ફળ એકરૂપ જ આવે છે. અંતરંગ ત્યાગરૂપ ધ્યેય તો બન્નેનું એક જ છે. માટે યથાર્થ દષ્ટિએ ગમે તે માર્ગનું સેવન કરવા છતાં પરિણામ એકસરખું જ આવે છે. અને જો આમ જ છે, તો પછી એ બેને સાવ નોખા પાડી દેવા એ તો મૂર્ખનું કામ છે; પંડિતનું નહિ !

પરંતપ ! બુદ્ધિશાળીની ખરી બુદ્ધિનું માપ જ આ છે કે તે બધાનાં દષ્ટિબિંદુઓ તપાસીને સહુનો સમન્વય સાધે. જૈનસૂત્રોમાં સ્યાદ્વાદ, અપેક્ષાવાદ અને અનેકાંતવાદ કહેવાય છે, તે આનું જ નામ. આવો સ્યાદ્વાદ યથાર્થ જાણે તે જ પંડિત.

ભાઈ ! રાગદ્વેષ રહિત થયા વિના કોઈનોય છૂટકો નથી, પછી એ જોઈએ તો ત્યાગી હો કે જોઈએ તો અત્યાગી હો ! રાગદ્વેષ વિરહિતપણું એ જ આંતરિક ત્યાગ. આવા ત્યાગને માટે યોગની જરૂર તો પહેલી જ પડવાની ! માટે હું યોગનાં ગાણાં ગાઉં છું, એને ઉત્તમ ગણું છું, સમજ્યો કે ભારત ?

ધનંજય ! યોગ એટલે આત્મા સાથે જોડાવાની તાલીમ, પણ દેહમાં પુરાયેલા આત્માને પરમાત્માના જોડાણ માટે પ્રયાસ કરવો પડે છે. આવી તાલીમ લેવા માટે મન, અને ઈન્દ્રિયોને જીતવી પડે છે, અંતઃકરણને નિર્મળ અને નિર્દોષ કરવું પડે છે. આથી પ્રવૃત્તિનું ક્ષેત્ર એના જીવનમાં અગ્ર ભાગ ભજવે છે.

ભોળા ! તું પ્રવૃત્તિના ક્ષેત્રથી ભડકીને કાં ભાગે છે ? કાયર શા માટે થાય છે ? પ્રવૃત્તિના ક્ષેત્રમાં કર્મયોગની જ મહત્તા છે, પણ કર્મ કરવા છતાં ખરો યોગી લેપાતો નથી. કારણ કે ઈન્દ્રિયો કે મનની ક્રિયામાં ઈન્દ્રિયો અને મન પોતાના સજાતીય વિષયોમાં સ્વાભાવિક જાય એવી જ ક્રિયાને એ થવા દે છે. એવી અખંડ જાગૃતિને લીધે જે ક્રિયા આત્માને લેપ લાગ્યા વગર ન જ થાય, એવી ક્રિયા એ શીઘ્ર તજી દે છે. માટે જ આવી બ્રહ્મલક્ષી દષ્ટિ જાળવાવાથી એમના દ્વારા કે એમની સાક્ષીએ થતી ક્રિયા આસક્તિવર્જિત ક્રિયા હોઈને તેવો પુરુષ લેપાતો નથી.

તને કદાચ પ્રશ્ન થશે કે કર્મયોગની ભાંજગડમાં ન પડીએ તો શો વાંધો આવે ? અર્જુન ! એ પ્રશ્નનો ઉત્તર એ છે કે આત્મા કેટલો આગળ વધ્યો છે, એનું ખરું માપ કર્મયોગ-પ્રવૃત્તિક્ષેત્રથી નીકળે છે એમ લાગવાથી યોગીઓ કર્મો આચરે છે અને કર્મફળની લાલસાથી વેગળા રહે છે, એટલે કર્મબંધનથી બંધાતા નથી અને નૈષ્ઠિક શાંતિ મેળવે છે. કેટલાક અર્ધદગ્ધ લોકો બાહ્યપ્રવૃત્તિને જંજાળ માની

કાયરતાથી નિવૃત્તિ માર્ગમાં પેસે છે, તે તો બેય માર્ગ ચૂકે છે અને અશાન્તિ વહોરે છે. બીજાના ભોગો કે ભોગનાં સાધનો જોઈ તેમની દષ્ટિ વારંવાર તે ભણી જાય છે. ભોગલાલસાનું વારંવાર ચિન્તવન કરી તેઓ અસદિચ્છાથી જોડાયેલા રહે છે, લોકભયને લીધે બાહ્યત્યાગ પાળતા દેખાય છે, પરંતુ આંતરિક ત્યાગના નામનું મીંડુ હોય છે. તેઓ દાંભિક ક્રિયાઓ આચરે છે અને સામાન્ય બાબતમાં પણ ફળની આસકિત સૌથી વધુ રાખતા હોય છે. આવા ત્યાગીને નૈષ્ઠિક શાન્તિ કયાંથી હોય ? "સર્વ ભૂતો વિષે આત્મવત્ ભાવના" એનામાં કયાંથી હોય ? ઈન્દ્રિયોનો અને મનનો તો એ ગુલામ જ હોય. આવો કર્મસંન્યાસી તો ખરેખરો બંધનમાં પડેલો છે, માટે મનનો સંન્યાસ એ જ સુખ. બહારની પ્રવૃત્તિ એ દુઃખનું કારણ નથી; દુઃખનું મૂળકારણ તો અંતરમાં છે, અને એ જ પ્રમાણે સુખનું મૂળ પણ ભીતર છે; બહાર નથી.

હા, એક વાતની ચોખવટ અહીં કરું. કેટલાક અર્ધદગ્ધ દષ્ટિવાળા સાધકો કહે છે કે, "આત્મા તો અકર્તા છે, અક્રિય છે, અભોકતા છે, તો પછી પ્રવૃત્તિમાર્ગની શી જરૂર ? પ્રવૃત્તિ એ આત્માનો ધર્મ જ નથી, અશુદ્ધતા જ પ્રવૃત્તિની નિશાની છે. અશુદ્ધતા વિના પ્રવૃત્તિ થતી જ નથી. માટે પ્રવૃત્તિથી છૂટો. આરંભથી છૂટો." આવા સાધકો 'વદતો વ્યાઘાત દોષ'ની આપત્તિમાં પડે છે. એમને કોઈ પૂછે કે તમો હાલો-ચાલો છો ખરા ? ખાઓ-પીઓ છો ખરા ? સૂઓ જાગો છો ખરા ? હવા પ્રકાશ લો છો ખરા ? આ બધાનો જવાબ તેઓને હકારમાં જ આપવો પડશે. તો આ બધી ક્રિયા એ જ પ્રવૃત્તિ નથી, તો બીજું શું છે ? પ્રવૃત્તિ વિના કોઈ પણ દેહ-ધારીને ચાલે તેમ છે જ નહિ, તો પછી સ્વાર્થી પ્રવૃત્તિ કરવી અને પરમાર્થી-પ્રવૃત્તિમાં આંખ આડા કાન કરવા, એ તો અનર્થકારી ગણાય. ખરી વાત એ છે કે જે સાધકોએ પ્રવૃત્તિ ક્ષેત્રમાં નિર્લેપ રહેવાની સાધના સાધી લીધી હોતી નથી, એમને નિવૃત્તિમાર્ગની અમુક કાળ માટે જરૂર પડે છે, માટે એવા સાધકોને નિવૃત્તિમાર્ગ પથ્ય નીવડે છે. પરંતુ અંતે તો તે પણ સર્વ ભૂતના હિતચિંતક હોઈને નિર્દોષ પ્રવૃત્તિના ક્ષેત્રને સહેજે સ્વીકારી લે છે. આવા પીઢ સાધકોની ક્રિયા કે પ્રવૃત્તિ આત્મલક્ષી હોવાથી તે સાહજિક પ્રવૃત્તિ હોઈને તેમાં તેઓ આસકિતપૂર્વક ભળતા નથી. આસકિતપૂર્વક પ્રવૃત્તિમાર્ગમાં ભળવું કે નિવૃત્તિમાં ભળવું એ બન્ને બંધનકારક છે, પણ કેટલાક સાધકો માટે પહેલું પગથિયું પ્રવૃત્તિમાર્ગ અથવા કર્મયોગમાર્ગનું હોય છે. આટલું લાંબું વિવેચન મેં એ સારુ કર્યું કે આત્મા આસકિતપૂર્વક જે ક્રિયામાં ન ભળે તે ક્રિયા આત્માને બંધનકર્તા નથી, અને

આત્મા જે ક્રિયામાં આસક્તિપૂર્વક ભળે તે ક્રિયા આત્માને બંધનકર્તા છે જ.

જો કે આત્માનું સર્વોચ્ચ સ્વરૂપ તો એવું છે કે એ પ્રભુ કશું કરતો નથી. એને તો કર્મબંધન પણ નથી, તેમ કર્મફળનો ભોગવટો પણ નથી. પણ જે જીવ કર્મસંગી છે, તેને માટે જ આ સંસાર અને સંસારનાં બંધન છે. પાપ કે પુણ્ય સાથે પણ પ્રભુને નિસ્બત નથી. એની પ્રાર્થના કરવાથી કોઈ એમ ન માને કે એ પાપ કે પુણ્ય કોઈનાં એ લેશે દેશે. આ બધા પાપપુણ્ય, વિકર્મ, અકર્મ કે કર્મ એ બધું કર્મસંગી જીવન માટે છે. એ જ બંધાયેલો છે, માટે એને મુકત કરવા સારુ નવ દરવાજા વાળા શરીરમાં રહેલા જીવને મનનો સંન્યાસ અને અંતરનો સંયમ કરીને જાગતી ચોકી રાખી કર્મો કરવાનાં છે. આવી રીતે કર્મો કરવા છતાં, તે પોતે કશું કરતો કે કરાવતો નથી એમ જ કહી શકાય; કારણ કે આસક્તિનો લેપ પોતાને એ લાગવા જ દેતો નથી.

અહીં તને એક સવાલ થશે કે જીવને કર્મસંગી કેમ બનવું પડયું" આનો ઉત્તર તારું અંતઃકરણ જ તને આપશે. અંતઃકરણનો અવાજ સાંભળ્યા વિના એ પ્રશ્નનું સમાધાન મેળવવાનો બીજો એકે રસ્તો નથી. છતાં તને હું બે શબ્દો કહું છું તે સાંભળ. અજ્ઞાન અને મોહ એ બે પરસ્પર પિતાપુત્રના સંબંધવાળા છે. એક અપેક્ષાએ અજ્ઞાન એ પિતા છે અને મોહ એ પુત્ર છે; જ્યારે બીજી અપેક્ષાએ મોહ એ પિતા છે અને અજ્ઞાન એ પુત્ર છે. અજ્ઞાન વિના મોહ નહિ, અને મોહ વિના અજ્ઞાન નહિ; પણ મોહ દૂર કરવા માટે પહેલાં જ્ઞાનની એક જ ચિનગારી હોય, તો મોહનો પડદો ધીરે ધીરે ખસવા માંડે છે અને એ પડદો ઠામુકો ખસી જાય ત્યારે આત્મજ્ઞાનનો સંપૂર્ણ રવિ ઝળહળવા માંડે છે. પરંતુ પહેલાં આત્મજ્ઞાન થવું જ જોઈએ, એના વિનાની બધી સાધના વૃથા. જપ, તપ, તીર્થ, યોગ, ઈત્યાદિ બધું એના માટે જ છે. આથી તને કહું છું કે હૃદય, બુદ્ધિ, નિષ્ટા અને તત્પરતા એ સઘળી તારી સાધનાસામગ્રીને એમાં કેંદ્રિત કરી દે અને કર્મ કરવા માંડ. જ્ઞાની પુરુષો સૌથી પહેલાં અંતઃકરણની શુદ્ધિ કરે છે, પાપને ધોઈ નાખે છે અને હૃદય, બુદ્ધિ, નિષ્ઠા અને તત્પરતા એ સઘળી સાધનસામગ્રીને આત્મજ્ઞાનની સાધનામાં જોડી દે છે. આમ કરવાથી અંતે એવી દશામાં તે પુરુષો આવી જાય છે કે, પછી પુનર્જન્મ કરવા જ પડતા નથી. પરંતુ તને અહીં ફરીને યાદ આપું છું કે આવા જ્ઞાનીના જીવનમાં પણ લોકહિત તો મુખ્ય ભાગ ભજવે જ છે.

ધનંજય ! તને જાણીને નવાઈ થશે, પણ તેવું કશું જ નથી. જગતનો આત્મા

અને એક દેહધારીનો આત્મા એ બન્નેમાં નિશ્ચય દૃષ્ટિએ જોતાં કશો જ ભેદ નથી. આ વિલક્ષણ એકતાને લીધે જ 'આત્મહિત અને લોકહિત'નો સુમેળ છે. 'સ્વદયા સાથે પરદયા જોડાયેલી છે.' ભલે દૃષ્ટિભેદને લીધે જગતમાં અનેકત્વ ભાસે, પણ એ અનેકત્વમાં પણ જ્ઞાનીજનો એકત્વ જોઈ રહ્યા હોય છે. એટલે વૃત્તિભેદે કે કર્મસંગજન્ય વિવિધતાને લીધે યોનિભેદે બ્રાહ્મણ, શૂદ્ર, હાથી, ગૌ, કૂતરો વગેરેમાં જુદાઈ દેખાય, પરંતુ જ્ઞાનીની દૃષ્ટિમાં અંતરંગ ભાવ મુખ્યત્વે હોવાથી તેઓ સહુને વિષે સમદૃષ્ટિનાં ચશ્માંથી ભાળી શકે છે. એને લીધે એમના વર્તનમાં પણ સમભાવ જળવાઈ રહે છે. દુનિયા જેને પાપી, અધમ, પતિત કે મુફલીસ માને છે, તેના તરફ તો તેઓ વધુ પ્રેમળતા પાથરી શકે છે. અહો, કેવી સૌમ્ય ભાવભરી એ અમીદૃષ્ટિ !

કૌંતેય ! સામ્યભાવવાળી દૃષ્ટિ થઈ કે જગ જિતાયું જ સમજવું. પછી બાકી શું રહ્યું ? પણ એ સમભાવ નિર્દોષ હોવો જોઈએ. નિર્દોષ સમતા એ એક દૃષ્ટિએ તો બ્રહ્મનું જ લક્ષણ છે, એટલે તેવા પુરુષો લોકહિતની મહાપ્રવૃત્તિમાં લાગ્યા પડયા હોય, તોય તે બ્રહ્મનિષ્ઠ જ છે.

પણ પાર્થ ! તને હું થોડાં એમનાં અગત્યનાં લક્ષણો સંભળાવું. નહિ તો તું ભ્રમમાં પડી જઈશ. જો વીરા ! આવી નિર્દોષ સમતા એ બચ્ચાંના ખેલ નથી. પ્રિયનો યોગ થાય કે વિયોગ થાય, અપ્રિયનો યોગ થાય કે વિયોગ થાય છતાં જેને હરખ કે ઉદ્વેગ ન થાય એનું નામ બ્રહ્મજ્ઞાની. એનું નામ નિર્દોષ સમભાવી બ્રહ્મનિષ્ઠ. આવા જ પુરુષ નિર્મોહી હોઈ શકે. સ્થિતપ્રજ્ઞ હોઈ શકે. પછી જોઈએ તો એ પ્રવૃત્તિના ક્ષેત્રમાં હોય અને જોઈએ તો નિવૃત્તિના ક્ષેત્રમાં હોય.

"અરે કુરુક્ષેત્ર ! જ્ઞાનયોગી હો કે કર્મયોગી હો, એની શી ફિકર ? પણ તેવો ખરો પુરુષ શરીર, ઈન્દ્રિય કે મનના પ્રલોભનકારી વિષયોમાં ફસાઈને ક્રિયા કરતો જ નથી. બાહ્યસ્પર્શો એને લલચાવી શકતા નથી. આત્મામાં જ એને સુખ લાધે છે, અને તે જ અક્ષય સુખ હોય છે. આવું સુખ જેમ જ્ઞાનયોગીને મળે છે, તેમ કર્મયોગીને પણ મળે જ છે.

"ભલા પરંતપ ! તું બાહ્ય સુખદ સ્પર્શોની લાલચને છેક તજવી એ સહેલી જાણે છે ? ના, કદી નહિ. એને માટે મૂળજ્ઞાન જોઈએ. આને ભેદવિજ્ઞાન જૈન-દૃષ્ટિએ કહીએ તો કર્મપુદ્ગલ અને જીવ વચ્ચેના સ્વરૂપભેદનું જ્ઞાન તે ભેદ-વિજ્ઞાન. અહો ! આટલું થયું એટલે તો એને ચોખ્ખું દીવા જેવું દેખાયું કે બાહ્ય

સુખદ સ્પર્શો એ આદિ ને અંતવાળા છે; જે સુખ અનાદિઅનંત નથી, તેમાં આત્માનું રાચવું ન હોઈ શકે. જે સુખ અનાદિ ને અનંત છે, તે આત્મા સિવાય કયાંય નથી; પછી એને બાહ્ય સુખદ સ્પર્શો તરફ લઈ જતા કામ અને ક્રોધના આવેગો કેમ ખેંચી જ શકે? આવા આવેગોને તો એ ઝપટ મારીને દૂર કરે, એટલે કે જેવા આવેગો આવે કે તુરત તે સંસ્કારો ચિત્ત પર સ્થાન જમાવે તે પહેલાં જ દૂર કરે. આને માટે મનુષ્ય દેહધારીનું વિવેકશીલ મગજ અતિ જરૂરનું છે. માટે જ માનવ-દેહની કિંમત સૌથી વધુ છે. આવી વેળાએ જે કામક્રોધના આવેગો સહી શકે, તે જ ખરો સુખી અને તે જ ખરો વીર. આવા પુરુષને જ મહાવીર કહી શકાય."

"કહે, કુંતીપુત્ર ! તને હવે શી શંકા છે? તું સમજી જ શકયો હોઈશ કે જ્ઞાનીને વિષયો પ્રત્યે વૈરાગ્ય અથવા ઉદાસીનતા સહેજે જ વર્તે છે, તે શાથી વર્તે છે? તેઓ ખરે જ જાણે છે કે વિષયો પ્રત્યેનો રાગ એ આત્માનો મૂળ સ્વભાવ નથી, એ તો વિભાવ દશાને લીધે છે. એથી એવા વિષયોમાં જ્ઞાનીને રસ પડતો નથી. તેઓ સ્પષ્ટ રીત જાણે છે કે સુખ અંતરમાં છે, આરામ અંતરમાં છે, આવો પુરુષ બ્રહ્મભૂત જ છે. બ્રહ્મનિર્વાણ પણ મેળવે છે."

"અહીં લગી મેં કર્મયોગીની તારીફ કરી, પણ તેથી તું એકાંતે એમ ન માનતો કે કર્મયોગ વિના મોક્ષ જ નથી. મોક્ષ તો, અગાઉ કહી ગયો તેમ, રાગદ્વેષ રહિત થનાર સહુને માટે મોકળો છે. પછી એ કર્મયોગી હો, યતિ હો, ઋષિ હો, કે મુનિ હો. પણ કર્મયોગની મહત્તા મેં એટલા સારુ ગાઈ છે અને ગાઈ રહ્યો છું કે એ માર્ગ તારા જેવા અનેક સાધકો માટે વિશિષ્ટ પ્રકારનો છે. એમાં ટિચાતાં ટિચાતાં માણસ અનુભવી અને પ્રખર પુરુષાર્થી બને છે. 'આળસમાં કટાઈ જવા કરતાં ઉદ્યમમાં ઘસાઈ જવું સારું.' એ લોકોક્તિ સાવ સાચી છે, અને એથી જ ઋષિ, મુનિ કે યતિ જેઓ ત્યાગમાર્ગમાં ભળ્યા છે, તેમને પણ ઉદ્યમની જરૂર જ છે. તેઓ પણ પ્રત્યક્ષ ભલે ન દેખાય છતાં પરોક્ષ રીતે જગને ઉપકારક તે બનવાના જ."

"તને એ ત્રણે કોટીના ત્યાગીઓની લાયકાત કહેવાથી એનો ખરો ખ્યાલ આવશે.

૧. આત્મશુદ્ધિ, એકનિષ્ઠપણું અને સર્વે ભૂતોના હિતમાં લાગ્યા રહેવું-એ ત્રણ ઋષિઓનાં મુખ્ય લક્ષણ છે.

૨. ચિત્તસંયમ, કામક્રોધથી વેગળા રહેવાની કળા અને આત્માની ઓળખાણ-એ ત્રણ યતિઓનાં મુખ્ય લક્ષણ છે, તે દ્વારા તેઓ મોક્ષ જલદી મેળવી લે છે.

૩. બાહ્યભોગોનો ત્યાગ, ત્રાટક, જાગૃતિ, ઈન્દ્રિય મન, અને બુદ્ધિનો સંયમ, મુમુક્ષુતા તથા ખોટી ઈચ્છા અને ભયથી મુક્તિ તથા અક્રોધપણું એ મુનિઓનાં વિશિષ્ટ લક્ષણો છે."

"આવા પુરુષોનાં ચારિત્ર જગહિતકારી કેમ ન હોય ? એટલે તેઓમાં પણ આત્મહિત અને લોકહિતનો સમન્વય હોય જ છે. તેઓ સઘળા યજ્ઞ, તપ, મહાશક્તિ એ બધાની પાછળના મૂળભૂત આત્માને જાણીને શાન્તિ મેળવે છે."

"હવે કર્મ સંન્યાસ રહસ્યથી તું પરિચિત થઈ જ ગયો હોઈશ. આટલા પરિચય પછી પણ તને જે પ્રશ્નો થશે તેનો જવાબ આગળ ઉપર આપીશ."

# ગીતા દર્શન

# અધ્યાય છઠ્ઠો

## ઉપોદ્‌ઘાત

પાંચમા અધ્યાયમાં કર્મયોગ અને કર્મસંન્યાસનો સમન્વય બતાવી કર્મયોગની મહત્તા ક્યાં અને શાથી એ વિસ્તારથી વર્ણવ્યું. હવે આ અધ્યાયમાં શ્રીકૃષ્ણચંદ્ર 'યોગ'ને ખૂબ વ્યાપક અર્થમાં મૂકી દે છે. એવા યોગની વ્યાપક વ્યાખ્યામાં સંન્યાસ, કર્મયોગ, યજ્ઞ અને કર્મકાંડ એ બધું સમુદ્રમાં સરિતાની જેમ સમાઈ જાય છે.

આ અધ્યાયમાં તેઓ એ પણ બતાવે છે કે પ્રથમ તો આપણે શાન્તિની જે કલ્પના કરી લીધી છે, તે ખરી શાન્તિ જ નથી. કર્મના અભાવે મળતાં આરામ અને શાન્તિ એ તો મગજના ગાડાને મળતાં આરામ અને શાન્તિ જેવાં છે. ખરી શાન્તિ એ તો કોઈ જુદી જ ચીજ છે. પણ યોગીઓ તો એવી શાન્તિ મેળવવા માટે પણ અકરાંતિયા થતા નથી. આમ કહીને છેવટે તેઓ તે બધું પોતામાં જ છે, એમ સમજાવે છે.

વચ્ચે અર્જુન એવા યોગનાં સાધનો ક્યાં તે પૂછે છે. ત્યારે શ્રીકૃષ્ણચંદ્ર તેના સાધનો અને રામબાણ ઉપાયો બતાવે છે. વળી અર્જુન પૂછે છે કે, "આવો યોગ પૂર્ણ ન સધાય તો તો 'ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો' જેવું થાય ત્યારે શું કરવું ?"

શ્રીકૃષ્ણચંદ્ર એ વાતનું પણ સંપૂર્ણ સમાધાન કરી છેવટે એટલી હદ સુધી સિદ્ધ કરી બતાવે છે કે તપ, જ્ઞાન કર્મ વગેરે સર્વ સાધનો કરતાં પોતે જે યોગસાધના બતાવે છે, તે અજોડ છે, સર્વોત્તમ છે, સર્વ પ્રકારે સફળ છે. અને એવા યોગ માટે મુખ્ય મસાલો શો જોઈએ, તે છેલ્લા એક જ શ્લોકમાં બતાવી દે છે. એટલે હવે આપણે તે તરફ વળીએ.

★ ★ ★

## षष्ठोऽध्यायः

## અધ્યાય છઠ્ઠો

*श्री भगवानुवाच ।*

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥ १ ॥

**શ્રી ભગવાન બોલ્યા :**

**કરવાનું કરે કર્મ, જે ઈચ્છા ફળની તજી;**
**તે સંન્યાસી તથા યોગી, ન નિરગ્નિ ન અક્રિય. ૧**

(પ્યારા પરંતપ ! કર્મફળની ઓશિયાળ રાખવી તેમાં જ આપત્તિ છે. એ ઓશિયાળ છોડી દીધી, એટલે એમાં સંન્યાસ, યોગ, અગ્નિહોત્રીપણું અને કર્મકાંડીપણું આવી જ ગયાં. માટે કહું છું કે) ફળની ઈચ્છા રાખ્યા વગર જે કરવા-જોગ કર્મો કર્યા કરે છે, તે સંન્યાસી પણ કહેવાય અને યોગી પણ કહેવાય. (વળી હે અર્જુન ! કોણ કહેશે કે એ અગ્નિહોત્રી કે કર્મકાંડી નથી ? કારણ કે અગ્નિહોત્રી યજ્ઞ દ્વારા જે સાધવા માગે છે, તે તો એણે સાધી જ લીધું છે. કર્મકાંડી કર્મની ઉપાસનાથી જે સ્થિતિ લાવવા ઈચ્છે છે તે પણ એણે મેળવી જ લીધી છે, એટલે) વળી એ અગ્નિહોત્રી નથી, એમ ન કહેવાય એમ કર્મકાંડી નથી એમ પણ ન કહેવાય. (આ રીતે પણ એનો અર્થ ઘટાવી શકાય કે માત્ર અગ્નિપૂજન છોડી દે અને ક્રિયામાત્ર છોડી દે, તેથી કાંઈ યોગી અને સંન્યાસી થવાતું નથી.)

**નોંધ :** શ્રીકૃષ્ણ ગુરુના મત પ્રમાણે અગ્નિહોત્ર અને કર્મકાંડની ઉપાસનાનો માર્ગ બહુ ઊંચા દરજ્જાનો નથી, છતાં એ બન્ને પાછળનું ધ્યેય એકાગ્રતા અને શ્રદ્ધા સાધવાનું જ છે, એમ એ સૂચિત કરે છે. હમેશાં જનસમાજનો મોટો વર્ગ સ્થૂળ ઉપાસના દ્વારા જેટલી સહેલાઈથી એકાગ્રતા અને શ્રદ્ધા જમાવી શકે છે, તેટલી સહેલાઈથી તે સૂક્ષ્મ સાધનાનો માર્ગ પકડી શકતો નથી. માટે જ એવી સ્થૂળ ઉપાસના એવા વર્ગ માટે ક્ષમ્ય છે, પરંતુ એટલું તો ખરું જ કે એને દોરનાર પ્રખર સંયમી કે સમર્થ યોગી પુરુષ ન હોય તો એના માર્ગમાં પામરતા, વહેમ, લાલચુવેડા, અંધશ્રદ્ધા, કુરૂઢિઓ વગેરે અનર્થો ફૂલે ફાલે છે. માટે જ ગીતાકારે એ માર્ગની સારી બાજુની કદર કરી છે, પણ ખાસ ભાર નથી મૂક્યો. ઊલટું તેઓ યજ્ઞ અને કર્મકાંડ શબ્દને વ્યાપક અર્થમાં લઈ જઈને સૂક્ષ્મ સાધના તરફ માનવ સમુદાયને આકર્ષી ગયા છે, તે આપણે ત્રીજા વગેરે અધ્યાયમાં વિસ્તારથી જોઈ

લીધું છે. એટલે અહીં એ વિષે કહેવાનું રહેતું નથી, પણ એ સવાલ હજુ પણ થાય છે કે સંન્યાસી અને યોગી બન્ને એક કેમ હોઈ શકે ? એનો જવાબ આપતાં શ્રીકૃષ્ણચંદ્ર કહે છે :

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ॥ २ ॥

**સંન્યાસ જે કહેવાય, યોગ તે જાણ પાંડવ !**
**યોગી બને નહિ કોઈ, સંકલ્પોને તજ્યા વિના. ૨**

(અહો ! પાંડુના પુત્ર) પાંડવ ! જેને સંન્યાસ કહેવાય છે તેને યોગ પણ કહી શકાય કારણ કે સંકલ્પોને તજ્યા વિના કોઈ પણ સાધક યોગી થઈ શકતો નથી.

**નોંધ :** કર્મસંન્યાસ અને કર્મયોગ જુદાં નથી, એ વાત તો અગાઉ કહેવાઈ ગઈ છે. વળી કર્મયોગ, કર્મસંન્યાસ કરતાં ચડિયાતો છે, એમ પણ કહેવાઈ ગયું છે. અહીં એમ બતાવવા માગે છે કે સંન્યાસ એ યોગનું અંગ જ છે. "સંન્યાસ વિના યોગ ન સંભવે" આ વાકય ખરેખર મનનીય છે. કેટલાક ગૃહસ્થો પોતાને ગોઠતા કાર્યક્ષેત્રમાં ગૂંથાયેલા રહી કર્મયોગી કહેવડાવવા માગે છે, તેમને માટે આ ચીમકી છે. અને સાથે સાથે "ભગવાં કપડાં પહેરી ભિક્ષા માગવી" એટલો જ સંન્યાસનો અર્થ સમજે છે, તેમને માટે પણ આ ચેતવણી છે કે "સંન્યાસ વિના યોગ ન સંભવે" તે વાત ખરી, પરંતુ તે સંન્યાસ માત્ર વેશનો નહિ; પણ સંકલ્પોનો સંન્યાસ જોઈએ. સારામાઠા વિકલ્પોને તાબે થયા વગર સાચા સંકલ્પબળને સૌથી પ્રથમ કેળવવું જોઈએ. જેમ જૈનસૂત્રો કહે છે, "સ્વચ્છંદનો નિરોધ કર્યા વિના મોક્ષમાર્ગ સંભવે નહિ" તેમ.

એક બાજુથી નાની નાની ટેક લઈને એને પ્રાણ સાટે નિભાવવી અને બીજી બાજુથી લાલચ અને નબળી ઈચ્છાઓ ઉપર અંકુશ મૂકવો, એ સંકલ્પબળ વધારવાનો અથવા સંકલ્પસંન્યાસનો રસ્તો છે, એમાંથી એકાગ્રતા, વફાદારી, શ્રદ્ધા, સંયમ, રસવૃત્તિ બધું ખીલી ઊઠે છે.

હવે એવા યોગમાં ચડનારનું સાધન કયું ? અને યોગમાં આરૂઢ થયા પછીનું સાધન શું ? તે બતાવે છે.

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥३॥

**યોગના સાધનારા એ, મુનિનું કર્મ સાધન;**
**યોગ સિદ્ધ થયા બાદ, તેનું જ શાન્તિ સાધન. ૩**

(અર્જુન ! હું તને ગયા અધ્યાયમાં કહી ગયો છું, અને હજુ ફરી કહું છું કે કર્મની જરૂર તો જેમ કર્મયોગીને છે તેમ યોગ સાધનાર મુનિને પણ છે જ, પણ ફેર એટલો જ કે) યોગની સાધના કરનાર મુનિ માટે કર્મ એ સાધન અથવા કારણ રૂપ છે, જ્યારે યોગને સિદ્ધ કરી લીધા બાદ (તેવા જ મુનિને કર્મમાં એવી તો સહજતા પ્રાપ્ત થાય છે કે પછી) એનું જ સાધન શાન્તિ બને છે.

**નોંધ :** શ્રીકૃષ્ણગુરુએ યોગ અને સંન્યાસનો સમન્વય સાધ્યો તે અગાઉ આપણે જોયું. હવે અહીં તેઓ કહેવા માગે છે કે, શરૂઆતમાં યોગસાધના કરનારનું ધ્યેય યોગસાધના હોય છે, અને કર્મ એનું સાધન છે. માટે ત્યાં એવી સ્થિતિમાં "આ કર્મ કરવાં, આ કર્મ તજવાં" એવો વિવેક વાપરીને સાધના કરવી પડે છે. કારણ ઉપર કાર્યનો આધાર હોઈને કારણ પરત્વે ઘણું વિચારવું પડે છે. પણ યોગ સિદ્ધ થયા બાદ એવી દશા સહેજે થઈ જાય છે કે આ "કર્મ કરવાં, આ કર્મ તજવાં" એવો વિવેક ન વાપરે તોય જે કર્મ થાય છે, તે શાન્તિ દેનારાં જ બને છે. તેથી યોગારૂઢ મુનિ કામ કરતો દેખાય કે ન દેખાય તોય એને માટે એકાંતે કદી અભિપ્રાય ન બાંધી લેવો જોઈએ. એનો કર્મત્યાગ અને કર્મસ્વીકાર સહજ અને કુદરતી હેતુપૂર્વક હોય છે.

યોગારૂઢને આત્મદર્શન થયાં, એટલે હવે તે કર્મ કરે તોય શું અને ન કરે તોય શું ? એને તો ધ્યેય પણ શાન્તિ અને ધ્યાન પણ શાન્તિ, કારણ પણ શાન્તિ અને કાર્ય પણ શાન્તિ. બાકી યોગમાં હજુ જે ચઢવા ઈચ્છે છે એને તો કર્મ ઉપર તકેદારી રાખવી પડે છે, અને રાખવી જ જોઈએ.

સારાંશ કે (૧) યોગ સાધનારને અને (૨) સિદ્ધ યોગીને બન્નેયને-કર્મ હોય છે. એકને અમુક કર્મ કરવાનાં, અમુક કર્મ તજવાનાં અને અમુક કર્મ જાણવાનાં હોય છે જ્યારે બીજાને તો જાણવાનું બધું જાણ્યું, કરવાનું બધું કર્યું અને તજવાનું બધું ત્યાગ્યું એમ જ છે, તો પછી આગ્રહ તો હોય જ શાનો ? છતાંય બીજા પ્રકારના યોગીને પણ કર્મ કરવાનાં તો (કુદરતી ભલે હોય. છતાં) હોય જ છે. કારણ કે તેમનાં કર્મ જગતને સહજ ઉપકારક બની રહે છે.

**यदा हि नेंद्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।**
**सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ।।४।।**

**જ્યારે રાચે ન કર્મોમાં, અર્થોમાં ઈન્દ્રિયો તણા;**
**સર્વસંકલ્પસંન્યાસી, યોગારૂઢ ગણાય તે. ૪**

(યોગારૂઢ કોને કહેવાય ? એ શંકાના સમાધાનમાં હે ભારત ! હું તને કહું છું, તે તું ધ્યાન દઈને સાંભળ.) જ્યારે ઈન્દ્રિયોના વિષયોમાં કે કર્મોમાં આસક્ત થતો નથી (ત્યારે) તે (સાધક) સૌ સંકલ્પોનો સંન્યાસી અને યોગારૂઢ કહેવાય છે.

**નોંધ :** શ્રીકૃષ્ણગુરુએ યોગારૂઢની અત્યંત સુંદર વ્યાખ્યા આપી દીધી. ઈન્દ્રિયોને લગતા વિષયોમાં કે કર્મોમાં જ્યારે આસક્તિ ન થાય ત્યારે જ તે સર્વસંકલ્પનો સ્વામી બને છે અને સિદ્ધ યોગી ગણાય છે.

આથી એ પણ ફલિત થાય છે કે સંકલ્પ-વિકલ્પનું મૂળ એવાં જ કર્મોમાં હોય છે કે જે કર્મોમાં આસક્તિનું તત્ત્વ હોય છે, અને કર્મોમાં આસક્તિ થાય છે, એનું કારણ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ હોય છે. જ્યારે ઈન્દ્રિયોના વિષયોમાં આત્મા આસક્ત થતો નથી ત્યારે ઈન્દ્રિયો એવા જ વિષયોને સહજ સ્વાભાવિક રીતે ગ્રહણ કરે છે કે જે વિષયો નિર્દોષ હોય છે. દા.ત. એવા યોગીની આંખ એવું જ જુએ છે કે જે ઉપયોગી એટલે કે પોતાનું અને પરનું કલ્યાણ સાધક જ હોય છે એ જ રીતે દરેક ઈન્દ્રિયના દરેક વિષય પરત્વે સમજવું.

જગતના પદાર્થો તો એના એ હોય છે, ઈન્દ્રિયો પણ એની એ જ હોય છે, પણ છતાંય એક યોગી ત્યાં રહ્યો થકો મુક્તિ મેળવી શકે છે, જ્યારે યોગ સાધનાર ખૂબ સાવધાન રહે તો જ મુક્તિનો માર્ગ ખુલ્લો કરી શકે છે, અને અયોગી તો ત્યાં જ બંધાય છે. આમ એક જ સ્થળે ત્રણ પ્રકારો દેખાય છે, તે માત્ર આત્માના નિર્બળ-પણા અને સબળપણા પર આધાર રાખે છે. માટે જ હવે કહે છે :

**उद्धरेदात्मनाऽऽत्मानं नात्मानवसादयेत् ।**
**आत्मैव ह्यात्मनो बंधुर्-आत्मैव रिपुरात्मनः ॥ ५ ॥**
**આત્માથી તારવો આત્મા, આત્માને ન ડુબાડવો;**
**આત્મા જ બંધુ આત્માનો, શત્રુ આત્મા જ આત્મનો. ૫**

(હે ભારત ! જો તો ખરો; આ જગતની કેવી વિચિત્રતા છે ! આત્મા તો અનંત શક્તિવાળો છે, છતાં દેહધારીઓ એવા અનંતશક્તિવાળા આત્માની સમીપમાં હોઈને પણ કાયરતા અને ભય સેવી રહ્યા છે, તેથી પોતે જ પોતાની જાતને નબળી પાડે છે, દુ:ખી થાય છે અને ડૂબે છે. જ્ઞાન દૃષ્ટિએ જોતાં આત્મા તો સહજાનંદ

સ્વભાવવાળો છે. તે નથી મરતો કે નથી પેદા થતો. તે નથી અજ્ઞાની. ઊલટું કાયમી હસ્તી ધરાવનાર અને સદા જ્ઞાની છે. એની વળી અધોગતિ શી? પરંતુ જેમ ભડભડતી અગ્નિથી ધગધગતા થાંભલાને જાતે બાથ ભીડીને દીવાનો માણસ "બળું છું, બળું છું" એમ બોલે છે અને હાથે કરી હેરાનગતિ વહોરીને દુઃખ પામે છે, પણ મગજના ગાંડપણને લીધે પોતાના હાથમાં ઉપાય હોવા છતાં એ અજમાવી શકતો નથી, તેજ દશા અજ્ઞાની જીવની છે. માટે તને અને સહુને પણ હું એમ કહું છું કે:

આત્માનો આત્મા વડે ઉદ્ધાર કરવો, પણ અધોગતિ ન કરવી. આત્મા જ આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે.

**નોંધ :** આમાંથી બે વસ્તુ ફલિત થાય છે. (૧) આત્મા જ આત્માનો ઉદ્ધારક છે. સદ્‌ગુરુ કે સત્યશાસ્ત્ર તો માત્ર ઉચ્ચ કોટીનાં છતાંય નિમિત્ત જ છે એટલે નૈસર્ગિકનિયમ, સદ્‌ગુરુ અને સત્ય શાસ્ત્રો પર વિવેકપૂર્ણ શ્રદ્ધા રાખી પ્રેરણા લેવી પણ પુરુષાર્થ તો પોતાને જાતે જ કરવાનો છે, એ કદી ભૂલવું નહિ. (૨) આત્મા પોતે જ પોતાનું ભલું કરે છે, તેમ બૂરું પણ પોતે જ કરનાર છે. બહારની ચીજો માત્ર નિમિત્તરૂપ છે. આમ છતાં સવાલ એ થાય છે કે પોતે પોતાનું બૂરું કોણ ઈચ્છે? છતાંય બૂરું થાય છે તે શાથી? જો કે એનો જવાબ તો ઘણીવાર શ્રીકૃષ્ણગુરુએ આપ્યો જ છે, આપણે પણ વિચારી ગયા છીએ કે આત્માની પોતાની નબળાઈના ભ્રમને લીધે, આત્મા જ આત્માનું બૂરું કરી નાખે છે અને પોતાની સબળાઈને લીધે આત્મા જ આત્માનો ઉદ્ધાર કરી શકે છે. છતાં શ્રીકૃષ્ણગુરુ આપણને સમજાવવા માટે આગળ પણ એ જ વાતને સિદ્ધ કરે છે.

**बंधुरात्माऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः ।**
**अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥**
**જીત્યો આત્માથી આત્માને, જેણે તેનો જ બંધુ તે;**
**શત્રુપણે અનાત્માનો, આત્મા વર્તે જ શત્રુવત્. ૬**

જેણે પોતાની જાતને પોતાને બળે જીતી લીધી છે તે તેનો બંધુ છે અને જેણે પોતે પોતાની જાતને જીતી નથી એવા દેહધારીમાં આત્મા હોવા છતાં એ અનાત્મા જેવી દશા ગુજારે છે, માટે તેનો આત્મા શત્રુની જેમ તેની જાતને ખરાબ કરે છે. એટલે કે જેણે પોતાની જાતને જીતી નથી તે પોતાના પ્રત્યે જ શત્રુની જેમ વર્તે છે.

**નોંધ :** ઉપરની વાતને આપણે સ્વીકારી તો લઈએ છીએ કારણ કે તે નક્કર

સત્યથી ભરેલી છે પણ "આત્માને આત્માથી જીતવો એટલે શું બે આત્માઓ છે ?" વળી "આત્મા હાર્યો કેમ અને કોનાથી" "અને જો હાર્યો તો પછી તેની અનંત શકિત, હારતા પહેલાં હતી તે હાર્યા પછી કયાં જતી રહી ?" "અને ધારો કે જતી રહી, તો પછી એવો શકિતહીન આત્મા શકિતધર થઈ જ કેવી રીતે શકે ?" આવી અનેક ચર્ચાઓ ઊભી થાય છે. જો કે તે ચર્ચાઓનું બુદ્ધિ દ્વારા જેટલું સમાધાન થઈ શકે તેટલું કરવા માટે મહાપુરુષોએ પ્રયત્ન કર્યો છે. પરંતુ પ્રથમ શ્રદ્ધા અને વિવેકી પુરુષાર્થને લીધે જેમ જેમ અનુભવ થતો આવે છે, તેમ તેમ જ એ વાત ચોખ્ખી રીતે સમજી શકાય છે.

આથી જિજ્ઞાસુએ જૈન સૂત્રો અનુસાર અગાઉ કહ્યું તેમ આત્માની ત્રણ દશાઓ કલ્પી લેવી. (૧) પરમાત્મ દશા (૨) અંતરાત્મ દશા (૩) બહિરાત્મ દશા. એ પૈકી બહિરાત્મ દશાને દૂર કરી પરમાત્મા ઉપરની પ્રતીતિ રાખીને અંતરાત્મદશા જાગતી રાખવાનો પ્રબળ અને સાચો પુરુષાર્થ કર્યા કરવો. સાદા શબ્દોમાં કહીએ તો મન અને ઈન્દ્રિયો મનોજ્ઞ વિષયો તરફ લલચાવવા મથે કે અમનોજ્ઞ પદાર્થો તરફ દ્વેષ ઉપજાવવા મથે ત્યારે રાગદ્વેષને વશ ન થતાં સમતા રાખવી. આનું જ નામ તે આત્મા જીત્યો ગણાય. અને એથી ઊલટું વર્તન થઈને જો વિષમતા આવી, તો પછી તેમ આત્મા હોવા છતાં અનાત્મા જ થઈ ગયો. કારણ કે જડ જેમ પરતંત્ર છે, તે તે પણ જડની માફક પરતંત્ર બની જાય છે. જડને સારાસાર ઓળખવાનું જ્ઞાન નથી, તેથી તે આમતેમ અથડાય છે; તેવી રીતે આવો અનાત્મા પણ સારાસારનું ભાન ગુમાવી આમતેમ સંસારની ઘટમાળમાં ગૂંચાય છે. આનું જ નામ તે અનાત્મા અથવા બહિરાત્મા આવો આત્માનો શત્રુ જીવ એ મન અને ઈન્દ્રિયોનો ગુલામ બની પોતે જ પોતાનું અહિત કરે છે. જો કે પોતાનું હિત કરવા ઈચ્છે છે ખરો, પણ વિષયોની લંપટતામાં અહિત જ આચરે છે. એટલે આ રીતે આસકિતથી બંધાયેલાં કર્મો એને અજ્ઞાનમાં જકડી રાખે છે. પણ જેણે આત્માને જીતી લીધો તેને તો પછી અશાન્તિ રહેતી જ નથી. હવે શ્રીકૃષ્ણચંદ્ર પોતાના શિષ્યને કહે છે : સાંભળ, હવે તે કેવો હોય છે તે કહું છું. અને વળી યોગારૂઢ યોગી અથવા તો યુકત યોગી કેવી દશામાં વર્તે છે, તે પણ કહું છું :

जितात्मनः प्रशांतस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानपमानयोः ॥ ७ ॥

**ટાઢે ઉને સુખે દુઃખે, માન કે અપમાનમાં;**
**પરં આત્મા રહે સ્થિર, આત્મજિત પ્રશાંતનો. ૭**

("ધનંજય !") જેણે આત્માને જીત્યો અથવા બીજા શબ્દોમાં કહું તો જેણે મન જીતી લીધું, તે ઉચ્ચકોટીની શાન્તિનો અધિકારી થઈ જ ચૂકયો. એવા મનોજિત અને ઉચ્ચ કોટીની શાન્તિવાળાનો આત્મા તે પરંઆત્મા (એટલે કે વિશુદ્ધ કોટીનો આત્મા) કહેવાય છે. (આવો પરંઆત્મા) પોતાના દેહને પોતાથી જુદો જુએ છે એટલે એને માન મળે કે અપમાન મળે, ટાઢું મળે કે ઊનું મળે; ટાઢ પડે કે તડકો પડે, ઈન્દ્રિયજન્ય સુખ મળે કે દુઃખ મળે- એવી એવી બધી બાબતોમાં તે પુરુષ સમધારણાપૂર્વક - ધૈર્યપૂર્વક- સમતાપૂર્વક રહે છે. (અહીં જીવરામ શાસ્ત્રીની પાઠાંતર સાથેની ભગવદ્ ગીતામાં ચોથું ચરણ 'પરમાત્મસુ સમા ગતિઃ' છે, એટલે એવા આત્મવિજેતા શાન્ત પુરુષની બુદ્ધિ બીજા જીવો પર સમાન રહે છે.)

**નોંધ :** આનું જ નામ તે ખરો આત્મ સાક્ષાત્કાર. ખરી શાન્તિ અને ખરા મનોવિજયનું માપ પણ આ જ. આગળ વધતાં હવે તેઓ કહે છે : અને હે પાર્થ !

**ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेंन्द्रियः ।**
**युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकांचनः ॥ ८ ॥**

**જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત, સ્થાયી આત્મા જિતેંન્દ્રિય;**
**પાણા ઢેફું સમું સોનું, જાણે તે યુકત યોગી છે. ૮**

(અને ભારત !) જ્ઞાન (એટલે કે સામાન્ય આત્મજ્ઞાન) અને વિજ્ઞાન (એટલે કે સંપૂર્ણ આત્મજ્ઞાન તથા વિશ્વજ્ઞાન)થી એવા પુરુષનો આત્મા તૃપ્ત રહે છે. વળી તે કૂટસ્થ (એટલે કે પોતાના સ્વરૂપમાં સ્થાયી) અને ઈન્દ્રિયોનો સર્વ પ્રકારે વિજયી હોવાથી એને મન પાણો, ઢેફું અને સોનું બધું સરખું જ છે, તેથી જ તે યુકત યોગી કહેવાય છે.

**નોંધ :** અતૃપ્તિનું મૂળ બાહ્ય પદાર્થ કે પરિસ્થિતિ નથી, પણ પોતે છે એ ભાન થવું એનું નામ જ્ઞાન. એવા જ્ઞાનપૂર્વકના આચરણથી આત્માનંદ મળે છે. તેથી તે અવિચળ રહી શકે એ સમજી શકાય છે. ઢેફા, અને સોના વચ્ચે જે ફેર છે તે માત્ર રાસાયણિક ફેર છે, વસ્તુ સ્વરૂપે બન્ને એક જ છે. ઢેફું પણ પરમાણુઓનો જ સંચય છે. સોનું પણ પરમાણુઓનો જ સંચય છે. આટલું યથાર્થ જાણ્યા પછી સોના પર મોહ કોને થાય ? ઢેફું અને સોનું સરખું જાણવું એનો અર્થ ઢેફાને સોનું માનવું કે સોનાને ઢેફું માનવું એમ નથી, પણ જેમ ઢેફું પડયું હોય તો રસ્તે જનારને લેવાનું મન નહિ થાય, તેમ રસ્તામાં પારકું પડેલું સોનું પણ લેવાનું મન નહિ થાય. સારાંશ કે તે વસ્તુ વાપરશે પણ વસ્તુનો મોહ નહિ થવા દે. એ જ કારણે તે યુકત

યોગી કહેવાશે. એનું જીવન જ એવું હશે કે નીતિ, સદાચાર, સંતોષ, સંયમ એ બધું તો એને સ્વાભાવિક જ હશે.

અહીં વળી એ સવાલ થાય છે કે યોગીને ચડિયાતો કહ્યો તે શાથી ? એના સમાધાનમાં શ્રીકૃષ્ણગુરુ કહે છે.

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

**સખા શત્રુ ઉદાસી કે, મધ્યસ્થ વૈરી બન્ધુમાં;**
**સાધુ પાપી તથા મિત્રે, સમાન બુદ્ધિ ઉચ્ચ છે. ૯**

(પરંતપ ! કર્મસંન્યાસથી કર્મયોગ ચડિયાતો આ રીતે છે કે, કર્મ-સંન્યાસ કરનારને લોકસમૂહમાં આવવાના પ્રસંગો વિરલ જ આવે છે પરંતુ કર્મયોગથી જોડાયેલાને તો લોકસમૂહ વચ્ચે જ રહેવાનું હોય છે. એટલું જ નહિ, બલકે લોકસમૂહનાં કલ્યાણકર કાર્યો સતત કરવાનાં હોય છે. એટલે એવા પુરુષ ઉપર કોઈ માણસ પોતાનો સ્વાર્થ હણાતો હોય તો દ્વેષ કરે છે, તો કોઈ વળી પોતાનું ભલું થતું હોય એટલે મિત્રતા પાથરે. સજ્જન માણસોના સંગાથે પણ એને કામ લેવાનું હોય છે અને પાપીમાં પણ ઊંડે રહેલી સાધુતા ખીલવવાની કોશિશ કરવાની હોય છે. આ બધું ત્યારે જ બની શકે છે, જ્યારે પૂરેપૂરી સમભાવવાળી બુદ્ધિ બને છે. એટલે જ કહું છું કે) સખામાં, શત્રુમાં (જો કે યોગી પોતે કોઈને શત્રુ ન માને પણ સામો માણસ શત્રુ ભાવ ધારણ કરે તો તે અપેક્ષાએ આ બીના છે.) ઉદાસીમાં (કોઈ પોતા પ્રત્યે ઉદાસી હોય તો તેના ઉપર), મધ્યસ્થા મનુષ્ય ઉપર, દ્વેષ કરનાર ઉપર, બંધુઓ ઉપર, સાધુઓ ઉપર અને પાપીઓ ઉપર, યોગી સમભાવ વાળી બુદ્ધિથી વર્તે છે, માટે જ કર્મયોગી-યોગારૂઢ-સિદ્ધયોગી-સહુથી ચડિયાતો છે.

**નોંધ :** અહીં લગી યોગારૂઢનો મહિમા ગાયો, હવે જેણે તેવી ભૂમિકા પ્રાપ્ત કરવી હોય તેણે કેમ વર્તવુ એ વિષે શ્રીકૃષ્ણગુરુ અર્જુનને ઉદ્દેશીને કહે છે : " અર્જુન ! તું એમ ન માનીશ કે કર્મયોગી તો એકાંતમાં રહે જ નહિ, લોકસમૂહમાં જ રહે !" એવું ઐકાંતિક કથન હું કદી નથી કહેતો. પ્રાથમિક ભૂમિકામાં, કર્મયોગીને પણ વારંવાર એકાંતની અને સાધના માટેનાં અનુકૂળ સાધનોની પણ જરૂર છે. પરંતુ કર્મયોગી અને કર્મસંન્યાસી વચ્ચે મોટો ફેર એ છે કે કર્મયોગી આ બધી સાધનાને માત્ર સાધન જ માને છે, સાધ્ય નથી માની બેસતો. એટલે ઈન્દ્રિયો અને મન

બુદ્ધિને વશ કરવા પૂરતો જ તે આવી સાધના કરે છે. એ લક્ષ્ય ભૂલતો નથી. એટલે પ્રસંગ પડે કે તુરત પોતાનાં સઘળાં કર્તવ્યો માટે તૈયાર રહે છે એ કર્તવ્ય કર્મોથી ડરીને ભાગતો નથી.* જો હવે હું એવા યોગીએ સાધના કેમ કરવી ? તેનો આકાર કહું છું :-

योगी युंजीत सततम्-आत्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ १० ॥
शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोतरम् ॥ ११ ॥
ततैकाग्रं मनः कृत्वा यतचितेंद्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥१२॥
समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशाश्चानवलोकयन् ॥ १३ ॥
प्रशांतात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥ १४ ॥
युंजन्नेवं सदाऽऽत्मानं योगी नियतमानसः ।
शांति निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

**વિજેતા ચિત્ત આત્માનો, આશાત્યાગી અસંગ્રહી;**
**એકાકી યોગી એકાંતે, આત્મા યોજે નિરંતર. ૧૦**
**વસ્ત્ર ચર્મ અને દાભ, સ્થાપી શુદ્ધ સ્થળે પછી;**
**ન બહુ ઊંચું કે નીચું, કરીને સ્થિર આસન. ૧૧**
**ચિત્તેંદ્રિય ક્રિયા રોકી, એકાગ્ર મનને કરી;**
**આત્મશુદ્ધિ તણા કાજે, ત્યાં બેસી યોગ આદરે. ૧૨**
**રાખી માથું, ગળું, કાયા, સમાન અચલ સ્થિર;**
**નાસિકાગ્રે ધરી દૃષ્ટિ, નહિ જોતો દિશા ભણી. ૧૩**
**નિર્ભય ને પ્રશાન્તાત્મા, બ્રહ્મચર્ય વ્રતે ઠર્યો;**
**મને રોકી હુંમાં ચિત્ત રાખી યુકત રહે હુંમાં. ૧૪**

* સંન્યાસીનાં સાધના અને કાર્યક્ષેત્ર નિરાળાં હોઈ એમાં બાહ્ય દૃષ્ટિએ નિવૃત્તિની પ્રધાનતા દેખાય છે. જ્યારે આવા યોગીમાં બાહ્ય દૃષ્ટિએ પ્રવૃત્તિની પ્રધાનતા દેખાય છે.

**યોજતાં નિત્ય આત્માને, એમ યોગી મનોજયી;**
**નિર્વાણની પરં શાંતિ, પામે જે હું વિશે રહી. ૧૫**

(પરંતપ !) યોગના ઉપાસકે (૧) સૌથી પ્રથમ તો એકાંતનું સ્થળ પસંદ કરવું (૨) (બીજી કશી ઉપાધિ રાખ્યા વિના) ત્યાં એકાકીપણે રહેવું (૩) ચિત્તરૂપી આત્માને નિયમમાં રાખવો (જૈન પરિભાષા પ્રમાણે કહીએ તો બહિરાત્મભાવને દઢ સંકલ્પ દ્વારા કાબૂમાં રાખવો. સાધના કાળ દરમ્યાન પણ વશ રહે તો ઉત્તમ જ છે.) (૪) કોઈપણ પ્રકારની આશા ન રાખવી (૫) સંગ્રહ ન રાખવો. (અને જરૂરિયાતની ચીજ હોય તે પરથી મમતા ઉતારી નાખવી. આટલી તૈયારી સાથે) નિરંતર યોગ કર્યા કરવો.

(અને હે ભારત ! હવે આસન કયાં અને કેવી રીતે રાખવું તે વિષે કહું છું :) પવિત્ર ઠેકાણું જોઈ દાભ (અહિંસક) ચામડું અને વસ્ત્ર એમ ક્રમપૂર્વક ઉપરાઉપર પાથરેલું, ન બહુ ઊંચું કે ન બહુ નીચું એવું સમ તથા સ્થિર આસન પોતા સારુ કરીને ત્યાં આગળ બેસી એકાગ્ર મન કરી તેમજ ચિત્ત અને ઈન્દ્રિયોની ક્રિયા રોકીને આત્માની વિશુદ્ધિ માટે જ (નહિ કે બીજા કોઈ હેતુ માટે) યોગની આરાધના કરવી.

(અરે કૌંતેય ! ખરે જ કહું છું કે) કાયા, ડોક અને મસ્તક સમાન, અચલ અને સ્થિર રાખીને, દિશાઓ ન નિહાળતો છતો માત્ર નાકના અગ્ર ભાગ ઉપર નજર ઠેરવીને (એટલે કે ભ્રૂકુટિ વચ્ચેના ભાગ પર દૃષ્ટિ ઠેરવીને) પૂર્ણ શાન્તિપૂર્વક ભય રાખ્યા વિના બ્રહ્મચર્ય વ્રતમાં ઠરી ગયેલો મન રોકીને મારા વિષે જ ચિત્તને પરોવીને, હું વિશે જ જોડાયેલો રહે.

આમ (ઉપર પ્રમાણે) આત્માને પરમાત્મા સાથે જોડતો છતો મનનો વિજેતા યોગી મારામાં (શુદ્ધ આત્મામાં) રહેલી નિર્વાણ સંબંધી પરં શાન્તિને પામી જાય છે.

**નોંધ :** યોગ સાધનામાં (૧) એકાંતનું સ્થળ પસંદ કરવાનું એટલા માટે કહ્યું કે માનવ સમુદાય વચ્ચે વાતાવરણ ધૂંધવાયેલું હોવાથી સાધકને નવા અને તાજા વિચારો લાવવામાં ભારે મુશ્કેલી પડે છે, જ્યારે એકાંતનું અને નિરાળું સ્થળ હોય તો ત્યાંનાં આંદોલનો નિર્મળ હોવાથી સાધકને નવા અને તાજા વિચારો લાવવા સરળ થઈ પડે છે. પર્વતની ગુફા કે મસાણની સૂચના જૈનસૂત્રોએ આ દૃષ્ટિએ કહી હોય એમ લાગે છે. (૨) એકાકી રહેવાનું એટલા માટે કહ્યું કે સંબંધોથી નિર્લેપ રહેવાય તેટલી સાધના સરસ થાય અને પોતે કેટલો નીડર તથા સ્વાશ્રયી છે એની

પણ કસોટી થાય. (૩) ગીતાકાર ચિત્ત અને મન શબ્દને ઘણી વખત જુદા લે છે અને કેટલીક વાર ચિત્તની સાથે આત્મ શબ્દ મૂકે છે. ચિત્ત, બુદ્ધિ, મન એ માત્ર કાર્ય પરત્વે જુદાં જુદાં કહેવાય છે, વસ્તુતઃ એક જ છે. પરંતુ ચિત્ત શબ્દ ઘણુંખરું જૈન શાસ્ત્રો માંહેલા બહિરાત્માના અર્થમાં જ ગીતાકારે વાપરેલો છે. બહિરાત્મા એટલે મોહમાં નિજભાન ભૂલેલો આત્મા. આવા આત્માને કાબૂમાં લેવો જોઈએ, એટલે કે સાધના કરતી વેળાએ મોહ તજવો જોઈએ. (૪) મમતા તજવી જોઈએ અને આત્માની વિશુદ્ધિ સિવાય કશી જ આશા યોગ પાછળ રાખવી ન જોઈએ. મતલબ કે "મોહ-મમતા-આશા તજી એકાકીપણે એકાંત સ્થળે યોગના પ્રાથમિક ઉપાસકે જવું જોઈએ" આમ કહ્યા પછી ગીતાકારે આસન કેવું અને કયાં રાખવું તે બતાવ્યું. ગીતાકાળમાં દાભડો પુષ્કળ હશે. દાભડાથી નાનાં ઝેરી જંતુઓ દૂર રહેતાં હોય છે માટે તે વસ્તુ લીધી છે. અહિંસક મૃગચર્મ તે કાળે જંગલોમાં સહેજે મળતાં, એટલે કે વગર ખર્ચે એ વસ્તુ મળી જાય અને આજુબાજુનાં નાનાં જીવ જંતુઓ ઉપર ન ચઢે તેટલા માટે આમ કહ્યું છે. આને કોઈ રૂઢિથી જ ન પકડી રાખે, પણ ગીતાકારની મતલબને સમજી લે. એમની મતલબ એ છે કે આસન ગમે તે જાતનું ભલે હો, પણ એવું હોવું જોઈએ કે જેથી કોઈ જીવને ઈજા ન પહોંચે તથા નાની જીવાત અંગ ઉપર ચડીને પોતાની એકાગ્રતાનો ભંગ ન કરાવે. આ દષ્ટિએ જ સર્વધર્મમાં આસન ઉપર બેસી પ્રભુ ભજન કરવાનું કહ્યું છે.

એ આસન ન અતિ ઊંચું કે ન અતિ નીચું, એમ સમાન અને સ્થિર રાખવાની ખાસ ભલામણ એટલા માટે કરી છે કે કાયા ડગી ન જાય. આ રીતે ત્યાં બેઠા પછી વળી કાયા, ડોક અને માથાને સ્થિર રાખવાનું એટલા સારુ કહ્યું કે શરીરમાં ચાલતા શ્વાસોશ્વાસનીગતિ સહજ રહે."

આસન પણ અડોલ જોઈએ કે જેથી કાયાને સ્થિર રાખવા છતાં અસ્થિર ન થઈ જાય. વળી શરીર પોતે પણ અડોલ રહેવું જોઈએ. મનની એકાગ્રતા કરીને બહિરાત્મા તથા ઈન્દ્રિયોની ક્રિયા રોકીને માત્ર ભ્રૂકુટિની વચ્ચે દષ્ટિ ધારી રાખવી. આમતેમ ન જોવું એમ કહેવાનો આશય એ કે આત્માને પરમાત્મામાં જોડવા માટે આવી સ્થિતિ લાવવી જોઈએ. વળી ભય પણ ન હોવો જોઈએ. જાનમાલની મમતા હોય ત્યાં જ ભય હોય છે અને ભય હોય ત્યાં લગી શાન્તિપૂર્વક સાધના ન થાય. રખે મારી માલમત્તા કોઈ લઈ જશે ! રખે મારા દેહને કોઈ હરકત કે ઈજા પહોંચાડશે ! આવો ચંચલ-મમત્વી સાધક આત્માને શાંત કેમ રાખી શકે ? માટે જ

કહ્યું કે બ્રહ્મચર્ય વ્રત પાળવું. મન, વચન અને કાયાથી બ્રહ્મચર્યવ્રત પાળનાર જરૂર દેહમૂર્ચ્છાથી પર અને નિર્ભય બને છે. આ રીતે મનને કાબૂમાં રાખવું, પ્રભુમાં ચિત્ત પરોવવું અને પ્રભુપરાયણ રહેવું.

એમ હમેશાં સાધના કરનારો યોગી છેવટે યોગારૂઢ થાય છે અને શુદ્ધ આત્માની નિર્વાણ દશામાં રહેલી ઉચ્ચ કોટીની શાન્તિ મેળવે છે.

આત્મામાં રહેલી શાંતિ ન મળે, ત્યાં લગી જીવને ચેન પડતું જ નથી. એથી સહુનું ધ્યેય તો એ જ છે. એટલે આ માર્ગે ગયા વિના છૂટકો નથી.

આ ઉપરથી ગીતાજીના યોગમાં પણ સાધનાને અવકાશ છે. એકાંત સ્થળ અપરિગ્રહીપણું, બ્રહ્મચર્યવ્રત, એકાકીપણું, ઈન્દ્રિયસંયમ, મનસંયમ, આશા-તૃષ્ણારહિતપણું આ બધાં લક્ષણો તો સંન્યાસીને પણ જરૂરનાં છે. એટલે પ્રથમ પ્રથમ તો ગીતાના યોગીને પણ સંન્યાસીને છાજતી નિવૃત્તિ અને સાધના આચરવી જ પડે છે. એટલે જ ગીતાનો યોગ અને સંન્યાસ બન્ને તાત્ત્વિક રીતે તો એક જ છે, એ વાત ચોખ્ખી દીવા જેવી સ્પષ્ટ થાય છે. તે જ રીતે વળી ખરા સંન્યાસીને ગીતાના યોગની એટલે કે સમભાવની સૌથી પ્રથમ જરૂર પડે છે, તે વાત પણ તેટલી જ સાચી છે.

હવે સવાલ એ થાય છે કે તો પછી એકલા સંન્યાસ ઉપર જ ગીતાકાર ભાર કેમ નથી આપતા ? શા માટે યોગનાં જ ગાણાં ગાયા કરે છે ?

એ સવાલનો જવાબ સ્પષ્ટ છે અને તે એ છે કે ગીતાકારને એકાંત ત્યાગ અને એકાંત ભોગ બન્ને કરતાં વચલી સ્થિતિ જ ગમે છે અને વાત પણ તે જ સાચી છે. એકાંત ભોગમાં જેમ આત્મા નિચોવાઈ જાય છે તેમ એકાંત ત્યાગમાં પણ શુષ્કતા અને જડતા આવી જાય છે માટે ગીતાકાર બન્ને ત્રાજવાંને સરખાં રાખવાનું મધ્યબિંદુ આપવા માગે છે.

નીચેના શ્લોકમાં એમના આખાય કથનનો સાર આવી જાય છે.

> नाऽत्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
> न चाऽतिस्वप्नशीलस्य जाग्रतो नैव चाऽर्जुनः ।। १६ ।।
> युक्ताऽऽहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
> युक्तस्वप्नाऽवबोधस्य योगो भवति दुःखहा ।। १७ ।।

**ન એકાંતે ભૂખ્યાને કે, ન અતિ જમનારને;**
**ન યોગ જાગનારાને, ન અતિ ઊંઘનારને. ૧૬**
**નિદ્રા-જાગ્રતિ, આહાર-વિહાર કર્મમાત્રમાં;**
**પ્રમાણવંતનો યોગ હોય છે દુઃખહારક. ૧૭**

(પ્રિય કૌંતેય ! હૃદય અને બુદ્ધિ બંને વણખીલેલાં કે ખીલેલાં સહુ કોઈમાં હોય છે. લાગણી ઊભરાય ત્યારે વિવેકબુદ્ધિ જળવાઈ રહે અને તર્ક વેળાએ ભાવના જળવાઈ રહે, તો અનિષ્ટમાત્રનો અંત આવી જાય. આવી સમસ્થિતિને જ હું યોગ કહું છું. આવા યોગ માટે "અતિ સર્વત્ર વર્જયેત્" એ મહાસૂત્ર છે. અંતરના સમભાવની સાધના સારુ ક્રિયામાત્રમાંથી પણ અતિરેક દૂર કરવો જોઈએ. આજે તારું વલણ એકાંતે ક્રિયાત્યાગ પરત્વે છે, માટે તારા મનને તું જ તારા જ્ઞાનની લગામથી રોકીને વલણ બદલાવવા ખાતર બીજા માર્ગે પ્રયાણ કર એમ હું ઈચ્છું છું. વલણ એટલે પ્રાકૃતિક ખેંચાણ. આવું પ્રાકૃતિક ખેંચાણ ઘણા કાળના સંસ્કારોથી ઊપજે છે એટલે પૂર્વની કુટેવો છોડી નવેસરથી ખંત અને વિચારપૂર્વક નવી સુટેવોને સ્થાપવા માટે ભગીરથ પ્રયત્ન કરવો પડે છે. ડગલે ને પગલે સાવધાન રહેવું પડે છે, એટલે હમણાં તો તારે આ જપસૂત્ર સામે જ રાખવું જોઈએ કે એકાંતે ઉપવાસ કરી એકલી લાંઘણ કરી ભૂખ જ વેઠયા કરે તેથી કશો અર્થ સરતો નથી. શરીર એ પણ કિંમતી ધર્મ સાધન છે. એને કેવળ ક્ષીણ કરી નાખવું એ અનુચિત છે. તેમજ અતિ ખોરાકથી પણ શરીરમાં પ્રમાદ પેસીને રોગિષ્ઠ દશા વધારે છે અને વિકારી બનાવે છે તેથી પણ અનર્થ થાય છે. એટલે શરીરને અનહદ લાલનપાલનથી બગાડી નાખવું તે પણ આપત્તિજનક છે, માટે જ કહું છું કે) નથી એકાંતે ભૂખ્યાંને યોગ સાંપડતો કે નથી અતિ જમનારને (અકરાંતિયાને) પણ યોગ સાંપડતો. અને એ જ પ્રમાણે નથી હોતો યોગ જાગરણ કરનારાને કે નથી હોતો યોગ કેવળ ઊંઘણશીને. પરંતુ જે નિદ્રામાં, જાગૃતિમાં, આહારમાં, વિહારમાં તેમજ કર્મમાત્રમાં પ્રમાણપૂર્વક (નિયમિતપણે) વર્તે છે, તેને જ (હું જેવા યોગની વાત કરું છું તેવો) યોગ દુઃખ હરનાર હોય છે.

**નોંધ :** પ્રમાણસર વર્તનથી યોગ સાંપડે છે. આથી ફલિત એ થયું કે સમભાવમાં નિયમિતતા, વ્યવસ્થિતતા અને ઉપયોગિતાની ત્રિપુટી તો પહેલી જ જોઈએ. આવો સમભાવરૂપ યોગ સાધ્યો એને દુઃખ રહ્યું જ કયાં ? એથી જેમ પ્રભુને કે આત્માને ભીડભંજન કહી શકાય તેમ આ યોગને પણ દુઃખભંજન કહી જ શકાય.

तदा विनियतं चित्तमात्मन्येवाऽवतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ १८ ॥
यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
योगिनो यतचितस्य युञ्जती योगमात्मनः ॥ १९ ॥
यत्रीपरमते चितं निरुद्धं योगसेवया ।
यत्र चैवाऽऽत्मनाऽऽत्मानं पश्यन्नाऽऽत्मनि तुष्यति ॥ २० ॥
सुखमात्यंतिकं यत्तद्(यत्र)बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेति यत्र न चैवाऽयं स्थितेश्चलति तत्त्वतः ॥ २१ ॥
यं लब्धा चाऽपरं लाभं मन्यते नाऽधिकं ततः ।
यस्मिन् स्थितो न दुःखेन गुरुणाऽपि विचाल्यते ॥ २२ ॥
तं विद्याददुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥ २३ ॥

**જ્યારે ચિત્ત થઈ તાબે, આત્મામાં જ કરે સ્થિતિ;**
**નિઃસ્પૃહી સર્વ કામોથી, ત્યારે યોગી ગણાય છે. ૧૮**
**આત્માનો યોગ યોજંતા-નિયમીચિત્ત-યોગીના;**
**જીવ, સ્થિર રહે જેમ, વાયુ હીણા સ્થળે દીવો. ૧૯**
**યોગસેવી નિરોધેલું, વિરમે ચિત્ત જ્યાં વળી;**
**પેખી આત્માથી આત્માને, આત્મામાં તૃપ્તિ જ્યાં થતી. ૨૦**
**અનંત-ઈન્દ્રિયાતીત-બુદ્ધિથી ગ્રાહ્ય જે સુખ;**
**તે વેદે જ્યાં-રહ્યો ત્યાં આ - ચળે ન આત્મતત્ત્વથી. ૨૧**
**જે મળ્યાથી બીજો લાભ ન વિશેષ મનાય છે;**
**જ્યાં રહ્યો ને ડગે આત્મા, મહા દુઃખ થકી વળી. ૨૨**
**દુઃખ સંયોગ હીણી તે, યોગ સંજ્ઞા જ જાણવી;**
**સાધવા યોગ્ય નક્કી તે, યોગ; અખિન્ન ચિત્તથી. ૨૩**

(વળી અર્જુન ! જેમ ત્યાં દુઃખનો અભાવ છે, તેમ સુખ પણ છે જ. અને તેય સુખ એવું કે બીજે કયાંય ન મળે તેવું. પણ આવી યોગદશા કયારે સાંપડે છે, તે તું જાણે છે ? જો તને હું કહું છું :) જ્યારે તાબે થયેલું ચિત્ત આત્મામાં જ સ્થિતિ કરે છે,

ત્યારે સર્વ કામોથી સ્પૃહારહિત એવો તે પુરુષ યોગી ગણાય છે.

આવો ચિત્તસંયમી પુરુષ આત્માની સાથે યોગ યોજતો થકો જ વર્તે છે, તેથી તેવા યોગીની એક ઓળખાણ એ પણ છે, કે જેમ વાયુ રહિત સ્થળમાં રહેલો દીવો સ્થિર રહે છે, તેમ તેનો આત્મા પણ સ્થિર રહે છે.

જ્યાં આ રીતે યોગ સેવીને નિરોધેલું ચિત્ત વિરમી જાય છે અને તે જ રીતે જ્યાં આત્માને આત્માદ્વારા આત્મામાં જ તૃપ્તિ થાય છે, તેમજ જે મળ્યા પછી કોઈપણ બીજો લાભ વિશેષ મનાતો નથી (પછી એ મનુષ્યલોક સંબંધી હો કે દિવ્ય હો !) ઉપરાંત જ્યાં રહેલો આત્મા મહાન દુઃખ થકી ડગતો જ નથી.

ઈન્દ્રિયોથી પર, અંતરહિત અને બુદ્ધિ દ્વારા જ જે સુખ ગ્રહણ કરી શકાય તે સુખ જ્યાં રહ્યો થકો તે (આત્મા) પોતાના મૂળ તત્ત્વથી ચલિત થતો નથી. દુઃખના સંયોગથી છેક જ વેગળી (એટલે કે જ્યાં દુઃખનો છાંટો પણ નથી તેવી) દશાને યોગ દશા કહેવાય છે. આવી યોગ દશા અવશ્ય સાધવા યોગ્ય જ છે. અને તે પણ ખેદ વગરના ચિત્તદ્વારા.

**નોંધ :** ઉપલા અર્થોમાં સ્પષ્ટ બીના છે. ચિત્ત આત્મામાં સ્થિર થવું જોઈએ. જ્યાં લગી ચિત્ત આત્મામાં સ્થિર ન થાય ત્યાં લગી કામભોગોની તૃષ્ણા છૂટે નહિ. જેમ આ વાત સાચી છે, તેમ એ વાત પણ એટલી જ સાચી છે કે કામભોગની લાલચ છૂટે નહિ ત્યાં લગી આત્મામાં ચિત્તની સ્થિરતા થાય નહિ.

પણ સવાલ તો એ છે કે આવી ચિત્તની ઉપરતિ (વિરામ સ્થિતિ) આવે કયારે ? એના જવાબમાં ગીતાકારે કહ્યું કે યોગસેવા દ્વારા. ગીતાકારનો યોગ કેવો છે તે તો આપણે ઘણીવાર વિચારી ગયા.

ચિત્તનું આત્મામાં ઉપરમણ થાય એટલે આત્માદ્વારા આત્મામાં જ આત્માને નિહાળીને ખૂબ સંતોષ થાય છે. આ સંતોષમાં પ્રકાશ અને સુખ બન્ને હોય છે. એ સુખ માત્ર ભાવનાદ્વારા જ વેદાય છે. આવી સ્થિતિ તે જૈનસૂત્રો માંહેલું ક્ષાયિક સમકિત. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી એવું પતન તો કદી જ નથી થતું કે જે આત્માને સંસાર ભ્રમણ કરાવે.

ખરી જ વાત છે કે આત્મજ્ઞાનથી બીજો કયો વિશેષ લાભ હોઈ શકે ? દુઃખનું જ્યાં નામનિશાન નથી, તે જ સુખ સાચું સુખ છે. જે સુખની પાછળ દુઃખની લાળ છે, તે ખરું સુખ જ નથી. ખેદરહિત ચિત્તતી નિશ્ચયપૂર્વક આવા યોગમાં યોજાવું

જોઈએ. એટલે કે અગાઉ કહી ગયા તેમ જે રીતે આ સમભાવરૂપી યોગમાં નિયમિતપણું, વ્યવસ્થા અને ઉપયોગની ત્રિપુટી જોઈએ, તેમ નિશ્ચયબળ પણ જોઈએ અને ખેદ રહિત ચિત્તથી એ સાધના થવી જોઈએ. એક રીતે એમ પણ કહી શકાય કે જે નિશ્ચય ખેદપૂર્વક બંધાયો હોય તે દુરાગ્રહ ઠેઠ લગી ટકે પણ નહિ અને જ્યાં લગી ટકે ત્યાં લગી અનેક અનર્થો ઉપજાવે !

સંભવ છે કે આવી દશા એકાએક ન પામી શકાય. તો ધીરેધીરે કેમ આગળ વધવું તે માટે હવે ગીતાકાર કહે છે :

**संकल्पप्रभवान् कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।**
**मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥ २४ ॥**
**शनैः शनैरुपरमेद-बुद्धया धृतिगृहीतया ।**
**आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ॥२५॥**
**સંકલ્પે કામ જે જન્મ્યા, સર્વે સંપૂર્ણ તે તજી;**
**મનથી જ ઈન્દ્રિયો સર્વે, તાબે ચોમેરથી કરી. ૨૪**
**ધૃતિ ગૃહીત બુદ્ધિથી, ધીમે ધીમે નિવર્તવું;**
**આત્મામાં મનને સ્થાપી, ચિંતવવું નહિ કશું. ૨૫**

(ધનંજય ! સાધનાના અનેક પ્રકારો છે અને એમ જોતાં અગાઉ કહેલી સાધના ન થઈ શકે તો વળી બીજા પ્રકારે તને કહું છું તે સાંભળ) જે કામનાઓ સંકલ્પથી જન્મી હોય તે બધી કામનાઓને પૂરેપૂરી છોડીને, મન વડે જ સઘળી (જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય સહુ) ઈન્દ્રિયોને ચોમેરથી બરાબર નિયમમાં લાવીને, ધૃતિથી ઘડાએલી બુદ્ધિ વડે ધીમે ધીમે નિવૃત્તિને માર્ગે જવું, મનને તો આત્મામાં જ રૂડી રીતે સ્થિર કરી દેવું અને આવી સાધના વખતે કશુંય ચિંતવવું નહિ.

**નોંધ :** આમાં મનોલયનો માર્ગ બતાવ્યો છે. મનમાંથી જે સંકલ્પ-વિકલ્પો ઊઠે છે, તે સહુનો ત્યાગ કરવો. કારણ કે તે સંકલ્પ વિકલ્પો ઘણાખરા નકામા અને સંસાર વધારનારા તેમજ આત્માને અસ્થિર કરનારા હોય છે. નિશ્ચયબળ, એ આત્માના ઘરની વસ્તુ છે, માટે તેમાંથી ફળતી ઈચ્છાઓ અને મનના સંકલ્પ વિકલ્પોથી ઊઠતી ઈચ્છાઓ વચ્ચે આકાશ પાતાળ જેટલું અંતર છે. નિશ્ચયબળથી ફળતી ઈચ્છા એ મોક્ષાભિલાષા કહેવાય છે. સંકલ્પવિકલ્પથી ઊપજતી ઈચ્છા કામના કહેવાય છે. એકથી સંસાર ઘટે છે, બીજીથી વધે છે. સંસાર ઘટાડવા

ઈચ્છનારે સંસાર વધારે તેવી ઈચ્છાને છાંડયા સિવાય છૂટકો નથી. શ્રીમદ્ પણ કહે છે : "સર્વભાવથી ઔદાસિન્ય વૃત્તિ કરી" લેવી જોઈએ.

મનના સંકલ્પોવિકલ્પો તજ્યા એટલે મન નવરું પડયું અને જો મન નવરું પડે તો વળી બીજું નખોદ વાળે માટે શ્રીકૃષ્ણ ગુરુએ કહ્યું કે બધી ઈન્દ્રિયોને બધી રીતે નિયમે લાવવામાં મનને લગાડી દેવું.

ઈન્દ્રિયોને નિયમમાં લાવવાનો અર્થ એ કે, (૧) કાં તો કામુકી ચેષ્ટા રહિત દશામાં મૂકવી અને (૨) કાં તો ભક્તિરસમાં તરબોળ કરી મૂકવી અને ધીરે ધીરે ધૃતિગૃહીત બુદ્ધિથી નિવૃત્તિને માર્ગે જવું.ધૃતિગૃહીત બુદ્ધિની ખાસ જરૂર કહી છે તે બરાબર છે. ધૃતિગૃહિત બુદ્ધિ એટલે દઢ સંસ્કાર પામેલી બુદ્ધિ. જો તેવી સુદઢ બુદ્ધિ ન હોય તો તે બુદ્ધિ કાયમી શાંતિમાં ખપ લાગતી નથી. ઉતાવળી બુદ્ધિ અનર્થ કરે છે. વળી અહીં નિવૃત્તિ માર્ગનો મહિમા બતાવ્યો પણ તેય ધીરે ધીરે એટલે કે વિવેકભર્યો.

પરંતુ અહીં પણ એક મોટું જોખમ છે અને તે એ કે જો મન સ્વચ્છંદી બની જાય તો મહા પતન થાય છે, માટે કહ્યું કે "મનને તો આત્મામાં જ સ્થિર રાખવું." આવી વેળાએ જાણે કે મન છે જ નહિ એવી દશા થવી જોઈએ અને તે થાય જ છે માટે આ વેળાએ કશુંય ચિંતવવું નહિ. ચિંતન જો કે મનનો આધ્યાત્મિક ખોરાક છે, છતાં આવી સાધના કરતી વખતે તો તે પણ ન જોઈએ.

સારાંશ કે (૧) પ્રથમ તો કામનાનો સર્વાંશે ત્યાગ કરવો (૨) મનથી ઈન્દ્રિયોને નિયમે લાવીને દઢ સંસ્કાર પામેલી બુદ્ધિથી નિવૃત્તિ લેવી અને (૩) મનને આત્મામાં જ સ્થિર રાખવું, ત્યાં લગી કશું ન ચિંતવવું.

આવી સાધના પણ કંઈ સહેલી નથી. માટે હવે શ્રીકૃષ્ણગુરુ અર્જુનને સૂચના આપે છે કે :

यतो यतो निश्चरति मनश्चचंलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतद्‌-आत्मन्येव वशं नयेत् ॥ २६ ॥

**જ્યાં જ્યાંથી નીકળી જાતું, ચંચલ મન અસ્થિર;**
**ત્યાં ત્યાં પકડી એને, આત્મામાં જ લઈ જવું. ૨૬**

(અને પરંતપ ! આત્માને વશ રહેવું મનને ગમતું નથી, તે તો હમેશાં મોહવૃત્તિને વશ રહેવામાં જ ગૌરવ માને છે, એટલે બીજું બધું કરવું બહુ કઠણ

નથી. કઠણ કામ તો એ છે કે મનને આત્મવશ રાખવું. સાધકની ધીરજની અહીં કસોટી ખૂબ થવાની. છતાં નિરાશ થવાની લગારે જરૂર નથી. માત્ર જાગ્રતિ કાયમ જોઈએ અને તે આ રીતે કે) સ્થિર ભાવથી નહિ ટેવાયેલું મન ચંચલ થઈને જ્યાં જ્યાંથી બહાર નાસવા માંડે (એટલે કે વિષયાધીન થાય) ત્યાં ત્યાંથી પકડીને પાછું આત્માને હવાલે કરવું. (જેમ ખરો જાગૃત ચોકીદાર પોતાના માલિકનું માંકડું જે દરવાજેથી ભાગે ત્યાંથી જ ફરી દાખલ કરે છે તેમ.)

**નોંધ :** શ્રીકૃષ્ણચંદ્ર મન માટે અસ્થિર અને ચંચલ બે વિશેષણો વાપરે છે. આમાંથી બે ભાવ નીકળે છે. મન સ્થિર નથી એટલું જ નહિ પણ સાથે સાથે ચંચલ પણ છે. જગતના ઘણા પદાર્થો સ્થિર નથી. જડ પદાર્થ માત્ર સ્થિર નથી પણ તેઓ અકારણે ચળતા નથી. મન તો સ્થિર પણ નથી અને વળી ચંચલ છે. એટલે મનમાં જડનું અને ચેતનનું બન્નેનું કાર્ય નજરે ચડે છે. આ જ એનું વિલક્ષણપણું છે. અને એ અપેક્ષાએ જ મન, બંધન તેમ જ મોક્ષનું કારણ કહેવાયું છે.

કેટલાંક દર્શનો મનને જડ માને છે. કેટલાંક વળી શૂન્ય માને છે. કેટલાંક વળી મનને જ વિશ્વચૈતન્ય માને છે. પરંતુ ખરી વસ્તુસ્થિતિ ઉપર દર્શાવી તે છે. જૈનસૂત્રોનો પણ શબ્દ ફેરે ઉપલો જ ધ્વનિ છે. તેથી ખરે જ જો આમ છે તો એક જ માર્ગ રહ્યો કે એને આત્માને તાબે રાખવું. આત્મા પોતે અચળ સ્વભાવવાળો છે એટલે એને વશ રહેલું મન પણ અચળ રહેશે એ વાત સહેજે સમજાય તેવી છે.

પણ એવી સ્થિતિ થતાં પહેલાં તો તે વારંવાર પૂર્વે સેવેલા વિષયો યાદ આવતાં જ ચળવા માંડશે, માટે કશું વિચારવું જ નહિ એમ કહ્યું. પણ વર્તમાન વિષયો આવે અને મન ચળે તો શું કરવું ? એના જવાબમાં કહ્યું "ઈન્દ્રિયોને તો ચળવા દેવી જ નહિ અને એવી તકેદારી રાખવી કે જે દરવાજેથી મન નીકળે ત્યાંથી જ ફરી દાખલ કરી આત્માની હજુરમાં એને ઊભું કરી શકાય."

શ્રીકૃષ્ણગુરુદેવના આ કથનને ઝીણવટથી તપાસીશું, તો જણાશે કે ઐકાંતિક મનોલય યોગમાં પણ માનતા નથી. વાત ખરી છે. માત્ર મનને માર્યે કશું વળતું નથી. દરવાજા બંધ કરીને ચોકી રાખીએ, તેમાં અર્થ શો સર્યો ? ભલે સાધનાની શરૂઆતમાં દરવાજા બંધ કરીએ. પણ આખરે તો દરવાજા ઉઘાડા રહે અને છતાં મન આત્મવશ રહે, ત્યારે જ સાધના સિદ્ધ થઈ ગણાય. અને આવી તાલીમ માટે તેઓ અજબ ઉપાય આપે છે, અને તે એ છે કે જ્યાંથી મન નીકળ્યું ત્યાંથી જ પાછું દાખલ કરવું. ઉદાહરણથી આ વાત નક્કી કરીએ. દા.ત. મન, સંસ્કારી

ભક્તિરસથી વિકૃતિરસમાં ભાગવા લલચાય કે તુરત ફરીને સંસ્કારી ભકિત રસને બારણે દાખલ કરવું. મન; શાંત રસને બારણેથી શૃંગાર રસમાં નાસવા માંડે કે તુરત, શાંત રસને બારણેથી ફરી દાખલ કરવું. આમ કરવામાં જે ચિંતન થશે તે ચિંતન સકારણ હશે એટલે તેનો બાધ નથી.

આ કડીનો અર્થ એટલો જ કરવામાં આવે કે "જેવું મન આત્માની બહાર છટકવા માગે કે તુરત જ ખ્યાલમાં આવી જવું જોઈએ. જેમ એક ઓરડીને તાબે થયેલો કેદી, સિપાહીની નજર ચુકાવીને ભાગવાનો વિચાર કરે તે પહેલાં તો સિપાહીની નજર એના ઉપર પડવી જ જોઈએ. એટલે કે એનામાં ખૂબ જાગ્રતિ હોવી જોઈએ તે જ પ્રમાણે આવા સાધકમાં પણ કંટાળા વગરની જાગ્રતિ જોઈએ તો તે પણ બરાબર છે."

વળી આ શ્લોકનો નીચેનો અર્થ લેવાય તોય વાંધો નથી. "એકલી જનનેન્દ્રિય રોકનારા બ્રહ્મચર્યવ્રતથી પૂરો અર્થ સરતો નથી. માટે બધી ઈન્દ્રિયોને સંયમરસમાં લગાડવી જોઈએ અને છતાં મન જે ઈન્દ્રિયના વિષયમાં જાય, તે જ ઈન્દ્રિયના વિષયથી તેને પાછું વાળી વિષય સંગે ઉપજતા રસ કરતાં મૂળ આત્માની સંગે ઉપજતો રસ અલૌકિક સુખદાયક છે, તેની ખાતરી કરાવવી જોઈએ." કાયમી શાન્તિનો આ જ ઉપાય છે. નહિ તો ખરી નબળાઈઓ તેમ જ રહી જાય છે અને આગળ વધી વધીને પણ અંતે નિષ્ફળતા જ સાંપડે છે. જૈનસૂત્રોમાં એ સારુ જ કહેવાયું છે કે ઉપશમ શ્રેણિથી નહિ પણ ક્ષપક શ્રેણિથી સાધકે ઊંચે જવું જોઈએ. તો જ તે છેવટ લગી ટકીને ખરી સ્વભાવ દશા પામી શકે. નિષેધાત્મક માર્ગ કે ઐકાંતિક ત્યાગ માર્ગ ભલે સાધનાની શરૂઆતમાં સાધક હોય પરંતુ છેવટે તો વિધેયાત્મક અને અનેકાંત માર્ગ પકડયે જ પાર પમાય છે.

કયે વખતે સાધકને બેમાંથી કયો માર્ગ ઉપયોગી છે, તે કાં તો તે સમત્વની ભૂમિકા પર હોય તો જાતે વિચારીને તે માર્ગે જવાની જરૂર હોય ત્યાં લગી ચાલે અથવા તો કોઈ શ્રદ્ધેય સત્પુરુષની દોરવણી પ્રમાણે સમર્પણ કરી ચાલે.

प्रशान्तमनसं ह्येनं योगिनः सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

**પ્રશાંત મનવાળો જે, રજોગુણ રહિત છે;**
**એ બ્રહ્મરૂપ નિષ્પાપી, યોગી પામે પરં સુખ. ૨૭**

(અર્જુન ! હવે તું સમજી શકયો હોઈશ જ કે ગમે તે માર્ગે પણ સાધવાનું તો આટલું જ છે : 'અનંતસુખ', 'અનંતશાંતિ' તો આત્મામાં સહેજે છે જ. માત્ર મન ખરેખર શાંત સહેજે થઈ જવું જોઈએ. મન આત્મામાં ચોંટેલું રહે તો ખૂબ શાંત થાય જ એ હું તને કહી ચૂકયો છું. આવો સાધક વીતરાગભાવનો પ્રેમી થવાથી એનો રજોગુણ જે અશુભ પ્રવૃત્તિનું મૂળ છે, તે શમી જાય છે. માટે જ કહું છું :)

જેનું મન (આત્માને તાબે રહીને) ખૂબ શાંત થયું છે એવા, રજોગુણથી રહિત, (અને માટે જ) બ્રહ્મ સમોવડા એ ઉજ્જવળ યોગીને ઉચ્ચ પ્રકારનું સુખ સાંપડે છે.

**નોંધ :** આ શ્લોકમાંનાં બધાં વિશેષણો પૂરાં અર્થસૂચક છે. મનને, આત્માને આધીન શા માટે અને કેવી રીતે રાખવું તે તો અગાઉ કહેવાઈ ગયું છે. આવું મન ખૂબ શાન્તિ પામે એ પણ સમજી શકાય તેમ છે પણ મન ઉપલકિયા શાંતિ પામ્યું છે કે કાયમી તેનો આંક કયો ? એ સારુ ગુરુદેવે કહ્યું કે શાંત મનનો આંક એ કે રજો - ગુણ શાંત થઈ જાય. ચોખ્ખા શબ્દોમાં કહીએ તો મનની શાન્તિનું માપ એ કે સહજ નિર્વિકારીપણું પ્રાપ્ત થાય. આવો નિર્વિકારી પુરુષ બ્રહ્મ જેવો જ છે, એમાં કોણ ના કહી શકશે ? સહજ નિર્વિકારીપણું એ બ્રહ્મનું જ સ્વરૂપ છે, આત્માનું જ સ્વરૂપ છે. આવો યોગી ઉજ્જવળ એટલે તેજસ્વી પણ હોય જ. જૈનસૂત્રોમાં આ વાતને શુકલલેશ્યા અને શુકલધ્યાનના અર્થમાં ઘટાવી છે.

ભગવાન મહાવીરના સંબંધમાં એમ કહેવાય છે કે તે પોતે નિવૃત્તિલક્ષી હતા છતાં સહજ પ્રવૃત્તિનો અનાદર ન કરતા, તેમ ધમાલિયા પ્રવૃત્તિથી દૂર પણ રહેતા. તેઓ જેમ જેમ સાધના કરતા ગયા તેમ તેમ શાંત રસથી તરબોળ અને પાપમેલ-કર્મમેલથી રહિત બન્યા. આથી એમનું જેમ અંતર ઊજળું બન્યું, તેમ લોહી પણ ઊજળું દૂધ જેવું સુવીર્યવંતુ બન્યું. ચંડકોશિક નામના પ્રચંડ ઝેરવાળા સર્પે સખત જોરથી ડંખ માર્યો, ત્યારે મહાવીરના શરીરમાંથી જે ઊજળો પ્રવાહ નીકળ્યો, તે જોઈને સર્પ થંભી ગયો. એનું ઝેર મહાવીરને ચડયું અને ઝેરી ડંખના બદલામાં મહાવીરે એને અમૃત આપીને અમરતા પ્રાપ્ત કરાવી. આનો રહસ્યાર્થ એ કે પ્રેમના પુનિત આંદોલનોથી મહાક્રોધના મેલને સાફ કરી નાખ્યો.

જે જેટલો પવિત્ર તે તેટલો નિર્ભય. જે જેટલો ખરા અર્થમાં શાંત, તે તેટલો નિર્વિકારી અને સાચો પ્રેમી. આવા સાધકને જે સુખ મળે તે યોગિરાજ આનંદઘનજીના શબ્દોમાં કહીએ તો :

"નાક ન પકરે વાસના કાન ગહે ન પ્રતીત" એટલે કે ઈન્દ્રિયોથી જુદું એવું

અલૌકિક જ હોય ! પણ એ દશા પામવા સારુ તો આત્મયોગ (જૈનસૂત્ર-પરિભાષામાં કહીએ તો ઉપયોગ) અખંડ રહેવો જોઈએ. એટલા માટે ગીતાકાર હવે કહે છે :

**युञ्जन्नेवं सदाऽऽत्मानं योगी विगतकल्मषः ।**
**सुखेन ब्रह्म संस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥ २८ ॥**
**આત્માને યોજતો નિત્ય, એમ એ યોગી નિર્મળો;**
**બ્રહ્મસ્પર્શતણું સે'જે, અત્યંત સુખ ભોગવે. ૨૮**

(પ્રિય પરંતપ !) એમ (અગાઉ કહેલી અનેક રીતોમાંની ગમે તે એકદ્વારા નિશ્ચય, વિવેક અને ધીરજ સહિત) હમેશાં (નિરંતર) આત્માને યોજતો છતો (શુદ્ધાત્મા સાથે બહિરાત્માને યોજતો છતો) એ નિર્મળો (શુદ્ધ) યોગી સહેલાઈથી બ્રહ્મસ્પર્શનું અનહદ સુખ ભોગવે છે.

**નોંધ** : આત્મયોગ સતત રહે તે સાધના. એવી સાધનામાં જે જેને મદદગાર થાય, તે તેને માટે સાધન. બ્રહ્મસ્પર્શનું સુખ જ જીવ ઝંખે છે તે મળ્યા વિના એને કશામાં કયાંય તૃપ્તિ નથી એટલે વહેલા કે મોડા તે માર્ગે ગયા વિના છૂટકો જ નથી. તો પછી પળની પણ ઢીલ કર્યા વગર કયો સાધક કે કઈ સાધિકા તે માર્ગ નહિ પકડે ? બ્રહ્મસ્પર્શ વિનાનું સુખ એ ક્ષણજીવી છે. કારણ કે એ ક્ષણજીવી પદાર્થના સ્પર્શથી મુખ્યત્વે જન્મેલું હોય છે. માત્ર માન્યતા ફેરને લીધે અથવા સાચી સમજના અભાવને લીધે જ આ અજ્ઞાન નભે છે અને મોહને પોષણ મળ્યા કરે છે. એટલે સાધકે ચેતવું જોઈએ. કદાચ મનમાં આ વાત સમજાય પણ ખરી, છતાં માત્ર તેટલેથી પતતું નથી. એ વાત સમજાયા પછી એનો સંયમ દ્વારા અનુભવ કરી સદાચરણમાં દઢતા લાવવી જોઈએ. અને ઉપર કહ્યું તેમ, હમેશાં જાગતા રહેવું જોઈએ. કયાં લગી આમ કરવું એ સાધકથી પુછાય જ નહિ, પૂછવાની ઈચ્છા પણ ન થાય. કારણ કે સાધના પણ એવી છે કે અંતરને સાચું સમાધાન, શાંતિ અને સુખ એમાંથી મળે અગર મળવાની પ્રતીતિ થાય. એટલે જાગૃત રહેવામાં પહેલાં ભલે બળ કરવું પડે, પરંતુ જેમ જેમ આગળ વધાય, તેમ તેમ એમાંથી રસાનંદ જ મળે છે. કારણ કે રસાનંદનું મૂળ પદાર્થ કે વ્યકિત નથી, બહારનો કોઈ આકાર પ્રકાર નથી, પરંતુ એકાગ્રતા છે. ખરી જિજ્ઞાસામાં એટલે કે જ્ઞાનની ભૂખમાં પણ રસાનંદ છે.

હવે યોગીની જગતના દેહધારીમાત્ર તરફ કેવી દૃષ્ટિ હોય તે બતાવે છે ! કારણ એ છે કે પોતે પોતાનો અંતરંગ વિકાસ સાધે એ તો બરાબર છે, પરંતુ એ વિકાસનું માપ તો જીવનના વ્યવહારમાં છે, અને જીવનનો વ્યવહાર જગતના દેહધારીમાત્ર સાથે સંકળાયેલો છે, એટલે તેવો સાધક સહેજે ઉદાર, પરોપકારી થવો જોઈએ. એ વિષે ગીતાકાર બોલે છે.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चाऽत्मनि ।
ईक्षते योयुक्ताऽऽत्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥
यो मां पश्यति सर्वत्र सर्वे च मयि पश्यति ।
तस्याऽहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ ३० ॥
सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥ ३१ ॥
आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुनः ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ३२ ॥

**સૌ ભૂતોમાં રહ્યો આત્મા, ને એમાં સૌ ભૂતો જુએ;**
**યોગે જોડાયેલો આત્મા, સમું જોનાર સૌ સ્થળે. ૨૯**
**જે સૌ સ્થળે મને દેખે, મારામાં સર્વને વળી;**
**તેનાથી હું નથી છેટો, છેટો મારાથી તે નથી. ૩૦**
**સૌ ભૂતે સ્થિર 'હું' ને જે, એકભાવે રહી ભજે;**
**વર્તતો સૌ રીતે તોયે, તે યોગી વર્તતો 'હું'માં. ૩૧**
**આત્મા સમાન જે પેખે, સમું અર્જુન સૌ સ્થળે;**
**સુખ હો અથવા દુઃખ, માન્યો તે યોગી શ્રેષ્ઠ મેં. ૩૨**

(હે અર્જુન!) ભૂત માત્રમાં આત્મા રહેલો છે. (જેમ આ એક પરમ સૂત્ર છે, તેમ) સૌ ભૂતો આત્મામાંય વળી છે જ (એટલે કે ભૂતોનો પણ આત્મા સાથે સંબંધ છે.) યોગે જોડાયેલો આત્મા આ જોઈ શકે છે, અને તેથી જ સૌ સ્થળે (એવો આત્મવાન્ પુરુષ) સમું જોનાર (સમદૃષ્ટિ) બની જાય છે.

(પાર્થ ! આત્મદર્શન એ મારું જ દર્શન છે, કારણ કે 'હું અને આત્મા જુદા નથી' એ રીતે જોતાં જે સમદૃષ્ટિવાળો પુરુષ છે, તે જેમ સર્વ સ્થળે આત્માને જુએ

છે, તેમ મને પણ જુએ છે. એટલે) જે મને સર્વ સ્થળે જુએ છે અને મારામાં સહુને જુએ છે (તેનો હું કદી મટતો નથી તેમ તે મારો પણ મટતો નથી, એટલે કે) તેનાથી હું છેટો નથી અને તે મારાથી છેટો નથી.

(કદાચ તું કહીશ, કે એમ કેમ ? પણ તારી એ શંકાનું તુરત સમાધાન મળી જશે. કારણ કે હું - એટલે આ સ્થૂળ દેહધારી કૃણ - ને તું સમજે છે ત્યાં લગી જ તારી શંકા છે, પછી છે જ નહિ. હું તને આ વાત વિસ્તારથી તો આગળ ઉપર સમજાવીશ, પણ હમણાં તો એટલું જ કહું છું, કે આ કૃષ્ણ નામધારી દેહમાં રહેલો આત્મા માત્ર આ દેહધારીમાં જ નથી પણ ભૂત માત્રમાં છે. માટે જ કહું છું કે) સર્વ ભૂતમાં રહેલા મને એક ભાવે રહીને (એકનિષ્ઠાથી-પૂરેપૂરી વફાદારીથી) ભજે છે તે ચાહે તે પ્રકારે વર્તતો હોય તોય તે યોગી મારામાં જ વર્તી રહ્યો છે. (સારાંશ કે મને મારા આ સ્થૂળ દેહની પૂજા નથી જોઈતી પણ સહુમાં મારું-આત્માનું તેજ વિલસી રહ્યું છે, એની સેવા જોઈએ છે.)

(અર્જુન ! આવા યોગીની બીજી ઓળખાણ પણ છે. કારણ કે મોઢે તો સહુ એમ કહે કે હું સહુમાં આત્માને જોઈ રહ્યો છું, પણ વર્તનમાં તેવું ન હોય તો દહાડો ન વળે. વળી એ વર્તનમાં માત્ર સેવાથી ન વળે. ઘણા લોકો જીવસેવા કે જનસેવાને બહાને પણ મને, એટલે કે અંતરાત્માને ભૂલી જાય છે એટલે એની સરસ કસોટી તો એ કે આત્માના ગજથી સર્વ સ્થળે માપ કરવું.) આત્માની ઉપમાથી બધે સ્થળે જે સરખું ભાળે છે, પછી તે સુખી હો કે દુઃખી હો ! (એ બન્નેમાં પોતાની મધ્યસ્થતા જાળવી જ શકે છે.) આવા યોગીને મેં સૌથી શ્રેષ્ઠ માન્યો છે.

**નોંધ :** આ ચારે શ્લોકો મહત્ત્વના છે. અહીં લગીમાં શ્રીકૃષ્ણગુરુ શું કહેવા માગે છે, તે ઉપરના કથનથી સહેજે સમજાઈ જાય છે. છતાં અહીં ફરીને હજુ ઊંડાણથી વિચારીશું.

અહીં પહેલા - એટલે મૂળે આ અધ્યાયના ઓગણત્રીસમાં શ્લોકમાં આત્મા અને દેહધારીનો સંબંધ બતાવ્યો. આ સંબંધને ન્યાયની પરિભાષામાં વ્યાપ્ય-વ્યાપક સંબંધ કહે છે. પણ અહીં એટલું યાદ રાખવું જોઈએ કે આ વ્યાપ્યવ્યાપક સંબંધ અને સમવાય સંબંધ વચ્ચે મહત્ત્વનો ભેદ છે. માટી અને ઘડો બંને સમવાય સંબંધથી જોડાયેલાં છે, તેમ આત્મા અને ભૂતોનું નથી. જ્યાં જ્યાં ભૂતો છે ત્યાં ત્યાં આત્મા છે જ, પણ જ્યાં જ્યાં આત્મા છે, ત્યાં ત્યાં ભૂત છે પણ ખરાં અને નથી પણ ખરાં. દા.ત. મોક્ષ પામે આત્મામાં ભૂતનો જ્ઞાન સંબંધ છે, દેહ સંબંધ જરાય

નથી. એટલે આ શ્લોક સાધકમાં સૌ સ્થળે સમદષ્ટિ ઉપજાવવા માટે ઉપલી રીતે જ સમજવો ઘટે. સહુને સહુનો જગતમાં આધાર છે, એ વાતની કોણ ના કહી શકે તેમ છે ? ઉમાસ્વાતિ વાચક તો જૈન સૂત્રોનો આધાર ટાંકી એટલે સુધી કહે છે, કે દેહધારી અને આત્મા તો શું પણ જીવ અને અજીવ બંને તત્ત્વો સુધ્ધાં પરસ્પર એક-બીજાથી આ સંસારમાં સંકળાયેલાં છે. પરંતુ દેહીને દેહીનો આધાર છે, એથી એ દેહીનો ઋણી છે, એટલું જ બસ નથી પણ શ્રીકૃષ્ણગુરુજી તો કહે છે, કે ઋણ ઉતારવામાં પણ એણે આત્મલક્ષ્ય ન ચૂકવું જોઈએ. હરઘડી એટલું એ યાદ રાખે કે હું બીજાની સેવા કરું છું કે બીજાને ઉપયોગી થવા માગું છું, પણ એના આત્માને ઊંચે લઈ જવામાં નિમિત્ત બનું છું કે નહિ ?

આવી કસોટીએ જોનારને પોતાનો આત્મા પણ ઊંચે લઈ જવો જ પડશે. કારણ કે જે બીજાનો આત્મા ઊંચે લઈ જવા માગે છે, એને પોતાને પોતાના આત્માને ઊંચો લઈ જવો જ પડે છે. આ સાધના એનામાં આપોઆપ સમદર્શન જન્માવશે. એ પાપી કે પુણ્યશાળીના દેહની પેલે પાર રહેલા આત્માનાં જ દર્શન કરી પ્રેમ પાથરશે.

બીજા શ્લોકમાં ગીતાકાર પોતાનો રાહ (રસ્તો) બદલતા દેખાય છે. અહીં 'હું' 'મને' 'મારું' એ પ્રયોગ શ્રીકૃષ્ણ માટે વપરાય છે. પણ વાચકે તેથી વિભ્રમમાં પડવાની જરૂર નથી એ વાત ખુલ્લા શબ્દોમાં ગીતા કહી દે છે. એટલે અગાઉ કહી ગયા તેમ શ્રીકૃષ્ણનો અર્થ અહીં શ્રીકૃષ્ણ દેહધારી જ નહિ પણ શ્રીકૃષ્ણ દેહમાં વિરાજતો અંતર્યામી સમજવો. આવો અંતર્યામી ઘટઘટમાં છે, પરંતુ શરૂઆતમાં સાધકને વિશિષ્ટ વ્યકિતના અવલંબન વિના ચાલતું જ નથી, એટલે શ્રીકૃષ્ણમુખે ગીતાકાર કહેવડાવે છે, "સદ્‌ગુણલક્ષી વ્યકિતપૂજામાં મને વાંધો નથી, તે જ રીતે વળી બીજી સત્ પુરુષ વ્યકિતને કોઈ પૂજતું હોય તો તેમાંય મને વાંધો નથી. એ મારા અનુયાયીઓએ ન ભૂલવું જોઈએ. નામ ભેદના ઝઘડા નકામા છે, એ વાત આ શ્લોકમાં બહુ સુંદર રીતે સમજાવી છે. આટલી ઉદારતા જ એવા વ્યકિતરૂપ શ્રીકૃષ્ણને જનહૃદયમાં પૂજાસ્થાને જમાવી દે છે.

આ શ્લોકનો સાર એટલો જ છે કે જે સર્વસ્થળે અંતર્યામીને જુએ છે, તેની સાથે નિરંતર અંતર્યામી રહે છે. જેની જેવી દષ્ટિ, તેવા તે. જે સર્વ સ્થળે સદ્‌ગુણ જ લે તે સદ્‌ગુણી. માટે જગતમાં દુર્ગુણ-સદ્‌ગુણ, સત્ય-અસત્ય, હિંસા-અહિંસાના જોડકાં

રહેલાં છે તેમાંથી સારી બાજુ પર જ સાધકની દૃષ્ટિ જાય તેવો અભ્યાસ એણે પાડવો જોઈએ.

ત્રીજા શ્લોકમાં વળી ઉત્તમ વાત કહી દીધી, તે એ કે સાધક ગમે તે રીતે સાધના કરે એમાં મારો કશો આગ્રહ નથી. જેમ અમુક વ્યક્તિ રૂપે જ કે અમુક નામે જ પ્રભુને માનવા એવો આગ્રહ નથી, તેમ અમુક જાતની ઉપાસનાથી જ માનવા બીજી રીતે નહિ એવો પણ આગ્રહ નથી. ગમે તે રીતે એટલે કે ગમે તે ઉપાસના દ્વારા મને-આત્માને ભજે પણ શરત એટલી કે અનન્યભાવે એ ઉપાસના પાછળ લાગી જવું જોઈએ ! આ શરતને પડતી મેલી જ્યાં મનુષ્યો એક જ નામ કે અમુક જ વ્યક્તિને ભજવા મંડી જાય છે, ત્યાં મૂળમાં જ ગાબડું પડે છે, અને એકડા વિનાનાં મીંડાની પેઠે જીવન અને જગત પર મોટાં મીંડાં ચિતરાવે છે.

ધર્મને નામે કે ઈશ્વરને નામે થતા અનર્થોનું મૂળ કારણ તો આ છે. જ્યારે રૂઢિ ચુસ્તો અહીં ભૂલે છે ત્યારે વળી એ સ્થિતિથી ત્રાસેલા સુધારકો બીજી રીતે ભૂલે છે. તેઓ ધર્મ અને ઈશ્વરનો જ છેદ ઉડાડવા માટે હવામાં તલવાર વીંઝવામાં શક્તિ વેડફી નાખી એક અનર્થને નાબૂદ કરવા જતાં બીજા અનર્થો નોતરી બેસે છે. શ્રીકૃષ્ણગુરુ એ બન્નેને લાલબત્તીથી ચેતવી ખરી ચાવી આપી દે છે. અને તે ચાવી તે આ એક ભાવની-અનન્ય ભાવની.

અનન્ય ભાવ આવે શી રીતે ? તે તો બીજા અધ્યાયમાં આપણે જોઈ જ ગયા છીએ. શું એ સહેલી વાત છે ? માટે જ બધા ધર્મોએ શ્રદ્ધા, ધીરજ અને નિશ્ચય-પૂર્વક કોઈ એક નામ કે એક વ્યક્તિ પરત્વે એકભાવે વળગી રહેવાનો ઉપદેશ કર્યો છે. અહીં ફરીને એ ખુલાસો કરીએ કે એક નામ કે એક વ્યક્તિને એકભાવે વળગી રહેવાનો અર્થ એટલો કે કોઈપણ નામ કે કોઈપણ વ્યક્તિને પૂજો તો ભલે પૂજો પણ સદ્ગુણને લીધે. આવો પૂજક જ્યાં જ્યાં સદ્ગુણ જોશે ત્યાં ત્યાંથી શોધશે. મીરાં શાલિગ્રામને પૂજતાં છતાં એકભાવે પૂજતાં એટલે એનું પરિણામ એ આવ્યું કે દેહધારી માત્રમાં એને એના ગિરધર દેખાયા. આ વિષય અનુભવે જ દૃઢ રીતે સમજાય તેવો છે.

આ શ્લોકનો સાર એ કે પ્રાણીમાત્રની પસંદગી ભલે જુદી હોય. ગમે તે નામે અને ગમે તે રૂપે અને ગમે તે પ્રકારે મનુષ્ય ભજે, પણ નટ જેમ નાચવા છતાં પોતાનું મુખ્ય લક્ષ્ય દોરી પર રાખે છે તેમ સાધકે મુખ્ય લક્ષ્ય ભાવ પર-આત્મા પર રાખવું. આત્મા જ એક એવી ચીજ છે કે જે સ્થૂળ નજરે નથી દેખાતી છતાં

સહુને એનો અનુભવ કરાવે જ છે. (વ્યકત અનુભવને જ્ઞાન કહેવાય છે. અવ્યકત અનુભવને અજ્ઞાન કહેવાય છે.) વળી તે જ એક એવી વસ્તુ છે કે જેને સહુ ઝંખે છે, ભલે પછી પ્રકારો જુદા હોય ! અને જો આમ જ છે તો પછી એનો ખરેખરો ભજનાર કોની સાથે વિષમભાવે વર્તશે ?

સાચાં માબાપ પોતાનાં અણસમજુ બાળકને વધુ પ્રેમાળ રીતે સમજાવવા કોશિશ કરે છે, તેમ સમદષ્ટિ પુરુષ જગતના ખરા ધર્મ ભૂલેલાને વધુ ચાહીને સત્ય સમજાવશે. આથી કયાંય એનો સમભાવ નહિ ખોવાય.

ખરા સુધારકો આ ચાવી લઈને પોતાના ઘરનું તાળું ખોલે છે એટલે એને રૂઢિ ચુસ્તોને ધમધમાવવા નથી પડતા, અને છતાં તેમની ખરી રોશની રૂઢિચુસ્તોને પોતાભણી ખેંચે છે. આજ રીતે જેઓ સુધારાને બદલે કુધારાને માર્ગે ચડી પાટો ચૂકી ગયા છે એવા નામધારી સુધારકોને નિંદવા કરતાં રૂઢિચુસ્તો પોતે એવું સત્યમય જીવન જીવતાં થાય કે જેથી પથ ભૂલેલા લોકો પોતા ભણી વળે. માનો કે ન વળે તોય શું ? પોતે તો આત્મરસ પામે જ, પામે.

હવે ચોથા શ્લોકમાં શ્રીકૃષ્ણગુરુ વળી અતિસરસ વાત સંભળાવે છે. તેઓ કહે છે કે જે આત્માની ઉપમાથી જ્યાં જ્યાં જોશે ત્યાં ત્યાં એને સરખું જ લાગશે. આ કસોટી ભારે ઉત્તમ છે. અને તે દરેક ઠેકાણે લગાડી શકાય !

દા.ત. એક દુઃખી માણસને પોતે જોયો, તો ત્યાં તે એમ કલ્પના કરશે કે આ જગાએ 'હું' પોતે હોઉં તો શું ઈચ્છું ? બીજાની સહાય ? હા, તો મારે પણ એ દુઃખીને સહાય કરવી જોઈએ. એ પોતે સુખી હોય ત્યારે તે એમ જ કલ્પના કરશે કે જેમ મને સુખ વહાલું છે તેમ સહુને વહાલું છે, માટે મારું સુખ એવું હોવું જોઈએ કે જે સુખ સહુને ભાગે આવી શકે, આવી વિચારણાને અંતે દુન્યવી સુખ કરતાં કોઈ જુદી જ સ્થિતિના સુખમાં ચાલ્યો જશે. અને તેને જણાશે કે આપ મેળે ઈચ્છેલી ગરીબાઈમાં જે સુખ છે અથવા તો ઓછામાં ઓછું મળે તેમાં સંતોષ રાખવાથી જે સુખ છે, તે સુખ વૈભવોમાં કયાંય નથી. એટલે એમાંથી એને વિરક્તવૃત્તિ જાગશે. બસ, આ કસોટીને જ્યાં જઈને કસીશું ત્યાં ત્યાં કુંદન જ દેખાશે. પણ આવી સહેલી વાતને અભિમાની જીવ ભારે કઠણ બનાવી દે છે. એ બીજાને માટે તો "આત્મા મરતો નથી, દેહ મરે છે" એમ માનીને બેદરકાર રહે છે. અને પોતા ઉપર દુઃખ રખે પડે એની પળે પળે ચિંતા સેવે છે. જાણે ત્યાં એનો ગજ "આત્મા મરે છે, દેહ નથી મરતો." એવો જ કાં ન હોય ! કેવી પામરતા ! કેવી ઉચ્છૃંખલ સ્વછંદતા !

સત્યાગ્રહી સાધકની દૃષ્ટિ, ઉપર કહેલા પામર કરતાં નિરાળી જ હોય છે. સામા પક્ષ તરફથી ગમે તેટલું દુઃખ પડે, છતાં એને દુઃખ આપવાનો કે એ દુઃખી થાય એવું જોવાનો એક પણ સંકલ્પ તો કરતો નથી, ઊલટું એ દુઃખનું વળતર તો તે સુખ આપવાની સદિચ્છા અને સત્ પ્રવૃત્તિથી જ વાળે છે. પોતા પક્ષે 'દેહ ભલે મરે, હું નથી મરતો' એમ માને છે છતાં બીજા પક્ષે કોઈના દેહને લગારે ઈજા પહોંચાડવા ઈચ્છતો નથી. આ જ એ યોગીની શ્રેષ્ઠતા !

આપણે ટૂંકી વાતને બહુ લાંબી કરી, છતાં કરવા જેવી હતી માટે કરી છે. આ પરથી આપણને જે નવું વિચારબળ મળ્યું તે એ કે આત્મદૃષ્ટિને ગજે માપનાર પોતા કરતાં જે જીવો ઓછા શકિતમાન હશે તેમના પર વધુ હેત ઢોળશે. જેમ વધુ ભૂખ્યા માણસની ભૂખ પૂરવા વધુ ખોરાક આપવો અને ઓછા ભૂખ્યાને ઓછો આપવો, એ બન્નેની સરખી જ સેવા છે. એમાં ખોરાક વધુ ઓછો છે, છતાં ભૂખ પૂરવાની દૃષ્ટિમાં સમભાવ છે – એક ભાવ જ છે. દુન્યવી દૃષ્ટિમાં આથી ઊલટું હોય છે. ત્યાં વધુ ભૂખ્યાને વધુ ભૂખમરો અપાય છે અને થોડા ભૂખ્યાને વધુ ખોરાક પુરાય છે, અથવા ઠાંસી ઠાંસીને ભરેલી હોજરીમાં વધુ ઠંસાય છે. આનું જ નામ તે વિષમતા. એથી ઊલટી તે સમતા. આમ વિષમતાને સ્થાને સમતા આવતાં જ સમતુલા પર જગત ખડું રહી શકે છે. અહીં લગીમાં તો સમદૃષ્ટિ અને સમભાવ ઉપર ખૂબ કહેવાયું. હવે અર્જુનને શ્રીકૃષ્ણ મહાત્માના યોગનો આકાર જે અત્યાર લગી નહોતો સમજાયો તે તો સમજાયો. અને સાથે સાથે એ પણ સમજાયું કે "હું અત્યાર લગી ન સમજવામાં શ્રીકૃષ્ણ મહાત્માની કહેવાની રીતમાં ખોડ કાઢતો હતો, પણ ખોડ તો મારી મનની ચંચળતાની હતી." અને તે ભૂલ સમજાતાં તે ખૂબ નમ્ર થઈ ગયો અને બોલ્યો :

*अर्जुन उवाच ।*

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चंचलत्वात् स्थितिं स्थिराम् ।। ३३ ।।
चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ।।३४।।

**અર્જુન બોલ્યા :**

**સમત્વ યોગ જે ભાખ્યો, તમે આ મધુસૂદન,**
**ચંચળતાથી હું એની, નથી જોતો સ્થિતિ સ્થિર. ૩૩**

**મન છે ચંચળ કૃષ્ણ ! મસ્તાની, બળિયું બહુ;**
**તેનો નિગ્રહ હું માનું, વાયુની જેમ દુષ્કર. ૩૪**

હે મધુસૂદન ! (અર્થાત્ કુટિલ રાક્ષસી વૃત્તિના સંહારનાર પ્રભુ !) આપે (યોગના બે પ્રકાર કહ્યા, (૧) સમત્વયોગ, (૨) કર્મકૌશલ્ય યોગ. આ બેમાં પણ પહેલા વિના બીજો સફળ નથી, એટલે મારે પ્રથમ તો પહેલો પ્રકાર સાધવાનો રહ્યો. પરંતુ) સામ્ય સાથે સમભાવપૂર્વક જે યોગ કહ્યો, એ (યોગ)ની સ્થિતિ અત્યારે તો સમજાય છે, પણ કામય જો એને સ્થિર રાખવી હોય તો મનની સ્થિરતા પહેલી જોઈએ, પરંતુ દુઃખની વાત જ એ છે કે મારામાં ચંચળતા ભરી પડી છે, એટલે એ ચંચળતાને લીધે સ્થિર જોઈ શકતો નથી. (ક્ષણભર ટકે ન ટકે ત્યાં તો અસ્થિરતા ખડી જ છે. મનને એનું ભારે દુઃખ છે. પણ હું જાણું છું કે એનું કારણ મન છે) અહો કૃષ્ણ ! (તોબા તોબા !) એ મને ખરેખર જ ચંચળ છે. વળી મસ્તાની છે. (જીવને મથી નાખે છે) ઉપરાંત એ ખૂબ જ બળવાન છે. (ભલભલા મર્દો એની આગળ હારી ગયા છે) આથી હું તો જેમ વાયુનો નિગ્રહ દુષ્કર હોય છે, તેમ આનો નિગ્રહ પણ ખૂબ જ મુશ્કેલ માનું છું.

**નોંધ :** સમત્વ યોગના સાધનારે સૌથી પહેલી મનની સ્થિરતા સાધવી જોઈએ. ઈન્દ્રિયોનું અસત્કાર્યમાં પ્રવર્તવું એમાં પણ મન મહત્ત્વનો ભાગ ભજવે છે. અને જીવને જે સુખ-દુઃખ, હર્ષ-ખેદ આદિ જોડકાં ઊભાં થઈને ભાન ભુલાવે છે, તેમાં પણ મન મહત્ત્વનો ભાગ ભજવે છે.

પણ અહીં સવાલ એ થાય છે કે મન જડ કે ચેતન ? નથી મન કેવળ જડ, કે નથી તે કેવળ ચેતન, મન એ જડ ચૈતન્યના સંયોગે આસક્તિથી જન્મેલી કૃતિ છે, આથી જૈન સૂત્રકારો મનના મુખ્યપણે બે પ્રકારો કલ્પે છે. (૧) દ્રવ્યમન (૨) ભાવમન. દ્રવ્યમન પુદ્ગલ-જડ-સાથે વધુ સંબંધિત છે. ભાવમન ચૈતન્ય સાથે વધુ સંબંધિત છે. મનવાળા આત્માને કેટલાંક દર્શનો જીવ કહે છે. જૈનસૂત્રો એને સંસારી જીવ કહે છે. આમ જોતાં તો મન કરતાંય આત્માની આસક્તિ જ સંસારબંધનું મુખ્ય કારણ છે. પણ એ આસક્તિના પાયાથી ચણાયેલી ઈમારત આજે તો મન ઉપર જ ઊભી છે, એટલે એ અપેક્ષાએ મનને વશ કરવાની કળા હાથ કરી લેવાની જરૂર ઊભી થાય છે પણ જેમ વાયુને વશ કરવા માટે નાનું છિદ્ર જરાય પણ ચાલતું નથી, તેમ મનને વશ કરનારે નાનું બાકું પણ ન રહેવા દેવું જોઈએ. આ કામ ભારે કઠણ છે એવો અર્જુનનો મત છે. અને તે સાવ સાચો છે.

અહીં કૃષ્ણ વિશેષણ પણ એટલા સારુ વપરાયું છે કે, કૃષ્ણ મહાત્માએ મનની સ્થિરતા સાધી લીધી હતી તેથી જ તે સમત્વવાળા યુકત યોગી બન્યા હતા. હવે તેઓ શું કહે છે તે જોઈએ :

*श्रीभगवान् उवाच ।*

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥ ३५ ॥
असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ३६ ॥

**ભગવાન બોલ્યા :**

**બેશક છે મહાબાહો ! ચંચળ-મન દુર્જય;**
**પણ કૌંતેય ! અભ્યાસે, ને વૈરાગ્યે થતું વશ. ૩૫**
**મન જીત્યું નથી જેણે, તેને છે યોગ દુર્લભ;**
**મથતા સંયમીને તો, પ્રાપ્ત થાય ઉપાયથી. ૩૬**

હે (મોટી ભુજાવાળા) મહાબાહુ ! ચંચળ મનને વશ કરવું બેશક મુશ્કેલ છે જ. પણ હે કૌંતેય ! (કુંતી સંયમી હતાં માટે અહીં કુંતીપુત્ર વિશેષણ લીધું છે) અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા તેને પણ વશ કરી જ શકાય છે. (તેથી) મારો મત (યોગ વિષે પણ) એ છે કે જેનો આત્મા અસંયમી છે, (એટલે કે જેણે મનને જીત્યું નથી) તેને જ (મેં કહ્યું તેમ) યોગપ્રાપ્તિ દુર્લભ છે. જેણે આત્માને (મનોમય-આત્માને) વશ કરી લીધો છે અને જે સતત પુરુષાર્થશીલ છે તેને તો યોગ ઉપાયથી જરૂર પ્રાપ્ત થાય છે.

**નોંધ :** મનની ચંચળતા દૂર કરી શકાય છે, એથી સર્વ સાધકો રાહત મેળવી શકશે અને શ્રદ્ધામય આશા રાખી શકશે. પણ ગીતાકારે કહ્યું તેમ, અભ્યાસ અને વૈરાગ્ય બન્ને જોઈએ ! અભ્યાસ એટલે સુટેવ અને વૈરાગ્ય એટલે સંસારની આસક્તિનો અભાવ લાવનારી દશા. આ બન્ને પરસ્પર અવિનાભાવ સંબંધથી જોડાયેલાં છે. અંતરંગ વૈરાગ્ય ન હોય, તો કુટેવોમાંથી મન, ઈન્દ્રિયો વગેરે ખસીને સુટેવ પામી ન શકે. અને સુટેવ વગરનો વૈરાગ્ય લાંબો વખત ટકે નહિ આ રીતે પ્રયત્ન કરતાં જે સ્થિતિ થાય તે સ્થિતિનો સાધક 'સંયતાત્મા' કહેવાય, અને તેને માટે યોગ દુર્લભ છે જ નહિ. અસંયમીને જ યોગપ્રાપ્તિ દુર્લભ થાય છે.

આનો અર્થ એ થયો કે મન આજે આકાર અને નામમાં જ કિંવા વ્યકિત અગર વસ્તુમાં જ સુખ માની રાચે છે તેને બદલે ત્યાંથી પાછું વાળી વ્યકિત અને વસ્તુ - આકાર અને નામની-પાછળ રહેલા આત્મામાં જ રસ લેતું કરવું. આને સારુ પહેલાં વ્યકિત અને વસ્તુ પ્રત્યેની રાગવૃત્તિ મોળી પાડવી. આનું નામ તે વૈરાગ્ય. એને આત્મામાં રસ લેતું કરવું એનું નામ અભ્યાસ. આત્માનો સંસ્કૃત રસ ચખાય, તેનું નામ સંયમ, અને ખંત તથા ચીવટ પૂર્વકનો એમાં પ્રયત્ન થાય તેનું નામ જતન. જૈનસૂત્રોમાં આને ઠેકાણે 'યતના' 'જતના' અથવા 'ઉપયોગ' શબ્દ વપરાય છે.

સતત તાલીમ, વૈરાગ્ય, પૂરતી તકેદારી અને સંયમ; આ ચારે અંગો યોગની કાયમી સ્થિરતા સાધવા સારુ અને મનનો મેલ મટાડવા સારુ ઉપયોગી છે.

અર્જુનને માટે આ બધું અત્યારે બહુ જ ભારરૂપ હતું. છતાં એ માર્ગે વળ્યા વિના છૂટકો પણ નહોતો. તોય તે વચ્ચે એક શંકા કરી લે છે કે :

*अर्जुन उवाच ।*

**अयतिः श्रद्धयोपेतो योगाच्चलित मानसः ।**
**अप्राप्य योगसंसिद्धि कां गतिं कृष्ण गच्छति ॥ ३७ ॥**
**कच्चिन्नौ भयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।**
**अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ॥ ३८ ॥**
**एतन्मे संशयं कृष्ण छेतुमर्हस्यशेषतः ।**
**त्वदन्यः संशयस्याऽस्य छेता न ह्युपपधते ॥ ३९ ॥**

**અર્જુન બોલ્યા :**

**શ્રદ્ધાળુ મંદયત્ની કે, મુગ્ધ જે યોગથી ડગ્યો;**
**યોગ સિદ્ધિ ન સાધી, તે કૃષ્ણ ! પામે કઈ ગતિ ? ૩૭**
**ન ઠર્યો બ્રહ્મમાર્ગેય, ન ટકયો યોગમાંય; તો**
**શું છૂટાં વાદળાં પેઠે વણસે ? - બેયથી ચુકયો. ૩૮**
**મારી આ કૃષ્ણ ! શંકાને, સમૂળી છેદવી ઘટે;**
**આપ વિના નહીં બીજો, શંકાનો છેદનાર કો. ૩૯**

(હે ભલા) કૃષ્ણ ! (માનો કે એક સાધક) શ્રદ્ધા ધરાવતો હોય પણ પ્રયત્ન મંદ હોવાને લીધે યોગથી-અથવા તો મોહને લીધે-માનો કે એનું મન ચલિત થઈ જાય, તો પછી (યોગની સિદ્ધિ તો ન જ થાય એ દેખીતું છે, એટલે) યોગની સફળતા ન સાધીને (વચ્ચે જ મરી જાય, તો તેનું શું થાય ? એટલે કે,) તે કઈ ગતિ પામે ?

મહાબાહુ !- (મને એ શંકા થાય છે, કે આપે કહ્યું તે મુજબ વિચારતાં યોગની સિદ્ધિ વગર બ્રહ્મમાર્ગમાં સ્થાન મળતું નથી તો) તે બ્રહ્મમાર્ગમાં પણ સ્થાન ન પામી શકે (એટલે તો એનો અર્થ એ થયો કે) એવો મૂઢ બેય વસ્તુ (બ્રહ્મમાર્ગ અને યોગમાર્ગ) ચૂકીને જેમ આકાશથી છૂટા પડેલા (તે જમીનથી છૂટું તો છે જ) વાદળાના ચૂરા થઈ જાય, તેમ એ વણસી જાય કે શું ? (એટલે કે એની કરેલી સાધના તો નકામી જ જાય કે શું ?) આ મારી (મહત્ત્વની) શંકા આપે છેદવી જોઈએ, (કારણ કે) આપ વિના મારી આ શંકાનો છેદનાર કોઈ નથી.

**નોંધ :** અર્જુનની શંકા ખરે જ મહત્ત્વની છે, અર્જુનને શ્રીકૃષ્ણ ઉપર અનન્ય વિશ્વાસ છે, કે શ્રીકૃષ્ણ એની શંકાને છેદશે જ. આવો વિશ્વાસુ સાધક નમ્રતા પણ ધરાવે છે. એટલે શ્રદ્ધા અને નમ્રતા એ જે જિજ્ઞાસુના જરૂરી ગુણો તે એનામાં છે. એટલે એ શંકા કરે તે સફળ શંકા છે. જે શંકા પછળ જિજ્ઞાસા ન હોય તે શંકા આત્માને મારે છે. જે શંકા પાછળ જિજ્ઞાસા હોય તે બુદ્ધિના તર્કોનું સમાધાન પામી આત્માને ઉગારી આગળ લઈ જાય છે.

આ શંકા કેવા પ્રકારની છે ? તે તો ઉપર જોવાઈ ગયું, છતાં અહીં ફરીને વિચારીએ :

"માત્ર શ્રદ્ધા હોય, પણ જતન બરાબર ન હોય, એટલે કે કાળજી મંદ હોવાથી શ્રદ્ધા સ્થિર હોવા છતાં યોગથી ડગી ગયો અથવા મોહને લીધે યોગથી ચળી ગયો, અને તેટલામાં જ મૃત્યુ થયું તો જે કાંઈ થોડો યોગમાર્ગમાં પ્રયત્ન કર્યો હોય તે, અને શ્રદ્ધા ધરાવી હોય તે, બેય નકામાં જાય કે શું ? અને જો નકામાં જ જાય તો એવી માથાફોડમાં પડવા કરતાં, જ્ઞાન (અર્જુનને મન ક્રિયાત્યાગ એ જ જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ હતો, તો એ)થી જ જો સીધો બ્રહ્મમાર્ગ મળતો હોય તો એ જ શા સારુ ન પકડવો ? અને એવા જ્ઞાનની યોગ્યતા ન હોય, એણે વેદોક્ત કર્મકાંડ કાં ન કરવાં ? કે જે ઓછામાં ઓછું આ લોકમાં ધનધાન્યાદિ અથવા પરલોકમાં સ્વર્ગ સુખાદિ તો આપે !" આ પ્રશ્ન પાછળ અર્જુનની આવી વિચારસરણી છે, એમ માનીને શ્રીકૃષ્ણચંદ્ર જે જવાબ આપે છે તે કેટલો અસરકારક હોય છે તે આગળ જોઈ શકીશું.

श्रीकृष्ण उवाच ।

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छति ॥ ४० ॥
प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ४१ ॥

**શ્રીકૃષ્ણ બોલ્યા :**

**પાર્થ તેનો નથી નાશ, અહીં કે પરલોકમાં;**
**ન થાય દુર્ગતિ બાપુ ! કોઈ કલ્યાણકારની. ૪૦**
**જઈ સ્થાને પુણ્યવંતોના, લાંબો કાળ વસી તિહાં;**
**શુચિ શ્રીમાનને ઘેર, જન્મે છે યોગભ્રષ્ટ એ. ૪૧**

હે (પૃથાના પુત્ર) પાર્થ ! (તારી શંકા પાછળના આશયને હું સમજી ગયો છું, પહેલાં તો તું એટલું ધારી લે કે) આ લોકમાં તે યોગભ્રષ્ટનો વિનાશ (પતન) નથી અને પરલોકમાં પણ નથી. (આટલો સિદ્ધાંત તું ધારી લે) બાપુ ! કલ્યાણનો કરનાર કોઈ દુર્ગતિમાં જતો જ નથી.

(તો પછી એ કઈ સદ્‌ગતિ પામે છે તે પણ હું તને કહી દઉં છું. જો એ સાધના કરતાં કરતાં માયાના મોહમાં પડીને સાધના ચૂકી ગયો હોય તો એને પુણ્યની પ્રાપ્તિ થાય છે, ખરા ધર્મની દૃઢતા નહિ ! એટલે) એ (પુણ્યના બદલામાં) પુણ્યવંતા લોકોનાં સ્થળોમાં (કે જે ખૂબ લાંબા કાળની સ્થિતિવાળાં હોય છે, ત્યાં) જઈને લાંબા કાળ લગી ત્યાં રહીને (ત્યાંથી મર્યા બાદ પણ) પછી આ જગતના પવિત્ર શ્રીમાનને ઘેર તે (યોગભ્રષ્ટ) જન્મ લે છે.

**નોંધ :** જૈનસૂત્રોમાંના ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં આવો જ ઉલ્લેખ છે. પુણ્યલોક અને સ્વર્ગભૂમિ બન્ને એક જ જાતનાં છે એમ દરેક શાસ્ત્રો કહે છે. એની કાળ સ્થિતિ ખૂબ લાંબી હોય છે, એમ જૈનશાસ્ત્રો પણ કહે છે. સ્વર્ગને કે નરકને જેઓની બુદ્ધિ ન સમજી શકે, તે એમ કલ્પના કરે કે એવો યોગભ્રષ્ટ માનસિક દિવ્ય ભૂમિકાની મોજ માણે છે, તોય વાંધો નથી. અને પછી પણ શ્રીમાનને ત્યાં તો જન્મે જ છે, તેય પાછા પવિત્ર શ્રીમાનને ત્યાં - તે જ તેની મહત્તા છે. શ્રીમાનનો અર્થ પૈસાદાર નહિ પણ વ્યાપક અર્થમાં સાધનસંપન્ન લેવો જોઈએ, અને પવિત્ર વિશેષણ વપરાયું છે એટલે સંસ્કારી સાધન સંપન્નને

ત્યાં એ જન્મ પામે છે એટલે કે એને માબાપ અને સમાજ એવાં મળે છે કે વિકસવા ધારે તો તુરત વિકસી શકે !

આ થઈ લપસેલા* યોગભ્રષ્ટની વાત ! પણ મંદ યત્નને જ કારણે અધૂરી સાધના રહી જાય તો તેનું શું ? એ માટે ગીતાકાર આગળ વધતાં કહે છે, કે આ સાધક ઉપલા સાધક કરતાં ઉચ્ચ દરજ્જાનો છે માટે તે તો ઘણું કરીને આ પ્રમાણે જલદી આગળ વધે છે. જો, એને માટે હવે કહું છું :

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ४२ ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदैहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ॥ ४३ ॥
पूर्वाऽभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्माऽतिवर्तते ॥ ४४ ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिवषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ ४५ ॥

**અથવા કુળમાં જન્મે, બુદ્ધિમાન્ યોગીઓ તણા**
**અતિ દુર્લભ છે લોકે, જન્મ એવા પ્રકારનો. ૪૨**
**ત્યાં તો બુદ્ધિ તણો યોગ, પામે છે પૂર્વ જન્મનો;**
**ને કુરુનંદન ! ત્યાંથી, સિદ્ધિ માટે ફરી મથે. ૪૩**
**પૂર્વના એ જ અભ્યાસે, ખેંચાય અવશે ય તે;**
**યોગ જિજ્ઞાસુ તોયે છે, શબ્દ બ્રહ્મથી આગળ. ૪૪**
**મથતો તોય ખંતે તે, યોગી સુનિર્મળો બની,**
**બહુ જન્મે થઈ સિદ્ધ, પછી પામે પરંગતિ. ૪૫**

(કુરુ કુળને આનંદ પમાડનાર સુપુત્ર) હે કુરુનંદન ! અથવા (મંદયત્ને જેની સાધના અધૂરી રહી છે, તે) બુદ્ધિમાન યોગીઓના કુળમાં જન્મ મેળવી લે છે, આ લોકમાં આવા પ્રકારનો જન્મ મેળવવો એ (સહેલો નથી પણ) ઘણો દુર્લભ છે.

---

* ગોંડલવાળા શ્રી જીવરામ શાસ્ત્રીને મળેલી પ્રતમાં "લિપ્સમાનઃ સતાં માર્ગં" એ પાઠ વધારાનો છે, અને લપસવાનું તથા બ્રહ્મપથ ચૂકવાનું કારણ પણ "અનેકચિત્તવિભ્રાન્ત અને મોહસ્યૈવ વશગત" સ્પષ્ટ આપે છે. આમ આખો શ્લોક, એ પ્રતમાં નવો છે અને તે આપણા અર્થનું પૂરું અને સચોટ સમર્થન કરે છે.

(આ તો થઈ સદ્ભાગી જન્મની વાત ! પણ એની પૂર્વસાધનાનું આટલું જ ફળ બસ નથી. વળી) ત્યાં તેને (તેણે પૂર્વજન્મે જે બુદ્ધિયોગ સાધ્યો હતો તે) પૂર્વ જન્મનો સમત્વ બુદ્ધિનો યોગ (અનાયાસે) સાંપડે છે. અને ત્યાંથી તે ફરી પાછો મોક્ષ માટે પ્રયત્ન શરૂ કરી દે છે. (મેં ઉપર કહ્યું તેમ) એ જ પૂર્વના અભ્યાસ (પહેલાં પાડેલી સુટેવ)ને લીધે અવશપણે (પરાણે-કુદરતી રીતે) તે (યોગભણી) ખેંચાય છે. (સામાન્ય નિમિત્ત પણ એને માટે પ્રેરક અને વૈરાગ્યજનક નીવડી પડે છે.) તેમ ખેંચાતો છતો તે પ્રથમ તો યોગનો જિજ્ઞાસુ જ હોય છે, તોય શબ્દ બ્રહ્મથી (એટલે કે વૈદિક કર્મકાંડથી તો) આગળ જ છે (એ તારે ન ભૂલવું જોઈએ.)

(વળી તું કહીશ, કે તો પછી એને ક્રિયાની જરૂર નથી ? હું કહું છું, ના; ક્રિયાની તો જરૂર છે જ અને એ ખૂબ ક્રિયા કરે છે, પણ તે બધો મેલ ધોવા માટે. એટલે કે) વળી ખંતપૂર્વક યત્ન કરતો છતો તે યોગી પાપ મેલથી ચોખ્ખો થઈને અનેક જન્મને અંતે પણ સિદ્ધ થઈ પછી પરંગતિ ચોક્કસ પામે છે.

**નોંધ :** એકતાલીસમા શ્લોકમાં 'શુચિ શ્રીમાનને ઘેર જન્મે છે' એમ કહ્યું હતું. અહીં બેતાલીસમાં શ્લોકમાં 'ધીમાન યોગીના કુળમાં જન્મે છે' એમ કહ્યું. આથી ગીતાકાર એમ કહેવા માગે છે કે જે સમત્વ યોગની સાધનામાં જોડાયા પછી મૂળ આત્માથી જ પતન પામે છે તેને તો ખૂબ રખડવું પડે છે, અને છતાંય એના મોક્ષનું નક્કીપણું ન કહી શકાય ! તોય અહીં એટલું યાદ રાખવું જોઈએ કે એવા ભ્રષ્ટની પણ દુર્ગતિ તો નથી જ થતી. સ્વર્ગપ્રાપ્તિ, તથા પવિત્ર અને સાધન સંપન્ન ઘરોમાં જન્મનું ફળ; એ બે તો તે મેળવે જ છે, પછીને માટે તો જેવી એની કરણી !

અને સમત્વની સાધનામાં જોડાઈને મૂળથી આત્મપતન ન પામતાં જરા ઢીલો પડે છે, અથવા સામાન્ય પતન પામે છે, કિંવા અધૂરી સાધનામાં જ વચ્ચે મરણને શરણ થઈ જાય છે, તો એ તો અવશ્ય મોક્ષ પામે જ છે.

જૈનસૂત્રોમાં આવા સાધકોને, અગાઉ જોયું તેમ 'ભવિજીવો' તરીકે સન્માન્યા છે. તેઓ મોક્ષ પામે જ છે, ભલે પછી અનેક જન્મોને અંતે પામે ! આવા પુરુષોનો જન્મ " સમભાવી યોગીના કુળમાં થાય છે."

એક વખતે ઉચ્ચ કોટિનાં બ્રાહ્મણ ગુરુકુળો એવાં જ હતાં, કે જે કુળમાં જન્મનારને માબાપ તરફથી મળતા શરીરની સાથે જ સમભાવના સંસ્કારો મળે, એ દેખીતું છે. વાતાવરણ પણ સંયમને અનુકૂળ જ હોય, એટલે પ્રથમ કરતાં આ કોટિ ઊંચી છે.

પવિત્ર એવા સાધનસંપન્નને ત્યાં જન્મે તોય ત્યાં સાત્ત્વિક કરતાં રજોગુણનું વાતાવરણ વધુ હોય, જ્યારે 'સમભાવી યોગીના કુળમાં' જન્મે ત્યાં તો સાત્ત્વિક વાતાવરણ જ વિશેષ હોય !

અહીં કેટલાક સંન્યાસપ્રેમી સજ્જનોને એમ થશે, કે યોગીને ત્યાં મંદયત્ની યોગભ્રષ્ટ જન્મ લે, એ (પણ) કર્મકાયદાથી બરાબર ઘટે છે; પણ સવાલ એ છે કે યોગી, ગૃહસ્થ હોઈ શકે ખરો ? આનો જવાબ ચોખ્ખો છે કે આ યોગને "ગૃહસ્થાશ્રમ કે ત્યાગાશ્રમ" સાથે મુખ્ય સંબંધ નથી. મુખ્ય સંબંધ તો સદ્‌ગુણ સાથે છે. જૈનસૂત્રો પોકારીને કહે છે, કે સમભાવી ગૃહસ્થો પણ હોઈ શકે છે. જૈનસૂત્રોનું સમકિત એ જ ગીતાનો બુદ્ધિયોગ અથવા સમત્વ. જેવા સંસ્કાર ભેળા કર્યા હોય, તેવા સ્થળે એ સંસ્કારશરીર જીવને ખેંચી જાય છે. એ વાત પણ આ પરથી ચોખ્ખી થાય છે. એટલે ઈશ્વરને વચ્ચે નાખવાની કે બીજા કોઈને દોષ દેવાની જરૂર પણ રહેતી નથી. આ રીતે આ માર્ગનો થયેલો લગારે પ્રયત્ન નકામો જતો નથી, એ વાતને હવે લંબાવવાનુંય રહેતું નથી. પણ એટલું યાદ રાખવું જોઈએ કે આ યોગની આરાધના ફળની લાલસા રાખીને આદરવી ન જોઈએ.

બીજી વાત એ કે પૂર્વ જન્મે યોગસાધના જેટલી અધૂરી રહી છે, તે પણ સંસ્કારરૂપે તો રહી જ છે. એટલે પ્રસંગ પડતાં વાર જ અનાયાસે એવો સાધક યોગ ભણી ખેંચાય છે, ભલેને એ સ્થિતિમાં એ યોગ જિજ્ઞાસુ હોય તોય તે શબ્દબ્રહ્મને તો એ વટી જ જાય છે. એટલે કે વૈદિક કર્મકાંડોની એવા સાધકને જરૂર રહેતી નથી. આનો અર્થ એટલો જ લેવો કે એની ભૂમિકા ઊંચી હોવાથી કર્મકાંડ ન કરવા છતાં એ સદાચારી સહેજે જ હોય છે.

કોઈ એમ ન સમજી બેસે, કે આવા સાધકને હવે પ્રયત્નની જરૂર જ નથી. ખરી વાત તો એ છે કે એવો સાધક ઊલટો વધુ પુરુષાર્થી હોય છે. કારણ કે એનું અંતઃકરણ જરા પણ મલિન રહે તે એને ગમતું જ નથી. પોતાની નાની ભૂલને પણ એ હિમાલય જેવડી જુએ છે, અને એમ મથતાં મથતાં, બહુ જન્મને અંતે પણ છેવટ સિદ્ધ થઈને પરમ ગતિ પામી જાય છે.

જૈનસૂત્ર ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનનો આ અક્ષરશઃ અનુવાદ છે. ગીતા અને જૈનસૂત્રોના મૌલિક કથનનું મળતાપણું એટલું તો સચોટ છે કે, જેને પરિણામે આપણને ઘણીવાર આહ્‌લાદ થાય છે, અને ગીતા એ જૈન દૃષ્ટિનો વિશ્વ વ્યાપક ગ્રંથ કહેવામાં જરાય અતિશયોક્તિ લાગતી નથી.

જૈનસૂત્રો કહે છે કે - ધર્મને માટે, નિર્જરા તત્ત્વને માટે પ્રયત્ન કરવાની ઈચ્છા રાખી મથવાથી સત્યાગ્રહી જૈન સમકિત જૈન બની શકાય છે, પણ કોઈ સાધક લપસી જાય તોય શરીર, બુદ્ધિ, સ્વજન, સ્વર્ગીય બાહ્યસુખસ્પર્શી સાધન સામગ્રી વગેરે તો મળે જ છે, એટલે કે પુણ્યફળ મળે છે.

જેમ અનાજ વાવનાર અતિવૃષ્ટિથી સારું અનાજ ન પામે તોય ચારો તો પામે જ છે, તેમ સમભાવનો સાધક પણ પુણ્ય ફળ પામે છે. પણ એની એણે અપેક્ષા ન રાખવી. કારણ કે ભલે તે સોનાની હોય, તોય તે બેડી તો છે જ. આ પરથી એકલી પુણ્યકારિણી ક્રિયાથી તે ખરા સાધકને દૂર રાખવા ઈચ્છે છે. માત્ર જેઓ પાપકારી ક્રિયા કરે છે; તેમને જ પુણ્યકારી ક્રિયા તરફ પ્રથમ વાળવા સારુ પુણ્યનું મંડન શાસ્ત્રોએ કર્યું છે. એટલે છેવટે તો જેમ પાપ ત્યાજ્ય છે, તેમ પુણ્ય પણ તજવું રહ્યું. પુણ્યનો સીધો અર્થ એ પણ લઈ શકાય, કે પોતાના સ્વાર્થનો ભોગ આપી બીજા માટે કંઈક કરી છૂટવું, છતાં ઊંડે સ્થૂળ બદલાની સૂક્ષ્મ આશા અગર અપેક્ષા ન રાખવી.

ધર્મનો સીધો અર્થ એ કે કશી આશા-અપેક્ષા રાખ્યા વગર સત્યને અનુલક્ષીને સહુને પોતા સમાન લેખી ત્યાગ દૃષ્ટિએ જીવન ઘડવું.

ગીતા જે યોગ બતાવે છે તે યોગમાં આવું સત્યમય જીવન ઘડવાની જ દૃષ્ટિ મુખ્ય છે. એટલે જ તેઓ કહે છે :-

**तपस्विभ्योऽधिको योगी, ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।**
**कर्मिभ्यश्चाऽधिको योगी, तस्माद्योगी भवाऽर्जुन ॥ ४६ ॥**
**યોગી તપસ્વીથી શ્રેષ્ઠ, માન્યો જ્ઞાની થકી ય તે;**
**ને શ્રેષ્ઠ કર્મકાંડીથી, માટે થા યોગી અર્જુન. ૪૬**

ઊજળા અર્જુન ! (તએ આ બધા પરથી જણાઈ ચૂકયું તો હશે જ છતાં ખુલાસાવાર કહું છું, કે જેઓ એકાંત તપસ્યાને માર્ગે ગયા છે કે જાય છે તે) તપસ્વીઓ કરતાં યોગીની ભૂમિકા ઊંચી છે. જ્ઞાનીઓ કરતાં પણ ઊંચી છે. (અહીં જ્ઞાનીનો અર્થ એ કે જેઓ કેવળ જ્ઞાનથી મોક્ષ માને છે, અને સાધના આચરતા નથી. તેવા જ્ઞાનીઓ કરતાં આવો યોગી ઊંચો છે) અને કર્મકાંડી કરતાં તો તેની ભૂમિકા સહેજે ઊંચી ગઈ છે.

માટે (જ હું ઈચ્છું છું કે હે અર્જુન !) તું યોગી થા.

**નોંધ :** આ આખો શ્લોક ખૂબ મનનીય છે, તે તપ, ક્રિયા કે જ્ઞાનનો વિરોધ નથી કરતો પણ સમન્વય સમજાવે છે.

લૌકિક ઈચ્છા વગરનાં તપ, ક્રિયા અને જ્ઞાનનો સુમેળ; એનું જ નામ તે ગીતાનો યોગ. એટલે ઈચ્છાના નિરોધ અર્થે કરાયેલું કે કરાતું તપ એનામાં સહજ હોઈ શકે. પુણ્યફળની લાલસા વગરની ક્રિયા પણ એનામાં કુદરતી રીતે હોય જ. અને જ્ઞાન હોય એમાં તો પૂછવું જ શું ? ખરી રીતે તો તે જ જ્ઞાની કે જેની ક્રિયામાં અહિંસા, તપ અને સંયમ હોય, અને બુદ્ધિમાં સમભાવ તથા હૃદયમાં આત્મલક્ષી ભક્તિ હોય.

એટલે ઉપરના શ્લોકમાં અર્પણતા અને શ્રદ્ધાનું તત્ત્વ નથી કહેવાયું તે ગીતાકાર હવે કહી દે છે :

**योगिनामपि सर्वेषां मद्गतेनाऽन्तारात्मना ।**
**श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥ ४७ ॥**
**મને હુંમાં સમાયેલા, અંતરાત્માથી જે ભજે;**
**તે શ્રદ્ધાવંતને માન્યો, સૌ યોગીમાંય શ્રેષ્ઠ મેં. ૪૭**

(પ્યારા પાર્થ ! મેં તને યોગી થવાનું તો કહ્યું, અને અત્યારલગી તારી સામે મેં બે વાત જોર શોરથી કહી છે, તેમાંની (૧) એક તો જ્ઞાનની અને (૨) બીજી કર્મ-કૌશલ્યની. પણ હજી ત્રીજી વાત રહી જાય છે, તે એ છે કે સાધકમાં જેમ વિવેક-ભર્યો સમભાવ અને જ્ઞાનમય કર્મ-કૌશલ જરૂરનાં છે, તેમ અર્પણતા અને શ્રદ્ધા પણ જરૂરનાં છે. માટે તને કહું છું કે) જે હુંમાં સમાયેલા અંતરાત્મા સાથે (જે) શ્રદ્ધાવાન બનીને મને ભજે છે, તેને મેં સૌ યોગીઓમાં પણ શ્રેષ્ઠ માન્યો છે.

**નોંધ :** આ શ્લોકમાં અંતરાત્માને પરોવીને શ્રદ્ધાળુપણે ભજવાની વાત કરી છે, એટલે તેમાંથી જ્ઞાન અને સર્વાર્પણવાળી શ્રદ્ધા ફલિત થાય છે.

આ પરથી જોઈએ તો પોતામાં રહેલા પરમાત્માને અંતરાત્માથી ભજો, કે જોઈએ તો ગુરુમાં રહેલા અંતરાત્માને ભજો ! એ બેય સરખું છે. અર્જુનને માટે શ્રીકૃષ્ણ એ ગુરુરૂપ હતા.

જ્ઞાનેશ્વર મહારાજ જેવા પુરુષ ગીતાના છ, છ અધ્યાયોને કર્મ, ભક્તિ અને જ્ઞાન - એમ ત્રણે યોગોમાં વહેંચાયેલા જુએ છે. એમની આ યોજનામાં બધા ટીકાકારો સંમત નથી અને એવા ચોક્કસ અધ્યાય વાર વિભાગો પડી શકે તેમ પણ

નથી. છતાં એ પુરુષની કલ્પના ખૂબ વિચારવા જેવી છે. એ વાત તો નિઃસંદેહ છે કે ગીતામાં કોઈ એક જ યોગ નહિ; પરંતુ ત્રણે યોગોનો સમન્વય છે.

જ્ઞાન, ભકિત અને વૈરાગ્યવાસિત કર્મ, એ ત્રણેનું અભિન્ન નિરૂપણ છે.

ગીતા, મનુષ્યમાં રહેલી કર્મશકિતને સન્માર્ગે ખીલવી, એનો સદુપયોગ શીખવે છે. મનુષ્યમાં રહેલી બુદ્ધિશકિતને-સંકલ્પ- વિકલ્પ કે શાસ્ત્રોના શબ્દચૂંથણામાં કુંઠિત ન કરતાં સમભાવવાળી, તીવ્ર અને તેજસ્વી બનાવી એ દ્વારા જીવનનો અને જગતનો વિકાસ કરવાનું શીખવે છે. અને મનુષ્યમાં રહેલા હૃદય ઉમળકાને કોઈ અલૌકિક ભાવનામય વિશ્વમાં લઈ જવાની પ્રેરણા પાય છે, કે જ્યાં દુઃખ-સુખ રહિત કેવળ આનંદ છે, નાશ વિનાની હસ્તી છે અને આવરણ વિનાના પરમ વિશુદ્ધ જ્ઞાનની જ્યોતિ છે.

**ॐ तत्सदिति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्म-**
**विद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे**
**आत्मसंयमयोगो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥**

'ૐ તત્ સત્' એ પ્રમાણે શ્રીભગવાને ગાયેલી, ઉપનિષદો પૈકી બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રના સમન્વયવાળા શ્રીકૃષ્ણ અને અર્જુનના આ સંવાદમાં આત્મસંયમયોગ નામનો છઠ્ઠો અધ્યાય પૂરો થયો.

# છઠ્ઠા અધ્યાયનો ઉપસંહાર

આ અધ્યાયનું નામ 'આત્મસંયમયોગ' છે, એ આપણે જોયું. સંન્યાસ સારો કે કર્મનો યોગ સારો' એના જવાબમાં બન્ને સારા; છતાં બન્નેમાં કઈ રીતે અને કયા ત્યાગ કરતાં યોગ સારો એ વાત કરી હતી. ઉપરાંત યોગી કર્મ કરવા છતાં શી રીતે બંધાતો નથી અને તેની શી દશા હોય છે તે બતાવી, છેવટે બ્રહ્મનિર્વાણને જેમ તે પામે છે તેમ ઋષિમુનિઓ પણ પામે છે, એમ સર્વ વર્ગનો સમન્વય કર્યો હતો.

હવે આ અધ્યાયમાં એ જ પ્રશ્નના અનુસંધાનમાં શ્રીકૃષ્ણજી કહે છે : "અર્જુન ! જેમ સંન્યાસમાં યોગનો ખપ પડે છે, (એમ કહીને મેં ગયા અધ્યાયમાં યોગની તારીફ કરી તેમ) યોગમાં પણ સંન્યાસની જરૂર પડે છે, તે તારે ન ભૂલવું જોઈએ. એ રીતે જોતાં સંન્યાસી અને યોગી બન્ને એક સરખા પણ કહી શકાય. મારી દષ્ટિ

પ્રમાણે સંકલ્પવિકલ્પોવાળી માનસિક સૃષ્ટિનો સંન્યાસ એટલે કે સંકલ્પ વિકલ્પોનો ત્યાગ એ જ ખરો સંન્યાસ છે. અને કર્મફળની લાલસા રાખ્યા વગર કરવા યોગ્ય કર્મ કરવાં એનું નામ યોગ છે. તો પછી સંન્યાસી અને યોગીમાં ફેર જ કયાં રહ્યો ? શું સંકલ્પ વિકલ્પોના ત્યાગની સિદ્ધિ સાધ્યા વિના-કર્મફળની લાલસા રાખ્યા વિના-કર્તવ્ય કર્મો પારખવાં અને આચરવાં સહેલાં છે ? હરગીજ નહિ."

"એટલે હવે હું તને એવા યોગની સાધનાનાં સાધન કહું છું : 'કર્મ' યોગ-પ્રારંભનું એક સાધન છે અને શમ (માનસિક શાંતિ) સિદ્ધ યોગનું એક સાધન છે. સિદ્ધયોગ તો ત્યારે જ ગણાય કે કોઈપણ વિષય કે કોઈપણ કર્મમાં આસક્ત ન થાય. આવી અનાસકિત માટે સર્વ સંકલ્પનો સંન્યાસ અનિવાર્ય છે.' સમજ્યો, ભાઈ ? એકલા અગ્નિહોત્ર યજ્ઞો કે વર્ણાશ્રમનાં કર્મો તજી દીધાથી કંઈ સિદ્ધયોગી થઈ જવાતું નથી. સિદ્ધયોગી થવા માટે તો આત્માનો સંયમ જોઈએ. માટે યોગમાં જેમ મેં સમભાવવાળી બુદ્ધિની જરૂર છે અને કર્મ કૌશલ્યવાળી ક્રિયાશકિતની પણ જરૂર છે એમ અગાઉના અધ્યાયોમાં કહ્યું, તેમ આ અધ્યાયમાં આત્માનો સંયમ જોઈએ તે કહેવા માગું છું. માટે જ મેં આ અધ્યાયને 'આત્મસંયમ યોગ' નામ આપ્યું છે."

"તું કહીશ કે, 'વળી આત્માને સંયમ શો ? આત્મા તો સ્વયં જ્યોતિ સ્વરૂપ, સ્વયં સમર્થ અને સ્વતંત્ર આનંદ સ્વરૂપ છે.' ભાઈ ! તારી વાત તો સાચી છે પણ એવો સમાધિવાળો આત્મા મનની જીત વિના મળતો નથી."

"જેણે મનને જીત્યું નથી, તેનો આત્મા તો જડતા અને મોહમાં એવો મદમસ્ત બની ગયો હોય છે, કે જરા માન મળે તો છકી જાય, અને જરા અપમાન થાય કે ગ્લાનિ પામે. બોલ, એની સમતા અને સ્થિરતા કયાંથી ટકે ? આવા પ્રાણીનો આત્મા તો ભૂંડામાં ભૂંડો શત્રુ જે બુરાઈ ન કરે, તેવું બૂરું પોતામાં રહીને કરે છે. માટે એવા બહિર્ભાવમાં રાચેલા આત્માનો જાતે જ ઉદ્ધાર કરવો જોઈએ, સાધના જોઈએ !"

"પણ એ સાધના પાછળ કોઈ પણ લૌકિક કામના કે નામના ન હોય, તો જ કલ્યાણકર છે. નહિ તો પતન છે. જો કે હું જે યોગ સાધનાની વાત કરું છું, એમાં જોડાયેલો સાધક તો પતિત થાય કે, મંદ પ્રયત્નથી અધૂરી સાધનામાં અટકી પડે, તોય એ કરેલું ફળ જતું જ નથી. મેં બીજા અધ્યાયમાં પણ તને આ જ વાત કરી છે એટલે અહીં વધુ નહિ કહું, પણ એટલું કહું કે મૂળ સિદ્ધાંત ચૂકે તોય

પુણ્યવંતોના લોકમાં જઈને, એ એવી સાધનસામગ્રીનાં સ્થળોમાં યોજાય છે, કે જ્યાં એ લૌકિક સુખ મેળવી શકે અને જો ફરી જાગૃત થઈને ઊંચે જવા માગે તો અનુકૂળતાઓ પણ ત્યાં ખૂબ હોય છે. અને તે જ રીતે નીચે જવાનાં લપસણાં પણ ત્યાં હોય છે. બાકી જો મૂળ સિદ્ધાંત ન ચૂકે તો તો ભલે ધીરો પ્રયત્ન હોય તોય ઘણા ભવને અંતે પણ અવશ્ય મોક્ષ પામે જ છે."

"હે ભલા ધનંજય ! શું તને ફરી ફરી એ કહેવાની જરૂર છે, કે આ આત્મસંયમ યોગમાં સમભાવ વાળી બુદ્ધિ સૌથી પહેલાં જોઈએ ? અને તો જ સુખ-દુઃખ કે માન અપમાનમાં સ્થિર ટકી શકાય ?"

"હવે તને એ શંકા ન થવી જોઈએ કે સંકલ્પ વિકલ્પોને તજ્યા પછી પ્રવૃત્તિ કેમ થાય. એ વિષે તો હું અગાઉ કહી જ ગયો છું કે ખરી પ્રવૃત્તિ સંકલ્પ વિકલ્પોના સંન્યાસથી (જ) થાય છે. બાકીની પ્રવૃત્તિ તો માત્ર ધાંધલ હોય છે. આવા સાધકને પોતાના જ્ઞાન વિજ્ઞાનથી જ સંતોષ મળી રહે છે. એમણે ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવ્યો હોય છે. એટલે હીરામાણેક હો કે માટી હો, એને તો બેય સરખાં લાગે છે. કોઈ એનો મિત્ર બને કે વિરોધી, તોય એને તો બન્ને ઉપર પ્રેમજ આવે છે. સજ્જન હો કે પાપી હો, પણ એને તો મૂળ તત્ત્વો જોઈ બન્ને ઉપર સમભાવ પ્રગટે છે. પાપીના પાપ ઉપર એને જરૂર તિરસ્કાર હોય છે, પણ તેથી તો ઊલટી એ પાપી ઉપર વધુ પ્રેમાળ અને દયા દૃષ્ટિ જ થાય છે."

"તને આ યોગ ગમે છે, ખરું ? જો ગમતો હોય તો હવે એની સાધનાનો આકાર કહું :

કશી લાલચ રાખ્યા વગર, આત્માની શુદ્ધિનો જ હેતુ મુખ્ય રાખી, બ્રહ્મચર્ય પાળી, એકાકીપણે એકાંત સ્થળ પસંદ કરી, સમાન આસને બેસી, પવિત્ર પ્રદેશમાં ચિત્ત અને ઈન્દ્રિયોની ક્રિયાને રોકી, મનને એકાગ્ર કરવું. જરાય બીક ન રાખવી. દૃષ્ટિને નાકના અગ્રભાગ પર સ્થિર કરવી, આમતેમ ચલિત ન કરવી. મતલબ કે આંખનું ત્રાટક કરવું અને મનને વશ કરવું. ચિત્તને પ્રભુમાં-આત્મામાં પરોવી દેવું, તો આપમેળે આત્મશાન્તિ મળે છે. ખિન્નતા વગર આ યોગની આરાધના કર્યા કરવી. આમ કરવાથી એટલે કે બહિરાત્માને અંતરાત્મામાં સ્થિર કરી લેવાથી, ચિત્ત પ્રસન્ન અને શાંત થઈ જાય છે અને સર્વ કામનાઓથી ચિત્ત આપોઆપ ખસી જાય છે, તથા જે મન માંકડું લાગે છે, તે પણ આપોઆપ સ્થિર થઈ જાય છે, જેમ દીવો પવન વિનાના સ્થળમાં સ્થિરપણે બળ્યા કરે છે,

તેમ એવા યોગીનાં ચિત્ત, મન, બુદ્ધિ, પ્રાણ અને ઈન્દ્રિયો આત્માને આધીન રહે છે. અહો, કેવું અદ્ભુત સુખ ! એ આત્માનું સુખ-બ્રહ્મસંગનું સુખ એનુ વર્ણન કઈ જીભે કરાય ? પછી કઈ લાલચ એને લલચાવી શકે ભલા !"

"પરંતુ હે અર્જુન ! મેં જે સાધના કહી, તેમાં પણ અતિરેક ન થવો જોઈએ, એ વાત તારે મારા યોગમાં ખાસ લક્ષ્યમાં રાખવી."

"જે કેવળ લાંઘણોમાં જ ફસાઈ જાય છે તે આ યોગ માટે અયોગ્ય નીવડે છે, તેમ જે અકરાંતિયો થઈ ખા ખા કરે છે કે ઈન્દ્રિયપૂજક બને છે, તે પણ નિષ્ફળ જાય છે. મતલબ કે આહાર-વિહાર, નિદ્રા-જાગૃતિ અને ક્રિયા માત્રમાં પ્રમાણસર વર્તે છે, તે જ યોગ પામી શકે. આવા યોગને સારુ મનની નિશ્ચળતાની ભારે જરૂર છે. અને મનની નિશ્ચળતા સારુ બુદ્ધિના કુતર્કોનું આવરણ દૂર કરવું જરૂરી છે, એટલે જ મેં તને વેદવાદ અને એકલા પુણ્યનું જ સમર્થન કરનારાં કર્મકાંડથી વેગળા રહેવાનું કહ્યું. કારણ કે તેથી બુદ્ધિ અનેક શાખા વાળી થઈ જાય છે. સારાંશ કે આવે વખતે બુદ્ધિના તર્કોને મહત્ત્વ ન આપતાં ધીરજપૂર્વક આત્મામાં મનને પરોવી બીજું કશું ચિંતન કર્યા વગર અતિ દઢપણે સાધના કર્યા કરવી."

"મન ગમે તેટલું ભાગવા મથે, તોય ગભરાવું નહિ. જ્યાં લગી આત્મા અને ઈન્દ્રિયો વશ છે, ત્યાં લગી મનની કશી કારી ફાવવાની નથી, એટલે જેવું અને જ્યાંથી છટકવા માગે કે ત્યાંથી જ તુરત વશ કરવું. ભારે ખંત અને ધીરજની જરૂર એટલા જ માટે મેં વારંવાર બતાવી છે."

"આમ આત્મસંયમયોગનો સાધનાર ખરેખર અંતરનો ઊજળો થાય છે. દરેક દેહધારીના આત્માને દેખવાની દિવ્ય દૃષ્ટિ એને સહેજે પ્રગટે છે તેથી એની સમદૃષ્ટિ સર્વત્ર રહે છે."

"ધનંજ્ય ! મારો આવો ભક્તિયોગી તું થઈ જા, એમ હું ઈચ્છું છું. જે આવો ભક્તયોગી થઈ જાય છે, તે ગમે ત્યાં રહીને સાધના કરે, ગમે તે પ્રકારની સાધના કરે, તોય તે મારી જ સાધના કરે છે. મારાથી લગારે દૂર નથી. એ તો જ્યાં હશે ત્યાં સર્વભૂતોમાં મને જ જોઈને આત્મનિષ્ઠાથી-એક નિષ્ઠાથી ભજે છે. એને દુઃખ શાં અને સુખ શાં ! એ તો બ્રહ્મરૂપ અને શાંત મનવાળો, આનંદમાં મસ્ત રહે છે."

આ બધું સાંભળીને તરબોળ થયેલા અર્જુનને આ યોગ ખૂબ ગમી ગયો. પણ

એણે કહ્યું :

"અહો મધુસૂદન ! આપનો સમભાવ જેમાં મુખ્ય છે, એવો આત્મસંયમયોગ સાંભળીને હું તો રસમગ્ન બની જાઉં છું, પણ એ રસ કાયમ રાખવા માટે આપે જે સાધના બતાવી તેમાં મુખ્યત્વે તો મનની કંઈક અંશે પણ પ્રથમથી જ સ્થિરતા હોવી જોઈએ, નહિતર તો જંગલમાં જઈને, કઠોર તપ કરીને, કડક ક્રિયા આચરીને કે મોટા જ્ઞાની થઈને, પણ અંતે તો છેલ્લે પાટલે જ બેસવું પડે. જો કે આપે કહ્યું તેમ કરેલી સાધના અફળ નથી જ જતી એ વાત તો ખરી જ છે, પરંતુ પ્રથમ તો હોજરીનો મૂળ રોગ કાઢયા વિનાની આ વસંતમાલતીની માત્રા મારામાં કેમ ટકે ? એ જ પ્રશ્ન છે. મારું ચિત્ત એટલું બધું ચંચળ છે, કે મને એ જોઈ ભારે દુઃખ થાય છે. વાયુને કોથળામાં ભરવો કદાચ સહેલો હશે, હવામાં મહેલ બાંધવો સહેલો હશે, પણ મનને આપ જે સ્થિર કરવાની શરત મૂકો છો તે શરત પાળવી ભારે મુશ્કેલ છે, અતિ મુશ્કેલ છે."

ત્યારે શ્રીકૃષ્ણચંદ્ર અર્જુનને માથે પોતાનો વરદ હસ્ત ફેરવતા ફેરવતા કહેવા લાગ્યા.

"બેશક, તારી વાત કેટલેક અંશે સાચી છે, મન વશ કરવું મુશ્કેલ તો છે જ, પણ કુટેવોને સ્થાને સુટેવોની તાલીમથી અને અંતઃકરણ પૂર્વકના વૈરાગ્યથી એ જરૂર વશ થાય છે."

ત્યારે વળી અર્જુન કહે છે 'ભલા એકલી શ્રદ્ધા હોય અને યત્ન ન હોય તો ન ચાલે ?'

શ્રીકૃષ્ણચંદ્ર ઉત્તરમાં કહે છે :

"મહાબાહુ ! લાડુ પાસે પડયા હોય અને હાથ હોવા છતાં મહેનત કરી મુખમાં ન મૂકવા, એ તે કંઈ ચાલે ?

પણ ભારત ! આ તો તારી માત્ર કલ્પના છે. ખરી શ્રદ્ધા જાગ્યા પછી પ્રયત્ન કર્યા વિના રહેવાતું જ નથી. પછી ભલે તે બહાર પ્રગટ દેખાઈ શકે તેવો ભગીરથ કોઈ ઉદય કર્મના આવરણને લીધે ન દેખાય ! પણ મંદ પ્રયત્ન તો હોય જ છે, અને તે મંદ પ્રયત્ને પણ આખરે તો મોક્ષ પ્રાપ્તિ થાય જ છે. કારણ કે દેહ છૂટ છે તેનો અંત છે, પણ આત્માનો અંત છે જ નહિ, એટલે જેમ આત્માનો અંત નથી, તેમ આત્મગત સંસ્કાર કે જેને સાદા શબ્દોમાં અભ્યાસ કહેવાય છે તે તો જરૂર

બીજા જન્મે પણ સાંપડે જ છે. એટલે અનાયાસે સહેજે નિમિત્ત મળતાંવાર પૂર્વની સાધના તેવો સાધક શરૂ કરી દે છે. તે ભલે યોગનો જિજ્ઞાસુ જ હોય (યોગ આરાધક ન હોય), તોય વેદવાદી (વેદકર્મકાંડી) કરતાં તો એનો નંબર આગળ જ છે. જેમ સાતમી ચોપડીમાં નાપાસ થઈને ઘણાં વર્ષ લગી ઊઠી ગયેલો વિદ્યાર્થી ઘણું ભૂલી જાય છતાં મૂળે તો સંસ્કાર રહે છે. તે કંઈ બીજી ત્રીજી ચોપડીવાળા વિદ્યાર્થીની પાછળ કે સાથે થોડો જ ગણાય ? એને બેસાડો તોય એની ઘડાયેલી બુદ્ધિ તુરત એને આગળ જ લાવી મૂકે."

"માટે તારે કશી શંકા રાખ્યા વગર આ યોગ સાધના કરવી. ધોબીના કૂતરા જેવી દશા આ યોગમાં કોઈની કદી નથી થવાની; એ ઘરનો નહિ રહે તોય ઘાટનો તો રહેવાનો જ. માટે જ છેલ્લે ફરી એકવાર કહું છું કે તપસ્વી, જ્ઞાની કે કર્મકાંડી સહુથી યોગી અધિક છે. કારણ કે હું જે યોગી વિષે કહું છું, તે યોગી પ્રકાશ પુંજ હોઈને મહાજ્ઞાની સહેજે છે અને પુણ્ય-પાપથી પર થયેલો આત્મધર્મનો સમર્થ સુંદર ધુરંધર હોઈને ચૈતન્યમય ક્રિયાશક્તિનો વહેતો ઝરો પણ સહેજે છે. માટે તું યોગી થા."

"હા, સખા ! એક વાત કહેવી રહી ગઈ. તારી શ્રદ્ધા મારામાં વિશેષ છે. માટે તું આત્મામાં ચિત્તને ન પરોવી શકે તો મારામાં તારા અંતઃકરણને પરોવીને એવા સાચી શ્રદ્ધાભર્યા સમર્પણ સાથે મને ભજ, તો પણ તું યોગી જ છો. કારણ કે એવા યોગીને તો હું સર્વશ્રેષ્ઠ યોગી ગણું છું. આત્મવિલોપનની ભક્તિ અસાધારણ વસ્તુ છે. માટે તારે 'મનની અસ્થિરતાનો રોગ' કહી સાવ હિંમત હારી બેસવાની જરાપણ જરૂર નથી."

ૐ મૈયા

# ગીતાના બીજા ગ્રંથ અંગે સવિશેષ બે બોલ

ગીતાના છટ્ઠા અધ્યાયને અંતે જોયું કે જ્ઞાનપૂર્વકની શ્રદ્ધાથી ભરેલો યોગ સાધનાર યોગી સર્વોત્તમ છે. પ્રથમ ગ્રંથમાં કુલ્લે છ અધ્યાયો આવી ગયા છે. એ છ અધ્યાયોમાં જ્ઞાન, કર્મ અને ભકિતની વાતો જરૂર આવે છે; પરંતુ તેમાં વિશેષતા કર્મયોગને અપાઈ છે. અર્જુન એક જિજ્ઞાસુ સાધક હતો. તેની સામે ધર્મ રૂપે આવી પડેલું યુદ્ધ એ કર્મ હતું. યુદ્ધ પણ ભાઈઓ ભાઈઓ વચ્ચેનું હોવાથી તથા યુદ્ધમાં વડીલો અને ગુરુજનો સુધ્ધાં હોવાથી લાગણીઓનો સવાલ સારી પેઠે ઊભો થાય તેમ હતું. આ યુદ્ધ માત્ર વાણી દ્વંદ્વ નહોતું પણ શસ્ત્રદ્વંદ્વ હતું. લોહીની નીકો વહે તેવું હતું. આવા વિચિત્ર સંયોગોમાં પણ લાગણીઓને આડે આવવા દીધા વગર કર્તવ્ય ભાવે ચાલ્યા જવું, એ નાનીસૂની વાત ન હતી.

ગીતાના પ્રથમ ભાગના છ અધ્યાયો એ ખ્યાલ આપી જાય છે કે જિજ્ઞાસુ સાધકે કર્મયોગમાં મનને પ્રથમ મક્કમ કરવું જોઈએ. જો તે પહેલેથી જ જ્ઞાનમાર્ગમાં તણાઈ જાય તો કાં તો તેને જ્ઞાનમાર્ગ છોડીને કર્મયોગમાં આવવું જ પડે અથવા જ્ઞાનમાર્ગનો મૂળ પાયો કાચો રહેવાથી વિકાસને બદલે પતન થઈ જાય.

એકલા કર્મથી પણ કાંઈ પતે નહીં, કર્મયોગ પછીથી જિજ્ઞાસુ સાધક માટે ભકિત જોઈએ. આ છ અધ્યાયોમાં આત્મા, પરમાત્મા અને જગતની સચરાચર સૃષ્ટિની વાતો જરૂર આવે છે; પરંતુ છેવટે તો એ બધાનું લક્ષ્ય ભક્તિ યોગ તરફ છે અને તે પણ વ્યકત થતા ઈશ્વર તરફના ભકિત યોગ તરફ છે. (૧) જ્ઞાન વિજ્ઞાન યોગ (૨) અક્ષર બ્રહ્મયોગ (૩) રાજવિદ્યારાજગુહ્યયોગ (૪) વિભૂતિયોગ (૫) વિશ્વરૂપ દર્શનયોગ (૬) ભકિતયોગ. એ છયે અધ્યાયોમાં અનેક બાબતો દેખાય છે, પણ શ્રીકૃષ્ણ ગુરુદેવ અર્જુનનું ધ્યાન - '... મત્પરમા ભકતા સ્તે"તીવ મે પ્રિયાઃ' એટલે કે મને જે અજોડ માનીને ભજે છે, તે જ ભકતો મને ઘણા વહાલા છે, - એ તરફ દોરી જાય છે.

જોકે દિવ્યચક્ષુ આપીને ભગવાન કૃષ્ણ પોતાનો ઈશ્વરીયોગ બતાવી દે છે, પણ એ યોગ આંખે ન દેખાય, તો યે જો નિઃસ્પૃહી અને સત્ય નિષ્ઠ ગુરુદેવ હોય તો ત્યાં તેમના અનુભવો ઉપર શ્રદ્ધા રાખીને ચાલવામાં સાચા અને જિજ્ઞાસુ સાધક

માટે હાનિ થવાનો ભય નથી. આ દષ્ટિએ જ નીચેનો દૂહો ઉપયોગી થશે.

**ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગૂં પાય;**
**બલિહારી ગુરુદેવકી, જિન્હેં ગોવિંદ દિયા બતાય.**

સાથોસાથ નીચેનો દૂહો પણ અહીં ભૂલવો જોઈતો નથી જ.

**ગુરુલોભી શિષ્ય લાલચુ, દોનોં ખેલે દાવ;**
**બૂડે બેચારે બાપડે, બૈઠ પથ્થરકી નાવ.**

આ દષ્ટિએ જ ગુરુ અને શિષ્યનાં ગુણવાચી વિશેષણો ઉપર મૂકયાં છે. આ દેશમાં જેમ 'નગુરાનો વિશ્વાસ કરવાની ના કહી છે.' તેમ 'આંધળા ગુરુવાદનાં અનિષ્ટોએ પણ અનર્થો કરવામાં હદ રાખી નથી.' આમ છતાં માર્ગદર્શક ભોમિયાની વિકાસમાર્ગમાં અનિવાર્ય જરૂર સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. વિરલ સાધકો એવા પણ નીકળે છે કે જેઓને બહારના માર્ગદર્શકની જરૂર નથી પડતી; તેઓ પોતાના ઊંડા અંતરાત્માને જ પોતાનો માર્ગદર્શક બનાવી મૂકે છે. કોઈપણ જાતનું માર્ગદર્શન સ્વીકારો, પણ અંદરથી કે બહારથી અથવા અંદર તથા બહાર બંને તરફથી સમજપૂર્વકનું માર્ગદર્શન જોઈએ જ, એ વિષે બે મત ન હોઈ શકે.

આશા છે કે 'વિશ્વવાત્સલ્ય'ના વાચકોને આ ગ્રંથથી જ્ઞાનલાભ મળશે અને અનુભવનો લહાવો લૂંટવા તેઓ ઉત્સાહિત થઈ આગળ વધશે.

બાપુ જન્મ તારીખ: **ગાંધી જયંતી** **'સંતબાલ'**

**આદરોડા,** તા. ૨-૧૦-૫૭